بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# નુઝ્હતુલ્ ક઼ારી

# શરહે સહીહ બુખારી

[ભાગ : ૯]

અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી

હસ્બે ફર્માઈશ

હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી

અઝ : ફક઼ીહુલ્ હિંદ હઝરત અલ્લામા

મુફતી મુહમ્મદશરીફુલ હક઼ અમજદી رحمۃ اللہ علیہ

(પૂર્વ સદર મુફતી જામિઆ અશરફિયા, મુબારકપુર, જિ. આ'ઝમગઢ, યુ.પી.)

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)


પ્રકાશકો

અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

GRWB/059/
Bharuch/02
C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ
પિન. ૩૯૨૦૨૦,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Web. :www. barkatekhwaja.net
Email :anjuman2006@hotmail.com

સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા

GRWB/058/
Bharuch/02
C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ
પિન. ૩૯૨૦૨૦,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Web. :www. barkatekhwaja.net
Email :anjuman2006@hotmail.com

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا رَسُوۡلَ اللّٰهِ ﷺ

وَعَلٰى آلِكَ وَاَصۡحَابِكَ يَا حَبِيۡبَ اللّٰهِ ﷺ

**સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન**


**કિતાબનું નામ** : **નુઝ્હતુલ્ કારી શરહે સહીહ બુખારી (ભાગ : ૯)**

**અઝ** : *ફકીહુલ્ હિંદ હઝરત અલ્લામા મુફ્તી*

**મુહમ્મદશરીફુલ હક્ક અમજદી** رحمۃ اللہ علیہ

*(પૂર્વ સદર મુફ્તી જામિઆ અશરફિયા, મુબારકપુર, જિ. આ'ઝમગઢ, યુ.પી.)*

**અનુવાદક** : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, **Email : anjuman2006@hotmail.com**

**કંપોઝિંગ & ડિઝાઈન** : સાદિક યાકૂબ પટેલ–દયાદરા (મો. ૯૪૨૭૮ ૧૭૩૯૯)

: મુઝમ્મિલ ઈલ્યાસ પટેલ–ઈખર (૯૭૨૩૮ ૬૨૭૨૮)

**પેજીસ** : ૩૫૨ ★ **કિંમત : ₹ 200/-** ★ **આવૃત્તિ : પ્રથમ**

**પ્રકાશન વર્ષ** : ૧ ઝિલ હજ્જ, હિ.સ. ૧૪૩૮ ★ **પ્રકાશન નં. : ૨૩૫**

અંગ્રેજી તા. ૨૪/ઓગસ્ટ/૨૦૧૭, જુમેરાત

**પ્રાપ્તિસ્થાન** : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

મુ.પો. **દયાદરા**, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,

ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

**Email : anjuman2006@hotmail.com**

**www.barkatekhwaja.net**

**પ્રકાશકો**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** | **સુન્ની દા'વતે ઈસ્લામી** (દયાદરા શાખા)

★ નકલ : ૨૫૦૦ | ★ નકલ : ૧૦૦૦

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**,

તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,

ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪૬૪૪૧૧


**નોંધ : ડોનરો–મેમ્બરોને દરેક કિતાબની એક કોપી ફ્રીમાં મોકલવામાં આવે છે. (મેમ્બર ફી રૂ. ૫૦૦/-)**

# અ.....નુ.....ક્ર.....મ.....ણિ.....કા.....


| વિષય | પેજ નં |
|---|---|
| ➯ **કલેમાતે ખૈર** | |
| *(અઝ :મુહમ્મદ શાકિર નૂરી રઝવી–મુંબઈ)* | 19 |
| ➯ **અનુવાદકની કલમે...** | |
| *(અઝ :પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)* | 21 |
| **રિક્કતઅંગેઝ વાતો વિશે પ્રકરણ** | 23 |
| કોઈ જિંદગી નથી આખેરતની જિંદગી સિવાય | 23 |
| હદીષ : ૨૭૨૩ | 23 |
| દુનિયામાં એવી રીતે રહે જાણે તું મુસાફિર છે અથવા વટેમાર્ગુ | 24 |
| હદીષ : ૨૭૨૪ | 24 |
| ઈચ્છા અને લાંબી ઈચ્છાઓનું વર્ણન | |
| આખેરતવાળા લોકોમાંથી થજે | 24 |
| દુનિયાવાળાઓમાંથી ન થતો | 24 |
| તઅલીક઼ : ૭૬૧ | 24 |
| હદીષ : ૨૭૨૫ | 25 |
| હદીષ : ૨૭૨૬ | 25 |
| માણસ મરી જાય છે પણ એની આરઝૂઓ પૂરી નથી થતી | 26 |
| જે સાઈઠ વરસનો થઈ જાય તેનું બહાનુ સ્વીકાર્ય નથી | 26 |
| હદીષ : ૨૭૨૭ | 26 |
| હદીષ : ૨૭૨૮ | 27 |
| હદીષ : ૨૭૨૯ | 27 |
| બેશક ! અલ્લાહનો વાયદો હક્ક઼ છે | 27 |
| હદીષ : ૨૭૩૦ | 27 |
| દરેક અમલનો સવાબ એના પર આધારિત છે કે માણસનુ પેટ માટી સિવાય કોઈ ભરી શકશે નહીં | 28 |
| હદીષ : ૨૭૩૧ | 28 |
| હદીષ : ૨૭૩૨ | 29 |
| હદીષ : ૨૭૩૩ | 30 |
| તઅલીક઼ : ૭૬૨ | 30 |
| જેટલો માલ આગળ મોકલી આપ્યો એ એનો છે | 30 |
| હદીષ : ૨૭૩૪ | 30 |
| ગ઼િના નફસનો ગ઼િના છે | 31 |
| તઅલીક઼–૭૬૩ | 31 |
| હદીષ ૨૭૩૫ | 31 |
| નબી ﷺ અને તેમના સહાબીઓની જિંદગી | 31 |
| દૂધના પ્યાલાનો મોજિઝો | 31 |
| હદીષ : ૨૭૩૬ | 31 |
| હદીષ : ૨૭૩૭ | 35 |
| રસૂલુલ્લાહ ﷺનું પાથરણુ ચામડાનું હતું | 35 |
| હદીષ : ૨૭૩૮ | 35 |
| અમારા પર એક મહિનો પસાર થઈ જતો જેમાં અમે આગ ન સળગાવતાં | 35 |
| હદીષ : ૨૭૩૯ | 35 |
| હદીષ : ૨૭૪૦ | 35 |
| મધ્યમ ચાલ અને અમલ પર પાબંદી | 36 |
| હદીષ : ૨૭૪૧ | 36 |
| હદીષ : ૨૭૪૨ | 36 |
| પસંદીદા અમલ તે છે જેના પર સૌથી વધુ પાબંદી કરવામાં આવે | 37 |
| હદીષ : ૨૭૪૩ | 37 |

| વિષય | પેજ નં |
| --- | --- |
| હદીષ : ૨૭૪૪ | 37 |
| જીભની હિફાઝત કરવી | 37 |
| હું એના માટે જન્નતનો જામિન છું | 37 |
| હદીષ : ૨૭૪૫ | 37 |
| માણસ શાથી જહન્નમમાં ગબડે છે ? | 38 |
| હદીષ : ૨૭૪૬ | 38 |
| હદીષ : ૨૭૪૭ | 38 |
| ગુનાહોથી દૂર રહેવું | 39 |
| હદીષ : ૨૭૪૮ | 39 |
| જે હું જાણુ છું એ તમે લોકો જાણતા તો હસતા થોડુ | |
| હદીષ : ૨૭૪૯ | 39 |
| જહન્નમ ઈચ્છાઓથી ઘેરાયેલી છે | 40 |
| હદીષ : ૨૭૫૦ | 40 |
| જન્નત તથા જહન્નમ તમારી નજીક છે | 40 |
| હદીષ : ૨૭૫૧ | 40 |
| એના પ્રતિ જુઓ જે તમારાથી નીચી કક્ષામાં છે | 40 |
| હદીષ : ૨૭૫૨ | 40 |
| જેણે કોઈ નેકી કે બુરાઈનો ઈરાદો કર્યો | 41 |
| હદીષ : ૨૭૫૩ | 41 |
| નાના નાના ગુનાહોથી બચવું | 42 |
| હદીષ : ૨૭૫૪ | 42 |
| અમાનતનું ઉઠી જવું | 42 |
| હદીષ : ૨૭૫૫ | 42 |
| હદીષ : ૨૭૫૬ | 44 |
| રિયા તથા સુમ્અહનું બયાન | 44 |
| હદીષ : ૨૭૫૭ | 44 |
| આજીજી (તવાઝોઅ)નું વર્ણન | 45 |
| હું તેનો કાન થઈ જાઉં છું જેના વડે તે સાંભળે છે | 45 |
| હદીષ : ૨૭૫૮ | 45 |
| સલ્ફના ક઼ૌલમાં તશૈયુઅનો મતલબ રાફઝી હોવું નથી | 46 |
| અહલે હદીષના નાદાન દોસ્ત મિયાં નઝીર હુસૈન | 46 |
| આ હદીષના રાવીઓની સંખ્યા | 47 |
| આ હદીષની તવજીહ (ખુલાસો) | 47 |
| વલીનો અર્થ શું ? | 48 |
| આ હદીષ મુતશાબેહાતમાંથી છે | 49 |
| આ હદીષના આઠ ખુલાસાઓ | 49 |
| قوله وماترددت عن شئ ની સ્પષ્ટતા | 50 |
| મોતની તકલીફ વિશે | 51 |
| હું મબ્ઊષ થયો (મોકલવામાં આવ્યો) અને ક઼યામત એ બંનેની જેમ છે | 52 |
| હદીષ : ૨૭૫૯ | 52 |
| હદીષ : ૨૭૬૦ | 52 |
| ક઼યામત ક઼ાયમ થશે નહીં ત્યાં સુધી કે સૂરજ પશ્ચિમથી ઉગે | 53 |
| હદીષ : ૨૭૬૧ | 53 |
| જે અલ્લાહ તઆલાથી મુલાકાતને પસંદ કરે છે | 54 |
| હદીષ : ૨૭૬૨ | 54 |
| હદીષ : ૨૭૬૩ | 55 |
| મૌતની તકલીફનું બયાન | 55 |
| હદીષ : ૨૭૬૪ | 55 |
| હદીષ : ૨૭૬૫ | 56 |
| મૈયતની સાથે અથવા પાછળ ત્રણ ચીજો જાય છે | 56 |
| હદીષ : ૨૭૬૬ | 56 |
| હદીષ : ૨૭૬૭ | 57 |
| સૂર ફૂંકવા વિશે બયાન | 57 |
| તઅલીક઼ : ૭૬૪ | 57 |

| વિષય | પેજ નં |
|---|---|
| તઅલીક઼ : ૭૬૫ | 58 |
| અલ્લાહ તઆલા જમીનને મુટ્ઠીમાં લેશે | 59 |
| હદીષ : ૨૭૬૮ | 59 |
| હદીષ : ૨૭૬૯ | 60 |
| હશ્ર કેવી રીતે થશે ? | 60 |
| હદીષ : ૨૭૭૦ | 60 |
| લોકો ઉઘાડા પગે ઉઘાડા શરીરે વિના ખત્નાવાળા ભેગા કરવામાં આવશે | 61 |
| હદીષ : ૨૭૭૧ | 61 |
| તમે લોકો અડધા જન્નતવાસી હશો | 62 |
| હદીષ : ૨૭૭૨ | 62 |
| હદીષ : ૨૭૭૩ | 62 |
| ક઼યામતના દિવસે વિવિધ તકલીફો | 63 |
| તઅલીક઼ : ૭૬૬ | 63 |
| હદીષ : ૨૭૭૪ | 63 |
| ક઼યામતના દિવસે બદલો | 64 |
| હદીષ : ૨૭૭૫ | 64 |
| ખૂનીનો ક઼યામતમાં અંજામ | 64 |
| જન્નતમાં વગર હિસાબે સિત્તેર હજાર દાખલ થશે | 65 |
| હદીષ : ૨૭૭૬ | 65 |
| હદીષ : ૨૭૭૭ | 66 |
| જન્નત તથા દોઝખનું બયાન | 66 |
| હદીષ : ૨૭૭૮ | 66 |
| હદીષ : ૨૭૭૯ | 67 |
| હદીષ : ૨૭૮૦ | 67 |
| હદીષ : ૨૭૮૧ | 68 |
| હદીષ : ૨૭૮૨ | 68 |
| હદીષ : ૨૭૮૩ | 69 |

| વિષય | પેજ નં |
|---|---|
| હદીષ : ૨૭૮૪ | 70 |
| જહન્નમમાં સૌથી હલકો અઝાબ કયો ? | 70 |
| હદીષ : ૨૭૮૫ | 70 |
| હદીષ : ૨૭૮૬ | 70 |
| હદીષ : ૨૭૮૭ | 71 |
| હદીષ : ૨૭૮૮ | 71 |
| જહન્નમથી સૌથી છેલ્લે નીકળનાર અને જન્નતમાં સૌથી છેલ્લે દાખલ થનારને હું જાણું છું | 72 |
| હદીષ : ૨૭૮૯ | 72 |
| **હોઝ વિશે બયાન** | 74 |
| તમારામાંથી કેટલાક લોકો હોઝની તરફ આવશે | 74 |
| હદીષ : ૨૭૯૦ | 74 |
| હદીષ : ૨૭૯૧ | 75 |
| મારો હોઝ એક મહિનાના અંતર જેટલો લાંબો પહોળો છે | 75 |
| હદીષ : ૨૭૯૨ | 75 |
| હદીષ : ૨૭૯૩ | 76 |
| હદીષ : ૨૭૯૪ | 76 |
| હદીષ : ૨૭૯૫ | 77 |
| તઅલીક઼ : ૭૬૭ | 77 |
| હદીષ : ૨૭૯૬ | 78 |
| હદીષ : ૨૭૯૭ | 79 |
| હદીષ : ૨૭૯૮ | 80 |
| હદીષ : ૨૭૯૯ | 80 |
| હદીષ : ૨૮૦૦ | 81 |
| **તક઼દીરનું બયાન** | 82 |
| અલ્લાહ તઆલાના ઈલ્મના પ્રમાણે ક઼લમ સૂકાઈ ગયો | 82 |

| વિષય | પેજ નં |
|---|---|
| તઅલીક઼ : ૭૬૮ | 82 |
| હદીષ : ૨૮૦૧ | 83 |
| અને અલ્લાહનું કામ નિશ્ચિત તક઼દીર છે | 83 |
| હદીષ : ૨૮૦૨ | 83 |
| મન્નત બંદાને તક઼દીરની તરફ જ નાખી દે છે | 84 |
| હદીષ : ૨૮૦૩ | 84 |
| હદીષ : ૨૮૦૪ | 84 |
| મઅસૂમ તે છે જેને અલ્લાહ બચાવી રાખે | 84 |
| તઅલીક઼ : ૭૬૯ | 84 |
| હદીષ : ૨૮૦૫ | 85 |
| દરેક ખલીફાના આંતરીક રાઝદાર તથા સલાહકાર હોય છે | 85 |
| ઈન્સાન અને તેના દિલમાં આડ બની જાય છે | 86 |
| હદીષ : ૨૮૦૬ | 86 |
| અમને નથી પહોંચતું, પરંતુ તે જે અમારા માટે લખી આપ્યું છે | 87 |
| તઅલીક઼ : ૭૭૧ | 87 |
| **ક઼સમ તથા મન્નતનું બયાન** | 88 |
| અલ્લાહ તમને નથી પકડતો એ ક઼સમોમાં જે વિના ઈરાદે જીભથી નીકળી જાય | 88 |
| ક઼સમના પ્રકારો | 88 |
| ક઼સમ તોડવી બેહતર હોય તો તોડી નાખે | 89 |
| હદીષ : ૨૮૦૭ | 89 |
| હદીષ : ૨૮૦૮ | 89 |
| નબી ﷺની ક઼સમ કેવી હતી | 90 |
| તઅલીક઼ : ૭૭૨ | 90 |
| હદીષ : ૨૮૦૯ | 90 |
| તમારા બાપદાદાઓની ક઼સમ ન ખાવ | 91 |
| હદીષ : ૨૮૧૦ | 91 |
| હદીષ : ૨૮૧૧ | 92 |
| તઅલીક઼ : ૭૭૩ | 92 |
| હદીષ : ૨૮૧૨ | 92 |
| યમીને ગ઼મૂસનું બયાન | 93 |
| હદીષ : ૨૮૧૩ | 93 |
| જ્યારે કહ્યું, બખુદા ! હું આજે વાત કરીશ નહીં, પછી નમાઝ પઢી | 93 |
| તઅલીક઼ : ૭૭૪ | 94 |
| તઅલીક઼ : ૭૭૫ | 94 |
| તઅલીક઼ : ૭૭૬ | 94 |
| જો ક઼સમ ખાધી કે નબીઝ પીશે નહીં, પછી તિ઼લાઅ્ અથવા સકર કે શીરો પી લીધો | 95 |
| હદીષ : ૨૮૧૪ | 95 |
| મન્નત, તાઅત (ફ઼ર્માંબરદારી)માં જ છે | 96 |
| હદીષ : ૨૮૧૫ | 96 |
| એ જ નઝર (મન્નત)ને પૂરી કરવી વાજિબ છે જેમાં ગુનાહનું કામ ન હોય | 96 |
| જે મરી ગયો અને એના પર મન્નત હોય | 96 |
| તઅલીક઼ : ૭૭૭ | 96 |
| હદીષ : ૨૮૧૬ | 97 |
| એ ચીજના બારામાં મન્નત માનવી જેનો માલિક ન હોય | 97 |
| હદીષ : ૨૮૧૭ | 97 |
| એ દિવસોમાં રોઝા જાઈઝ નથી | 98 |
| હદીષ : ૨૮૧૮ | 98 |
| ક઼સમોના કફ્ફ઼ારાનું બયાન | 99 |
| ક઼સમોના કફ્ફ઼ારાનું બયાન | 99 |
| તઅલીક઼ : ૭૭૮ | 100 |

| વિષય | પેજ નં |
|---|---|
| હદીષ : ૨૮૧૯ | 100 |
| મદીનાનો સાઅ અને નબી ﷺનો મુદ અને તેની બરકત | 101 |
| હદીષ : ૨૮૨૦ | 101 |
| કફ્ફારામાં મુદબ્બર તથા ઉમ્મે વલદ તથા મુકાતબનું આઝાદ કરવું | 102 |
| **વારસા વિશે પ્રકરણ** | 103 |
| તમારી ઔલાદના બારામાં અલ્લાહ તમને હુકમ આપે છે | 103 |
| સૂરએ નિસાઅમાં ૧૨ પ્રકારના વારસોનું વર્ણન | 103 |
| વસિયત ૧/૩ અથવા એનાથી ઓછામાં લાગુ થશે | 104 |
| કલાલા વિશે વર્ણન | 104 |
| ફરાઈઝ (વારસાના મસાઈલ)નું શીખવું | 104 |
| તઅલીક઼ : ૭૭૯ | 104 |
| અમારો કોઈ વારસ નથી થતો | 105 |
| હદીષ : ૨૮૨૧ | 105 |
| એના પર વાંધો અને જવાબ | 105 |
| પુરૂષના માટે સ્ત્રીનું બમણુ છે | 106 |
| બાપ તથા મા તરફથી તેમના પુત્રના વારસાનું બયાન | 107 |
| તઅલીક઼ : ૭૮૦ | 107 |
| હદીષ : ૨૮૨૨ | 107 |
| અસ્બાત વિશે વર્ણન | 107 |
| પુત્રીઓના વારસાનું બયાન | 108 |
| હદીષ : ૨૮૨૩ | 108 |
| પૌત્રનો વારસો જ્યારે કે પુત્ર ન હોય | 108 |
| તઅલીક઼ : ૭૮૧ | 108 |
| પુત્રની હાજરીમાં પૌત્ર પૌત્રીઓ વંચિત રહેશે | 109 |
| પુત્ર સાથે પૌત્રીના વારસાનુ વર્ણન | 110 |
| હદીષ : ૨૮૨૪ | 110 |
| બાપ તથા ભાઈઓની સાથે દાદાના વારસાનું વર્ણન | 111 |
| તઅલીક : ૭૮૨ | 111 |
| તઅલીક઼ : ૭૮૩ | 111 |
| તઅલીક઼ : ૭૮૪ | 112 |
| તઅલીક઼ : ૭૮૫ | 112 |
| હદીષ : ૨૮૨૫ | 113 |
| પત્ની તથા પતિનો વારસો પુત્ર વગેરે સાથે | 113 |
| હદીષ : ૨૮૨૬ | 113 |
| કોઈ સ્ત્રીએ કાકાના બે પુત્રોને છોડયા | 114 |
| તઅલીક઼ : ૭૮૬ | 114 |
| જે સ્ત્રીથી લિઆન કરવામાં આવ્યું છે તેના વારસાનું વર્ણન | 115 |
| હદીષ : ૨૮૨૭ | 115 |
| છોકરો સાહિબે ફરાશ (પતિ અથવા માલિક)ના માટે છે | 115 |
| હદીષ : ૨૮૨૮ | 115 |
| વિલા એના માટે છે જેણે આઝાદ કર્યો | 116 |
| તઅલીક઼ : ૭૮૭ | 116 |
| હદીષ : ૨૮૨૯ | 116 |
| સાઈબાના વારસાનું વર્ણન | 116 |
| હદીષ : ૨૮૩૦ | 117 |
| જે કોઈના હાથ પર મુસલમાન થયો | 117 |
| તઅલીક઼ : ૭૮૮ | 117 |
| તઅલીક઼ : ૭૮૯ | 117 |
| ક઼ૌમનો આઝાદ કરેલો ગુલામ એમનામાંથી જ છે | 118 |
| હદીષ : ૨૮૩૧ | 118 |
| હદીષ : ૨૮૩૨ | 118 |

| વિષય | પેજ નં |
|---|---|
| કેદીના વારસાનું બયાન | 119 |
| તઅલીક઼ : ૭૯૦ | 119 |
| તઅલીક઼ : ૭૯૧ | 119 |
| **સજાઓનું વર્ણન** | 120 |
| હદૂદ (સજાઓ) કફ્ફારો છે | 120 |
| ઝિના તથા શરાબ પીવાનું વર્ણન | 120 |
| તઅલીક઼ : ૭૯૨ | 120 |
| શરાબ પીનારાઓને મારવાનું વર્ણન | 121 |
| હદીષ : ૨૮૩૩ | 121 |
| શરાબી (દારૂડીયા)ને ખજૂરની ડાળી તથા ખાસડાંઓ વડે મારવો | 121 |
| હદીષ : ૨૮૩૪ | 121 |
| હદીષ : ૨૮૩૫ | 122 |
| હદીષ : ૨૮૩૬ | 122 |
| શરાબીને લઅનત કરવી નાપસંદીદા | 123 |
| હદીષ : ૨૮૩૭ | 123 |
| કોઈનો બુરો લક઼બ રાખવો મના છે | 124 |
| ચોર જ્યારે ચોરી કરે છે તો તે મુસલમાન રહે છે કે નહીં? | 125 |
| હદીષ : ૨૮૩૮ | 125 |
| નામ લીધા વિના ચોર પર લઅનત કરવી | 125 |
| હદીષ : ૨૮૩૯ | 125 |
| ચોર પુરૂષ હોય કે સ્ત્રી બંનેના હાથ કાપો | 126 |
| તઅલીક઼ : ૭૯૩ | 126 |
| ચોરનો હાથ ક્યાંથી કાપવામાં આવે ? | 126 |
| તઅલીક઼ : ૭૯૪ | 127 |
| કેટલી માત્રામાં ચોરી પર હાથ કપાશે | 127 |
| હદીષ : ૨૮૪૦ | 127 |

| વિષય | પેજ નં |
|---|---|
| હદીષ : ૨૮૪૧ | 128 |
| હદીષ : ૨૮૪૨ | 128 |
| ચોરીની તૌબાનું બયાન | 129 |
| **લડવાવાળા કાફિરો તથા મુર્તદોનું બયાન** | 130 |
| મુહસન (પરણીત)ને સંગસાર કરવો | 130 |
| બહેનની સાથે ઝિના કરશે તેની હદ (સજા) | 131 |
| તઅલીક઼ : ૭૯૫ | 131 |
| ઝાની (વ્યભિચારી) પુરૂષ તથા સ્ત્રી દરેકને સો કોરડા મારો | 131 |
| હદીષ : ૨૮૪૪ | 131 |
| હુઝૂરે અક઼દસ ﷺએ ઝાનીને સંગસાર કરવાનો હુકમ ફર્માવ્યો | 132 |
| પાગલ પુરૂષ તથા પાગલ સ્ત્રીને સંગસાર કરવામાં નહીં આવે | 132 |
| તઅલીક઼ : ૭૯૬ | 132 |
| ઈદગાહમાં સંગસાર કરવું | 133 |
| મસ્જિદમાં હદ (સજા) લાગુ કરવાથી ખુદ હુઝૂરે અક઼દસ ﷺએ મના કર્યું | 133 |
| માઈઝે એવી તૌબા કરી છે કે જો એક ક઼ૌમ પર વહેંચવામાં આવે તો સૌને પહોંચી જાય | 134 |
| ઝાનીની નમાઝે જનાઝા પણ ફર્ઝે કિફાયા છે, ભલે સંગસાર કરવામાં મૃત્યુ પામેલ હોય | 134 |
| ગુનો કરીને ફત્વો પૂછવા આવ્યો તો શો હુકમ | 134 |
| તઅલીક઼ : ૭૯૭ | 135 |
| તઅલીક઼ : ૭૯૮ | 135 |
| તઅલીક઼ : ૭૯૯ | 135 |
| તઅલીક઼ : ૮૦૦ | 135 |
| ઝિનાના સ્વીકારનો હુકમ | 135 |

| વિષય | પેજ નં |
|---|---|
| હદીષ : ૨૮૪૫ | 136 |
| ઝિનાથી સગર્ભા થયેલી જયારે પરણિત (મુહસન) હોય તો | 137 |
| હઝરત અબૂબક્ર رضی اللہ عنہની બયઅતની વિગત | 137 |
| હદીષ : ૨૮૪૬ | 137 |
| સક઼ીફ઼ા બની સાઅદાની ચર્ચા અને ફેંસલો | 145 |
| હઝરત અલી رضی اللہ عنہની ખ્વાહિશ હતી કે તેમને ખલીફા બનાવવામાં આવે | 147 |
| રાફઝીઓનો વાંધો અને તેનો જવાબ | 148 |
| કુંવારા ઝાની સ્ત્રી તથા પુરૂષને કોરડા મારવામાં આવશે અને તડીપાર કરવામાં આવશે | 149 |
| મઝહબે અહનાફ (હનફીઓનો મઝહબ) | 150 |
| તઅલીક઼ : ૮૦૧ | 150 |
| તઅલીક઼ : ૮૦૨ | 150 |
| હદીષ : ૨૮૪૭ | 151 |
| સજા તથા શિક્ષા કેટલી આપવામાં આવશે | 151 |
| હદીષ : ૨૮૪૮ | 151 |
| ગુલામો પર ઝિનાની તોહમત લગાડવી | 153 |
| હદીષ : ૨૮૪૯ | 153 |
| **દિયતનું વર્ણન** | 154 |
| કોઈ મો'મિનને ઈરાદાપૂર્વક ક઼ત્લ કરે તો તેની સજા જહન્નમ છે | 154 |
| હદીષ : ૨૮૫૦ | 154 |
| હદીષ : ૨૮૫૧ | 154 |
| નાહક્ક઼ ખૂનની સજા | 155 |
| હઝરત ઉષ્માનગની رضی اللہ عنہની શહાદત સુધી પૂરી દુનિયાના મુસલમાનો એકમત અને એકતાવાળા હતા | 155 |
| જેણે કોઈને ક઼ત્લ કર્યો કે઼સાસ વિના કે જમીનમાં ફસાદ વિના તો જાણે તેણે સર્વ લોકોને ક઼ત્લ કર્યા | 155 |
| તઅલીક઼ : ૮૦૩ | 156 |
| બેશક ! જાન, જાનના બદલામાં છે | 156 |
| હદીષ : ૨૮૫૨ | 156 |
| જે કોઈ મુસલમાનના ખૂનનો હક્ક઼ વિના તલબગાર હોય | 157 |
| હદીષ : ૨૮૫૩ | 157 |
| પુરૂષો તથા સ્ત્રીઓ વચ્ચે ઝખ્મોમાં કે઼સાસ | 157 |
| અને ઈલ્મવાળાઓએ કહ્યું કે પુરૂષને સ્ત્રીના બદલામાં ક઼ત્લ કરવામાં આવશે | 158 |
| જેણે બાદશાહ વિના પોતાનો હક્ક઼ લીધો અથવા કે઼સાસ લીધો | 158 |
| હદીષ : ૨૮૫૪ | 158 |
| જ્યારે કોઈને કોઈએ દાંતથી કરડયું અને તેના આગલા દાંત ખરી પડયા | 159 |
| હદીષ : ૨૮૫૫ | 159 |
| આંગળીઓની દિયતનું બયાન | 160 |
| હદીષ : ૨૮૫૬ | 160 |
| જ્યારે એક ક઼ૌમ કોઈ શખ્સને મારે | 160 |
| તઅલીક઼ : ૮૦૪ | 160 |
| તઅલીક઼ : ૮૦૫ | 161 |
| તઅલીક઼ : ૮૦૬ | 161 |
| તઅલીક઼ : ૮૦૭ | 161 |
| તઅલીક઼ : ૮૦૮ | 162 |
| તઅલીક઼ : ૮૦૯ | 162 |
| તઅલીક઼ : ૮૧૦ | 162 |
| ક઼સામતનું વર્ણન | 163 |
| તઅલીક઼ : ૮૧૧ | 163 |

| વિષય | પેજ નં |
|---|---|
| તઅલીક઼ : ૮૧૨ | 164 |
| હદીષ : ૨૮૫૭ | 164 |
| જૂઠી ક઼સમ ખાવાનો અંજામ તબાહી હોય છે | 170 |
| શંકા તથા તેનું નિવારણ | 171 |
| સ્ત્રીના ગર્ભ નિવારણનો હુકમ | 172 |
| હદીષ : ૨૮૫૮ | 172 |
| સ્ત્રીના ગર્ભને પાડવા વિશે બયાન | 173 |
| હદીષ : ૨૮૫૯ | 173 |
| જેણે ગુલામ અથવા બાળકને કામ કરવા માટે માગ્યો | 174 |
| તઅલીક઼ : ૮૧૩ | 174 |
| જાનવરોની જનાયત પર કાંઈ નથી | 174 |
| તઅલીક઼ : ૮૧૪ | 175 |
| તઅલીક઼ : ૮૧૫ | 175 |
| તઅલીક઼ : ૮૧૬ | 175 |
| તઅલીક઼ : ૮૧૭ | 175 |
| તઅલીક઼ : ૮૧૮ | 176 |
| **હક઼્ક઼ના વિરોધીઓથી તૌબા કરાવવું તથા તેમનાથી લડવા વિશે** | 177 |
| હદીષ : ૨૮૬૦ | 177 |
| મુર્તદ પુરૂષ સ્ત્રીનો હુકમ | 178 |
| તઅલીક઼ : ૮૧૯ | 178 |
| જ્યારે ઝિમ્મી વગેરે નબી ﷺને કિનાયતન્ (આડકતરી રીતે) બુરા કહે | 180 |
| હદીષ : ૨૮૬૧ | 181 |
| ખારજીઓ તથા મુલ્હિદો (અધર્મીઓ)ને દલીલ ક઼ાયમ કર્યા પછી ક઼ત્લ કરી દેવા | 181 |
| જ્યારે મઆ઼ઝલ્લાહ ! કોઈ ખારજી તથા મુલ્હિદ થઈ જાય તો ઈસ્લામના સુલ્તાન પર ફર્ઝ છે કે તેમની સાથે જંગ કરે | 182 |

| વિષય | પેજ નં |
|---|---|
| ખારજી ક઼ત્લ થનારાઓમાં તલાશ કરો એક શખ્સ એવો હશે જેનો હાથ સ્ત્રીના સ્તન જેવો હશે | 182 |
| ખારજીઓ બદતરીન મખ્લૂક઼ | 183 |
| તઅલીક઼ : ૮૨૦ | 183 |
| દીનથી નીકળી જશે જેવી રીતે કે તીર નિશાનાથી નીકળી જાય છે | 183 |
| નજદીઓ વિશે પેશનગોઈ | 184 |
| હદીષ : ૨૮૬૨ | 184 |
| **જબરદસ્તી વિશે વર્ણન** | 185 |
| પણ તે જે મજબૂર કરવામાં આવે અને એનું દિલ ઈમાન પર જામેલું હોય | 185 |
| ''ઈકરાહ''નો અર્થ છે | 186 |
| તઅલીક઼ : ૮૨૧ | 187 |
| તક઼િય્યહ વિશે વર્ણન | 187 |
| ચોરોએ મજબૂર કર્યો અને તે પોતાની પત્નીને તલાક઼ આપી દે | 187 |
| તઅલીક઼ : ૮૨૨ | 187 |
| મુકરહના નિકાહ જાઈઝ નથી | 186 |
| મુકરહના નિકાહ અહનાફને ત્યાં સહીહ છે | 189 |
| ઈમામ બુખારીની હનફીઓ પર પહેરબાની અને એના પર અમારી અરજ | 189 |
| જ્યારે સ્ત્રીને ઝિના માટે મજબૂર કરવામાં આવે તો તેના પર હદ (સજા) નથી | 190 |
| તઅલીક઼ : ૮૨૩ | 190 |
| તઅલીક઼ : ૮૨૪ | 190 |
| કોઈનું પોતાના સાથીના બારામાં એ ક઼સમ ખાવું કે એ તેનો ભાઈ છે | 191 |
| હનફીઓ પર મહેરબાની અને અમારી અરજ | 192 |
| તઅલીક઼ : ૮૨૫ | 193 |

| વિષય | પેજ નં |
|---|---|
| **હિલા વિશે પ્રકરણ** | 194 |
| હીલાની સાબિતી | 194 |
| હીલએ શરઈની સાબિતી | 195 |
| હીલા બાબતે યહૂદીના કિસ્સામાં તફાવત | 195 |
| હીલાઓને છોડવાના બયાનમાં | 196 |
| નમાઝના બયાનમાં | 196 |
| વિરોધીઓની મઝાકનો જવાબ : | |
| સલામ ફેરવવા બાબતે | 196 |
| ઝકાતથી બચવાના માટે હીલાના બયાનમાં | 197 |
| ઈમામ બુખારીની હનફીઓ પર પ્રથમ મહેરબાની | 199 |
| બીજી મહેરબાની અને અમારી અરજ | 199 |
| ત્રીજી મહેરબાની અને અમારી અરજ | 200 |
| વેચાણમાં હીલાનું મકરૂહ હોવું | 200 |
| વેચાણમાં ધોકાથી મનાઈનું વર્ણન | 201 |
| તઅલીક઼ : ૮૨૬ | 201 |
| કોઈએ કોઈની બાંદીને પડાવી લીધી | 201 |
| ઈમામ બુખારીની ચોથી હનફીઓ પર મહેરબાની | 202 |
| નિકાહમાં હીલાનુ વર્ણન | 202 |
| પાંચમી મહેરબાની અને અમારી અરજ | 202 |
| છટ્ઠી મહેરબાની તથા ગૈર મુક઼લ્લિદની રદ પણ ! | 203 |
| ક઼ાઝીનો ફૈંસલો જાહેરી બાતિની રીતે લાગુ છે | 203 |
| હેબા (ભેટ) તથા શુફઅહનું બયાન | 204 |
| ઈમામ બુખારીની સાતમી મહેરબાની | 204 |
| આઠમી મહેરબાની ! | 206 |
| નવમી મહેરબાની અને અમારી નાઝ બરદારી ! | 206 |
| દસમી મહેરબાની | 207 |
| આમિલનું હીલો કરવું જેથી તેને હદીયો | |
| આપવામાં આવે | 207 |

| વિષય | પેજ નં |
|---|---|
| ૧૧મી મહેરબાની એને તેની નાઝ બરદારી | 208 |
| **તા'બીર વિશે પ્રકરણ** | 209 |
| ખ્વાબના પ્રકારો | 209 |
| તઅલીક઼ : ૮૨૭ | 210 |
| નેક લોકોના ખ્વાબ | 210 |
| સારો ખ્વાબ નબુવ્વતના છેંતાલીસ હિસ્સામાં એક | 211 |
| હદીષ : ૨૮૬૩ | 211 |
| ખ્વાબ અલ્લાહની તરફથી હોય છે | 212 |
| હદીષ : ૨૮૬૪ | 212 |
| સારો ખ્વાબ જુએ તો વર્ણવે બુરો નહીં | 213 |
| હદીષ : ૨૮૬૫ | 213 |
| હદીષ : ૨૮૬૬ | 214 |
| બશારત આપનારા ખ્વાબ | 214 |
| હદીષ : ૨૮૬૭ | 214 |
| કેદીઓ, દંગલખોરો અને મુશ્રિકોના ખ્વાબ | 214 |
| હઝરત યૂસુફ علیہ السلام અને ખ્વાબની તાબીર | 216 |
| તઅલીક઼ : ૮૨૮ | 216 |
| હદીષ : ૨૮૬૮ | 217 |
| જેણે નબી صلی اللہ علیہ وسلم ને ખ્વાબમાં જોયા | 217 |
| હદીષ : ૨૮૬૯ | 217 |
| તઅલીક઼ : ૮૨૯ | 218 |
| હદીષ : ૨૮૭૦ | 219 |
| ફર્માને રસૂલ صلی اللہ علیہ وسلم : જેણે મને જોયો તેણે હક્ક઼ જોયો | 219 |
| હદીષ : ૨૮૭૧ | 219 |
| હદીષ : ૨૮૭૨ | 219 |
| રાતના ખ્વાબનું બયાન | 219 |
| હદીષ : ૨૮૭૩ | 219 |
| દિવસનો ખ્વાબ | 221 |

| વિષય | પેજ નં |
|---|---|
| તઅલીક઼ : ૮૩૦ | 221 |
| ખ્વાબમાં કૈ઼દ જોવાનું વર્ણન | 221 |
| હદીષ : ૨૮૭૪ | 221 |
| તઅલીક઼ : ૮૩૧ | 222 |
| તઅલીક઼ : ૮૩૨ | 222 |
| હદીષ : ૨૮૭૫ | 224 |
| જે જૂઠો ખ્વાબ વર્ણવે | 225 |
| હદીષ : ૨૮૭૬ | 225 |
| રાઝની વાત સાંભળનાર, જૂઠો ખ્વાબ કહેનાર, તસ્વીરકાર પર અઝાબ ! | 225 |
| તઅલીક઼ : ૮૩૩ | 226 |
| તઅલીક઼ : ૮૩૪ | 226 |
| તઅલીક઼ : ૮૩૫ | 226 |
| હદીષ : ૨૮૭૭ | 226 |
| જ્યારે નાપસંદીદા ખ્વાબ જુએ તો | 227 |
| હદીષ : ૨૮૭૮ | 227 |
| ખ્વાબ પહેલી તઅબીર બતાવવાવાળાના મુતાબિક઼ હોય છે | 228 |
| ત્રણ ખલીફ઼ાની ખિલાફ઼ત તરફ઼ નિર્દેશ | 228 |
| હદીષ : ૨૮૭૯ | 228 |
| **ફ઼િત્નાઓનું વર્ણન** | 232 |
| તમે લોકો મારા પછી કેટલીક એવી વાતો જોશો જે તમને નાપસંદ હશે | 232 |
| જે શખ્સ જમાઅતથી વેંતભર દૂર થયો | 232 |
| હદીષ : ૨૮૮૦ | 232 |
| હદીષ–૨૮૮૧ | 233 |
| ફ઼િત્નાઓનું જાહેર થવું | 234 |
| હદીષ : ૨૮૮૨ | 234 |

| વિષય | પેજ નં |
|---|---|
| બદતરીન લોકો કોણ ? | 234 |
| તઅલીક઼ : ૮૩૬ | 234 |
| દરેક બાદવાળો જમાનો પહેલાથી બદ્તર છે | 235 |
| હદીષ : ૨૮૮૩ | 235 |
| જે અમારા પર હથિયાર ઉઠાવે તે અમારામાંથી નથી | 235 |
| હદીષ : ૨૮૮૪ | 235 |
| હદીષ : ૨૮૮૫ | 235 |
| હદીષ : ૨૮૮૬ | 236 |
| જ્યારે બે મુસલમાન પોતાની તલ્વારો સાથે ટકરાય | 236 |
| હદીષ : ૨૮૮૭ | 236 |
| ફ઼િત્નાના જમાનામાં ગામડામાં રહેવું | 238 |
| હદીષ : ૨૮૮૮ | 238 |
| લડાઈ શરૂમાં જવાન સ્ત્રી હોય છે | 238 |
| તઅલીક : ૮૩૭ | 238 |
| હદીષ : ૨૮૮૯ | 239 |
| જ્યારે અલ્લાહ તઆલા કોઈ કૌ઼મ પર અઝાબ નાઝિલ ફ઼ર્માવે | 240 |
| હદીષ : ૨૮૯૦ | 240 |
| હઝરત હસન رضی اللہ عنہ ની ફઝીલત | 240 |
| હદીષ : ૨૮૯૧ | 240 |
| જ્યારે કોઈની સામે કાંઈ કહે પછી બહાર નીકળીને તેના વિરુદ્ધ કહે | 241 |
| હદીષ : ૨૮૯૨ | 241 |
| આજના મુનાફ઼િક઼ો હુઝૂર ﷺ ના જમાનાના મુનાફ઼િક઼ોથી બદતર | 243 |
| હદીષ : ૨૮૯૩ | 243 |
| નિફ઼ાક઼ કેવળ રિસાલતકાળ સુધી હતો | 243 |
| હદીષ : ૨૮૯૪ | 243 |

| વિષય | પેજ નં |
|---|---|
| ક઼યામત રચાશે નહીં જ્યાં સુધી ક઼બ્રવાળાઓ પર રશ્ક઼ નહીં કરવામાં આવે | 244 |
| હદીષ : ૨૮૯૫ | 244 |
| જમાનાનું બદલાય જવું ત્યાં સુધી કે મૂર્તિઓ પૂજવામાં આવે | 244 |
| હદીષ : ૨૮૯૬ | 244 |
| હિજાઝની ભૂમિથી આગનું નીકળવું | 245 |
| હદીષ : ૨૮૯૭ | 245 |
| નજીકમાં જ ફુરાત સોનાનો ખજાનો ખોલશે | 245 |
| હદીષ : ૨૮૯૮ | 245 |
| ક઼યામત પહેલાં લગભગ ૩૦ દજ્જાલ પેદા થશે | 246 |
| હદીષ : ૨૮૯૯ | 246 |
| દજ્જાલનું વર્ણન | 247 |
| હદીષ : ૨૯૦૦ | 247 |
| નબુવ્વતના દાવેદારથી નિયમ વિરુદ્ધ વાતનું જાહેર થવું શક્ય નથી | 247 |
| હદીષ : ૨૯૦૧ | 248 |
| હદીષ : ૨૯૦૨ | 248 |
| દજ્જાલના નીકળવાના સમયે મદીના પાકમાં કાફિર પણ હશે અને મુનાફિક઼ પણ હશે | 249 |
| હદીષ : ૨૯૦૩ | 249 |
| હદીષ : ૨૯૦૪ | 249 |
| **હુકમો વિશે પ્રકરણ** | 250 |
| અલ્લાહની ઈતાઅત કરો અને રસૂલની ઈતાઅત કરો | 250 |
| ઉલૂલ અમ્ર કોણ છે ? | 250 |
| આલિમ કોણ છે ? | 251 |
| અમીરો (ઉમરા) કુરૈશથી હોય | 251 |
| મિ. અબુલ કલામનો રદ | 252 |
| અમારત (અમીરપણા)ની લાલચ નાપસંદીદા છે | 253 |
| હદીષ : ૨૯૦૫ | 253 |
| જે પબ્લિક સાથે ખૈરખ્વાહી ન કરે | 253 |
| હદીષ : ૨૯૦૬ | 253 |
| ફૈંસલો તથા ફત્વો રસ્તે ચાલતા આપવો | 254 |
| તઅલીક઼ : ૮૩૮ | 254 |
| તઅલીક઼ : ૮૩૯ | 254 |
| જેની ક઼ત્લ કરવી વાજિબ હોય | 255 |
| હદીષ : ૨૯૦૭ | 255 |
| ગુસ્સાની હાલતમાં ફૈંસલો કે ફત્વો આપી શકે છે ? | 255 |
| હદીષ : ૨૯૦૮ | 255 |
| મોહર કરેલા પત્ર પર ગવાહીનું બયાન | 257 |
| ક઼ાઝી (ક઼ાઝીનો પત્ર બીજા ક઼ાઝીને) જાઈઝ | 257 |
| ક઼ત્લે ખતા છે તો એમાં ક઼ેસાસ નહીં દિયત વાજિબ છે | 258 |
| તઅલીક઼ : ૮૪૦ | 258 |
| કિતાબુલ ક઼ાઝી ઈલલ્ ક઼ાઝી વિશ્વસનીય નથી | 258 |
| તઅલીક઼ : ૮૪૧ | 259 |
| તઅલીક઼ : ૮૪૨ | 259 |
| તઅલીક઼ : ૮૪૩ | 259 |
| તઅલીક઼ : ૮૪૪ | 259 |
| તઅલીક઼ : ૮૪૫ | 260 |
| હદીષ : ૨૯૦૯ | 260 |
| તઅલીક઼ : ૮૪૬ | 261 |
| તઅલીક઼ : ૮૪૭ | 261 |
| તઅલીક઼ : ૮૪૮ | 261 |
| માણસ ક્યારે ક઼ાઝી બનાવવાને પાત્ર બને છે | 262 |

| વિષય | પેજ નં |
|---|---|
| ક઼ાઝી થવા માટેની શરતો | 263 |
| ક઼ાઝી કોણ નિયુક્ત કરી શકે | 263 |
| હઝરત દાઉદ તથા હઝરત સુલૈમાન عليهما السلام ના ફેંસલા | 264 |
| તઅલીક઼ : ૮૫૦ | 264 |
| હાકિમ તથા આમિલોના પગારનું વર્ણન | 265 |
| તઅલીક઼ : ૮૫૧ | 265 |
| તઅલીક઼ : ૮૫૨ | 265 |
| તઅલીક઼ : ૮૫૩ | 266 |
| હદીષ : ૨૯૧૦ | 266 |
| જેણે મસ્જિદમાં ફેંસલો કર્યો અને લિઆન ઠરાવ્યું | 268 |
| તઅલીક઼ : ૮૫૪ | 268 |
| તઅલીક઼ : ૮૫૫ | 268 |
| તઅલીક઼ : ૮૫૬ | 268 |
| મસ્જિદમાં સજા લાગુ કરવાની મનાઈના બારામાં | 269 |
| તઅલીક઼ : ૮૫૭ | 269 |
| તઅલીક઼ : ૮૫૮ | 269 |
| હાકિમ જો બંને પક્ષોમાંથી કોઈ એકનો ગવાહ હોય તો | 269 |
| તઅલીક઼ : ૮૫૯ | 270 |
| તઅલીક઼ : ૮૬૦ | 270 |
| સમજૂતી : ૮૬૦ | 270 |
| તઅલીક઼ : ૮૬૧ | 271 |
| તઅલીક઼ : ૮૬૨ | 271 |
| હાકિમની દા'વત ક઼બૂલ કરવી | 273 |
| તઅલીક઼ : ૮૬૩ | 273 |
| આઝાદ થયેલા ગુલામોને ક઼ાઝી તથા આમિલ બનાવવા | 274 |
| હદીષ : ૨૯૧૧ | 274 |
| બાદશાહના સામે તેની પ્રશંસા કરવી અને ત્યાંથી નીકળ્યા બાદ એની વિરુદ્ધ કહેવું નાપસંદીદા છે | 275 |
| હદીષ : ૨૯૧૨ | 275 |
| હુક્કામનો તર્જુમો કરનાર | 275 |
| તઅલીક઼ : ૮૬૪ | 275 |
| હુઝૂર ﷺએ ફર્માવ્યું, યહૂદીઓની ભાષા શીખે | 276 |
| તઅલીક઼ : ૮૬૫ | 276 |
| તઅલીક઼ : ૮૬૬ | 276 |
| ઈમામ લોકોથી કેવી રીતે બયઅત લે ?! | 277 |
| હદીષ : ૨૯૧૩ | 277 |
| હદીષ : ૨૯૧૪ | 277 |
| ઈબ્ને ઉમરની અબ્દુલમલિક સફ઼ફ઼ાકની બયઅત | 277 |
| હદીષ : ૨૯૧૫ | 277 |
| હદીષ : ૨૯૧૬ | 278 |
| હઝરત ઉમર رضی اللہ عنہએ ખલીફ઼ા નિમવાનું છ વ્યક્તિઓને સોંપ્યુ હતું | 278 |
| હદીષ : ૨૯૧૭ | 278 |
| કોઈને પોતાના પછી ખલીફ઼ા બનાવવાનું બયાન | 281 |
| હદીષ : ૨૯૧૮ | 281 |
| હઝરત અબૂબક્ર رضی اللہ عنہની આમ બયઅત | 282 |
| હદીષ : ૨૯૧૯ | 282 |
| ખલીફ઼ાની નિયુક્તિની ત્રણ રીતો | 283 |
| હદીષ : ૨૯૨૦ | 284 |
| બની બુઝાખાનું પ્રતિનિધિમંડળ | 284 |
| બાર અમીરો થશે | 285 |
| હદીષ : ૨૯૨૧ | 285 |
| **શહાદતની તમન્નાનું બયાન** | 287 |
| શહાદતની તમન્ના | 287 |

| વિષય | પેજ નં |
|---|---|
| હદીષ : ૨૯૨૨ | 287 |
| **અખ્બારે આહાદનું વર્ણન** | 288 |
| એક સાચા શખ્સની ખબરનું અઝાન તથા નમાઝ તથા રોઝા તથા ફર્ઝો તથા અહકામમાં વિશ્વસનીય હોવાનું બયાન | 288 |
| એક સાચા શખ્સની ખબર વિશ્વનીય હોવા વિશે | 288 |
| ઈમામ બુખારીની એના પર દલીલો | 289 |
| ખબરે વાહિદ વિશે આપણો મઝહબ | 289 |
| **કિતાબ તથા સુન્નતને મજબૂતી સાથે થામવા વિશે** | 289 |
| હદીષ : ૨૯૨૩ | 290 |
| હદીષ : ૨૯૨૪ | 291 |
| રસૂલુલ્લાહ ﷺની સુન્નતોની પયરવીનું વર્ણન | 291 |
| તઅલીક : ૮૬૭ | 291 |
| જ્યાં સુધી હું તમને છોડેલો રહું મને સવાલ ન કરો | 292 |
| હદીષ : ૨૯૨૫ | 292 |
| ખૂબ જ અધિક સવાલ કરવા અને નિરર્થક વાતોમાં પડવું નાપસંદીદા છે | 292 |
| મુસલમાનોમાં સૌથી મોટો મુજરિમ | 292 |
| હદીષ : ૨૯૨૬ | 292 |
| મૂળ ચીજમાં અબાહત (મુબાહ હોવું) | 293 |
| આપણને તકલ્લુફથી (તકલીફ કરવાથી) મના કરવામાં આવેલ છે | 294 |
| હદીષ : ૨૯૨૭ | 294 |
| હદીષ : ૨૯૨૮ | 294 |
| લોકો સવાલ કરતા રહેશે, દરેક ચીજને અલ્લાહ તઆલાએ પેદા કરી તો અલ્લાહને કોણે પેદા કર્યો ? | 294 |

| વિષય | પેજ નં |
|---|---|
| અલ્લાહને કોણે પેદા કર્યો ? એ સવાલનો જવાબ | 294 |
| રાયની તથા બેધડક ક઼યાસની બુરાઈ | 295 |
| અલ્લાહ ઈલ્મ કેવી રીતે ઉઠાવી લેશે ?! | 295 |
| હદીષ : ૨૯૨૯ | 295 |
| જૂઠુ બોલનારને યાદશક્તિ નથી હોતી | 296 |
| હુઝૂર ﷺ રાય તથા ક઼યાસથી કાંઈ ન કહેતા | 297 |
| આ વાતની બિના પર ઈમામ બુખારી પર તઅકુબ | 297 |
| હુઝૂર ﷺના ઈર્શાદ ક઼યાસ નથી | 298 |
| હુઝૂર ﷺથી ખતાએ ઈજતેહાદી નથી થતી | 298 |
| ઈમામ બુખારી પર તઅકુબ | 298 |
| હાકિમ જ્યારે ઈજતેહાદ કરે તો એનો સવાબ | 299 |
| હદીષ : ૨૯૩૦ | 299 |
| નબી ﷺનું ઈન્કાર ન કરવું દલીલ છે | 299 |
| સહાબાએ કિરામ પણ એ જ રીતે દલીલ છે | 299 |
| હદીષ : ૨૯૩૧ | 300 |
| ઈબ્ને સૈયાદ જ દજ્જાલ છે | 300 |
| અહલે કિતાબને કાંઈ ન પૂછો | 300 |
| બનાવો તથા ખબરોમાં જે આપણા મઝહબની વિરુદ્ધ ન હોય તેમાં કોઈ વાંધો નથી | 301 |
| થાનવીનો રદ મુફ્તીએ આ'ઝમ થકી | 301 |
| અને એમનું કામ આપસમાં મશ્વરો કરવું | 302 |
| **જહ્‌મિય્યહ વગેરેનો રદ અને તૌહીદનું વર્ણન** | 305 |
| બાતિલ ફિર્કાઓનો સખત રદ | 305 |
| નબી ﷺએ તૌહીદની દા'વત આપી | 306 |
| હદીષ : ૨૯૩૨ | 306 |
| કુલ્હુવલ્લાહ શરીફની ફઝીલત | 307 |

| વિષય | પેજ નં |
|---|---|
| ઝાતી ઈલ્મે ગયબ અને અતાઈ ઈલ્મે ગયબ વિશે | 308 |
| પસંદીદા રસૂલોને અલ્લાહ ઈલ્મે ગયબ આપે છે | 308 |
| ઈલ્મે ગયબ વિશે સરળ સમજૂતી | 308 |
| હુઝૂર ﷺને ક્યામતનો ઈલ્મ આપવામાં આવ્યો | 309 |
| ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاના ઈર્શાદો | 309 |
| હદીષ : ૨૯૩૩ | 309 |
| ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاના ઈર્શાદો અને તેનો ખુલાસો | 310 |
| સહીહ એ છે કે હુઝૂર ﷺએ રબનો જલ્વો જોયો | 311 |
| કુર્આનની ગોઠવણમાં ફેરફાર | 312 |
| અને તે ગાલિબ હિકમતવાળો છે | 312 |
| હુઝૂર ﷺ દુઆ કરતા : હું તારી ઈજ્જતની પનાહ માગુ છું | 312 |
| હદીષ : ૨૯૩૪ | 312 |
| અલ્લાહ جل جلالہ જહન્નમમાં પોતાનો કદમ રાખશે | 313 |
| હદીષ : ૨૯૩૫ | 313 |
| અલ્લાહ તઆલા સાંભળનાર જોનાર છે | 313 |
| તઅલીક : ૮૬૮ | 313 |
| અલ્લાહ પર નફસનો ઈત્લાક | 314 |
| હું મારા બંદાના ગુમાનની સાથે છું ! | 315 |
| હદીષ : ૨૯૩૬ | 315 |
| ફરિશ્તા અને માનવીમાં કોણ અફઝલ છે | 315 |
| અને એટલા માટે કે તમે મારી નિગાહની સામે તૈયાર થાવ | 317 |
| અલ્લાહ عزوجلની તરફથી ''અયન''ની (આંખની) ઈઝાફત | 317 |
| અલ્લાહ માટે શખ્સ બોલાવા વિશે | 317 |
| શખ્સ બોલવું અલ્લાહ માટે જાઈઝ નથી | 318 |

| વિષય | પેજ નં |
|---|---|
| સૌથી મોટી ગવાહી કોની | 318 |
| અલ્લાહ માટે ચીજ બોલાવા વિશે | 318 |
| અલ્લાહ તઆલા અર્શ પર મુસ્તવી | 319 |
| ઈબ્ને તયમિયા તથા વહાબીની રદ | 319 |
| તઅલીક : ૮૬૯ | 319 |
| તઅલીક : ૮૭૦ | 319 |
| તઅલીક : ૮૭૧ | 319 |
| મલાઈકા તથા જિબ્રઈલ એની બારગાહની તરફ ઊંચે પ્રયાણ કરે છે | 320 |
| બાતિલ ફિર્કાઓની રદ | 320 |
| તઅલીક : ૮૭૨ | 320 |
| કેટલાક મોઢાં એ દિવસે તરોતાઝાં હશે | 321 |
| કૈયૂમ અલ્લાહની ખાસ સિફત | 321 |
| તઅલીક : ૮૭૩ | 321 |
| આરિફોના કલામમાં કૈયૂમનો ઈત્લાક | 321 |
| આસ્માન તથા જમીન પેદા કરવામાં જે કાંઈ આવ્યું | 322 |
| એની પાસે શફાઅત કામ નથી આપતી, પણ જેના માટે તે ઈજાઝત આપે | 322 |
| અલ્લાહ તઆલાના મુતકલ્લિમ હોવાનો મતલબ | 323 |
| અલ્લાહના કલામ વખતે આસ્માનવાળાઓની હાલત | 323 |
| તઅલીક : ૮૭૪ | 323 |
| હશ્રના રોઝ અલ્લાહ એવી અવાજથી નિદા આપશે | 324 |
| તઅલીક : ૮૭૫ | 324 |
| અલ્લાહ તઆલાએ એને નાઝિલ કર્યું પોતાના ઈલ્મથી | 324 |
| તઅલીક : ૮૭૬ | 324 |

| વિષય | પેજ નં | વિષય | પેજ નં |
|---|---|---|---|
| ચાહે છે કે અલ્લાહના કલામને બદલી નાખે | 325 | તૌરાત લાવો અને એને પઢો જો તમે સાચા હોવ | 335 |
| એક બંદાનું વારંવાર ગુનાહ કરવું પછી તૌબા કરવું | 325 | તઅલીક઼ : ૮૮૮ | 335 |
| હદીષ : ૨૯૩૭ | 325 | જ્યારે બંદો મારી તરફ એક વેંત નજીક થાય છે | 336 |
| ક઼યામતના દિવસે અલ્લાહ તઆલાનું કલામ અંબિયા عَلَيْهِمُ السَّلَام ની સાથે | 326 | હદીષ : ૨૯૩૯ | 336 |
| શફાઅતની એક ઝલક઼ ! | 326 | અલ્લાહની કિતાબોની તફસીર અરબી તથા અન્ય ભાષાઓમાં જાઈઝ છે | 337 |
| હદીષ : ૨૯૩૮ | 326 | અમે આસાન કર્યું કુર્આન યાદ કરવાના માટે | 337 |
| અલ્લાહ તઆલાનું બંદાઓને યાદ કરવાનો મતલબ | 328 | તઅલીક઼ : ૮૮૯ | 337 |
| તઅલીક઼ : ૮૭૭ | 329 | તે શરફ (બુઝુર્ગી)ના કમાલવાળુ કુર્આન છે | 338 |
| તઅલીક઼ : ૮૭૮ | 329 | તઅલીક઼ : ૮૯૦ | 338 |
| જો કોઈ મુશ્રિક તમારી પાસે પનાહ માગે તો તેને પનાહ આપો | 329 | તઅલીક઼ : ૮૯૧ | 338 |
| અલ્લાહ તઆલાના માટે શરીક ન બનાવો | 330 | માણસ સારી વાત કહે અથવા બુરી વાત કરે સૌ લખવામાં આવે છે | 338 |
| બંદા પોતાના અફઆલના ખાલિક઼ નથી | 330 | બેશક઼ ! અલ્લાહે તમને પેદા કર્યા અને તેને પણ જે તમે કરો છો | 339 |
| તઅલીક઼ : ૮૭૯ | 331 | અલ્લાહ તઆલાએ ખલ્ક઼ને અમ્રથી અલગ વર્ણવ્યું | 339 |
| તઅલીક : ૮૮૦ | 331 | તઅલીક઼ : ૮૯૨ | 339 |
| તઅલીક : ૮૮૧ | 331 | અમે ઈન્સાફના ત્રાજવાં રાખીશું ક઼યામતનાં દિવસે | 340 |
| તઅલીક઼ : ૮૮૨ | 332 | અમલોના વજન વિશે મોઅતઝલાની શંકાઓનો જવાબ | 341 |
| તઅલીક઼ : ૮૮૩ | 332 | સૌના અમલો તથા અક઼વાલતોલવામાં આવશે | 342 |
| દરેક દિવસે તેને એક કામ છે | 332 | કેટલાક લોકો હશે જેઓ વિના હિસાબ કિતાબ જન્નતમાં જશે | 342 |
| નમાઝમાં વાત ન કરો | 332 | કિ઼સ્ત તથા કિ઼સ્તાસની તેહક઼ીક઼ | 343 |
| તઅલીક : ૮૮૪ | 332 | બે કલમા છે જે રહમાનને પ્યારા છે | 344 |
| તઅલીક઼ : ૮૮૫ | 333 | હદીષ : ૨૯૪૦ | 344 |
| બંદાઓના કામોની નિસ્બત બંદાઓની તરફ કરવી સહીહ છે | 333 | બુખારીની હદીષોની સંખ્યા | 347 |
| તઅલીક઼ : ૮૮૬ | 334 | મારી રિવાયત કરેલી એક મુસ્તનદ હદીષ | 349 |
| તઅલીક઼ : ૮૮૭ | 334 | | |

## :: હમ્દે બારી તઆલા ::

વહી રબ હૈ જિસને તુઝકો હમાતન કરમ બનાયા–હમેં ભીક માંગનેકો તેરા આસ્તાં બતાયા
*તુઝે હમ્દ હૈ ખુદા યા*

તુમ્હી હાકિમે બરાયા તુમ્હી કાસિમે અતાયા–તુમ્હી દાફેએ બલાયા તુમ્હી શાફેએ અતાયા
*તુઝે હમ્દ હૈ ખુદા યા*

વો કુંવારી પાક મરયમ વો નફખ્ત ફીહિકા દમ–હય અજબ નિશાને આ'ઝમ મગર આમિનાકા જાયા
*તુઝે હમ્દ હૈ ખુદા યા*

યહી બોલે સિદરાવાલે ચમને જહાંકે થાલે–સભી મૈંને છાન ડાલે તેરે પાયેકા ન પાયા
*તુઝે હમ્દ હૈ ખુદા યા*

ફઈઝા ફરગ્ત ફન્સ઼બ યહ મિલા હય તુઝકો મન્સબ–જો ગદા બના ચુકે સબ ઉઠો વક઼્તે બખ્શિશ આયા
*તુઝે હમ્દ હૈ ખુદા યા*

વઈલલ્ ઈલાહિ ફર્ગ઼બ કરો અર્ઝ સબકે મતલબ–કે તુમ્હી કો તકતે હૈં સબ, કરો ઉન પર અપના સાયા
*તુઝે હમ્દ હૈ ખુદા યા*

અરે ! અય ખુદા કે બંદો, કોઈ મેરે દિલકો ઢુંઢો–મેરે પાસ થા અભી તો અભી ક્યા હુવા ખુદાયા
*તુઝે હમ્દ હૈ ખુદા યા*

હમેં અય **'રઝા'** તેરે દિલકા પતા ચલા બમુશ્કિલ–દરે રૌઝે કે મુક઼ાબિલ વહ હમેં નઝર તો આયા
*તુઝે હમ્દ હૈ ખુદા યા*

## ગમ હો ગએ બેશુમાર આક઼ા !

ગમ હો ગએ બેશુમાર આક઼ા બંદા તેરે નિષાર આક઼ા
બિગળા જાતા હૈ ખેલ મેરા આક઼ા ! આક઼ા ! સંવાર આક઼ા !
ટૂટી જાતી હૈ પીઠ મેરી લિલ્લાહ યે બોજ ઉતાર આક઼ા
હલ્કા હૈ અગર હમારા પલ્લા ભારી હૈ તેરા વક઼ાર આક઼ા
મજબૂર હૈં હમ તો ફિક્ર કયા હૈ તુમ કો તો હૈ ઈખ્તિયાર આક઼ા
મૈં દૂર હૂં તુમ તો હો મેરે પાસ સુનલો મેરી પુકાર આક઼ા
મુઝસા કોઈ ગદા ન હોગા તુમસા નહીં ગમગુસાર આક઼ા
ગિર્દાબ મેં પળ ગઈ હૈ કશ્તી ડૂબા ડૂબા ઉતાર આક઼ા
જિસ કી મર્ઝી ખુદા ન ટાલે મેરા હૈ વોહ નામદાર આક઼ા
હૈ મુલ્કે ખુદાપે જિસ્કા ક઼બ્ઝા મેરા વોહ કામગાર આક઼ા
સોયા કિયે નાબકાર બંદે રોયા કિયે ઝાર ઝાર આક઼ા
કયા ભૂલ હૈ ઉન્કે હોતે કહલાએં દુન્યાકે યે તાજદાર આક઼ા
ઉનકે અદના ગદા પે મિટ જાયેં ઐસે ઐસે હઝાર આક઼ા
બે અબરે કરમ કે મેરે ધબ્બે લા તગસિલુહલ બિહાર આક઼ા
ઈતની રહમત **'રઝા'** પે કર લો લા યકરુબુહુલ બવાર આક઼ા

# કલેમાતે ખૈર....

અઝ : અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી
**હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી (મુંબઈ)**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَارَسُوۡلَ اللّٰهِ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَاحَبِیۡبَ اللّٰهِ اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَیۡكَ یَا نُوۡرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیۡكَ وَسَلَّمَ

**કામ વો લે લીજીએ તુમકો જો રાઝી કરે**
**ઠીક હો નામે 'રઝા' તુમપે કરોળોં દુરૂદ**

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ﷻ કે કરમસે ઔર ઉસકે પ્યારે હબીબ ﷺ કે ના'લૈન પાક કે સદક઼ાઓ તુફૈલ આજ આપકે હાથોંમેં **"નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી"** કી આખરી જિલ્દ (ભાગ : ૯) ગુજરાતીમેં પેશ કરને કી સઆદત અલ્હાજ શબ્બીર પટેલ રઝવી સાહબ હાસિલ કર રહે હૈં. પટેલ શબ્બીર અલી રઝવી સાહબ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી, ઈન્કા કારનામા આપ લોગોંસે પોશીદા નહીં. ગુજરાતીમેં ઈસ વક઼્ત અગર સબસે ઝયાદા લિટરેચર અગર કોઈ ફરાહમ કરનેવાલી શખ્સિયત હો તો યહ આપ કો પટેલ શબ્બીર અલી રઝવી કી શકલ હી કે અંદર નઝર આયેગી. જિન્હોંને બઅઝ ઐસી કિતાબોં કા તર્જુમા કિયા હે જિન કિતાબોં કા તર્જમા કરને કે લિયે અભી તક કિસી ગુજરાતી ક઼લમકારને ક઼લમ નહીં ઉઠાયા. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ﷻ ઈનકી ઈસ ખિદમતે જલીલા કો અપની બારગાહમેં કુબૂલ ફર્માએ. ઔર ખાસ તૌર પર **"નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી"** યહ ઐસી કિતાબ થી કે ઈસકા તર્જમા યક઼ીનન ! ગુજરાતી મેં કરકે લોગોં તક પહૂંચાના ઔર લોગોં કે અક઼ીદે ઈમાન ઔર સાથ હી સાથ મસાઈલ કે સિલસિલે મેં વાકિફિયત કરાના યહ બહોત ઝુરૂરી થા જિસે ઈન્હોંને અંજામ દેકર અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ﷻ ઔર ઉસકે પ્યારે હબીબ ﷺ કી ખુશ્નુદી હાસિલ કી હે. મુઝે ઉમ્મીદ હય કે આપ **"નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી"** નવવીં જિલ્દ કો ભી ગુઝિશ્તા જિલ્દોં કી તરહ હાથો હાથ લેંગે ઔર

તાક઼ કી ઝીનત બનાને કે બજાએ ઈસકો પળ્હને કી સઆદત હાસિલ કરેંગે ઔર આક઼ાએ કરીમ علیہ الصلوٰۃ والسلام કે ફર્મુદાત કો જાન કર ઉસે પળ્હકર ઉસ પર અમલ કા જઝબા અપને અંદર પેદા કરેંગે. આપ પળ્હને કે બાદ ખૂદ મેહસૂસ કરેંગે કિતના બળા કામ મુહિબ્બે ગિરામી જનાબ શબ્બીર પટેલ સાહબને કિયા હૈ. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત عزوجل ઈસ ખિદમતે હદીષ કા સિલા અપની બારગાહ સે બેપનાહ અતા ફર્માએ ઔર આક઼ાએ કરીમ علیہ الصلوٰۃ والسلام કી ખુશ્નુદી નસીબ ફર્માએ ઔર ઈનકી ખિદમાતે જલીલા કો હમ સબ કે લિયે ઝરીયાએ નજાત બનાએ.

اٰمِیۡن بِجَاہِ حَبِیۡبِہٖ سَیِّدِ الْمُرۡسَلِیۡنَ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡہِ وَسَلَّمَ

**–મુહમ્મદશાકિર નૂરી રઝવી (મુંબઈ)** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

૨૮–ઝિલ ક઼અદા, હિ.સ. ૧૪૩૮, અંગ્રેજી તા. ૨૧–૦૮–૨૦૧૭, સોમવાર

## ક઼લ્બ કો ઉસ કી રુયત કી હૈ આરઝૂ

اَللّٰہ اَللّٰہ اَللّٰہ اَللّٰہ    اَللّٰہ اَللّٰہ اَللّٰہ اَللّٰہ    اَللّٰہ اَللّٰہ اَللّٰہ اَللّٰہ    اَللّٰہ اَللّٰہ اَللّٰہ اَللّٰہ

ક઼લ્બ કો ઉસ કી રુયત કી હૈ આરઝૂ–જિસકા જલવા હૈ આલમ મેં હર ચાર સૂ
બલ્કે ખૂદ નફ઼્સ મેં હૈ વો સુબ્હાનહૂ–અર્શ પર હૈ મગર અર્શ કો જુસ્તજૂ اَللّٰہ اَللّٰہ اَللّٰہ اَللّٰہ

અર્શો વ ફર્શ હો જમાં ઓ ઝેહત ઐ ખુદા–જિસ તરફ દેખતા હૂં હૈ જલવા તેરા
ઝર્રે ઝર્રે કી આંખોં મેં તૂ હી ઝિયા–ક઼તરે ક઼તરે કી તૂ હી તો હૈ આબરૂ اَللّٰہ اَللّٰہ اَللّٰہ اَللّٰہ

સારે આલમ કો હૈ તેરી હી જુસ્તજૂ–જિન્નો ઈન્સો મલક કો તેરી આરઝૂ
યાદ મેં તેરી હર એક હૈ સૂ બસૂ–બન મેં વહશી લગાતે હૈં ઝર્બાતે હૂ اَللّٰہ اَللّٰہ اَللّٰہ اَللّٰہ

નગ્મા સંજાને ગુલશન મેં ચર્ચા તેરા–ચહચહે ઝિક્રે હક્ક કે હૈં સુબહો મસા
અપની અપની ચહક અપની અપની સદા–સબ કા મતલબ હૈ વાહિદ કે વાહિદ હૈ તૂ اَللّٰہ اَللّٰہ اَللّٰہ اَللّٰہ

તાઈરાને જિનાં મેં તેરી જુસ્તજૂ–ગીત તેરે હી ગાતે હૈં વહ ખુશ ગુલૂ
કોઈ કહતા હૈ હક્ક કોઈ કહતા હૈ હૂ–ઔર સબ કહતે હૈં લાશરીક લહૂ اَللّٰہ اَللّٰہ اَللّٰہ اَللّٰہ

ઠંડી ઠંડી નસીમેં ચલેં મેરે રબ–ફિત્નોં કી ધૂલ સે પાક હોવે અરબ
ઐસા બરસા બહા દે જો ખાશાક સબ–તેરી રહમત કે બાદલ ઘિરેં ચાર સૂ اَللّٰہ اَللّٰہ اَللّٰہ اَللّٰہ

ખ્વાબે નૂરી મેં આયેં જો નૂરે ખુદા–બુકઅએ નૂર હો અપના ઝુલ્મત કદા
ઝગમગા ઉઠે દિલ ચેહરા હો પુર ઝિયા–નૂરિયોં કી તરહ શુગ્લ હો ઝિક્રે હૂ اَللّٰہ اَللّٰہ اَللّٰہ اَللّٰہ

# અનુવાદકની કલમે....

**અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક, નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી ગુજરાત ઝોન)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ     نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ     اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ     اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

**અય 'રઝા' હર કામકા એક વક્ત હય**
**દિલકો ભી આરામ હો હી જાએગા**

**'નુઝહતુલ કારી શરહે સહીહ બુખારી' (ભાગ : ૯)** હવે છપાવા જઈ રહી છે એ પ્રસંગે હું ઘણી ખુશી અનુભવી રહ્યો છું કે એના **પ્રથમ ભાગનો અનુવાદ ૨૧–રમઝાન શરીફ હિ.સ. ૧૪૨૭, ઈ.સ. પ્રમાણે તા. ૧૫–૧૦–૨૦૦૬ના રોજ પૂર્ણ થયો હતો, અને આ છેલ્લા નવમા ભાગનો અનુવાદ ૪–રમઝાન શરીફ હિ.સ. ૧૪૩૮, અંગ્રેજી તા. ૩૧–૫–૨૦૧૭ના રોજ પૂર્ણ થયો.** આમ કુલ **૧૧ વરસમાં નવ ભાગોનું કામ પૂર્ણ થયું** છે. બસ, આ સૌ અલ્લાહનો કરમ જ છે કે તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મારી જેવા અજ્ઞાની પાસે આ કામ લીધું, અને મુઝ ગુનેહગારને આ કામ પૂરુ પાડવા સદ્‌ભાગી બનાવ્યો.

આ નેક કામમાં **૧૧** વરસો દરમ્યાન વિવિધ રીતે ઘણા બધાનો સાથ સહકાર મને મળતો રહ્યો. ખાસ કરીને **પીરો મુર્શિદ હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરીમિયાં** مدظلہ العالی ની નઝરે ઈનાયતનો રૂહાની સાથ, દુઆઓનો સાથ મળતો રહ્યો. તેમજ મારા ઉસ્તાદે મોહતરમ **જનાબ કારી મૌલાના અબુલ કલામ રઝવી** مدظلہ العالی *(ખલીફા હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ* رحمۃ اللہ علیہ*)*ની સદાની ભલી દુઆઓ મારા કામમાં સામેલ રહી. તેમજ દાઈએ કબીર અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*ની દુઆઓ તથા પ્રોત્સાહન મારા કામમાં પ્રાણવાયુનું કામ કરતું રહ્યું.

તે ઉપરાંત યુ.કે. ખાતેથી **હઝરત મૌલાના નિઝામુદીન મિસ્બાહી (કુરચનવી)** તથા **હઝરત મૌલાના ઈકબાલ મિસ્બાહી વોરાસમનીવાળા, હઝરત મૌલાના મોહસિન હવેલીવાળા,**

**હાફિઝ હસન હદલરવી** તેમજ **હઝરત મૌલાના કલીમુલ્લાહ નિઝામી** *(માજી સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)* તેમજ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદના ઉસ્તાદો **જનાબ મૌલાના ગુલામયાસીન મિસ્બાહી નૂરાની, મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** તેમજ અન્ય ઉલમા જેમણે આ મુબારક કિતાબના કામમાં સાથ સહકાર આપ્યો સૌનો હું દિલની ગહરાઈથી આભાર માનુ છું.

તે ઉપરાંત **'નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી' (ભાગ ૧ થી ૯)** પૂર્ણ થતા સુધી એના કમ્પોઝિંગ–સેટિંગ વગેરે કામોમાં મને જેમનો ભરપુર સહકાર મળ્યો તે જનાબ સાદિક઼ યાકૂબ બરજી દયાદરવી તથા જનાબ મુઝમ્મિલ ઈલ્યાસ પટેલ ઈખરવીનો પણ ખૂબ જ આભારી છું કે દરેક ભાગમાં કમ્પોઝિંગ, અરબી સેટિંગના કામને ખૂબ જ ચિવટપૂર્વક સરસ અંદાઝમાં તેમણે સેટ કર્યું છે. તેમજ સરસ અંદાઝમાં પ્રિન્ટિંગ કામ કરવા બદલ જનાબ હાફિઝ શોએબભાઈ (દિલ્હી)નો પણ હું અત્રે આભાર માનુ છું.

તે ઉપરાંત જેમના સાથ સહકાર વિના આ કામ આગળ વધવુ શક્ય નથી હોતું તે અમારા **'અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા'**ના સર્વ ડોનરો, સખીદાતાઓનો પણ હું ખૂબ ખૂબ આભાર માનુ છું. તેમજ આ કિતાબોને વિશ્વભરના ગુજરાતી ભાષીઓ સુધી પહોંચાડવા માટેના પોસ્ટિંગના, પાર્સલનાં કામોમાં ખંતપૂર્વક મહેનત કરનાર અમારી ઓફિસના સ્ટાફમાં જનાબ બશીર અબ્દુલ્લાહ લાંગ્યા તેમજ જનાબ આસિફ યાકૂબ ઘંટીવાળા સૌનો હું અત્રે ખૂબ ખૂબ આભાર માનુ છું.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સૌ સહાયકોની બંને દુનિયાને આબાદ ફર્માવે, સૌની નેક જાઈઝ તમન્નાઓને પૂરી ફર્માવે, તેમની મહેનતોનો બદલો રબ તઆલા તેની આલા શાન પ્રમાણે અતા કરે.

તેમજ મુઝ અજ્ઞાનીની ભૂલના કારણે કે પ્રિન્ટિંગ મિસ્ટેકથી કોઈ ભૂલ આ કિતાબના અનુવાદમાં રહી ગઈ હોય તેને વાંચકો, ખાસ કરીને ઉલમા હઝરાત જો કોઈ ભૂલ પામે તો અમને સવેળા જાણ કરે જેથી નવી એડિશનમાં તેનું નિવારણ થઈ જાય.

અંતમાં મારા દાદા–દાદી, નાના–નાની, મારા વાલિદૈન સૌના માટે દુઆ કરું છે રબ્બે કરીમ સૌની મગફિરત આ હદીષે રસૂલ ﷺ પર તૈયાર થયેલ કિતાબના સદક઼ામાં ફર્માવે. તેમજ ખાસ કરીને આ કિતાબના લેખક ફક઼ીહુલ હિંદ **હઝરત અલ્લામા મુફ્તી શરીફુલ હક઼ સાહબ અમજદી** رحمۃ اللہ علیہ (ઘોસી)ની ક઼બ્ર પર રબ તઆલા રહ઼મતોની વર્ષા કરે તેમના દરજાઓને બુલંદ ફર્માવે. અને વાંચકોને વિનંતિ કે આ કિતાબ મારા મર્હૂમોની તથા મારી નજાતનો ઝરીયો બને એવી દુઆ કરશો. અલ્લાહ મુઝ ગુનાહગારનો ખાત્મો ઈમાન પર કરે.

اٰمِیْن بِجَاہِ حَبِیْبِہٖ سَیِّدِ الْمُرْسَلِیْنَ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક, નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી ગુજરાત ઝોન)*

૦૧–ઝિલ હજ્જ, હિ.સ. ૧૪૩૮, અંગ્રેજી તા. ૨૪–૦૮–૨૦૧૭, જુમેરાત

بسم الله الرحمن الرحيم

# كتاب الرقاق ص ٩٤٩

## કિતાબુરિક઼ાક઼ "રિક્ક઼તઅંગેઝ વાતો વિશે પ્રકરણ" –(૯૪૯)

**સ્પષ્ટતા :** رقاق، رقيق નું બહુવચન છે. જે રિક્ક઼તનો સિફ઼તે મુશબ્બહ છે જેનો અર્થ દિલ પીગળવું અથવા મહેરબાની કરવી છે. બુખારીના અમુક નુસ્ખાઓમાં રિક઼ાક઼ને બદલે રક઼ાઈક઼ છે. એ રક઼ીક઼ાનું બહુવચન છે. એનો અર્થ પણ એ જ છે.

**પ્રકરણ : "કોઈ જિંદગી નથી આખેરતની જિંદગી સિવાય."** –(૯૪૯)

باب قول النبي صلى الله عليه وسلم لا عيش إلا عيش الآخرة ص ٩٤٩

حدیث ٢٧٢٣ اخبرنا عبد الله بن سعد وهو ابن ابي هند عن ابيه عن ابن

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما થી રિવાયત છે. બે નેઅમતો એવી છે* **[હદીષ : ૨૭૨૩]**

عباس رضي الله تعالى عنهما قال قال رسول الله صلى الله عليه وسلم

*જેમાં ઘણા બધા લોકો નુકસાનમાં રહે છે :*

نعمتان مغبون فيهما كثير من الناس الصحة والفراغ

*તંદુરસ્તી અને રોજીમાં વિશાળતા."*

**હદીષ : ૨૭૨૩ની સમજૂતી** ખસારાનો મતલબ એ છે કે જ્યારે તેમને તંદુરસ્તી પણ મળી અને ખુશહાલી (માલદારી) પણ મળી તો તેમણે અલ્લાહની યાદ, ઈબાદતો, અઝકાર વધુથી વધુ કરવો જોઈએ પણ તેમણે એવુ ન કર્યુ જેના કારણે નુકસાન ઉઠાવ્યું.

બુખારીના હિંદુસ્તાની નુસ્ખામાં પ્રકરણ કેવળ એટલું જ છે જે ઉપર વર્ણન થયું, આ હદીષને પ્રકરણ સાથે નિસ્બત નથી પણ એ કે કોશિશ કરવામાં આવે. પણ ફ઼ત્હુલ બારી, ઉમ્દતુલ ક઼ારી બંનેવમાં બે ભાગો મઝકૂર છે. પહેલો ભાગ છે : مجاء في الصحة والفراغ. બીજો ભાગ છે : لا عيش إلا عيش الآخرة આ હદીષને પહેલા ભાગથી સ્પષ્ટપણે નિસ્બત છે અને બીજા ભાગની સ્પષ્ટપણે નિસ્બતવાળી ઈમામ બુખારીએ બે હદીષો વર્ણવી.

**પ્રકરણ : "દુનિયામાં એવી રીતે રહે જાણે તું મુસાફિર છે અથવા વટેમાર્ગુ."** –(૯૪૯)

باب قول النبی صلی اللہ علیہ وسلم کن فی الدنیا کانک غریب او عابر سبیل ص ۹۴۹

حدیث ۲۷۲۴ عَنْ عَبْدِ اللّٰہِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا قَالَ اَخَذَ رَسُوْلُ اللّٰہِ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ મારા ખભાઓને* **[હદીષ : ૨૭૨૪]**

صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ بِمَنْکِبَیَّ فَقَالَ کُنْ فِی الدُّنْیَا کَاَنَّکَ غَرِیْبٌ اَوْ عَابِرُ

*પકડયા અને ફર્માવ્યું, દુનિયામાં એ પ્રમાણે રહે જાણે તું મુસાફિર છે અથવા વટેમાર્ગુ. અને*

سَبِیْلٍ وَکَانَ ابْنُ عُمَرَ یَقُوْلُ اِذَا اَمْسَیْتَ فَلَا تَنْتَظِرِ الصَّبَاحَ وَاِذَا

*ઈબ્ને ઉમર رضی اللہ عنہما કહેતા હતા, જ્યારે તું સાંજ કરી લે તો સવારની રાહ ન જો, અને જો તું સવાર કરી લે તો*

اَصْبَحْتَ فَلَا تَنْتَظِرِ الْمَسَاءَ وَخُذْ مِنْ صِحَّتِکَ لِمَرَضِکَ وَمِنْ حَیَاتِکَ

*સાંજની રાહ ન જો. અને પોતાની તંદુરસ્તીના સમયમાં બીમારીના માટે હાંસલ કરી લે, અને પોતાની જિંદગીમાં*

لِمَوْتِکَ ع ہ

*પોતાની મૌતના માટે." (તિર્મિઝી–ઝુહદ, ઈબ્ને માજહ–ઝુહદ, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૫૮)*

**પ્રકરણ : "ઈચ્છા અને લાંબી ઈચ્છાઓનું વર્ણન** અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : જેને જહન્નમથી દૂર કરવામાં આવ્યો અને જન્નતમાં દાખલ કરી દેવામાં આવ્યો તો યકીનન ! કામયાબ થયો. અને દુનિયાની જિંદગી નથી પણ ધોકાનો સામાન, એમને છોડી દો. ખાય અને નફો હાંસલ કરે તેમને આરઝૂ (ઈચ્છા) ગાફેલ કરી આપે છે, એ લોકો ઘણા જ જલ્દી જાણી લેશે."

بَابُ الْاَمَلِ وَطُوْلِہٖ وَقَوْلِہٖ فَمَنْ زُحْزِحَ عَنِ النَّارِ وَاُدْخِلَ الْجَنَّۃَ فَقَدْ فَازَ - وَمَا الْحَیٰوۃُ الدُّنْیَا اِلَّا مَتَاعُ الْغُرُوْرِ - ذَرْھُمْ یَاْکُلُوْا وَیَتَمَتَّعُوْا وَیُلْھِھِمُ الْاَمَلُ فَسَوْفَ یَعْلَمُوْنَ - ص ۹۴۹

**★ આખેરતવાળા લોકોમાંથી થજે દુનિયાવાળાઓમાંથી ન થતો ★**

ت ۷۶۱ وَقَالَ عَلِیٌّ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اِرْتَحَلَتِ الدُّنْیَا مُدْبِرَۃً وَارْتَحَلَتِ الْاٰخِرَۃُ

*"હઝરત અલી کرم اللہ تعالی وجہہ الکریم એ ફર્માવ્યું, દુનિયા પીઠ ફેરવતી જઈ રહી છે અને આખેરત* **[તઅલીક઼ : ૭૬૧]**

**તઅલીક઼ : ૭૬૧ની સમજૂતી** એટલે કે દુનિયા પસાર થતી જઈ રહી છે અને આખેરત આવી રહી છે. દુનિયા પસાર થઈ જશે, આખેરત બાકી રહેશે. કેટલાક લોકો દુનિયાના તલબગાર છે, કેટલાક લોકો

مُقْبِلَةً وَلِكُلِّ وَاحِدَةٍ مِّنْهُمَا بَنُوْنَ فَكُوْنُوْا مِنْ اَبْنَاءِ الْاٰخِرَةِ وَلَا تَكُوْنُوْا مِنْ

*સામેથી આવી રહી છે. એમનામાંથી દરેકના પુત્રો છે. આખેરતવાળા લોકોમાંથી થજે દુનિયાવાળાઓમાંથી*

اَبْنَاءِ الدُّنْيَا فَاِنَّ الْيَوْمَ عَمَلٌ وَّلَا حِسَابٌ وَّغَدًا حِسَابٌ وَّلَا عَمَلٌ بِمُزَحْزِحِهٖ بِمُبَاعِدِهٖ.

*ન થતો. એટલા માટે કે આજે અમલ છે અને હિસાબ નથી, અને કાલે હિસાબ છે અમલ નથી.* مزحزحه

*(મુઝહ્‌જિહિહી)નો અર્થ છે, એનાથી દૂર કરનાર.'' (તિર્મિઝી–ઝુહદ, નિસાઈ–રિક઼ાક઼)*

આખેરતના. અહીં ''ઈબ્ન''થી મુરાદ તલબગાર છે. હઝરત અલી رضی اللہ عنہ એ હિદાયત ફર્માવી કે દુનિયાનો તાલિબ ન બનતો આખેરતનો તાલિબ બનજે. દુનિયામાં કાંઈ પણ કરો કોઈ પૂછતાછ નથી અને આખેરતમાં દુનિયાના દરેક અમલ પર પૂછતાછ છે. કુર્આને કરીમમાં એક જગાએ ફર્માવવામાં આવ્યું : وماهو بمزحزحه من العذاب અને પ્રકરણમાં જે આયત ઈમામ બુખારીએ લખી છે એમાં પણ فمن زحزح છે. પોતાની આદતના પ્રમાણે ઈમામ બુખારીએ તેની તફસીર ફર્માવી કે એનો અર્થ છે દૂર કરનાર.

حدیث ۲۷۲۵ — عَنْ رَبِيْعِ بْنِ خُثَيْمٍ عَنْ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ خَطَّ

**[હદીષ : ૨૭૨૫]** *''હઝરત અબ્દુલ્લાહ (ઈબ્ને મસ્ઊદ) رضی اللہ عنہ એ કહ્યું, નબી ﷺ એ એક ચોરસ*

النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ خَطًّا مُرَبَّعًا وَّخَطَّ خَطًّا فِي الْوَسَطِ خَارِجًا مِّنْهُ وَخَطَّ

*લીટી તાણી, અને એક લીટી વચ્ચે તાણી જે એનાથી બહાર હતી. અને નાની નાની કેટલીયે*

خُطَطًا صِغَارًا اِلٰى هٰذَا الَّذِيْ فِي الْوَسَطِ مِنْ جَانِبِهِ الَّذِيْ فِي الْوَسَطِ فَقَالَ

*લીટીઓ દોરી વચ્ચે વાળી લીટીમાં તેના વચ્ચેવાળા કિનારાથી. પછી ફર્માવ્યું, આ ઈન્સાન છે અને*

هٰذَا الْاِنْسَانُ وَهٰذَا اَجَلُهٗ مُحِيْطٌ بِهٖ اَوْ قَدْ اَحَاطَ بِهٖ وَهٰذَا الَّذِيْ هُوَ

*આ તેની મૌત છે જે એને ઘેરેલ છે. અને જે બહાર છે તેની આરઝૂ છે. અને આ નાની*

خَارِجٌ اَمَلُهٗ وَهٰذِهِ الْخُطَطُ الصِّغَارُ الْاَعْرَاضُ فَاِنْ اَخْطَاَهٗ هٰذَا نَهَشَهٗ

*નાની લીટીઓ બીમારીઓ છે. જો એ ચૂકી જાય છે તો આ ઝડપી લે છે અને જો આ ચૂકી*

هٰذَا وَاِنْ اَخْطَاَهٗ هٰذَا نَهَشَهٗ هٰذَا ۔

*જાય તો એ ઝડપી લે છે.'' (તિર્મિઝી–ઝુહદ, નિસાઈ–રિક઼ાક)*

حدیث ۲۷۲۶ — عَنْ اَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ خَطَّ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ

**[હદીષ : ૨૭૨૬]** *''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી علیہ الصلوٰۃ والسلام એ અમુક લીટીઓ દોરી પછી*

وَسَلَّمَ خُطُوْطًا فَقَالَ هٰذَا الْاَمَلُ وَهٰذَا اَجَلُهٗ فَبَيْنَمَا هُوَ كَذٰلِكَ اِذْ

*ફર્માવ્યું, આ એની આરઝૂ છે અને આ એની મૌત. એ એવી રીતે રહે છે એવામાં અચાનક*

جَاءَهُ الْخَطُّ الْاَقْرَبُ

*મૌતવાળી લીટી નજીક આવી જાય છે." (નિસાઈ–રિફાક઼)*

## હદીષ : ૨૭૨૬ની સમજૂતી

**★ જે સાઈઠ વરસનો થઈ જાય તેનું બહાનુ સ્વીકાર્ય નથી ★**

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ અને હઝરત અનસ رضی اللہ عنہما ની બંનેવ હદીષોનો સાર એક જ છે. એટલે **માણસ મરી જાય છે પણ એની આરઝૂઓ પૂરી નથી થતી.** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ ની હદીષ પર કેટલાક લોકોએ એ શંકા વ્યક્ત કરી છે કે શબ્દકોશની કોઈ કિતાબમાં "ખત"નું બહવચન "ખુતત" આવેલ નથી, બલ્કે ખુતૂત તથા અખ્તાત આવેલ છે. હું એ કહું છું કે કોઈપણ ભાષા શબ્દકોશની કિતાબોની પાબંદ નથી, બલ્કે શબ્દકોશ ભાષાવાળાઓની બોલચાલ અને મુહાવરા વડે તૈયાર કરવામાં આવે છે. અરબી ભાષા માટે સૌથી સ્ટાન્ડર્ડ કિતાબુલ્લાહ છે તેના પછી સુન્નતે રસૂલુલ્લાહ. જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના ઈર્શાદમાં خطط "ખુતત" મૌજૂદ છે તો આ સૌથી મોટી સાબિતી એ વાતની છે કે "ખત"નું બહુવચન "ખુતત" છે.

بَابُ مَنْ بَلَغَ سِتِّيْنَ سَنَةً فَقَدْ اَعْذَرَ اللّٰهُ اِلَيْهِ فِي الْعُمُرِ لِقَوْلِهٖ اَوَلَمْ نُعَمِّرْكُمْ مَا يَتَذَكَّرُ فِيْهِ مَنْ تَذَكَّرَ وَجَاءَكُمُ النَّذِيْرُ ص٩٥٠

**પ્રકરણ** : "જે સાઈઠ વરસો સુધી પહોંચી જશે, અલ્લાહ તઆલા અલ્લાહ તઆલા તેનું બહાનું નહીં કબૂલ કરે. અલ્લાહ તઆલાના આ ઈર્શાદના કારણે : અને શું અમે તમને તે ઉમર ન આપી હતી જેમાં સમજી લેત જેને સમજવાનું હોતું, અને ડર સંભળાવનાર તમારી પાસે તશરીફ લાવ્યા." –(૯૫૦)

حديث ٢٧٢٧ **[હદીષ : ૨૭૨૭]** عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, અલ્લાહ તઆલા તે શખ્સનો ઉઝર (બહાનુ)*

وَسَلَّمَ قَالَ اَعْذَرَ اللّٰهُ اِلٰى امْرِئٍ اَخَّرَ اَجَلَهٗ حَتّٰى بَلَّغَهٗ سِتِّيْنَ سَنَةً

*ક઼બૂલ નહીં ફર્માવે જેના મૃત્યુને મોડુ કરવામાં આવ્યું છે ત્યાં સુધી કે તેને ૬૦ વરસની ઉમર સુધી પહોંચાડયો."*

## હદીષ : ૨૭૨૭ની સમજૂતી

મતલબ એ છે કે અલ્લાહ તઆલાએ એને પૂરતી ઉમર આપી, ત્યાં સુધી કે ૬૦ વરસોનો કરી આપ્યો. તેના માટે લાઝમી હતું કે અલ્લાહના એહકામની પાબંદી કરતો. જવાનીમાં ન કરી હતી તો ઘડપણમાં કરતો, અને તેણે ઘડપણમાં ખુદાનો ખૌફ ન કર્યો તેનો શો ઉઝર ?!

حدیث ۲۷۲۸ أَخْبَرَنِي سَعِيْدُ بْنُ الْمُسَيَّبِ أَنَّ أَبَا هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَىٰ عَنْهُ

[હદીષ : ૨૭૨૮] "હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું, મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યું કે

قَالَ سَمِعْتُ رَسُوْلَ اللهِ صَلَّى اللهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ لَا يَزَالُ قَلْبُ الْكَبِيْرِ

વૃદ્ધનું દિલ બે ચીજોની આરઝૂમાં હમેશાં જવાન રહે છે : દુનિયાની મહોબ્બત

شَابًّا فِي اثْنَتَيْنِ فِي حُبِّ الدُّنْيَا وَطُوْلِ الْأَمَلِ ؏

અને લાંબી ઈચ્છાઓ." (મુસ્લિમ–ઝકાત, નિસાઈ–રિક઼ાક઼)

حدیث ۲۷۲۹ حَدَّثَنَا قَتَادَةُ عَنْ أَنَسٍ رَضِيَ اللهُ تَعَالَىٰ عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ

[હદીષ : ૨૭૨૯] "હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે માણસ વૃદ્ધ થતો જાય છે અને તેની

اللهِ صَلَّى اللهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ يَكْبُرُ ابْنُ آدَمَ وَيَكْبُرُ مَعَهُ اثْنَانِ حُبُّ الْمَالِ وَطُوْلُ الْعُمُرِ ؏

સાથે બે વાતો પણ વૃદ્ધિ પામતી રહે છે. માલની મહોબ્બત અને ઉમરની દરાઝીની આરઝૂ." (મુસ્લિમ–ઝકાત)

### ★ બેશક ! અલ્લાહનો વાયદો હક઼ છે ★

بَابُ قَوْلِ اللهِ يَا أَيُّهَا النَّاسُ إِنَّ وَعْدَ اللهِ حَقٌّ فَلَا تَغُرَّنَّكُمُ الْحَيَاةُ الدُّنْيَا..... إِلَىٰ قَوْلِهِ مِنْ أَصْحَابِ السَّعِيْرِ (الفاطر ٦) ص ٩٥٢

**પ્રકરણ :** અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : હે લોકો ! બેશક ! અલ્લાહનો વાયદો હક઼ છે એટલા માટે તમને દુનિયાની જિંદગી લાલચમાં ન નાખે અને હરગિઝ અલ્લાહના હુકમ પર ધોકો ન આપે તે મહાન ધોકાબાઝ. બેશક ! શૈતાન તમારો દુશ્મન છે તો તમે પણ તેને દુશ્મન સમજો. તે તો પોતાના ગિરોહને એટલા માટે બોલાવે છે કે દોઝખીઓમાં થાવ.

قال ابو عبد الله اَلسَّعِيْرُ جَمْعُهُ سُعُرٌ وَقَالَ مجَاهِدُ اَلْغَرُوْرُ الشَّيْطَانُ અને અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું, સઈરનું બહુવચન સુઉર આવેલ છે. અને મુજાહિદે કહ્યું, ગ઼રૂર શૈતાન છે.

**સ્પષ્ટતા :** سَعِيْر સઈર ફઈલના વજન પર સઅ્રૂન્થી સિફતે મુશબ્બહ છે, એનો શાબ્દિક અર્થ ભડકનારી આગ છે, અહીં મુરાદ જહન્નમ છે. ઈમામ મુજાહિદે કહ્યું, اَلْغَرُوْرُ فَعُوْل ના વજન પર ઈસ્મે મુબાલેગાનો સેગો છે, એટલે કે જે ઘણો જ અધિક ધોકો આપનાર હોય. એનાથી મુરાદ શૈતાન છે. ઈશારો એ ફર્માવ્યો કે اَلْغَرُوْر માં અલિફ લામ અહદ ઝહનીનો છે.

حدیث ۲۷۳۰ أَخْبَرَنِي مُعَاذُ بْنُ عَبْدِ الرَّحْمٰنِ أَنَّ ابْنَ أَبَانَ أَخْبَرَهُ قَالَ

[હદીષ : ૨૭૩૦] "બેશક ! ઈબ્ને અબાને ખબર આપી કે હું હઝરત ઉષ્માનની પાસે વુઝૂનું પાણી

اَتَيْتُ عُثْمَانَ بِطَهُوْرٍ وَهُوَ جَالِسٌ عَلَى الْمَقَاعِدِ فَتَوَضَّأَ فَاَحْسَنَ الْوُضُوْءَ ثُمَّ

*લાવ્યો અને એ મક઼ાઈદમાં બેઠેલા હતા. તેમણે સારી રીતે વુઝૂ કર્યું પછી કહ્યું, મેં નબી ﷺ ને જોયા*

قَالَ رَأَيْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ تَوَضَّأَ وَهُوَ فِيْ هٰذَا الْمَجْلِسِ فَاَحْسَنَ

*કે આ જગાએ વુઝૂ કર્યું અને સારી રીતે વુઝૂ કર્યું. પછી ફર્માવ્યું, જેણે આ રીતે વુઝૂ કર્યું*

الْوُضُوْءَ ثُمَّ قَالَ مَنْ تَوَضَّأَ مِثْلَ هٰذَا الْوُضُوْءِ ثُمَّ اَتَى الْمَسْجِدَ فَرَكَعَ رَكْعَتَيْنِ ثُمَّ جَلَسَ

*પછી મસ્જિદમાં આવ્યો અને બે રકાત નમાઝ પઢી પછી બેઠો તો તેના આગલા ગુનાહો બખ્શી દેવામાં*

غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ قَالَ وَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَا تَغْتَرُّوْا

*આવશે. ઉષ્માને કહ્યું, અને નબી ﷺ એ ફર્માવ્યું, તમે ધોકામાં ન પડશો." (મુસ્લિમ–તહારત, નિસાઈ–સલાત)*

**હદીષ : ૨૭૩૦ની સમજૂતી** આ ઈબ્ને અબાન હુમરાન છે જે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના ગુલામ હતા. طَهُور : તા (તોય)ના ફત્હા (ઝબર)થી સિફતે મુશબ્બહનો સેગો છે, એનો અર્થ પાક કરનાર છે. અહીં તે પાણી મુરાદ છે. જેના વડે પાકી હાંસલ કરવામાં આવે છે. مَقَاعِد (મક઼ાઈદ) : મદીના તયબહમાં એક જગાનું નામ છે. فركع ركعتين આ રિવાયત આમ છે ચાહે ફર્ઝ પઢે કે નફ્લ. પણ મુસ્લિમની રિવાયતોમાં ફર્ઝો બલ્કે અમુક રિવાયતોમાં "સલવાતે ખમ્સ" (પાંચ નમાઝો) ખાસ કરેલ છે. આગલા ગુનાહોથી અહીં મુરાદ હુક઼ૂકુલ્લાહ (અલ્લાહના હક્કો) છે, અને તે પણ એક ક઼ૌલના આધાર પર કેવળ સગીરા રહી ગયા. બંદાઓના હક્કો તો તે એકમતિએ મુરાદ નથી.

### ★ દરેક અમલનો સવાબ એના પર આધારિત છે કે ★

لَا تَغْتَرُّوْا એટલે એવું સમજીને કે સારી રીતે વુઝૂ કરીને નમાઝ પઢી લેવાથી સર્વ ગુનાહો માફ થઈ જાય છે, માણસ ગુનાહો પર નીડર ન થઈ જાય. એટલા માટે કે મગફિરત (માફ થવું) અલ્લાહ તઆલાની મશિય્યત (મરજી) પર છે. તેમજ **દરેક અમલનો સવાબ એના પર આધારિત છે કે તે અમલ ક઼બૂલ થાય, અને એ કોઈ નથી જાણતું.**

### ★ માણસનુ પેટ માટી સિવાય કોઈ ભરી શકશે નહીં ★

بَابُ مَا يُتَّقٰى مِنْ فِتْنَةِ الْمَالِ وَقَوْلِ اللّٰهِ اِنَّمَا اَمْوَالُكُمْ وَاَوْلَادُكُمْ فِتْنَةٌ ص ٩٥٢

**પ્રકરણ** : "એ વાતનું બયાન કે માલના ફિત્નાથી બચવામાં આવે. અને અલ્લાહ તઆલાના ઈર્શાદનું બયાન : તમારા માલ અને તમારી ઔલાદ ફિત્ના છે."
*–(૯૫૨)*

حديث ٢٧٣١ عَنْ عَطَاءٍ سَمِعْتُ ابْنَ عَبَّاسٍ يَقُوْلُ سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى

*"અતાઅ્થી રિવાયત છે કે મેં હઝરત ઈબ્ને અબ્બાસને એવું કહેતાં સાંભળ્યા કે મેં* **[હદીષ : ૨૭૩૧]**

عَلَیْهِ وَسَلَّمَ یَقُوْلُ لَوْ کَانَ لِابْنِ اٰدَمَ وَادِیَانِ مِنْ مَالٍ لَابْتَغٰی ثَالِثًا وَلَا

*નબી ﷺ ને ફર્માવતાં સાંભળ્યા, જો બની આદમ (આદમની ઔલાદ) માટે બે વાદી (બે પહાડો વચ્ચેની સપાટ*

یَمْلَأُ جَوْفَ ابْنِ اٰدَمَ اِلَّا التُّرَابُ وَیَتُوْبُ اللّٰهُ عَلٰی مَنْ تَابَ ؎

*જગા) માલથી ભરેલી હોય તો ત્રીજી તલાશ કરશે ! અને ઈબ્ને આદમ (આદમના પુત્ર)નું પેટ માટી સિવાય*

*કોઈ ચીજ ભરશે નહીં. અને અલ્લાહ તઆલા તે શખ્સની તૌબા કૃબૂલ ફર્માવે છે જે તૌબા કરે." (મુસ્લિમ–ઝકાત)*

## હદીષ : ૨૭૩૧ની સમજૂતી

એનાથી જોડે જ એની સમઅર્થી એક રિવાયત આ પ્રમાણે છે કે, "જો ઈબ્ને આદમ (માનવી)ના માટે એક વાદીના જેટલો માલ હોય તો તે પસંદ કરશે કે તેની પાસે એટલો જ બીજો હોય અને માણસની આંખ ભરશે નહીં પણ ધૂળ. અને અલ્લાહ તેની તૌબા કૃબૂલ કરે છે જે તૌબા કરે." ઈબ્ને અબ્બાસે કહ્યું, હું નથી જાણતો કે આ કુર્આનથી છે કે નહીં. અતાએ કહ્યું, મેં ઈબ્ને ઝુબૈરથી સાંભળ્યું કે તે મિમ્બર પર કહેતા હતા.

આ માણસ અતિશય લાલચી હોવાનું વર્ણન છે કે તેને ગમે તેટલો માલ મળી જાય છતાં કૃનાઅત (સંતોષ) નહીં અનુભવે.

અતાથી આ જ સનદની સાથે રિવાયત થયેલ છે કે તેમણે આ બીજી હદીષ હઝરત ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہما થી પણ સાંભળી કે તે મિમ્બર પર વર્ણવી રહ્યા હતા.

حدیث ۲۷۳۲ عَنْ عَبَّاسِ بْنِ سَهْلِ بْنِ سَعْدٍ قَالَ سَمِعْتُ ابْنَ الزُّبَیْرِ عَلٰی مِنْبَرٍ

*'અબ્બાસ બિન સહલ બિન સઅદથી રિવાયત છે કે તેમણે કહ્યું, મેં ઈબ્ને ઝુબૈરને* **[હદીષ : ૨૭૩૨]**

مَکَّةَ فِیْ خُطْبَتِهٖ یَقُوْلُ یَا اَیُّهَا النَّاسُ اِنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ کَانَ

*મક્કામાં મિમ્બર પર આવું ફર્માવતાં સાંભળ્યા, હે લોકો ! નબી ﷺ ફર્માવતા હતા,* ***જો માણસને સોનાથી***

یَقُوْلُ لَوْ اَنَّ ابْنَ اٰدَمَ اُعْطِیَ وَادِیًا مَلْئًا مِنْ ذَهَبٍ اَحَبَّ اِلَیْهِ ثَانِیًا وَلَوْ اُعْطِیَ

***ભરેલી એક વાદી આપવામાં આવે તો ચાહશે કે એવી જ બીજી મળે, અને જો બીજી આપી***

ثَانِیًا اَحَبَّ اِلَیْهِ ثَالِثًا وَلَا یَسُدُّ جَوْفَ ابْنِ اٰدَمَ اِلَّا التُّرَابُ وَیَتُوْبُ اللّٰهُ عَلٰی مَنْ تَابَ

***દેવામાં આવે તો ચાહશે કે ત્રીજી મળે. અને માટી સિવાય માણસનું પેટ કોઈ ચીજ ભરશે***

***નહીં. અને અલ્લાહ એની તૌબા કૃબૂલ કરશે જે તૌબા કરશે."***

حدیث ٢٧٣٣ عَنْ ابْنِ شِهَابٍ قَالَ اَخْبَرَنِیْ اَنَسُ بْنُ مَالِكٍ اِنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی

''હઝરત અનસ બિન માલિકે ખબર આપી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જો **[હદીષ : ૨૭૩૩]**

عَلَیْهِ وَسَلَّمَ قَالَ لَوْ اَنَّ لِابْنِ اٰدَمَ وَادِیًا مِّنْ ذَهَبٍ اَحَبَّ اَنْ یَّكُوْنَ لَهٗ وَادِیَانِ وَلَنْ

ઈબ્ને આદમ (માણસ)ના માટે સોનાની ભરેલી એક વાદી હોય તો ચાહશે એના માટે બે વાદી હોય, અને ધૂળ

یَّمْلَاَ فَاهُ اِلَّا التُّرَابُ وَیَتُوْبُ اللّٰهُ عَلٰی مَنْ تَابَ

સિવાય કોઈ ચીજ એનું મોં ભરશે નહીં. અને અલ્લાહ એની તૌબા કબૂલ ફર્માવે છે જે તૌબા કરે છે.'' (તિર્મિઝી–ઝુહદ)

ت ٧٦٢ وَقَالَ لَنَا اَبُو الْوَلِیْدِ (الی ان قال) عَنْ اَنَسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنْ

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત ઉબય رضی اللہ عنہ (કહેતા હતા) કે **[તઅલીક઼ : ૭૬૨]**

اُبَیٍّ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ كُنَّا نَرٰی هٰذَا مِنَ الْقُرْاٰنِ حَتّٰی نَزَلَتْ اَلْهٰكُمُ۔

અમે આ હદીષને કુર્આનનો હિસ્સો સમજતા હતા ત્યાં સુધી કે اَلْهٰكُمُ التَّكَاثُرُ નાઝિલ થઈ.

**હદીષ : ૨૭૩૩ની સમજૂતી** એટલે કે મઝકૂર હદીષ યા الحدیث لوان لابن ادم وادم કુર્આનથી હતી. હવે એની તિલાવત મન્સૂખ થઈ ચૂકી. અને સૂરએ اَلْهٰكُمُ التَّكَاثُرُ એ મન્સૂખ કરી. كُنَّا نَرٰی એમાં એક સંભાવના એ છે કે એ ''ઝન'' (ગુમાન)ના અર્થમાં હોય. હવે મતલબ એ થશે કે અમે ગુમાન કરતા હતા, યક઼ીની તથા ક઼તઈ ઈલ્મ ન હતો. અને એક સંભાવના એ છે કે રૂયત ''ઈલ્મ''ના અર્થમાં હોય. હવે અર્થ એ થયો કે અમે એનો એ'તેક઼ાદ (યક઼ીન) ધરાવતા હતા.

## ★ જેટલો માલ આગળ મોકલી આપ્યો એ એનો છે ★

بَابُ مَا قَدَّمَ مِنْ مَالِهٖ فَهُوَ لَهٗ ص٩٥٣

**પ્રકરણ : ''પોતાનો જેટલો માલ આગળ મોકલી આપ્યો એ એનો છે.''** –(૯૫૩)

حدیث ٢٧٣٤ قَالَ عَبْدُ اللّٰهِ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ اَیُّكُمْ مَالُ وَارِثِهٖ اَحَبُّ **[હદીષ : ૨૭૩૪]**

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ કહ્યું નબી ﷺ એ ફર્માવ્યું, તમારામાં કોણ છે જેને તેના વારિસનો

اِلَیْهِ مِنْ مَالِهٖ قَالُوْا یَا رَسُوْلَ اللّٰهِ مَا مِنَّا اَحَدٌ اِلَّا مَالُهٗ اَحَبُّ اِلَیْهِ قَالَ فَاِنَّ

માલ પોતાના માલ કરતાં અધિક પ્યારો હોય ? લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમારામાંના દરેક

مَالَهٗ مَا قَدَّمَ وَمَالُ وَارِثِهٖ مَا اَخَّرَ

શખ્સને પોતાનો માલ વારસના માલ કરતાં પ્યારો છે. ફર્માવ્યું, તેનો (પોતાનો) માલ એ છે જે તેણે આગળ મોકલ્યું, અને તેના વારસનો માલ તે છે જે પાછળ છોડી ગયો.'' (નિસાઈ–વસાયા)

**★ ગ઼િના નફસનો ગ઼િના છે ★**

بَابُ الْغِنَى غِنَى النَّفْسِ وَقَوْلُهُ اَيَحْسَبُوْنَ اَنَّمَا نُمِدُّهُمْ بِهٖ مِنْ مَالٍ وَّبَنِيْنَ اِلٰى قَوْلِهٖ عَامِلُوْنَ ـ ص ٩٥٤

**પ્રકરણ** : ગ઼િના નફસનો ગ઼િના છે. (બેનિયાઝી એ નફ્સની બેનિયાઝી છે) અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : શું એ ખયાલ કરી રહ્યા છે કે એ જે અમે એમની મદદ કરી રહ્યા છીએ માલ તથા પુત્રો વડે એઓ જલ્દી જલ્દી એમને ભલાઈઓ આપે છે ?! બલ્કે એમને ખબર નથી..... આમિલૂન સુધી. *–મુઅ્મિનૂન–૫૫.*

ت ٧٦٣ قَالَ ابْنُ عُيَيْنَةَ لَمْ يَعْمَلُوْهَا لَا بُدَّ مِنْ اَنْ يَعْمَلُوْهَا

*''અને ઈબ્ને ઓયૈનાએ કહ્યું, જેને તેમણે નથી કર્યાં, જ્યારે કે જરૂરી હતું કે કરતા.''* **[તઅલીક઼ : ૭૬૩]**

**તઅલીક઼ : ૭૬૩ની સમજૂતી** ઈમામ બુખારીએ પ્રકરણમાં સૂરએ તૌબાની નવ આયતોની તરફ નિર્દેશ કર્યો છે. એટલે આયત–૫૫ થી ૬૩ સુધી. અંતિમ આયત કાફિરોના બારામાં છે. ફર્માવ્યું :–

بَلْ قُلُوْبُهُمْ فِىْ غَمْرَةٍ مِنْ هٰذَا وَلَهُمْ اَعْمَالٌ مِنْ دُوْنِ ذَالِكَ هُمْ لَهَا عَامِلُوْن ''બલ્કે એ (કાફિરો)ના દિલ એનાથી ગફલતમાં છે અને એમનાં કામ એ કામોથી અલગ છે જેને તેઓ કરી રહ્યા છે.'' એટલે કાફિરો જે કામ કરી રહ્યા છે તે મો'મિનોનાં કામોથી અલગ છે. હઝરત સુફયાન ઈબ્ને ઓયૈના એવું ફર્માવે છે કે કાફિરોએ તે કામ નથી કર્યાં જે મુસલમાનોનાં હતાં, જો કે એમના પર જરૂરી હતું કે તે કામ કરતા.

حديث ٢٧٣٥ عَنْ اَبِىْ صَالِحٍ عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું કે માલદારી* **[હદીષ : ૨૭૩૫]**

وَسَلَّمَ قَالَ لَيْسَ الْغِنٰى عَنْ كَثْرَةِ الْعَرَضِ وَلٰكِنَّ الْغِنٰى غِنَى النَّفْسِ

*માલની અધિક્તાથી નથી, હા ! માલદારી નફ્સની માલદારી છે.'' (તિર્મિઝી–ઝુહદ, નિસાઈ–રિક઼ાક઼)*

**★ નબી ﷺ અને તેમના સહાબીઓની જિંદગી ★**

بَابُ كَيْفَ كَانَ عَيْشُ النَّبِىِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَاَصْحَابِهٖ وَتَخَلِّيْهِمْ مِنَ الدُّنْيَا ص ٩٥٥

**પ્રકરણ : ''નબી ﷺ અને તેમના સહાબીઓની જિંદગી, અને દુનિયાથી તેમની અલાહિદગી કેવી હતી.''** *–(૯૫૫)*

**★ દૂધના પ્યાલાનો મોજિઝો ★**

حديث ٢٧٣٦ حَدَّثَنَا مُجَاهِدٌ اَنَّ اَبَا هُرَيْرَةَ كَانَ يَقُوْلُ اللّٰهُ الَّذِىْ لَآ اِلٰهَ

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ કહેતા હતા, એ અલ્લાહની ક઼સમ ! જેના સિવાય કોઈ* **[હદીષ : ૨૭૩૬]**

اِلَّا هُوَ اِنْ كُنْتُ لَاَعْتَمِدُ بِكَبِدِىْ عَلَى الْاَرْضِ مِنَ الْجُوْعِ وَاِنْ كُنْتُ لَاَشُدُّ

*મઅબૂદ નથી કે હું ભૂખના કારણે કેટલીકવાર મારુ પેટ જમીન સાથે ચિપકાવી દેતો હતો અને કદી કદી મારા*

الْحَجَرَ عَلٰى بَطْنِىْ مِنَ الْجُوْعِ وَلَقَدْ قَعَدْتُّ يَوْمًا عَلٰى طَرِيْقِهِمُ الَّذِىْ

પેટ પર પથ્થર બાંધી લીધા કરતો હતો. એક દિવસે ભૂખથી પરેશાન થઈને એ રસ્તા પર બેઠો જેનાથી

يَخْرُجُوْنَ مِنْهُ فَمَرَّ اَبُوْبَكْرٍ فَسَاَلْتُهٗ عَنْ اٰيَةٍ مِّنْ كِتَابِ اللّٰهِ مَا سَاَلْتُهٗ

નબી ﷺ અને સહાબાએ કિરામ સામાન્યતઃ આવતા જતા હતા. એવામાં અબૂબક્ર પસાર થયા. મેં એમને

اِلَّا لِيُشْبِعَنِىْ فَمَرَّ وَلَمْ يَفْعَلْ ثُمَّ مَرَّ بِىْ عُمَرُ فَسَاَلْتُهٗ عَنْ اٰيَةٍ مِّنْ كِتَابِ

કિતાબુલ્લાહમાંથી એક આયતના બારામાં પૂછયું અને મેં કેવળ તેમને એટલા માટે પૂછયું હતું (કે મારા અવાજની

اللّٰهِ مَا سَاَلْتُهٗ اِلَّا لِيُشْبِعَنِىْ فَمَرَّ وَلَمْ يَفْعَلْ ثُمَّ مَرَّ بِىْ اَبُو الْقَاسِمِ صَلَّى اللّٰهُ

કમજોરીથી મારા ભૂખ્યા હોવાની એમને જાણ થઈ જાય) જેથી તે મને ખવડાવે. તે પસાર થઈ ગયા અને કાંઈ ન

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَتَبَسَّمَ حِيْنَ رَاٰنِىْ وَعَرَفَ مَا فِىْ نَفْسِىْ وَمَا فِىْ وَجْهِىْ

કર્યું. પછી મારી પાસેથી ઉમર પસાર થયા, મેં તેમને પણ અલ્લાહની કિતાબથી એક આયતના બારામાં સવાલ

ثُمَّ قَالَ اَبَاهِرٍّ قُلْتُ لَبَّيْكَ يَا رَسُوْلَ اللّٰهِ قَالَ الْحَقْ وَمَضٰى فَاتَّبَعْتُهٗ فَدَخَلَ

કર્યો. તેમને મેં સવાલ કેવળ એટલા માટે કર્યો હતો કે તે મને ખાવા ખવડાવે. તે પણ પસાર થઈ ગયા અને કાંઈ

فَاسْتَاْذَنَ فَاُذِنَ لِىْ فَدَخَلَ فَوَجَدَ لَبَنًا فِىْ قَدَحٍ فَقَالَ مِنْ اَيْنَ هٰذَا

ન કર્યું. પછી મારી પાસેથી અબુલ કાસિમ ﷺ પસાર થયા, મને જોઈને સ્મિત કર્યું અને મારા જીવમાં જે હતું

اللَّبَنُ قَالُوْا اَهْدَاهُ لَكَ فُلَانٌ اَوْ فُلَانَةٌ قَالَ اَبَاهِرٍّ قُلْتُ لَبَّيْكَ رَسُوْلَ

અને જે મારા ચહેરામાં હતું જાણી લીધું. ફર્માવ્યું, હે અબૂ હિર ! મેં અર્ઝ કરી, હાજર છું યા રસૂલલ્લાહ ! ﷺ

اللّٰهِ قَالَ اِلْحَقْ اِلٰى اَهْلِ الصُّفَّةِ فَادْعُهُمْ لِىْ قَالَ وَاَهْلُ الصُّفَّةِ

ફર્માવ્યું, મારી પાછળ પાછળ આવો ! અને આગળ વધી ગયા. હું હુઝૂરની પાછળ રહ્યો ત્યાં સુધી કે હુઝૂર

اَضْيَافُ الْاِسْلَامِ لَا يَاْوُوْنَ عَلٰى اَهْلٍ وَّلَا مَالٍ وَّلَا عَلٰى اَحَدٍ اِذَا اَتَتْهُ

કાશાનાએ અકદસ તશરીફ લઈ ગયા. પછી મેં રજા માગી તો મને રજા આપી. અંદર તશરીફ લઈ જઈને હુઝૂરે

صَدَقَةٌ بَعَثَ بِهَا اِلَيْهِمْ وَلَمْ يَتَنَاوَلْ مِنْهَا شَيْئًا وَاِذَا اَتَتْهُ هَدِيَّةٌ

પ્યાલામાં દૂધ જોયું. હુઝૂરે ઘરવાળાંઓને પૂછયું કે આ દૂધ ક્યાંથી આવ્યું છે ? લોકોએ અર્ઝ કરી કે ફલાણા મર્દ

أَرْسَلَ إِلَيْهِمْ وَأَصَابَ مِنْهَا وَأَشْرَكَهُمْ فِيهَا فَسَاءَنِي ذَالِكَ فَقُلْتُ

કે ફલાણી ઔરતે હુઝૂરના માટે હદિયો મોકલ્યો છે. હુઝૂરે મને ફર્માવ્યું, હે અબૂ હિર ! મેં અર્ઝ કરી, હાજર છું

وَمَا هٰذَا اللَّبَنُ فِي أَهْلِ الصُّفَّةِ كُنْتُ أَحَقَّ أَنْ أُصِيبَ مِنْ هٰذَا اللَّبَنِ

યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવ્યું, સુફ્ફાવાળાઓની પાસે જાવ અને તેમને મારી પાસે બોલાવી લાવો ! અહલે

شَرْبَةً أَتَقَوّٰى بِهَا فَإِذَا جَاءَ أَمَرَنِي فَكُنْتُ أَنَا أُعْطِيهِمْ وَمَا عَسٰى أَنْ

સુફ્ફા ઈસ્લામના મહેમાન હતા, ન તેમને બીવી બચ્ચાં હતાં ન માલ હતો અને ન એમનું કોઈ ઠેકાણુ હતું. જ્યારે

يَبْلُغَنِي مِنْ هٰذَا اللَّبَنِ وَلَمْ يَكُنْ مِنْ طَاعَةِ اللّٰهِ وَطَاعَةِ رَسُولِهٖ بُدٌّ

હુઝૂર ﷺ ની ખિદમતમાં સદક઼ો આવતો તે તેમની પાસે મોકલી દીધા કરતા, અને સદક઼ામાંથી હુઝૂર કાંઈ ન

فَأَتَيْتُهُمْ فَدَعَوْتُهُمْ فَأَقْبَلُوا فَاسْتَأْذَنُوا فَأَذِنَ لَهُمْ وَأَخَذُوا مَجَالِسَهُمْ

લેતા. અને જ્યારે હદિયો આવતો તો તેમને બોલાવી લેતા, એમાંથી હુઝૂર પણ થોડુક ખાતા અને અસ્હાબે

مِنَ الْبَيْتِ قَالَ يَا أَبَا هِرٍّ قُلْتُ لَبَّيْكَ يَا رَسُولَ اللّٰهِ قَالَ خُذْ فَأَعْطِهِمْ

સુફ્ફાને પણ સામેલ કરતા. અત્યારે સુફ્ફાવાળાઓને બોલાવવું મને ન ગમ્યું ! મેં કહ્યું કે આ પ્યાલુ દૂધ

فَأَخَذْتُ الْقَدَحَ فَجَعَلْتُ أُعْطِيهِ الرَّجُلَ فَيَشْرَبُ حَتّٰى يَرْوٰى ثُمَّ

સૂફ્ફાવાળાઓમાં શું કામ આપશે ?! હું એનો હક્દાર છું કે બધુ જ દૂધ પી જઉં ! જેનાથી મને શક્તિ મળે. જ્યારે

يَرُدُّ عَلَيَّ الْقَدَحَ فَأُعْطِيهِ الْقَدَحَ فَيَشْرَبُ حَتّٰى يَرْوٰى ثُمَّ يَرُدُّ عَلَيَّ

સુફ્ફાવાળાઓ આવશે તો મને હુઝૂર હુકમ આપશે કે હું તેમને આપુ ! મને ઉમ્મીદ નથી કે મને આ દૂધમાંથી

الْقَدَحَ حَتّٰى انْتَهَيْتُ إِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَقَدْ رَوِيَ الْقَوْمُ

કાંઈ મળશે. પરંતુ અલ્લાહ વ રસૂલની ફર્માબરદારી વગર કોઈ ચારો ન હતો. હું અસ્હાબે સુફ્ફાની પાસે ગયો

كُلُّهُمْ فَأَخَذَ الْقَدَحَ فَوَضَعَهُ عَلٰى يَدِهٖ فَنَظَرَ إِلَيَّ فَتَبَسَّمَ فَقَالَ يَا أَبَا هِرٍّ

અને એ સૌને બોલાવી લાવ્યો. તો સૌ આવ્યા. તેમણે અંદર હાજરીની રજા માગી. હુઝૂરે તેમને રજા આપી.

قُلْتُ لَبَّيْكَ يَا رَسُولَ اللّٰهِ قَالَ بَقِيتُ أَنَا وَأَنْتَ قُلْتُ صَدَقْتَ يَا رَسُولَ اللّٰهِ

અંદર આવીને એ લોકો પોત પોતાની જગાએ બેસી ગયા. ફર્માવ્યું, હે અબૂ હિર ! મેં અર્ઝ કરી, હાજર છું યા

قَالَ اُقْعُدْ فَاشْرَبْ فَقَعَدْتُ فَشَرِبْتُ فَقَالَ اشْرَبْ فَشَرِبْتُ فَمَا زَالَ

*રસૂલલ્લાહ ! ફર્માવ્યું, દૂધનો પ્યાલો લે ! અને મેં પ્યાલો લીધો. હું એક એક શખ્સને પ્યાલો આપતો, તે ધરાઈને*

يَقُوْلُ اِشْرَبْ حَتّٰى قُلْتُ لَا وَالَّذِيْ بَعَثَكَ بِالْحَقِّ مَا اَجِدُ لَهٗ مَسْلَكًا قَالَ

*પી લેતો, પછી પ્યાલો મને પાછો આપતો, પછી પ્યાલો હું બીજાને આપતો, ધરાઈને પી લેતો, પછી પ્યાલો મને*

فَاَرِنِيْ فَاَعْطَيْتُهُ الْقَدَحَ فَحَمِدَ اللّٰهَ وَسَمّٰى وَشَرِبَ الْفَضْلَةَ

*પાછો આપતો. ત્યાં સુધી કે નબી ﷺ સુધી હું પહોંચી ગયો અને સર્વ સુફ્ફાવાળાઓ ધરાઈ ચૂક્યા હતા. હુઝૂરે પ્યાલો લઈ લીધો અને પોતાના હાથ પર રાખ્યો. પછી મારી તરફ જોયું અને સ્મિત કર્યું અને ફર્માવ્યું, અબૂ હિર ! મેં અર્ઝ કરી, હાજર છું યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવ્યું, હું અને તમે બાકી રહી ગયા ! મેં અર્ઝ કરી, સાચુ કહ્યું આપે યા રસૂલલ્લાહ ! ફર્માવ્યું, બેસ અને પી ! હું બેસીને પીવા લાગ્યો. ફર્માવ્યું, હજી પી ! મેં અધિક પીધું. હુઝૂર સતત ફર્માવતા રહ્યા, પી ! ત્યાં સુધી કે મેં કહ્યું, કસમ છે તે જાતની જેણે આપને હક્કની સાથે મોકલ્યા છે કે હવે હું એની કોઈ ગુંજાઈશ નથી પામતો. ફર્માવ્યું, તો હવે મને આપ ! મેં પ્યાલો હુઝૂરને આપી દીધો. હુઝૂરે અલ્લાહની હમ્દ કરી બિસ્મિલ્લાહ પઢ્યું અને સર્વ દૂધ પી ગયા.''*

## હદીષ : ૨૭૩૬ની સમજૂતી

સનદની શરૂમાં حدثنی ابو نُعیم بنحوٍ من نصف ھٰذا الحدیث છે એના પર શંકા એ છે કે અહીં ''નિસ્ફ''થી મુરાદ શું છે ? પ્રથમ કે આખિર ? વળી જ્યારે સનદની સાથે હદીષ મઝકૂર છે, જે મઝકૂર નથી તે સનદ વિનાની રહી જશે. આ શંકાનો જવાબ અલ્લામા કિર્માનીએ એ આપ્યો કે ઈમામ બુખારીએ આ હદીષને કિતાબુલ અર્ત્ઈમહમાં યૂસુફ બિન અદી મરૂઝીના તરીકાથી વર્ણન કરી છે. તે હદીષ આ હદીષના નિસ્ફની નજીક છે. ખયાલ એ છે કે ઈમામ બુખારીની મુરાદ એ છે કે અહીં નિસ્ફથી મુરાદ તો તે હિસ્સો છે જે કિતાબુલ અર્ત્ઈમહમાં મઝકૂર નથી અને અહીં બતરીકે અબૂ નુઐમ વર્ણન થયેલ (મઝકૂર) છે. હવે પૂરી હદીષ મુસ્નદ થઈ જશે. અમુક યૂસુફ ઈબ્ને અદીના તરીકાથી અને અમુક અબૂ નુઐમના તરીકાથી اللّٰہ હર્ફે કસમના હઝફ (કટ કરી) સાથે ઈસ્મે જલાલત મન્સૂબ. અને એક રિવાયત ''વાવ''ના ઈઝહારની સાથે પણ છે. આ સ્થિતિમાં જર થશે. અને એક રિવાયત રફઅની સાથે પણ છે. પ્રથમ બે સ્થિતિઓમાં તો જાહેર છે કે એ કસમ છે જે બનાવમાં વર્ણન થયેલી છે. એનું મહત્વ બતાવવાના માટે કસમની સાથે કલામ શરૂ કર્યો અને રફઅની સ્થિતિમાં તબર્રુકરૂપે આયતે કરીમાની તિલાવત કરી. ઝિમ્ની તૌર પર એનો ફાયદો પણ બનાવની તાકીદ માટે છે કે અલ્લાહનું નામ લઈને જે વાત વર્ણવવામાં આવી રહી છે તે ગલત નથી. اَبَاھِرٍّ હઝરત અબૂ હુરૈરહ્‌ની કુન્નિયત અબૂ હુરૈરહ્ હતી. એની તરખીમ (પાછલા અક્ષર કાપવા) હુરૈરુન્ આવશે ન કે હિર્રુન. એવું કદી કદી ભાષાશાસ્ત્રીઓ કાયદાની વિરુદ્ધ કરી આપે છે, એનાથી એમનો હેતુ પુ.વાચક સ્ત્રીવાચક અને મુસગ્ગર (ટૂંકાણ વાચક)ને મુકબ્બર (પૂરા નામ)થી બદલવાનો હોય છે. હુરૈરહ મુઅન્નષ છે અને ''હિર્રહ''ની તસ્ગીર છે ''હિર્રતુન'' મુઅન્નષ છે અને મુકબ્બર એની તરખીમ ''હિર્રુન'' છે. તેના ''રા''ને તશ્દીદ પણ પઢી શકીએ છીએ અને સુકૂન પણ. આ બનાવને સામે રાખીને મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત قُدِّسَ سِرُّہُ الْعَزِیْز એ અર્ઝ કર્યું છે :–

**ક્યૂં જનાબે બૂ હુરૈરા કૈસા થા વો જામે શીર**
**જિસસે સત્તર સાહિબોં કા દૂધસે મુંહ ફિર ગયા**

એના પર શર (બુરાઈ) પસંદ દેવબંદીએ વાંધો ઉઠાવે છે કે એ કેવી રીતે જાણ્યું કે તે વખતે સિત્તેર જ અસ્હાબે સુફ્ફા હતા ? કેમ કે તેમની સંખ્યા વધઘટ થતી રહેતી હતી. એ સહીહ છે કે તેમની સંખ્યા વધઘટ થતી રહેતી હતી, પરંતુ મોટાભાગે તેમની સંખ્યા સિત્તેર જ રહેતી હતી. આ જ બુખારી કિતાબુસ્સલાતમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી પણ રિવાયત છે કે મેં સિત્તેર અસ્હાબે સુફ્ફાને જોયા. આ રિવાયતને સામે રાખીને આ'લા હઝરત قُدِّسَ سِرُّہُ الْعَزِیْزએ ફર્માવ્યું.

حدیث ۲۷۳۷ عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ مَا أَكَلَ آلُ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا એ કહ્યું, આલે મુહમ્મદ ﷺ એ* **[હદીષ : ૨૭૩૭]**

مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أُكْلَتَيْنِ فِي يَوْمٍ إِلَّا إِحْدَاهُمَا تَمْرٌ ۔ ع

*કોઈ દિવસ બે એવા લુકમા નથી ખાધા જેમાં એક ખજૂર ન હોય." (મુસ્લિમ છેવટ સુધી)*

**★ રસૂલુલ્લાહ ﷺનું પાથરણુ ચામડાનું હતું ★**

حدیث ۲۷۳۸ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ كَانَ فِرَاشُ رَسُولِ اللّٰهِ

*'ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ નું* **[હદીષ : ૨૭૩૮]**

مِنْ أَدَمٍ وَحَشْوُهُ مِنْ لِيفٍ ۔

*પાથરણુ ચામડાનું હતું જેમાં ખજૂરના રેસા ભરેલા હતા."*

**★ અમારા પર એક મહિનો પસાર થઈ જતો જેમાં અમે આગ ન સળગાવતાં ★**

حدیث ۲۷۳۹ عَنْ عَائِشَةَ قَالَتْ كَانَ يَأْتِي عَلَيْنَا الشَّهْرُ مَا نُوقِدُ فِيهِ نَارًا

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે અમારા પર એક મહિનો પસાર* **[હદીષ : ૨૭૩૯]**

إِنَّمَا هُوَ التَّمْرُ وَالْمَاءُ إِلَّا أَنْ نُؤْتٰى بِاللُّحَيْمِ

*થઈ જતો જેમાં અમે આગ ન સળગાવતાં. એમાં અમારો ખોરાક ખજૂર અને પાણી હોતું, પણ અમારી પાસે ક્યાંકથી થોડો સરખો ગોશ્ત આવી જતો."*

حدیث ۲۷۴۰ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૭૪૦]**

اللّٰهُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اَللّٰھُمَّ ارْزُقْ اٰلَ مُحَمَّدٍ قُوْتًا ۔

*હે અલ્લાહ ! આલે મુહમ્મદને ખોરાક અતા ફર્માવ." (મુસ્લિમ–ઝકાત, તિર્મિઝી–ઝુહદ, નિસાઈ–રકાઈક઼)*

**પ્રકરણ : "મધ્યમ ચાલ અને અમલ પર પાબંદી."** –(૯૫૭)

بَابُ الْقَصْدِ وَالْمُدَاوَمَةِ عَلَی الْعَمَلِ ص ۹۵۷

حدیث ۲۷۴۱ عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا اَنَّهَا قَالَتْ کَانَ اَحَبُّ الْعَمَلِ

**[હદીષ : ૨૭૪૧]** *"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ ને તે અમલ*

اِلٰی رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ الَّذِیْ یَدُوْمُ عَلَیْہِ صَاحِبُهٗ ۔

*સૌથી વધારે પસંદ હતો જેના પર અમલ કરનાર પાબંદી કરે."*

حدیث ۲۷۴۲ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ

**[હદીષ : ૨૭૪૨]** *"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તમારા*

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ لَنْ یُّنَجِّیَ اَحَدًا مِنْکُمْ عَمَلُهٗ قَالُوْا وَلَا اَنْتَ یَا

*કોઈને તેનો અમલ હરગિઝ નજાત આપશે નહીં ! લોકોએ અર્ઝ કરી, અને ન તમને ? યા રસૂલલ્લાહ ! ﷺ*

رَسُوْلَ اللّٰہِ قَالَ وَلَا اَنَا اِلَّا اَنْ یَّتَغَمَّدَنِیَ اللّٰهُ بِرَحْمَةٍ سَدِّدُوْا وَقَارِبُوْا

*ફર્માવ્યું, અને ન મને ! પણ એ કે અલ્લાહ તઆલા પોતાની રહ્‌મતથી મને ઢાંકી લે. બરાબર રહો અને મધ્યમ*

وَاغْدُوْا وَرُوْحُوْا وَشَیْءٌ مِنَ الدُّلْجَةِ وَالْقَصْدَ الْقَصْدَ تَبْلُغُوْا ۔

*માર્ગી રહો. સવાર સાંજ ચાલો અને કાંઈક રાતના આગલા હિસ્સામાં, મધ્યમ માર્ગ અપનાવો ! મધ્યમ માર્ગ અપનાવો ! મંઝિલ સુધી પહોંચી જશો." (મરફ઼ૂ)*

**હદીષ : ૨૭૪૨ની સમજૂતી**

આ હદીષ મુશ્કેલતરીન હદીષોમાંથી છે. તેનો જાહેરી ભાવાર્થ કુર્આની આયતની વિરુદ્ધ છે. ઈર્શાદ છે : وَتِلْکَ الْجَنَّةُ الَّتِیْۤ اُوْرِثْتُمُوْهَا بِمَا کُنْتُمْ تَعْمَلُوْنَ "અને આ છે તે જન્નત જેના તમને વારસ કરવામાં આવ્યા તમારા અમલોથી." (ઝુખ્રુફ–૭૨) અને ફર્માવ્યું : سلامٌ علیك ادخلو الجنة بما کنتم تعملون "કે સલામતી થાય તમારા પર જન્નતમાં જાવ બદલો તમારા કર્મોનો." (નહ્‌લ–૩૨) આ બંનેવ આયતો એના માટે નસ (દલીલ) છે કે જન્નત અમલના બદલામાં મળશે. શરહકર્તાઓએ જે એના જવાબો આપ્યા છે એ સૌ ધ્યાનપાત્ર છે. આ ખાદિમને સમજમાં એ આવે છે કે ઈમાનની શર્ત સાથે અમલોનો બદલો જન્નત છે, પણ ત્યારે જ્યારે એ કબૂલ થાય, અને અમલોનું કબૂલ થવું અલ્લાહની મરજી પર છે. તો સાર એ જ નીકળ્યો કે નજાત અલ્લાહની મરજી પર છે. બીજી વાત એ કે આપણે

કેટલોય અમલ કરીએ અલ્લાહ ﷻની નેઅમતોના શુક્રના બદલામાં તે ઓછો છે, પછી એના બદલાનો સવાલ જ નથી ! જે ઈનામ તથા ઈકરામ મળશે તે અલ્લાહ તઆલાની રહ્‌મતથી જ મળશે.

**★ પસંદીદા અમલ તે છે જેના પર સૌથી વધુ પાબંદી કરવામાં આવે ★**

حدیث ۲۷۴۳ عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہَا اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ* **[હદીષ : ૨૭૪૩]**

عَلَیْہِ وَسَلَّمَ قَالَ سَدِّدُوْا وَقَارِبُوْا وَاعْلَمُوْا اَنْ لَّنْ یُّدْخِلَ اَحَدُکُمْ عَمَلُہٗ

*ફર્માવ્યું, મધ્યમ માર્ગી રહો, મધ્યમ માર્ગ અપનાવો, અને જાણી લો કે તમારામાંથી કોઈને તેનો અમલ હરગિઝ*

الْجَنَّۃَ وَاَنَّ اَحَبَّ الْاَعْمَالِ اَدْوَمُہَا اِلَی اللّٰہِ وَاِنْ قَلَّ۔

*જન્નતમાં દાખલ નહીં કરે, અને અલ્લાહ તઆલાને સૌથી વધુ પસંદીદા અમલ તે છે જેના પર સૌથી વધુ પાબંદી કરવામાં આવે, ભલે તે થોડો હોય."*

حدیث ۲۷۴۴ **[હદીષ : ૨૭૪૪]** عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہَا اَنَّہَا قَالَتْ سُئِلَ النَّبِیُّ صَلَّی اللّٰہُ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ને પૂછવામાં આવ્યું, અલ્લાહ*

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اَیُّ الْاَعْمَالِ اَحَبُّ اِلَی اللّٰہِ قَالَ اَدْوَمُہٗ وَاِنْ قَلَّ وَقَالَ

*તઆલાને કયો અમલ સૌથી અધિક મહેબૂબ છે જેના પર સૌથી વધુ પાબંદી કરવામાં આવે, ભલે થોડો હોય.*

اِکْلَفُوْا مِنَ الْاَعْمَالِ مَا تُطِیْقُوْنَ۔

*અને ફર્માવ્યું, લોકોને એટલા જ અમલની તકલીફ આપો જેની તેઓ શક્તિ ધરાવતા હોય."*

بَابُ حِفْظِ اللِّسَانِ وَمَنْ کَانَ یُؤْمِنُ بِاللّٰہِ وَالْیَوْمِ الْاٰخِرِ فَلْیَقُلْ خَیْرًا اَوْلِیَصْمُتْ وَقَوْلِہٖ مَا یَلْفِظُ مِنْ قَوْلٍ اِلَّا لَدَیْہِ رَقِیْبٌ ۔ ص ۹۵۸

**પ્રકરણ : "જીભની હિફાઝત કરવી.** અને જે અલ્લાહ અને પાછલા દિવસ પર ઈમાન લાવે તે સારી વાત કહે અથવા ચૂપ રહે. અને અલ્લાહના આ ઈર્શાદનું બયાન કે કોઈ વાત તે જીભથી નથી કાઢતો કે એની પાસે એક મુહાફિઝ તૈયાર ન બેઠો હોય." *(કાફ-૧૮) -(૯૮૫)*

**★ હું એના માટે જન્નતનો જામિન છું ★**

حدیث ۲۷۴۵ عَنْ سَھْلِ بْنِ سَعْدٍ عَنْ رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ

*"હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૭૪૫]**

مَنْ يَّضْمَنُ لِيْ مَا بَيْنَ لَحْيَيْهِ وَمَا بَيْنَ رِجْلَيْهِ اَضْمَنُ لَهُ الْجَنَّةَ ؏

*જે મારા માટે જામિન બને એનો જે એની દાઢો અને બે પગોની વચ્ચે હોય તો હું* ***એના માટે જન્નતનો જામિન છું.''***

*(બુખારી–૨, મુહારિબીન)*

**★ માણસ શાથી જહન્નમમાં ગબડે છે ? ★**

حدیث ۲۷۴۶ عَنْ اَبِیْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ سَمِعَ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

**[હદીષ : ૨૭૪૬]** *''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે રસૂલુલ્લાહ ﷺ ને એવું*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ اِنَّ الْعَبْدَ يَتَكَلَّمُ بِالْكَلِمَةِ مَا يَتَبَيَّنُ فِيْهَا يَزِلُّ

*ફર્માવતાં સાંભળ્યા કે બંદો સમજ્યા વિચાર્યા વિના એક વાત કહી દે છે જેના સબબે જહન્નમમાં ગબડી પડે છે,*

بِهَا فِي النَّارِ اَبْعَدَ مَا بَيْنَ الْمَشْرِقِ ؏

*બંનેવ પૂર્વની વચ્ચે જે અંતર છે એનાથી અધિક ઊંડાણમાં.'' (મુસ્લિમ–આખિર કિતાબ, તિર્મિઝી–ઝુહદ, નિસાઈ–રિફ઼ાક઼)*

حدیث ۲۷۴۷ عَنْ اَبِیْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

**[હદીષ : ૨૭૪૭]** *''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું કે બંદો*

عَلَيْهِ وَسَلَّمَ قَالَ وَاِنَّ الْعَبْدَ لَيَتَكَلَّمُ بِالْكَلِمَةِ مِنْ رِضْوَانِ اللّٰهِ لَا يُلْقِيْ لَهَا

*કદી વિના ઈરાદે અલ્લાહની રઝામંદીની વાત કહી આપે છે જેનાથી અલ્લાહ તેના દરજા*

بَالًا يَرْفَعُ اللّٰهُ بِهَا دَرَجٰتٍ وَاِنَّ الْعَبْدَ لَيَتَكَلَّمُ بِالْكَلِمَةِ مِنْ سَخَطِ

*બુલંદ કરે છે અને બંદો ક્યારેક વિના વિચાર્યે સમજ્યે અલ્લાહની નારાઝગીની*

اللّٰهِ لَا يُلْقِيْ لَهَا بَالًا يَهْوِيْ بِهَا فِيْ جَهَنَّمَ

*વાત કહી આપે છે જેનાથી જહન્નમમાં પડી જાય છે.''*

**હદીષ : ૨૭૪૭ની સમજૂતી** પ્રથમવાળી હદીષમાં હતું : ابعد مابين المشرق શબ્દ ''બયન'' તઅદુદ ચાહે છે અને હદીષમાં મઝકૂર (વર્ણન થયેલ) કેવળ એક છે, જ્યારે કે હક઼ીક઼તમાં મશ્રિક વિવિધ છે. શિયાળાનો અગલ મશ્રિક (પૂર્વ) છે અને ઉનાળાનો અલગ. બલ્કે બારીક દૃષ્ટિએ જોતાં દરેક દિવસે પૂર્વ અલગ અલગ છે. એટલા માટે કુર્આન મજીદમાં رب المشارق والمغارب આવ્યું છે, અને رَبّ المشرقين પણ આવ્યું છે. આ લેહાઝથી ''બય્‌ન''નો શબ્દ લાવ્યા છે. અને ક્યારેક એવું પણ હોય છે કે અઝદાદમાંથી એકને વર્ણન કરી આપે છે અને બીજાને છોડી આપે છે. જેમ કે ફર્માવવામાં આવ્યું : وَجَعَلَ لَكُمْ سَرَابِيْلَ تَقِيْكُمُ الْحَرَّ ''અને તમારા માટે કેટલાક પહેનાવા (પોશાક) બનાવ્યા કે તમને ગરમીથી બચાવે.'' *(સૂરએ નહલ–૮૧)*

## بَابُ الْاِنْتِهَاءِ عَنِ الْمَعَاصِی ص٩٥٩

**પ્રકરણ : "ગુનાહોથી દૂર રહેવું."** –(૯૫૯)

۲۷۴۸ حدیث

عَنْ اَبِی مُوسیٰ رَضِیَ اللّٰہُ تَعَالیٰ عَنْہُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ

*"હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૭૪૮]**

صَلَّی اللّٰہُ تَعَالیٰ عَلَیْہِ وَسَلَّمَ مَثَلِیْ وَمَثَلُ مَا بَعَثَنِیَ اللّٰہُ کَمَثَلِ رَجُلٍ

*મારી અને અલ્લાહે મારી સાથે જે કાંઈ મોકલ્યું છે એનું દૃષ્ટાંત એ શખ્સનું છે જે કોઈ કૌમની પાસે આવ્યો અને*

اَتیٰ قَوْمًا فَقَالَ رَاَیْتُ الْجَیْشَ بِعَیْنَیَّ وَاِنِّیْ اَنَا النَّذِیْرُ الْعُرْیَانُ

*કહ્યું, મેં મારી આંખથી લશ્કર જોયું છે અને હું નઝીરુલ ઉર્યાન છું, તો નજાતની જગા શોધી લો. તો એક ગિરોહે*

فَالنَّجَاءَ فَاَطَاعَہٗ طَائِفَۃٌ فَادَّلَجُوْا عَلیٰ مَھَلِھِمْ فَنَجَوْا وَکَذَّبَتْہُ

*તેની વાત માની અને રાતના અંધકારમાં ઈત્મિનાનથી ક્યાંક ચાલ્યા ગયા અને નજાત પામી ગયા અને કેટલાક*

طَائِفَۃٌ فَصَبَّحَھُمُ الْجَیْشُ فَاجْتَاحَھُمْ ہ

*લોકોએ એને જૂઠલાવ્યું. સવારે એમના પર લશ્કર આવી ચઢયું અને તેણે એ લોકોને સંપૂર્ણપણે બર્બાદ કરી નાખ્યા."*

*(૨/૧૦૮૧ એઅ્તિસામ, બાબુલ ઈક્તિદા બિસુનને રસૂલિલ્લાહ ﷺ, મુસ્લિમ–ફઝાઈલુન્નબી ﷺ)*

**હદીષ : ૨૭૪૮ની સમજૂતી** النذیرا العریان અરબવાળાઓનો દસ્તૂર હતો કે જ્યારે કોઈ ખૂબ મહત્વની ડરામણી વાતની ખબર આપતા તો કહેતો : انا النذیرا لعریان ભલે તે પૂરો લિબાસ પહેરેલ હતો. પ્રસંગ એ બન્યો કે એકવાર એક શખ્સને દુશ્મનોએ પકડીને તેના સર્વ કપડાં છીનવી લીધાં, તેને નગ્ન કરી નાખ્યો. એ જ પ્રમાણે તે પોતાની કૌમમાં આવ્યો અને ચીસો પાડવા લાગ્યો કે انا النذیرا العریان એ જ સમયથી કહેવતરૂપે તે વપરાવવા લાગ્યું. اَلنَّجَاء એમાં બંને લુગત છે, "મદ"ની સાથે પણ કસ્રની સાથે પણ. અને એ અલા સબીલિલ્ ઈગ્રા મન્સૂબ છે ફેઅલે મહઝૂફ અત્લબૂનો મફઉલ મુત્લક માનીને.

## بَابُ قَوْلِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالیٰ عَلَیْہِ وَسَلَّمَ لَوْ تَعْلَمُوْنَ مَا اَعْلَمُ لَضَحِکْتُمْ قَلِیْلًا۔ ص٩٦٠

**પ્રકરણ : "નબી ﷺના એ ઈર્શાદનું બયાન કે જે હું જાણુ છું એ તમે લોકો જાણતા તો હસતા થોડુ."** –(૯૬૦)

۲۷۴۹ حدیث

عَنْ سَعِیْدِ بْنِ الْمُسَیَّبِ اَنَّ اَبَا ھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالیٰ عَنْہُ کَانَ

*"હઝરત સઈદ બિન મુસૈયબથી રિવાયત છે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કહેતા હતા* **[હદીષ : ૨૭૪૯]**

يَقُوْلُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَوْ تَعْلَمُوْنَ مَا أَعْلَمُ

*કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે હું જાણું છું જો તમે લોકો જાણતા તો હસતા*

لَضَحِكْتُمْ قَلِيْلًا وَلَبَكَيْتُمْ كَثِيْرًا ؏

*થોડુ અને રડતા વધારે.'' (૨/૯૮૨ બુખારી, અલ્‌ઐમાનુવન્નુઝૂર)*

بَابُ حُجِبَتِ النَّارُ بِالشَّهَوَاتِ ص ٩٦٠

**પ્રકરણ : ''જહન્નમ ઈચ્છાઓથી ઘેરાયેલી છે.''** *–(૯૬૦)*

حديث ٢٧٥٠ عَنْ أَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ أَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

*''હઝરત અબૂ હુરૈરહ્‌ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જહન્નમ* **[હદીષ : ૨૭૫૦]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ حُجِبَتِ النَّارُ بِالشَّهَوَاتِ وَحُجِبَتِ الْجَنَّةُ بِالْمَكَارِهِ ۔

*ઈચ્છાઓથી ઘેરાયેલી છે અને જન્નત તકલીફ આપનારી વાતોથી ઘેરાયેલી છે.''*

بَابُ اَلْجَنَّةُ أَقْرَبُ إِلٰى أَحَدِكُمْ مِنْ شِرَاكِ نَعْلِهِ وَالنَّارُ مِثْلُ ذٰلِكَ ص ٩٦٠

**પ્રકરણ : ''જન્નત તમારી નજીક છે, તમારા જોડાની દોરીથી પણ વધુ. અને જહન્નમ પણ એના સમાન.''** *–(૯૬૦)*

**★ જન્નત તથા જહન્નમ તમારી નજીક છે ★**

حديث ٢٧٥١ عَنْ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ **[હદીષ : ૨૭૫૧]**

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું, જન્નત તમારા ચપ્પલની*

وَسَلَّمَ اَلْجَنَّةُ أَقْرَبُ إِلٰى أَحَدِكُمْ مِنْ شِرَاكِ نَعْلِهِ وَالنَّارُ مِثْلُ ذٰلِكَ ؏

*દોરી કરતાં પણ તમારાથી વધુ નજીક છે અને જહન્નમ પણ એની જેમ.'' (મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૩૮૭)*

بَابٌ لِيَنْظُرْ إِلٰى مَنْ هُوَ أَسْفَلُ مِنْهُ وَلَا يَنْظُرْ إِلٰى مَنْ فَوْقَهُ ۔ ص ٩٦٠

**પ્રકરણ : ''એને તરફ જુએ જે એનાથી ઓછા દરજાનો છે. અને તેની આંખ ન જુએ જે તેનાથી ઊંચા દરજાનો છે.''** *–(૯૬૦)*

**★ એના પ્રતિ જુઓ જે તમારાથી નીચી કક્ષામાં છે ★**

حديث ٢٧٥٢ عَنْ أَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*''હઝરત અબૂ હુરૈરહ્‌ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે* **[હદીષ : ૨૭૫૨]**

وَسَلَّمَ قَالَ إِذَا نَظَرَ أَحَدُكُمْ إِلَىٰ مَنْ فُضِّلَ عَلَيْهِ فِي الْمَالِ وَالْخَلْقِ فَلْيَنْظُرْ إِلَىٰ مَنْ

*તમારામાં કોઈ એને જુએ જે માલ તથા ખુલ્કમાં ફઝીલત આપવામાં આવ્યો છે તો એને જુએ*

هُوَ أَسْفَلُ مِنْهُ

*જે એનાથી ઓછી કક્ષાનો છે."*

**પ્રકરણ : "જેણે કોઇ નેકી કે બુરાઇનો ઈરાદો કર્યો."** *–(૯૬૦)*

بَابُ مَنْ هَمَّ بِحَسَنَةٍ أَوْ سَيِّئَةٍ

ص ۹۶۰

حدیث ۲۷۵۳

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللهُ تَعَالَىٰ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللهُ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, તે નબી ﷺ થી રિવાયત કરે* **[હદીષ : ૨૭૫૩]**

تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ فِيمَا يَرْوِي عَنْ رَبِّهِ قَالَ قَالَ إِنَّ اللهَ تَعَالَىٰ كَتَبَ

*છે અને એ હુઝૂરની તે રિવાયતોમાંથી છે જે આપ પોતાના રબથી કરે છે. હુઝૂરે ફર્માવ્યું, કે બેશક ! અલ્લાહ*

الْحَسَنَاتِ وَالسَّيِّئَاتِ ثُمَّ بَيَّنَ ذٰلِكَ فَمَنْ هَمَّ بِحَسَنَةٍ فَلَمْ يَعْمَلْهَا

*તઆલાએ નેકીઓ અને બુરાઈઓ નિશ્ચિત કરી દીધી પછી તેને વર્ણવી આપી. હવે જો કોઇએ કોઇ નેકીનો*

كَتَبَهَا اللهُ لَهُ عِنْدَهُ حَسَنَةً كَامِلَةً فَإِنْ هُوَ هَمَّ بِهَا فَعَمِلَهَا كَتَبَهَا

*ઈરાદો કર્યો અને તેને કરી નહીં તો અલ્લાહ તઆલા પોતાને ત્યાં એની એક પૂરી નેકી લખી*

اللهُ بِهَا عِنْدَهُ عَشْرَ حَسَنَاتٍ إِلَىٰ سَبْعِ مِائَةِ ضِعْفٍ إِلَىٰ أَضْعَافٍ

*આપે છે. અને જો તેણે અમલ પણ કરી લીધો તો અલ્લાહ તઆલા પોતાને ત્યાં એની દસથી*

كَثِيرَةٍ وَمَنْ هَمَّ بِسَيِّئَةٍ فَلَمْ يَعْمَلْهَا كَتَبَهَا اللهُ لَهُ عِنْدَهُ حَسَنَةً كَامِلَةً

*સાતસો નેકીઓ સુધી બલ્કે એનાથી વધુ પણ ડબલ ડબલ લખે છે. અને જેણે કોઈ બુરાઇનો ઈરાદો*

فَإِنْ هُوَ هَمَّ بِهَا فَعَمِلَهَا كَتَبَهَا اللهُ لَهُ سَيِّئَةً وَاحِدَةً

*કર્યો અને એના પર અમલ ન કર્યો તો અલ્લાહ તઆલા પોતાને ત્યાં તેની પૂરી એક નેકી લખે*

*છે, અને જો બુરાઈનો ઈરાદો કરીને એ એમાં પડયો તો અલ્લાહ તઆલા એક બુરાઈ લખશે."*

*(મુસ્લિમ–ઈમાન, નિસાઈ–નઊત વ રકાઈક)*

**હદીષ : ૨૭૫૩ની સમજૂતી** પ્રથમ ભાગની પ્રથમ હદીષમાં પૂરી ચર્ચા વર્ણન થઈ ચૂકી કે નેકીના

ઈરાદા પર સવાબ છે પણ બુરાઈના ઈરાદા પર કોઈ ગુનોહ નથી. અહીં આ હદીષમાં આટલુ વધારે છે કે **બુરાઈનો ઈરાદો કરે અને પછી અલ્લાહના ડરથી ત્યજી દે તો નેકી લખવામાં આવશે.** આ અલ્લાહ તઆલાનો અમો ગુનેહગારો પર ફઝ્લ છે.

## بَابُ مَا يُتَّقٰى مِنْ مُحَقَّرَاتِ الذُّنُوْبِ ص٩٦١

**પ્રકરણ : "નાના નાના ગુનાહોથી બચવું."** –(૯૬૧)

حدیث ٢٧٥٤ عَنْ اَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ اِنَّكُمْ لَتَعْمَلُوْنَ اَعْمَالًا هِيَ

*"હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, તમે લોકો કાંઈ કામ કરો છો જે તમારી નજરોમાં* **[હદીષ : ૨૭૫૪]**

اَدَقُّ فِيْ اَعْيُنِكُمْ مِنَ الشَّعْرِ وَاِنْ كُنَّا نَعُدُّ عَلٰى عَهْدِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

*વાળથી અધિક હલકુ છે અને અમે નબી صلی اللہ علیہ وسلم ના જમાનામાં એને*

عَلَيْهِ وَسَلَّمَ مِنَ الْمُوْبِقَاتِ قَالَ اَبُوْ عَبْدِ اللّٰهِ يَعْنِيْ اَلْمُهْلِكَاتِ

*હલાક કરનારામાંથી ગણતા હતા."*

### હદીષ : ૨૭૫૪ની સમજૂતી

એટલે કે તમે લોકો કેટલાક ગુનાહે સગીરા કરો છો અને પરવા નથી કરતા. વિચારો છો કે એનાથી કાંઈ બગડશે નહીં, જ્યારે કે રિસાલતકાળમાં લોકો સગીરા ગુનાહોને પણ હલાક કરનાર જાણતા હતા. એનો સાર એ છે કે દરેક ગુનાહમાં પડવાથી બચવાની પૂરી રીતે કોશિશ કરવી જોઈએ, ખબર નથી કે અલ્લાહ તઆલા કયા પર પકડ કરી લે. તે ઉપરાંત સગીરાને વારંવાર કરવાથી તે કબીરા બની જાય છે. એટલા માટે સગીરા ગુનાહોથી પણ શક્તિ અનુસાર બચવાની પૂરી કોશિશ કરવી જરૂરી છે.

## بَابُ رفع الامانة ص٩٦١

**પ્રકરણ : "અમાનતનું ઉઠી જવું."** –(૯૬૧)

حدیث ٢٧٥٥ حَدَّثَنَا حُذَيْفَةُ قَالَ حَدَّثَنَا رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

*"હઝરત હુઝૈફા رضی اللہ عنہ એ કહ્યું, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ અમને બે હદીષો વર્ણવી એમાંથી* **[હદીષ : ૨૭૫૫]**

حَدِيْثَيْنِ رَاَيْتُ اَحَدَهُمَا وَاَنَا اَنْتَظِرُ الْاٰخَرَ حَدَّثَنَا اَنَّ الْاَمَانَةَ

*એકને મેં જોઈ લીધી અને બીજીની રાહ જોઈ રહ્યો છું. અમને હુઝૂરે એ હદીષ વર્ણવી કે અમાનત લોકોના દિલોની*

نَزَلَتْ فِيْ جَذْرِ قُلُوْبِ الرِّجَالِ ثُمَّ عَلِمُوْا مِنَ الْقُرْاٰنِ ثُمَّ عَلِمُوْا مِنَ

*જડમાં ઉતરી, પછી લોકોએ કુર્આનનો ઈલ્મ હાંસલ કર્યો. પછી લોકોએ સુન્નતનો ઈલ્મ હાંસલ કર્યો. અને હુઝૂરે*

السُّنَّةِ وَحَدَّثَنَا عَنْ رَفْعِهَا قَالَ يَنَامُ الرَّجُلُ النَّوْمَةَ فَتُقْبَضُ الْأَمَانَةُ

*અમને અમાનતના ઉઠવાનું બયાન કર્યું. એવું થશે કે માણસ સૂઈ જશે અને અમાનત એના દિલેથી ઉઠાવી*

مِنْ قَلْبِهِ فَيَظَلُّ أَثَرُهَا مِثْلَ أَثَرِ الْوَكْتِ ثُمَّ يَنَامُ النَّوْمَةَ فَتُقْبَضُ فَيَبْقَى

*લેવામાં આવશે. ટપકા બરાબર એની અસર રહી જશે, પછી સૂઈ જશે તો બાકીની અમાનત પણ ઉઠાવી લેવામાં*

أَثَرُهَا مِثْلَ الْمَجْلِ كَجَمْرٍ دَحْرَجْتَهُ عَلَى رِجْلِكَ فَنَفِطَ فَتَرَاهُ مُنْتَبِرًا

*આવશે. તો એની નિશાનીઓ છાલાની જેમ રહી જશે જેમ કે ચિન્ગારી તારા પગ પર ગબડે અને છાલા (ફોલ્લા)*

وَلَيْسَ فِيهِ شَيْءٌ فَيُصْبِحُ النَّاسُ يَتَبَايَعُونَ وَلَا يَكَادُ أَحَدٌ يُؤَدِّي

*પાડી દે કે તું એને ફુલેલુ જુએ છે, જ્યારે કે એમાં કાંઈ નથી.* **લોકો ખરીદ વેચાણ કરશે અને કદાચ જ**

الْأَمَانَةَ فَيُقَالُ إِنَّ فِي بَنِي فُلَانٍ رَجُلًا أَمِينًا وَيُقَالُ

**કોઈને પામશે જે અમાનત અદા કરે. કહેવામાં આવશે કે ફલાણા કબીલામાં એક અમાનતદાર**

لِلرَّجُلِ مَا أَعْقَلَهُ وَمَا أَظْرَفَهُ وَمَا أَجْلَدَهُ وَمَا فِي قَلْبِهِ مِثْقَالُ

**શખ્સ છે.** *અને એક શખ્સને કહેવામાં આવશે કે તે કેટલો બુદ્ધિશાળી છે અને કેટલો હોશિયાર છે અને તે કેટલો*

حَبَّةِ خَرْدَلٍ مِنْ إِيمَانٍ وَلَقَدْ أَتَى عَلَيَّ زَمَانٌ وَلَا أُبَالِي أَيَّكُمْ بَايَعْتُ

*બહાદુર છે, જ્યારે એના દિલમાં રાઈના દાણા બરાબર ઈમાન હશે નહીં. અને મારી ઉપર એક જમાનો વહી*

لَئِنْ كَانَ مُسْلِمًا رَدَّهُ عَلَيَّ الْإِسْلَامُ وَإِنْ كَانَ نَصْرَانِيًّا رَدَّهُ عَلَيَّ سَاعِيهِ

*ચૂક્યો છે, હું કોઈ પરવા ન કરતો હતો કે હું કોનાથી ખરીદ વેચાણ કરું છું, જો તે મુસલમાન હોતો તો ઈસ્લામ તેને*

فَأَمَّا الْيَوْمَ فَمَا كُنْتُ أُبَايِعُ إِلَّا فُلَانًا وَفُلَانًا ـ ع

*સહીહ તરીક઼ા પર ક઼ાયમ રાખતો, અને જો નસ્રાની હોતો તો તેના કામ કરવાવાળા સહીહ તરીક઼ા પર ક઼ાયમ*

*રાખતા. પણ આજે ફલાણા અને ફલાણા સિવાય કોઈનાથી ખરીદ વેચાણ નથી કરતો."*

*(૨/૧૦૪૯ ફિતન, ૨/૧૦૭૯ એઅતિસામ, મુસ્લિમ–ઈમાન, તિર્મિઝી–ફિતન, ઈબ્ને માજહ–ફિતન)*

**હદીષ : ૨૭૫૫ની સમજૂતી**

قوله حديثين એનાથી મુરાદ એક તે હદીષ છે જે અમાનત ઉતરવા વિશે આવેલી છે. બીજી અમાનતને ઉઠાવી લેવાના વિશે આવી છે. جذر એનો અર્થ દરેક ચીજની જડ છે. એનાથી આવે છે હિસાબની અસલ, વંશની અસલ, અને ઝાડની જડ (મૂળ)ને جزر કહે છે. હઝરત હુઝૈફાએ ફર્માવ્યું કે એમનામાંથી એકને મેં જોયો, એટલે કે લોકોના દિલોમાં અમાનતને ઉતરવાને કે લોકો ફિતરી તૌર પર

(સ્વભાવિકપણે) અમાનતદાર હતા. પછી ઈમાન તથા ઈસ્લામની બરકતથી અમાનતદાર હતા. ફર્માવ્યું, બીજીની રાહ જોઈ રહ્યો છું, એટલે અમાનત ઉઠાવી લેવાની.

حدیث ۲۷۵٦ اَنَّ عَبْدَاللّٰهِ بْنَ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું કે* **[હદીષ : ૨૭૫૬]**

صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ قَالَ اِنَّمَا النَّاسُ کَالْاِبِلِ الْمِائَةِ لَاتَکَادُ تَجِدُ فِیْهَا رَاحِلَةً۔

*ફર્માવ્યું, લોકો ઊંટના જેવા છે, સો ઊંટમાંથી મુશ્કેલીથી એક સવારી લાયક તું પામીશ."*

**હદીષ : ૨૭૫૬ની સમજૂતી** અલ્લામા કુર્તબીએ ફર્માવ્યું, મુરાદ એ છે કે એવા લોકો જે બુદ્ધિ કૌશલ્યવાળા, ઈલ્મો ફઝ્લવાળા, દીનદાર, ખુદાથી ડરનારા, લોકોનુ ભલુ ચાહનારા હોય.

## بَابُ الرِّیَا وَالسُّمْعَةِ ص ۹٦۲

**પ્રકરણ : "રિયા તથા સુમ્અહનું બયાન."** *–(૯૬૨)*

حدیث ۲۷۵۷ عَنْ سَلَمَةَ قَالَ سَمِعْتُ جُنْدُبًا یَقُوْلُ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی

*"હઝરત સલમાથી રિવાયત છે કે તેમણે હઝરત જુન્દુબ رضی اللہ عنہ ને સાંભળ્યા. ફર્માવતા* **[હદીષ : ૨૭૫૭]**

عَلَیْهِ وَسَلَّمَ وَلَمْ اَسْمَعْ اَحَدًا یَقُوْلُ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

*હતા કે નબી ﷺ એ ફર્માવ્યું, એમના સિવાય મેં કોઈને એવું કહેતાં નથી સાંભળ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું.*

غَیْرَهٗ فَدَنَوْتُ مِنْهُ فَسَمِعْتُهٗ یَقُوْلُ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

*એટલા માટે હું એમની નજીક ગયો. મેં સાંભળ્યું કહેતા હતા, નબી ﷺ એ ફર્માવ્યું, જે સંભળાવવા ચાહશે*

مَنْ سَمَّعَ سَمَّعَ اللّٰهُ بِهٖ وَمَنْ یُّرَاءِ یُرَاءِ اللّٰهُ بِهٖ

*અલ્લાહ તઆલા તેને સંભળાવી દેશે અને જે દેખાડવા ચાહશે અલ્લાહ તઆલા તેને દેખાડી આપશે."*

*(બુખારી–અહકામ, મુસ્લિમ–આખિર કિતાબ, ઈબ્ને માજહ–ઝુહદ)*

**હદીષ : ૨૭૫૭ની સમજૂતી** કિતાબુલ અહકામમાં આ હદીષ વિગતવાર આ પ્રમાણે છે ઈસ્હાક્ વાસ્તીના તરીકાથી. તરીફ અબી તમીમા કહે છે કે હું સફવાન ઈબ્ને મહરઝ અને જુન્દુબ અને તેમના સાથીઓની પાસે હાજર થયો. અને તે પોતાના સાથીઓને વસિયત કરી રહ્યા હતા. લોકોએ તેમને પૂછયું કે આપે રસૂલુલ્લાહ ﷺ થી કાંઈ સાંભળ્યું છે ? તેમણે કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ ને એવું કહેતા સાંભળ્યા, જે સંભળાવવા ચાહશે અલ્લાહ તઆલા કયામતના દિવસે તેને સંભળાવશે. ફર્માવ્યું, અને જે મતભેદ કરશે અલ્લાહ તઆલા કયામતના દિવસે એના પર ફૂટ નાખશે. લોકોએ કહ્યું, અમને વસિયત કરો. ફર્માવ્યું, **માણસના શરીરમાં સૌ પ્રથમ તેનું**

**પેટ સડશે, તો જેનાથી બની શકે પાકના સિવાય કાંઈ ન ખાય, તો એવું જ કરે.** અને જે એવું ચાહતો હોય કે તેના તથા જન્નતની વચ્ચે હથેળીભર લોહી જે એણે નાહક્ક વહાવ્યું હોય તે આડ ન બને, તો એવું જ કરે. ફરબરીએ કહ્યું, મેં અબૂ અબ્દુલ્લાહ એટલે ઈમામ બુખારીને પૂછયું, કોણ કહે છે સમિઅ્ત રસૂલુલ્લાહ ﷺ, જુન્દુબ ? કહ્યું, હા ! જુન્દુબ من سمع سمع الله એટલે જે કામ અલ્લાહને રાજી કરવા માટે ન કરવામાં આવે બલ્કે નામના માટે તથા ખ્યાતિ (વાહ વાહ કમાવા) માટે કરવામાં આવે એના પર કોઈ સવાબ મળતો નથી. વધુમાં વધુ તેને દુનિયામાં ખ્યાતિ તથા ઈજ્જત હાંસલ થશે. અને બસ ! سمّع (સમ્મઅ)નો અર્થ થયો, સંભળાવવા માટે. એટલે એ નિય્યતથી કોઈ કામ કરવામાં આવે કે એની ખૂબ ખૂબ ચર્ચા થાય, કેટલાક લોકો ઝિક્ર કરે કેટલાક લોકો સાંભળે. જેનો સાર એ છે કે ખ્યાતિ થાય.

## بَابُ التَّوَاضُعِ ص ٩٦٢

**પ્રકરણ : "આજીજી (તવાઝોઅ)નું વર્ણન." –(૯૬૨)**

### ★ હું તેનો કાન થઈ જાઉં છું જેના વડે તે સાંભળે છે ★

حدیث ٢٧٥٨

عَنْ عَطَاءٍ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે* ***રસૂલુલ્લાહ*** *ﷺ* ***એ ફર્માવ્યું,*** **[હદીષ : ૨૭૫૮]**

اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ اِنَّ اللّٰهَ قَالَ مَنْ عَادٰی لِیْ وَلِیًّا فَقَدْ اٰذَنْتُهٗ

***અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો, જે મારા કોઈ વલીથી અદાવત રાખશે તો હું તેને લડાઈની***

بِالْحَرْبِ وَمَا تَقَرَّبَ اِلَیَّ عَبْدِیْ بِشَیْءٍ اَحَبَّ اِلَیَّ مِمَّا افْتَرَضْتُ عَلَیْهِ

***ચેલેંજ આપુ છું.*** *અને મારો બંદો જે ચીજોના થકી મારી કુર્બત ચાહે છે એમાં સૌથી અધિક ફર્ઝો મને પ્રિય છે.*

وَلَا یَزَالُ عَبْدِیْ یَتَقَرَّبُ اِلَیَّ بِالنَّوَافِلِ حَتّٰی اَحْبَبْتُهٗ فَكُنْتُ سَمْعَهُ الَّذِیْ

*અને નફલો થકી બંદો મારી નિકટ થતો જાય છે, ત્યાં સુધી કે હું તેને મહબૂબ બનાવી લઉં છું, અને હું તેનો કાન*

یَسْمَعُ بِهٖ وَبَصَرَهُ الَّذِیْ یُبْصِرُ بِهٖ وَیَدَهُ الَّتِیْ یَبْطِشُ بِهَا وَرِجْلَهُ الَّتِیْ

*થઈ જાઉં છું જેના વડે તે સાંભળે છે, અને એની આંખ બની જાઉં છું જેનાથી તે જુએ છે, અને તેનો હાથ બની જાઉં*

یَمْشِیْ بِهَا وَاِنْ سَاَلَنِیْ لَاُعْطِیَنَّهٗ وَلَئِنِ اسْتَعَاذَنِیْ لَاُعِیْذَنَّهٗ وَمَا

*છું જેનાથી તે પકડે છે, અને તેનો પગ બની જઉં છું જેના વડે તે ચાલે છે, જો તે મારાથી માગે તો હું તેને જરૂર*

تَرَدَّدْتُ عَنْ شَیْءٍ اَنَا فَاعِلُهٗ تَرَدُّدِیْ عَنْ نَفْسِ الْمُؤْمِنِ یَكْرَهُ الْمَوْتَ

*જરૂર આપીશ. અને જો તે મારાથી પનાહ માગે તો હું તેને જરૂર પનાહ આપીશ. અને હું કોઈ ચીજમાં ખચકાટ*

وَأَنَا أَكْرَهُ مَسَاءَتَهُ.

*નથી કરતો. જેને હું કરવા ચાહું છું જેટલો ખચકાટ કરું છું મો'મિનની જાનના બારામાં.*

*તે મૌતને નાપસંદ કરે છે અને હું તેના બુરાઈમાં પડવાને નાપસંદ કરું છું.''*

## હદીષ : ૨૭૫૮ની સમજૂતી

આ હદીષે કુદસી છે. અલ્લાહ ﷻનો ઈર્શાદ છે. એની પણ સંભાવના છે કે એને રસૂલુલ્લાહ ﷺએ અલ્લાહ તઆલાથી બિલા વાસ્તા અખ્ઝ ફર્માવી હોય. અથવા તો કલામે રબ્બાની સાંભળીને જાગૃતાવસ્થામાં કે ખ્વાબમાં અથવા અલ્લાહ ﷻએ પોતાના તે કલેમાતને હુઝૂરે અક્દસ ﷺના દિલ મુબારકમાં ઈલ્કા ફર્માવેલ હોય. અને એની પણ સંભાવના છે કે આ ઈર્શાદે રબ્બાની જિબ્રઈલના વાસ્તાથી હુઝૂરે અક્દસ ﷺ સુધી પહોંચેલ હોય.

આ હદીષની સનદ પર કેટલીક બહષ કરવામાં આવેલ છે. એના એક રાવી ખાલિદ બિન મુખ્લદ મુતકલ્લમ ફીહ (વાંધાજનક) છે. અલ્લામા ઝહબીએ મીઝાનમાં એમના ઝિક્રમાં લખ્યું, એમની અમુક હદીષો મુન્કર છે અને અબૂ હાતિમનો કૌલ નક્લ ફર્માવ્યો કે કાબિલે એહતેજાઝ (દલીલને પાત્ર) નથી. ઈબ્ને અદીએ તેમની દસ મુન્કર હદીષની તખરીજ કરી. આ હદીષના બારામાં કહ્યું, જો સહીહની હયબત (સહીહ હોવાનુ વજન) ન હોત તો મુહદ્દિષો આ હદીષને ખાલિદ બિન મુખ્લદના મુન્કિરાતમાં ગણી લેત. આ મતન (મૂળ શબ્દો) આ સનદ સિવાય કોઈ અન્ય સનદ સાથે રિવાયત પામેલા નથી. અને બુખારી સિવાય એને કોઈએ રિવાયત નથી કરી. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે ઈબ્ને મુઈનથી મરવી છે કે તેમણે કહ્યું, આ લાબઅ્સ બિહી છે. (કોઈ વાંધાજનક નથી) અને અબૂ હાતિમે કહ્યું કે એની હદીષ લખવામાં આવશે. અને અબૂ દાઊદે કહ્યું સદૂક (સાચા) છે, પણ એમાં તશૈયુઅ છે અને તે મારી નજીક ઈન્શાઅલ્લાહુ તઆલા લા બઅ્સબિહી છે. અને સલ્ફના કૌલમાં તશૈયુઅનો મતલબ રાફઝી હોવું નથી થતું કે એની હદીષ કબૂલને પાત્ર ન થાય. ગૈર મુકલ્લિદોના શયખુલ કુલ ફિલ્ કુલ અહલે હદીષના નાદાન દોસ્ત મિયાં નઝીર હુસૈન સાહબે મિઅ્યારુલ હક્કમાં જે એમની જિંદગીભરની કમાઈ છે. મુહમ્મદ બિન ફુઝૈલ સહીહૈનના રાવી પર એ જરહ કરી કે તે મન્સૂબ બરિફ્ઝ છે. શયખજીની હદીષદાનીનો ભાંડો ફોડવાના માટે મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قُدِّسَ سِرُّہُ الْعَزِیْزની આ ટીપ્પણી જુઓ :–

હાથમાં ચરાગ છતાં અંધારાની શિકાયત જેવું છે કે ઈબ્ને ફુઝૈલનું રિફ્ઝથી મન્સૂબ હોવાનો દાવો કર્યો અને સાબિતીમાં તેમની કિતાબ ''તકરીબ''નું લખાણ જેના લીધે શીઆ હોવાનો આક્ષેપ લગાડવામાં આવે છે. (મતલબ એ છે કે ઈબ્ને ફુઝૈલના રાફઝી હોવાનો દાવો કર્યો અને સાબિતીમાં શીઆ હોવાના આક્ષેપવાળુ લખાણ રજૂ કર્યુ. જ્યારે કે તે સમયમાં હઝરત અલી رضی اللہ عنہને ચાહનારને પણ ''શીઆ'' કહેતા હતા.) મુલ્લાની આટલી ઉમર અને મુહદ્દિષ હોવાનો દાવો છતાં આજ સુધી એટલી ખબર નથી કે શીઆ તો મુતાખ્ખિરીનની બોલીમાં રાફઝીને કહે છે. خذ لھم اللہ تعالٰی جمیعًا. બલ્કે આજકાલના બેહૂદા મહઝૂઝબીન રાફઝીઓને રાફઝી કહેવા સભ્યતાની વિરુદ્ધ જાણે છે અને તેમને શીઆના જ લક્બ વડે યાદ કરવા જરૂરી માને છે. ખુદ મુલ્લાજીના ખયાલમાં પોતાના મુલ્લાઈજીના કારણે એ જ તાજો મુહાવરો હતો, અથવા પબ્લિકને ધોકો આપવાના માટે

મુતશૈયને રાફઝી બનાવ્યો, જ્યારે કે સલફમાં જે તમામ ખુલફાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની સાથે હુસ્ને અક઼ીદત રાખતો અને હઝરત અમીરુલ મો'મિનીન મૌલા અલી کرم اللہ وجہہ الکریم ને એમનામાં અફઝલ જાણતો શીઈ કહેવામાં આવતો બલ્કે જે કેવળ અમીરુલ મો'મિનીન ઉષ્માન ગની رضی اللہ عنہ પર તફઝીલ (ફઝીલત) દેતો તેને પણ શીઈ કહેતા. જ્યારે કે એ મસ્લક અમુક ઉલમાએ અહલે સુન્નતનો હતો, એના કારણે વિવિધને શીઆ કહેવામાં આવ્યા. બલ્કે ક્યારેય કેવળ અહલે બયતે કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની મહોબ્બતના જોશ હેઠળને શીઈયતથી તાબીર કરતા, જ્યારે કે એ તદ્દન સુન્નિયત છે. ઈમામ ઝહબીએ તઝકેરતુલ હુફ્ફાઝમાં ખુદ તેમને મુહમ્મદ બિન ફુઝૈલની નિસ્બત સ્પષ્ટતા કરી કે તેમનો તશૈયુઅ્ કેવળ મુવાલાત હતો. وبس حيث قال

## ★ આ હદીષના રાવીઓની સંખ્યા ★

محمد بن فضيل بن غزوان المحدث الحافظ كان من علماء هذا الشان وثقه يحي بن معين وقال احمد حسن الحديث شيعي قلت كان متواليا فقط.

મુહમ્મદ બિન ફુઝૈલ મુહદ્દિષ હાફિઝ મહાન શાનવાળા ઉલમામાંથી હતા. યહ્યા બિન મઈને તેમને ષિક઼હ બતાવ્યા. ઈમામ અહમદે કહ્યું કે હસનુલ હદીષ છે, પણ અહલે બયતથી ખૂબ જ પ્રમાણમાં મહોબ્બત રાખતા હતા અને બસ.

હાશિયામાં મીઝાનથી ઈમામ હાકિમના અહવાલમાં પ્રથમ એ નક઼લ કર્યું કે કોઈએ એમને રાફઝી કહ્યા. પછી લખ્યું اللّٰهم يحب الا نصاف ما الرجل رافضى بل شعىٌى فقط અલ્લાહ ઈન્સાફને પસંદ કરે છે, ઈમામ હાકિમ રાફઝી નહીં ફકત શીઈ છે. *(ફતાવા રઝવિય્યહ, ૨/૨૯૬, ૨૯૭)*

એ જ પ્રમાણે આ હદીષના બીજા રાવી શરીક બિન અબ્દુલ્લાહ બિન અબી નુમૈર પર પણ બહષ કરવામાં આવી છે. આ પણ મેઅરાજની હદીષના રાવી છે, જેમાં તેમણે ઘટાડો વધારો કર્યો છે અને આગળ પાછળ કરી દીધું છે, અને એવી વાતો વર્ણવી છે જેને કોઈએ વર્ણવી નથી.

અલ્લામા અયનીએ એનો જવાબ એ આપ્યો કે યહ્યા બિન મઈન તથા નિસાઈએ ફર્માવ્યું કે લાબઅ્સ બિહી છે. અને ઈબ્ને સઅદે કહ્યું કે ષિક઼હ અને કષીરુલ હદીષ છે.

સનદુલ હુફ્ફાઝમાં અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ ઝહબીના આ ક઼ૌલને મરદૂદ બતાવ્યો છે કે, આ મતન (હદીષના શબ્દો) આ સનદ સિવાય કોઈ બીજી કિતાબમાં રિવાયત થયેલ નથી. અને એ કે બુખારી સિવાય કોઈએ એની તખરીઝ નથી કરી. તે લખે છે :–

## ★ આ હદીષની તવજીહ (ખુલાસો) ★

આ હદીષના બીજા ઘણા તરીક઼ાઓ પણ છે એ સૌનો સંગ્રહ એના માટે દલીલ પૂરી પાડે છે કે આ હદીષની અસ્લ છે. પ્રથમ એ કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا થી મરવી છે જેની તખરીઝ ઈમામ અહમદે કિતાબુઝઝુહદમાં, તથા ઈબ્ને અબીદુન્યા અબૂ નુએમે હિલ્યહમાં અને બયહક઼ીએ ઝુહદમાં અબ્દુલ વાહિદ બિન મૈમૂન અન ઉરવાના તરીક઼ાથી કરી છે. તેમજ તિબ્રાનીએ યાકૂબના તરીક઼ાથી મુજાહિદ બિન ઉરવાથી તખરીજ કરી છે. બીજી એ કે આ હદીષ હઝરત અબૂ ઉમામાથી રિવાયત થયેલ છે જેને તિબ્રાનીએ અને બયહક઼ીએ ઝુહદમાં રિવાયત કરી. તેમજ મૌલલ્ મુસ્લિમીન અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہ થી પણ આ હદીષ મરવી છે જેને ઈસ્માઈલીએ મુસ્નદે અલીમાં રિવાયત કરી. ત્રીજી એ કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી પણ રિવાયત છે જેની તખરીજ તિબ્રાનીએ કરી. ચોથી એ કે હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે જેની

તખરીઝ અબૂ યઅલા અને બઝ્ઝાર અને તિબ્રાનીએ કરી. પાંચમી એ કે હઝરત હુઝૈફા رضی اللہ عنہથી ટૂંકમાં રિવાયત થયેલ છે જેની તખરીઝ તિબ્રાનીએ કરી. છટ્ટી એ કે હઝરત મઆઝ બિન જબલથી પણ મરવી છે કે જેની તખરીઝ ઈબ્ને માજહએ અને અબૂ નુઐમે હિલ્યહમાં કરી છે. સાતમીએ કે હઝરત મઆઝ બિન જબલથી પણ મરવી છે કે જેની તખરીજ ઈબ્ને માજહએ અને અબૂ નુઐમે હિલ્યહમાં કરી છે. આઠમી હઝરત વહબ બિન મુનબ્બહથી પણ મક્તૂઅન મરવી છે જેને ઈમામ અહમદે ઝુહદમાં અને અબૂ નુઐમે હિલ્યહમાં તખરીજ કરી છે, એમાંથી અમુક હદીષોની સનદ ઝઈફ છે પરંતુ અધિક્તર તરીક઼ાઓના કારણે ઝોઅફ ખત્મ થઈ ગયો, જેવું અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું. તેમજ એમાંથી અમુક તરીક઼ાની હદીષો ટૂંકી છે જેમ કે હઝરત હુઝૈફાની હદીષ رضی اللہ عنہما.

قوله من عادٰی ولیًا આ હદીષમાં عادَ باب مفاعلة નો સેગો છે જે મુશારકત ચાહે છે, પરંતુ અહીં મુશારકત મુરાદ નથી, જેમ કે આયતે કરીમા سارعوا الی مغفرة من ربکمમાં. આ હદીષથી અહલે બાતિને ઈસ્તેખરાજ કર્યો કે જો કોઈ શખ્સ જાતે પોતે જાલિમોથી જુલ્મનો બદલો ન લે, સબ્ર કરે તો અલ્લાહ તઆલા જાલિમોને જરૂર સજા આપે છે. એના પુષ્કળ નઝારાઓ છે.

## ★ વલીનો અર્થ શું ? ★

ولی (વલી) : તે મો'મિન આરિફ બિલ્લાહ છે જે આજ્ઞાપાલનને પૂરી પાબંદીની સાથે અદા કરતો રહે છે, અને હરામ ચીજોથી બચતો રહે છે તે પણ અલ્લાહને રાજી કરવાના ખાતર, ન કે ઈજ્જત તથા ખ્યાતિ પ્રાપ્ત કરવા માટે અને ન દેખાડો કરવા માટે. એટલા માટે **જે શરીઅતનો પાબંદ નથી તે વલી નથી થઈ શકતો, ભલે હવામાં ઉડતો હોય. જોગી જયપાલ કુફ્રની હાલતમાં એના પર ક઼ાદિર હતા કે પોતાના હરીફ પર પથ્થર વરસાવે, આગ વરસાવે, ખુદ હવામાં ઉડે, તો શું એ વખતે એ વલી હતા ?** ઈર્શાદ છે : اِنْ اَوْلِیَاءُ ہٗ اِلَّا الْمُتَّقُوْنَ **"અલ્લાહના વલી તે લોકો છે જેઓ મુત્તક઼ી છે."**

قَوْلُہٗ وَمَاتَقَرَّبَ ફર્ઝોની પાબંદી તથા અદાયગી નફ્લોના કરતાં અફઝલ છે. અને બિલ્કુલ જાહેર છે કે ફર્ઝો અદા કરવામાં સવાબની ઉમ્મીદ છે અને ત્યજવામાં અઝાબના પાત્ર થવું છે, અને નવાફિલની અદાયગીમાં સવાબની ઉમ્મીદ અને ત્યજી દેવામાં કોઈ ગુનોહ નથી. તેમજ ફર્ઝો મામૂરબિહી (હુકમ કરવામાં આવેલ) છે તેને કરવાવાળો ફર્માનના તાબે છે. એમાં આમિર (હુકમ કરનાર)ની અઝમત જાહેર છે, એમાં બંદાપણાનું તઝલ્લુલ (આજીજી) પણ છે. તેમજ ફર્ઝો અસ્લ છે અને નફ્લો ફુરૂઈ (શાખો) છે. ત્યાં સુધી કે **હદીષમાં ફર્માવવામાં આવ્યું કે જો ફર્ઝો છોડેલા હોય અને નફ્લો અદા કરે તો તેના સર્વ નફ્લો જમીન તથા આસ્માનની વચ્ચે લટકતા રહેશે, ક઼બૂલ થશે નહીં.** એટલા માટે ઉલમાએ ફર્માવ્યું, **જેના ફર્ઝો ક઼ઝા થઈ ગયા હોય તેઓ નફ્લોને બદલે ફર્ઝોની ક઼ઝા કરે.**

قوله ولایزال عبدی એનાથી મુરાદ એ છે કે ફર્ઝોની સંપૂર્ણપણે અદાયગી પછી નફ્લોની અદાયગી કરે છે. એ મતલબ નહીં કે ફર્ઝો છોડે અને નફ્લો કરે તોય મહબૂબ થશે ! એટલા માટે કે **જે ફર્ઝો છોડશે તે ફાસિક઼ થશે, તો તે મહબૂબ કેવી રીતે થશે ?** નફ્ફલો કેમ કે બંદો પોતાના તરફથી ખુશીથી અદા કરે છે એટલા માટે નફ્લો અદા કરનાર મહોબ્બતનો મુસ્તહિક઼ છે. એનું દૃષ્ટાંત એ છે કે જેમ કે એક શખ્સ ખિદમતમાં નોકર છે જેનો પગાર લે છે, અને સંબંધિત ખિદમત સિવાય કાંઈ કરતો નથી. તે પગારનો જરૂર હક્ક઼દાર છે અને તે એક સારો નોકર પણ કહેવાશે. પણ બીજો નોકર નિયુક્ત ખિદમત સિવાય અધિક પોતાની ખુશીથી અન્ય ખિદમતો પણ અંજામ આપે છે, યક઼ીનન ! માલિક આ બીજા નોકરને પહેલા કરતાં અધિક મહોબ્બત કરશે.

قوله حتیٰ احببته હિંદુસ્તાની રશીદિયહની આવૃત્તિમાં اَحْبَبْتُہٗ છે પરંતુ બીજા નુસ્ખાઓમાં અને

ફત્હુલબારી વગેરેમાં જે મતન (અસલ મેટર) લેવામાં આવેલ છે એમાં أُحِبُّهُ છે, અને એ જ પ્રમાણે અન્ય નુસ્ખાઓમાં જે મતન લેવામાં આવેલ છે તે فَإِذَا اَحْبَبْتُهُ છે, અને રશીદિયહના છપાયેલામાં નથી.

قوله فكنت سمعه الذى يسمع به અને અબ્દુલ વાહિદની રિવાયતમાં આટલુ વધારે છે. وَفُؤادَهُ الَّذِى يعقل به لسانه الذى يتكلم به અને મૈમૂનાની રિવાયતમાં આ પણ અધિક છે : وقلبه الذى يعقل به. હવે પૂરી હદીષ આ પ્રમાણે થઈ : હું એનો કાન બની જઉં છું જેનાથી તે સાંભળે છે. અને તેની આંખ બની જઉં છું જેનાથી તે જુએ છે, અને તેનો હાથ બની જઉં છું જેનાથી તે પકડે છે, અને તેનો પગ બની જઉં છું જેનાથી તે ચાલે છે, અને એનું દિલ બની જઉં છું જેનાથી તે સમજે છે, અને તેની જીભ બની જઉં છું જેનાથી તે બોલે છે.

## ★ આ હદીષ મુતશાબેહાતમાંથી છે ★

આ હદીષ મુતશાબેહાતમાંથી છે એના પર અહલે સુન્નતની એકમતિ છે કે અલ્લાહ ﷻ શરીર તથા અંગોથી પાક છે પછી આ હદીષનો શો મતલબ ? એનો તહકીકી જવાબ એ જ છે કે હકીકી મુરાદ તો અલ્લાહ ﷻ જાણે અથવા એના રસૂલ ﷺ જાણે. આ ખુદાનો ઈર્શાદ છે અને હક્ક છે અને એ જ આપણુ ઈમાન છે. તેમ છતાં ઉલમાએ એની વિવિધ સ્પષ્ટતાઓ કરી છે.

## ★ આ હદીષના આઠ ખુલાસાઓ ★

પ્રથમ એ કે બંદો સંપૂર્ણપણે મારી સાથે મશ્ગૂલ છે તો તે પોતાના કાનો વડે કેવળ તે જ વાતોને સાંભળે છે જે મને પસંદ છે. અને પોતાની આંખો વડે કેવળ તે જ ચીજોને જુએ છે જેની મેં ઈજાઝત આપી છે, અને ત્યાં જ જાય છે જ્યાં જવાને મેં તેના માટે જાઈઝ રાખ્યું છે. અને જીભ વડે તે જ કાઢે છે જે હક્ક છે. અને તે જ વિચારે છે જે મારી મરજી હોય છે. બીજુ એ કે હું તેના સર્વ મક્સદો અતા કરું છું, જાણે તે પોતાના મક્સદોને પોતાના જાહેરી અંગોથી હાંસલ કરી લે છે. આ ખુલાસો હદીષના આખરી હિસ્સા ان سالنى لأعطينه "જો તે મારાથી માગે તો હું જરૂર જરૂર આપીશ"ના મુજબ છે. ત્રીજુ હું તેની મદદ કરું છું જેવી રીતે તેના અંગો તેના કામમાં લાગેલાં રહે છે. ચોથુ : આ હદીષમાં મસ્દર, ઈસ્મે મફઉલના અર્થમાં છે. અર્થ એ થયો કે હું અનો મસ્મૂઅ (જેને સાંભળવામાં આવે) થઈ જઉં છું કે તે કેવળ મારો ઝિક્ર સાંભળે છે અને મારી યાદથી લઝ્ઝત પામે છે અને મારાથી મુનાજાતમાં ઉન્સિયત (હુંફ) પામે છે. અને હાથ એ જ ચીજોની તરફ વધારે છે જેમાં મારી રઝા છે. અને ત્યાં જ જાય છે જ્યાં જવું મને પસંદ છે. પાંચમું તૂફીએ કહ્યું, વિશ્વસનીય ઉલમાએ એના પર એકમતિ કરી કે આ નિર્દેશ છે બંદાની મદદ તથા એઆનત કરવાથી. તમષીલન્ (દષ્ટાંતરૂપે) ફર્માવ્યું કે જેવી રીતે કોઈ દુશ્મન કોઈના પર હુમ્લો કરે બેઈખ્તિયાર (આપો આપ) તેના અંગો તેની હિમાયત કરે છે, એ જ રીતે બિલા તમષીલ હું મારા બંદાની મદદ કરું છું ભલે તે દરખાસ્ત ન કરે. એમાં અમુક અર્થ અમુકની તરફ રાજેહ છે, પરંતુ બારીક દષ્ટિએ જોતાં કાંઈ ફરક પણ નથી.

સાતમુ એ કે ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہ એ સૂરએ કહફની તફસીર (તફસીરે કબીર, ૨૧/૯૧)માં લખ્યું છે કે અલ્લાહ તઆલા એની શ્રવણ શક્તિ એટલી મજબૂત કરી આપે છે, ઊંચાઈ નીચાણ, દૂર તથા નજીકના અવાજો સાંભળે છે, અને તેની આંખમાં એટલી નૂરાનિયત પેદા કરી આપે છે કે નજીક તથા દૂરની સર્વ ચીજો જુએ છે અને એના હાથમાં એટલી શક્તિ પેદા કરી આપે છે કે નરમ તથા સખત, સપાટ તથા પહાડ અને દૂર તથા નજીકમાં તસર્રુફ કરે છે. તેમનું ઈમાન અફરોઝ મૂળ લખાણ આ છે :–

وكذالك العبد اذا واظب على الطاعات بلغ الى المقام الذى يقول الله كنت له سمعا وبصرا فاذا صار نور جلال الله سمعا له سمع القريب والبعيد واذا صار ذالك النور بصرا له راى القريب والبعيد واذا صار ذالك النور يدا له قدر على التصرف فى الصعب والسهل والبعيد والقريب۔

''અને એ જ પ્રમાણે બંદો જયાં તાઅત (ફર્માંબરદારી)ને પાબંદીની સાથે અદા કરતો રહે છે તો એ મક઼ામ પર પહોંચી જાય છે કે અલ્લાહ તઆલા ફર્માવે છે કે હું એના કાન બની જાઉં છું, હું એની આંખ બની જાઉં છું. પછી જ્યારે અલ્લાહ તઆલાના જલાલનું નૂર એના કાન બની જાય છે તો નજીકની વાત સાંભળે છે અને દૂરની પણ. અને જ્યારે એ નૂર એના માટે આંખ બની જાય છે તો નજીકની ચીજ પણ જુએ છે અને દૂરની પણ. અને જ્યારે એ નૂર એના માટે હાથ બની જાય છે તો એ સખત જમીનમાં પણ તસર્રુફની કુદરત ધરાવશે અને નરમ જમીનમાં પણ અને નજીક પણ અને દૂર પણ.''

આ અર્થનું સમર્થન આ રિવાયતથી થાય છે જેમાં છે : فَبِیْ يَسْمَعُ وَبِیْ يَبْصُرُ وَبِیْ يَبْصُرُ وَبِیْ يَبْطِشُ وبی يمشی.

આઠમુ મુરાદ એ છે કે જેટલા પ્રમાણમાં જલ્દી તેનો કાન સાંભળે છે અને તેની આંખ જુએ છે અને તેનો હાથ પકડે છે અને તેનો પગ ચાલે છે એનાથી પણ જલ્દી હું મારા એવા બંદાઓની જરૂરતોને પૂરી કરું છું.

આઠમું એ કે અમુક મુતાખ્ખેરીન સૂફીઓએ ફર્માવ્યું કે આ તઅબીર છે મક઼ામે ફના અને મહ્‌વથી, (નષ્ટ થવાથી) જે સુલૂકની અંતિમ હદ છે.

### ★ قوله وماترددت عن شئ ની સ્પષ્ટતા ★

قوله وماترددت عن شئ એનો જાહેરી અર્થ એ નીકળે છે કે અલ્લાહ તઆલા એ અસમંજશમાં રહે છે કે બંદાને મૌત આપે કે શિફા આપે, પણ આ અર્થ કોઈ રીતે સહીહ નથી. તરદ્દુદ (અસમંજશ) એને થાય છે જે ક઼ાદિર ન હોય અને તેને અંજામનો હાલ ખબર ન હોય. અલ્લાહ તઆલા માટે એ મુહાલ છે. વળી જ્યારે મૌતનો સમય નિશ્ચિત છે, એ નિશ્ચિત સમય આવી જશે તો ન એક સેંકડ આમ તેમ થશે. પછી એમાં તરદ્દુદ કેવો ? અલ્લામા ખિતાબીએ એની બે તાવીલો કરી, પ્રથમ એ કે બંદો કદીક બીમારી વગેરેના કારણે મૌતની નજીક થઈ જાય છે. એ હાલમાં અલ્લાહથી દુઆ કરે છે, અલ્લાહ તેને શિફા આપે છે અને તેની તકલીફ દૂર કરી આપે છે. પ્રથમ એ હાલમાં નાખવું કે તે મૌતની નજીક પહોંચી ગયો, પછી તેને શિફા આપવી, બંનેવ અલ્લાહની તરફથી છે, તો એ એવું જ થઈ ગયું જેમ કે કોઈ શખ્સ કોઈ મામલામાં અસમંજશમાં છે કે એક કામ કરવાનો ઈરાદો કરે છે, પછી એના પર જાહેર થાય છે કે બીજુ કામ બેહતર છે તો એને છોડીને બીજુ અપનાવે છે. પ્રથમ બલા ઉતારી કે મરવાની નજીક પહોંચી ગયો. એનાથી જાહેર થઈ ગયું કે એને જિંદગીથી મહેરૂમ કરવા ચાહે છે, પછી શિફા આપે છે, જેનાથી માલૂમ થયું કે જીવંત રાખવા ચાહે છે. એને તરદ્દુદ (અસમંજશ) સાથે તઅબીર કર્યું, જ્યારે કે હક઼ીક઼તમાં તરદ્દુદ નથી.

બીજો ખુલાસો એ છે કે અલ્લાહ ﷻ નું પોતાના મહબૂબ બંદાઓ પર પોતાની રહ્‌મત તથા ખાસ કરમનું પ્રદર્શન કરવું છે કે હું એ ચાહું છું કે તે દુનિયાથી નીકળીને મારી બારગાહમાં હાજર થાય જેથી તે દુનિયાના

રંજોગમથી છૂટકારો કરીને મારી બારગાહમાં આવીને હમેશાંની રાહત અને હમેશાંના એશમાં રહે, પણ કેમ કે તે સ્વભાવિકપણે મૌતને નાપસંદ અને જિંદગીને પસંદ કરે છે તો હું તેની જિંદગીના પ્રમાણે છોડી આપુ છું.

એક ખુલાસો એ છે કે હું બંદાના કોઈ મામલામાં અસમંજશમાં પડેલા શખ્સની જેમ ખચકાતો નથી, સિવાય મહબૂબ બંદાની રૂહ કબ્ઝ કરવામાં કે હું તેમાં એટલી હદે ઢીલ કરું છું જ્યાં સુધી તે મૌતનો મુશ્તાક ન થતો કે એના સબબે મુકર્રિબીનના ગિરોહમાં સામેલ થઈને આ'લા ઈલ્લીય્યીનમાં જગા પામે. એક ખુલાસો એ પણ કરવામાં આવ્યો છે કે તરદુદથી મુરાદ લતાઈફના થકી મૌતની કરાહતને દૂર કરવું છે. દા.ત. બીમારી, અતિશય ઘડપણ, ફાકા તથા સખત બલાથી પરેશાન થઈને દુનિયાની જુદાઈ આસાન થઈ જાય અને તે એનો ઉમ્મીદવાર થઈ જાય એનો જે ખુદાની નજીક છે અને દારે કરામત તથા નઈમે બાકીનો તેના દિલમાં શોખ પેદા થઈ જાય. એને અલ્લાહ તઆલાએ તરદુદથી તઅબીર કર્યું.

આ સર્વ ખુલાસાઓ તથા તાવીલો છે અને પાયાની વાત તે જ છે જે અમે શરૂમાં લખી કે આ હદીષ મુતશાબેહાતમાંથી છે. જેમ કે તકર્રુબ, સમઅ, બસર, રિજ્લ છે, એ જ પ્રમાણે આ તરદુદ પણ છે. એની હકીકી મુરાદ શું છે એ અલ્લાહ ﷻ જાણે અથવા અલ્લાહના રસૂલ ﷺ જાણે. આપણે બંદાઓએ રાસિખિન ફિલ્ઈલ્મ (મજબૂત ઈલ્મવાળા)ની જેમ એ જ કહીને પસાર થઈ જવું જોઈએ કે : آمَنَّا بِهٖ كُلٌّ مِّنْ عِنْدِ رَبِّنَا "અમે એના પર ઈમાન લાવ્યા, સર્વ અમારા રબની તરફથી છે."

## ★ મૌતની તકલીફ વિશે ★

قوله يكره الموت મૌતને નાપસંદ કરવું નઝઅ (સકરાંત)ની તકલીફના કારણે છે. નઝઅની તકલીફનો આલમ શો છે, એને એક હદીષમાં વર્ણન કરવામાં આવ્યું. **તલ્વારના સો ઝખ્મોથી વધુ તકલીફદાયક નઝઅનો એક ઝટકો છે.** હઝરત સૈયદના અમ્ર બિન આસ رضي الله عنهથી જાંકનીના આલમમાં પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું, **શ્વાસ લેવામાં એટલી તકલીફ છે કે મહેસૂસ થાય છે કે હું સોયના કાણામાંથી શ્વાસ લઈ રહ્યો છું અને જાણે કે કાંટાની ડાળી મારી ખોપરીથી પગો સુધી ઘુસતી જઈ રહી છે.** ગુલિસ્તામાં છે કે જાંકનીની હાલતમાં એક શખ્સને પૂછવામાં આવ્યું કે શું હાલ છે ? તો તેણે કહ્યું કે **જો તમારો કોઈ દાંત ઉખેડવામાં આવે તો તમારો શો હાલ થશે ! હવે જ્યારે કે મારા શરીરેથી રૂહ ખેંચવામાં આવી રહી છે તો મારો શો હાલ હશે ?!** તો હદીષના આ હિસ્સાનો મતલબ એ થશે કે બંદો મૌતને નાપસંદ કરે છે તો હું પણ એ નાપસંદ કરું છું અને તેના મૌતને મોડુ કરી દઉં છું. પરંતુ કેમ કે કોઈએ દુનિયામાં હમેશાં રહેવાનું નથી એટલા માટે જ્યારે નિશ્ચિત સમય આવી જાય છે તો ઉઠાવી લઉં છું. આ હિસ્સો હકીકતમાં સબબ છે એ તરદુદનો જે અગાઉ વર્ણન પામ્યું. અને એક ખુલાસો એ પણ થઈ શકે છે કે જે બિલ્કુલ જાહેર છે, જેના તરફ અગાઉ નિર્દેશ પણ થઈ ચૂક્યો કે બંદો બશરી તકાઝા હેઠળ મૌતને નાપસંદ કરે છે અને તે બીમારી, લાંબી ઉમર, કમજોરીના કારણે તેને જે તકલીફ પહોંચે છે એને હું નાપસંદ કરું છું અને ચાહું છું કે તેને દુનિયાથી ઉઠાવી લઉં, પણ કેમ કે બંદો દુનિયામાં રહેવાનું પસંદ કરે છે તો એની પસંદને અગ્રતા આપતાં તેને દુનિયામાં રહેવા દઉં છું.

એક ખુલાસો એ પણ થઈ શકે કે દુનિયા અલ્લાહ ﷻના જમાલ તથા કમાલની મઝહર (ઉગમ સ્થાન) છે. તે રજ રજમાં અલ્લાહ ﷻનો જલ્વો જુએ છે, તો જીવતો રહેવા ચાહે છે જેથી દુનિયાના ભાવિ ખાનામાં અલ્લાહ ﷻનો જલ્વો જોતો રહે છે. અને અલ્લાહ ﷻને એ ગવારા નથી કે મહબૂબની દિલશિકની થાય એટલા

માટે અલ્લાહ તઆલા એને દુનિયામાં બાક઼ી રાખે છે. પરંતુ અલ્લાહ તઆલાને એ પસંદ નથી કે મારો મહબૂબ દુનિયાના રંજો તથા તકલીફોમાં સપડાયેલો રહે, પરંતુ અલ્લાહ તઆલા તેના મહબૂબને તેની મરજી મુજબ જીવંત રાખે છે. અને જ્યારે બંદાઓની નજરેથી આ પર્દો હટી જાય છે કે આઈનામાં જલ્વો જોવામાં એ મજા ક્યાં જે ડાયરેક્ટ જલ્વો જોવામાં છે, તો ખુદ તેને મૌતનો શોખ થઈ જાય છે. તો પછી હું એને મૌત આપુ છું. એનો સાર એ નીકળ્યો કે બંદાની બે હાલતો હોય છે : શરૂમાં તે મૌતને નાપસંદ કરે છે પણ અંતિમ સમયે એ કારણે કે મૌત એક પુલ છે જે મહબૂબને મહબૂબ સુધી પહોંચાડે છે, તે મૌતને પસંદ કરવા લાગે છે. જેવું કે સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ આખરી ઉમરમાં પોતાની મૌતના માટે દુઆ માગી હતી : اللّٰھم ارزقنی احسنه.

**પ્રકરણ : "નબી ﷺ નો ઈર્શાદ : હું મબઊષ થયો અને ક઼યામત એ બેના જેમ છે, અને ક઼યામતનો મામલો કેવળ પલક ઝપકતાં સુધી અથવા એનાથી ઓછો છે. બેશક ! અલ્લાહ તઆલા દરેક ચીજ પર ક઼ાદિર છે.** *–(નહ્‌લ–૭૭) (૯૬૩)*

بَابُ قَوْلِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بُعِثْتُ اَنَا وَالسَّاعَةُ كَهَاتَيْنِ وَمَا اَمْرُ السَّاعَةِ اِلَّا كَلَمْحِ الْبَصَرِ اَوْ هُوَ اَقْرَبُ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ص ۹۶۳

**સ્પષ્ટતા :** ક઼યામતનો દિવસ પચાસ હજાર વરસોનો હશે, પણ ખાસાને ખુદાના માટે એ રીતે પસાર થઈ જશે જાણે પલક ઝપકી.

**★ હું મબઊષ થયો (મોકલવામાં આવ્યો) અને ક઼યામત એ બંનેની જેમ છે ★**

٢٧٥٩ حديث

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ

*"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૭૫૯]**

بُعِثْتُ اَنَا وَالسَّاعَةُ كَهَاتَيْنِ۔

*હું મબઊષ થયો (મોકલવામાં આવ્યો) અને ક઼યામત એ બંનેની જેમ છે."*

٢٧٦٠ حديث

عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી ﷺ થી રિવાયત કરે છે કે* **[હદીષ : ૨૭૬૦]**

وَسَلَّمَ بُعِثْتُ اَنَا وَالسَّاعَةُ كَهَاتَيْنِ يَعْنِيْ اِصْبَعَيْنِ۔

*ફર્માવ્યું, હું મબઊષ થયો અને ક઼યામત બંનેના જેમ છે. એટલે બે આંગળીઓ."*

## હદીષ : ૨૭૬૦ની સમજૂતી

હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ ની રિવાયતમાં એટલુ વધારે છે કે હુઝૂરે પોતાની બે આંગળીઓ વડે ઈશારો કર્યો અને એ બંનેવને ઉઠાવી. હેતુ એ છે કે હવે ક઼યામત નજીક છે.

## ★ કયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે સૂરજ પશ્ચિમથી ઉગે ★

حدیث ۲۷۶۱

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કયામત* **[હદીષ : ૨૭૬૧]**

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ لَا تَقُوْمُ السَّاعَةُ حَتّٰی تَطْلُعَ الشَّمْسُ مِنْ مَغْرِبِهَا

*કાયમ થશે નહીં ત્યાં સુધી કે સૂરજ પશ્ચિમથી ઉગે. જ્યારે સૂરજ પશ્ચિમથી ઉગશે અને લોકો તેને જોઈ લેશે*

فَاِذَا طَلَعَتْ وَرَاٰهَا النَّاسُ اٰمَنُوْا اَجْمَعُوْنَ فَذٰلِكَ لَا یَنْفَعُ نَفْسًا اِیْمَانُهَا

*તો તમામે તમામ ઈમાન લાવશે. આ જ તે છે જે ફર્માવ્યું, જે આનાથી પહેલાં ઈમાન નથી લાવ્યો અને એનું*

لَمْ تَكُنْ اٰمَنَتْ مِنْ قَبْلُ اَوْ كَسَبَتْ فِیْ اِیْمَانِهَا خَیْرًا وَلَتَقُوْمَنَّ السَّاعَةُ

*ઈમાન લાભ કરશે નહીં. અથવા પોતાના ઈમાનમાં ભલાઈ ન કરી અને કયામત કાયમ થશે એ હાલમાં કે બે*

وَقَدْ نَشَرَ الرَّجُلَانِ ثَوْبَهُمَا بَیْنَهُمَا فَلَا یَتَبَایَعَانِهِ وَلَا یَطْوِیَانِهِ

*શખ્સ પોતાનાં કપડાં ફેલાવેલ હશે, ન તે વેચવા પામશે ન તે લપેટવા પામશે. અને કયામત કાયમ થશે એ*

وَلَتَقُوْمَنَّ السَّاعَةُ وَقَدِ انْصَرَفَ الرَّجُلُ بِلَبَنِ لِقْحَتِهِ فَلَا یَطْعَمُهُ

*હાલમાં કે એક શખ્સ ઊંટણીનું દૂધ લઈને આવશે પણ પીવા નહીં પામે. અને કયામત કાયમ થશે એ હાલમાં કે*

وَلَتَقُوْمَنَّ السَّاعَةُ وَهُوَ یُلِیْطُ حَوْضَهُ فَلَا یَسْقِیْ فِیْهِ وَلَتَقُوْمَنَّ السَّاعَةُ

*એક શખ્સ હોઝ લીપી રહ્યો હશે પણ એનાથી પાણી નહીં લઈ શકે. અને કયામત કાયમ થશે,*

وَقَدْ رَفَعَ اُكْلَتَهُ اِلٰی فِیْهِ فَلَا یَطْعَمُهَا

*એક શખ્સ કોળિયો મોં તરફ લઈ જઈ ચૂક્યો હશે પણ ખાય શકશે નહીં."*

### હદીષ : ૨૭૬૧ની સમજૂતી

તિર્મિઝીમાં છે કે પશ્ચિમમાં એક દરવાજો ખુલેલો છે જે ૭૦ વરસના અંતર જેટલો પહોળો છે, તે બંધ થશે નહીં, ત્યાં સુધી કે સૂરજ પશ્ચિમથી નીકળે. પશ્ચિમથી સૂરજ ઉગવાના સમયે આ મહાન નિશાનીને જોઈને સૌ ઈમાન લાવશે પણ જે કાફિર હશે એમનું ઈમાન વિશ્વસનીય ન થશે. એ જ પ્રમાણે જે ગુનેહગારો તૌબા કરશે તેમની તૌબા કબૂલ થશે નહીં. આખરી ઈર્શાદોનો સાર એ છે કે કયામત અચાનક આવશે, લોકો પોત પોતાનાં કામોમાં વ્યસ્ત હશે અને અચાનક આવશે.

પ્રકરણ : "જે અલ્લાહ તઆલાથી મુલાકાતને પસંદ કરે છે." –(૯૨૩)

بَاب مَنْ أَحَبَّ لِقَاءَ اللهِ أَحَبَّ اللهُ لِقَاءَهُ ص ۹۲۳

حدیث عَنْ أَنَسٍ عَنْ عُبَادَةَ بْنِ الصَّامِتِ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا عَنِ

"હઝરત ઓબાદા બિન સામિત رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું, જે અલ્લાહ **[હદીષ : ૨૭૬૨]**

النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ أَحَبَّ لِقَاءَ اللهِ أَحَبَّ اللهُ لِقَاءَهُ

તઆલાની મુલાકાતને મહબૂબ રાખે છે, અલ્લાહ તઆલા પણ તેની મુલાકાતને મહબૂબ રાખે છે. અને જે

وَمَنْ كَرِهَ لِقَاءَ اللهِ كَرِهَ اللهُ لِقَاءَهُ فَقَالَتْ عَائِشَةُ أَوْ بَعْضُ أَزْوَاجِهِ

અલ્લાહ તઆલાથી મુલાક઼ાતને નાપસંદ રાખે છે, અલ્લાહ તઆલા પણ તેની મુલાકાતને નાપસંદ રાખે છે. આ

إِنَّا لَنَكْرَهُ الْمَوْتَ قَالَ لَيْسَ ذَاكِ وَلٰكِنَّ الْمُؤْمِنَ إِذَا حَضَرَهُ الْمَوْتُ

સાંભળીને હઝરત આઈશા સિદ્દીક઼ા અથવા અમુક અઝવાજે મુતહ્હરાતે અર્ઝ કરી, અમે મૌતને નાપસંદ કરીએ

بُشِّرَ بِرِضْوَانِ اللهِ وَكَرَامَتِهِ فَلَيْسَ شَيْءٌ أَحَبَّ إِلَيْهِ مِمَّا أَمَامَهُ

છીએ. હુઝૂર ﷺ એ ફર્માવ્યું, એ મતલબ નથી ! મતલબ એ છે કે જ્યારે મૌત યક઼ીની તૌર પર નજીક થઈ જાય

فَأَحَبَّ لِقَاءَ اللهِ وَأَحَبَّ اللهُ لِقَاءَهُ وَإِنَّ الْكَافِرَ إِذَا حُضِرَ بُشِّرَ بِعَذَابِ

છે તો તેને અલ્લાહ તઆલાની ખુશ્નૂદી તથા ઈનાયતની બશારત આપવામાં આવે છે, તો એની આગળ જે કાંઈ

اللهِ وَعُقُوبَتِهِ فَلَيْسَ شَيْءٌ أَكْرَهَ إِلَيْهِ مِمَّا أَمَامَهُ كَرِهَ لِقَاءَ اللهِ

છે એનાથી વધુ કોઈ ચીજ પ્યારી નથી હોતી. હવે તે અલ્લાહ તઆલાની મુલાક઼ાતને મહબૂબ રાખે છે અને

وَكَرِهَ اللهُ لِقَاءَهُ ع

અલ્લાહ તઆલા એની મુલાક઼ાતને મહબૂબ રાખે છે. અને કાફિરનું મૃત્યુ જ્યારે નજીક હોય છે તો તેને અલ્લાહ તઆલાના અઝાબ અને સજાની બશારત આપવામાં આવે છે. એ વખતે એની આગળ જે કાંઈ છે એનાથી વધુ કોઈ ચીજ નાપસંદ નથી હોતી. અલ્લાહ તઆલા તેની મુલાક઼ાતને નાપસંદ કરે છે અને તે અલ્લાહ તઆલાની મુલાક઼ાતને નાપસંદ કરે છે."

*(તિર્મિઝી, જનાઈઝ, ૧/૨૦૫, તિર્મિઝી, ૨/૫૭, મુસ્લિમ–ઝિક્ર, પેજ : ૨૨૪, નિસાઈ, ૧/૩૬૦ જનાઈઝ)*

٢٧٦٣ حديث عَنْ أَبِي مُوسَىٰ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالَىٰ

*"હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૭૬૩]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ أَحَبَّ لِقَاءَ اللّٰهِ أَحَبَّ اللّٰهُ لِقَاءَهُ وَمَنْ كَرِهَ لِقَاءَ

*જે અલ્લાહ તઆલાથી મુલાક઼ાતને પસંદ કરે છે, અલ્લાહ તઆલા પણ તેનાથી મુલાક઼ાતને પસંદ કરે છે. અને જે*

اللّٰهِ كَرِهَ اللّٰهُ لِقَاءَهُ -

*અલ્લાહ તઆલાથી મુલાક઼ાતને નાપસંદ રાખે છે, અલ્લાહ તઆલા પણ તેનાથી મુલાક઼ાતને નાપસંદ રાખે છે."*

**હદીષ : ૨૭૬૩ની સમજૂતી** જાહેર છે કે જે મુસલમાનને એનું ઈત્મિનાન છે કે મેં ફર્ઝો તથા વાજિબોને મારી યથાશક્તિ સંપૂર્ણપણે અદા કરેલા છે, ગુનાહોથી યથાશક્તિ બચતો રહ્યો છું. એના ઝમીર (અંતર)નો અવાજ એ જ હશે કે અલ્લાહ તઆલા મારાથી રાજી છે. તેની હુઝૂર હાજર થઈશ તો મને ઈનામો ઈકરામથી નવાઝશે. તે અલ્લાહ તઆલાથી મુલાક઼ાતનો જરૂર શોખિન હશે. અને જે બદ્મઝહબને એનું યક઼ીન હશે કે હું મો'મિન નથી, જેણે રાત દિવસ ગુનાહો કર્યા, એના ઝમીરનો અવાજ એ જ હશે કે અલ્લાહ તઆલા મારાથી નારાજ છે, તે મને સજા આપશે. તો યક઼ીનન ! તે અલ્લાહની હુઝૂર હાજર થવાને નાપસંદ કરશે. રહી ગયું તબઈ (સ્વભાવિકપણે) મૌતને નાપસંદ રાખવું એ અલગ વાત છે. મૌત નાપસંદ હોવાને આ ઈર્શાદ સાથે કોઈ સંબંધ નથી. તેમ છતાં અલ્લાહ તઆલાના ઘણા બધા બંદાઓ છે તેઓ મૌતને નાપસંદ નથી કરતા બલ્કે તેની હજાર જાનથી તમન્ના કરે છે.

## بَابُ سَكَرَاتِ الْمَوْتِ ص ٩٦٤

## પ્રકરણ : "મૌતની તકલીફનું બયાન." *–(૯૬૪)*

٢٧٦٤ حديث عَنْ عَائِشَةَ قَالَتْ كَانَ رِجَالٌ مِنَ الْأَعْرَابِ جُفَاةٌ يَأْتُونَ النَّبِيَّ

*"હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે કેટલાક ગામડીયા ગમાર નબી ﷺ ની ખિદમતમાં* **[હદીષ : ૨૭૬૪]**

صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ فَيَسْأَلُونَهُ مَتَى السَّاعَةُ فَكَانَ يَنْظُرُ إِلَى أَصْغَرِهِمْ

*આવતા અને ક઼યામતના બારામાં પૂછતા, ક્યારે ક઼યામત છે ? તો હુઝૂર તેમનામાંથી સૌથી નાનાની તરફ*

فَيَقُولُ إِنْ يَعِشْ هٰذَا لَا يُدْرِكْهُ الْهَرَمُ حَتّٰى تَقُومَ عَلَيْكُمْ سَاعَتُكُمْ

*જોતા અને ફર્માવતા, જો આ જીવે તો એ ઘડપણ નહીં પામે કે તમારા પર તમારી ક઼યામત*

قَالَ هِشَامٌ يَعْنِي مَوْتَهُمْ -

*ક઼ાયમ થઈ જશે. હિશામે કહ્યું, એટલે એમનું મૃત્યું."*

## હદીષ : ૨૭૬૪ની સમજૂતી

ساعتکمની તફસીર موتهم હઝરત હિશામે કરી છે. એ હુઝૂરે અક્દસ ﷺનો ઈર્શાદ નથી. એક અન્ય હદીષમાં ફર્માવ્યું, من مات فقد قامت قیامته જે મરી ગયો તેની કયામત કાયમ થઈ ગઈ. એના પ્રમાણે આ ઈર્શાદ પણ છે. આ હદીષને પ્રકરણમાં જાહેરી રીતે મળતાપણુ નથી. પ્રકરણ હતું : سکرات الموت એમાં એનો કોઈ ઉલ્લેખ નથી. પરંતુ કોશિશ કરીને એ નિસ્બત પેદા કરવામાં આવી શકે છે કે ساعتهمથી મુરાદ موتهم છે અને દરેક મૌતના માટે સકરાત છે.

حدیث ٢٧٦٥ عَنْ اَبِیْ قَتَادَةَ بْنِ رِبْعِیِّ الْاَنْصَارِیِّ اَنَّهٗ کَانَ یُحَدِّثُ اَنَّ رَسُوْلَ

[હદીષ : ૨૭૬૫] *"અબૂ કતાદા ઈબ્ને રિબ્ઈ અન્સારી رضی اللہ عنہ હદીષ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺની*

اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ مَرَّ عَلَیْهِ بِجَنَازَةٍ قَالَ مُسْتَرِیْحٌ وَّمُسْتَرَاحٌ مِّنْهُ

*નજીકથી એક જનાઝો ગુજર્યો, ફર્માવ્યું, આરામ પામેલો છે. અથવા એનાથી લોકો આરામ પામ્યા છે.*

قَالُوْا یَا رَسُوْلَ اللّٰهِ مَا الْمُسْتَرِیْحُ وَمَا الْمُسْتَرَاحُ مِنْهُ قَالَ الْعَبْدُ الْمُؤْمِنُ

*લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મુસ્તરીહ અને મુસ્તરાહ શું છે ? ફર્માવ્યું, મૌતથી મો'મિન બંદો*

یَسْتَرِیْحُ مِنْ نَصَبِ الدُّنْیَا وَاَذَاهَا اِلٰی رَحْمَةِ اللّٰهِ وَالْعَبْدُ الْفَاجِرُ

*દુનિયાની તકલીફો તથા તેની પીડાથી આરામ પામે છે, અને બદ્કાર બંદાથી બંદાઓ તથા શહેર અને ઝાડ*

یَسْتَرِیْحُ مِنْهُ الْعِبَادُ وَالْبِلَادُ وَالشَّجَرُ وَالدَّوَابُّ عــه

*અને ચોપગાંઓ આરામ પામી જાય છે." (એની સાથે જોડાયેલી, મુસ્લિમ, નિસાઈ)*

## હદીષ : ૨૭૬૫ની સમજૂતી

અબ્દે મો'મિનથી મુરાદ કામિલ મો'મિન એટલે મુત્તકી છે. એ પણ થઈ શકે છે કે મુત્લકન મો'મિન મુરાદ હોય. એ પ્રમાણે ફાજિરમાં બે સંભાવનાઓ છે, ક્યાં તો એનાથી મુરાદ કાફિર હોય અથવા દરેક ફાસિક, ચાહે તે કાફિર હોય કે મો'મિન. કાફિર તથા ફાસિકથી બંદાઓની રાહત જાહેર છે કે બંદાઓ તેની તકલીફો તથા જુલ્મથી મહેફૂઝ થઈ જાય છે. શહેરની રાહતથી મુરાદ એ છે કે તે ગઝબથી ઝઘડા ફસાદથી મહેફૂઝ થઈ જાય છે અને તેની પૈદાવાર ગલત જગાએ નથી વપરાતી. ઝાડની રાહત એ છે કે તે જબરદસ્તી (ખયાનતથી) કાપી નાખવાથી અને ફળ લેવાથી મહેફૂઝ થઈ જશે.

**★ મૈયતની સાથે અથવા પાછળ ત્રણ ચીજો જાય છે ★**

حدیث ٢٧٦٦ حَدَّثَنَا عَبْدُ اللّٰهِ بْنُ اَبِیْ بَکْرِ بْنِ عَمْرِو بْنِ حَزْمٍ سَمِعَ اَنَسَ بْنَ مَالِكٍ

[હદીષ : ૨૭૬૬] *"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ કહેતા હતા કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું,*

رَضِیَ اللہُ تَعَالٰی عَنْہُ یَقُوْلُ قَالَ رَسُوْلُ اللہِ صَلَّی اللہُ عَلَیْہِ وَسَلَّمَ یَتْبَعُ الْمَیِّتَ

મૈયતની સાથે અથવા પાછળ ત્રણ ચીજો જાય છે બે પાછી આવે છે અને એક બાકી રહી જાય છે.

ثَلٰثَۃٌ فَیَرْجِعُ اِثْنَانِ وَیَبْقٰی مَعَہٗ وَاحِدٌ یَتْبَعُہٗ اَھْلُہٗ وَمَالُہٗ وَعَمَلُہٗ

તેની પાછળ તેના ઘરવાળાં, તેનો માલ અને તેના અમલ જાય છે. ઘરવાળાં તથા માલ પરત આવે છે અને તેનો

فَیَرْجِعُ اَھْلُہٗ وَمَالُہٗ وَیَبْقٰی عَمَلُہٗ ؏

અમલ બાકી રહી છે." (મુસ્લિમ–ઝુહદ, તિર્મિઝી–ઝુહદ, નિસાઈ–રકાઈક, જનાઈઝ, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૨૮૯, ૨૯૬)

**હદીષ : ૨૭૬૬ની સમજૂતી** મૈયતની સાથે અહલ તથા અમલનું જવું તો સહીહ છે, માલના જવાનો શો મતલબ છે ? મૈયતનો માલ તો તેના ઘરે રહી જાય છે. શરહકર્તાઓએ ફર્માવ્યું કે એ અરબની આદતના પ્રમાણે હતું કે મૈયતની સાથે તેનાં ચોપગાંઓને પણ કબ્રસ્તાન સુધી લઈ જતા હતા. કબ્રમાં માણસના સારા અમલ હસીન મર્દના રૂપમાં ઉમદા કપડાં બેહતરીન ખુશ્બુની સાથે આવે છે અને કહે છે, તને એ ચીજની બશારત થાય જે તને ખુશ કરશે ! તે કહેશે, તમે કોણ છો ? તે કહેશે, હું તારો સારો અમલ છું. અને કાફિર તથા ફાસિકના અમલ બુરા મર્દની શકલમાં આવશે અને કહેશે, હું તારો બુરો અમલ છું. જેમ કે મુસ્નદે ઈમામ અહમદમાં છે.

حدیث ۲۷۶۷ عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللہُ تَعَالٰی عَنْہُمَا قَالَ قَالَ رَسُوْلُ اللہِ صَلَّی اللہُ تَعَالٰی

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "જ્યારે **[હદીષ : ૨૭૬૭]**

عَلَیْہِ وَسَلَّمَ اِذَا مَاتَ اَحَدُکُمْ عُرِضَ عَلٰی مَقْعَدِہٖ غُدْوَۃً وَعَشِیَّۃً اِمَّا النَّارُ

તમારામાંથી કોઈ મરી જાય છે તો તેના ઠેકાણા પર સવાર સાંજ પેશ કરવામાં આવે છે, ક્યાં તો

وَاِمَّا الْجَنَّۃُ فَیُقَالُ ھٰذَا مَقْعَدُکَ حَتّٰی تُبْعَثَ۔

જહન્નમ ક્યાં તો જન્નત. પછી કહેવામાં આવે છે આ તારુ ઠેકાણુ છે, ત્યાં સુધી કે તું કબ્રથી ઉઠાડવામાં આવે.

بَاب نفخ الصور ص۹۶۵

**પ્રકરણ : "સૂર ફૂંકવા વિશે બયાન."** –(૯૬૫)

ت ۷۶۴ **[તઅલીક : ૭૬૪]** قَالَ مُجَاھِدٌ اَلصُّوْرُ کَھَیْئَۃِ الْبُوْقِ زَجْرَۃٌ صَیْحَۃٌ

"હઝરત મુજાહિદે કહ્યું, સૂર શીંગ (બ્યુગલ)ના જેવું છે. 'ઝજરતુન્'નો અર્થ 'સયહતુન્' છે."

"સૂર" એટલે ચીસ. ઈર્શાદ છે : فانماھی زجرۃ واحدۃ આ તો એક ધમકી છે એટલે કે બીજા સૂર ફૂંકાતી વખતે એક ચીસ સંભળાશે, અને સર્વ લોકો જીવતા થઈને ઉભા થઈ જશે.

ت ٧٦٥ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا اَلنَّاقُوْرُ الصُّوْرُ، اَلرَّجْفَةُ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, ''નાકૂર''થી મુરાદ સૂર છે. **[તઅલીક઼ : ૭૬૫]**

## النَّفْخَةُ الْاُوْلٰی - وَالرَّادِفَةُ النَّفْخَةُ الثَّانِيَةُ -

*''અર્રજફહ''થી મુરાદ પ્રથમવાર સૂર ફૂંકાવું છે અને ''રાદિફહ''થી મુરાદ બીજી વખત સૂર ફૂંકાવું છે.''*

**તઅલીક઼ : ૭૬૫ની સમજૂતી** ઈર્શાદ છે : فَاِذَا نُقِرَ فِی النَّاقُوْرِ ''જ્યારે સૂરમાં ફૂકવામાં આવશે.'' *(સૂ. મુદ્દષ્ષિર–૮)* અને ઈર્શાદ છે : يَوْمَ تَرْجُفُ الرَّاجِفَةُ تَتْبَعُهَا الرَّادِفَةُ ''જે દિવસે ઠઠરશે ઠઠરનારી, એની પાછળ આવશે આવનારી.'' *(સૂરએ નાઝિઆત, આ. ૬, ૭)* હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે પહેલી આયતમાં ''નાકૂર''થી મુરાદ સૂર છે અને બીજી આયતમાં ''અર્રજફહ''થી મુરાદ પ્રથમ સૂર છે. અને ત્રીજી આયતમાં ''રાદિફહ''થી મુરાદ બીજીવારનું સૂર છે.

ક઼યામતના સિલસિલામાં બે વાર સૂર ફૂંકવામાં આવશે. પ્રથમવાર ફૂંકવામાં આવશે એની અસરથી જે બેહોશી છવાશે એની એ અસર થશે કે ફરિશ્તા અને જમીનવાળાઓમાંથી એ વખતે જે લોકો જીવતા હશે, જેમના પર મૌત ન આવી હશે તેઓ એનાથી મરી જશે. અને જેમની મૌત આવી ચૂકી પછી અલ્લાહ તઆલાએ તેમને હયાત અર્પણ કરી તેઓ પોતાની ક઼બ્રોમાં ઝિંદા છે, જેમ કે અંબિયા, તથા શહીદો, એમના પર આ સૂર ફૂંકવાથી બેહોશી જેવી સ્થિતિ છવાઈ જશે, અને જે લોકો ક઼બ્રોમાં મરેલા પડેલા છે તેમને આ સૂર ફૂંકાવાનો ખયાલ પણ નહીં આવે. પછી બીજીવાર સૂર ફૂંકવામાં આવશે જેનાથી મુડદાં જીવતાં કરવામાં આવશે. ઈર્શાદ છે :–

وَنُفِخَ فِی الصُّوْرِ فَصَعِقَ مَنْ فِی السَّمٰوٰتِ وَمَنْ فِی الْاَرْضِ اِلَّا مَنْ شَآءَ اللّٰهُ ثُمَّ نُفِخَ فِيْهِ اُخْرٰی فَاِذَا هُمْ قِيَامٌ يَّنْظُرُوْنَ. (سورہ زمر آیت ۶۸)

''અને સૂર ફૂંકવામાં આવશે તો બેહોશ થઈ જશે જેટલા આસ્માનોમાં છે અને જેટલા જમીનમાં છે, પણ જેને અલ્લાહ ચાહે. પછી તે બીજીવાર ફૂંકવામાં આવશે ત્યારે તેઓ જોતા જોતા ઉભા થઈ જશે.'' *(સૂરએ ઝુમર, આ. ૬૮)*

આ આયતમાં اِلَّا مَنْ شَآءَ اللّٰهُ થી શું મુરાદ છે, એના વિશે મુફસ્સિરોના ઘણા કથનો છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે પ્રથમ સૂર ફૂંકવાથી સર્વ આસ્માનો તથા જમીનવાળા મરી જશે, સિવાય જિબ્રઈલ, મીકાઈલ, ઈસ્રાફીલ તથા મલકુલ મૌતના. પછી અલ્લાહ તઆલા બંનેવ સૂરોની વચ્ચે જે ચાલીસ વરસની મુદ્દત છે તેમાં એ ફરિશ્તાઓને પણ મૌત આપશે. બીજો ક઼ૌલ એ છે કે શહીદો અપવાદ છે, જેમના માટે કુર્આન મજીદમાં بَلْ اَحْيَآءٌ આવ્યું છે. ત્રીજો ક઼ૌલ એ છે કે હઝરત જાબિર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે અપવાદ હઝરત મૂસા علیہ السلام છે કેમ કે આપ તૂર પર બેહોશ થઈ ચૂક્યા છે, એટલા માટે આ સૂર ફૂંકવાથી આપ બેહોશ થશે નહીં, બલ્કે આપ જાગૃત તથા હોશિયાર રહેશે. ચોથો ક઼ૌલ એ છે કે અપવાદ જન્નતની હૂરો અને અર્શ તથા કુર્સીના રહેવાવાળા છે. ઝેહાકનો ક઼ૌલ છે કે અપવાદ રિઝવાન તથા હૂરો છે અને તે ફરિશ્તા જેઓ જહન્નમ પર નિયુક્ત છે, તેઓ તથા જહન્નમના સાપ વીંછી અપવાદ છે.

## بَابٌ يَقْبِضُ اللّٰهُ الْأَرْضَ ص٩٦٥

**પ્રકરણ : "અલ્લાહ તઆલા જમીનને મુઠ્ઠીમાં લેશે."** –(૯૬૫)

حدیث ۲۷۶۸ عَنْ أَبِي سَعِيْدِ الْخُدْرِيِّ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

**[હદીષ : ૨૭૬૮]** *"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું,*

تَكُوْنُ الْأَرْضُ يَوْمَ الْقِيٰمَةِ خُبْزَةً وَاحِدَةً يَتَكَفَّأُهَا الْجَبَّارُ بِيَدِهٖ كَمَا

*કયામતના દિવસે જમીન એક રોટીની જેમ થઈ જશે, જેને અલ્લાહ તઆલા પોતાના દસ્તે કુદરતથી ફેલાવશે,*

يَتَكَفَّأُ أَحَدُكُمْ خُبْزَتَهٗ فِي السَّفَرِ نُزُلًا لِأَهْلِ الْجَنَّةِ فَأَتٰى رَجُلٌ مِنَ

*જેવી રીતે તમારામાંથી કોઈ પોતાની રોટલી દસ્તરખાન પર ફેલાવે છે, જન્નતવાળાઓની મિજબાનીના માટે.*

الْيَهُوْدِ فَقَالَ بَارَكَ الرَّحْمٰنُ عَلَيْكَ يَا أَبَا الْقَاسِمِ أَلَا أُخْبِرُكَ بِنُزُلِ

*પછી એક યહૂદી આવ્યો તેણે કહ્યું, હે અબુલ કાસિમ ! તમને અલ્લાહ બરકત આપે, શું હું તમને ન બતાવું કે*

أَهْلِ الْجَنَّةِ يَوْمَ الْقِيٰمَةِ قَالَ بَلٰى قَالَ تَكُوْنُ الْأَرْضُ خُبْزَةً وَاحِدَةً

*કયામતના દિવસે જન્નતની પહેલી મિજબાની કઈ ચીજ છે ? હુઝૂરે ફર્માવ્યું, હા ! બતાવ ! તેણે કહ્યું, જમીન એક*

كَمَا قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَنَظَرَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

*રોટલી હશે. (તેણે પણ એ જ કહ્યું) જે નબી ﷺ એ કહ્યું હતું. પછી નબી ﷺ એ અમારી તરફ જોયું પછી*

عَلَيْهِ وَسَلَّمَ إِلَيْنَا ثُمَّ ضَحِكَ حَتّٰى بَدَتْ نَوَاجِذُهٗ ثُمَّ قَالَ أَلَا أُخْبِرُكَ

*મુસ્કુરાયા, ત્યાં સુધી કે હુઝૂરના અણીવાળા દાંત જાહેર થઈ ગયા. પછી યહૂદીએ કહ્યું, શું હું તમને ન બતાવું કે*

بِإِدَامِهِمْ قَالَ إِدَامُهُمْ بَالَامٌ وَنُوْنٌ قَالُوْا وَمَا هٰذَا قَالَ ثَوْرٌ

*તેમનું સાલન (શાક) શું હશે ? તો તેણે કહ્યું, તેમનું સાલન બાલમ તથા નૂન હશે. લોકોએ કહ્યું, એ શું છે ? તેણે*

وَنُوْنٌ يَأْكُلُ مِنْ زَائِدَةِ كَبِدِهَا سَبْعُوْنَ أَلْفًا

*કહ્યું, બળદ તથા માછલી, તેના કલેજાના ઝાઈદાથી સિત્તેર હજાર ખાશે." (મુસ્લિમ–તૌબા)*

**હદીષ : ૨૭૬૮ની સમજૂતી** نُزُلًا એ ખાણાને કહે છે જે મહેમાનની સામે પહેલીવાર પેશ કરવામાં આવે છે, જેને આપણા ઉર્ફમાં નાશ્તો કહે છે. અલ્લાહ ﷻ કયામતના દિવસે પૂરી જમીનને એક રોટલી બનાવી દેશે જે એના કદમોની નીચે હશે જેને એ લોકો ખાશે જેના મુકદરમાં જન્નતમાં જવાનું છે, જેથી મહેશરના

મેદાનમાં ભૂખ્યા ન રહે. ક઼બ્રોએથી ઉઠયા પછી અલ્લાહ ﷻની તરફથી સૌ પ્રથમ આ ખાવા મળશે. એટલા માટે એને نُزُلٌથી તઅબીર કર્યું. بالام (બાલામ) ઈબ્રાની શબ્દ છે જેનો અર્થ બળદ છે. અને نون નૂન એટલે માછલી. માછલીના કલેજામાં એક હિસ્સો અલગ હોય છે એને ઝાઈદા કહે છે. એ જ એ સમયે લોકોનું શાક હશે. ناجزة-نواجذનું બહુવચન છે. એ આખરના દાંતોને કહે છે : દાંતોની વહેંચણી આ પ્રમાણે છે : વચ્ચેના બે ષનાયા, બંને બાજુ તેના બાજુવાળા રૂબાઈય્યાત. પછી જવાહિક પછી અરહ઼ા, પછી નવાજિઝ. કિતાબુસ્સૌમમાં છે : حتیٰ بَدَتْ اَنْيَابُهٗ અન્યાબ એટલે અણીયારા દાંત જે રૂબાઈના પછી હોય છે. આ હદીષમાં અને પ્રકરણની હદીષમાં નિસ્બત નથી, એટલા માટે કે નવાજિઝ એ અન્યાબ અને અદરાસ માટે પણ બોલવામાં આવે છે.

حدیث ٢٧٦٩ حَدَّثَنِیْ اَبُوْحَازِمٍ قَالَ سَمِعْتُ سَهْلَ بْنَ سَعْدٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ سَمِعْتُ

*"હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ એ કહ્યું, મેં નબી ﷺ ને ફર્માવતાં સાંભળ્યું, કે* **[હદીષ : ૨૭૬૯]**

النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ يُحْشَرُ النَّاسُ يَوْمَ الْقِيٰمَةِ عَلٰی اَرْضٍ بَيْضَاءَ عَفْرَاءَ

*ક઼યામતના દિવસે લોકોને ભેગા કરવામાં આવશે સફેદ રતાશ પડતી જમીન પર જેમ કે મેદાની રોટી. સહલે*

كَقُرْصَةِ النَّقِیِّ قَالَ سَهْلٌ اَوْ غَيْرُهٗ لَيْسَ فِيْهَا مَعْلَمٌ لِاَحَدٍ عـــ

*કહ્યું અથવા એમના સિવાય કોઈ અન્યએ કહ્યું, એમાં કોઈના માટે કોઈ નિશાન હશે નહીં." (મુસ્લિમ–તૌબા)*

**હદીષ : ૨૭૬૯ની સમજૂતી** એ જમીન જેના પર હશ્ર થશે તે દુનિયાની જમીનના સિવાયની છે. અબ્દ બિન હુમૈદે હકમ બિન અબાનના તરીક઼ાથી અકરમાથી રિવાયત કરી કે તેમણે કહ્યું કે આ દુનિયાની જમીન લપેટી દેવામાં આવશે અને એના બાજુમાં બીજી જમીન હશે જેના પર હશ્ર થશે. બયહક઼ીએ શોઅબુલ ઈમાનમાં અમ્ર બિન મૈમૂનના તરીક઼ાથી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે તેમણે આયતે કરીમા يَوْمَ تُبَدَّلُ الْاَرْضُ غَيْرَالْاَرْضِ "જે દિવસે જમીન બીજી જમીનથી બદલી દેવામાં આવશે" તફસીરમાં ફર્માવ્યું, જમીન એવી જમીનથી બદલી દેવામાં આવશે જાણે તે ચાંદી છે જેના પર કોઈ હરામ લોહી નથી વહાવવામાં આવ્યું અને જેના પર કોઈ ગુનોહ નથી કરવામાં આવ્યો.

## بَابٌ كَيْفَ الْحَشْرُ ص٩٦٥

**પ્રકરણ : "હશ્ર કેવી રીતે થશે ?"** *–(૯૬૫)*

حدیث ٢٧٧٠ عَنْ اَبِیْ هُرَيْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું, લોકોને* **[હદીષ : ૨૭૭૦]**

قَالَ يُحْشَرُ النَّاسُ يَوْمَ الْقِيٰمَةِ عَلٰی ثَلَاثِ طَرَائِقَ رَاغِبِيْنَ وَرَاهِبِيْنَ وَاثْنَانِ

*ક઼યામતના દિવસે ત્રણ માર્ગોએ ભેગા કરવામાં આવશે, લાલચ રાખતાં અને ડર રાખતાં. અને બે એક ઊંટ*

عَلٰى بَعِيْرٍ وَثَلَاثَةٌ عَلٰى بَعِيْرٍ وَأَرْبَعَةٌ عَلٰى بَعِيْرٍ وَعَشَرَةٌ عَلٰى بَعِيْرٍ وَيُحْشَرُ

*પર, અને ત્રણ એક ઊંટ પર અને ચાર એક ઊંટ પર, અને દસ એક ઊંટ પર, અને બાક઼ીનાને આગ ભેગા*

بَقِيَّتَهُمُ النَّارُ تَقِيْلُ مَعَهُمْ حَيْثُ قَالُوْا وَتَبِيْتُ مَعَهُمْ

*કરશે જે એમની સાથે ક઼ૈલૂલાના સમયે રહેશે, અને જ્યાં રાત પસાર કરશે ત્યાં રહેશે, અને જ્યાં સવાર કરશે*

حَيْثُ بَاتُوْا وَتُصْبِحُ مَعَهُمْ حَيْثُ أَصْبَحُوْا وَتُمْسِىْ مَعَهُمْ حَيْثُ أَمْسَوْا ع

*ત્યાં રહેશે, અને સાંજ કરશે ત્યાં રહેશે.'' (મુસ્લિમ, બાબુ યુહશરુન્નાસુ અલા તરાઈક઼)*

## હદીષ : ૨૭૭૦ની સમજૂતી

હશ્ર ચાર છે, બે દુનિયાના અને બે આખેરતમાં. દુનિયાના બે હશ્રમાં એક તે છે જેને આ આયતે કરીમામાં બયાન કર્યું : هُوَ الَّذِىٓ اَخْرَجَ الَّذِيْنَ كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتَابِ مِنْ دِيَارِهِمْ لِأَوَّلِ الْحَشْرِ ''તે જ છે જેણે એ કાફિર કિતાબીઓને તેમના ઘરેઓથી કાઢયા તેમના પ્રથમ હશ્રના માટે.'' બીજો તે જે ક઼યામતની નિશાનીઓમાં વર્ણન થયેલ છે કે એક આગ આવશે અને સૌને હાંકીને શામમાં ભેગા કરી દેશે. અને બે આખેરતના આ છે : પ્રથમ મુડદાંઓનું ઝિંદા થઈને પોતાના ઠેકાણેથી નીકળીને મૌક઼ફમાં જવું. બીજુ જન્નત કે દોઝખમાં જવું. قوله ثلاث طرائق એનાથી મુરાદ એ છે કે ત્રણ ગિરોહ હશે, પ્રથમ રાગ઼િબીન, રાહિબીન. બીજા જેઓ ઊંટો પર સવાર થઈને ચાલશે, અને ત્રીજા તે જેમને આગ હાંકીને લઈ જશે

**★ લોકો ઉઘાડા પગે ઉઘાડા શરીરે વિના ખત્નાવાળા ભેગા કરવામાં આવશે ★**

حديث ٢٧٧١ عَنْ عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

*''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૭૭૧]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُحْشَرُوْنَ حُفَاةً عُرَاةً غُرْلًا قَالَتْ عَائِشَةُ فَقُلْتُ يَا رَسُوْلَ اللّٰهِ

*લોકો ઉઘાડા પગે ઉઘાડા શરીરે વિના ખત્નાવાળા ભેગા કરવામાં આવશે. ઉમ્મુલ મો'મિનીને કહ્યું, એના પર*

اَلرِّجَالُ وَالنِّسَاءُ يَنْظُرُ بَعْضُهُمْ إِلٰى بَعْضٍ فَقَالَ اَلْأَمْرُ أَشَدُّ مِنْ

*મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ પુરૂષ સ્ત્રી એકબીજાને જોશે ? ફર્માવ્યું, મામલો એટલો સખ્ત છે કે કોઈ*

أَنْ يُهِمَّهُمْ ذٰلِكَ ع

*એનો ઈરાદો કરવા પામશે નહીં.'' (મુસ્લિમ–અવાખિર કિતાબ, નિસાઈ–જનાઈઝ, ઈબ્ને માજહ–ઝુહદ)*

**★ તમે લોકો અડધા જન્નતવાસી હશો ★**

حدیث ۲۷۷۲

عَنْ عَبْدِ اللّٰهِ قَالَ كُنَّا مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِي قُبَّةٍ فَقَالَ أَتَرْضَوْنَ أَنْ تَكُوْنُوْا رُبُعَ أَهْلِ الْجَنَّةِ قُلْنَا نَعَمْ قَالَ أَتَرْضَوْنَ أَنْ تَكُوْنُوْا ثُلُثَ أَهْلِ الْجَنَّةِ قُلْنَا نَعَمْ قَالَ وَالَّذِي نَفْسُ مُحَمَّدٍ بِيَدِهِ إِنِّي لَأَرْجُوْا أَنْ تَكُوْنُوْا نِصْفَ أَهْلِ الْجَنَّةِ وَذٰلِكَ أَنَّ الْجَنَّةَ لَا يَدْخُلُهَا إِلَّا نَفْسٌ مُسْلِمَةٌ وَمَا أَنْتُمْ فِي أَهْلِ الشِّرْكِ إِلَّا كَالشَّعْرَةِ الْبَيْضَاءِ فِي جِلْدِ الثَّوْرِ الْأَسْوَدِ أَوْ كَالشَّعْرَةِ السَّوْدَاءِ فِي جِلْدِ الثَّوْرِ الْأَحْمَرِ

**[હદીષ : ૨૭૭૨]** *''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે અમે નબી ﷺ ની સાથે એક ગોળ તંબૂમાં હતા. હુઝૂરે ફર્માવ્યું, શું તમે લોકો એના પર રાજી છો કે અહલે જન્નતની ચોથાઈ (૧/૪) રહો ? અમે અર્ઝ કર્યું ? હા ! અમે રાજી છીએ. ફર્માવ્યું, શું તમે એના પર રાજી છો કે જન્નતવાસીઓના ૧/૩ રહો ?! અમે કહ્યું, હા ! ફર્માવ્યું, કસમ છે એ જાતની જેના કબજામાં મુહમ્મદની જાન છે, હું ઉમ્મીદ કરું છું કે તમે લોકો અડધા જન્નતવાસી હશો, અને એ એના કારણે છે કે જન્નતમાં કેવળ મુસલમાન જ દાખલ થશે, અને તમારી સંખ્યા શિર્કવાળાઓની સરખામણીમાં એવી છે જાણે એક સફેદ વાળ કાળા બળદની ચામડીમાં અથવા એક કાળો વાળ લાલ બળદની ચામડીમાં.''*

*(બુખારી કિતાબુલ ઈમાન વન્નુઝૂર, પેજ : ૯૮૩, મુસ્લિમ–ઈમાન, તિર્મિઝી–સિફતુલ્જન્નહ, ઈબ્ને માજહ–ઝુહદ)*

**હદીષ : ૨૭૭૨ની સમજૂતી** આ ઈર્શાદ મિનામાં ફર્માવ્યો હતો. (બુખારી–અલ્ઈમાન વન્નુઝૂર, પેજ : ૯૮૩) અને તે વખતે તંબૂમાં લગભગ ચાલીસ માણસો હતા. *(મુસ્લિમ–ઈમાન)*

حدیث ۲۷۷۳

عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ أَوَّلُ مَنْ يُدْعٰى يَوْمَ الْقِيَامَةِ آدَمُ عَلَيْهِ السَّلَامُ فَتَرَاأٰى ذُرِّيَّتُهُ فَيُقَالُ هٰذَا أَبُوْكُمْ آدَمُ فَيَقُوْلُ لَبَّيْكَ وَسَعْدَيْكَ فَيَقُوْلُ أَخْرِجْ بَعْثَ جَهَنَّمَ مِنْ

**[હદીષ : ૨૭૭૩]** *''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું કે કયામતના દિવસે સૌ પ્રથમ આદમ علیہ السلام ને બોલાવવામાં આવશે તો એમની સામે એમની ઓલાદ જાહેર થશે. કહેવામાં આવશે, હે લોકો ! આ તમારા બાપ આદમ છે. હઝરત આદમ અર્ઝ કરશે, લબ્બૈક વ સઅદૈક. હવે ફર્માવશે,*

ذُرِّيَّتِكَ فَيَقُوْلُ يَا رَبِّ كَمْ أُخْرِجُ فَيَقُوْلُ أَخْرِجْ مِنْ كُلِّ مِائَةٍ تِسْعَةً وَّتِسْعِيْنَ

*પોતાની ઔલાદમાંથી જહન્નમમાં નાખવાવાળાઓને કાઢો ! તો પૂછશે કે હે પરવરદિગાર ! કેટલા કાઢુ ?*

فَقَالُوْا يَا رَسُوْلَ اللّٰهِ إِذَا أُخِذَ مِنَّا مِنْ كُلِّ مِائَةٍ تِسْعَةٌ وَّتِسْعُوْنَ فَمَاذَا

*ફર્માવશે, દરેક સોમાંથી નવ્વાણુને કાઢો ! લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! જ્યારે અમારા દરેક સોમાંથી*

يَبْقَى مِنَّا قَالَ إِنَّ أُمَّتِي فِي الْأُمَمِ كَالشَّعْرَةِ الْبَيْضَاءِ فِي الثَّوْرِ الْأَسْوَدِ

*નવ્વાણુ કાઢી લેવામાં આવશે તો અમારામાંથી શું બાકી રહેશે ? ફર્માવ્યું, મારી ઉમ્મત અન્ય ઉમ્મતોના મુકાબલામાં*

*એવી છે જેમ કે સફેદ વાળ કાળા બળદમાં."*

بَابُ قَوْلِ اللّٰهِ أَلَا يَظُنُّ أُولٰئِكَ أَنَّهُمْ مَبْعُوْثُوْنَ لِيَوْمٍ عَظِيْمٍ يَوْمَ يَقُوْمُ النَّاسُ لِرَبِّ الْعَالَمِيْنَ ص ٩٦٧

**પ્રકરણ : "શું અમે લોકો ગુમાન નથી કરતા કે એ લોકો એક મોટા દિવસના માટે ઉઠાવવામાં આવશે જે દિવસે લોકો રબ્બુલ આલમીનના માટે ઉભા હશે."** *–(૯૬૭)*

### ★ કયામતના દિવસે વિવિધ તકલીફો ★

**સ્પષ્ટતા :** હનાદ બિન સરાએ ઝુહદમાં અબ્દુલ્લાહ ઈબ્ને હારિષના તરીકાથી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہما થી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું, એક શખ્સે તેમને કહ્યું, મદીનાવાળા પૂરુ માપે છે ? તો તેમણે ફર્માવ્યું, તેઓ એવું કેમ નહીં કરે ! જ્યારે કે **અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, ખરાબી છે કાંટી મારવાવાળાના માટે.** તેમણે ત્યાં સુધી તિલાવત કરી, **જે દિવસે લોકો રબ્બુલ આલમીનના માટે ઉભા થશે અને પરસેવો અડધા કાનો સુધી પહોંચેલો હશે, કયામતના દિવસે ભયના કારણે.** આ હદીષ ઈમામ બુખારીની શર્ત પર ન હતી, એટલા માટે એને પોતાની કિતાબમાં નથી લખી.

ت ٧٦٦ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا وَتَقَطَّعَتْ بِهِمُ الْأَسْبَابُ

*"સર્વ સબબો કટ થઈ ગયા. હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે અહીં* **[તઅલીક : ૭૬૬]**

اَلْوُصُلَاتُ فِي الدُّنْيَا۔

*સબબોથી મુરાદ દુનિયાના સંબંધો છે."*

حدیث ٢٧٧٤ عَنْ أَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ أَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* ***કયામતના*** **[હદીષ : ૨૭૭૪]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ يَعْرَقُ النَّاسُ يَوْمَ الْقِيٰمَةِ حَتّٰى يَذْهَبَ عَرَقُهُمْ فِي الْأَرْضِ

***દિવસે લોકોને પરસેવો આવશે, ત્યાં સુધી કે તેમનો પરસેવો સિત્તેર હાથ જમીનમાં શોષાય જશે***

سَبۡعِیۡنَ ذِرَاعًا وَیُلۡجِمُهُمۡ حَتّٰی یَبۡلُغَ اٰذَانَهُمۡ

*અને તેમના મોંઢામાં લગામ બની જશે, ત્યાં સુધી કે તેમના કાનો સુધી પહોંચી જશે."*

## بَابُ الۡقِصَاصِ یَوۡمَ الۡقِیٰمَةِ ص۹۶۷

**પ્રકરણ : "ક઼યામતના દિવસે બદલો."** *–(૯૬૭)*

وَهِیَ الۡحَاقَّةُ لِاَنَّ فِیۡهَا الثَّوَابَ وَحَوَاقَّ الۡاُمُوۡرِ الۡحَقَّةُ وَالۡحَاقَّةُ وَاحِدٌ وَالۡقَارِعَةُ وَالۡغَاشِیَةُ وَالصَّاخَّةُ وَالتَّغَابُنُ ۔ غَبۡنَ اَهۡلِ الۡجَنَّةِ اَهۡلَ النَّارِ ۔

અને ક઼યામત જ "હ઼ાક્ક઼હ" છે, એટલા માટે કે એમાં સવાબ છે, અને સાબિત થયેલ વાતો છે, એટલે એમાં યક઼ીની રીતે થશે. જઝા, સવાબ તથા સજા અને તમામ વાતો જે સાબિત તથા હક્ક઼ છે. اَلۡحَقَّةُ તથા اَلۡحَاقَّةُ છે, એટલે બંનેવ ક઼યામતના નામ છે. મુરાદ એ છે કે જે જેનાથી સાબિત છે.

એમાં કોઈ શક નથી. અને ક઼યામતનું જ નામ "ક઼ારિઅ઼હ્" છે. એટલા માટે કે ભયંકર દૃશ્યો દિલોને હલાવી નાખશે અને ક઼યામતનું જ નામ "ગ઼ાષિયહ" છે, એટલા માટે કે તે દરેક ચીજ પર છવાઈ જશે. અને ક઼યામતનું જ નામ "સ઼ાખ્ખહ" છે. અસ્લમાં એનો અર્થ મહાન મુસીબત છે, અને એનો અર્થ ચીસ પણ છે. અને એનું નામ "તગ઼ાબુન" પણ છે, કેમ કે જન્નતી જહન્નમીઓનાં તે મક઼ામો લેશે જે એમને મળતાં જો તેઓ મો'મિન હોતા.

حدیث ۲۷۷۵ حَدَّثَنِیۡ شَقِیۡقٌ سَمِعۡتُ عَبۡدَ اللّٰهِ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنۡهُ قَالَ النَّبِیُّ

*"શક઼ીક઼ે આ હદીષ વર્ણવી કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી સાંભળ્યું કે* **[હદીષ : ૨૭૭૫]**

صَلَّی اللّٰهُ عَلَیۡهِ وَسَلَّمَ اَوَّلُ مَا یُقۡضٰی بَیۡنَ النَّاسِ بِالدِّمَاءِ ع

*નબી ﷺ એ ફર્માવ્યું, ક઼યામતના દિવસે સૌથી પ્રથમ ફૈસલો ખૂનોના બારામાં કરવામાં આવશે."*

*(૧/૧૦૧૪ દિયાત, મુસ્લિમ–હુદૂદ, તિર્મિઝી–દિયાત, નિસાઈ–મુહારિબા, ઈબ્ને માજહ–દિયાત)*

**હદીષ : ૨૭૭૫ની સમજૂતી** એનાથી ટકરાતી તે હદીષ મશ્હૂર છે કે ફર્માવ્યું, ما یحاسب به العبدیوم القیٰمه صلاتهٗ "ક઼યામતના દિવસે બંદાથી સૌ પ્રથમ નમાઝના બારામાં હિસાબ કરવામાં આવશે."

### ★ ખૂનીનો ક઼યામતમાં અંજામ ★

**એકરૂપતા :** હુક઼ૂકુલ્લાહ (અલ્લાહના હક્ક઼ો)માં સૌ પ્રથમ નમાઝના વિશે સવાલ થશે, અને બંદાઓના હક્ક઼ોમાં સૌ પ્રથમ નાહક્ક઼ ખૂન વિશે. સૂદની લાંબી હદીષમાં છે જે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરફ઼ુઅન રિવાયત થયેલી છે કે ક઼યામતના દિવસે લોકો દરમ્યાન સૌ પ્રથમ મામલો ખૂનના બારામાં રજૂ થશે. **દરેક ક઼ત્લ થયેલ પોતાનું માથુ લાદીને આવશે અને અર્ઝ કરશે, હે રબ ! એને પૂછ કે એણે મને શા માટે**

કત્લ કર્યો ? હઝરત ઈબ્ને અબ્બાસની હદીષમાં છે કે કત્લ થયેલ પોતાના હાથમાં પોતાનુ માથુ લઈને અને બીજા હાથ વડે કાતિલને ચાદરમાં લપેટીને ઘસેડતો લાવશે, અને તેની રગોએથી લોહી વહી રહ્યું હશે, ત્યાં સુધી કે બંનેવ પોતાના રબ ﷻના હુઝૂર ઉભા હશે.

**પ્રકરણ : "જન્નતમાં વગર હિસાબે સિત્તેર હજાર દાખલ થશે." –(૯૬૮)**

بَابٌ يَدْخُلُونَ الْجَنَّةَ سَبْعُونَ أَلْفًا بِغَيْرِ حِسَابٍ ص ٩٦٨

حديث ٢٧٧٦ حَدَّثَنِي سَعِيدُ بْنُ الْمُسَيَّبِ أَنَّ أَبَا هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ حَدَّثَهُ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે* **[હદીષ : ૨૭૭૬]**

قَالَ سَمِعْتُ رَسُولَ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ يَدْخُلُ الْجَنَّةَ

*મારી ઉમ્મતનો એક ગિરોહ જન્નતમાં દાખલ થશે અને તે સિત્તેર હજાર છે. તેમના ચહેરા ચૌદમી રાતના ચાંદની*

مِنْ أُمَّتِي زُمْرَةٌ وَهُمْ سَبْعُونَ أَلْفًا تُضِيءُ وُجُوهُهُمْ إِضَاءَةَ الْقَمَرِ

*જેમ ચમકતા હશે. હઝરત અબૂ હુરૈરહએ કહ્યું, આ સાંભળીને ઉક્કાશા બિન મિહસન અસદી ઉભા થયા પોતાના*

لَيْلَةَ الْبَدْرِ قَالَ أَبُو هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ فَقَامَ عُكَّاشَةُ

*કંબલને ઉઠાવેલ સ્થિતિમાં, અને અર્ઝ કરી, અલ્લાહથી દુઆ કરો કે મને પણ એમનામાંથી કરી આપે. તો હુઝૂરે*

بْنُ مِحْصَنٍ الْأَسَدِيُّ يَرْفَعُ نَمِرَةً عَلَيْهِ فَقَالَ يَا رَسُولَ اللهِ ادْعُ اللهَ أَنْ

*દુઆ કરી, હે અલ્લાહ ! આને એમનામાં કરી આપ ! ત્યારબાદ અન્સારમાંથી એક સાહબ ઉભા થયા, તેમણે*

يَجْعَلَنِي مِنْهُمْ فَقَالَ اللَّهُمَّ اجْعَلْهُ مِنْهُمْ ثُمَّ قَامَ رَجُلٌ مِنَ الْأَنْصَارِ

*અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! દુઆ કરી દો કે અલ્લાહ મને એમનામાંથી કરી આપે. ફર્માવ્યું, ઉક્કાશા તમારા પર*

فَقَالَ يَا رَسُولَ اللهِ ادْعُ اللهَ أَنْ يَجْعَلَنِي مِنْهُمْ فَقَالَ سَبَقَكَ عُكَّاشَةُ

*અગ્રતા લઈ ગયા." (મુસ્લિમ–ઈમાન)*

**હદીષ : ૨૭૭૬ની સમજૂતી**

**નમિરહ** : તે કંબલ જેમાં કાળી ધોળી (Black-White) ધારી હોય જેમ કે ચિત્તાના શરીર પર હોય છે. આ રિવાયતમાં કેવળ એ છે કે સિત્તેર હજાર દાખલ થશે, બીજી રિવાયતોમાં છે કે એમનામાંથી દરેક શખ્સની સાથે સિત્તેર હજાર અન્ય હશે, અને એ સર્વ લોકો વિના હિસાબે જન્નતમાં જશે. જેવું કે અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ની રિવાયતમાં છે. અને એમાં એ પણ છે કે આ તે લોકો છે જેઓ પોતાના શરીરને ડામ નથી દેતા અને ઝાળફૂંક નથી કરાવતા અને બુરો શુકન નથી લેતા અને ન તો બદ્‌ફાલી લે છે, અને કેવળ પોતાના રબ પર જ ભરોસો કરે છે. એટલે તે લોકો જેઓ હર હાલમાં રાઝી બક઼ઝા રહે છે. જેમ કે હઝરત નિઝામુશ્શરીઅહ વલ્હકીક઼તિ વદ્દીન મહબૂબે ઈલાહી قُدِّسَ سِرُّهُ الْعَزِيْز એ ફર્માવ્યું :–

*'ચૂં દર્દ બલાએ તુસ્ત બર જાનમ બાદ'* અને જેમ કે અબુલ અંબિયા હઝરત સૈયદના ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلامએ નમરૂદની આગમાં જતી વખતે જિબ્રઈલે અમીનને ફર્માવ્યું, علمه مبحالی کفانی عن سوالی "મારા હાલનો એને ઈલ્મ છે, સવાલની હાજત નથી." આનાથી દવા, ઈલાજ કે ઝાળફૂંકના હરામ હોવા પર દલીલ કરવી જેહાલત છે, જેમ કે વહાબી કરે છે. એટલા માટે કે ખુદ હુઝૂરે અક્દસ ﷺએ ઈલાજ કર્યો અને ઘણી બીમારીઓના ઈલાજના માટે દુઆઓ બતાવી કે મરીઝ પર દમ કરવામાં આવે. મુઅવ્વઝતૈન પઢીને ખુદ બીજાઓ પર દમ કર્યા. હઝરત સઅદ બિન મઆઝ رضی اللہ عنہના ઝખ્મ ખુદ ડામવામાં આવ્યા. જો દુઆ, દવા, ઝાળફૂંક, ડામ દેવું, હરામ હોત તો હુઝૂરે અક્દસ ﷺ શા માટે કરતા ? અહીં આ હદીષમાં આશય એ જ છે કે અલ્લાહના તે ખાસ બંદાઓ છે જેઓ દરેક હાલમાં રાઝી બ રઝાએ ઈલાહી રહે છે.

حدیث ٢٧٧٧ عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું કે જન્નતી જન્નતમાં* **[હદીષ : ૨૭૭૭]**

قَالَ یَدْخُلُ اَھْلُ الْجَنَّۃِ الْجَنَّۃَ وَاَھْلُ النَّارِ النَّارَ ثُمَّ یَقُوْمُ مُؤَذِّنٌ بَیْنَھُمْ یَا اَھْلَ

*અને દોઝખી દોઝખમાં દાખલ થઈ જશે તો એક પોકાર કરનાર ઉભો થશે અને કહેશે, હે જહન્નમીઓ ! મૌત*

النَّارِ لَا مَوْتَ وَیَا اَھْلَ الْجَنَّۃِ لَا مَوْتَ خُلُوْدٌ علہ

*નથી, અને હે જન્નતવાળાઓ ! મૌત નથી. હમેશાં તમે લોકો પોતાની જગાઓમાં રહેશો." (મુસ્લિમ–સિફ્તુન્નાર)*

بَابُ صِفَۃِ الْجَنَّۃِ وَالنَّارِ ص ٩٦٩

**પ્રકરણ : "જન્નત તથા દોઝખનું બયાન."** *–(૯૬૯)*

عَدْنٌ خُلْدٌ، عَدْنٌનો અર્થ હમેશાં રહેવાનું છે. બોલે છે : عَدَنْتُ بِاَرْضٍ اَقَمْتُ એટલે મેં ત્યાં વસવાટ અપનાવી લીધો. અને એનાથી مَعْدٌ બન્યું છે. فِی مَعْدَنِ صِدْقٍ فِی مَنْبَتِ صِدْقٍ.

حدیث ٢٧٧٨ عَنْ اَبِیْ ھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ عَلَیْہِ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું, જન્નતીઓને* **[હદીષ : ૨૭૭૮]**

وَسَلَّمَ یُقَالُ لِاَھْلِ الْجَنَّۃِ یَا اَھْلَ الْجَنَّۃِ خُلُوْدٌ لَا مَوْتَ وَلِاَھْلِ النَّارِ

*કહેવામાં આવશે, હે જન્નતીઓ ! હમેશાં રહેશો, તમને મૌત નથી. અને જહન્નમીઓને કહેવામાં આવશે,*

یَا اَھْلَ النَّارِ خُلُوْدٌ لَا مَوْتَ۔

*હે જહન્નમીઓ ! હમેશાં રહેશો, મૌત નથી."*

**હદીષ : ૨૭૭૮ની સમજૂતી** જ્યારે મહેશરના મેદાનમાં સૌનો પૂરો હિસાબ કિતાબ થઈ જશે,

અને જહન્નમીઓમાંથી જેમને નીકળીને જન્નતમાં આવવું મુક઼દર હતું તેઓ જહન્નમમાંથી નીકળીને જન્નતમાં પ્રવેશ મેળવી લેશે. તો મૌતને મેંઢાની શક્કલમાં લાવીને એવી જગાએ ઝબહ કરવામાં આવશે જ્યાં સર્વ જન્નતી તથા દોઝખી જોશે. ત્યાર બાદ તે કહેવામાં આવશે જે ઉપરવાળી હદીષમાં વર્ણન થયું છે. જેમ કે આ જ બુખારીમાં ત્રણ હદીષ પછી હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત થયેલ છે.

حدیث ٢٧٧٩ عَنْ اَبِیْ سَعِیْدِ نِ الْخُدْرِیِّ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ قَالَ رَسُوْلُ

''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, **[હદીષ : ૨૭૭૯]**

اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِنَّ اللّٰہَ یَقُوْلُ لِاَہْلِ الْجَنَّۃِ یَا اَہْلَ الْجَنَّۃِ

અલ્લાહ તઆલા જન્નતીઓને ફર્માવશે, હે જન્નતીઓ ! તે અર્ઝ કરશે, હાજર છીએ અમે હે અમારા પરવરદિગાર !

یَقُوْلُوْنَ لَبَّیْكَ رَبَّنَا وَسَعْدَیْكَ فَیَقُوْلُ ہَلْ رَضِیْتُمْ ؟ فَیَقُوْلُوْنَ وَمَا

ફર્માવશે, શું તમે લોકો રાજી થઈ ગયા ? તેઓ અર્ઝ કરશે, અમે કેમ રાજી નહીં થઈએ ?! અને તેં અમોને તે

لَنَا لَا نَرْضٰی وَقَدْ اَعْطَیْتَنَا مَا لَمْ تُعْطِ اَحَدًا مِّنْ خَلْقِكَ فَیَقُوْلُ اَنَا اُعْطِیْکُمْ

આપ્યું જે પોતાની મખ્લૂક઼માંથી કોઈને નથી આપ્યું. અલ્લાહ ફર્માવશે, હવે હું તમને એનાથી પણ બેહતર

اَفْضَلَ مِنْ ذٰلِكَ قَالُوْا یَا رَبِّ وَاَیُّ شَیْءٍ اَفْضَلُ مِنْ ذٰلِكَ فَیَقُوْلُ اُحِلُّ

આપીશ. તેઓ અર્ઝ કરશે, હે પરવરદિગાર ! વળી એનાથી અફઝલ શું છે ? ફર્માવશે, હું તમારાથી રાજી છું અને

عَلَیْکُمْ رِضْوَانِیْ فَلَا اَسْخَطُ عَلَیْکُمْ بَعْدَہٗ اَبَدًا ؎

આના પછી કદી નારાજ નહીં થાઉં.''

(બુખારી–તૌહીદ, કલામુર્રબ મઅ અહલિલ્જન્નહ, મુસ્લિમ–સિફતુન્નાર, તિર્મિઝી–સિફતુન્નાર, નિસાઈ નઊત)

حدیث ٢٧٨٠ عَنْ اَبِیْ ہُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, બંનેવ **[હદીષ : ૨૭૮૦]**

قَالَ مَا بَیْنَ مَنْکِبَیِ الْکَافِرِ مَسِیْرَۃُ ثَلٰثَۃِ اَیَّامٍ لِلرَّاکِبِ الْمُسْرِعِ ؏

ખભાઓની વચ્ચે તેજ દોડનારા ઘોડાઓ માટે ત્રણ દિવસનું અંતર છે.'' (મુસ્લિમ–સિફતુન્નાર)

## હદીષ : ૨૭૮૦ની સમજૂતી

આ હદીષમાં કાફિરોના બંને ખભાઓ વચ્ચે અંતર ત્રણ દિવસનું છે અને અમુક રિવાયતોમાં પાંચ દિવસનું છે. એ જ પ્રમાણે તેના અન્ય અંગોની લંબાઈ પહોળાઈના બારામાં વિવિધ રિવાયતો આવી છે. એક રિવાયતમાં છે કે તેની કાનપટ્ટી તથા ખભા વચ્ચેની લંબાઈ ૭૦૦ વરસનું અંતર છે, અને એક રિવાયતમાં છે કે ૭૦ વરસ.

અને એક રિવાયતમાં છે કે કાફિરોની દાઢ ક્યામતના દિવસે ઓહદથી મોટી હશે. એ સર્વનો સાર એ છે કે **જહન્નમમાં કાફિરોનું શરીર ખૂબ જ મોટુ કરી દેવામાં આવશે જેથી તે વધુમાં વધુ અઝાબ ચાખે.**

حدیث ۲۷۸۱ عَنْ سَہْلِ بْنِ سَعْدٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ عَنْ رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ

*''હઝરત સહલ બિન સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે* **[હદીષ : ૨૭૮૧]**

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ اِنَّ فِی الْجَنَّۃِ لَشَجَرَۃً یَسِیْرُ الرَّاکِبُ فِیْ ظِلِّہَا مِائَۃَ عَامٍ

*જન્નતમાં એક ઝાડ છે જેના છાંયડામાં સવાર સો વરસ ચાલે તો પણ તેને પાર કરી ન શકે. મઝકૂર સનદની સાથે*

لَا یَقْطَعُہَا قَالَ اَبُوْ حَازِمٍ فَحَدَّثْتُ بِہٖ النُّعْمَانَ بْنَ اَبِیْ عَیَّاشٍ فَقَالَ

*અબૂ હાઝિમે નુઅમાન ઈબ્ને અબી અય્યાશના તરીક઼ાથી હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત કરી કે*

حَدَّثَنِیْ اَبُوْ سَعِیْدٍ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ اِنَّ فِی الْجَنَّۃِ شَجَرَۃً

*નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,* ***બેશક ! જન્નતમાં એક ઝાડ છે કે ઉમદા મુઝમ્મિર તેજ રફતાર ઘોડાનો સવાર***

یَسِیْرُ الرَّاکِبُ الْجَوَادَ الْمُضَمَّرَ السَّرِیْعَ مِائَۃَ عَامٍ مَا یَقْطَعُہَا ؏

***સો વરસ ચાલે તો પણ તેને પાર ન કરી શકે.''*** *(મુસ્લિમ)*

**હદીષ : ૨૭૮૧ની સમજૂતી** હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہની હદીષમાં કેવળ રાકિબ હતું જે આમ હતું, તે સવાર ઊંટ પર હોય કે ઘોડા પર કે ખચ્ચર પર. હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہની રિવાયતમાં એ નિશ્ચિત થઈ ગયું કે ખૂબ જ ઉમદા તેજ રફતાર મુઝમ્મિર ઘોડો સવાર મુરાદ છે. **મુઝમ્મિર** : એ ઘોડાને કહે છે જેને અમુક દિવસ ખૂબ ખવડાવવામાં આવે ત્યાં સુધી કે જાડો થઈ જાય પછી ક્રમે ક્રમે એનો ચારો ઓછો કરવામાં આવે, અંદાઝના ખોરાક સુધી આવી જાય. આ અમલથી ઘોડો ખૂબ જ તેજ રફતાર થઈ જાય છે. તેનું શરીર પણ પાતળુ થઈ જાય છે. હદીષમાં છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના જમાનામાં ઘોડા દોડના માટે મુઝમ્મિર ઘોડાની હદ સાત માઈલ હતી અને ગૈર મુઝમ્મિરની એક માઈલ હતી.

حدیث ۲۷۸۲ عَنْ سَہْلِ بْنِ سَعْدٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

*''હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ થી રિવાયત છે, તે નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે કે* **[હદીષ : ૨૭૮૨]**

وَسَلَّمَ قَالَ اِنَّ اَہْلَ الْجَنَّۃِ لَیَتَرَاءَوْنَ الْغُرَفَ فِی الْجَنَّۃِ کَمَا تَرَاءَوْنَ الْکَوْکَبَ

*ફર્માવ્યું કે જન્નતી જન્નતના ઝરૂખાઓમાંથી એકબીજાને જોશે, જેવી રીતે તમે લોકો તારાઓને આસ્માનમાં*

فِی السَّمَاءِ قَالَ اَبِیْ فَحَدَّثْتُ النُّعْمَانَ بْنَ اَبِیْ عَیَّاشٍ فَقَالَ اَشْہَدُ لَسَمِعْتُ

*જુઓ છો. અબ્દુલઅઝીઝે કહ્યું કે મારા બાપ અબૂ હાઝિમે કહ્યું, મેં નુઅમાન બિન અબી અય્યાશથી આ હદીષ*

أَبَا سَعِيْدٍ يُحَدِّثُ وَيَزِيْدُ فِيْهِ كَمَا تَرَاءَوْنَ الْكَوْكَبَ الْغَارِبَ فِي الْأُفُقِ

*બયાન કરી તો તેમણે કહ્યું, હું ગવાહી આપુ છું મેં અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી સાંભળ્યું, આ હદીષ બયાન*

الشَّرْقِيِّ وَالْغَرْبِيِّ۔

*કરતા હતા, અને એમાં આટલો વધારો કરતા હતા, જેવી રીતે તમે લોકો પૂર્વી કે પશ્ચિમી ક્ષિતિજમાં*

*ડૂબવાવાળા તારાઓને જુઓ છો.''*

۲۷۸۳ حدیث

عَنْ جَابِرٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ يُخْرَجُ مِنَ النَّارِ

*''જાબિર رضی اللہ عنہ થી મરવી છે કે નબી ﷺ એ ફર્માવ્યું, શફાઅતના કારણે જહન્નમથી* **[હદીષ : ૨૭૮૩]**

بِالشَّفَاعَةِ كَأَنَّهُمُ الثَّغَارِيْرُ قُلْتُ مَا الثَّغَارِيْرُ قَالَ الضَّغَابِيْسُ وَكَانَ قَدْ

*કેટલાક લોકોને કાઢવામાં આવશે જાણે તેઓ નાની કાકડીઓ છે. મેં અમ્ર બિન દીનારથી પૂછ્યું, હે મુહમ્મદ !*

سَقَطَ فَمُهُ فَقُلْتُ لِعَمْرِو بْنِ دِيْنَارٍ أَبَا مُحَمَّدٍ سَمِعْتَ جَابِرَ بْنَ عَبْدِ اللّٰهِ يَقُوْلُ

*આપે જાબિર બિન અબ્દુલ્લાહથી સાંભળ્યું છે કે તે કહેતા હતા, મેં નબી ﷺ ને ફર્માવતાં સાંભળ્યું કે શફાઅતના*

سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ يُخْرَجُ بِالشَّفَاعَةِ مِنَ النَّارِ قَالَ نَعَمْ۔ ع

*થકી જહન્નમથી કેટલાક લોકો કાઢવામાં આવશે ? તેમણે કહ્યું, હા !'' (મુસ્લિમ–ઈમાન)*

## હદીષ : ૨૭૮૩ની સમજૂતી

હદીષના શબ્દો આ હતા :–

**كَأَنَّهُمُ الثَّغَارِيْرُ قُلْتُ مَا الثَّغَارِيْرُ قَالَ الضَّغَابِيْسُ وَكَانَ قَدْ سَقَطَ فَمَهُ** તે લોકો એવા હશે જાણે ''ષગ઼ારીર'' છે. (હમ્માદે કહ્યું) મેં પૂછયું, ષ઼ગારીર શું ચીજ છે ? તો તેમણે કહ્યું, ''દ઼ગ઼ાબીસ''. અને તેમના દાંત પડી ચૂક્યા હતા. એટલે કે હઝરત અમ્ર બિન દીનારે આ હદીષ તે સમયે વર્ણવી જ્યારે એમના દાંત વિદાય થઈ ચૂક્યા હતા.

ષગ઼ારીર, ષગૂરનું બહુવચન છે, નાની કાકડીને કહે છે, અને ''દ઼ગ઼ાબીસ'' દ઼ગ્બુસનું બહુવચન છે. તેનો અર્થ પણ નાની કાકડી છે. તેમજ બંનેવ એક ઘાસનું નામ પણ છે જે ''હુલયૂવુન''ના જેમ હોય છે. મુરાદ એ છે કે ખૂબ જ કમજોર અશક્ત હશે. આ હદીષથી સાબિત થયું કે કેટલાક લોકો જહન્નમમાં પોતાના ગુનાહોની અમુક સજા પામીને કોઈકની શફાઅતથી જહન્નમથી કાઢવામાં આવશે. અબૂ ઓબૈદાએ કહ્યું, એક કૌલ એ છે કે ثاء مثلثને બદલે شین معجمہથી છે, કેમ કે હઝરત અમ્ર બિન દીનારના દાંત ન હતા જેથી شین معجمہ અદા ન કરી શક્યા, એને બદલે ثاء مثلث સંભળાયું.

حدیث ۲۷۸۴ حَدَّثَنَا أَنَسُ بْنُ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ

*"અનસ બિન માલિક رضی اللہ عنہ એ હદીષ વર્ણવી કે નબી ﷺ એ ફર્માવ્યું, કેટલાક* **[હદીષ : ૨૭૮૪]**

وَسَلَّمَ قَالَ يَخْرُجُ قَوْمٌ مِنَ النَّارِ بَعْدَ مَا مَسَّهُمْ مِنْهَا سَفْعٌ فَيَدْخُلُونَ الْجَنَّةَ

*લોકોને જહન્નમથી કાઢવામાં આવશે એના પછી કે એમને દાગ પડી ગયો હશે, અને*

فَيُسَمِّيهِمْ أَهْلُ الْجَنَّةِ الْجَهَنَّمِيِّينَ

*જન્નતમાં દાખલ થશે. જન્નતી એમનું નામ જહન્નમી રાખશે." (બુખારી ૧/૧૧૧૦ તૌહીદ)*

**હદીષ : ૨૭૮૪ની સમજૂતી**

سَفَعٌ કાળો દાગ જેમાં લીલાશ કે રતાશ હોય. એટલે આગમાં સળગવાના કારણે એમના પર દાગ હશે.

**★ જહન્નમમાં સૌથી હલકો અઝાબ કયો ? ★**

حدیث ۲۷۸۵ عَنِ النُّعْمَانِ بْنِ بَشِيرٍ قَالَ سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ

*"નુઅમાન બિન બશીર رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે કહ્યું કે મેં નબી ﷺ ને ફર્માવતાં* **[હદીષ : ૨૭૮૫]**

إِنَّ أَهْوَنَ أَهْلِ النَّارِ عَذَابًا يَوْمَ الْقِيَامَةِ رَجُلٌ عَلَىٰ أَخْمَصِ قَدَمَيْهِ جَمْرَتَانِ

***સાંભળ્યા કે કયામતના દિવસે જહન્નમમાં સૌથી હલકો અઝાબ એ શખ્સને થશે જેના કદમોનાં તળિયા***

يَغْلِي مِنْهُمَا دِمَاغُهُ كَمَا يَغْلِي الْمِرْجَلُ بِالْقُمْقُمِ عه

***પર બે અંગારા હશે, જેનાથી તેનું ભેજુ ઉકળતુ હશે જેમ કે હાંડલી તથા કુમ કુમ ઉકળે છે."***

*(મુસ્લિમ-ઈમાન, તિર્મિઝી, સિફતે જહન્નમ)*

**હદીષ : ૨૭૮૫ની સમજૂતી**

એનાથી પહેલીવાળી રિવાયતમાં જે મુહમ્મદ બિન બિશારના તરીકાથી છે جَمْرَةٌ છે. પરંતુ મુસ્લિમની રિવાયતમાં جَمرتان છે. અને હદીષમાં قَدَمَیْہِ નો શબ્દ પણ એ જ દર્શાવી રહ્યો છે. તેમજ આપણી ચર્ચા હેઠળની હદીષમાં પણ جَمْرتان જ છે. તાવીલ એ જ છે કે જે سرابیل تَقِیْکُمُ الْحَرَّ ની છે કે ક્યારેક અઝદાદમાંથી એકને ઝિક્ર કરે છે અને મુરાદ મુકાબિલ પણ હોય છે.

حدیث ۲۷۸۶ عَنْ عَدِيِّ بْنِ حَاتِمٍ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ

*"હઝરત અદી બિન હાતિમ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ જહન્નમની ચર્ચા* **[હદીષ : ૨૭૮૬]**

وَسَلَّمَ ذَكَرَ النَّارَ فَأَشَاحَ بِوَجْهِهٖ فَتَعَوَّذَ مِنْهَا ثُمَّ ذَكَرَ النَّارَ فَأَشَاحَ بِوَجْهِهٖ فَتَعَوَّذَ

*કરી અને પોતાનો ચહેરો ફેરવી લીધો અને તેનાથી પનાહ માગી. ફરી જહન્નમનો ઉલ્લેખ કર્યો અને પોતાનો*

مِنْهَا ثُمَّ قَالَ اِتَّقُوا النَّارَ وَلَوْ بِشِقِّ تَمْرَةٍ فَمَنْ لَّمْ يَجِدْ فَبِكَلِمَةٍ طَيِّبَةٍ

*ચહેરો ફેરવી લીધો અને તેનાથી પનાહ માગી. પછી ફર્માવ્યું, જહન્નમથી બચો,*

*ભલે ખારેકનો એક ટુકડો ખયરાત કરીને, અને જો ન પામે તો સારી વાત કહીને.''*

**હદીષ : ૨૭૮૬ની સમજૂતી** فَأَشَاحَ بِوَجْهِهٖનો મતલબ એ છે કે જેમ કે કોઈ અણગમતી ચીજ જોઈને માણસ મોં ફેરવી લે છે, એ જ પ્રમાણે હુઝૂર ﷺએ પણ રુખે અન્વર ફેરવી લીધું. એનાથી જણાય છે કે જહન્નમ દષ્ટાંત બનીને હુઝૂરે અક઼દસ ﷺની સામે પેશ કરવામાં આવી હતી.

۲۷۸۷ حدیث حَدَّثَنَا عِمْرَانُ بْنُ حُصَيْنٍ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ يَخْرُجُ

*''ઈમરાન ઈબ્ને હુસૈન رضی اللہ عنہ એ હદીષ વર્ણવી કે નબી ﷺએ ફર્માવ્યું કે મુહમ્મદ ﷺની* **[હદીષ : ૨૭૮૭]**

قَوْمٌ مِّنَ النَّارِ بِشَفَاعَةِ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَيَدْخُلُوْنَ الْجَنَّةَ وَيُسَمَّوْنَ

*શફાઅતના કારણે કેટલાક લોકો જહન્નમમાંથી કાઢવામાં આવશે અને જન્નતમાં દાખલ થશે જેમનું*

الْجَهَنَّمِيِّيْنَ عـ

*''જહન્નમિય્યીન'' નામ રાખવામાં આવશે.'' (અબૂ દાઊદ-સુન્નહ, તિર્મિઝી-સિફ્તુન્નાર, ઈબ્ને માજહ-ઝુહદ)*

۲۷۸۸ حدیث عَنْ أَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું, જન્નતમાં કોઈ* **[હદીષ : ૨૭૮૮]**

وَسَلَّمَ لَا يَدْخُلُ أَحَدٌ الْجَنَّةَ إِلَّا أُرِيَ مَقْعَدَهٗ مِنَ النَّارِ لَوْ أَسَاءَ لِيَزْدَادَ شُكْرًا

*પણ દાખલ થશે નહીં પણ તેનું જહન્નમનું તે ઠેકાણુ દેખાડવામાં આવે છે. જો તે બુરાઈ કરતો તો પામતો કે જેથી*

وَلَا يَدْخُلُ النَّارَ أَحَدٌ إِلَّا أُرِيَ مَقْعَدَهٗ مِنَ الْجَنَّةِ لَوْ أَحْسَنَ لِيَكُوْنَ حَسْرَةً

*અધિક શુક્ર કરે, અને જહન્નમમાં કોઈ દાખલ થશે નહીં પણ એ કે તેને જન્નતનું તે ઠેકાણુ દેખાડવામાં*

*આવશે કે જો નેકી કરતો તો પામતો, જેથી તેના પર અફસોસ થાય.''*

**હદીષ : ૨૭૮૮ની સમજૂતી** ઈબ્ને માજહની હદીષમાં સ્પષ્ટતા છે કે એ ક઼બ્રમાં સવાલના સમયે થશે. ઈબ્ને માજહની હદીષમાં છે કે મો'મિન મૈયતના માટે જહન્નમથી એક કાણુ કરી દેવામાં આવશે જેના વડે તે જહન્નમને જોશે. તેને કહેવામાં આવશે, જો ! તને અલ્લાહે કઈ ચીજથી બચાવ્યો ! બુખારીમાં જ હઝરત અનસ

رضی اللہ عنہની હદીષ કિતાબુલ જનાઈઝમાં વર્ણન થઈ ચૂકી છે કે તેને કહેવામાં આવશે કે જહન્નમમાં જે તારુ ઠેકાણુ હોત એને જો. અબૂ દાઊદ رضی اللہ عنہની હદીષમાં એ છે કે આ તારું ઘર હતું જો તું તારા રબની સાથે કુફ્ર કરત. આ હદીષમાં أَسَاءَથી મુરાદ કુફ્ર છે અને أَحْسَنَથી મુરાદ ઈસ્લામ છે.

**★ જહન્નમથી સૌથી છેલ્લે નીકળનાર અને જન્નતમાં સૌથી છેલ્લે દાખલ થનારને હું જાણું છું ★**

حدیث ٢٧٨٩ عَنْ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

*"હઝરત અબ્દુલ્લાહ (ઈબ્ને મસ્ઊદ)થી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું,* **[હદીષ : ૨૭૮૯]**

عَلَيْهِ وَسَلَّمَ إِنِّي لَأَعْلَمُ آخِرَ أَهْلِ النَّارِ خُرُوجًا مِنْهَا وَآخِرَ أَهْلِ

***જહન્નમથી સૌથી છેલ્લે નીકળનાર અને જન્નતમાં સૌથી છેલ્લે દાખલ થનારને હું જાણું છું. એક***

الْجَنَّةِ دُخُولًا رَجُلٌ يَخْرُجُ مِنَ النَّارِ حَبْوًا فَيَقُولُ اللّٰهُ لَهُ اذْهَبْ فَادْخُلِ

***શખ્સ જહન્નમથી નીકળશે હાથ તથા સીટ વડે ચાલતો ચાલતો, અલ્લાહ તઆલા તેને ફર્માવશે,***

الْجَنَّةَ فَيَأْتِيهَا فَيُخَيَّلُ إِلَيْهِ أَنَّهَا مَلْأَى فَيَرْجِعُ فَيَقُولُ يَا رَبِّ وَجَدْتُهَا

***જન્નતમાં જા ! તે જન્નતની નજીક આવશે. તેને એવું લાગશે કે ભરેલી છે. પછી તે પાછો***

مَلْأَى فَيَقُولُ اذْهَبْ فَادْخُلِ الْجَنَّةَ فَيَأْتِيهَا فَيُخَيَّلُ إِلَيْهِ أَنَّهَا مَلْأَى فَيَرْجِعُ

***વળશે અને કહેશે, હે રબ ! મેં તેને ભરેલી જોઈ. અલ્લાહ તઆલા ફર્માવશે, જા ! હવે જન્નતમાં***

فَيَقُولُ يَا رَبِّ وَجَدْتُهَا مَلْأَى فَيَقُولُ اذْهَبْ فَادْخُلِ الْجَنَّةَ فَإِنَّ لَكَ مِثْلَ الدُّنْيَا

***દાખલ થઈ જા ! તો તે જન્નતમાં આવશે. તેને એવું મહેસૂસ થશે કે તે ભરેલી છે. પાછો વળશે***

وَعَشَرَةَ أَمْثَالِهَا أَوْ إِنَّ لَكَ مِثْلَ عَشَرَةِ أَمْثَالِ الدُّنْيَا فَيَقُولُ تَسْخَرُ مِنِّي

***અને કહેશે, હે રબ ! મેં તેને ભરેલી જોઈ. ફર્માવશે, જા ! અને જન્નતમાં દાખલ થઈ જા ! બેશક!***

وَأَنْتَ الْمَلِكُ فَلَقَدْ رَأَيْتُ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ضَحِكَ

***તારા માટે દુનિયાના બરાબર અને તેની દસ ગણી છે. અથવા ફર્માવ્યું, બેશક ! તારા માટે***

## હદીષ : ૨૭૮૯ની સમજૂતી

عشرة امثالها : કુર્આન મજીદમાં ફર્માવવામાં આવ્યું : وجنة عرضها السّموات والارض "જન્નતની તરફ ઝડપભેર વધો જે આસ્માનો તથા જમીનના બરાબર છે." અને દુનિયામાં આસ્માન પણ દાખલ છે. પછી હદીષમાં જે ફર્માવ્યું એ કેવી રીતે દુરુસ્ત થશે કે અલ્લાહ તઆલા એને જન્નતમાં એટલી જગા આપશે જે

حَتّٰى بَدَتْ نَوَاجِذُهٗ وَكَانَ يُقَالُ ذَاكَ اَدْنٰى اَهْلِ الْجَنَّةِ

***દુનિયાની દસ ગણાના બરાબર છે. તો બંદો કહેશે, શું તું મારાથી ઠઠ્ઠો કરે છે અથવા તું મારાથી હંસી (મઝાક) કરે છે ! જ્યારે કે તું બાદશાહ છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ કહે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને જોયા કે હુઝૂર હસ્યા એટલું કે અણીયારા દાંત જાહેર થઈ ગયા. કહેવામાં આવતું હતું કે એ જન્નતમાં સૌથી કમ દરજાનો હશે.''***

દુનિયાની દસગણી છે. આ હદીષ પર આ અતિ ગંભીર વાંધો છે. શરહકર્તાઓએ જવાબમાં વધુમાં જે વાત કહી તે એ છે કે عشرة امثالها એ હકીકી અર્થમાં નથી, એનાથી મુરાદ અધિક્તા તથા વિશાળતા છે.

أتسخر બંદાએ પોતાના ગુમાનના પ્રમાણે અર્ઝ કરી. આટલુ મોટુ ઈનામો ઈકરામ સાંભળીને એની સમજમાં એ જ આવ્યું કે હું ગુનાહગાર હતો, જહન્નમમાં હતો, જહન્નમથી મુક્તિ આપી દીધી એ જ બહું છે ! આટલુ મોટુ ઈનામો ઈકરામ સાંભળીને એણે એ જ સમજ્યું જે એણે અર્ઝ કર્યું.

بسم الله الرحمن الرحيم

# كتاب الحوض ٩٧٣

## 'કિતાબુલ હોઝ' (હોઝ વિશે પ્રકરણ) –(૯૭૩)

હોઝનો શાબ્દિક અર્થ ખાડો થાય છે અને ઉર્ફમાં એનાથી મુરાદ ખાસ તે ખાડા હોય છે જેને પાણી ભેગુ કરવા માટે બનાવવામાં આવે છે. અને હદીષોમાં આ સ્થાને તે ખાસ હોઝ મુરાદ છે જે અલ્લાહ ﷻ એ પોતાના હબીબ ﷺ ને અતા ફર્માવ્યો છે જેનાથી ક્યામતના દિવસે તરસ્યાઓને તૃપ્ત કરશે. એનું નામ કૌષર છે અને તે આજે મખ્લૂક છે. જેની દલીલ એ છે કે ઈર્શાદ ફર્માવ્યો : إِنَّا أَعْطَيْنَاكَ الْكَوْثَرَ "અમે આપને કૌષર અતા કર્યું છે." જો મખ્લૂક ન હોત તો અતા કરવું દુરુસ્ત ન થાત. હૌઝે કૌષર સિરાતના પહેલાં છે કે બાદમાં ? ઉલમાનાં બંનેવ કથન છે. અલ્લામા કુર્તબીએ તઝકિરહમાં ફર્માવ્યું કે સહીહ એ છે કે હુઝૂરે અક્દસ ﷺ ના માટે બે હોઝ છે, એક મૌકફમાં રહેશે અને એક જન્નતમાં.

હોઝની સાબિતીમાં હદીષો એટલા અધિક પ્રમાણમાં છે કે જે અર્થના એતેબારથી મુતવાતિર છે. એના પર ઈમાન લાવવું વાજિબ છે. તેનો ઈન્કાર કરનાર ગુમરાહ બદ્દીન છે.

### ★ તમારામાંથી કેટલાક લોકો હોઝની તરફ આવશે ★

حديث ٢٧٩٠ عَنْ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*"હઝરત અબ્દુલ્લાહ (ઈબ્ને મસઊદ) رضی اللہ عنہ થી રિવાયત છે કે ફર્માવ્યું, હું તમારો પેશ* **[હદીષ : ૨૭૯૦]**

وَسَلَّمَ قَالَ أَنَا فَرَطُكُمْ عَلَى الْحَوْضِ وَلَيُرْفَعَنَّ رِجَالٌ مِّنْكُمْ ثُمَّ لَيُخْتَلَجُنَّ دُونِي

*રવ (માર્ગદર્શક), કામો બનાવનાર હોઝ પર હોઈશ. તમારામાંથી કેટલાક લોકો હોઝની તરફ આવશે, પછી*

فَأَقُولُ يَا رَبِّ أَصْحَابِي فَيَقُولُ إِنَّكَ لَا تَدْرِي مَا أَحْدَثُوا بَعْدَكَ

*મારી નજીકથી ખેંચી લેવામાં આવશે, હું અર્ઝ કરીશ, હે રબ ! આ મારા અસ્હાબ છે. તો કહેવામાં આવશે. તમને નથી ખબર કે તમારા બાદ એ લોકો કઈ નવી ચીજો પેદા કરી." (૨/૧૦૪૫ ફિતન, મુસ્લિમ–ફઝાઈલુન્નબી ﷺ)*

**હદીષ : ૨૭૯૦ની સમજૂતી** એનાથી મુરાદ તે લોકો છે જેઓ હુઝૂરે અક્દસ ﷺ પછી મુર્તદ થઈ ગયા અને ઈર્તેદાદ (ઈસ્લામથી વિમુખ)ની હાલતમાં મૃત્યુ પામ્યા. વહાબી આ હદીષને દલીલ બનાવે છે કે

હુઝૂરે અક્દસ ﷺને જમીઅ માકાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)નો ઈલ્મ ન હતો, નહીં તો એ લોકોને ઓળખી લેત. એનો જવાબ એ છે કે **આ બનાવ ક઼યામતના દિવસે બનશે અને હુઝૂરે અક્દસ ﷺએ પોતાની હયાતે જાહેરીમાં એની ખબર આપી દીધી, એ ખુદ ઈલ્મે ગયબની ખબર છે !** અને એની દલીલ છે કે હુઝૂરે અક્દસ ﷺને ક઼યામતના દિવસે થનારા બનાવોની ખબર છે. રહી ગયું તે વખતે એ લોકોને ન ઓળખવું, એ પુષ્કળ ભીડ અને ક઼યામતના પરેશાન કરતા હાલાતને કારણે ધ્યાન બહાર રહેવાના કારણે છે. એ ઈલ્મ ન હોવાની દલીલ નથી.

حدیث ۲۷۹۱ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું, તમારી આગળ **[હદીષ : ૨૭૯૧]**

قَالَ أَمَامَكُمْ حَوْضِي كَمَا بَيْنَ جَرْبَاءَ وَأَذْرُحَ

મારો હોઝ છે એટલો મોટો જેટલું અંતર જર્બાઅ્ તથા અઝ્રુહની વચ્ચે છે."

**હદીષ : ૨૭૯૧ની સમજૂતી**

જર્બાઅ્ તથા અઝ્રુહ બે જગ્યાઓનાં નામ છે. સહીહ મુસ્લિમમાં છે કે હદીષના રાવી ઓબૈદુલ્લાહે કહ્યું કે મેં નાફેઅથી પૂછયું તો તેમણે કહ્યું, આ શામમાં બે વસ્તીઓ છે જેમની વચ્ચે ત્રણ રાતોનું અંતર છે. પરંતુ સામાન્યતઃ લોકોએ ફર્માવ્યું કે આ બંને બે જગાઓ બયતુલ મુક઼દ્દસની નજીક છે જેમના વચ્ચે લગભગ એક કલાકનું અંતર છે, ત્રણ રાતનું નહીં. અહીં મુરાદ હક઼ીક઼ી હદ નથી બલ્કે હોઝની વિશાળતા તથા ફેલાવાને બતાવવું છે. શરહકર્તાઓએ ફર્માવ્યું કે હદીષમાં ટૂંકાણ છે. મૂળ હદીષ એ છે કે જેવું કે મદીના અને જર્બાઅ્ તથા અઝરુહના વચ્ચે અંતર છે, આ બંનેવ સ્થળો નજીક છે જેથી એક સ્થળના હુકમમાં થઈ ગયાં. જેમ કે દારક઼ુત્નીની રિવાયતમાં સ્પષ્ટપણે આવ્યું છે કે, ફર્માવ્યું, ما بين نا حِيَتَىْ حوضى كمابين المدينة وحرباء واذرُح હોજની લંબાઈ તથા પહોળાઈના બારામાં વિવિધ રિવાયતો આવી છે. એ જ બુખારી ત્યાં જ એક હદીષ પછી હઝરત ઈબ્ને ઉમરની હદીષમાં છે : حَوْضِى مَسِيْرَةُ شَهْرًا ત્યાર બાદ હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہની હદીષમાં كما بين اَيلة وصنعاء. એક હદીષમાં છે : من ايلة الىٰ عدن હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની હદીષમાં છે : كما بين المدينة وصنعاء હઝરત જાબિરની હદીષમાં صنعاء થી مدينة સુધી અંતર છે. આ શહેરો વચ્ચેનાં અંતરો અડધા મહિનાના અંતરથી લઈને એક મહિના સુધી. એ સૌનો સાર એ છે કે હોઝ ખૂબ જ લાંબો પહોળો છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

### ★ મારો હોઝ એક મહિનાના અંતર જેટલો લાંબો પહોળો છે ★

حدیث ۲۷۹۲ **[હદીષ : ૨૭૯૨]** قَالَ عَبْدُ اللّٰهِ بْنُ عَمْرٍو قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ حَوْضِي مَسِيْرَةُ

"અબ્દુલ્લાહ બિન અમ્ર رضی اللہ عنہએ ફર્માવ્યું કે નબી ﷺએ ફર્માવ્યું, મારો હોઝ એક મહિનાના અંતર જેટલો

شَهْرٍ مَاءُهُ أَبْيَضُ مِنَ اللَّبَنِ وَرِيحُهُ أَطْيَبُ مِنَ الْمِسْكِ وَكِيزَانُهُ كَنُجُومِ

લાંબો પહોળો છે. તેનું પાણી દૂધથી વધુ સફેદ અને તેની સુગંધ કસ્તુરી કરતાં વધુ સારી છે. અને તેના પ્યાલા

السَّمَاءِ مَنْ يَشْرَبُ مِنْهَا فَلَا يَظْمَأُ بَعْدَهُ أَبَدًا

*આસ્માનના તારાઓ જેટલા છે, જે એનાથી પી લેશે તે ફરી કદી તરસ્યો થશે નહીં." (મુસ્લિમ–હોઝ)*

## હદીષ : ૨૭૯૨ની સમજૂતી

મુસ્લિમમાં છે : وزوایاہ سواء અને તેના સર્વ ખૂણા સરખા હશે. ابیض من البن એના પર એ શંકા ખડી કરવામાં આવી કે لون عیبથી તફઝીલ નથી આવતુ, જેથી હોવું જોઈએ اشد بیاضًا. એટલા માટે અલ્લામા અસ્કલાનીએ ફર્માવ્યું કે કોઈ રાવીનો તસર્રુફ છે. જેમ કે હઝરત અબૂઝરની રિવાયતમાં મુસ્લિમમાં છે. اسد بیاضًا અલ્લામા અયનીએ ફર્માવ્યું કે એને રાવીઓનો તસર્રુફ ઠરાવવો તહક્કુમ (જબરદસ્તી) છે, અને નહ્વીઓના કાયદાનો લેહાઝ કરીને એને કિલ્લત (ઓછાપણા) પર ધારવું નિરર્થક છે. જ્યારે હદીષમાં હુઝૂરે અકદસ ﷺનો ઈર્શાદ આવ્યો છે તો પછી એમાં કોઈ ચર્ચાનો અવકાશ નથી.

حدیث ۲۷۹۳ حَدَّثَنِيْ أَنَسُ بْنُ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ أَنَّ رَسُوْلَ اللّٰهِ

*"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ મને હદીષ વર્ણવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું* **[હદીષ : ૨૭૯૩]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ إِنَّ قَدْرَ حَوْضِيْ مَا بَيْنَ أَيْلَةَ وَصَنْعَاءَ

*કે મારી હોઝની માત્રા આટલી છે જેટલી કે યમનના સન્આ તથા અયલાની વચ્ચે છે.*

مِنَ الْيَمَنِ وَإِنَّ فِيْهِ مِنَ الْأَبَارِيْقِ كَعَدَدِ نُجُوْمِ السَّمَاءِ ع

*એમાં આસ્માનના તારાઓ જેટલા લોટા છે." (મુસ્લિમ–ફઝાઈલુન્નબી ﷺ)*

## હદીષ : ૨૭૯૩ની સમજૂતી

من اليمنની શર્ત એટલા માટે વર્ણવી કે શામમાં પણ એક શહેરનું નામ સન્આ છે.

حدیث ۲۷۹۴ عَنْ أَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ **[હદીષ : ૨૭૯૪]**

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું, મારી પાસે હોઝ પર મારા સહાબીઓમાંથી*

وَسَلَّمَ قَالَ لَيَرِدَنَّ عَلَيَّ نَاسٌ مِنْ أَصْحَابِي الْحَوْضَ حَتّٰى عَرَفْتُهُمْ

*કેટલાક લોકો આવશે, ત્યાં સુધી કે હું તેમને ઓળખી લઈશ. જેમને મારી પાસેથી ખેંચી લેવામાં આવશે. હું*

اُخْتُلِجُوْا دُوْنِيْ فَأَقُوْلُ أَصْحَابِيْ فَيَقُوْلُ لَا تَدْرِيْ مَا أَحْدَثُوْا بَعْدَكَ.

*કહીશ, મારા સહાબા છે. તો કહેનારા કહેશે, તમને ખબર નથી કે તમારા પછી એ લોકોએ શું વાત પેદા કરી."*

۲۷۹۵ حدیث عَنْ سَهْلِ بْنِ سَعْدٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

''હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું, હું હોઝ **[હદીષ : ૨૭૯૫]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ أَنَا فَرَطُكُمْ عَلَى الْحَوْضِ مَنْ مَرَّ عَلَيَّ شَرِبَ وَمَنْ

પર તમારો માર્ગદર્શક (પેશ રવ), કામો બનાવનાર (કારસાઝ) છું. જે મારી નજીકથી પસાર થશે પીશે, અને જે

شَرِبَ لَمْ يَظْمَأْ أَبَدًا لَيَرِدَنَّ عَلَيَّ أَقْوَامٌ أَعْرِفُهُمْ وَيَعْرِفُونِي ثُمَّ يُحَال

પીશે તે કદી તરસ્યો નહીં થાય. મારી પાસે કેટલાક લોકો આવશે જેમને હું ઓળખીશ અને તેઓ મને ઓળખશે.

بَيْنِي وَبَيْنَهُمْ قَالَ أَبُو حَازِمٍ فَسَمِعَنِي النُّعْمَانُ بْنُ أَبِي عَيَّاشٍ فَقَال

પછી મારા અને તેમના વચ્ચે આડ કરી દેવામાં આવશે. અબૂ હાઝિમે કહ્યું, મારાથી નુઅમાન બિન અબી

هٰكَذَا سَمِعْتَ مِنْ سَهْلٍ فَقُلْتُ نَعَمْ فَقَالَ أَشْهَدُ عَلَى أَبِي سَعِيدٍ

અય્યાશે સાંભળ્યું તો તેમણે કહ્યું, શું એવું જ તમે સહલથી સાંભળ્યું છે ? તો મેં કહ્યું, હા ! અને તેમણે કહ્યું, હું

الْخُدْرِيِّ (رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ) لَسَمِعْتُهُ وَهُوَ يَزِيدُ فِيهَا فَأَقُولُ إِنَّهُمْ

ગવાહી આપુ છું કે મેં અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી પણ એને સાંભળ્યું. તે આ હદીષમાં આટલો વધારો કરતા

مِنِّي فَيُقَالُ إِنَّكَ لَا تَدْرِي مَا أَحْدَثُوا بَعْدَكَ فَأَقُولُ سُحْقًا سُحْقًا

હતા, ''હું કહીશ એ લોકો મારાથી છે.'' તો કહેવામાં આવશે, આપ નથી જાણતા આપના બાદ એ લોકોએ શું

لِمَنْ غَيَّرَ بَعْدِي وَقَالَ ابْنُ عَبَّاسٍ سُحْقًا بُعْدًا سَحِيقٌ بَعِيدٌ

નવી વાતો કાઢી ?! તો હું કહીશ, એ લોકોના માટે દૂરી થાય ! દૂરી થાય ! જેમણે મારા બાદ બદલી કાઢયો. અને

سَحَقَهُ وَأَسْحَقَهُ أَبْعَدَهُ

ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું : سُحْقًا નો અર્થ દૂર થવું છે અને سَحِيقٌ નો અર્થ દૂર થવું છે. سَحَقَهٗ

તથા اَسْحَقَهٗ નો અર્થ اَبْعَدَهٗ છે. એટલે એને દૂર કર્યો.'' (બુખારી–ફિતન, બાબ અવ્વલ, પેજ : ૧૦૪૫)

ت ۷۶۷ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ أَنَّهُ كَانَ يُحَدِّثُ أَنَّ **[તઅલીક઼ : ૭૬૭]**

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ હદીષ વર્ણવતા હતા કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ક઼યામતના દિવસે મારા

رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ یَرِدُ عَلَیَّ یَوْمَ الْقِیٰمَۃِ رَھْطٌ مِّنْ

*સહાબીઓનો એક ગિરોહ મારી પાસે આવશે. તે લોકોને હોઝથી ભગાડી દેવામાં આવશે. હું કહીશ, હે મારા*

اَصْحَابِیْ فَیُحَلَّئُوْنَ عَنِ الْحَوْضِ فَاَقُوْلُ یَارَبِّ اَصْحَابِیْ فَیَقُوْلُ اِنَّکَ لَا عِلْمَ

*રબ ! મારા સહાબા છે ! તો ફર્માવશે, તમને ખબર નથી, તમારા બાદ એ લોકોએ શું નવી વાત કરી. એ લોકો*

لَکَ بِمَا اَحْدَثُوْا بَعْدَکَ اِنَّھُمْ اِرْتَدُّوْا عَلٰی اَدْبَارِھِمُ الْقَھْقَرٰی۔

*પોતાની એડીઓભેર પીઠ ફેરવીને પાછા વળી ગયા."*

## તઅલીક઼ : ૭૬૭ની સમજૂતી

શોએબ અન ઝુહરીના તરીક઼ાથી રિવાયતમાં فَیَجْلُوْن છે અને ઓક઼ૈલે કહ્યું : فَیُجَلُّوْن છે.

فَیُحَلَّئُوْنَ تَحْلِئَۃٌ મસ્દરથી બાબે તફઈલનો મુઝારેઅ મજહૂલનો સેગો છે. એટલે હોઝથી રોકી દેવામાં આવશે અને ભગાડી મૂકવામાં આવશે. એનો માદ્દો حَلَأٌ છે. બોલે છે : حَلَئَہٗ عَنِ الْمَاء. જ્યારે પાણી પર જવાથી રોકી દેવામાં આવે, અને ભગાડી દેવામાં આવે. અને બીજી રિવાયતમાં فَیُجْلَوْنَ છે, એનો અર્થ પણ એ જ છે. આ હદીષના અંતમાં જે ઈર્શાદ ફર્માવ્યો : انھم ارتدوا علی ادبارھم القھقریٰ આ એના પર નસ (દલીલ) છે કે હદીષમાં વર્ણવેલ વ્યક્તિઓથી મુરાદ તે બદ્‌નસીબ વ્યક્તિઓ છે જે મુર્તદ થઈ ગયા, અને ઈર્તેદાદ (દીનથી ફરી જવા)ની હાલતમાં મૃત્યુ પામ્યા.

حدیث ۲۷۹۶ عَنِ ابْنِ الْمُسَیَّبِ اَنَّہٗ کَانَ یُحَدِّثُ عَنْ اَصْحَابِ النَّبِیِّ صَلَّی اللّٰہُ

*"હઝરત સઈદ બિન મુસૈયબ અસ્હાબે નબી ﷺથી રિવાયત કરે છે કે નબી ﷺએ* **[હદીષ : ૨૭૯૬]**

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ یَرِدُ عَلَیَّ

*ફર્માવ્યું કે મારી પાસે હોઝ પર મારા સહાબામાંથી કેટલાક લોકો આવશે. પછી તેઓને હોઝથી*

الْحَوْضَ رِجَالٌ مِّنْ اَصْحَابِیْ فَیُحَلَّئُوْنَ عَنْہُ فَاَقُوْلُ یَارَبِّ اَصْحَابِیْ

*નસાડી મૂકવામાં આવશે, તો હું કહીશ, હે મારા રબ ! આ મારા સહાબીઓ છે ! તો ફર્માવશે, તમને*

فَیَقُوْلُ اِنَّکَ لَا عِلْمَ لَکَ بِمَا اَحْدَثُوْا بَعْدَکَ اِنَّھُمُ ارْتَدُّوْا عَلٰی

*ઈલ્મ નથી ! આપના બાદ એ લોકોએ શું નવી વાતો દીનમાં પેદા કરી. એઓ પોતાની*

اَدْبَارِھِمُ الْقَھْقَرٰی

*એડીઓ પર પીઠ ફેરવીને પાછા વળી ગયા."*

حدیث ۲۷۹۷ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરતાં ફર્માવ્યું, હું ઉભો રહીશ. [હદીષ : ૨૭૯૭]

عَلَیْهِ وَسَلَّمَ قَالَ بَیْنَا اَنَا قَائِمٌ اِذَا زُمْرَةٌ حَتّٰی اِذَا عَرَفْتُهُمْ خَرَجَ رَجُلٌ

અચાનક એક ગિરોહ આવશે, ત્યાં સુધી કે જ્યારે હું એમને ઓળખી લઈશ તો એમના તથા મારી વચ્ચે એક

مِنْ بَیْنِیْ وَبَیْنِهِمْ فَقَالَ هَلُمَّ فَقُلْتُ اَیْنَ قَالَ اِلَی النَّارِ وَاللّٰهِ قُلْتُ

શખ્સ બહાર હશે તે કહેશે, આવો ! હું કહીશ, ક્યાં ? કહેશે, જહન્નમની તરફ, બખુદા ! હું કહીશ એમનો શો

وَمَا شَأْنُهُمْ قَالَ اِنَّهُمُ ارْتَدُّوْا بَعْدَكَ عَلٰی اَدْبَارِهِمُ الْقَهْقَرٰی ثُمَّ

હાલ છે ? કહેશે, એ લોકો તમારા બાદ પોતાની એડીઓ પર પીઠના બળે પલ્ટાઈ ગયા. પછી એક ગિરોહ

اِذَا زُمْرَةٌ حَتّٰی اِذَا عَرَفْتُهُمْ خَرَجَ رَجُلٌ مِنْ بَیْنِیْ وَبَیْنِهِمْ فَقَالَ هَلُمَّ قُلْتُ

આવશે, ત્યાં સુધી કે જ્યારે હું તેમને ઓળખી લઈશ તો મારા અને તેમના દરમ્યાનથી એક શખ્સ બહાર થશે

اَیْنَ قَالَ اِلَی النَّارِ وَاللّٰهِ قُلْتُ وَمَا شَأْنُهُمْ قَالَ اِنَّهُمُ ارْتَدُّوْا عَلٰی اَدْبَارِهِمْ

અને તે લોકોને કહેશે, આવો ! હું પૂછીશ, ક્યાં ? તે કહેશે જહન્નમની તરફ. બખુદા ! હું પૂછીશ, તેમનો શો હાલ

الْقَهْقَرٰی فَلَا اُرَاهُ یَخْلُصُ فِیْهِمْ اِلَّا مِثْلُ هَمَلِ النَّعَمِ ـ

છે ? કહેશે, એ લોકો પોતાની એડીઓ પર પીઠ ફેરવીને પલ્ટાઈ ગયા. હું ગુમાન નથી કરતો કે એમાંથી કેટલાક

લોકો નજાત પામશે પણ ખૂબ જ થોડા, જેવું કે ગુમ થયેલ ઊંટ.''

## હદીષ : ૨૭૯૭ની સમજૂતી

بینا انا قائم આ કશ્મીહિની રિવાયતમાં છે. એટલે હું હોઝ પર ઉભો રહીશ. અને મોટાભાગનાઓની રિવાયત نائم (નાઈમ) છે એટલે કે મેં એ ખ્વાબમાં જોયું જે કયામતમાં થવાનું છે. خَرَجَ رَجُلٌ એનાથી મુરાદ ફરિશ્તો છે જે એ લોકોને જહન્નમમાં લઈ જવા નિયુક્ત થયેલો છે. એ માનવ સ્વરૂપમાં જાહેર થશે. هَلُمَّ આ ફેઅલમાં અમ્ર હાઝિરના અર્થમાં છે, એટલે લાવો. આ સંબોધન તે ગિરોહને છે. વર્ણન થઈ ચૂક્યું કે હિજાઝવાસીઓના શબ્દકોશમાં هَلُمَّ (હલુમ્મ) વાહિદ તષ્નિયહ જમા સૌના માટે આવે છે. هَمَلُ النَّعَم એ ઊંટને કહે છે જેને છોડી દેવામાં આવે છે. દેખરેખ નથી કરવામાં આવતી જેથી તે બેકાર તથા હલાક થઈ જાય. ખિતાબીએ કહ્યું, هَمَلٌ ગુમ થયેલ ઊંટોને કહે છે. અને એક કૌલ એ છે કે એ ઊંટને કહે છે જે ચરવાહા વગર રહે છે. મુરાદ એ છે કે ખૂબ જ થોડા લોકો નજાત પામશે. એનાથી જાહેર થયું કે ગિરોહમાં બંને પ્રકારના હશે, કાફિર તથા ગુનેહગાર મુસલમાન. તેમજ એનાથી જાહેર થયું કે દરેક મો'મિનને હૌઝે કૌષર નસીબ થશે નહીં.

| ۲۷۹۸ حدیث | سَمِعْتُ جُنْدُبًا قَالَ سَمِعْتُ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَقُوْلُ |
|---|---|

[હદીષ : ૨૭૯૮] "હઝરત જુન્દુબ رضی اللہ عنہ એ કહ્યું કે મેં નબી ﷺ ને ફર્માવતાં સાંભળ્યા,

اَنَا فَرَطُکُمْ عَلَی الْحَوْضِ ؎

હું હૌઝે કૌષર પર તમારો પેશરવ કારસાઝ છું." (મુસ્લિમ–ફઝાઈલ)

| ۲۷۹۹ حدیث | عَنْ مَعْبَدِ بْنِ خَالِدٍ سَمِعَ حَارِثَۃَ بْنَ وَھْبٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی |
|---|---|

[હદીષ : ૨૭૯૯] "હારિષા બિન્તે વહબ رضی اللہ عنہ કહેતા હતા, મેં નબી ﷺ થી સાંભળ્યું અને હુઝૂરે

عَنْہُ یَقُوْلُ سَمِعْتُ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ وَذَکَرَ الْحَوْضَ فَقَالَ کَمَا

હોઝનો ઉલ્લેખ કર્યો અને ફર્માવ્યું, હોઝ એટલો લાંબો પહોળો છે જેમ કે મદીના અને સ્ન્આ વચ્ચેનું અંતર છે.

بَیْنَ الْمَدِیْنَۃِ وَصَنْعَاءَ - وَزَادَ ابْنُ اَبِیْ عَدِیٍّ (اِلٰی اَنْ) عَنْ حَارِثَۃَ رَضِیَ اللّٰہُ

અને ઈબ્ને અદીએ ઉમેરો કર્યો, હારિષા رضی اللہ عنہ થી રિવાયત કરતાં કે નબી ﷺ થી સાંભળ્યું કે ફર્માવ્યું, એમનો

تَعَالٰی عَنْہُ سَمِعَ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ حَوْضُہٗ مَا بَیْنَ صَنْعَاءَ

હોઝ એટલો મોટો છે જેટલો સ્ન્આ અને મદીનાનું અંતર છે. એમને મુસ્તૌરિદે પૂછયું, શું તમે એમનાથી એ નથી

وَالْمَدِیْنَۃِ فَقَالَ لَہُ الْمُسْتَوْرِدُ اَلَمْ تَسْمَعْہُ قَالَ الْاَوَانِیْ قَالَ لَا قَالَ الْمُسْتَوْرِدُ

સાંભળ્યું કે الْأَوَانِیْ કહ્યું ? તેમણે કહ્યું કે નહીં ! મુસ્તૌરિદે કહ્યું, એમાં વાસણો જોવા

تُرٰی فِیْہِ الْاٰنِیَۃُ مِثْلُ الْکَوَاکِبِ ؏

મળશે તારાઓની જેમ." (મુસ્લિમ–ફઝાઈલ)

### હદીષ : ૨૭૯૯ની સમજૂતી

મુસ્તૌરિદ સહાબી છે. આ હદીષ એમનાથી પણ રિવાયત થઈ છે. એમની રિવાયતનો સાર એ છે કે હુઝૂરે અક્દસ ﷺ એ الْأَوَانِیْ فِیْہِ کَذَا وَکَذَا નથી ફર્માવ્યું પણ ફર્માવ્યું છે : یُرٰی فِیْہِ الْآنِیَۃُ.

حدیث ۲۸۰۰ عَنْ اَسْمَاءَ بِنْتِ اَبِیْ بَکْرٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَتْ قَالَ

"હઝરત અસ્મા બિન્તે અબીબકર સિદ્દીક رضی اللہ عنہ થી રિવાયત છે. તેમણે કહ્યું કે **[હદીષ : ૨૮૦૦]**

النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِنِّیْ عَلَی الْحَوْضِ حَتّٰی اَنْظُرَ مَنْ یَرِدُ عَلَیَّ

નબી ﷺ એ ફર્માવ્યું, હું હોઝ પર ઉભેલો રહીશ જેથી જોઉં કે તમારામાંથી મારા પર કોણ આવે છે. અને મારી

مِنْکُمْ وَسَیُؤْخَذُ نَاسٌ دُوْنِیْ فَاَقُوْلُ یَا رَبِّ مِنِّیْ وَمِنْ اُمَّتِیْ فَیُقَالُ ھَلْ

નજીકમાં જ કેટલાક લોકોને પકડી લેવામાં આવશે. હું કહીશ, હે રબ ! મારાથી છે અને મારી ઉમ્મતથી છે. તો

شَعَرْتَ مَا عَمِلُوْا بَعْدَكَ وَاللّٰہِ مَا بَرِحُوْا یَرْجِعُوْنَ عَلٰی اَعْقَابِہِمْ فَکَانَ ابْنُ

કહેવામાં આવશે, તમને ખબર છે એમણે તમારા બાદ શું કર્યું ? વલ્લાહ ! એ પોતાની એડીઓના બળે પલટતા

اَبِیْ مُلَیْکَۃَ یَقُوْلُ اَللّٰہُمَّ اِنَّا نَعُوْذُ بِكَ اَنْ نَرْجِعَ عَلٰی اَعْقَابِنَا اَوْ نُفْتَنَ عَنْ

રહ્યા. ઈબ્ને અબી મુલૈકા આ દુઆ માંગ્યા કરતા હતા, હે અલ્લાહ ! અમે તારી પનાહ માગીએ છીએ કે પોતાની

دِیْنِنَا ۔ قَالَ اَبُوْعَبْدِ اللّٰہِ عَلٰی اَعْقَابِکُمْ تَنْکِصُوْنَ تَرْجِعُوْنَ ۔

એડીઓના બળે પટલીએ કે દીનના બારામાં ફિત્નામાં નાખવામાં આવીએ. અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ

કહ્યું, تَنْکِصُوْنَ નો અર્થ تَرْجِعُوْنَ છે, એટલે પલ્ટાઈ છે, પાછા ફરે છે, ફરે છે. (ફિતન, બાબ અવ્વલ, પેજ : ૧૦૪૫)

بسم الله الرحمن الرحيم

# كتاب القدر ص ٩٧٥

## ''કિતાબુલ કૃદર'' (તકૃદીર વિશે પ્રકરણ) –(૯૭૫)

તક઼દીર હક્ક઼ છે. એનો મુન્કિર ગુમરાહ છે. તક઼દીર એક ગુપ્ત રહસ્ય છે જેને સમજવું સામાન્ય બુદ્ધિઓની બહાર છે. તેની ખાસ્સી તફસીર ભાગ : ૧, હદીષે જિબ્રઈલમાં વર્ણન કરી દેવામાં આવી છે.

باب جف القلم على علم الله وقوله اضله الله على علم ص ٩٧٦

**પ્રકરણ : ''અલ્લાહ તઆલાના ઈલ્મના પ્રમાણે કૃલમ સૂકાઈ ગયો. અને અલ્લાહ તઆલાના એ ઈર્શાદનું બયાન : અને એને અલ્લાહ તઆલાએ પોતાના ઈલ્મના પ્રમાણે ગુમરાહ કરી આપ્યો.''** –(૯૭૬)

**સ્પષ્ટતા :** મુરાદ એ છે કે અલ્લાહ તઆલાએ દરેક ચીજને ક઼યામત સુધી જે કાંઈ થવાનું છે સર્વ લખી આપ્યું છે. જો એમાંથી કાંઈ બદલવા ચાહે છે તો તેને મિટાવી દે છે. જેમ કે ફર્માવે છે : يمحوا الله مايشاء ويثبت وعنده ام الكتب ''અલ્લાહ તઆલા જેને ચાહે છે મિટાવે છે અને ચાહે છે સલામત રાખે છે. અને એની પાસે અસલ કિતાબ છે.'' અહીં ઈલ્મુલ્લાહથી મુરાદ હુકમે ઈલાહી છે. એટલા માટે કે એના માલૂમનું વાક઼ેઅ થવું લાઝિમ છે, નહીં તો જહલ (અજ્ઞાનતા) લાઝિમ આવશે. તો એના ઈલ્મને લાઝિમ છે માલૂમના વકૂઅનો હુકમ. واضله الله على علمની એક તફસીર એ છે કે અઝલમાં એના બારામાં જે ઈલ્મ હતો એને જાહેર કર્યો. અને એક તફસીર એ છે કે અલ્લાહ તઆલાએ એને ઈલ્મ અતા કર્યો હતો તેમ છતાં તે ગુમરાહ થઈ ગયો.

ت ٧٦٨ وقال ابن عباس لها سابقون. سبقت لهم السعادة

*''અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે, અને એ જ લોકો ભલાઈની તરફ પહેલા પહોંચનારા છે. હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું, એટલે કે સઆદત (ખુશનસીબી) સૌ પ્રથમ તેમના હિસ્સામાં આવી.''* **[તઅલીક઼ : ૭૬૮]**

**તઅલીક઼ : ૭૬૮ની સમજૂતી** ઈર્શાદ છે : أُولَٰئِكَ يُسَارِعُونَ فِي الْخَيْرَاتِ وَهُمْ لَهَا سَابِقُونَ એટલે કે, ''તે લોકો નેકીઓ કરવામાં ઝડપ દેખાડે છે. અને એ આગળ નીકળી જનારા છે.'' હઝરત ઈબ્ને અબ્બાસની તફસીરથી જાહેર થઈ રહ્યું છે કે સઆદત સાબિક઼ છે. અને આયત એ વાત પર દલીલ પૂરી પાડે છે કે ખયરાત, એટલે સઆદત મસ્બૂક છે. એનો ખુલાસો એ છે કે આયતનો મતલબ એ છે કે સઆદતના કારણે તે લોકો અન્ય લોકોથી આગળ વધી જશે. એ મુરાદ નથી કે સઆદતથી આગળ વધી ગયા.

٢٨٠١ حديث عَنْ عِمْرَانَ بْنِ حُصَيْنٍ قَالَ قَالَ رَجُلٌ يَا رَسُولَ اللّٰهِ اَيُعْرَفُ اَهْلُ

''હઝરત ઈમરાન ઈબ્ને હુસૈન رضی اللہ عنہ થી રિવાયત છે કે એક શખ્સે પૂછ્યું, **[હદીષ : ૨૮૦૧]**

الْجَنَّةِ مِنْ اَهْلِ النَّارِ قَالَ نَعَمْ قَالَ فَلِمَ يَعْمَلُ الْعَامِلُوْنَ قَالَ كُلٌّ يَعْمَلُ

યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم શું જન્નતી જહન્નમીઓથી અલગ થઈને ઓળખી શકાય છે ? ફર્માવ્યું, હા ! તો તેણે અર્ઝ

لِمَا خُلِقَ لَهٗ اَوْ لِمَا يُسِّرَ لَهٗ ع

કરી, તો અમલ કરવાવાળા અમલ શા માટે કરે છે ? ફર્માવ્યું, માણસ જેના માટે પેદા કરવામાં આવ્યો છે એના પ્રમાણે અમલ કરે છે, એના પ્રમાણે એને તૌફીક઼ આપવામાં આવે છે.'' (તૌહીદ, પેજ : ૧૧૨૬)

**હદીષ : ૨૮૦૧ની સમજૂતી** મતલબ એ છે કે એ નિશ્ચિત થઈ ચૂક્યું છે કે કોણ જન્નતમાં જશે અને કોણ જહન્નમમાં, એના પ્રમાણે જન્નતી એવા અમલો કરે છે જેના સબબે જન્નતનો મુસ્તહિક઼ છે. અને દોઝખી એવા અમલ કરે છે જેના સબબે તે દોઝખનો હક્ક઼દાર બને છે.

**પ્રકરણ : ''અને અલ્લાહનું કામ નિશ્ચિત તક઼દીર છે.''** –(૭૯૬)

بَابُ اِلْقَاءِ النَّذْرِ الْعَبْدَ اِلَى الْقَدَرِ ص ٩٧٨

٢٨٠٢ حديث عَنْ حُذَيْفَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ لَقَدْ خَطَبَنَا النَّبِيُّ صَلَّى اللّٰهُ

''હઝરત હુઝૈફા رضی اللہ عنہ એ કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ એક ખુત્બો આપ્યો જેમાં કોઈ એક **[હદીષ : ૨૮૦૨]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ خُطْبَةً مَا تَرَكَ فِيْهَا شَيْئًا اِلٰى قِيَامِ السَّاعَةِ اِلَّا ذَكَرَهٗ عَلِمَهٗ

એવી ચીજનું વર્ણન નથી છોડયું જે ક઼યામત થતા સુધી થશે, પણ તે સૌનો ઉલ્લેખ કર્યો. એને જાણ્યું જેણે

مَنْ عَلِمَهٗ وَجَهِلَهٗ مَنْ جَهِلَهٗ اِنْ كُنْتُ لَاَرَى الشَّيْئَ قَدْ نَسِيْتُ فَاَعْرِفُ

જાણ્યું, જે ભૂલી ગયો ભૂલી ગયો. હું કોઈ ભૂલાયેલી ચીજને જોઉં છું તો ઓળખી કાઢું છું,

مَا يَعْرِفُ الرَّجُلُ اِذَا غَابَ عَنْهُ فَرَاٰهُ فَعَرَفَهٗ

જેમ કે ગાયબ શખ્સને માણસ જોઈને ઓળખી લે છે.'' (મુસ્લિમ–ફિતન, અબૂ દાઊદ)

**હદીષ : ૨૮૦૨ની સમજૂતી**

આ હદીષ એની દલીલ છે કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم જમીઅ માકાન વમાયકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)ના આલિમ હતા, ત્યાં સુધી કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمએ સહાબાએ કિરામને બતાવી પણ આપ્યું. જેને યાદ રહ્યું, જે ભૂલી ગયો તે ભૂલી ગયો.

باب اِلْقَاءِ النَّذْرِ الْعَبْدَ اِلَى الْقَدْرِ ص ۹۷۸۔

**પ્રકરણ : "મન્નત બંદાને તક઼દીરની તરફ જ નાખી દે છે."** –(૯૭૮)

**સ્પષ્ટતા :** એટલે મન્નતથી તક઼દીરનું લખેલ નથી બદલાતુ, બલ્કે મન્નત માનવું પણ તક઼દીરે ઈલાહીથી છે.

حدیث ۲۸۰۳ عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَ نَھَی النَّبِیُّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ મન્નતથી મના ફર્માવ્યું,* **[હદીષ : ૨૮૦૩]**

عَنِ النَّذْرِ وَقَالَ اِنَّہٗ لَا یَرُدُّ شَیْئًا وَاِنَّمَا یُسْتَخْرَجُ بِہٖ مِنَ الْبَخِیْلِ۔

*અને ફર્માવ્યું, એ તક઼દીરને નથી બદલતી, હા ! કંજૂસ પાસેથી તેનો માલ કઢાવી લે છે."*

حدیث ۲۸۰۴ عَنْ اَبِیْ ھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ عَلَیْہِ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે મન્નત* **[હદીષ : ૨૮૦૪]**

وَسَلَّمَ قَالَ لَا یَاْتِیْ ابْنَ اٰدَمَ النَّذْرُ بِشَیْءٍ لَمْ یَکُنْ قَدْ قَدَّرْتُہٗ وَلٰکِنْ یُلْقِیْہِ

*માણસને એવી કોઈ ચીજ નથી આપતી જે એના મુક઼દ્દરમાં ન હોય. પરંતુ તક઼દીર તેને મન્નતની તરફ લઈ*

الْقَدْرُ وَقَدْ قَدَّرْتُہٗ لَہٗ اَسْتَخْرِجُ بِہٖ مِنَ الْبَخِیْلِ

*જાય છે, અને મેં એના માટે મન્નત મુક઼દ્દર કરી આપી છે કે એના થકી બખીલ પાસે હું કાંઈક કઢાવી લઉં છું."*

**હદીષ : ૨૮૦૪ની સમજૂતી**

એટલે કે "ક઼ઝાએ મુબરમ"માં મન્નત (નઝર)થી કોઈ તબદીલી કે ફેરફાર નથી થતો.

بَابُ الْمَعْصُوْمُ مَنْ عَصَمَ اللّٰہُ۔

**પ્રકરણ : "મઅસૂમ તે છે જેને અલ્લાહ બચાવી રાખે."** –(૯૭૮)

عَاصِمٌ۔مَانِعٌ આસિમનો અર્થ મના કરનાર, રોકનાર.

ت ۷۶۹ قَالَ مُجَاھِدٌ سُدًی عَنِ الْحَقِّ یَتَرَدَّدُوْنَ فِی الضَّلَالَۃِ۔

*"ઈમામ મુજાહિદે કહ્યું, سُدًی એટલે કે ગુમરાહીમાં ભટકતા ફરે છે."* **[તઅલીક઼ : ૭૬૯]**

**તઅલીક઼ : ૭૬૯ની સમજૂતી**

સૂરએ ક઼િયામહમાં ફર્માવવામાં આવ્યું : اَیَحْسَبُ الْاِنْسَانُ اَنْ یُّتْرَکَ سُدًی "શું ઈન્સાન ગુમાન કરે છે કે એને આઝાદ છોડી દેવામાં આવશે !" આ આયતમાં આવેલ سُدًی ની તફસીરમાં ઈમામ મુજાહિદે એવું ફર્માવ્યું

કે, તે ખાસ ગુમરાહીમાં ભટકતો રહેશે.

اَغْوَاهَا ـ دَسّٰهَا એટલે એને ગુમરાહ કરી આપ્યો. સૂરએ શમ્સમાં ફર્માવવામાં આવ્યું : وَقَدْ خَابَ مَنْ دَسّٰهَا "અને તે નુકસાનમાં રહ્યો જેણે તેને ગુનાહોમાં છુપાવ્યો. ઈમામ બુખારી ફર્માવે છે, دَسّٰهَاનો મતલબ اَغْوَاهَا એટલે એને ગુમરાહ કર્યો.

حدیث ٢٨٠٥ عَنْ اَبِیْ سَعِیْدِ الْخُدْرِیِّ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

*"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું કે જે પણ* **[હદીષ : ૨૮૦૫]**

قَالَ مَا اسْتُخْلِفَ خَلِیْفَةٌ اِلَّا لَهٗ بِطَانَتَانِ بِطَانَةٌ یَّاْمُرُهٗ بِالْخَیْرِ

*ખલીફા બનાવવામાં આવે છે, તેના બે આતંરીક કાર્યકર હોય છે, એક એને ભલાઈનો હુકમ આપે છે અને એના*

وَتَحُضُّهٗ عَلَیْهِ وَبِطَانَةٌ تَاْمُرُهٗ بِالشَّرِّ وَتَحُضُّهٗ عَلَیْهِ وَالْمَعْصُوْمُ مَنْ عَصَمَ اللّٰهُ

*માટે પ્રોત્સાહિત કરે છે, અને એક બુરાઈનો હુકમ આપે છે અને એના પર ઉત્તેજીત કરે છે. મઅસૂમ તે છે*

*જેને અલ્લાહ પોતાની હિફાઝતમાં રાખે." (અહકામ–બાબુ બિતાનતુલ ઈમામ, પેજ : ૧૦૬૮, નિસાઈ–બયઅત)*

### ★ દરેક ખલીફાના આંતરીક રાઝદાર તથા સલાહકાર હોય છે ★

**હદીષ : ૨૮૦૫ની સમજૂતી** કિતાબુલ અહકામમાં આટલુ વધારે છે : مَا مِنْ نَبِیٍّ એટલે કે દરેક નબી તથા દરેક ખલીફાના આંતરીક રાઝદાર તથા સલાહકાર હોય છે. بِطَانَةٌનો મૂળ અર્થ કપડાનું અસ્તર છે, અહીં મુરાદ ખાસ વિશ્વાસુ સલાહકાર છે.

بَابُ قَوْلِ اللّٰهِ وَحَرَامٌ عَلٰی قَرْیَةٍ اَهْلَكْنٰهَا اَنَّهُمْ لَا یَرْجِعُوْنَ۔

**પ્રકરણ : અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : અને હરામ છે એ વસ્તી પર જેને અમે નષ્ટ કરી દીધી કે ફરી પલટીને આવે.**

*–(સૂરએ અંબિયા, ૯૫)*

وَقَوْلِهٖ لَنْ یُّؤْمِنَ مِنْ قَوْمِكَ اِلَّا مَنْ قَدْ اٰمَنَ

"અને આ ઈર્શાદનું બયાન કે તમારી કૌમથી મુસલમાન થશે નહીં, પણ જેટલા ઈમાન લાવી ચૂક્યા. *(સૂરએ હૂદ–૩૬)*

وَلَا یَلِدُوْا اِلَّا فَاجِرًا كَفَّارًا۔

"અને આ ઈર્શાદનું બયાન : અને એમને ઔલાદ થશે તો તે પણ ન થશે, પણ બદ્કાર, ઘણી નાશુકી." *(સૂરએ નૂહ–૨૭)*

ت ٧٧٠ وَقَالَ مَنْصُوْرُ بْنُ النُّعْمَانِ عَنْ عِكْرِمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰهُ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, حِرْمٌ હબ્શી ભાષામાં وَجَبَ ના* **[તઅલીક઼ : ૭૭૦]**

**તઅલીક઼ : ૭૭૦ની સમજૂતી** આયતે કરીમા وَحَرَامٌ عَلٰی قَرْیَةٍમાં એક કિ઼રાઅત حِرْمٌ પણ છે.

تَعَالٰی عَنْهُمَا وَحِرْمٌ بِالْحَبَشِيَّةِ وَجَبَ

*અર્થમાં છે.''*

હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે આ હબ્શી ભાષાનો શબ્દ છે, એનો અર્થ وَجَبَ છે. એટલે આ વાત એમને વાજિબ થઈ ચૂકી છે કે તે લોકો પરત થશે નહીં.

**પ્રકરણ : ''ઈન્સાન અને તેના દિલમાં આડ બની જાય છે.''** *–(૯૭૯)*

بَابُ يَحُوْلُ بَيْنَ الْمَرْءِ وَقَلْبِهٖ
ص ۹۷۹

۲۸۰۶
حدیث

عَنْ عَبْدِ اللّٰهِ قَالَ كَثِيْرًا مَا كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*''હઝરત અબ્દુલ્લાહ (ઈબ્ને ઉમર) رضی اللہ عنہما થી રિવાયત છે. નબી صلی اللہ علیہ وسلم મોટાભાગે* **[હદીષ : ૨૮૦૬]**

وَسَلَّمَ يَحْلِفُ لَا وَمُقَلِّبِ الْقُلُوْبِ

*આ ક઼સમ ખાયા કરતા હતા, ક઼સમ છે દિલોના બદલનારાની.''*

*(૨/૯૮૧ ઐમાન વન્નુઝૂર, ૨/૧૦૯૯, તૌહીદ, તિર્મિઝી–ઈમાન, નિસાઈ, ઈબ્ને માજહ–કફ્ફારાત)*

## હદીષ : ૨૮૦૬ની સમજૂતી

**એકરૂપતા :** જ્યારે અલ્લાહ તઆલા દિલોને ફેરવનારો છે તો તેણે જો કોઈના દિલને ઈમાનથી ફેરવીને કુફ્રની તરફ વાળી દીધું તો તે એના અને એના ઈમાનની વચ્ચે આડુ થઈ ગયું. એ જ રીતે જો અલ્લાહ તઆલાએ કોઈના દિલને ઈમાનની તરફ ફેરવી દીધું તો એમાં અને કુફ્રની વચ્ચે આડ બની જાય છે.

**પ્રકરણ : "અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : ફર્માવી દો, અમને નથી પહોંચતું, પરંતુ તે જે અમારા માટે લખી આપ્યું છે, એટલે જે અમારા હક્કમાં ફેંસલો કરી આપ્યો છે."**

*–(૯૭૯)*

باب قُلْ لَنْ يُّصِيْبَنَا اِلَّا مَا كَتَبَ اللّٰهُ لَنَا قَضٰى۔
ص ۹۷۹

ت ۷۷۱ وَقَالَ مُجَاهِدٌ بِفَاتِنِيْنَ بِمُضِلِّيْنَ اِلَّا مَنْ كَتَبَ اللّٰهُ اَنَّهٗ

*"અને મુજાહિદે કહ્યું "ફ઼ાતિનીન"થી મુરાદ "મુદ઼િલ્લીન" છે, પણ તેમને* **[તઅલીક઼ : ૭૭૧]**

يَصْلَى الْجَحِيْمِ۔

*જેમના બારામાં અલ્લાહ તઆલાએ લખી આપ્યું છે તે જહન્નમમાં સળગશે."*

## તઅલીક઼ : ૭૭૧ની સમજૂતી

સૂરએ સાફ઼ફ઼ાતમાં ઈર્શાદ હતો : مَا اَنْتُمْ عَلَيْهِ بِفَاتِنِيْنَ۔ اِلَّا مَنْ هُوَ صَالِ الْجَحِيْمِ એના વિરુદ્ધ કોઈને બેહકાવનાર નથી, પણ એને જે ભડકી રહેલી આગમાં જનારો છે. આ સંબોધન કાફિરોને હતું. فَاتِنِيْن નો મતલબ مُتَضِلِّيْن એ છે કે, **હે કાફિરો ! તમે કોઈને બેહકાવી નથી શક્તા, પણ તે લોકોને જેમના મુક઼દ્દરમાં જહન્નમમાં સળગવાનું છે.**

قَدَّرَ فَهَدٰى۔ قَدَّرَ الشَّقَاءَ۔ وَالسَّعَادَةَ وَهَدَى الْاَنْعَامَ لِمَرَاتِعِهَا એટલે અલ્લાહ તઆલાએ બદ્દબખ્તી તથા ખુશબખ્તી મુક઼દ્દર કરી આપી છે. અને ચોપગાંઓને ચરાગાહનો માર્ગ દેખાડયો.

بسم الله الرحمن الرحيم

# كتاب الأيمان والنذور (ص ٩٨٠)

## ''કિતાબુલ અય્માન વન્નુઝૂર'' (ક઼સમ તથા મન્નત વિશે પ્રકરણ) –(૯૮૦)

**સ્પષ્ટતા :** أَيْمَان યમીનનું બહુવચન છે. યમીનનો અર્થ શક્તિ છે. ઈર્શાદ છે : وَلَأَخَذْنَهُ بِالْيَمِين ''જરૂર એમનાથી અમે શક્તિથી બદલો લઈશું. તેમજ જમણા હાથને પણ કહે છે અને શરીઅતમાં ક઼સમને કહે છે. એટલે કે કોઈ ચીજના બે પાસાંમાંથી એકને શક્તિ પૂરી પાડવી. મક઼સમબિહના થકી અને નઝર મન્નત માગવી, કોઈ ઈબાદત કે સદક઼ાને પોતાના ઉપર વાજિબ કરવો તબર્રઅન્. એટલે જે ચીજ વાજિબ ન હોય તેને પોતાના જિમ્મે વાજિબ કરવી.

بَابُ قَوْلِ اللّٰهِ لَا يُؤَاخِذُكُمُ اللّٰهُ بِاللَّغْوِ فِيْ أَيْمَانِكُمْ وَلٰكِنْ يُّؤَاخِذُكُمْ بِمَا عَقَّدْتُّمُ الْأَيْمَانَ فَكَفَّارَتُهُ إِطْعَامُ عَشَرَةِ مَسٰكِيْنَ مِنْ أَوْسَطِ مَا تُطْعِمُوْنَ أَهْلِيْكُمْ أَوْ كِسْوَتُهُمْ أَوْ تَحْرِيْرُ رَقَبَةٍ فَمَنْ لَّمْ يَجِدْ فَصِيَامُ ثَلٰثَةِ أَيَّامٍ ذٰلِكَ كَفَّارَةُ أَيْمَانِكُمْ إِذَا حَلَفْتُمْ وَاحْفَظُوْا أَيْمَانَكُمْ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ اٰيٰتِهِ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ

**પ્રકરણ :** અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : અલ્લાહ તમને નથી પકડતો એ ક઼સમોમાં જે વિના ઈરાદે જીભથી નીકળી જાય. હા ! એ ક઼સમો પર પકડ કરે છે જેમને તમે મજબૂત કરી, તો એવી ક઼સમનો બદલો દસ મિસ્કીનોને ખાણુ આપવું પોતાનાં ઘરવાળાંને જે ખવડાવો છો એના મધ્યમમાંથી. અથવા તેમને કપડાં આપવાં, એક ગુલામ આઝાદ કરવો. તો જેઓ એમાંથી કાંઈ ન પામે તો ત્રણ દિવસના રોઝા. આ બદલો છે તમારી ક઼સમોનો જ્યારે ક઼સમ ખાવ. અને પોતાની ક઼સમોની હિફાઝત કરો. આ રીતે અલ્લાહ તઆલા તમારા પર પોતાની આયતો બયાન ફર્માવે છે કે જેથી તમે એહસાન માનો. –*(સૂરએ માઈદા, આ. ૮૯)*

### ★ ક઼સમના પ્રકારો ★

**સ્પષ્ટતા :** ક઼સમના ત્રણ પ્રકારો છે : ગ઼મૂસ, લગ્વ, મુનઅક઼ેદા. જાણીબુઝીને જૂઠી ક઼સમ ખાવાને ''ગ઼મૂસ'' કહે છે. દા.ત. ક઼સમ ખાધી કે ફલાણો શખ્સ આવ્યો. જ્યારે કે એ જાણે છે કે તે હજી સુધી નથી આવ્યો. લગ્વ : જો પોતાની જાણમાં જે ક઼સમ ખાધી છે તે સાચી છે, પણ હક઼ીક઼તમાં જૂઠી છે. દા.ત. જાણતો હતો કે ઝયદ નથી આવ્યો અને ક઼સમ ખાધી કે ઝયદ નથી આવ્યો. પણ હક઼ીક઼તમાં ઝયદ આવી ગયો છે. એને લગ્વ કહે છે. મુનઅ઼કેદા : દા.ત. કે ભવિષ્યના માટે ક઼સમ ખાધી. દા.ત. ખુદાની ક઼સમ ! આ કામ કરીશ અથવા નહીં કરું. તો તેને મુનઅ઼ક઼ેદા કહે છે. ગ઼મૂસમાં સખત ગુનેહગાર થશે, ઈસ્તિગફાર અને તૌબા ફર્ઝ છે, પણ કફ્ફારો લાઝિમ નથી. અને લગ્વમાં ન ગુનોહ છે ન કફ્ફારો. અને મુનઅ઼ક઼ેદામાં જો ક઼સમ તોડે તો કફ્ફારો આપવો પડશે. અને અમુક સંજોગોમાં ગુનેહગાર પણ થશે.

٢٨٠٧ حدیث

حَدَّثَنَا عَبْدُ الرَّحْمٰنِ بْنُ سَمُرَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ قَالَ

''અબ્દુર્રહમાન ઈબ્ને સમુરહ رضی اللہ عنہ એ હદીષ વર્ણવી કે નબી ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૨૮૦૭]**

النَّبِیُّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ یَا عَبْدَ الرَّحْمٰنِ بْنَ سَمُرَةَ لَا تَسْئَلِ الْاِمَارَةَ

હે અબ્દુર્રહમાન ઈબ્ને સમુરહ ! અમારતનો સવાલ ન કરશો, એટલા માટે કે જો સવાલ બાદ તને

فَاِنَّکَ اِنْ اُوْتِیْتَھَا عَنْ مَسْئَلَةٍ وُکِلْتَ اِلَیْھَا وَاِنْ اُوْتِیْتَھَا مِنْ غَیْرِ

અમારત આપવામાં આવી તે તારા જ માથે રહેશે, અને જો વગર માગ્યે આપવામાં આવી તો તારી

مَسْئَلَةٍ اُعِنْتَ عَلَیْھَا وَاِذَا حَلَفْتَ عَلٰی یَمِیْنٍ فَرَاَیْتَ غَیْرَھَا خَیْرًا مِّنْھَا

મદદ કરવામાં આવશે. અને જ્યારે તું કોઈ ક઼સમ ખાય અને જુએ કે એનું ગૈર એનાથી બેહતર છે તો

فَکَفِّرْ عَنْ یَمِیْنِکَ وَاْتِ الَّذِیْ ھُوَ خَیْرٌ عہ

પોતાની ક઼સમનો કફ્ફારો આપી દે અને તે ચીજને કર જે બેહતર છે.''

(કફ્ફારા ક઼બ્લલ્ હિન્ષ વ બઅ્દહુ, પેજ : ૯૯૫, અલ્અહકામ મલ્લમ યસઅલિલ્લાહલ્અમારહ, પેજ : ૧૦૫૮, મુસ્લિમ–ઈમાન, અબૂ દાઊદ–ખિરાજ, તિર્મિઝી–ઈમાન, નિસાઈ–સિયર)

## હદીષ : ૨૮૦૭ની સમજૂતી

اِذَا حَلَفْتَ આ હુકમ યમીને મુનઅક઼દાનો છે. જો કોઈએ ક઼સમ ખાધી, દા.ત. ફલાણુ કામ કરીશ. પછી તેને સમજમાં આવ્યું કે તેને ન કરવું બેહતર છે, તો ક઼સમ તોડવી જાઈઝ છે, એના પર કોઈ ગુનોહ નથી. અલ્બત્ત ક઼સમનો કફ્ફારો તો વાજિબ થશે. હદીષમાં ફર્માવ્યું, પોતાની ક઼સમનો કફ્ફારો આપ અને તે લાવ જે બેહતર છે. એનાથી જાહેરી રીતે સમજમાં આવે છે કે ક઼સમ તોડતા પહેલાં કફ્ફારો આપવો જાઈઝ છે. જ્યારે કે એવું નથી. ક઼સમ તોડતા પહેલાં જે કફ્ફારો આપશે તે તબર્રુઅ થશે કફ્ફારો નહીં થાય. ક઼સમ તોડયા બાદ કફ્ફારો આપવો વાજિબ થશે. વાવ મુત્લક઼ બહુવચન માટે આવે છે તરતીબ (ક્રમ)ના માટે નથી આવતો કે પહેલાં ઝિક્ર કરવાથી પહેલાં હોવા પર દલીલ કરવામાં આવે.

حدیث ٢٨٠٨ **[હદીષ : ૨૮૦૮]**

حَدَّثَنَا اَبُوْ ھُرَیْرَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ وَعَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ હદીષ વર્ણવી કે નબી ﷺ થી રિવાયત વર્ણન કરતાં કે ફર્માવ્યું, અમે સૌમાં

عَلَیْہِ وَسَلَّمَ قَالَ نَحْنُ الْاٰخِرُوْنَ السَّابِقُوْنَ یَوْمَ الْقِیٰمَةِ فَقَالَ رَسُوْلُ

પાછલા છીએ અને ક઼યામતના દિવસે સૌથી આગળ વધી જનાર છીએ. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, બખુદા !

اللہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ وَاللّٰہِ لِاَنْ یَلَجَّ اَحَدُکُمْ بِیَمِیْنِہٖ فِیْ اَھْلِہٖ اٰثَمُ لَہٗ

*તમે તમારા ઘરવાળાં બાબતે કસમમાં કાયમ રહો તો અલ્લાહની નજીક અધિક ગુનેહગાર રહેશો એની*

عِنْدَ اللّٰہِ مِنْ اَنْ یُعْطِیَ کَفَّارَتَہُ الَّتِیْ اِفْتَرَضَ اللّٰہُ عَلَیْہِ ءاے

*સરખામણીમાં કે કસમનો તે કફ્ફારો આપી દો જે અલ્લાહે નિશ્ચિત કર્યો છે." (ઈબ્ને માજહ–કફ્ફારાત)*

**હદીષ : ૨૮૦૮ની સમજૂતી** نَحن الأخرون السّابقون એટલે કે આપણે દુનિયામાં સૌથી પછી આવ્યા, પણ કિયામતના દિવસે હિસાબ તથા જન્નતમાં દાખલ થવામાં સૌથી પહેલા હોઈશું. હુમામ ઈબ્ને મુનબ્બિહની પાસે એક સહીફો હતો જેમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની હદીષો લખેલી હતી જેની પહેલી હદીષ હતી : نحن الآخرون السّابقون يوم القيامة તેમની આદત હતી કે જ્યારે એ સહીફાથી કોઈ રિવાયત વર્ણન કરતા તો પ્રથમ આ હદીષને વર્ણન કરતા પછી હદીષ રિવાયત કરતા. એટલે **કોઈએ પોતાનાં ઘરવાળાં બાબતે કોઈ કસમ ખાધી જેમાં એના માટે ઘરવાળાનું નુકસાન થયું તેમ છતાં પણ તે કસમ પર અડી રહ્યો, તો એ ગુનોહ મોટો ગુનોહ છે એના કરતાં કે કસમ તોડીને કફ્ફારો અદા કરે.** સાર એ નીકળ્યો કે કોઈ વાતની કસમ ખાધી પછી તેને સમજમાં આવ્યું કે એ વાત સારી નથી એનાથી બેહતર એના વિરુદ્ધનું છે, તો તેણે જોઈએ કે કસમ તોડી નાખે, કફ્ફારો અદા કરે. જેમ કે હમણા વર્ણન થયું. એવા સંજોગોમાં કસમ પર અડી રહેવું અમુક સ્થિતિઓમાં ગુનોહ થશે.

**પ્રકરણ : "નબી ﷺની કસમ કેવી હતી."** –(૯૮૧)

بَابُ کَیْفَ کَانَ یَمِیْنُ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ ص۹۸۱

ت ۷۷۲ وَقَالَ اَبُوْ قَتَادَۃَ قَالَ اَبُوْ بَکْرٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ عِنْدَ النَّبِیِّ

*"હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ એ કહ્યું કે હઝરત અબૂ બકર رضی اللہ عنہ એ* **[તઅલીક : ૭૭૨]**

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ لَاھَا اللّٰہِ اِذًا

*નબી ﷺની સામે કહ્યું, નહીં ! બખુદા ! અત્યારે."*

**તઅલીક : ૭૭૨ની સમજૂતી**

કિતાબુલ ખુમુસમાં વર્ણન થયેલી એક લાંબી હદીષનો ભાગ છે : يقال والله و بالله وتالله કહેવામાં આવે છે, والله وبالله وتالله મતલબ એ છે : هاواؤ بَاتَا આ સર્વ અક્ષરો કસમ છે.

حدیث ۲۸۰۹ عَنْ اَبِیْ ذَرٍّ قَالَ اِنْتَھَیْتُ اِلَیْہِ وَھُوَ یَقُوْلُ فِیْ ظِلِّ الْکَعْبَۃِ ھُمْ

*"હઝરત અબૂઝર رضی اللہ عنہ એ કહ્યું, હું નબી ﷺની ખિદમતમાં હાજર થયો અને તે* **[હદીષ : ૨૮૦૯]**

اَلْاَخْسَرُوْنَ وَرَبِّ الْكَعْبَةِ، هُمُ الْاَخْسَرُوْنَ وَرَبِّ الْكَعْبَةِ. قُلْتُ مَا

કા'બાના સાયામાં બેસીને ફર્માવી રહ્યા હતા, તે લોકો સૌથી વધુ નુકસાન ઉઠાવનારા છે રબ્બે કા'બાની ક઼સમ ! તે

شَانِیْ اَیُرٰی فِیَّ شَیْءٌ مَا شَانِیْ فَجَلَسْتُ وَهُوَ یَقُوْلُ فَمَا اسْتَطَعْتُ

લોકો સૌથી વધુ નુકસાન ઉઠાવનારા છે, તે લોકો સૌથી વધુ નુકસાન ઉઠાવનારા છે, રબ્બે કા'બાની ક઼સમ ! મેં

اَنْ اَسْكُتَ وَتَغَشَّانِیْ مَا شَاءَ اللّٰهُ فَقُلْتُ مَنْ هُمْ بِاَبِیْ اَنْتَ

કહ્યું, મારો શો હાલ છે ? શું મારી અંદર એવી કોઈ વાત જોવામાં આવે છે ? મારો શો હાલ છે ? હું બેસી ગયો

وَاُمِّیْ یَا رَسُوْلَ اللّٰهِ قَالَ اَلْاَكْثَرُوْنَ اَمْوَالًا اِلَّا مَنْ قَالَ هٰكَذَا

અને હુઝૂર ફર્માવતા રહ્યા. મારામાં ચૂપ રહેવાની તાક઼ત ન રહી અને મારા પર રંજો ગમ છવાઈ ગયો, જેટલો

وَهٰكَذَا وَهٰكَذَا۔

અલ્લાહ તઆલાએ ચાહ્યો. તો મેં અર્ઝ કરી, કોણ છે તે લોકો ?! મારાં મા બાપ આપ પર કુર્બાન ! યા રસૂલલ્લાહ ! ﷺ

ફર્માવ્યું, ખૂબ જ અધિક માલવાળા, પણ જેણે આવું કર્યું અને આ રીતે કર્યું અને આ રીતે કર્યું.''

### હદીષ : ૨૮૦૯ની સમજૂતી

મુરાદ એ છે કે જે લોકો પોતાના માલોની ઝકાત ન આપતા હોય, અથવા માલના કારણે તેમના પર જે હક્કો આવતા હોય તે અદા ન કરતા હોય.

## بَابُ لَا تَحْلِفُوْا بِآبَائِكُمْ ص ۹۸۳

### પ્રકરણ : ''તમારા બાપદાદાઓની ક઼સમ ન ખાવ.'' –(૯૮૩)

۲۸۱۰ حدیث عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ **[હદીષ : ૨૮૧૦]**

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ اَدْرَكَ عُمَرَ بْنَ الْخَطَّابِ (رَضِیَ اللّٰهُ عَنْهُ)

ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ થી મળ્યા અને અમુક સવારોની સાથે સફર કરી રહ્યા હતા. અને પોતાના બાપની

وَهُوَ یَسِیْرُ فِیْ رَكْبٍ یَحْلِفُ بِاَبِیْهِ فَقَالَ اَلَا اِنَّ اللّٰهَ یَنْهَاكُمْ اَنْ تَحْلِفُوْا

ક઼સમ ખાય રહ્યા હતા. તો ફર્માવ્યું, સાંભળો ! અલ્લાહ તઆલા તમને એનાથી મના ફર્માવે છે કે પોતાના

بِآبَائِكُمْ مَنْ كَانَ حَالِفًا فَلْيَحْلِفْ بِاللّٰهِ أَوْ لِيَصْمُتْ۔

*બાપદાદાઓની ક઼સમ ખાવ. જેને ક઼સમ ખાવી હોય તો અલ્લાહની ક઼સમ ખાય કે ચૂપ રહે."*

حدیث ۲۸۱۱ قَالَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا سَمِعْتُ عُمَرَ رَضِيَ اللّٰهُ

**[હદીષ : ૨૮૧૧]** *"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ કહ્યું કે મેં હઝરત ઉમર رضی اللہ عنہ ને ફર્માવતાં સાંભળ્યા કે*

تَعَالٰی عَنْهُ يَقُوْلُ قَالَ لِيْ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ إِنَّ

*મને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા તમને એ વાતથી મના કરે છે કે તમારા બાપદાદાઓની*

اللّٰهَ يَنْهَاكُمْ أَنْ تَحْلِفُوْا بِآبَائِكُمْ قَالَ عُمَرُ فَوَاللّٰهِ مَا حَلَفْتُ بِهَا مُنْذُ

*ક઼સમ ખાવ. હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, જ્યારથી મેં રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું, બખુદા !*

سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ ذَاكِرًا وَلَا آثِرًا

*બાપદાદાની ક઼સમ નથી ખાધી, ન યાદ આવતાં અને ન કોઈથી નક઼લ કરતાં."*

ت ۷۷۳ وَقَالَ مُجَاهِدٌ أَوْ أَثَرَةٌ مِنْ عِلْمٍ يَأْثُرُ عِلْمًا۔

**[તઅલીક઼ : ૭૭૩]** *"અને મુજાહિદે કહ્યું أَوْ أَثَرَةٌ مِنْ عِلْمٍ નો અર્થ છે કે ઈલ્મની રિવાયત કરે."*

## તઅલીક઼ : ૭૭૩ની સમજૂતી

સૂરએ અહ઼ક઼ાફમાં ફર્માવ્યું હતું : اِيْتُوْنِيْ بِكِتَابٍ مِنْ قَبْلِ هٰذَا أَوْ أَثَرَةٍ مِنْ عِلْمٍ إِنْ كُنْتُمْ صٰدِقِيْنَ "મારી પાસે લાવો એનાથી પહેલાંની કોઈ કિતાબ અથવા બચ્યો કુચ્યો ઈલ્મ જો તમે લોકો સાચા છો." હઝરત ઈમામ મુજાહિદે એ ફાયદો કર્યો કે أَثَرَةٌ તથા أَثْرَةٌનો અર્થ બીજાની વાત નક઼લ કરવું.

حدیث ۲۸۱۲ حَدَّثَنَا عَبْدُ اللّٰهِ بْنُ دِيْنَارٍ قَالَ سَمِعْتُ عَبْدَ اللّٰهِ بْنَ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُمَا

**[હદીષ : ૨૮૧૨]** *"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,*

قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ: لَا تَحْلِفُوْا بِآبَائِكُمْ۔

*પોતાના બાપદાદાની ક઼સમ ન ખાવ."*

## હદીષ : ૨૮૧૨ની સમજૂતી

ક઼સમ કેવળ અલ્લાહ ﷻ નાં અસ્માએ કરીમા તથા સિફતોની ખાવી જોઈએ. અલ્લાહ તઆલાના સિવાય કોઈ અન્યનાં નામની ક઼સમ ખાવી જાઈઝ નથી, બલ્કે અમુક કુફ્ર છે. દા.ત. લાત તથા ઉઝ્ઝા મૂર્તિઓની ક઼સમ ખાવી. અને જે અમુક હદીષોમાં આવ્યું છે કે હુઝૂરે અક઼દસ ﷺ એ ફર્માવ્યું : افلح وابيه એ વિના ઈરાદે ઝબાને અક઼દસ પર જારી થઈ ગયું, એનાથી ક઼સમનો હેતુ નથી.

## ★ યમીને ગ઼મૂસનું બયાન ★

بَابُ الْيَمِيْنِ الْغَمُوْسِ وَلَا تَتَّخِذُوْا اَيْمَانَكُمْ دَخَلًا بَيْنَكُمْ فَتَزِلَّ قَدَمٌ بَعْدَ ثُبُوْتِهَا اِلٰى عَذَابٍ اَلِيْمٍ — دَخَلًا مَكْرًا وَخِيَانَةً۔ ص ٩٨٧

**પ્રકરણ : યમીને ગ઼મૂસનું બયાન.** અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : ''અને તમે તમારી ક઼સમોને આપસમાં બેઅસ્લ બહાનાં ન બનાવો કે ક્યાંક કોઈ પગો જામ્યા બાદ લગઝિશ ન કરે, અને તમારે બુરાઈ ચાખવી હોય બદલો એનો કે અલ્લાહની રાહથી રોકતા હતા, અને તમને મોટો અઝાબ થાય. دَخَلًا નો અર્થ ધોકો તથા ખયાનત છે. એટલે કે કોઈને ધોકો આપવા માટે જૂઠી ક઼સમ ન ખાવ. *–(૯૭૮)*

حدیث ٢٨١٣ عَنْ عَبْدِاللّٰهِ بْنِ عَمْرٍو رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ **[હદીષ : ૨૮૧૩]**

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું, ગુનાહે ક઼બીરા આ છે :*

قَالَ الْكَبَائِرُ الْاِشْرَاكُ بِاللّٰهِ وَعُقُوْقُ الْوَالِدَيْنِ وَقَتْلُ النَّفْسِ وَالْيَمِيْنُ الْغَمُوْسُ

*અલ્લાહની સાથે શિર્ક કરવું, મા બાપની નાફર્માની કરવી, નાહક્ક઼ ક઼ત્લ કરવું અને જૂઠી ક઼સમ ખાવી.''*

**હદીષ : ૨૮૧૩ની સમજૂતી** ઈસ્તિતાબતુલ્ મઆનિદીનમાં આ હદીષ વિગતે આ પ્રમાણે છે : એક અઅરાબી નબી ﷺની ખિદમતમાં હાજર થયા અને પૂછયું, યા રસૂલલ્લાહ ! **કબીરા ગુનાહો** શું છે ? ફર્માવ્યું : **અલ્લાહની સાથે શિર્ક કરવું.** પછી શું છે ? પછી **માબાપની નાફર્માની કરવી.** તેણે પૂછયું, પછી શું છે ? ફર્માવ્યું, યમીને ગ઼મૂસ ! મેં પૂછયું, યમીને ગ઼મૂસ શું છે ? ફર્માવ્યું, **તે શખ્સ જે ક઼સમ ખાયને મુસલમાનનો માલ હાંસલ કરે, જ્યારે કે તે એમાં જૂઠો છે.** આમાં કેવળ ત્રણ જ વર્ણન થયેલ છે, ના હક્ક઼ ખૂનનો ઉલ્લેખ નથી. જેનાથી જાહેર થઈ ગયું કે હસ્ર (સીમાંકન) હેતુ નથી. કબીરા ગુનાહોની વ્યાખ્યા શું છે અને કબીરા ગુનાહો કેટલા છે, એની સંપૂર્ણ ચર્ચા વર્ણન થઈ ચૂકી છે.

بَابُ اِذَا قَالَ وَاللّٰهِ لَا اَتَكَلَّمُ الْيَوْمَ فَصَلّٰى اَوْ قَرَاَ اَوْ سَبَّحَ اَوْ كَبَّرَ اَوْ حَمِدَ اَوْ هَلَّلَ فَهُوَ عَلٰى نِيَّتِهٖ۔ ص ٩٨٨

**પ્રકરણ : ''જ્યારે કહ્યું, બખુદા ! હું આજે વાત કરીશ નહીં, પછી નમાઝ પઢી અથવા કુર્આન મજીદ પઢયું અથવા સુબ્હાનલ્લાહ પઢયું અથવા અલ્લાહુ અકબર પઢયું અથવા હમ્દ કરી અથવા લાઈલાહ ઈલ્લલ્લાહ પઢયું, તો તે પોતાની નિય્યત પર છે.''** *–(૯૮૮)*

**સ્પષ્ટતા :** અલ્લામા કિર્માનીએ કહ્યું કે ઈમામ બુખારીની મુરાદ એ છે કે જો તેણે વાતથી મુરાદ ઉર્ફમાં જેને વાત કરવું કહે છે તે મુરાદ લીધું હોય તો આ ઝિક્રોથી હ઼ાનિષ (ક઼સમ તોડનાર) થશે નહીં. અને જો આમ (સામાન્ય) અર્થ મુરાદ લીધો હોય અથવા હક઼ીક઼ી તો તે આ ઝિક્રો અઝકારથી હાનિષ થઈ જશે. ઈબ્ને બત્તાલે ફર્માવ્યું કે અહીં કલામ (વાત કરવું) મહમૂલ છે કલામુન્નાસ પર તિલાવત તથા તસ્બીહ મુરાદ નથી, એટલા માટે

તિલાવત તથા તસ્બીહ વડે મુત્લક઼ન હાનિષ થશે નહીં. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે અમારા અસ્હાબે કહ્યું, જો નમાઝમાં કુર્આન કે તસ્બીહ વગેરે પઢયું તો હાનિષ થશે નહીં, અને જો નમાઝ બહાર પઢયું તો હાનિષ થઈ જશે. ફકીહ અબુલ લૈષે ફર્માવ્યું, જો અરબીમાં ક઼સમ ખાધી હતી તો એ જ હુકમ છે, અને જો ફારસીમાં ક઼સમ ખાધી તો નમાઝ બહાર પણ કુર્આન તથા તસ્બીહ પઢવાથી હાનિષ થશે નહીં.

ت ٧٧٤ وَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَفْضَلُ الْكَلَامِ اَرْبَعٌ سُبْحَانَ اللّٰهِ

"અને નબી ﷺ એ ફર્માવ્યું, સૌથી અફઝલ કલામ ચાર છે : [તઅલીક઼ : ૭૭૪]

وَالْحَمْدُ لِلّٰهِ وَلَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ اَلْحَمْدُ لِلّٰهِ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ اَللّٰهُ اَكْبَرُ

સુબ્હાનલ્લાહ, અલ્હ઼મ્દુલિલ્લાહ, લાઈલાહ ઈલ્લલ્લાહ, અલ્લાહુ અકબર."

**તઅલીક઼ : ૭૭૪ની સમજૂતી**

તસ્બીહ, તહલીલ, તકબીર, તહમીદ પર કલામ (વાત હોવાનો) ઈત્લાક઼ કર્યો.

ت ٧٧٥ وَقَالَ اَبُوْ سُفْيَانَ كَتَبَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِلٰى هِرَقْلَ تَعَالَوْا

"અબૂ સુફયાન رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺ એ હિરકલને લખ્યું, એવા કલ્માની તરફ [તઅલીક઼ : ૭૭૫]

اِلٰى كَلِمَةٍ سَوَاءٍ بَيْنَنَا وَبَيْنَكُمْ

આવો જે અમારા તમારામાં સમાન છે."

**તઅલીક઼ : ૭૭૫ની સમજૂતી** એના પછી એ લખેલું હતું કે ઈબાદત (પૂજા) ન કરો પણ ખુદાની અને એનો શરીક કોઈને ન કરો, અને આપણામાં કોઈ એકબીજાને રબ ન બનાવે અલ્લાહના સિવાય. પછી જો એ ન માને તો કહી દો, તમે ગવાહ રહો કે અમે મુસલમાન છીએ. હેતુ એ છે કે આ નબવી ઈર્શાદ દુનિયવી વાત ન હતી, તદ્દન દીની હતી એના ઉપર પણ કલમાનો ઈત્લાક઼ કર્યો.

ت ٧٧٦ وَقَالَ مُجَاهِدٌ كَلِمَةُ التَّقْوٰى لَا اِلٰهَ اِلَّا اللّٰهُ

"ઈમામ મુજાહિદે લાઈલાહ ઈલ્લલ્લાહનો કલમો કહ્યો." [તઅલીક઼ : ૭૭૬]

**તઅલીક઼ : ૭૭૬ની સમજૂતી**

ઈમામ બુખારીનો હેતુ એ છે કે તસ્બીહ, ઝિક્રો તથા દીની વાતો પર પણ કલ્માનો ઈત્લાક઼ (વાત ગણાવું, લાગુ થવું) થાય છે. એટલે એનો ઉચ્ચાર વાત કરવું થયું. તે لَا اَتَكَلَّمُ થી એની નિય્યત આમ (સામાન્ય) છે તે કિ઼રાઅત, તસ્બીહ તથા તહલીલ વગેરેથી હાનિષ થઈ જશે. સહીહ એ છે કે કુર્આન મજીદ તથા ઝિક્રો પઢવાની હાનિષ (ક઼સમ તોડનાર) થશે નહીં, કેમ કે આમ બોલીમાં તેને વાત કરવું નથી કહેતા.

بَابُ اِنْ حَلَفَ اَنْ لَّا يَشْرَبَ نَبِيْذًا فَشَرِبَ طِلَاءً اَوْ سَكَرًا اَوْ عَصِيْرًا لَمْ يَحْنَثْ فِيْ قَوْلِ بَعْضِ النَّاسِ وَلَيْسَتْ هٰذِهٖ بِاَنْبِذَةٍ عِنْدَهٗ ص ٩٨٩

**પ્રકરણ : જો કસમ ખાધી કે નબીઝ પીશે નહીં, પછી તિલાઅ્ અથવા સકર કે શીરો પી લીધો તો અમુક લોકોના કૌલમાં હાનિષ થશે નહીં, એટલા માટે કે એ ચીજો એની નજીક નબીઝ નથી.**

**સ્પષ્ટતા** : ખજૂર, સૂકી દ્રાક્ષ વગેરેને પાણીમાં બોળી દેવામાં આવે કે એમની મીઠાશ પાણીમાં આવી જાય, એને નબીઝ કહે છે, ભલે તે નશાકારક હોય કે ન હોય.

**તિલાઅ** : દ્રાક્ષને એટલી પકવવામાં આવે કે એનો ત્રીજો હિસ્સો બળી જાય. અને જો એનો કેવળ અડધો હિસ્સો બળી ગયો તો એને મુનસ્સફ કહે છે અને જો થોડો પાકયો (બળ્યો) છે તો બાઝિક્ કહે છે. સકર : ખજૂરને પાણીમાં બોળી દેવામાં આવે અને જ્યારે ખૂબ સારી રીતે પલળી જાય તો તેને સકર કહે છે. ''અસ઼ીર'' દ્રાક્ષના શીરાને કહે છે.

અમુક લોકોથી મુરાદ સૈયદના ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ છે. તેમણે ફર્માવ્યું કે તિલાઅ્ તથા અસ઼ીર નબીઝ નથી, એટલા માટે કે નબીઝ તેને કહે છે જેને પાણીમાં નાખીને પલાળવામાં આવે અને તિલાઅ્ પકવવામાં (બાળવામાં) આવે છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે ઈમામ બુખારીએ આ કૌલ હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہની તરફ સંબંધિત કરી આપ્યો, પણ એના સહીહ હોવા માટે દલીલ જોઈએ. અને જો આપણે એને સહીહ માની પણ લઈએ, તો જ્યારે કે ઉર્ફમાં એ સૌનું અલગ અલગ નામ છે તો ઉર્ફમાં (આમ બોલીમાં) સૌ મુતકાબિલ થયાં, એ અસ્લના એ'તબારથી સર્વને નબીઝ કહેવાતુ હોય. તે ફર્માવે છે કે હુકમ એ હોવો જોઈએ કે કસમ ખાનારે જો علی سبیل التعیین નબીઝ મુરાદ લીધું ખાસ અર્થના એ'તબારથી અને તિલાઅ્ વગેરે પીધું તો હાનિષ (કસમ તોડનાર) થશે નહીં. જો એની મુરાદ ઉર્ફી અર્થ ન હતી, અસલ અર્થ મુરાદ હતી તો હાનિષ થઈ જશે.

حدیث ٢٨١٤ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا عَنْ سَوْدَةَ زَوْجِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ

*''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત સૌદા* **[હદીષ : ૨૮૧૪]**

وَسَلَّمَ قَالَتْ مَاتَتْ لَنَا شَاةٌ فَدَبَغْنَا مَسْكَهَا ثُمَّ مَازِلْنَا نَنْبِذُ فِيْهِ حَتّٰى صَارَ شَنًّا۔

*નબી صلی اللہ علیہ وسلم નાં રફીક઼એ હયાતે કહ્યું કે અમારી એક બકરી મરી ગઈ તો અમે તેના ચામડાની દબાગત કરી લીધી પછી અમે એમાં હમેશાં નબીઝ બનાવતાં રહ્યાં, ત્યાં સુધી કે તે પૂરાણી થઈ ગઈ.''*

## હદીષ : ૨૮૧૪ની સમજૂતી

એનાથી સાબિત થયું કે મુરદાર જાનવરનું ચામડુ દબાગત કરી લીધા પછી પાક થઈ જાય છે. અને એનો ઉપયોગ કરવો જાઈઝ છે. દબાગત માટે એ જરૂરી નથી કે તેને પકવવામાં આવે, તડકામાં એટલુ સૂકવવામાં આવે કે તેની ચીકાશ (રતૂબત) ખત્મ થઈ જાય એટલુ પૂરતુ છે.

بَابُ النَّذْرِ فِي الطَّاعَةِ وَمَا أَنْفَقْتُمْ مِنْ نَفَقَةٍ أَوْ نَذَرْتُمْ مِنْ نَذْرٍ. ص ۹۹۰

**પ્રકરણ : "મન્નત, તાઅત (ફર્માબરદારી)માં જ છે. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : અને તમે જે કાંઈ ખર્ચ કર્યો અથવા મન્નત માની તો બેશક ! અલ્લાહ તેને જાણે છે."** *–(૯૯૦)*

حدیث ۲۸۱۵ **[હદીષ : ૨૮૧૫]** عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ نَذَرَ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે ફર્માવ્યું, જેણે મન્નત માની કે અલ્લાહની ઈતાઅત*

اَنْ يُّطِيْعَ اللّٰهَ فَلْيُطِعْهُ وَمَنْ نَذَرَ اَنْ يَّعْصِيَهُ فَلَا يَعْصِهٖ

*કરશે તો એની ઈતાઅત (હુકમનું પાલન) કરે, અને જે મન્નત માને કે નાફર્માની કરશે, તો એની નાફર્માની ન કરે."*

*(અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ–નઝર, ઈબ્ને માજહ–કફ્ફારાત, બાબુ અન્નઝર ફીમા લાયમ્લિક, બુખારી, ૨/૯૯૧ બાબુ અન્નઝરફીમા લા યમ્લિક)*

**હદીષ : ૨૮૧૫ની સમજૂતી** **એ જ નઝર (મન્નત)ને પૂરી કરવી વાજિબ છે જેમાં ગુનાહનું કામ ન હોય, અને જો એવી મન્નત માની જે ગુનાહના કામથી હોય તો એને પૂરી કરવી હરામ છે.**

بَابُ مَنْ مَاتَ وَعَلَيْهِ نَذْرٌ ص ۹۹۱

**પ્રકરણ : "જે મરી ગયો અને એના પર મન્નત હોય."** *–(૯૯૧)*

ت ۷۷۷ **[તઅલીક઼ : ૭૭૭]** وَاَمَرَ ابْنُ عُمَرَ اِمْرَأَةً جَعَلَتْ اُمُّهَا عَلٰى نَفْسِهَا صَلٰوةً بِقُبَاءٍ فَقَالَ

*"એક સ્ત્રીએ કુબામાં નમાઝ પઢવાની મન્નત માની. હઝરત ઉમર رضی اللہ عنہ એ તેની પુત્રીને હુકમ આપ્યો કે*

صَلِّيْ عَنْهَا.

*પોતાની માના તરફથી નમાઝ પઢી લે." (મોઅત્તા ઈમામ માલિક, બાબુન્નઝર ફીસ્સિયામ, પેજ : ૯૪)*

**તઅલીક઼ : ૭૭૭ની સમજૂતી**

આ અષરના પ્રમાણે ઝાહિરિય્યહ એ જ કહે છે કે જો કોઈના પર મન્નત હતી અને તે મરી ગયો તો તેના વારસો પર એની ક઼ઝા વાજિબ છે. હઝરત ઈમામ શાફઈ ફર્માવે છે કે નમાઝ તથા હજ્જમાં પણ નાયબપણુ જાઈઝ છે. આપણા હનફીઓનો મઝહબ છે કે એકલી બદની (શારીરિક) ઈબાદતોમાં નાયબપણુ સહીહ નથી. હજ્જ તથા માલી ઈબાદતોમાં સહીહ છે. મોઅત્તા ઈમામ માલિકમાં ખુદ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ નો આ ઈર્શાદ વર્ણન થયેલો છે કે તે ફર્માવતા હતા કે કોઈ કોઈની તરફથી ન નમાઝ પઢે ન રોઝા રાખે. એના પર આપણો અમલ છે.

حدیث ۲۸۱۶ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهُمَا اَتٰی رَجُلٌ النَّبِیَّ صَلَّی اللّٰہُ عَلَیْهِ

[હદીષ : ૨૮૧૬] ''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે એક સાહબ નબી صلی اللہ علیہ وسلم ની

وَسَلَّمَ فَقَالَ لَهٗ اِنَّ اُخْتِیْ نَذَرَتْ اَنْ تَحُجَّ وَاِنَّهَا مَاتَتْ فَقَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ

ખિદમતમાં હાજર થયા અને હુઝૂરથી અર્ઝ કરી કે મારી બહેને મન્નત માની હતી કે હજજ કરશે અને તે મૃત્યુ

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ لَوْکَانَ عَلَیْهَا دَیْنٌ اَکُنْتَ قَاضِیَهٗ قَالَ نَعَمْ قَالَ فَاقْضِ اللّٰہَ فَهُوَ

પામી છે. તો નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, બતાવ ! એના પર કરજ હોત તો તું એને અદા કરતો ?! તેણે કહ્યું, જરૂર

اَحَقُّ بِالْقَضَاءِ۔

અદા કરતો. ફર્માવ્યું, અલ્લાહનો હક્ક઼ અદા કર, તે અદા કરવાના માટે અધિક મુસ્તહિક઼ છે.''

**હદીષ : ૨૮૧૬ની સમજૂતી** અવાખિર કિતાબુલ હજજ બાબુલ હજજ અનિલ મૈયતમાં આ પ્રમાણે છે : એક સ્ત્રી આવી અને તેણે કહ્યું કે મારી માએ મન્નત માની હતી. આ બંનેવમાં કોઈ વિરોધાભાસ નથી. બંનેવ બે પ્રસંગો છે. બે બનાવો હોવા સંબંધે એ પણ નિર્દેશ કે કિતાબુલ હજજમાં છે કે એક સ્ત્રીએ કહ્યું. અને આ હદીષમાં છે કે એક પુરૂષ આવ્યો.

**قوله احق بالقضاء** : એ મુત્તફિક઼ અલૈહ છે કે જો અલ્લાહનો હક્ક઼ અને બંદાનો હક્ક઼ બંનેવ ભેગા થાય તો પ્રથમ બંદાનો હક્ક઼ અદા કરવો વાજિબ છે. એનાથી જાહેર થાય છે કે બંદાનો હક્ક઼ અધિક મુસ્તહિક઼ છે. જવાબ એ છે કે જ્યારે તું લોકોના હક્ક઼ની કાળજી લે છે તો અલ્લાહના હક્ક઼ની કાળજી કરવી અધિક અંશે અફઝલ તથા બેહતર છે.

**પ્રકરણ : ''એ ચીજના બારામાં મન્નત માનવી જેનો માલિક ન હોય, અને ગુનાહની મન્નત માનવી.''** –(૯૯૧)

بَابُ النَّذْرِ فِیْمَا لَا یَمْلِكُ وَفِیْ مَعْصِیَةٍ۔ ص ۹۹۱

حدیث ۲۸۱۷ [હદીષ : ૨૮૧૭] عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهُمَا بَیْنَا النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું, નબી صلی اللہ علیہ وسلم ખુત્બો આપી રહ્યા હતા. એવામાં જોયું કે હુઝૂરની સામે એક

عَلَیْهِ وَسَلَّمَ یَخْطُبُ اِذَا هُوَ بِرَجُلٍ قَائِمٍ فَسَئَلَ عَنْهُ فَقَالُوْا اَبُوْ اِسْرَائِیْلَ نَذَرَ

શખ્સ ઉભો છે. એના બારામાં હુઝૂરે પૂછયું તો લોકોએ બતાવ્યું કે આ અબૂ ઈસ્માઈલ છે, એણે મન્નત માની છે

اَنْ یَّقُوْمَ وَلَا یَقْعُدَ وَلَا یَسْتَظِلَّ وَلَا یَتَکَلَّمَ وَیَصُوْمَ فَقَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ

કે ઉભો રહેશે, બેસશે નહીં, અને છાયડામાં નહીં રહે, અને વાત નહીં કરે અને રોઝો રાખશે. નબી صلی اللہ علیہ وسلم એ

عَلَيْهِ وَسَلَّمَ مُرُهُ فَلْيَتَكَلَّمْ وَلْيَسْتَظِلَّ وَلْيَقْعُدْ وَلْيُتِمَّ صَوْمَهُ

*ફર્માવ્યું, એને હુકમ આપો કે વાત કરે, અને છાયડામાં રહે, અને બેસે અને પોતાનો રોઝો પૂરો કરે.''*

*(અબૂ દાઊદ–ઈમાન, ઈબ્ને માજહ–કફ્ફારાત)*

**પ્રકરણથી સામ્યતા :** આ પ્રકરણમાં એક અજીબ મામલો છે. પ્રકરણના બે ભાગો છે, જે ચીજ માલિકીની હોય તેની મન્નત માની લે. પ્રકરણમાં જેટલી પણ હદીષો ઈમામ બુખારીએ વર્ણન કરી છે એમનામાંથી કોઈને પણ પ્રકરણના પહેલા વિભાગ સાથે કોઈ નિસ્બત નથી. હા ! બીજા ભાગ સાથે છે, તે પણ એ મુકદ્દમાને મિલાવ્યા બાદ જે ચીજ મામૂર બિહ ન હોય તેને ઈબાદત સમજવી ગુનોહ છે. આમ પણ **વિના જરૂરતે નફસને (જીવને) ઈજા પહોંચાડવી પણ ગુનોહ છે.**

**પ્રકરણ : ''જેણે મન્નત માની કે ફલાણા દિવસોમાં રોઝા રાખશે, એ દિવસોમાં ઐયામે નહર (બકરા ઈદના દિવસો) અથવા ઈદુલ ફિત્રનો દિવસ પડી જાય તો શું કરે ?''** *–(૯૯૧)*

بَابُ مَنْ نَذَرَ اَنْ يَصُوْمَ اَيَّامًا فَوَافَقَ النَّحْرَ اَوِ الْفِطْرَ۔
ص ۹۹۱

**★ એ દિવસોમાં રોઝા જાઈઝ નથી ★**

حدیث ۲۸۱۸ **[હદીષ : ૨૮૧૮]**

حَدَّثَنَا حَكِيْمُ بْنُ اَبِىْ حُرَّةَ الْاَسْلَمِىُّ اَنَّهُ سَمِعَ عَبْدَ اللّٰهِ بْنَ

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી એ શખ્સના બારામાં સવાલ થયો જેણે એ મન્નત માની કે જો ફલાણો*

عُمَرَ سُئِلَ عَنْ رَجُلٍ نَذَرَ اَلَّا يَاْتِىْ عَلَيْهِ يَوْمٌ اِلَّا صَامَ فَوَافَقَ يَوْمَ

*દિવસ આવશે તો હું એ દિવસે રોઝો રાખીશ. સંજોગોવસાત તે યૌમે અદહા કે યૌમે ફિતર પડી ગયો તો તે હવે*

اَضْحٰى اَوْ فِطْرٍ فَقَالَ لَقَدْ كَانَ لَكُمْ فِىْ رَسُوْلِ اللّٰهِ اُسْوَةٌ حَسَنَةٌ لَمْ يَكُنْ

*શું કરે ? ફર્માવ્યું, બેશક ! તમારા માટે રસૂલુલ્લાહ ﷺ ની જાતમાં અમલનો નમૂનો છે. હુઝૂર યૌમે ફિતર અને*

يَصُوْمُ يَوْمَ الْفِطْرِ وَالْاَضْحٰى وَلَا يَرٰى صِيَامَهُمَا

*યવમે અદ્હામાં રોઝા રાખતા ન હતા, અને ન એ દિવસોમાં રોઝા રાખવાનું જાઈઝ જાણતા હતા.''*

**હદીષ : ૨૮૧૮ની સમજૂતી**

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ના જવાબથી જાહેર થઈ ગયું કે એ દિવસે રોઝો ન રાખે. હવે રોઝાઓની બીજા દિવસે કઝા કરે અથવા કફ્ફારો અદા કરે, એને એમણે સ્પષ્ટ ન કર્યુ. આપણે ત્યાં એ જ હુકમ છે કે બીજા દિવસે એની કઝા કરે, એમાં કફ્ફારો નથી.

بَابُ كَفَّارَاتِ الْاَيْمَانِ وَقَوْلِ اللهِ تَعَالٰى فَكَفَّارَتُهٗ اِطْعَامُ عَشَرَةِ مَسَاكِيْنَ وَمَا اَمَرَ النَّبِيُّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ حِيْنَ نَزَلَتْ فَفِدْيَةٌ مِّنْ صِيَامٍ اَوْ صَدَقَةٍ اَوْ نُسُكٍ۔ (سورہ بقرہ آیت ۱۹۶)

**પ્રકરણ : ''કૃસમોના કફ્ફારાનું બયાન.** અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : તો એનો કફ્ફારો દસ ફકીરોને ખાવા ખવડાવવું છે...... છેવટ સુધી. અને જે ચીજનો નબી ﷺએ હુકમ આપ્યો. જ્યારે આયતે કરીમા : فَفِدْيَةٌ مِّنْ صِيَامٍ اَوْ صَدَقَةٍ اَوْ نُسُكٍ નાઝિલ થઈ. એટલે કે એનો ફિદિયો રોઝો છે અથવા સદકો અથવા કુર્બાની.'' –*(૯૯૨)*

**સ્પષ્ટતા** : કૃસમના કફ્ફારાના બારામાં ઈર્શાદ થયો હતો :–

فَكَفَّارَتُهٗ اِطْعَامُ عَشَرَةِ مَسَاكِيْنَ مِنْ اَوْسَطِ مَا تُطْعِمُوْنَ اَهْلِيْكُمْ اَوْ كِسْوَتُهُمْ اَوْ تَحْرِيْرُ رَقَبَةٍ فَمَنْ لَّمْ يَجِدْ فَصِيَامُ ثَلٰثَةِ اَيَّامٍ

તો એવી કૃસમને તોડવાનો કફ્ફારો દસ મિસ્કીનોને ખાવા ખવડાવવું છે. તમારાં ઘરવાળાંને જે ખવડાવો છો તે મધ્યમમાંથી, અથવા નવાં કપડાં આપવાં અથવા ગુલામ આઝાદ કરવું છે. જે એમાંથી કાંઈ ન પામે તો એનો કફ્ફારો ત્રણ દિવસના રોઝા છે. *(સૂરએ માઈદહ, આ. ૮૯)*

હઝરત ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે રોઝો છોડીને બાકીની ત્રણ ચીજોમાં એને ઈખ્તિયાર છે, ચાહે તો દસ ફકીરોને ખાવા ખવડાવે, ચાહે તો તેમને કપડાં પહેરાવી દે, ચાહે તો ગુલામ આઝાદ કરે. એવું નથી કે એમાં ક્રમસર હોય કે પ્રથમ એ વાજિબ થાય કે દસ મિસ્કીનોને ખાવા ખવડાવે. તેની શક્તિ ન હોય તો દસ ફકીરોને કપડાં પહેરાવે, એની પણ શક્તિ ન હોય તો રોઝા રાખે, બલ્કે દસ મિસ્કીનોને ખાવા ખવડાવવાની શક્તિ હોવા છતાં ચાહે તો કપડાંથી કફ્ફારો આપે, ચાહે તો ગુલામ આઝાદ કરી આપે છે. એ જ પ્રમાણે ફકીરોને કપડાં પહેરાવવાની શક્તિ હોવા છતાં ચાહે તો ગુલામ આઝાદ કરી આપે. કેમ કે આયતે કરીમામાં એને શબ્દ اَوْ (અવ્)થી વર્ણન કરવામાં આવેલ છે અને તખ્યીર (ઈખ્તિયાર આપવા)ના માટે આવે છે. જેમ કે કઅબ ઈબ્ને અજરા رضی اللہ عنہને હુઝૂરે અક્દસ ﷺએ હુકમ આપ્યો હતો. કિસ્સો એ બન્યો હઝરત કઅબ ઈબ્ને અજરા رضی اللہ عنہ એહરામ બાંધેલા હતા અને એમના માથામાં ખૂબ જ પ્રમાણમાં જૂઓ પડી ગઈ હતી, ત્યાં સુધી કે વાળોએથી સરકીને તેમના મોં પર આવતી હતી. હુઝૂરે અક્દસ ﷺએ તેમને હુકમ આપ્યો કે માથુ મૂંડાવી કાઢો અને એનો ફિદિયો આપો. જેવું કે આયતે કરીમા فَفِدْيَةٌ مِّنْ صِيَامٍ اَوْ صَدَقَةٍ اَوْ نُسُكٍમાં વર્ણન થયેલ છે : તો એનો બદલો એના પર વાજિબ છે, રોઝા કે ખૈરાત કે કુર્બાની. રોઝા ત્રણ દિવસના છે અને ખાવા છ મિસ્કીનોને. દરેક મિસ્કીનને અડધો સાઅ ઘઉં અથવા એક સાઅ જવ છે. **વર્તમાન દસાંશ પદ્ધતિના વજન પ્રમાણે ૨.૪૭ કિલો (બે કિલો સુડતાલીસ ગ્રામ) અડધો સાઅ છે.** અને ૪.૯૪ કિ.ગ્રા. પૂરો સાઅ છે. અને નુસુકથી મુરાદ બકરીની કુર્બાની છે. અને તેમને એનો ઈખ્તિયાર આપ્યો કે આ ત્રણેવમાંથી જે ચાહે અદા કરે. રોઝા રાખવાની શક્તિ હોય તો તે, ચાહે સદકો કરે, ચાહે તો કુર્બાની કરે. કેમ કે આયતે કરીમામાં શબ્દ اَوْ છે જે તખ્યીરના માટે આવે છે.

**ચેતવણી** : હઝરત કઅબ બિન અજરા رضی اللہ عنہનું માથુ મૂંડાવવું જૂવોની અસહય તકલીફના કારણે હતું. એ ગૈર ઈખ્તિયારી હતું, એટલા માટે ફિદિયામાં તેમને ઈખ્તિયાર હતો કે ચાહે તો રોઝો રાખે, ચાહે તો મિસ્કીનોને ખાવા ખવડાવે, ચાહે તો દમ આપે. પરંતુ જો કોઈ વિના મજબૂરીએ એહરામની હાલતમાં માથુ મૂંડાવશે, પૂરુ કે ચોથાઈ, તો તેના પર દમ વાજિબ છે કે એ જુર્મ ઈખ્તિયારી છે.

ت ۷۷۸ وَيُذْكَرُ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا وَعَطَاءٍ وَ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما તથા અતા તથા ઈકરમાથી મરવી છે કે એ લોકોએ* **[તઅલીક઼ : ૭૭૮]**

عِكْرِمَةَ مَا كَانَ فِي الْقُرْآنِ أَوْ، أَوْ فَصَاحِبُهُ بِالْخِيَارِ وَقَدْ خَيَّرَ النَّبِيُّ

*કહ્યું કે જ્યાં કુર્આનમાં أَوْ، أَوْ છે, તો તેના મામૂરને ઈખ્તિયાર છે એ અમુક ચીજોમાંથી જે ચાહે કરે*

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ كَعْبًا فِي الْفِدْيَةِ

*અને નબી ﷺ એ હઝરત કઅબ બિન અજરાને ફિદિયામાં ઈખ્તિયાર આપ્યો હતો."*

**તઅલીક઼ : ૭૭૮ની સમજૂતી** જેવી રીતે અહીં ફિદિયામાં શબ્દ أَوْ، أَوْ હોવાના કારણે ઈખ્તિયાર હતો એવી જ રીતે રોઝાના કફ્ફારામાં રોઝા રાખવા મશરૂત (શર્ત પ્રમાણે) છે કે જ્યારે એ ત્રણેવમાંથી કોઈની શક્તિ ન હોય તો રોઝાની ઈજાઝત છે.

حديث ۲۸۱۹ عَنْ أَيُّوبَ قَالَ صِيَامُ ثَلٰثَةِ أَيَّامٍ وَالنُّسُكُ شَاةٌ وَالْمَسَاكِيْنُ سِتَّةٌ۔

*"ઐયૂબ સખ્તયાનીએ કહ્યું કે રોઝા ત્રણ દિવસ છે, અને કુર્બાનીથી મુરાદ* **[હદીષ : ૨૮૧૯]**

*બકરીની કુર્બાની છે અને સદક઼ો છ મિસ્કીનોને આપવું છે."*

**હદીષ : ૨૮૧૯ની સમજૂતી**

આયતે કરીમામાં કેવળ સિયામ હતું અથવા સદક઼ો અથવા નુસુક. આ વિગત ન હતી કે કેટલા દિવસના રોઝા છે ? અને સદક઼ાની માત્રા શું છે ? અને કુર્બાનીનું જાનવર કયુ વાજિબ છે ? તો હઝરત ઈમામ બુખારી رضی اللہ عنہ એ ઐયૂબ સખ્તયાનીનો ક઼ૌલ નક઼લ કર્યો કે રોઝા ત્રણ દિવસ છે અને કુર્બાની બકરીની છે અને સદક઼ો છ મિસ્કીનોને આપવું છે. ઈસ્માઈલની (ભાગ : ૨)ની રિવાયતમાં છેવટમાં એ છે કે ઈબ્ને ઔને કહ્યું કે મુજાહિદે એની તફસીલ વર્ણન કરી હતી, મને યાદ ન હતી. મેં ઐયૂબને પૂછયું તો તેમણે બતાવ્યું કે રોઝા ત્રણ દિવસ છે. એનાથી જાહેર થાય છે કે આ તફસીલ મરફૂઅ નથી. ઈમામ મુજાહિદ તથા ઐયૂબથી મૌક઼ૂફન્ મરવી છે. પરંતુ નિસાઈ (૨/૨૭)માં મુહમ્મદ ઈબ્ને સલમાના તથા હારિષ બિન મિસ્ક઼ીનના તરીક઼ાથી જે રિવાયત છે એમાં એ છે કે ત્રણ દિવસ રોઝા રાખ, બે મિસ્કીનોને ખાવા આપ, બે બે મુદ એટલે દરેક મિસ્કીનને બે મુદ, અથવા બકરીની કુર્બાની કર. આમાંથી જે પણ કરીશ તે તારા માટે પૂરતુ છે.

| | |
|---|---|
| بَابُ صَاعِ الْمَدِيْنَةِ وَمُدِّ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَبَرَكَتِهٖ وَمَا تَوَارَثَ أَهْلُ الْمَدِيْنَةِ مِنْ ذَالِكَ قَرْنًا بَعْدَ قَرْنٍ ص ۹۹۳ | પ્રકરણ : "મદીનાનો સાઅ અને નબી ﷺનો મુદ અને તેની બરકત અને મદીનાવાસીઓના સાઅનું યુગે યુગે ચાલ્યા આવવું." –(૯૯૩) |

حدیث ۲۸۲۰ كَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يُعْطِي زَكٰوةَ رَمَضَانَ بِمُدِّ

**[હદીષ : ૨૮૨૦]** *"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما રમઝાનની ઝકાત (સદકો, ફિત્રો)*

النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ الْمُدِّ الْاَوَّلِ وَفِيْ كَفَّارَةِ الْيَمِيْنِ بِمُدِّ النَّبِيِّ

*નબી ﷺના મુદ (માપિયુ) વડે આપતા હતા પહેલા મુદથી, અને કસમના કફ્ફારામાં*

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ـ قَالَ اَبُوْ قُتَيْبَةَ قَالَ لَنَا مَالِكٌ مُدُّنَا اَعْظَمُ

*નબી ﷺના મુદથી. અબૂ કુતૈબાએ કહ્યું કે અમને માલિકે ફર્માવ્યું, અમારો મુદ તમારા મુદ કરતાં*

مِنْ مُدِّكُمْ وَلَا نَرَى الْفَضْلَ اِلَّا فِيْ مُدِّ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَقَالَ

*બરકતમાં વધેલો છે, અને અમે ફઝીલત નબી ﷺના મુદમાં જ જાણીએ છીએ. અને*

لِيْ مَالِكٌ لَوْ جَاءَكُمْ اَمِيْرٌ فَضَرَبَ مُدًّا اَصْغَرَ مِنْ مُدِّ النَّبِيِّ صَلَّى اللّٰهُ

*મને માલિકે કહ્યું, જો કોઈ બાદશાહ આવે અને નબી ﷺના મુદ કરતાં*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِاَيِّ شَيْءٍ كُنْتُمْ تُعْطُوْنَ قُلْتُ كُنَّا نُعْطِيْ بِمُدِّ النَّبِيِّ

*નાનો મુદ નિશ્ચિત કરી દે તો તમે લોકો કોના વડે આપશો ? મેં કહ્યું, નબી ﷺના*

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اَفَلَا تَرَى اَنَّ الْاَمْرَ اِنَّمَا يَعُوْدُ اِلٰى

*મુદ વડે આપીશું. તો ઈમામ માલિકે કહ્યું, શું તેં ન જોયું કે વાત નબી ﷺના*

مُدِّ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ـ

*મુદની તરફ જ પલ્ટે છે."*

## હદીષ : ૨૮૨૦ની સમજૂતી

મુદ તથા સાઅની સંપૂર્ણ તેહકીક, ભાગ : ૨, પેજ : ૬૭ થી ૭૭ (ગુજરાતીમાં પેજ ૬૪–૬૫)માં વર્ણન થઈ ચૂકી છે. હઝરત ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝ رضی اللہ عنہએ પોતાના સમયમાં માપિયામાં તબદીલી કરી હતી. નબી ﷺના મુદથી કાંઈ મોટુ ચાલુ કર્યું હતું. પછી હિશામ બિન અબ્દુલ મલિકે પણ કાંઈક તબદીલીની સાથે

સાઅ તથા મુદનો રિવાજ શરૂ કર્યો હતો. પણ મદીના તયબહમાં નબી ﷺના જ મુદ તથા સાઅ ચાલતાં હતાં. હવે જ્યારે ત્રણ પ્રકારનાં માપિયા રિવાજ પામેલ હતાં, તો સ્વભાવિક રીતે એ સવાલ ઉભો થશે કે સદકએ ફિત્ર તથા કફ્ફારો કયા સાઅ વડે અદા કરવામાં આવે. ઈમામ બુખારીએ એ સાબિત કરવાના માટે કે એ સૌ નબી ﷺના સાઅ વડે અદા કરવામાં આવે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہનો અમલ નક્લ કર્યો. અને ઈમામ માલિક رضی اللہ عنہનો કૌલ તથા દલીલ નક્લ કરી. ઈમામ માલિકના ફર્માવવાનો સાર એ છે કે અમારો મુદ કે જે મદીનામાં રિવાજ પામેલ છે એ નબી ﷺનો મુદ, તમારા મુદ કરતાં બરકત તથા ફઝીલતમાં ચઢિયાતો છે, ભલે તમારો મુદ અમારા મુદ કરતાં માત્રામાં વધારે છે. ઈલ્ઝામના રૂપે એ ફર્માવ્યું કે જો કોઈ બાદશાહ એવો મુદ રિવાજ આપે જે નબી ﷺના મુદ કરતાં નાનો હોય તો સદકએ ફિત્ર તથા કફ્ફારો કોનાથી અદા કરશો ? અબૂ કુતૈબાએ કહ્યું કે નબી ﷺના મુદ વડે અદા કરીશું. ઈમામ માલિકે ફર્માવ્યું કે એનાથી સાબિત થઈ ગયું કે એ'તબાર નબી ﷺના મુદનો છે. તો જેવી રીતે જ્યારે નાનો મુદ રિવાજ પામે અને એતબાર નબી ﷺના મુદનો છે એવી રીતે જો મોટો મુદ રિવાજ પામે તો પણ એતેબાર નબી ﷺના મુદનો થશે.

**પ્રકરણ : "કફ્ફારામાં મુદબ્બર તથા ઉમ્મે વલદ તથા મુકાતબનું આઝાદ કરવું અને વલદે ઝિનાનું આઝાદ કરવું."**

بَابُ عِتْقِ الْمُدَبَّرِ وَأُمِّ الْوَلَدِ وَالْمُكَاتَبِ فِي الْكَفَّارَةِ وَعِتْقِ وَلَدِ الزِّنَا. ص ٩٩٤

**સ્પષ્ટતા** : કફ્ફારામાં ગુલામ આઝાદ કરવા ચાહે છે અથવા લોંડી અને તેની પાસે કોઈ મુદબ્બર છે અથવા મુકાતબ છે અથવા ઉમ્મે વલદ છે અને એમનામાંથી કોઈને આઝાદ કર્યો તો કફ્ફારો અદા થયો કે નહીં, એના બારામાં ઉલમાનો ઈખ્તેલાફ છે. આપણે ત્યાં ઉમ્મે વલદ તથા મુદબ્બર આઝાદ કરવો મુત્લક્ન સહીહ છે. રહી ગયો મુકાતબ તો જો તેણે બદલે કિતાબત કાંઈ પણ ન આપ્યું હોય અથવા કાંઈ અદા કર્યું હોય અને કાંઈક બાકી છે, અને બાકીના અદા કરવાથી લાચાર છે, એને આઝાદ કરવાનું પણ સહીહ છે. અને મુકાતબે બદલે કિતાબત ઘણુ બધું અદા કરી આપ્યું છે અને થોડુ બાકી છે અને બાકીનાને અદા કરવા પર શક્તિમાન છે અને તેને કફ્ફારામાં આઝાદ કર્યો તો કફ્ફારો અદા ન થયો. જો કોઈ ગુલામ વલદુઝ્ઝિના (ઝિનાની ઔલાદ) છે તો એને આઝાદ કરવાથી પણ કફ્ફારો અદા થઈ જશે. ઈમામ બુખારીએ પ્રકરણની સાબિતીમાં હઝરત જાબિર رضی اللہ عنہની આ હદીષ ઝિક્ર ફર્માવી છે કે એક અન્સારીએ પોતાના ગુલામને મુદબ્બર બનાવી દીધો હતો, તેમની પાસે એના સિવાય અન્ય કોઈ માલ ન હતો. એની ખબર નબી ﷺ સુધી પહોંચી, તો ફર્માવ્યું, એને મારી પાસેથી કોણ ખરીદશે ? તો નુઐમ બિન નહ્હામે આઠસો દિરહમમાં ખરીદી લીધો.

એને પ્રકરણ સાથે નિસ્બત એ છે કે એ ગુલામને વેચવાના જાઈઝ હોવાની દલીલ છે કે એની રિક્કિયત કામિલ છે એટલા માટે કફ્ફારામાં એને આઝાદ કરવું સહીહ છે. એ જ પ્રમાણે ઉમ્મે વલદની રિક્કિયત કામિલ છે અને એ ગુલામની પણ જેણે બદલે કિતાબત કાંઈ અદા નથી કર્યો ? તો એને પણ કફ્ફારામાં આઝાદ કરવો સહીહ છે.

بسم الله الرحمن الرحيم

# كتاب الفرائض ص ۹۹۵

## 'કિતાબુલ ફરાઈઝ' (વારસા વિશે પ્રકરણ) –(૯૯૫)

**સ્પષ્ટતા** : ફરાઈઝ ફરીઝાનું બહુવચન છે. જેમ કે "હુદૈક્હ"નું બહુવચન "હદાઈક્". "ફરીદતુન્" અર્થમાં "મફરુદતુન"ના છે. એ અસલમાં فَرْضٌ (ફરદુન્)થી નીકળેલ છે. જેનો અર્થ કૃતઅ તથા તક્દીર અને બયાન છે. બોલવામાં આવે છે : فرضتُ لفلانٍ كذا એટલે કે મેં તેને આટલો માલ આપ્યો. અલ્લાહ તઆલા ફર્માવે છે : سُوْرَةٌ اَنْزَلْنَا هاوَفَرَضْنَاهَا આ એક સૂરત છે જેને અમે ઉતારી એમાં અમુક અહકામ બયાન કર્યા.

ઈસ્તેલાહે શરઅ (શરીઅતની બોલી)માં ફર્ઝ એ વઝીફાનું નામ છે જે મુકલ્લફ પર શરીઅતની રૂએ લાઝિમ કરવામાં આવેલ હોય એનાથી નમાઝના ફર્ઝો, ઝકાતના ફર્ઝો વગેરે છે. વારસા (મીરાષ)ને પણ ફરાઈઝ કહેવામાં આવે છે એટલા માટે કે એ વારસ માટે અલ્લાહ તરફથી નિશ્ચિત કરેલ છે, અને અલ્લાહની કિતાબમાં વર્ણન કરેલ છે. અને હિસ્સો નિશ્ચિત છે એમાં વધારો ઘટાડો જાઈઝ નથી. કુર્આને કરીમમાં વારસાના વર્ણન પછી ફર્માવ્યું : فَرِيْضَةٌ مِّنَ اللّٰهِ આ અલ્લાહના તરફથી નિશ્ચિત કરવામાં આવેલ છે.

بَابُ قَوْلِ اللّٰهِ يُوْصِيْكُمُ اللّٰهُ فِيْ اَوْلَادِكُمْ لِلذَّكَرِ مِثْلُ حَظِّ الْاُنْثَيَيْنِ ص ۹۹۵ (سورۂ نساء)

**પ્રકરણ :"અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : તમારી ઔલાદના બારામાં અલ્લાહ તમને હુકમ આપે છે કે પુરૂષના માટે સ્ત્રીથી ડબલ હિસ્સો છે."** –(૯૯૫)

### ★ સૂરએ નિસાઅમાં ૧૨ પ્રકારના વારસોનું વર્ણન ★

**સ્પષ્ટતા** : આ પ્રકરણમાં ઈમામ બુખારીએ સૂરએ નિસાઅ્ની આયત નં. ૧૧–૧૨ લખી જેમાં ફરાઈઝના નિયમો વર્ણન થયેલા છે. આ આયતોમાં બાર અસ્નાફ (પ્રકાર)નો વારસો વર્ણન થયેલો છે. પ્રથમ : પુરૂષ તથા સ્ત્રી જ્યારે બંનેવ અસ્બા હોય, દા.ત. પુત્ર પુત્રી, ભાઈ બહેન. તેમનો હિસ્સો વર્ણવ્યો કે પુરૂષને સ્ત્રીનો ડબલ હિસ્સો મળશે. ૨.કોઈએ કેવળ પુત્રીઓ છોડી અથવા કેવળ બહેનો છોડી, જો એ બેથી અધિક છે તો તેનો ૨/૩ મળશે. ૩. અને જો એક છે તો તેને વારસાનુ અડધુ મળશે. ૪. જો મૈયતની ઔલાદ હોય તો માબાપમાંથી દરેકને છઠ્ઠો ભાગ મળશે. ૫. જો મૈયતની ઔલાદ ન હોય અને તેના વારસ કેવળ મા બાપ હોય તો તેની માને ૧/૩ મળશે. ૬. અને આ સ્થિતિમાં એના ભાઈ હોય તો માને છઠ્ઠો ભાગ મળશે. ૭. પત્ની મૃત્યુ પામે અને તેને ઔલાદ ન હોય તો પતિને અડધો ભાગ મળશે. ૮. જો ઔલાદ હોય તો પતિને ચોથાઈ મળશે. ૯. પતિ મરી

જાય અને તેની ઔલાદ ન હોય તો પત્નીને ચોથાઈ મળશે. ૧૦. અને મરનાર પતિની ઔલાદ હોય તો પત્નીને આઠમો હિસ્સો મળશે. ૧૧. જો મરનાર કલાલા હોય જેના વારસ ન મા હોય ન બાપ ન ઔલાદ અને મા શરીક ભાઈ કે બહેન છે તો એમનામાંથી દરેકને છઠ્ઠો ભાગ મળશે. ૧૨. અને જો તે ભાઈ બહેન એકથી વધુ હોય તો સર્વ ૧/૩ હિસ્સામાં શરીક થશે. અને જે હિસ્સા નિશ્ચિત છે તે આ છે : ૧/૨, ૧/૩, ૧/૪, ૧/૬, ૧/૮ એટલે અડધો, ત્રીજો, ચોથાઈ, છઠ્ઠો, આઠમો.

### ★ વસિયત ૧/3 અથવા એનાથી ઓછામાં લાગુ થશે ★

આ આયતમાં એ પણ વર્ણન થયેલ છે કે મૈયત પર જો કર્ઝ હોય અથવા તે કોઈ સહીહ વસિયત કરી ગયો છે તો વારસાની વહેંચણી પર કરજની અદાયગી તથા વસિયત અગ્રતામાં રહેશે. **હદીષોથી સાબિત છે કે વસિયત ૧/3 અથવા એનાથી ઓછામાં લાગુ થશે, એનાથી વધારેમાં નહીં.** તેમજ એ પણ સાબિત થયું કે સુન્નત પ્રમાણે કફન દફનનો ખર્ચ સૌમાં પહેલો રહેશે, પછી કરજ, પછી વસિયત વહેંચાશે.

### ★ કલાલા વિશે વર્ણન ★

كَلَالَة (કલાલા) : مشتق એ ઈકલીલથી નીકળેલ છે, જેનો અર્થ તાજ છે જે માથાને ચોતરફથી ઘેરેલ રહે છે. કલાલાના વારસ, ઉસૂલ ફુરૂઈ (અસલ, શાખાકીય) નથી હોતા બલ્કે તેના હવાશી (મૂળ વારસ નહીં પણ સાઈડના) હોય છે એટલા માટે તેને કલાલા કહેવામાં આવે છે. જમહૂર તથા સહાબાનો મઝહબ એ છે કે કલાલાથી મુરાદ તે પુરૂષ કે સ્ત્રી છે જેનાં ન માબાપ હોય અને ઔલાદ. એ જ ચારેવ ઈમામોનો મઝહબ છે. બલ્કે ઘણા લોકોએ એના પર ઈજમાઅ નક્લ કર્યો છે. અને આ આયતે કરીમામાં અહીં اَخٌ (અખુન્) તથા اُختٌ (ઉખ્તુન્)થી મુરાદ **અખ્યાફી** છે એટલે જેમનાં **મા એક હોય અને બાપ બે હોય.** એની દલીલ હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہની કિ્રાઅત છે : وَلَهٗٓ اَخٌ أَوْاُخْتٌ مِنْ اُمٍّ. આ તક્દીર પર કલાલાની તફસીરમાં એ કૈદ (શર્ત) પણ વધારવી જરૂરી થશે કે માબાપ તથા ઔલાદની સાથે સગાં ભાઈ બહેન અથવા અલ્લાતી (મા અલગ બાપ એક એવા મત્રાઈ) ભાઈ બહેન ન હોય.

بَابُ تَعْلِيْمِ الْفَرَائِضِ. ص ۹۹۵

**પ્રકરણ : "ફરાઈઝ (વારસાના મસાઈલ)નું શીખવું."** –(૯૯૫)

ت ۷۷۹ وَقَالَ عُقْبَةُ بْنُ عَامِرٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ تَعَلَّمُوْا قَبْلَ الظَّانِّيْنَ

*"હઝરત ઉક્બા બિન આમિર رضی اللہ عنہ એ ફર્માવ્યું, ઈલ્મ હાંસલ કરો ગુમાન* **[તઅલીક્ : ૭૭૯]**

يَعْنِي الَّذِيْنَ يَتَكَلَّمُوْنَ بِالظَّنِّ

*કરવાવાળાઓથી પહેલાં. એટલે જે લોકો ગુમાનથી વાત કરે છે."*

**તઅલીક્ : ૭૭૯ની સમજૂતી** મુરાદ એ છે કે ઈલ્મના મિટવાના પહેલાં ઈલ્મ હાંસલ કરી લો. જ્યારે ઈલ્મ નષ્ટ થઈ જશે તો લોકો પોતાના ગુમાનથી વાત કરશે. એમાં ગુમાનથી એવી વાત છે જે કુર્આન તથા હદીષ અથવા કુર્આન હદીષથી કાઢેલ ઉસૂલ પર આધારિત ન હોય.

**પ્રકરણ : "નબી ﷺના આ ઈર્શાદનું બયાન: અમારો કોઈ વારસ નથી થતો, અમે જે કાંઈ છોડયું સદકો છે."** –(૯૯૫)

بابُ قَوْلِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَا نُوْرَثُ مَا تَرَكْنَا صَدَقَةٌ. ص ۹۹۵

حدیث ۲۸۲۱ عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ اَنَّ اَزْوَاجَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*"ઉમ્મુલ મોઅ્મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺનો* **[હદીષ : ૨૮૨૧]**

وَسَلَّمَ حِيْنَ تُوُفِّيَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَرَدْنَ اَنْ يَّبْعَثْنَ

*વિસાલ થઈ ગયો તો તેમનાં અઝવાજે ઈરાદો કર્યો કે હઝરત ઉષ્માનને હઝરત અબૂબકની પાસે મોકલીએ કે તે*

عُثْمَانَ اِلٰى اَبِيْ بَكْرٍ يَسْئَلْنَهٗ مِيْرَاثَهُنَّ فَقَالَتْ عَائِشَةُ اَلَيْسَ قَدْ قَالَ رَسُوْلُ

*અબૂબકથી તેમનો વારસો માગે. તો હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે શું રસૂલુલ્લાહ ﷺએ એ ઈર્શાદ*

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَا نُوْرَثُ مَا تَرَكْنَا صَدَقَةٌ ؏

*નથી ફર્માવ્યો કે અમારો કોઈ વારસ નથી હોતો, અમે જે કાંઈ છોડીએ સદકો છે."*

*(મુસ્લિમ–મગાઝી, અબૂ દાઊદ–ખિરાજ, નિસાઈ–ફરાઈઝ)*

## હદીષ : ૨૮૨૧ની સમજૂતી

આ મસ્અલા પર છઠ્ઠા ભાગમાં કિતાબુલ ખુમુસમાં વિગતવાર ચર્ચા કરી ચૂક્યો છું. આ હદીષમાં لانورث જમા મુતકલ્લિમનો સેગો છે, પરંતુ એનાથી મુરાદ ખાસ હુઝૂરે અક્દસ ﷺ છે. એની દલીલ આ જ પ્રકરણની બીજી હદીષ છે જેમાં હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું :–

اِنَّا لَا نُوْرَثُ مَا تَرَكْنَا صَدَقَةٌ يُرِيْدُ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ نَفْسَهٗ.

એટલે લાનૌરસથી હુઝૂરે અક્દસ ﷺએ ખાસ પોતાની જાત મુરાદ લીધી. એટલે મારો કોઈ વારસ નથી.

એનાથી સાબિત થયું કે એ હુઝૂરે અક્દસ ﷺની વિશિષ્ટતાઓમાંથી છે, અન્ય અંબિયાએ કિરામ માટે નથી.

### ★ એના પર વાંધો અને જવાબ ★

**વાંધો** : એના પર એ વાંધો છે કે અહલે ઉસૂલ વગેરેની કિતાબોમાં આ હદીષ આ પ્રમાણે મશહૂર છે : نحن معاشر الانبياء لا نورث "અમે અંબિયાના ગિરોહ છીએ, અમારો કોઈ વારસ નથી હોતો."

**જવાબ** : સનદુલ હુફ્ફાઝ અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ એના જવાબમાં ફર્માવ્યું કે ઈમામોની એક જમાઅતે આ હદીષનો ઈન્કાર કર્યો. પરંતુ પોતાની રાય એ લખી કે نحن શબ્દની સાથે આ હદીષ રિવાયત પામી નથી, પણ નિસાઈમાં આ શબ્દની સાથે વર્ણન થયેલી છે.

انا معاشرا لانبياء لانورث "અમે અંબિયાના ગિરોહ છીએ, અમારો કોઈ વારસ નથી હોતો."

તદ્ ઉપરાંત મુસ્નદે હમીદીમાં પણ આ શબ્દની સાથે હૈષમ બિન કલીબે પોતાની મુસ્નદમાં હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہથી પણ આ જ શબ્દની સાથે રિવાયત કરી. તેમજ તિબ્રાનીએ અવસતમાં એનો સમાનાર્થી અર્થ રિવાયત કર્યો. તેમજ દારકુત્નીએ ઈલલમાં ઉમ્મે હાનીની રિવાયતથી તે હઝરત સૈયદા ફાતિમા ઝહ્રાથી તે હઝરત અબૂબક્ર સિદ્દીક્થી આ શબ્દની સાથે રિવાયત કરે છે : ان الا نبياء لايورثون "અંબિયા (નબીઓ)નો કોઈ વારસ નથી હોતો."

સારાંશ કે આ હદીષ અર્થના એતબારથી સહીહ છે. એના પર ઘણો જ મોટો વાંધો એ છે કે કુર્આન મજીદમાં ફર્માવવામાં આવ્યું : وَوَرِثَ سُلَيۡمٰنُ دَاوُدَ "અને સુલૈમાન દાઉદના વારસ થયા."

અને હઝરત ઝકરિયા علیہ السلامની દુઆ મક્બૂલ છે : وَهَبۡ لِیۡ مِنۡ لَّدُنۡكَ وَلِيًّا يَّرِثُنِیۡ وَيَرِثُ مِنۡ اٰلِ يَعۡقُوۡبَ "મને તારા પાસેથી કોઈ એવો આપ જે મારું કામ અંજામ આપે, જે મારો અને યાકૂબની ઔલાદનો વારસ થાય."

એની તાવીલ આપણા ઉલમાએ અહલે સુન્નતે એ ફર્માવી કે એનાથી મુરાદ નબુવ્વત છે. અને આ આયતની શરૂઆતમાં જે છે કે તેમણે પહેલાં એ અર્ઝ કરી وَاِنِّیۡ خِفۡتُ الۡمَوَالِیَ مِنۡ وَّرَآءِیۡ "અને મને મારા બાદ મારા નિકટના સગાંઓનો ડર છે."

એનો જાહેરી ભાવાર્થ એ છે કે હઝરત ઝકરિયા علیہ السلامએ એ અંદેશો જાહેર કર્યો કે મારા સગાંઓ મારો માલ લઈ લેશે.

اقول وبالله التوفيق હઝરત ઝકરિયા علیہ السلام તો નબી હતા. એક શરીફ ઈન્સાન જ્યારે એની કોઈ અવલાદ ન હોય તો તેને કોઈ પરવા નથી રહેતી કે મારો માલ કોણ લઈ રહ્યું છે ? ખાસ કરીને એ સ્થિતિમાં કે અલ્લાહનો હુકમ જ એ છે કે જેની ઔલાદ ન હોય તો તેના સગાં તેના માલના વારસ થશે. આ ડરવાની વાત નથી, હઝરત ઝકરિયા علیہ السلامની મુરાદ એ હતી કે મને અંદેશો છે કે મારા સગાંઓ દીનમાં ફેરફાર ન કરે. એ યકીનન ! નબીના માટે ઘણા મહાન અંદેશાની વાત છે.

**સારાંશ** : એનો સાર એ નીકળ્યો કે વારસ ન હોવો એ હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمની વિશિષ્ટતાઓમાંથી નથી બલ્કે તમામ અંબિયાએ કિરામને માટે આમ છે.

## ★ પુરૂષના માટે સ્ત્રીનું બમણુ છે ★

**બીજો વાંધો** : ઈર્શાદ છે : يوصيكم الله فى اولادكم للذكرمثل خظ الا نثيين الاية "તમારી ઔલાદના બારામાં અલ્લાહ તમને હુકમ આપે છે કે પુરૂષના માટે સ્ત્રીનું બમણુ છે." કિતાબુલ્લાહની તખસીસ ખબરે વાહિદથી દુરુસ્ત નથી. એનો જવાબ અમે છઠ્ઠા ભાગમાં વિગતવાર વર્ણન કરી ચૂક્યા છીએ કે હદીષ : لانورث ماتركنا صدقة ખબરે વાહિદ નથી ખબરે મશહૂર છે, અને ખબરે મશહૂરથી કિતાબુલ્લાહની તખ્સીસ દુરુસ્ત છે.

પ્રકરણ : "બાપ તથા મા તરફથી તેમના પુત્રના વારસાનું બયાન." –(૯૯૭)

بَابُ مِيْرَاثِ الْوَلَدِ مِنْ أَبِيْهِ وَأُمِّهِ. ص ۹۹۷

ت ۷۸۰ وَقَالَ زَيْدُ بْنُ ثَابِتٍ إِذَا تَرَكَ رَجُلٌ أَوْ اِمْرَأَةٌ اِبْنَةً فَلَهَا

[તઅલીક઼ : ૭૮૦] "અને હઝરત ઝયદ બિન ષાબિત رضی اللہ عنہ એ કહ્યું, જ્યારે કોઈ પુરૂષ અથવા કોઈ

النِّصْفُ فَإِنْ كَانَتَا اثْنَتَيْنِ أَوْ أَكْثَرَ فَلَهُنَّ الثُّلُثَانِ فَإِنْ كَانَ مَعَهُنَّ

સ્ત્રી એક પુત્રી છોડે તો એના માટે અડધુ છે, અને જો બે હોય કે વધુ તો તેમના માટે ૨/૩ છે, પછી જો એ

ذَكَرٌ بُدِئَ بِمَنْ شَرِكَهُمْ فَيُعْطَى فَرِيْضَتَهُ وَمَا بَقِيَ فَلِلذَّكَرِ مِثْلُ

છોકરીઓની સાથે કોઈ મર્દ હોય તો પ્રથમ વારસામાં અન્ય ભાગીદારોને આપવામાં આવે તેમના નિશ્ચિત

حَظِّ الْأُنْثَيَيْنِ.

હિસ્સા પ્રમાણે, અને જે બાકી રહેશે તો પુરૂષ માટે સ્ત્રીનો ડબલ હિસ્સો છે."

**તઅલીક઼ : ૭૮૦ની સમજૂતી** મરનાર જો કેવળ પુત્ર કે પુત્રી છોડે, એક એક અથવા કેટકેટલા, તો કુલ વારસોના પ્રમાણે વહેંચાશે. એટલે કે પુત્રોને પુત્રીઓનું ડબલ. અને જો પુત્ર તથા પુત્રીની સાથે અસ્હાબે ફરાઈઝ (વારસદારો)માંથી કોઈ હોય તો પ્રથમ એમનો પૂરો હિસ્સો આપવામાં આવશે, અને જે બચશે તેમાંથી પુત્રને પુત્રીઓનું ડબલ, અને પુત્રીઓને પુત્રનો અડધો હિસ્સો આપવામાં આવશે. દા.ત. કોઈએ એક મા છોડી અને એક પુત્ર તથા એક પુત્રી. મા વારસદારોમાંથી છે એટલે પ્રથમ માને છટ્ઠો હિસ્સો આપવામાં આવશે. જે બચશે તેના ત્રણ હિસ્સા કરીને બે હિસ્સા પુત્રને અને એક હિસ્સો પુત્રીને આપવામાં આવશે. આ સ્થિતિમાં મસ્અલો છથી બનશે અને અઢારથી તસ્હીહ થશે એટલે કુલ વારસાના અઢાર ભાગ કરવામાં આવશે. એમાંથી માને ત્રણ હિસ્સા, દસ પુત્રને અને પાંચ પુત્રીને આપવામાં આવશે.

حديث ۲۸۲۲ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

[હદીષ : ૨૮૨૨] "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, (પ્રથમ) ફરાઈઝ (વારસા)ને તેના

قَالَ أَلْحِقُوا الْفَرَائِضَ بِأَهْلِهَا فَمَا بَقِيَ فَهُوَ لِأَوْلَى رَجُلٍ ذَكَرٍ ع

હક્કદારોને આપો, અને જે બાકી રહે તે સૌથી વધુ નિકટના પુરૂષના માટે છે."

(મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ–ફરાઈઝ, બાબુ મીરાષ ઈબ્નુલ ઈબ્ન, પેજ : ૯૯૬, ૯૯૭, ૯૯૯)

**હદીષ : ૨૮૨૨ની સમજૂતી** **અસ્બાત વિશે વર્ણન** :એટલે કે વારસાની વહેંચણીના સમયે સૌ પ્રથમ તે સગાંને હિસ્સો આપવામાં આવે જેમનો હિસ્સો કુર્આન મજીદમાં નિશ્ચિત છે. એમને આપ્યા બાદ

જે બચે તે એ પુરૂષને આપવામાં આવે જે મૈયતનો સૌથી નજીકનો સગો હોય. જેને અસ્બાત કહેવામાં આવે છે. દા.ત. કોઈએ ઈન્તેકાલ કર્યો અને એક મા, એક પુત્રી અને એક કાકા અને એક ફોઈ અને એક કાકાનો પુત્ર છોડયો, તો પ્રથમ માને છઠ્ઠો આપવામાં આવે પછી પુત્રીને અડધો, અને જે બચે તે કાકાને મળશે. ફોઈ તથા કાકાના પુત્રને કાંઈ મળશે નહીં. ફોઈને એટલા માટે નહીં કે પુરૂષ નથી સ્ત્રી છે. અને કાકાના પુત્રને એટલા માટે નહીં મળે કે તે સગાઈમાં કાકા કરતાં દૂર છે, કાકા એના કરતાં નજીક છે. મસ્અલાની સ્થિતિ એ થશે કે ઝયદે ઈન્તેકાલ કર્યો. મા, એક પુત્રી, એક કાકા, એક ફોઈ, એક કાકાનો પુત્ર છોડયો. મસ્અલો છથી બનશે. એટલે કુલ વારસાના છ હિસ્સા કરીને એક હિસ્સો માને, ત્રણ હિસ્સા પુત્રીને, બે હિસ્સા કાકાને. ફોઈ અને કાકાના પુત્રને કાંઈ મળશે નહીં.

## بَابُ مِيْرَاثِ الْبَنَاتِ ص ٩٩٧

**પ્રકરણ : "પુત્રીઓના વારસાનું બયાન."** –(૯૯૭)

حدیث ٢٨٢٣ **[હદીષ : ૨૮૨૩]** عَنِ الْاَسْوَدِ بْنِ يَزِيْدَ قَالَ اَتَانَا مُعَاذُ بْنُ جَبَلٍ بِالْيَمَنِ

*"હઝરત અસ્વદ બિન યઝીદે કહ્યું કે અમારી પાસે યમનમાં તા'લીમ આપવા માટે અથવા અમીરની હૈસિયતથી*

مُعَلِّمًا اَوْ اَمِيْرًا فَسَاَلْنَاهُ عَنْ رَجُلٍ تُوُفِّيَ وَتَرَكَ اِبْنَتَهٗ وَاُخْتَهٗ فَاَعْطَى

*હઝરત મઆઝ બિન જબલ આવ્યા. અમે તેમને એ શખ્સના બારામાં પૂછયું કે જેનું મૃત્યુ થઈ ગયું અને*

اَلْاِبْنَةَ النِّصْفَ وَالْاُخْتَ النِّصْفَ عـــه

*તેણે પોતાની એક પુત્રી અને એક બહેન છોડી છે. તો તેમણે અડધુ પુત્રીને આપ્યું અને અડધુ બહેનને."*

*(૨/૯૯૮, મીરાષ, અબૂ દાઊદ–ફરાઈઝ)*

### હદીષ : ૨૮૨૩ની સમજૂતી

આ ફૈંસલાનો આધાર એના પર છે કે જ્યારે મૈયતની પુત્રીની સાથે બહેન પણ હોય તો બહેન અસ્બહ થઈ જાય છે. જેમ કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું છે, બહેનોને પુત્રીઓની અસ્બહ કરો. પુત્રી ઝુલ ફરાઈઝમાં હોવાના કારણે અડધુ પામશે અને બાકી જે બચ્યું તે બહેનનું છે. ધારો કે કોઈએ ઈન્તેકાલ કર્યો અને બે પુત્રીઓ એક બહેન છોડી. બંને પુત્રીઓમાંથી દરેકને ૧/૩, ૧/૩ મળશે, અને બહેનને ૧/૩ મળશે.

## بَابُ مِيْرَاثِ ابْنِ الْاِبْنِ اِذَا لَمْ يَكُنِ ابْنٌ ص ٩٩٧

**પ્રકરણ : "પૌત્રનો વારસો જ્યારે કે પુત્ર ન હોય."**

ت ٧٨١ وَقَالَ زَيْدٌ وَلَدُ الْاَبْنَاءِ بِمَنْزِلَةِ الْوَلَدِ اِذَا لَمْ يَكُنْ دُوْنَهُمْ وَلَدٌ

*"ઝયદ બિન ષાબિત رضی اللہ عنہએ ફર્માવ્યું, પૌત્રા એ પુત્રના સ્થાને છે જ્યારે કે એના* **[તઅલીક઼ : ૭૮૧]**

ذَكَرُهُمْ كَذَكَرِهِمْ وَاُنْثَاهُمْ كَاُنْثَاهُمْ يَرِثُوْنَ كَمَا يَرِثُوْنَ وَيَحْجُبُوْنَ كَمَا

*તથા મૈયતના વચ્ચે કોઈ પુત્ર ન હોય. પૌત્રાઓ પુત્રીઓની સમાન, અને પૌત્રીઓ પુત્રીઓના સમાન. એ સૌ*

يَحْجُبُوْنَ وَلَا يَرِثُ وَلَدُ الْاِبْنِ مَعَ الْاِبْنِ

*વારસ થશે, જેમ કે પુત્ર પુત્રીઓ, વારસ થાય છે. અને અન્યોને વારસાથી વંચિત કરશે જેમ કે પુત્રો અને પુત્રીઓ કરે છે, અને પોત્ર પુત્રની સાથે વારસ થશે નહીં.''*

**તઅલીક઼ : ૭૮૧ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ સઈદ બિન મન્સૂરે મૌસૂલન્ રિવાયત કરી છે. હઝરત ઝયદ બિન ષાબિત رضی اللہ عنہએ જે ફર્માવ્યું છે એના પર ઉમ્મતનો ઈજમાઅ છે.

قوله اذا لم يكن دونه ولد એટલે પૌત્રો તથા પૌત્રીઓ અને મૈયતની વચ્ચે મૈયતનો કોઈ પુત્ર ન હોય. આમ રિવાયતમાં કેવળ ولد છે. અલ્બત્ત કશ્મીહિનીની રિવાયતમાં ولد ذکر છે. એટલા માટે અમે એનો તર્જુમો પુત્ર કર્યો. એનો મતલબ એ નીકળ્યો કે જો મરનારને કોઈ પુત્ર ન હોય તો પૌત્રો પૌત્રીઓ અસ્બહ થશે. અને તેમને للذ کر مثل حظ الانثیین ના હિસાબે વારસો મળશે, ભલે મરનારની પુત્રી મૌજૂદ હોય. દા.ત. કોઈએ એક પુત્રી અને એક પૌત્ર અને એક પોત્રી છોડી તો અડધુ પુત્રીને મળશે અને બાકીના અડધામાંથી للذ کر مثل حظ الا نثیین ના પ્રમાણે પૌત્રને બે હિસ્સા અને પોત્રીને એક હિસ્સો મળશે. એટલે કુલ વારસાના છ હિસ્સા કરવામાં આવશે. ત્રણ પુત્રીને, બે પૌત્રને એક પોત્રીને આપવામાં આવશે.

**પુત્રની હાજરીમાં પૌત્ર પૌત્રીઓ વંચિત રહેશે.** એના પર આજકાલ હિંદુઓના બહેકાવામાં આવીને મોડર્ન એજ્યુકેટેડ કહેવાતા મુસલમાન પણ વાંધો ઉઠાવે છે કે જાહેર છે કે જ્યારે કોઈ મરનારને પુત્ર પણ હોય અને પોત્ર પણ હોય જેનો બાપ મરી ચૂક્યો હોય, તો તે અધિક દયાને પાત્ર છે, એને તમે લોકો મહેરૂમ કરો છો ! અને સૌ પુત્રોને આપો છો. એના પર ઘણા ઘણા લાંબા લાંબા લેખો લખવામાં આવ્યા, લાંબી લાંબી ચર્ચાઓ ચાલી, પરંતુ એ લોકો ખામોશ ન થયા. હું જ્યારે બરેલી શરીફમાં હતો તો અલીગઢ યુનિવર્સિટીના એક પ્રોફેસર સાહબ તશરીફ લાવ્યા હતા. પહેલાં તેમણે અન્ય લોકો સાથે ચર્ચા કરી પણ તે કોઈ રીતે ચૂપ ન થયા. ફર ફર બોલતા જતા હતા. એક જણ એમને લઈને મારી પાસે આવ્યો. પ્રોફેસર સાહબે ઘણા જ જોરદાર તરીક઼ાથી પોતાનો મુદ્દો વર્ણવ્યો. તે ચૂપ જ થતા ન હતા. વારંવાર તેમને કહેતો રહ્યો કે આપનો સવાલ હું સમજી ગયો. હવે મારું સાંભળો ! પણ તે ખામોશ જ ન થતા હતા. છેવટે મેં ગુસ્સાના આવેશમાં કહ્યું કે જ્યારે તમારે તમારું જ કહેવું છે, મારી વાત સાંભળવી જ નથી તો મજલિસ બરખાસ્ત કરો ! એના પર તે ખૂબ ગુસ્સે ભરાયા પણ ખામોશ થઈ ગયા. મેં તેને કહ્યું કે વારસાનું લાગુ થવું કોઈના પર તેની મજબૂરી તથા જરૂરત પર છે કે સગાઈ પર ? તેમણે કહ્યું કે સગાઈ પર. પણ ફરી શરૂ થઈ ગયા કે પૌત્ર પણ તો સગો જ છે, મૈયતની નસલથી છે, એનું ખૂન હક્ક઼ છે. મેં કહ્યું મને એક મિનિટ ઔર મોક઼ો આપો. હવે મેં તેમને પૂછયું, જ્યારે વારસો લાગુ થવાનો આધાર સગાઈ પર છે તો શું સર્વ સગાંને વારસો મળશે કે પછી એમાં કોઈ વિગતવાર સ્પષ્ટતા છે ? તેમણે કહ્યું, તમારો સવાલ મારી સમજમાં ન આવ્યો. મેં કાંઈક વિગતવાર સવાલ વર્ણન કર્યો તો થોડાક રોકાયા, ખચકાયા પણ મજબૂરન તેમણે કહેવું પડયું કે દરેક સગાને નહીં મળે, બલ્કે ખાસ ખાસ સગાંઓને જ વારસો મળશે. મેં ખાસ સગાઓને નિશ્ચિત કરવા માટે કોઈ અસ્લ (દલીલ) છે કે નથી ? માણસ જો કે દિમાગવાળો હતો, આ સવાલને સાંભળતાં જ તેમણે

પેંતરો બદલ્યો અને ફરી ઘણા જોશભેર તેમણે તક્રીર કરવાનું શરૂ કરી આપ્યું. મેં જરા જોરદાર અવાજમાં તેમને પૂછયું, બતાવો કે મૈયતનો સગો ભાઈ અપંગ છે, નાદાર છે અને મૈયતનો પુત્ર મૌજૂદ છે જે કરોડ પતિ છે. પરંતુ તે પ્રોફેસર સાહબ તે પણ અલીગઢના ! પણ તેમના મેજબાને જે ખુદ એમ.એ. હતા, તેમણે કહ્યું, પ્રોફેસર સાહબ હવે ખામોશ થાવ ! વાત પૂરી થઈ ગઈ ! અને મસ્અલો સાફ થઈ ગયો. **વારસો લાગુ થવું મજબૂરી તથા જરૂરત પર નથી, સગાઈ પર છે અને સગાઈમાં અગ્રતા તથા પ્રાથમિક્તા તેને હાંસલ છે જે મૈયતથી અધિક નજીક છે. અને જાહેર છે કે પુત્ર તથા પૌત્રમાં મૈયતથી વધુ નજીક પુત્ર છે, પૌત્ર એક દરજે દૂર છે, એટલા માટે પુત્રની હાજરીમાં પૌત્ર કાંઈ પામશે નહીં. જેમ કે પુત્રની હાજરીમાં ભાઈને કાંઈ મળશે નહીં.**

## باب میراث ابنۃ ابن مع ابنۃ ص ۹۹۷

## પ્રકરણ : "પુત્ર સાથે પૌત્રીના વારસાનુ વર્ણન" –(૯૯૭)

حدیث ۲۸۲۴ سُئِلَ اَبُوْمُوْسیٰ عَنِ ابْنَةٍ وَ ابْنَةِ ابْنٍ وَ اُخْتٍ فَقَالَ لِلْابْنَةِ

*"હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ને સવાલ થયો કે જો કોઈ મરનારને એક પુત્રી,* **[હદીષ : ૨૮૨૪]**

النِّصْفُ وَلِلْاُخْتِ النِّصْفُ وَ ائْتِ ابْنَ مَسْعُوْدٍ فَسَيُتَابِعُنِیْ فَسُئِلَ ابْنُ

*એક પૌત્રી અને એક બહેન હોય તો વારસો કેવી રીતે વહેંચાશે ? તો તેમણે ફર્માવ્યું, પુત્રીને અડધુ અને બહેનને*

مَسْعُوْدٍ وَ اُخْبِرَ بِقَوْلِ اَبِیْ مُوْسیٰ فَقَالَ لَقَدْ ضَلَلْتُ اِذًا وَّمَا اَنَا مِنَ الْمُهْتَدِیْنَ

*અડધુ. અને ઈબ્ને મસ્ઊદની પાસે જાવ મને ઉમ્મીદ છે કે તે પણ આ જ ફૈંસલો કરશે. હવે હઝરત ઈબ્ને મસ્ઊદને*

اَقْضِیْ فِیْهَا بِمَا قَضَی النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ لِلْابْنَةِ النِّصْفُ وَلِابْنَةِ

*પૂછવામાં આવ્યું અને તેમને હઝરત ઈબ્ને મૂસાની વાત બતાવવામાં આવી તો તેમણે ફર્માવ્યું, જો એવું છે તો હું*

الْابْنِ السُّدُسُ تَكْمِلَةَ الثُّلُثَیْنِ وَمَا بَقِیَ فَلِلْاُخْتِ فَاَتَیْنَا اَبَا مُوْسیٰ

*ગુમરાહ થઈ ગયો ! હિદાયતવાળા લોકોમાં ન રહ્યો ! એના બારામાં હું તે જ ફૈંસલો કરીશ જે નબી ﷺ એ*

فَاَخْبَرْنَاهُ بِقَوْلِ ابْنِ مَسْعُوْدٍ فَقَالَ لَا تَسْئَلُوْنِیْ مَا دَامَ

*ફર્માવ્યો છે. પુત્રીને અડધુ અને પૌત્રીને છઠ્ઠો (૧/૬) જેથી ૨/૩ (સંપૂર્ણ) થઈ જાય અને જે બચી રહે તે બહેનનું*

هٰذَا الْحَبْرُ فِیْكُمْ ع

*છે. ત્યાર બાદ અમે લોકો અબૂ મૂસાની પાસે આવ્યા. અમે તેમને ઈબ્ને મસ્ઊદના ક઼ૌલની ખબર આપી. તેમણે કહ્યું, જ્યાં સુધી આ પાયો તમારામાં મૌજૂદ છે ત્યાં સુધી મને કાંઈ ન પૂછશો."*

*(અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ, બાબુલ મીરાષ : ૯૯૭)*

**હદીષ : ૨૮૨૫ની સમજૂતી** ''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہએ જે ફર્માવ્યું, لقد ضَلَلتُ اِذًا તે એના કારણે ફર્માવ્યું કે હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہએ ફર્માવ્યું હતું કે ઈબ્ને મસ્ઊદ મારું અનુસરણ કરશે. કેમ કે ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہને આ ખાસ મસ્અલામાં હુઝૂરે અક્દસ ﷺનો ફૈંસલો માલૂમ હતો તેમ છતાં તેની વિરુદ્ધ ઈરાદાપૂર્વક હઝરત અબૂ મૂસા અશ્અરીના ફૈંસલા પ્રમાણે ફૈંસલો કરતા તો જરૂર ગુમરાહી થતી. આ સંજોગોમાં તારણ એ થશે કે કુલ વારસાના છ હિસ્સા કરવામાં આવશે, ત્રણ પુત્રીને, એક પૌત્રીને, બે બહેનને આપવામાં આવશે.''

**પ્રકરણ : ''બાપ તથા ભાઈઓની સાથે દાદાના વારસાનું વર્ણન.''** –(૯૯૭)

بَابُ مِيرَاثِ الْجَدِّ مَعَ الْاَبِ وَالْاِخْوَةِ. ص ۹۹۷ -

ت ۷۸۲ **[તઅલીક઼ : ૭૮૨]**

وَقَالَ اَبُوْبَكْرٍ وَابْنُ عَبَّاسٍ وَابْنُ الزُّبَيْرِ اَلْجَدُّ اَبٌ -

*''અને હઝરત અબૂબક્ર તથા ઈબ્ને અબ્બાસ તથા ઈબ્ને ઝુબૈરે ફર્માવ્યું કે દાદા બાપ છે.''*

**તઅલીક઼ : ૭૮૨ની સમજૂતી** એટલે કે જ્યારે મરનારને બાપ ન હોય, દાદા હોય તો વારસાના બારામાં જે હૈસિયત બાપની છે તે જ દાદાની થશે. અહીં દાદાથી મુરાદ જદ્દે સહીહ (સગા દાદા) છે. એ તે છે જેની મૈયતની પ્રતિ નિસ્બતમાં મા ન હોય, જેને આપણા ઉર્ફમાં દાદા કહે છે, નાના મુરાદ નથી. અરબમાં નાનાને પણ ''જદ'' કહે છે. બાપની ત્રણ હાલતો છે : ''કેવળ ફર્ઝ'' જ્યારે ઔલાદ હોય. આ સ્થિતિમાં છટ્ઠો ભાગ પામશે. ''ફર્ઝ તથા તઅસ્ઈીબ'' બંનેવ, જ્યારે મરનારને પુત્રી કે પૌત્રી હોય. આ સ્થિતિમાં બાપને વારસાનુ અડધુ મળશે. તે એ રીતે કે છટ્ઠો ભાગ ઝુલ ફરુસની હૈસિયતથી, અને પુત્રીને અડધુ અને જે બચ્યું કે તે અસ્બહની હૈસિયતથી બાપને મળશે. સાર એ નીકળ્યો કે અડધુ પુત્રીને અડધુ બાપને. ''કેવળ તઅસીબ'' જ્યારે કે મૈયતને ન પુત્ર હોય, ન પુત્રી, ન પૌત્ર, ન પૌત્રી. જ્યારે મરનારને બાપ ન હોય તો દાદાનો પણ એ જ હુકમ છે, પણ ચાર મસાઈલમાં : પ્રથમ એ કે બનીલ અઅયાન અને બની અલ્લાત બાપની હાજરીમાં બિલ્ઈજમાઅ સાકિત થઈ (ઉઠી) જાય છે, પણ દાદાની હાજરીમાં સાકિત થશે નહીં, જમહૂરની નજીક. પણ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہની નજીક સાકિત થઈ જશે. બીજુ : જો મૈયતની પત્નીઓમાંથી કોઈ હોય અને બાપ હોય અને મા, તો જે બચશે તેનો ત્રીજો ભાગ લેશે અને દાદાની સાથે કુલ વારસાનો ત્રીજો ભાગ. ત્રીજુ : બાપની મા અને દાદી બાપની હાજરીમાં વંચિત રહેશે, પરંતુ દાદાની હાજરીમાં વંચિત રહેશે નહીં. ચોથુ : મુઅ્તક઼ે, મુઅ્તિક઼ના બાપ તથા પુત્રને છોડયો તો વિલાઅનો છટ્ઠો ભાગ બાપના માટે અને બાકી પુત્રના માટે. આ ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہનો મઝહબ છે અને તરફૈન (ઈમામ મુહમ્મદ તથા ઈમામે આ'ઝમ)ની નજીક પૂરી વિલાઅ્ પુત્રના માટે છે. અને જો મુઅ્તક઼ે, મુઅ્તિક઼ના પુત્ર તથા દાદાને છોડયો તો બિલ્ઈત્તેફાક પૂરી વિલાઅ્ પુત્રના માટે છે.

ت ۷۸۳ **[તઅલીક઼ : ૭૮૩]**

وَقَرَأَ ابْنُ عَبَّاسٍ يَا بَنِيْ اٰدَمَ - وَاتَّبَعْتُ مِلَّةَ اٰبَائِيْ اِبْرَاهِيْمَ

*''અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ એની દલીલમાં બે આયતો પઢી : હે બની આદમ ! (માનવી) અને*

وَ اِسْحٰقَ وَ يَعْقُوْبَ ع‍ه

મેં મારા બાપદાદાઓ ઈબ્રાહીમ તથા ઈસ્હાક઼ તથા યાકૂબની મિલ્લતની પયરવી કરી.'' (સૂરએ યૂસુફ઼–૩૮)

**તઅલીક઼ : ૭૮૩ની સમજૂતી** એટલે કે સર્વ ઈન્સાનોને હઝરત આદમ علیہ السلامના પુત્ર કહેવામાં આવ્યા, જ્યારે કે વર્તમાન માનવોના દાદા છે તે પણ સૈંકડો પેઢીઓ ઉપર. હઝરત યૂસુફ઼ علیہ السلامના બાપ હઝરત યાકૂબ علیہ السلام છે અને હઝરત ઈસ્હાક઼ દાદા અને હઝરત ઈબ્રાહીમ પરદાદા عَلَيْهِمُ السَّلَامُ. એનાથી જાણવા મળ્યું કે દાદા બાપ છે.

قَالَ الْبُخَارِيُّ وَلَمْ يُذْكَرْ اَنَّ اَحَدًا خَالَفَ اَبَا بَكْرٍ فِيْ زَمَانِهٖ وَ

ઈમામ બુખારીએ ફ઼ર્માવ્યું, અન્ય ક્યાંય વર્ણન નથી કે કોઈએ હઝરત અબૂબક્ર رضی اللہ عنہનો તેમના

اَصْحَابُ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مُتَوَافِرُوْنَ

જમાનામાં વિરોધ કર્યો, અને નબી صلی اللہ علیہ وسلمના સહાબીઓ એ સમયે પુષ્કળ સંખ્યામાં હતા.

**સ્પષ્ટતા** : હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہ એ ફાયદો કરવા ચાહે છે કે હઝરત સિદ્દીકે઼ અકબરના જમાનામાં સહાબાએ કિરામનો એના પર ઈજમાઓ સુકૂતી થઈ ગયો કે દાદા બાપના સ્થાને છે.

ت ۷۸۴ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَرِثُنِيْ ابْنُ ابْنِيْ دُوْنَ

''અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફ઼ર્માવ્યું, મારો પૌત્ર વારસ થશે, **[તઅલીક઼ : ૭૮૪]**

اِخْوَتِيْ وَلَا اَرِثُ اَنَا ابْنَ ابْنِيْ

ન મારા ભાઈ, અને હું મારા પૌત્રનો વારસ ન થાઉં !''

**તઅલીક઼ : ૭૮૪ની સમજૂતી** કેટલાક લોકોએ કહ્યું હતું કે ભાઈઓની હાજરીમાં દાદા મેહરૂમ રહેશે. અને કેટલાક લોકોએ એવું કહેલું કે ભાઈઓની હાજરીમાં દાદાની સાથે ભાઈઓને પણ હિસ્સો મળ શે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ બંનેવની રદમાં ફ઼ર્માવે છે કે મરનારના જો પૌત્ર તથા ભાઈ હોય તો કેવળ પૌત્ર પામશે, ભાઈ બહેન નહીં પામે. પછી એ કેવી રીતે યોગ્ય થઈ શકે છે કે પૌત્રના વારસાથી મને હિસ્સો ન મળે અને પૌત્રના ભાઈઓને મળે ? આ ઉલ્ટી વાત છે. સાર એ નીકળ્યો કે મરનારના જો દાદા તથા ભાઈ હોય તો કુલ વારસો દાદાને મળશે, ભાઈઓ વંચિત રહેશે.

ت ۷۸۵ وَيُذْكَرُ عَنْ عَلِيٍّ وَعُمَرَ وَابْنِ مَسْعُوْدٍ وَزَيْدٍ اَقَاوِيْلُ مُخْتَلِفَةٌ

''અને હઝરત અલી, તથા હઝરત ઉમર, તથા ઈબ્ને મસ્ઊદ અને **[તઅલીક઼ : ૭૮૫]**

ઝયદ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી રિવાયત કરતાં વિવિધ કથનો વર્ણન કરવામાં આવે છે.''

**તઅલીક઼ : ૭૮૫ની સમજૂતી**

આ સર્વ કથનો મરજૂઅ તથા મતરૂક છે. એટલા માટે અમે એના વર્ણન કરવાથી પરહેઝ કરીએ છીએ.

حدیث ۲۸۲۵ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا (اِلٰی اَنْ قَال) فَاِنَّہٗ اَنْزَلَہٗ

*''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે હઝરત અબૂબકએ દાદાને બાપના* **[હદીષ : ૨૮૨૫]**

اَبًا اَوْقَالَ قَضَاہُ اَبًا۔

*સ્થાને કર્યા. અથવા રાવીએ એવું કહ્યું, હઝરત અબૂબકએ ફૈસલો ફર્માવ્યો કે દાદા બાપ છે.''*

**હદીષ : ૨૮૨૫ની સમજૂતી** હઝરત સિદીકે અકબર رضی اللہ عنہ નો એ ફૈસલો કે દાદા, બાપ ન હોવાની સ્થિતિમાં વારસામાં બાપના હુકમમાં છે. વિવિધ સહાબાએ કિરામથી મરવી છે, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈરનો ક઼ૌલ મનાકિ઼બમાં વર્ણન થઈ ચૂક્યો. તેમજ ઉષ્માન ઈબ્ને અફ઼ફાન رضی اللہ عنہ થી પણ મરવી છે. તેમજ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી પણ. તો હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત ઈબ્ને ઝુબૈર, હઝરત ઉષ્માન, હઝરત અબૂ સઈદ ખુદરી رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ ચાર સહાબી થયા.

**પ્રકરણ : ''પત્ની તથા પતિનો વારસો પુત્ર વગેરે સાથે.''** *–(૯૯૮)*

بابُ میراثِ المرأۃ والزوجِ مَعَ الولدِ وغیرِہٖ۔ ص۹۹۸

حدیث ۲۸۲۶ عَنْ اَبِیْ ھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ قَضٰی رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ **[હદીષ : ૨૮૨૬]**

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ બની લહયાનની એક સ્ત્રીના કાચા*

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فِیْ جَنِیْنِ امْرَاَۃٍ مِنْ بَنِیْ لَحْیَانَ سَقَطَ مَیِّتًا بِغُرَّۃٍ عَبْدٍ اَوْ

*બાળકના બારામાં જે મૃત પેદા થયું હતું, એ ફૈસલો ફર્માવ્યો કે એને ખૂનબહામાં એક ગુલામ અથવા એક*

اَمَۃٍ ثُمَّ اَنَّ الْمَرْاَۃَ الَّتِیْ قَضٰی عَلَیْھَا بِالْغُرَّۃِ تُوُفِّیَتْ فَقَضٰی رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ

*બાંદી આપવામાં આવે. પછી તે સ્ત્રી જેના વિરુદ્ધ આપે હુકમ આપ્યો હતો, તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ એ*

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اَنَّ مِیْرَاثَھَا لِبَنِیْھَا وَزَوْجِھَا وَاَنَّ الْعَقْلَ عَلٰی عَصَبَتِھَا ع

*ફૈસલો ફર્માવ્યો કે તેનો વારસો તેના પુત્ર તથા પતિના માટે છે અને ખૂનબહા તેના અસ્બહ પર.''*

*(દિયાત બાબુ જનીનુલ મર્અત, મુસ્લિમ–હુદૂદ, તિર્મિઝી–ફરાઈઝ, અબૂ દાઊદ–નિસાઈ–દિયાત)*

**હદીષ : ૨૮૨૬ની સમજૂતી** આ હદીષ કિતાબુત્ તિબ્બમાં વર્ણન થઈ ચૂકી છે અને કિતાબુદ્દિયાતમાં આવી રહી છે. કિતાબુત્ તિબ્બમાં એ વિગત છે કે બની હઝીલની બે સ્ત્રીઓએ આપસમાં

ઝઘડો કર્યો. એકે બીજીને પથ્થર ફેંકીને માર્યો. તેણી સગર્ભા હતી તો મારના સદમાથી ગર્ભ પડી ગયો. મામલો હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં આવ્યો તો હુઝૂરે ફૈંસલો આપ્યો કે એનો ખૂનબહા (ખૂનનો બદલો) એક ગુલામ છે અથવા એક બાંદી. મારવાવાળી સ્ત્રીના બાપ ભાઈ, પતિએ એવું કહ્યું કે તેનો ખૂનબહા તેનો પુત્ર આપશે. એના પર હુઝૂરે અક્દસ ﷺએ એ ફૈંસલો કર્યો કે તેનો વારસો તેના પુત્ર તથા પતિને આપવામાં આવે અને દિયત તો અસ્બહ પર છે. અસ્બહ (નજીકનાં સગાં) એ કહ્યું કે અમારી પાસે કાંઈ નથી. બની લહ્યાનના સદકા વસૂલ થાય તો અમને અતા ફર્માવો. જેથી હુઝૂરે અક્દસ ﷺએ એવું જ કર્યું જેને વસૂલ કરીને તે લોકોએ દિયત આપી. غُرَّةٌનો અર્થ ઘોડાની પેશાનીની સફેદી, દરેક ચીજનો પ્રારંભિક તથા મોઅઝ્ઝમ (માનપાત્ર) હિસ્સો, શરીફ, ચેહરો, રોશની, સવાર, ગુલામ તથા બાંદી છે. અહીં મુરાદ છેલ્લો અર્થ છે. عبداً و أمةً એનું બયાન છે. عقل મશહૂર તે રૂહાની શક્તિ જેનાથી સમજબુઝ પેદા થાય છે, દિલ, દિયત એટલે કત્લ વગેરેનો માલી બદલો જેને ખૂનબહા કહે છે.

**પ્રકરણ : "કોઈ સ્ત્રીએ કાકાના બે પુત્રોને છોડયા, એમાંથી એક અખ્યાફી ભાઈ (મા એક બાપ જુદા) છે અને બીજો પતિ છે."** –(૯૯૮)

بَابُ اِبْنَيْ عَمٍّ اَحَدُهُمَا اَخٌ لِأُمٍّ وَالْآخَرُ زَوْجٌ. ص ۹۹۸ .

**સ્પષ્ટતા** : એટલે એક સ્ત્રીએ પોતાના કાકાના પુત્ર સાથે નિકાહ કર્યા હતા. તે મરી ગઈ. તેણે પોતાના પતિને છોડયો અને બીજા કાકાના છોકરાને જે એનો અખ્યાફી ભાઈ છે, તો વારસો કેવી રીતે વહેંચાશે ?

ت ۷۸٦ [તઅલીક઼ : ૭૮૬] وَقَالَ عَلِيٌّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ لِلزَّوْجِ النِّصْفُ وَلِلْأَخِ مِنَ الْأُمِّ

*"અને સૈયદના હઝરત અલી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે પહેલાં પતિને અડધુ આપવામાં આવશે, પછી*

السُّدُسُ وَمَا بَقِيَ بَيْنَهُمَا نِصْفَيْنِ

*અખ્યાફી ભાઈને છઠ્ઠો ભાગ, અને જે બચશે તે ફરી તે બંનેવની વચ્ચે અડધુ અડધુ વહેંચવામાં આવશે."*

## તઅલીક઼ : ૭૮૬ની સમજૂતી

એટલે કેમ કે મરનારની ઔલાદ નથી એટલા માટે પહેલાં પતિને અડધુ આપીશું અને અખ્યાફીભાઈને છઠ્ઠો ભાગ. એટલા માટે કે બંને વારસદારોમાંથી છે. હવે જે બચ્યું તે બંનેને સમાન ભાગે વહેંચાશે, કેમ કે બંનેવ કાકાના પુત્રો હોવાના કારણે અસ્બહ છે. મસ્અલાનો ઈસ્તેખરાજ છથી કરવામાં આવશે. છમાંથી ત્રણ પતિને અને એક અખ્યાફી ભાઈને. હવે જે વધ્યા તેમાંથી એક એક બંનેવને આપવામાં આવશે. આ રીતે એમનામાં જે પતિ છે એને છમાંથી ચાર ભાગ મળશે અને અખ્યાફીભાઈ છે તેને છમાંથી બે મળશે.

**પ્રકરણ : "જે સ્ત્રીથી લિઆન કરવામાં આવ્યું છે તેના વારસાનું વર્ણન." –(૯૯૯)**

بَابُ مِيْرَاثِ الْمُلَاعَنَةِ
ص ۹۹۹

حدیث ۲۸۲۷

عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ رَجُلًا لَاعَنَ اِمْرَاتَهٗ فِيْ

**[હદીષ : ૨૮૨૭]** *"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺ ના જમાનામાં એક શખ્સે*

زَمَانِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَانْتَقَلَ مِنْ وَلَدِهَا فَفَرَّقَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

*પોતાની પત્ની સાથે લિઆન કર્યું અને તેના પુત્રથી ઈન્કાર કરી ગયો. તો નબી ﷺ એ તે બંનેવની*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بَيْنَهُمَا وَاَلْحَقَ الْوَلَدَ بِالْمَرْاَةِ .

*જુદાઈ કરી આપી, અને પુત્રને સ્ત્રીની સાથે કરી આપ્યો."*

**હદીષ : ૨૮૨૭ની સમજૂતી** એટલે કે એ હુકમ ફર્માવ્યો કે એનો નસબ પિતાથી સાબિત નથી. આવી સ્થિતિમાં એ બાળક કેવળ પોતાની માના વારસાનો હક્કદાર થશે, બાપના વારસામાં નહીં. એ જ પ્રમાણે એનો (બાળકનો) વારસો ફક્ત મા પામશે, બાપ પામશે નહીં.

**પ્રકરણ : "છોકરો સાહિબે ફરાશ (પતિ અથવા માલિક)ના માટે છે, તેની મા આઝાદ હોય કે બાંદી." –(૯૯૯)**

بَابُ اَلْوَلَدُ لِلْفِرَاشِ حُرَّةً كَانَتْ اَوْ اَمَةً .
ص ۹۹۹

حدیث ۲۸۲۸

عَنْ مُحَمَّدِ بْنِ زِيَادٍ اَنَّهٗ سَمِعَ اَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

**[હદીષ : ૨૮૨૮]** *"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી ﷺ થી રિવાયત કરે છે કે ફર્માવ્યું કે બાળક*

عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اَلْوَلَدُ لِصَاحِبِ الْفِرَاشِ .

*સાહિબે ફરાશના માટે છે."*

**હદીષ : ૨૮૨૭ની સમજૂતી**

એટલે કે એક સ્ત્રી કોઈના નિકાહમાં છે અથવા બાંદી કોઈની માલિકીમાં છે, અને એ બંનેવને બાળક પેદા થયું. અને કોઈકે દાવો કર્યો કે મેં એની મા સાથે ઝિના કર્યો છે, એ બાળક મારું છે. અથવા ખુદ બાળકની માએ કહ્યું, આ બાળક મારા પતિ તથા મારા માલિકનો નથી, ફલાણાનો છે. બલ્કે જો પતિ પણ કહે કે આ બાળક મારું નથી. અને લિઆન ન થાય તો આ સર્વ સ્થિતિઓમાં હુકમ એ જ આપવામાં આવશે કે બાળક પતિ કે બાંદીના માલિકનું છે, એનાથી જ એનો નસબ સાબિત થશે. હા ! જો પતિએ એ દાવો કર્યો કે એ બાળક મારું નથી અને સ્ત્રીએ કહ્યું કે એનું છે. મામલો કાઝીને ત્યાં ગયો, કાઝીએ શરઈ તરીકા પ્રમાણે લિઆન કરાવ્યું અને બંનેવમાં જુદાઈ કરવાનો હુકમ આપ્યો અને બાપને બાળકના નસબની નફી (નકાર)નો હુકમ આપ્યો તો બાળકનો નસબ બાપથી સાબિત થશે નહીં.

અલ્લામા ઈબ્ને અબ્દુલ બરે ફર્માવ્યું કે હદીષ الولد للفراش નબી ﷺથી રિવાયત થયેલ સહીહતરીન હદીષોમાંથી એક છે. એ વીસથી વધુ સહાબાએ કિરામથી રિવાયત પામેલી છે. એમાં સૌથી મોટી હિક્મત બાળકથી અને તેની માથી ગૈરત (શરમ) દૂર કરવું છે, તેમજ બાળકને વેડફાવાથી બચાવવાનું છે.

**પ્રકરણ : "વિલા એના માટે છે જેણે આઝાદ કર્યો અને લકીતના વારસાનું બયાન."** –(૯૯૯)

باب اَلْوَلَاءُ لِمَنْ اَعْتَقَ وميراثُ اللَّقِيْطِ. ص ٩٩٩

**સ્પષ્ટતા** : હમણા વર્ણન થયું કે જો કોઈએ કોઈ ગુલામને આઝાદ કર્યો તો ગુલામનો વારસો આઝાદ કરનારો પામશે. "લકીત" તે બાળકને કહે છે જેને તેનાં ઘરવાળાંઓએ પોતાની તંગદસ્તી અથવા બદ્નામીના ડરથી ફેંકી દીધો હોય. લકીતના સર્વ ખર્ચા ખાવા, કપડાં, રહેવાનું મકાન, દવા, ઈલાજ એ સર્વ બયતુલ માલના જિમ્મે છે. અને લકીત મરી જાય અને કોઈ વારસ ન હોય તો વારસો પણ બયતુલ માલમાં જશે.

ت ٧٨٧ وَقَالَ عُمَرُ اَللَّقِيْطُ حُرٌّ

*"હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે લકીત આઝાદ છે."* **[તઅલીક : ૭૮૭]**

**તઅલીક : ૭૮૭ની સમજૂતી**

આના પરથી સાબિત થાય છે કે જો શરીઅતના તરીકા પ્રમાણે સાબિત થઈ જાય કે લકીતનો કોઈ વારસ છે તો લકીતનો વારસો તે વારસને મળશે. અને જો એ સાબિત ન થઈ શકે તો તેનો વારસો બયતુલ માલમાં જશે, જેવો કે આઝાદનો હુકમ છે. જો ધારો કે તે ગુલામ હોત તો તેની સર્વ કમાઈ માલિકને મળતી, વારસાનો સવાલ જ નથી થતો ! અને જો માલિક તેને આઝાદ કરી આપતો પછી તે મરતો તો તેનો વારસ આઝાદ કરનાર માલિક થાત.

حديث ٢٨٢٩ عَنِ ابْنِ عُمَرَ رَضِىَ اللهُ تَعَالٰى عَنْهُمَا عَنِ النَّبِىِّ صَلَّى اللهُ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૮૨૯]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِنَّمَا الْوَلَاءُ لِمَنْ اَعْتَقَ.

*વિલા તેના માટે છે જેણે આઝાદ કર્યો."*

بَاب مِيْرَاثُ السَّائِبَةِ ص ٩٩٩

**પ્રકરણ : "સાઈબાના વારસાનું વર્ણન."** –(૯૯૯)

**સ્પષ્ટતા** : સાઈબા તે ગુલામ છે જેને તેના માલિકે એવું કહ્યું હોય لاولاء لا حد عليك અથવા તેને કહ્યું انت سائبة અથવા કહે اعتقتك سَائِبَةً અથવા કહે وانتَ حرٌ سَائبَة. પ્રથમ બે સેગાઓથી એની નિય્યત આઝાદ કરવાની હતી તો ગુલામ આઝાદ થઈ જશે અને બાદના બે સેગાઓથી નિય્યતની જરૂરત નથી.

حدیث ۲۸۳۰ عَنْ عَبْدِاللّٰہِ قَالَ اِنَّ اَھْلَ الْاِسْلَامِ لَا یُسَیِّبُوْنَ وَاِنَّ اَھْلَ

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી મરવી છે. તેમણે ફર્માવ્યું કે* **[હદીષ : ૨૮૩૦]**

الْجَاھِلِیَّۃِ کَانُوْا یُسَیِّبُوْنَ،

*અહલે ઈસ્લામ સાઈબા નથી બનાવતા અને જાહિલિયતવાળા બનાવતા હતા.''*

**હદીષ : ૨૮૩૦ની સમજૂતી** આ હદીષ ટૂંકી છે. ઈસ્માઈલીએ વિસ્તારપૂર્વક રિવાયત કરી કે એક શખ્સ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ ની ખિદમતમાં આવ્યો અને તેણે કહ્યું, મેં એક ગુલામને સાઈબાના તૌર પર આઝાદ કર્યો હતો અને તે મરી ગયો અને અમુક માલ છોડયો છે અને તેનો કોઈ વારસ નથી. તો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે અહલે ઈસ્લામ (મુસલમાન) સાઈબા નથી બનાવતા અને અહલે જાહિલિયત સાઈબા બનાવતા હતા અને તું એનો વલી નેઅમત છે, એટલા માટે તારા માટે એનો વારસો છે.

بَابُ اِذَا اَسْلَمَ عَلٰی یَدَیْہِ ص۱۰۰۰

**પ્રકરણ : ''જે કોઈના હાથ પર મુસલમાન થયો.''** *–(૧૦૦૦)*

ت ۷۸۸ وَکَانَ الْحَسَنُ لَا یَرٰی لَہٗ وِلَایَۃً۔

*''અને હઝરત ઈમામ હસન બસરી એના માટે વિલાનો હક્ક઼ ન માનતા હતા. ''* **[તઅલીક઼ : ૭૮૮]**

*એમની દલીલ હુઝૂર صلی اللہ علیہ وسلم નો આ ઈર્શાદ હતો :* اَلْوَلَاءُ لِمَنْ اَعْتَقَ

ت ۷۸۹ وَیُذْکَرُ عَنْ تَمِیْمِ الدَّارِیِّ رَفَعَہٗ قَالَ ھُوَ اَوْلَی النَّاسِ بِمَحْیَاہُ وَمَمَاتِہٖ۔

*''અને હઝરત તમીમદારી رضی اللہ عنہ થી રિવાયત કરતાં વર્ણન કરવામાં આવે છે કે તેમણે* **[તઅલીક઼ : ૭૮૯]**

*મરફૂઅન રિવાયત કરી કે તે એ શખ્સની જિંદગી તથા મૌતનો સૌથી વિશેષ મુસ્તહિક઼ છે.''*

**તઅલીક઼ : ૭૮૯ની સમજૂતી** આ હદીષથી સાબિત થયું કે કાફિર જે શખ્સના હાથ પર મુસલમાન થયો એની વિલા એનાથી સાબિત થઈ જાય છે, ત્યાં સુધી કે જો તે નવમુસ્લિમ મરી જાય અને તેનો કોઈ વારસ ન હોય તો જે શખ્સના હાથ પર એણે ઈસ્લામ ક઼બૂલ કર્યો હતો તે જ વારસ થશે.

وَقَالَ الْبُخَارِیُّ وَاخْتَلَفُوْا فِیْ صِحَّۃِ ھٰذَا الْخَبَرِ۔

*અને ઈમામ બુખારીએ કહ્યું, અન્ય લોકોએ આ ખબરના સહીહ હોવામાં મતભેદ કર્યો.*

**સ્પષ્ટતા** : અલ્લામા અયનીએ પૂરી તફસીલની સાથે તેની સેહતના (સહીહ હોવાના) મુન્કિરો તથા સ્વીકારનારાઓના કથનો નક઼લ કર્યાં છે. અને છેવટમાં સાબિત કર્યું છે કે રાજેહ (પસંદીદા) તે જ છે કે આ હદીષ સહીહ છે. એના પર અહનાફ (હનફીઓ)નો અમલ છે.

**પ્રકરણ : "ક઼ૌમનો આઝાદ કરેલો ગુલામ એમનામાંથી જ છે, અને બહેનનો પુત્ર પણ એમનામાંથી છે."** –(૧૦૦૦)

بَابُ مَوْلَى الْقَوْمِ مِنْ أَنْفُسِهِمْ وَابْنُ الْأُخْتِ مِنْهُمْ. ص ١٠٠٠

۲۸۳۱ حدیث

عَنْ أَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ

**[હદીષ : ૨૮૩૧]** *"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે*

وَسَلَّمَ قَالَ مَوْلَى الْقَوْمِ مِنْ أَنْفُسِهِمْ أَوْ كَمَا قَالَ

*ક઼ૌમનો આઝાદ કરેલો ગુલામ એમનામાંથી છે અથવા એના સમાનઅર્થી ફર્માવ્યું."*

۲۸۳۲ حدیث

عَنْ أَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ

**[હદીષ : ૨૮૩૨]** *"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે ક઼ૌમનો*

وَسَلَّمَ قَالَ ابْنُ أُخْتِ الْقَوْمِ مِنْهُمْ أَوْ مِنْ أَنْفُسِهِمْ.

*ભાણીયો તેમનામાંથી છે."*

## હદીષ : ૨૮૩૨ની સમજૂતી

એટલે કે જ્યારે મરનારનો કોઈ વારસદાર અને અસ્બહ ન હોય અને ન ભાણીયાથી નિકટનો કોઈ ઝુલ અરહામ હોય તો ભાણીયો વારસો પામશે.

## بَابُ مِيرَاثِ الْأَسِيرِ ص۱۰۰۰

**પ્રકરણ : ''કેદીના વારસાનું બયાન.'' –(૧૦૦૦)**

**સ્પષ્ટતા :** એનાથી મુરાદ કેદી છે જે કાફિરોના હાથમાં કેદ છે. કેમ કે એના બારામાં એ પણ સંભાવના છે કે જાલિમ એને શહીદ કરી ચૂક્યા હોય અને એ પણ સંભાવના છે કે તે જીવતો હોય. તો હવે પ્રશ્ન એ ઉઠે છે કે એનો વારસો વહેંચવામાં આવે કે ન વહેંચવામાં આવે. હઝરત સઈદ બિન મુસૈયબથી બંનેવ રિવાયત છે અને એ જ હાલ ઈમામ ઝુહરીનો છે. તેમજ ઈમામ ઝુહરીનો એક કૌલ એ છે કે કેદીને કેવળ ૧/૩ મળશે. ઈબ્ને બત્તાલે મોટા ભાગના ઉલમાનો એ મઝહબ નકલ કર્યો કે કેદી જ્યારે કોઈ વારસાનો હક્કદાર હોય તો તેનો હક્ક મૌકૂફ રાખવામાં આવશે, એટલા માટે કે કેદીની બે સ્થિતિઓ છે એક એ કે એ ખબર છે કે તે ઝિંદા છે અને ફલાણી જગાએ છે. અને એ પણ ખબર છે કે તે મુર્તદ નથી થયો. એટલા માટે તે આમ મુસલમાનોની જેમ છે. અને જો એ ખબર છે કે તે મુર્તદ થઈ ગયો તો તેના માલમાં મુર્તદના હુકમો લાગુ કરવામાં આવશે. અને જો કોઈ ખબર ન હોય કે જીવે છે કે મરી ગયો, અને ક્યાં છે તો મફકૂદ (ગુમ થયેલ) છે તેના પર મફકૂદના હુકમો લાગુ થશે.

ت ۷۹۰ وَكَانَ شُرَيْحٌ يُوَرِّثُ الْأَسِيرَ فِي أَيْدِي الْعَدُوِّ وَيَقُولُ

*''અને કાઝી શુરૈહ એ કેદીને વારસ બનાવતા હતા જે દુશ્મનના કબજામાં* **[તઅલીક : ૭૯૦]**

هُوَ أَحْوَجُ إِلَيْهِ۔

*હોય અને કહેતા હતા એ વારસાનો અધિક મોહતાજ છે.''*

ت ۷۹۱ وَقَالَ عُمَرُ بْنُ عَبْدِ الْعَزِيزِ أَجِزْ وَصِيَّةَ الْأَسِيرِ وَعَتَاقَتَهُ

*''અને હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે ફર્માવ્યું, કેદીની વસિયત અને તેને આઝાદ* **[તઅલીક : ૭૯૧]**

وَمَا صَنَعَ فِي مَالِهِ مَا لَمْ يَتَغَيَّرْ عَنْ دِينِهِ فَإِنَّمَا هُوَ مَالُهُ يَصْنَعُ

*કરવાને લાગુ કરો અથવા પોતાના માલમાં જે પણ કરે સૌ લાગુ કરો, જ્યાં સુધી દીન ન બદલે,*

فِيهِ مَا شَاءَ۔

*એટલા માટે કે તે એનો માલ છે અને એમાં જેવું ચાહે કરે.''*

بسم الله الرحمن الرحيم

# كتاب الحدود ص ١٠٠١

## 'કિતાબુલ્ હુદૂદ' હુદૂદ (સજાઓ) વિશે પ્રકરણ) –(૧૦૦૧)

**સ્પષ્ટતા** : હુદૂદ હદનું બહુવચન છે તેનો મૂળ અર્થ રોકવું અને મના કરવું છે, એના કારણે દરવાનને હદ્દાદ પણ કહે છે. એટલા માટે કે તે લોકોને અંદર આવવાથી રોકે છે. અને **શરીઅતમાં હદ અમુક ખાસ ગુનાહો પર શરીઅત થકી નિશ્ચિત સજાને કહે છે.** એનો ફાયદો લોકોને એ ગુનાહથી રોકવું છે જેની એ સજા છે, બલ્કે બારીક દષ્ટિએ જોતાં દરેક ગુનાહથી રોકવું છે કે જ્યારે એક ચોરનો હાથ કાપવામાં આવ્યો, અને લોકોને ખબર છે કે ઝિનાની સજા આ છે, શરાબ પીવાની આ સજા છે, તો લોકો યક઼ીનન ! ડરશે.

**હદૂદ (સજાઓ) કફ્ફારો છે** : આમ ઉસૂલની તથા ફિક઼્હની કિતાબોમાં એ જ હદો કફ્ફારો નથી, ત્યાં સુધી કે બહારે શરીઅત, ભાગ : ૯, પેજ : ૮૧માં પણ એ જ છે. એના કારણે અમે નુઝહતુલ ક઼ારીના ભાગ–૧માં એના સમર્થનમાં પૂરુ જોર આપ્યું છે, પરંતુ ભાગ : ૧ છપાયા બાદ મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો આ ઈર્શાદ નજરથી ગુજર્યો : "હદ એ ગુનાહથી પાક કરી દેવાની હોય છે." *(ફતાવા રઝવિય્યહ્, ૫/૯૮૧)* અને અલ્મલ્ફૂઝમાં છે : "હદથી પાક થઈ જાય છે, ક઼ેસાસથી નહીં."

*–(અલ્મલ્ફૂઝ, ૧/૬૫)*

આ ઈર્શાદ પછી મારા માટે બીજા ક઼ૌલની ગુંજાઈશ નથી ! એની દલીલ હઝરત સઅદ બિન ઓબાદા رضی اللہ عنہની હદીષ છે કે ફર્માવ્યું : ومن اصاب من ذلك شيئًا فعوقب به فهو كفارة له "અને જેણે એમાંથી કોઈ ચીજનો ઈર્તેકાબ કર્યો (એમાં સપડાયો) પછી તેને તેની સજા આપી દેવામાં આવી તો તે એના માટે કફ્ફારો છે."

*(બુખારી–ઈમાન, મનાક઼િબે અન્સાર, મગ઼ાઝી, હુદૂદ, અહકામ, મુસ્લિમ–હુદૂદ, તિર્મિઝી, નિસાઈ, દારમી)*

અને કિતાબુલ હુદૂદ બાબે તૌબતુસ્સારિક઼માં આટલું વધારે છે : وَطَهُوْرٌ "અને પાક કરનારી છે."

## بَابُ الزِّنَا وَشُرْبِ الْخَمْرِ ص ١٠٠١

### પ્રકરણ : "ઝિના તથા શરાબ પીવાનું વર્ણન." –(૧૦૦૧)

ت ۷۹۲ [તઅલીક઼ : ૭૯૨] وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يُنْزَعُ مِنْهُ نُوْرُ الْاِيْمَانِ فِي الزِّنَا.

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, ઝિના કરવાથી ઈમાનનું નૂર કાઢી લેવામાં આવે છે."*

**તઅલીક઼ : ૭૯૨ની સમજૂતી** ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ કિતાબુલ ઈમાનમાં મુત્તસિલ સનદની સાથે વિગતે આ પ્રમાણે રિવાયત કરી છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પોતાના એક એક ગુલામને બોલાવતા અને ફર્માવતા, શું હું તમારી શાદી ન કરી આપુ ? **જે બંદો પણ ઝિના કરશે અલ્લાહ તેનાથી ઈમાનનું નૂર કાઢી લેશે.** તેમજ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી જ આ વિષયની મરફૂઅ હદીષ પણ રિવાયત થયેલી છે જેને ઈમામ તિબ્રીએ રિવાયત કરી. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. તેમણે કહ્યું, મેં નબી ﷺને એવું ફર્માવતાં સાંભળ્યું કે **જે ઝિના કરશે અલ્લાહ તઆલા તેના દિલેથી ઈમાનનું નૂર કાઢી લેશે, ચાહે તો પરત કરે, ચાહે ન પરત કરે.**

**પ્રકરણ : "શરાબ પીનારાઓને મારવાનું વર્ણન."** –(૧૦૦૨)

بَابُ مَا جَاءَ فِيْ ضَرْبِ شَارِبِ الْخَمْرِ ص۱۰۰۲

حدیث ۲۸۳۳ عَنْ أَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ **[હદીષ : ૨૮૩૩]**

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺએ શરાબ પીવાની સજામાં ખજૂરની ડાળીઓ અને પગરખા*

ضَرَبَ فِي الْخَمْرِ بِالْجَرِيْدِ وَالنِّعَالِ وَجَلَدَ أَبُوْبَكْرٍ أَرْبَعِيْنَ عــه

*વડે માર્યા અને હઝરત અબૂબકએ ચાલીસ માર્યા." (મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ, હુદૂદ)*

**હદીષ : ૨૮૩૩ની સમજૂતી** હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ શરાબની હદ (સજા) ચાલીસ કોરડા મારતા હતા. અને હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના પ્રારંભિક જમાનામાં પણ હતું. પછી એકવાર હઝરત ઉમર رضی اللہ عنہએ આ મસ્અલામાં સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી મશ્વરો માગ્યો તો હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, જ્યારે શરાબ પીશે તો તેને નશો આવશે અને જ્યારે નશો આવશે તો બકવાસ કરશે અને જ્યારે બકવાસ કરશે તો આક્ષેપ કરશે. અને મુફ્તરી (આક્ષેપ કરનાર) પર ૮૦ કોરડા છે. તો હઝરત ઉમરે અલીને હુકમ આપ્યો કે એને ૮૦ કોરડા મારે, જેથી તેમણે ૮૦ કોરડા માર્યા. અને બનાવ સહાબાએ કિરામના આમ મજમામાં બન્યો. કોઈએ તેનો વિરોધ ન કર્યો. તો એના પર લગભગ મૌન ઈજમાઅ થઈ ગયો.

**પ્રકરણ : "શરાબી (દારૂડીયા)ને ખજૂરની ડાળી તથા ખાસડાંઓ વડે મારવો."** –(૧૦૦૨)

بَابُ الضَّرْبِ بِالْجَرِيْدِ وَالنِّعَالِ ص۱۰۰۲

حدیث ۲۸۳۴ عَنْ أَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ أُتِيَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺની ખિદમતે અકદસ ﷺમાં* **[હદીષ : ૨૮૩૪]**

وَسَلَّمَ بِرَجُلٍ قَدْ شَرِبَ قَالَ اِضْرِبُوْهُ قَالَ أَبُوْهُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

*એક શખ્સને લાવવામાં આવ્યો જેણે દારૂ પીધો હતો. ફર્માવ્યું, એને મારો ! હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે*

فَمِنَّا الضَّارِبُ بِيَدِهٖ وَالضَّارِبُ بِنَعْلِهٖ وَالضَّارِبُ بِثَوْبِهٖ فَلَمَّا انْصَرَفَ قَالَ

*અમારામાંથી કેટલાક લોકો પોતાના હાથ વડે એને મારી રહ્યા હતા અને કેટલાક લોકો પોતના ચપ્પલ વડે*

بَعْضُ الْقَوْمِ اَخْزَاكَ اللّٰهُ قَالَ لَا تَقُوْلُوْا هٰكَذَا لَا تُعِيْنُوْا عَلَيْهِ الشَّيْطَانَ ع

*અને કેટલાક લોકો પોતાના કપડા વડે. જ્યારે તે પલટવા લાગ્યો તો કહ્યું, તને અલ્લાહ બેઈજ્જત કરે ! તો હુઝૂરે ફર્માવ્યું કે એવું ન કહો, એના પર શૈતાનને મદદ ન આપો.'' (અબૂ દાઊદ–હુદૂદ)*

**હદીષ : ૨૮૩૪ની સમજૂતી** એ કોણ શખ્સ હતો એ નિશ્ચિત ન થઈ શક્યું. એના પર બદ્દુઆ કરવાથી મના ફર્માવ્યું કે એનો અંદેશો હતો કે હુઝૂરે અક્દસ ﷺની સામે જેના પર બદ્દુઆ કરવામાં આવી એનાથી એના દિલમાં હુઝૂરે અક્દસ ﷺ પ્રત્યે નફરત પેદા થઈ જાય.

حدیث ۲۸۳۵ سَمِعْتُ عُمَيْرَ بْنَ سَعِيْدِ النَّخَعِيَّ قَالَ سَمِعْتُ عَلِيَّ ابْنَ اَبِيْ

**[હદીષ : ૨૮૩૫]** *''હઝરત ઓમૈર બિન સઈદ નખઈએ કહ્યું કે મેં હઝરત અલી ઈબ્ને અબી*

طَالِبٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ مَا كُنْتُ لِاُقِيْمَ حَدًّا عَلٰى اَحَدٍ

*તાલિબ رضی اللہ عنہ થી સાંભળ્યું કે હું કોઈના પર હદ (શિક્ષા) કાયમ કરતો અને મરી જતો તો એનાથી મારા દિલમાં*

فَيَمُوْتَ فَاَجِدُ فِيْ نَفْسِيْ اِلَّا صَاحِبَ الْخَمْرِ فَاِنَّهٗ لَوْ مَاتَ وَدَيْتُهٗ

*કોઈ ખટકો પેદા ન થતો, સિવાય શરાબીના. જો એ મરી જતો તો હું એની દિયત આપતો. અને એ એટલા માટે*

وَذٰلِكَ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَمْ يَسُنَّهٗ ع

*કે રસૂલુલ્લાહ ﷺએ એની સજા નિશ્ચિત નથી ફર્માવી.'' (મુસ્લિમ શરીફ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

**હદીષ : ૨૮૩૫ની સમજૂતી**

સહીહ એ જ છે કે રસૂલુલ્લાહ ﷺએ શરાબની હદ (સજા) નક્કી નથી કરી. પરંતુ તહાવીમાં દાનાજ અન હુસૈન બિન મુન્ઝિર રક્કાશીના તરીકાથી હઝરત અલી رضی اللہ عنہનો કૌલ વર્ણન થયેલ છે કે રસૂલુલ્લાહ ﷺએ શરાબમાં ચાલીસ કોરડા માર્યા અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ પણ ચાલીસ કોરડા માર્યા. અને હઝરત ઉમર رضی اللہ عنہએ એને એંસી પૂરા કર્યા. અને સર્વ સુન્નત છે. અબૂ દાઉદમાં પણ એના સમાનઅર્થી છે. હઝરત ઈમામ તહાવીએ આ હદીષ પર ઘણી લાંબી ચર્ચા કરી છે અને એને મઅલૂલ (રાવીઓના એતબારે કમજોર) ઠરાવેલ છે.

حدیث ۲۸۳۶ عَنِ السَّائِبِ بْنِ يَزِيْدَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كُنَّا نُؤْتٰى بِالشَّارِبِ

**[હદીષ : ૨૮૩૬]** *''હઝરત સાઈબ બિન યઝીદ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺના મુબારક સમયમાં*

عَلٰی عَهْدِ رَسُوْلِ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ وَإِمْرَةِ أَبِیْ بَكْرٍ رَضِیَ اللّٰهُ عَنْهُ

*અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ની ખિલાફતમાં અને હઝરત ઉમર رضی اللہ عنہ ની ખિલાફતના શરૂમાં*

وَصَدْرًا مِّنْ خِلَافَةِ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ فَنَقُوْمُ إِلَيْهِ بِأَيْدِيْنَا وَنِعَالِنَا وَ

*અમે શરાબીને લાવતા તો અમે તેને અમારા હાથો, ચપ્પલો અને ચાદરોથી મારતા.*

أَرْدِيَتِنَا حَتّٰی كَانَ آخِرُ إِمْرَةِ عُمَرَ فَجَلَدَ أَرْبَعِيْنَ حَتّٰی إِذَا عَتَوْا وَفَسَقُوْا

*હઝરત ઉમર رضی اللہ عنہ એ પોતાની ખિલાફતના અંતિમ દૌરમાં ચાલીસ કોરડા માર્યા,*

جَلَدَ ثَمَانِيْنَ۔

*તેમ છતાં પણ લોકોએ નાફર્માની કરી અને શરાબ પીધી તો ૮૦ કોરડા માર્યા.''*

**હદીષ : ૨૮૩૬ની સમજૂતી** ઈમામ અબ્દુર્રઝ્ઝાકે ઓબૈદ બિન ઉમૈરથી એ જ વિષયની હદીષ રિવાયત કરી છે. એના અંતમાં આ પ્રમાણે છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ શરાબની હદ ૪૦ કોરડા કરી. જ્યારે કે જોયું કે દૂર નથી થતા તો સાઈઠ કોરડા કરી દીધા. જ્યારે જોયું કે દૂર નથી થતા તો ૮૦ કોરડા કરી દીધા. અને ફર્માવ્યું, હદો (સજાઓ)માં આ સૌથી ઓછી કક્ષા છે. અલ્લામા બદરૂદ્દીન અયનીએ ફર્માવ્યું કે હઝરત ઉમર رضی اللہ عنہ આજના જમાનામાં હોત તો ૮૦ના ડબલ ડબલ કોરડા મારતા. હું કહું છું કે આજના જમાનામાં હોત તો શું કરત એ છુપુ નથી.

**પ્રકરણ : "શરાબીને લઅનત કરવી નાપસંદીદા છે અને એ કે તે મઝહબથી ખારિજ નથી."** –(૧૦૦૨)

بَابُ مَا يُكْرَهُ مِنْ لَعْنِ شَارِبِ الْخَمْرِ وَأَنَّهُ لَيْسَ بِخَارِجٍ مِّنَ الْمِلَّةِ۔ ص ١٠٠٢

حديث ٢٨٣٧ عَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ أَنَّ رَجُلًا عَلٰی عَهْدِ

*''હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم ના જમાનામાં એક* **[હદીષ : ૨૮૩૭]**

النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ كَانَ اسْمُهُ عَبْدَ اللّٰهِ وَكَانَ يُلَقَّبُ حِمَارًا

*સાહબ હતા જેમનું નામ અબ્દુલ્લાહ હતું અને લકબ હિમાર. તે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને હસાવી દેતા હતા.*

وَكَانَ يُضْحِكُ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ وَكَانَ رَسُوْلُ اللّٰهِ

*રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ એમને શરાબની સજામાં કોરડા માર્યા, ત્યાર બાદ ફરી એક દિવસે લાવવામાં આવ્યા.*

صَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَدْ جَلَدَهُ فِی الشَّرَابِ فَأُتِیَ بِهِ يَوْمًا فَأَمَرَ بِهِ فَجُلِدَ

*હુઝૂરે એમના બારામાં હુકમ આપ્યો તો ફરી તેમને કોરડા મારવામાં આવ્યા. એક શખ્સે કહ્યું, હે અલ્લાહ !*

فَقَالَ رَجُلٌ مِنَ الْقَوْمِ اَللّٰهُمَّ الْعَنْهُ مَا اَكْثَرَ مَا يُؤْتٰى بِهٖ فَقَالَ النَّبِیُّ

*એના પર લઅનત કર ! કેટલી અધિકતાથી લાવવામાં આવે છે. એના પર નબી ﷺએ ફર્માવ્યું,*

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَا تَلْعَنُوْهُ فَوَاللّٰهِ مَا عَلِمْتُ اَنَّهٗ يُحِبُّ

*એના પર લઅનત ન કરો, બખુદા ! એના બારામાં જે હું જાણું છું તે એ છે કે*

اللّٰهَ وَرَسُوْلَهٗ ـ

*અલ્લાહ તથા તેના રસૂલથી મહોબ્બત કરે છે.''*

## હદીષ : ૨૮૩૭ની સમજૂતી

**કોઈનો બુરો લક્બ રાખવો મના છે.** ઈર્શાદ છે : وَلَا تَنَابَزُوْا بِالْاَلْقَابِ એકબીજાનાં બુરાં નામ ન રાખો. (સૂરએ હુજુરાત, આ. ૧૧) પછી એમના લક્બમાં હેમાર (ગધેડો) શાથી હતો ? બુરો લક્બ રાખવો, ઈજા તથા અપમાનનો સબબ હોય છે, પરંતુ કદી કદી આ પ્રકારનાં નામ કોઈ ખાસ કારણે લોકોમાં પ્યારાં થઈ જાય છે. દા.ત. કોઈ દીની બુઝુર્ગે આ લક્બ રાખી દીધો. જેમ કે અમીરુલ મો'મિનીન મૌલલ્ મુસ્લિમીન હઝરત અલી رضی اللہ عنہનું નામ હુઝૂરે અક્દસ ﷺએ અબૂ તુરાબ રાખ્યું. જાહેર છે કે શાબ્દિક અર્થના એતેબારથી આ શબ્દ અપમાનજનક છે. પરંતુ હઝરત અલી رضی اللہ عنہને એ નામ સૌથી અધિક પસંદ હતું. આ પ્રમાણે અબૂ હુરૈરહ્ છે. ઝાતુન્નતાકૈન અરબના ઉર્ફમાં તૌહીનનો શબ્દ હતો. પરંતુ જયારે હુઝૂરે અક્દસ ﷺએ હઝરત અસ્મા رضی اللہ عنہاને ઝાતુન્નતાકૈન કહી દીધાં. આ તેમના માટે ફખ્રનો સામાન બની ગયો. એ જ પ્રમાણે શક્ય છે કે હુઝૂરે અક્દસ ﷺએ કદી એમને હેમાર ફર્માવી દીધા હોય, અન્ય કોઈ મોઅઝ્ઝઝે હેમાર કહી દીધા હોય જેના કારણે તેમને એ નામ પસંદ આવી ગયું.

**ક્યૂં હંસ કે કહ દિયા મેરે દરકા ફક઼ીર–મેરા મિઝાજ ઔર ભી શાહાના હો ગયા**

અલ્લામા ઈબ્ને અબ્દુલબરે ફર્માવ્યું કે શક્ય છે હઝરત ઉક્બા બિન હારિષની હદીષમાં ઈબ્ને નુઐમાન મુબહમ આવ્યો હતો. શક્ય છે તે એ જ અબ્દુલ્લાહ હોય.

અલ્લામા કિર્માનીએ કહ્યું કે એ કોઈ દુકાનદારને ત્યાંથી ઘીનો કુપ્પો અથવા મધનો કુપ્પો લઈ આવતા અને હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં હદિયો પેશ કરી દેતા અને જયારે દુકાનદાર તકાઝાના માટે એમની પાસે આવતો તો તેને લઈને હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં હાજર થતા. અર્ઝ કરતા, યા રસૂલલ્લાહ ! ﷺ એને કિંમત આપી દો ! રસૂલુલ્લાહ ﷺ મુસ્કુરાઈ દેતા અને હુકમ આપતા કે એની કિંમત અદા કરવામાં આવે. આ હદીષને અબૂ મૂસ્લીએ ઝયદ બિન અસ્લમથી રિવાયત કરી.

**પ્રકરણ : "ચોર જ્યારે ચોરી કરે છે તો તે મુસલમાન રહે છે કે નહીં ?"** –(૧૦૦૨)

بَابُ السَّارِقُ حِيْنَ يَسْرِقُ۔
ص ۱۰۰۲

۲۸۳۸ حدیث

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું, ઝાની ઝિના* **[હદીષ : ૨૮૩૮]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا يَزْنِي الزَّانِي حِيْنَ يَزْنِي وَهُوَ مُؤْمِنٌ وَلَا يَسْرِقُ حِيْنَ

*નથી કરતો એ હાલમાં કે તે મો'મિન હોય, અને ચોર ચોરી નથી કરતો*

يَسْرِقُ وَهُوَ مُؤْمِنٌ عسه

*એ હાલમાં કે તે મો'મિન હોય." (મુહારિબીન બાબુ ઈષ્મુઝ્ ઝિના, પેજ : ૧૦૦૬, નિસાઈ–રજ્મ)*

**હદીષ : ૨૮૩૮ની સમજૂતી** મુહારિબીનમાં આટલુ વધારે છે : "અને કોઈ ક઼ાતિલ ક઼તલ નથી કરતો એ હાલમાં કે તે મો'મિન હોય." ઈકરમાએ કહ્યું કે મેં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને પૂછયું, એનાથી ઈમાન કેવી રીતે નીકળી જાય છે ? ફર્માવ્યું, આવી રીતે, અને આંગળીઓ એકબીજામાં પરોવી લીધી અને પછી અલગ કરી આપી. હવે એના પછી જો તૌબા કરે છે તો ઈમાન પરત આવી જાય છે, અને આંગળીઓને આપસમાં પરોવી લીધી.

આ હદીષ પર ચર્ચા કિતાબુલ મજાલિસમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની હદીષમાં વર્ણન થઈ ચૂકી છે. એ પણ મુરાદ હોય શકે છે કે કામિલ ઈમાનવાળો હોવાની સ્થિતિમાં કોઈ આ ગુનાહોમાં પડી નથી શક્તો. અથવા એ કે મો'મિનની એ શાન નથી કે આ ગુનાહોમાં પડે.

**પ્રકરણ : "નામ લીધા વિના ચોર પર લઅનત કરવી."** –(૧૦૦૩)

بَابُ لَعْنِ السَّارِقِ إِذَا لَمْ يُسَمَّ۔
ص ۱۰۰۳

۲۸۳۹ حدیث

عَنْ أَبِي هُرَيْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ તઆલા* **[હદીષ : ૨૮૩૯]**

وَسَلَّمَ قَالَ لَعَنَ اللّٰهُ السَّارِقَ يَسْرِقُ الْبَيْضَةَ فَتُقْطَعُ يَدُهُ وَيَسْرِقُ الْحَبْلَ

*ચોર પર લઅનત કરે, બયદ઼હ ચોરે છે તો તેનો હાથ કાપી લેવામાં આવે છે. રસ્સી ચોરે છે તો એનો હાથ કાપી*

فَتُقْطَعُ يَدُهُ قَالَ الْأَعْمَشُ كَانُوْا يَرَوْنَ أَنَّهُ بَيْضُ الْحَدِيْدِ وَالْحَبْلُ كَانُوْا

*લેવામાં આવે છે. હઝરત અઅમશે ફર્માવ્યું કે મુહદ્દિષો આ હદીષમાં બયદ઼હથી મુરાદ ખોદ (હેલ્મેટ) લેતા હતા*

يَرَوْنَ أَنَّهُ مِنْهَا مَا يَسْوِيْ دَرَاهِمَ

*અને રસ્સીથી એવી રસ્સી મુરાદ લેતા હતા જે કેટલાયે દિરહમની હોય."*

*(મુસ્લિમ–હુદૂદ, નિસાઈ–કતઅ, ઈબ્ને માજહ–હુદૂદ)*

## હદીષ : ૨૮૩૯ની સમજૂતી

કોઈના ઉપર પણ નામ લઈને લઅનત કરવી મના છે. હા ! જે બદ્નસીબોના બારામાં કતઈ તૌર પર (નિશ્ચિતપણે) સાબિત થાય કે એ કુફ્ર પર મર્યા છે તેમના પર લઅનત કરી શકાય છે. જેમ કે ફિરઔન, અબૂ જહલ વગેરે. પણ કોઈ ગુનાહમાં સપડાયેલાને નામ લીધા વિના લઅનત કરવી જાઈઝ છે. જેમ કે જૂઠાઓ પર લઅનત. કેમ કે થોડી સરખી ચીજમાં કતએ યદ (હાથ કાપવું) નથી, બલ્કે તેના માટે એક માત્રા નિશ્ચિત છે. હઝરત ઈમામ અઅમશ વગેરેને ત્યાં તેની માત્રા કમસે કમ ત્રણ દિરહમ છે અને આપણે ત્યાં કમસે કમ દસ દિરહમ. બયદહ્નો અર્થ ઈંડુ પણ છે. ઈંડુ અત્યંત મામૂલી ચીજ છે, રસ્સી પણ ખૂબ જ મામૂલી ચીજ છે. એટલા માટે અઅમશે ફર્માવ્યું, આ હદીષના રાવી બયદહથી મુરાદ લોખંડની ટોપી દર્શાવે છે, અને રસ્સીથી મુરાદ એવી રસ્સી જેની કિંમત કમસે કમ ત્રણ દિરહમ હોય

**પ્રકરણ : "ચોર પુરૂષ હોય કે સ્ત્રી બંનેના હાથ કાપો અને કેટલી માત્રામાં કાપવામાં આવે."** –(૧૦૦૩)

بَابُ قَوْلِ اللّٰهِ وَالسَّارِقُ وَالسَّارِقَةُ فَاقْطَعُوا أَيْدِيَهُمَا وَفِي كَمْ تُقْطَعُ ص ١٠٠٣

**સ્પષ્ટતા** : ઉલમાનો એમાં મતભેદ છે કે કેટલી માત્રમાં ચોરી કરવા પર હાથ કાપવામાં આવશે. ઝાહિર્રિયહ્એ કહ્યું, એના માટે કોઈ માત્રા નથી. થોડી ચીજ ચોરે કે વધારે સૌમાં કાપવામાં આવશે, અને અમારે ત્યાં એનો નિસાબ દસ દિરહમ છે, એનાથી ઓછામાં કાપવામાં નહીં આવે. અને હઝરત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہને ત્યાં ચાર દીનાર, અને હઝરત ઈમામ માલિક رحمۃ اللہ علیہને ત્યાં ત્રણ દિરહમ.

ت ٧٩٣ وَقَطَعَ عَلِيٌّ مِنَ الْكَفِّ

*"અને હઝરત અલી رضی اللہ عنہ એ હથેળીએથી તેનો હાથ કાપ્યો."* **[તઅલીક઼ : ૭૯૩]**

## તઅલીક઼ : ૭૯૩ની સમજૂતી

### ★ ચોરનો હાથ ક્યાંથી કાપવામાં આવે ? ★

ઈમામ અબૂબક્રએ રિવાયત કરી કે સમુરહ બિન મઅબદે કહ્યું કે મેં અબૂ હયાતને સાંધાએથી કપાયેલ જોયા તો મેં એને પૂછયું કોણે કાપ્યો ? તો તેમણે કહ્યું, આને મર્દે સાલેહ અલીએ કાપ્યો છે. એ જ જમહૂરનો કૌલ છે. એ જ અમારો મઝહબ છે. અને કેટલાક લોકોએ કહ્યું કે બગલથી પૂરો હાથ કાપવામાં આવશે. એટલા માટે કે અરબની બોલીમાં "યદ" એના પર બોલાય છે. અને કેટલાક લોકોએ કહ્યું, કેવળ આંગળીઓ કાપવામાં આવશે. હઝરત અલી رضی اللہ عنہથી આ પણ એક તરીકો રિવાયત થયેલ છે. રાફઝીઓનો એ જ મઝહબ છે.

## ت ۷۹۴ وَقَالَ قَتَادَةُ فِي امْرَأَةٍ سَرَقَتْ وَقُطِعَتْ شِمَالُهَا لَيْسَ إِلَّا ذَالِكَ

*"હઝરત ક઼તાદાએ એ સ્ત્રીના બારામાં હુકમ આપ્યો જેણે ચોરી કરી હતી અને તેનો* **[તઅલીક઼ : ૭૯૪]**
*ડાબો હાથ કાપી નાખવામાં આવ્યો હતો, એના સિવાય અન્ય કાંઈ નહીં."*

**તઅલીક઼ : ૭૯૪ની સમજૂતી** એને ઈમામ અહમદે પોતાની તારીખમાં રિવાયત કરી. એનો મતલબ એ છે કે વાજિબ તો એ હતું કે એનો જમણો હાથ કાપવામાં આવતો, પણ કોઈએ ડાબો કાપી નાખ્યો. મામલો હઝરત ક઼તાદાની ખિદમતમાં રજૂ થયો કે હવે શું કરવામાં આવે, જમણો હાથ કાપવામાં આવે કે નહીં ? ફર્માવ્યું, નહીં ! જે થવાનું હતું થઈ ગયું.

ચોરનો જમણો હાથ કાપવામાં આવશે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہની કિ઼રાઅત فاقطعوا أيمانهما છે. એના પર લગભગ ઈજમાઅ છે. હા ! કેટલાક લોકોએ કહ્યું કે જો ડાબો હાથ કાપી લેવામાં આવ્યો તો પૂરતો છે. પણ આ કાયદા વિરૂધ્ધ તેમજ અવિશ્વસનીય છે. ઈમામ માલિકે ફર્માવ્યું કે જો કોઈએ જાણી જોઈને ઈરાદાપૂર્વક ચોરનો ડાબો હાથ કાપી લીધો તો કાપનારા પર કે઼સાસ છે, અને ચોરનો જમણો હાથ કાપવામાં આવશે. એ જ આપણો પણ મઝહબ છે. અને હઝરત ઈમામ શાફઈ અને હઝરત ઈમામ અહમદ رضی اللہ عنہماથી બંનેવ ક઼ૌલ રિવાયત થયેલ છે.

### ★ કેટલી માત્રામાં ચોરી પર હાથ કપાશે ★

## حديث ۲۸۴۰ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهَا قَالَتْ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالَى

*"હઝરત ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼া رضی اللہ عنہا થી મરવી છે કે* **[હદીષ : ૨૮૪૦]**

## عَلَيْهِ وَسَلَّمَ تُقْطَعُ الْيَدُ فِي رُبُعِ دِينَارٍ فَصَاعِدًا اعـه

*નબી ﷺએ ફર્માવ્યું કે હાથ ચાર દીનાર તથા એનાથી વધુમાં કાપવામાં આવશે."*

*(એનાથી મુત્તસિલ અધિક બે તરીક઼ાઓથી, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી–હુદૂદ, નિસાઈ–અલ્ક઼તઅ, ઈબ્ને માજહ–હુદૂદ)*

### હદીષ : ૨૮૪૦ની સમજૂતી

હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہએ આ જ હદીષને લીધી. હઝરત ઈમામ અહમદે ફર્માવ્યું કે જો સોનુ ચોરી કરે તો ચાર દીનારમાં કાપવામાં આવશે. અને દિરહમ ચોરે તો ત્રણ દિરહમમાં. એમનો એક ક઼ૌલ એ છે કે એની માત્રા ચાર દીનાર છે, અથવા ત્રણ દિરહમ અથવા ત્રણ દિરહમનો સામાન. જો સામાન ચોરશે તો જરૂરી છે કે એની કિંમત ત્રણ દિરહમ હોય. સામાનની કિંમત દિરહમથી જ લગાડવામાં આવશે. અને એમનો એક ક઼ૌલ એ છે કે એની માત્રા ત્રણ દિરહમ છે, અથવા એની કિંમતનું સોનું અથવા સામાન. આપણે ત્યાં એનો નિસાબ (માત્રા) દસ દિરહમ છે. જેમ કે હઝરત ઈમામ અબૂ જઅફર તહાવીએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ જે ઢાલની ચોરી પર ચોરનો હાથ કાપ્યો હતો એની કિંમત દસ દિરહમ હતી. *(નિસાઈ, બાબુલ ક઼દર, ૨/૨૫૯)* તેમજ ઈમામ નિસાઈએ પણ એમનાથી એ જ રિવાયત કરી. તેમજ નિસાઈમાં અમ્ર બિન શોઐબ અન અબીહ અન જદ્દિહીની હદીષમાં પણ આ જ રિવાયત છે. *(ઉપર મુજબ)*

حدیث ۲۸۴۱

أَخْبَرَتْنِي عَائِشَةُ رَضِيَ اللهُ تَعَالَى عَنْهَا أَنَّ يَدَ السَّارِقِ لَمْ تُقْطَعْ عَلَى

**[હદીષ : ૨૮૪૧]** ''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ખબર આપી કે નબી صلی اللہ علیہ وسلم ના

عَهْدِ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ إِلَّا فِي ثَمَنِ مِجَنَّةٍ حَجَفَةٍ أَوْ تُرْسٍ ـه

*સમયમાં એક ઢાલની કિંમતથી ઓછામાં ચોરનો હાથ કાપવામાં નથી આવ્યો.''*

*(એનાથી મુત્તસિલ, મુસ્લિમ–હુદૂદ)*

## હદીષ : ૨૮૪૧ની સમજૂતી

حَجَفَة ـ مِجَنّ તથા تُرس સૌનો અર્થ ઢાલ છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું, ઢાલ તે છે, એક પર એક ચામડાનાં પડોની બનેલી હોય. અને ''હજફહ'' ક્યારેક એ ઢાલને બોલે છે જે લાકડી કે હાડકાની હોય જેના પર ચામડુ વગેરે ચઢાવી દેવામાં આવ્યું હોય. બાદના તરીકામાં એટલુ વધારે છે કે નબી صلی اللہ علیہ وسلم ના જમાનામાં ચોરનો હાથ એક ઢાલની કિંમતથી ઓછામાં નથી કાપવામાં આવ્યો.

حدیث ۲۸۴۲

عَنْ عَبْدِ اللهِ بْنِ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا قَالَ قَطَعَ النَّبِيُّ

**[હદીષ : ૨૮૪૨]** ''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ચોરનો

صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فِي مِجَنٍّ ثَمَنُهُ ثَلَاثَةُ دَرَاهِمَ ـه

*હાથ એક ઢાલની ચોરીમાં કાપ્યો જેની કિંમત ત્રણ દિરહમ હતી.*

## હદીષ : ૨૮૪૨ની સમજૂતી

ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ની હદીષથી સાબિત થયું કે એક ઢાલથી ઓછી કિંમતની ચીજમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ કોઈ ચોરનો હાથ નથી કાપ્યો. ઢાલની કિંમત તે મુબારક સમયમાં શું હતી ? એમાં વિવિધ રિવાયતો છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ ની રિવાયતમાં છે કે ત્રણ દિરહમ હતી. એ રિવાયત હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ ના મઝહબની સમર્થક છે. પરંતુ નિસાઈ તથા તહાવી બંનેવમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો કૌલ એ છે કે જે ઢાલની ચોરી પર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ હાથ કાપ્યો હતો એની કિંમત દસ દિરહમ હતી. તેમજ નિસાઈમાં હઝરત ઉમ્મે અયમન رضی اللہ عنہا અને હઝરત અમ્ર બિન શોઐબ અન અબીહ અન જદ્દિહીની હદીષમાં પણ એ જ છે. આ હદીષની રૂએ દસ દિરહમથી ઓછી કિંમતની ચીજમાં હાથ કાપવામાં આવે કે ન કાપવામાં આવે, એમાં શંકા છે, અને દસ દિરહમ અને એથી વધુ કિંમતની ચીજ પર હાથ કાપવો મુત્તફક અલૈહ છે, એટલા માટે અહનાફે એને અગ્રતા આપી છે.

## بابُ تَوْبَةِ السَّارِقِ صـ١٠٠٤

**પ્રકરણ : "ચોરીની તૌબાનું બયાન." –(૧૦૦૪)**

قَالَ اَبُوْعَبْدِ اللّٰهِ اِذَا تَابَ السَّارِقُ بَعْدَ مَاقُطِعَ يَدُهٗ قُبِلَتْ

*અને અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ ફર્માવ્યું, **હાથ કાપ્યા પછી ચોર તૌબા કરી લે તો તેની***

شَهَادَتُهٗ وَكُلُّ مَحْدُوْدٍ كَذَالِكَ اِذَا تَابَ قُبِلَتْ شَهَادَتُهٗ ۔

***ગવાહી સ્વીકારવામાં આવશે.** અને **એ જ પ્રમાણે દરેક સજા પામેલાનું છે***

*કે જ્યારે તૌબા કરી લે તો તેની ગવાહી ક઼બૂલ કરવામાં આવશે.*

**સ્પષ્ટતા :** એના પર વિગતવાર ચર્ચા કિતાબુશ્શહાદાતમાં વર્ણન થઈ ચૂકી છે. આપણે ત્યાં ક઼ાઝિફ (ઝિનાની તોહમત લગાડી ગવાહ રજૂ ન કરી શકનાર)ના સિવાય દરેક હદ (સજા) પામેલાની ગવાહી તૌબા પછી સ્વીકાર્ય છે, પણ ક઼ાઝિફની નહીં. એટલા માટે કે અલ્લાહ ﷻ એ ફર્માવ્યું : وَلَا تَقْبَلُوْا لَهُمْ شَهَادَةً اَبَدًا "અને તેમની કોઈ ગવાહી કદાપિ ક઼બૂલ ન કરો." અલ્લાહ બેહતર જાણનાર છે.

بسم الله الرحمن الرحيم

## كتاب المحاربين من أهل الكفر والردة ص١٠٠٥

**'કિતાબુલ મુહારિબીન' (લડવાવાળા કાફિરો તથા મુર્તદો વિશે પ્રકરણ) –(૧૦૦૫)**

وَ قَولِ اللهِ تَعَالىٰ اِنَّمَا جَزَاءُ الَّذِيْنَ يُحَارِبُوْنَ اللهَ وَرَسُوْلَهٗ وَيَسْعَوْنَ فِى الْاَرْضِ فَسَادًا اَنْ يُقَتَّلُوْا اَوْ يُصَلَّبُوْا اَوْ تُقَطَّعَ اَيْدِيْهِمْ وَاَرْجُلُهُمْ مِنْ خِلَافٍ اَوْ يُنْفَوْا مِنَ الْاَرْضِ ـه

''જેઓ અલ્લાહ અને તેના રસૂલ સાથે લડે છે અને જમીનમાં ફસાદ કરતા ફરે છે એમનો બદલો એ જ છે કે ગણી ગણીને કત્લ કરવામાં આવે અથવા સૂળી આપવામાં આવે અથવા એમના એક તરફના હાથ અને બીજી તરફના પગ કાપવામાં આવે અથવા વતનથી તડીપાર કરી દેવામાં આવે. *(માઈદા–૩૩)*

**સ્પષ્ટતા** : ઈમામ બુખારીની વર્ણન શૈલીથી જાહેર થઈ રહ્યું છે કે એમની તેહકીક એ છે કે આ આયત કાફિરોના બારામાં નાઝિલ છે, ડાકૂઓના બારામાં નહીં. અને જમહૂરે ફર્માવ્યું કે આ ડાકૂઓના હક્કમાં નાઝિલ થઈ છે. એ જ હઝરાત ઈમામ અબૂ હનીફા, ઈમામ માલિક, ઈમામ શાફઈ તથા ઈમામ અબૂ ષૌરનો કૌલ છે. ઈમામ હસન બસરી, ઈમામ ઝહાક, ઈમામ અતા, ઈમામ ઝુહરીએ કહ્યું કે મુશ્રિકોના બારામાં નાઝિલ થઈ છે. એક કૌલ એ છે કે એ ઝિમ્મીઓના બારામાં નાઝિલ થઈ જેઓ વચનભંગ કરે અને એક કૌલ એ છે કે મુર્તદ્દોના બારામાં નાઝિલ થઈ છે. સહીહ જમહૂરનો કૌલ છે કે ડાકૂઓના બારામાં નાઝિલ થઈ છે, જેના પર عُكل و عُرينه ઉકુલ વ ઓરૈયાની હદીષ દલીલ છે.

## باب رجم المحصن ص١٠٠٦

**પ્રકરણ : ''મુહસન (પરણીત)ને સંગસાર કરવો.''** *–(૧૦૦૬)*

**સ્પષ્ટતા** : મુહસન સ્વાદના ફતહા (ઝબર)ની સાથે ઈહસાનનું ઈસ્મે મફઉલ છે. ઈહસાનનો અર્થ છે રોકવું, હિફાઝત કરવી. એમાં સ્વાદનો ઝબર પણ જાઈઝ છે. એટલે જે શખ્સે શાદી કરીને પોતાની જાતને બદ્કિરદારીથી રોકેલી છે. ષઅલબએ કહ્યું, પાકબાઝના અર્થમાં. મુહસિન તથા મુહસન બંનેવ છે અને શાદીશુદાને કેવળ મુહસન, સ્વાદના ઝબરની સાથે કહે છે. અહીં મુરાદ એ છે કે એ શખ્સ આઝાદ, આકિલ, બાલિગ હોય જેણે સહીહ નિકાહ સાથે વતી (સંભોગ) કરી હોય. રજ્મ કેવળ મુહસન માટે છે.

**★ બહેનની સાથે ઝિના કરશે તેની હદ (સજા) ★**

ت ૮૧૫ [તઅલીક઼ : ૭૯૫] وَقَالَ الْحَسَنُ مَنْ زَنَى بِأُخْتِهِ حَدُّهُ حَدُّ الزَّانِي

*"અને ઈમામ હસન બસરીએ ફર્માવ્યું, જે બહેનની સાથે ઝિના કરશે તેની હદ (સજા) ઝાનીની હદની જેમ છે."*

**સ્પષ્ટતા :** જો કોઈએ પોતાની બહેનની સાથે નિકાહ વિના ઝિના કર્યો તો એકમતિએ એના પર હદ છે. પરંતુ જો કોઈએ પોતાની બહેન અથવા મુહારિમ સાથે નિકાહ કર્યો. અને હમબિસ્તરી કરી, તો એના પર હદ નથી, જેમ કે શામી ૩/૧૩૨માં ખાનિયહથી છે, એ શર્તે કે એનું ગુમાન હોય કે વતી હલાલ છે.

حديث ۲۸۴۳ [હદીષ : ૨૮૪૩] سَمِعْتُ الشَّعْبِيَّ يُحَدِّثُ عَنْ عَلِيٍّ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ حِيْنَ رَجَمَ

*ઈમામ શઅબી હઝરત અલી رضی اللہ عنہ થી હદીષ વર્ણન કરે છે કે તેમણે જ્યારે જુમ્આના દિવસે સ્ત્રીને સંગસાર*

الْمَرْأَةَ يَوْمَ الْجُمُعَةِ قَالَ رَجَمْتُهَا بِسُنَّةِ رَسُوْلِ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

*કરી તો ફર્માવ્યું, મેં એને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની સુન્નતના પ્રમાણે સંગસાર કરી છે. (નિસાઈ–રજ્મ)*

**હદીષ : ૨૮૪૩ની સમજૂતી**

**★ ઝાની (વ્યભિચારી) પુરૂષ તથા સ્ત્રી દરેકને સો કોરડા મારો ★**

મુહદ્દિષ ઈમામોની નજીક ઈમામ શઅબીનું હઝરત અલી رضی اللہ عنہ થી સાંભળવું સાબિત નથી જેવું કે જાઝમીએ કહ્યું છે. ઈમામ દારકુત્નીને પૂછવામાં આવ્યું કે શઅબીએ હઝરત અલીથી સાંભળ્યું છે. તો તેમણે કહ્યું, તેમનાથી કેવળ એક હર્ફ સાંભળ્યો છે કે એ સિવાય કાંઈ નથી સાંભળ્યું. એટલા માટે ઈમામ બુખારી رحمۃ اللہ علیہ એ આ હદીષને મુસ્નદન્ લખી છે. વાત એ બની કે હઝરત અલી رضی اللہ عنہ એ શુરૈહા નામની એક સ્ત્રીને ઝિનાની સજામાં જુમેરાતે કોરડા માર્યા અને જુમ્આના તેણીને સંગસાર કરી દીધી અને ફર્માવ્યું, અલ્લાહની કિતાબના પ્રમાણે મેં એને કોરડા માર્યા અને રસૂલુલ્લાહની સુન્નતના પ્રમાણે એને સંગસાર કરી. એની સ્પષ્ટતા એ છે કે કુર્આનમાં ઝાનીને કેવળ કોરડા મારવાનો હુકમ છે. ઈર્શાદ છે :–

الزانية والزانى فاجلد واكل واحد منهما مائة جلدة "ઝાની (વ્યભિચારી) પુરૂષ તથા સ્ત્રી દરેકને સો કોરડા મારો." કુર્આન મજીદમાં રજ્મ (સંગસારી)નો ઉલ્લેખ નથી, પણ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઝાની પુરૂષને તથા ઝાનિયહ સ્ત્રીને સંગસાર કરેલ છે. કિતાબુલ્લાહમાં મઝકૂર હુકમના પ્રમાણે મેં એને કોરડા માર્યા અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના અમલના પ્રમાણે એને સંગસાર કરી.

અમુક પ્રકરણો પછી باب الاعتراف بالزنا માં તફસીલથી વર્ણન થશે કે રજ્મની આયત તિલાવત માટે મન્સૂખ છે પણ તેનો હુકમ બાકી છે.

حديث ۲۸۴۴ عَنِ الشَّيْبَانِيِّ قَالَ سَأَلْتُ عَبْدَ اللهِ بْنَ أَبِي أَوْفَى هَلْ رَجَمَ

*"અબૂ ઈસ્હાક઼ સુલૈમાન ઈબ્ને સુલૈમાન શયબાનીએ કહ્યું, મેં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને* **[હદીષ : ૨૮૪૪]**

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ نَعَمْ قُلْتُ قَبْلَ سُوْرَةِ النُّوْرِ

*અબી ઓફાથી પૂછયું, શું રસૂલુલ્લાહ ﷺએ સંગસારી કરી ? તેમણે બતાવ્યું, હા ! મેં પૂછયું, સૂરએ નૂરના*

أَوْ بَعْدُ قَالَ لَا أَدْرِيْ.عــه

*નાઝિલ થતા પહેલાં કે તેના પછી ? તેમણે કહ્યું, હું એવું નથી જાણતો." (મુસ્લિમ–હુદૂદ)*

**હદીષ : ૨૮૪૪ની સમજૂતી** અબૂ ઈસ્હાક્ શયબાનીના સવાલીનો મતલબ એ હતો કે ક્યાંક એવું તો નથી કે સૂરએ નૂરની આયતે કરીમા فاجلدوا كل واحد منهما مائة جلدة થી મન્સૂખ છે. સહીહ એ છે કે સૂરએ નૂરના નુઝૂલ પછી હુઝૂરે અક્દસ ﷺએ ઝાનીને સંગસાર કરવાનો હુકમ ફર્માવ્યો. એટલા માટે કે સૂરએ નૂર હઝરત ઉમ્મુલ મો'મિનીનની બરાઅત (પાકી)માં નાઝિલ થઈ જે મતભેદવાળી રિવાયત સાથે સન ચાર કે પાંચ કે છ હિજરીમાં નાઝિલ થઈ. અને સંગસાર કરવાનો હુકમ એના પછી ફર્માવ્યો.

હઝરત અબૂ હુરૈરહ્ رضى الله عنه હિ.સ. ૭માં ગઝવએ ખૈબર પછી મદીના તયબહ હાજર થયા હતા. તે હઝરત માઈઝ અસ્લમીના વાકેઆના બારામાં કહે છે :

رايت ماعزبن مالك حين جئ به أليٰ النبى صلى الله تعالىٰ عليه وسلم "મેં માઈઝ બિન માલિક અસ્લમીને જોયા જ્યારે તેમને નબી ﷺની ખિદમતમાં લાવવામાં આવ્યા." *(અલ હદીષ, મુસ્લિમ, ૨/૬૬)*

**પ્રકરણ : "પાગલ પુરૂષ તથા પાગલ સ્ત્રીને સંગસાર કરવામાં નહીં આવે."** *–(૧૦૦૬)*

بَابُ لَا يُرْجَمُ الْمَجْنُوْنُ وَالْمَجْنُوْنَةُ
ص ۱۰۰٦

ت ۷۹٦ وَقَالَ عَلِيٌّ لِعُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا أَمَا عَلِمْتَ أَنَّ الْقَلَمَ رُفِعَ

*"અને હઝરત અલીએ હઝરત ઉમર رضى الله عنهما ને ફર્માવ્યું, શું આપ નથી જાણતા કે કલમ* **[તઅલીક઼ : ૭૯૬]**

عَنِ الْمَجْنُوْنِ حَتّٰى يُفِيْقَ وَعَنِ الصَّبِيِّ حَتّٰى يُدْرِكَ وَعَنِ النَّائِمِ

*ઉઠાવી લેવામાં આવેલ છે મજનૂન (પાગલ પુરૂષ)થી ત્યાં સુધી કે રાહત થાય અને બાળકથી*

حَتّٰى يَسْتَيْقِظَ۔

*ત્યાં સુધી કે બાલિગ થઈ જાય, અને ઊંઘી રહેલાથી ત્યાં સુધી કે જાગૃત થઈ જાય."*

**તઅલીક઼ : ૭૯૬ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ નિસાઈએ રિવાયત કરી છે કે હઝરત અલી رضى الله عنه એક કબીલાની એક પાગલ સ્ત્રી પાસેથી પસાર થયા જેણે ઝિના કર્યો હતો. જેના બારામાં હઝરત ઉમરે હુકમ આપી દીધો હતો કે તેણીને સંગસાર કરવામાં આવે. હઝરત અલી તેણીને પાછી બોલાવી લાવ્યા અને હઝરત ઉમરને ફર્માવ્યું, શું આપને યાદ નથી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું છે કે ત્રણ શખ્સોથી કલમ ઉઠાવી લેવામાં આવેલ છે. એ પાગલથી જેના પર પાગલપન સવાર હોય, અને સૂઈ રહેલાથી ત્યાં સુધી કે જાગી જાય,

અને બાળકથી ત્યાં સુધી કે તે બાલિગ થઈ જાય. હઝરત ઉમરે ફર્માવ્યું, આપે સાચુ કહ્યું, પછી તેણીને છોડી મૂકી.

પાગલ પુરૂષ તથા પાગલ સ્ત્રી જો પાગલપનમાં ઝિના કરે તો એમના પર રજ્મ (સંગસારી) નથી, ન તેમને કોરડા મારવાના છે. પરંતુ જો સારી સ્થિતિમાં ઝિનામાં પડયાં અને પાગલપનની હાલતમાં પકડવામાં આવ્યાં તો જમહૂરનો મઝહબ એ છે કે તેમને સંગસાર કરવામાં આવે, સારું થવાની રાહ જોવામાં નહીં આવે. અલ્બત્ત જો તે મુહસન (પરણીત) નહીં હોય તો પાગલપનની હાલતમાં કોરડા મારવામાં નહીં આવે જ્યાં સુધી તે સાજો ન થઈ જાય. એટલા માટે કે રજ્મનો હેતુ ઈત્લાફ (નષ્ટ કરવું) છે. પાગલ મરી જાય એ એના માટે બેહતર છે. અને કોરડા મારવાથી હેતુ ધમકાવવું તથા ચેતવણી છે. પાગલપનની હાલતમાં કોરડા મારવાથી એ વાત હાંસલ થશે નહીં. પાગલ પર રજ્મ નથી જેની દલીલ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત થયેલ હઝરત માઈઝ અસ્લમી رضی اللہ عنہની હદીષ છે. જેમાં એવું છે કે હુઝૂરે તેમને એવું પૂછયું : أَبِكَ جُنُونٌ قَالَ لَا શું તને પાગલપન છે ? તેમણે અર્ઝ કરી, ના ! એનાથી સાબિત કે જો પાગલપન હોત તો સંગસાર ન કરત.

## بَابُ الرَّجْمِ بِالْمُصَلّٰى ص ۱۰۰۷

**પ્રકરણ : "ઈદગાહમાં સંગસાર કરવું."** –*(૧૦૦૭)*

**સ્પષ્ટતા** : એના હેઠળ હઝરત માઈઝ અસ્લમી رضی اللہ عنہનો બનાવ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہماની રિવાયતથી વર્ણન કર્યો. જેમાં આ પ્રમાણે છે : فَرُجِمَ بِالمصلّٰى તેમને ઈદની નમાઝ પઢવાની જગાએ સંગસાર કરવામાં આવ્યા.

### ★ મસ્જિદમાં હદ (સજા) લાગુ કરવાથી ખુદ હુઝૂરે અક્દસ ﷺએ મના કર્યું ★

જન્નતુલ બકીઅના કિનારે એક મેદાનમાં હુઝૂર ﷺ ઈદની નમાઝો તથા નમાઝે જનાઝા પઢાવ્યા કરતા હતા. તે જ મુસલ્લાના નામથી મશહૂર છે. ત્યાં જ હઝરત માઈઝ અસ્લમીને સંગસાર કરવામાં આવ્યા હતા. એનાથી સાબિત થયું કે ઈદગાહ સર્વ એહકામમાં મસ્જિદના સમાન નથી. એટલા માટે કે **મસ્જિદમાં હદ (સજા) લાગુ કરવાથી ખુદ હુઝૂરે અક્દસ ﷺએ મના કર્યું.**

આ હદીષના અંતમાં હતું :–

وَقَالَ لَهُ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ خَيْرًا وَصَلّٰى عَلَيْهِ ــــ لَمْ يَقُلْ يُونُسُ وَابْنُ جُرَيْجٍ عَنِ الزُّهْرِيِّ فَصَلّٰى عَلَيْهِ ــــ سُئِلَ اَبُوعَبْدِاللهِ صَلّٰى عَلَيْهِ يَصِحُّ قَالَ رَوَاهُ مَعْمَرٌ نَقِيْلَ لَهُ رَوَاهُ غَيْرُ مَعْمَرٍ قَالَ لَا.

"અને નબી ﷺએ હઝરત માઈઝના બારામાં કલેમાએ ખૈર ફર્માવ્યા અને તેમની જનાઝાની નમાઝ પઢી. યૂનુસ તથા ઈબ્ને જુરૈહે ઈમામ ઝુહરીથી આ હદીષ રિવાયત કરી તો એમાં "ફસ્લ્લા અલૈહ" નથી રિવાયત કર્યું. અબૂ અબ્દુલ્લાહ એટલે ઈમામ બુખારીથી સવાલ થયો કે આ હદીષમાં "સ્લ્લા અલૈહ"ની રિવાયત સહીહ છે ? તો તેમણે કહ્યું, એને મુઅમ્મરે ઈમામ ઝુહરીથી રિવાયત કરી છે. તેમને પૂછવામાં આવ્યું, એના સિવાય પણ કોઈકે રિવાયત કરી છે ? તો ફર્માવ્યું, નહીં !

## ★ માઈઝે એવી તૌબા કરી છે કે જો એક કૌમ પર વહેંચવામાં આવે તો સૌને પહોંચી જાય ★

**સ્પષ્ટતા :** સંગસાર કર્યા પછી હઝરત માઈઝ અસ્લમી رضی اللہ عنہના બારામાં બે ગિરોહ પડી ગયા. એક ગિરોહે કહ્યું કે તે હલાક (બર્બાદ) થઈ ગયા, તેના ગુનાહે તેને ઘેરી લીધો. અને એક ગિરોહે કહ્યું, માઈઝની તૌબાથી અફઝલ કોઈ તૌબા નથી. આ સાંભળીને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **માઈઝે એવી તૌબા કરી છે કે જો એક કૌમ પર વહેંચવામાં આવે તો સૌને પહોંચી જાય.** (મુસ્લિમ, ૨/૬૮) નિસાઈમાં છે કે **મેં એને જોયો છે કે જન્નતની નહેરોમાં ડૂબકીઓ મારી રહ્યો છે.** અને અબૂ દાઊદ તથા નિસાઈમાં છે, એને ખબીષ ન કહો ! તે અલ્લાહ તઆલાની નજીક કસ્તૂરી કરતાં વધુ અત્યબ (અતિશય પાક) છે. આ રિવાયતના પાયાના રાવી હઝરત ઈમામ ઝુહરી છે. એમનાથી આ રિવાયતને યૂનુસ તથા ઈબ્ને જુરૈહ તથા મુઅમ્મરે રિવાયત કરી છે. મુઅમ્મરની રિવાયતમાં "ફસ઼લ્લા અલૈહ" છે, બાકીની રિવાયતોમાં નથી. એ જ પ્રમાણે મુન્ઝિરીએ કહ્યું કે ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼થી આઠ શખ્સોએ એને રિવાયત કરી છે, કોઈએ "ફસ઼લ્લા અલૈહ" નથી રિવાયત કર્યું. કેવળ મહમૂદ બિન ગિલાને રિવાયત કર્યું. જો વાત આટલે સુધી રહેત તો કોઈ ખાસ વાંધો ન હતો ! મુઅમ્મર પણ ષિક઼હ છે અને મહમૂદ બિન ગ઼ીલાન પણ ષિક઼હ છે. ષિક઼હનો વધારો મક઼બૂલ છે. જેણે યાદ રાખ્યું, યાદ રાખ્યું, જે ભૂલી ગયો તે ભૂલી ગયો. પરંતુ મુહમ્મદ બિન યહયા ઝુહરી તથા એક જમાઅતે ઈમામ અબ્દુર્રઝ઼્ઝાક઼થી જ રિવાયત કરી કે એના પર હુઝૂરે નમાઝ નથી પઢી. એના માટે એવું કહી શકાય છે કે હદીષના ઉસૂલના પ્રમાણે પોઝિટિવ વાત નેગેટિવ પર અગ્રતાવાળી છે. પરંતુ એની એ સ્પષ્ટતા પણ છે કે રજ્મ પછી તરત નથી પઢી, ત્યાર બાદ પઢી. ઈમામ અબ્દુર્રઝ઼્ઝાક઼ે જ અબૂ ઉમામા બિન સહલ બિન હુનૈફની હદીષમાં એ રિવાયત કરી કે હુઝૂરને અર્ઝ કરવામાં આવી, યા રસૂલુલ્લાહ ! ﷺ શું આપ એની નમાઝે જનાઝા પઢશો ? ફર્માવ્યું, નહીં ! પરંતુ બીજા દિવસે ફર્માવ્યું, લોકો તમારા સાથીની નમાઝે જનાઝા પઢો ! પછી હુઝૂરે તથા અન્ય લોકોએ નમાઝે જનાઝા પઢી. સહીહ એ છે કે ઝાનીની નમાઝે જનાઝા પણ ફર્ઝે કિફાયા છે, ભલે સંગસાર કરવામાં મૃત્યુ પામેલ હોય. એટલા માટે કે ઝિના કરવાથી કે ઝિનાની સજા પામવાથી તે ઈસ્લામી વર્તુળથી બહાર નથી થયો, મુસલમાન જ રહ્યો.

## ★ ગુનો કરીને ફત્વો પૂછવા આવ્યો તો શો હુકમ ★

بَابُ مَنْ أَصَابَ ذَنْبًا دُوْنَ الْحَدِّ وَأَخْبَرَ الْإِمَامَ فَلَا عُقُوْبَةَ عَلَيْهِ بَعْدَ التَّوْبَةِ إِذَا جَاءَ مُسْتَفْتِيًا
ص ۱۰۰۷

**પ્રકરણ : "જ્યારે કોઈ કાંઈક એવા ગુનાહમાં પડયો જેના પર હદ (સજા) નથી. અને ઈમામને ખબર આપી એના પર તૌબા પછી કોઈ સજા નથી, જ્યારે કે તે ફત્વો પૂછવા માટે આવ્યો હોય."** *–(૧૦૦૭)*

**સ્પષ્ટતા :** કોઈ પણ ગુનાહમાં સપડાયા પછી તૌબા કરીને ઈમામની પાસે આવ્યો અથવા પકડીને લાવવામાં આવ્યો, તો તેને કોઈ સજા આપવામાં નહીં આવે. ચાહે તે ગુનોહ એવો હોય જેના પર હદ વાજિબ હોય અથવા એવો હોય જેના પર હદ વાજિબ નથી. અલ્બત્ત અમુક ઉલમા એવા ગુનાહોને અપવાદ ગણે છે જેના પર હદ વાજિબ છે. તેઓ કહે છે કે તૌબા કર્યા બાદ પણ જો ઈમામને ત્યાં આવશે તો ઈમામ તેના પર હદ (સજા) લાગુ કરશે.

ت ٧٩٧ وَقَالَ عَطَاءٌ لَمْ يُعَاقِبْهُ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

**[તઅલીક઼ : ૭૯૭]** *''અને ઈમામ અતાએ કહ્યું, એને નબી ﷺએ કોઈ સજા નથી આપી.''*

**તઅલીક઼ : ૭૯૭ની સમજૂતી** હદીષ વર્ણન થઈ ચૂકી કે એક સાહબ હુઝૂરે અક઼દસ ﷺની ખિદમતમાં હાજર થયા. તેમણે બતાવ્યું કે મારાથી આ ગુનોહ થઈ ગયો છે. હુઝૂરે અક઼દસ ﷺએ મૌન અપનાવ્યું ત્યાં સુધી કે નમાઝનો સમય આવી ગયો. તેણે હુઝૂરે અક઼દસ ﷺની પાછળ નમાઝ પઢી. નમાઝ પછી અર્ઝ કરી. હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, શું તેં મારી સાથે નમાઝ નથી પઢી ?! એ નમાઝ ગુનાહોનો કફ્ફારો બની ગઈ.

ت ٧٩٨ وَقَالَ ابْنُ جُرَيْجٍ وَلَمْ يُعَاقِبِ الَّذِىْ جَامَعَ فِىْ رَمَضَانَ ـ

**[તઅલીક઼ : ૭૯૮]** *''અને ઈબ્ને જુરૈહે કહ્યું કે નબી ﷺએ એને સજા નથી આપી જેણે રમઝાનમાં રોઝાની હાલતમાં સંભોગ કરી લીધો હતો.''*

ت ٧٩٩ وَلَمْ يُعَاقِبْ عُمَرُ صَاحِبَ الظَّبْىِ ـ

**[તઅલીક઼ : ૭૯૯]** *''અને હઝરત ઉમર رضی اللہ عنہએ હરણના કિસ્સાવાળાને સજા નથી આપી.''*

**તઅલીક઼ : ૭૯૯ની સમજૂતી** હઝરત ક઼બીસ઼ા બિન જાબિર رضی اللہ عنہ એહરામની હાલતમાં હતા. એ હાલતમાં તેમણે હરણનો શિકાર કર્યો. હઝરત ઉમરે એના કફ્ફારાનો હુકમ આપ્યો, પણ તેમને કોઈ સજા નથી આપી.

ت ٨٠٠ وَفِيْهِ عَنْ اَبِىْ عُثْمَانَ عَنِ ابْنِ مَسْعُوْدٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ـ

**[તઅલીક઼ : ૮૦૦]** *''અને આ બારામાં એક હદીષ હઝરત અબૂ ઉષ્માને ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત કરી છે.''*

**તઅલીક઼ : ૮૦૦ની સમજૂતી** આ હદીષ مواقیت الصّلوٰة، بابُ اَلصَّلوٰةُ كَفَّارَةٌમાં વર્ણન થઈ ચૂકી છે. તે એ છે કે એક સાહબે એક સ્ત્રીનો બોસો લઈ લીધો. તો નબી ﷺની ખિદમતમાં હાજર થયા અને ખબર આપી. એના પર અલ્લાહ તઆલાએ આ આયતે કરીમા નાઝિલ ફર્માવી : ''દિવસના બંનેવ કિનારાઓમાં અને રાતના અમુક હિસ્સામાં નમાઝ ક઼ાયમ કરો. નેકીઓ બુરાઈઓને જરૂર લઈ જાય છે.'' તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું આ કેવળ મારા માટે છે ? ફર્માવ્યું, મારી પૂરી ઉમ્મતના માટે છે.

## بَابُ الْاِعْتِرَافِ بِالزِّنَا ص١٠٠٨

**પ્રકરણ : ''ઝિનાના સ્વીકારનો હુકમ.''** *–(૧૦૦૮)*

**સ્પષ્ટતા** : આ પ્રકરણના હેઠળ ઈમામ બુખારી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ તથા ઝયદ બિન ખાલિદ رضی اللہ عنہما ની તે હદીષ લાવ્યા છે કે બે શખ્સ ખિદમતે અક્દસમાં હાજર થયા. એકે કહ્યું, મારો પુત્ર એને ત્યાં નોકર હતો. તેણે એની પત્ની સાથે ઝિના કર્યો. તો મેં એના ફિદિયામાં સો બકરી અને એક ખાદિમ આપ્યો. પછી મેં કેટલાક ઈલ્મવાળાઓથી પૂછયું તો એ લોકોએ મને ખબર આપી કે મારા પુત્રની સજા સો કોરડા છે અને એક વરસ વતનથી તડીપાર થવું. નબી ﷺ એ એ ફેંસલો કર્યો, સો બકરી તથા ખાદિમ તને પરત થાય છે અને તારા પુત્રને સો કોરડા અને એક વરસ તડીપાર થવું છે. અને હે ઉનૈસ ! તમે તે સ્ત્રી પાસે જાવ. જો તે સ્વીકાર કરે તો તેણીને સંગસાર કરો. હઝરત ઉનૈસ ગયા અને તે સ્ત્રીએ સ્વીકાર કર્યો. તેમણે તેણીને સંગસાર કરી દીધી. હદીષ પછી ઈમામ બુખારી ફર્માવે છે :–

قُلْتُ لِسُفْيَانَ لَمْ يَقُلْ فَأَخْبَرُوْنِيْ أَنَّ عَلَى ابْنِيْ الرَّجْمُ فَقَالَ أَشُكُّ فِيْهَا مِنَ الزُّهْرِيِّ فَرُبَّمَا قُلْتُهَا وَرُبَّمَا سَكَتُّ .

"અલી બિન અબ્દુલ્લાહે કહ્યું, મેં સુફયાન બિન ઓયૈનાને પૂછયું, તેણે : فاخبرونی ان علیٰ اِبنی الرجم કહ્યું ન હતું. તો તેમણે કહ્યું, મને એમાં શક છે કે ઝુહરીએ એવું કહ્યું હતું કે નહીં ! હું કદી કહું છું અને કદી ચૂપ રહું છું."

એનો સાર એ છે કે તે શખ્સે એવું કહ્યું હતું : فاخبرونی ان علیٰ اِبنی جلدمائۃ وتغریب عامٍ અથવા એવું કહ્યું હતું : فاخبرونی ان علی اِبنی الرجم સુફયાન બિન ઓયૈનાએ બતાવ્યું, મને એમાં શક છે કે ઈમામ ઝુહરીએ બીજુ વાક્ય કહ્યું હતું કે નહીં.

حدیث ٢٨٤٥ عَنْ عُبَيْدِ اللهِ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُمَا قَالَ قَالَ عُمَرُ

**[હદીષ : ૨૮૪૫]** *"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું કે હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, મને ડર*

لَقَدْ خَشِيْتُ أَنْ يَّطُوْلَ بِالنَّاسِ زَمَانٌ حَتّٰى يَقُوْلَ قَائِلٌ لَا نَجِدُ الرَّجْمَ فِيْ كِتَابِ

*છે કે અમુક સમય પછી કેટલાક લોકો ક્યાંક આપણે રજ્મ કિતાબુલ્લાહમાં નથી પામતા, તો એ ફરીઝાના*

اللهِ فَيَضِلُّوْا بِتَرْكِ فَرِيْضَةٍ أَنْزَلَهَا اللهُ أَلَا وَإِنَّ الرَّجْمَ حَقٌّ عَلٰى مَنْ زَنٰى وَقَدْ

*ત્યજવાના કારણે જે અલ્લાહે ઉતાર્યું છે એ લોકો ગુમરાહ થઈ જશે. સાંભળો ! બેશક ! રજ્મ (સંગસારી) સાબિત*

أُحْصِنَ إِذَا قَامَتِ الْبَيِّنَةُ أَوْ كَانَ الْحَبَلُ أَوِ الْاِعْتِرَافُ – قَالَ سُفْيَانُ

*છે એ ઝાની પર જે મુહસન (પરણિત) હોય, જ્યારે કે શરઈ સાબિતી ક઼ાયમ થાય. અથવા સ્ત્રીને ગર્ભ રહી જાય*

كَذَا حَفِظْتُ أَلَا وَقَدْ رَجَمَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَرَجَمْنَا بَعْدَهٗ

*અથવા આરોપી સ્વીકાર કરી લે. સુફયાન ઈબ્ને ઓયૈનાએ કહ્યું, મેં એ પણ યાદ કર્યું છે કે ફર્માવ્યું હતું કે રસૂલુલ્લાહ ﷺ એ રજ્મની સજા આપી, અને તેમના બાદ અમે પણ આપી."*

**પ્રકરણ : "ઝિનાથી સગર્ભા થયેલી જ્યારે પરણિત (મુહસન) હોય તો તેને સંગસાર કરવી."** –(૧૦૦૯)

بَابُ رَجْمِ الْحُبْلٰى مِنَ الزِّنَا إِذَا أُحْصِنَتْ۔ ص۱۰۰۹

**સ્પષ્ટતા :** ઝિનાથી જે સ્ત્રી સગર્ભા બને અથવા ગર્ભ પહેલાં તેણે ઝિના કર્યો હતો અને ઈસ્લામી હાકિમની પાસે એ સમયે તેને લાવવામાં આવી જ્યારે તે સગર્ભા હતી, તો જ્યાં સુધી બાળક પેદા ન થઈ જાય તેના પર હદ લાગુ કરવામાં આવશે નહીં. પેદાઈશ પછી લાગુ કરવામાં આવશે. હવે જો તે મુહસના (પરણેલી) છે તો બાળજન્મ પછી તરત સંગસાર કરી દેવામાં આવશે. જો બાળકનો ઉછેર કરનાર કોઈ હોય તો. નહીં તો બાળકના જન્મના બે વરસ પછી. અને મુહસના નથી અને તેને કોરડાની સજા આપવાની છે તો નિફાસથી પાક થયા બાદ હદ લાગુ કરવામાં આવશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

### ★ હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ની બયઅતની વિગત ★

حدیث ۲۸۴۶

عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ كُنْتُ أُقْرِئُ رِجَالًا مِنَ الْمُهَاجِرِيْنَ مِنْهُمْ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું કે હું કેટલાક મુહાજિરોને કુર્આન પઢાવતો હતો.* **[હદીષ : ૨૮૪૬]**

عَبْدُ الرَّحْمٰنِ بْنُ عَوْفٍ فَبَيْنَمَا أَنَا فِيْ مَنْزِلِهٖ بِمِنًى وَهُوَ عِنْدَ عُمَرَ بْنِ

*એમનામાં અબ્દુર્રહમાન બિન ઔફ પણ હતા. હું મિનામાં તેમના પડાવ પર હતો અને તે હઝરત ઉમર ઈબ્ને*

الْخَطَّابِ فِيْ اٰخِرِ حَجَّةٍ حَجَّهَا إِذْ رَجَعَ إِلَيَّ عَبْدُ الرَّحْمٰنِ فَقَالَ لَوْ رَأَيْتَ

*ખત્તાબ رضی اللہ عنہ ની પાસે ગયેલા હતા. આ બનાવ હઝરત ઉમરના અંતિમ હજ્જનો છે. (જે હિ.સ. ૧૩માં થયો*

رَجُلًا أَتَى أَمِيْرَ الْمُؤْمِنِيْنَ الْيَوْمَ فَقَالَ يَا أَمِيْرَ الْمُؤْمِنِيْنَ هَلْ لَكَ فِيْ فُلَانٍ

*હતો) જ્યારે અબ્દુર્રહમાન પરત થઈને મારી પાસે આવ્યા તો તેમણે કહ્યું, આશ્ચર્ય છે કે આજે અમીરુલ*

يَقُوْلُ لَوْ قَدْ مَاتَ عُمَرُ لَقَدْ بَايَعْتُ فُلَانًا فَوَاللّٰهِ مَا كَانَتْ بَيْعَةُ أَبِيْ بَكْرٍ

*મો'મિનીનની પાસે એક શખ્સ આવ્યો અને તેણે કહ્યું, હે અમીરુલ મો'મિનીન ! ફલાણાના બારામાં આપનો*

إِلَّا فَلْتَةً فَتَمَّتْ فَغَضِبَ عُمَرُ ثُمَّ قَالَ إِنِّيْ إِنْ شَاءَ اللّٰهُ تَعَالٰى لَقَائِمٌ

*શો ખયાલ છે જે કહે છે કે જો ઉમર મરી ગયા તો હું ફલાણાની બયઅત કરીશ. બખુદા ! અબૂબક્રની બયઅત*

الْعَشِيَّةَ فِي النَّاسِ فَمُحَذِّرُهُمْ هٰؤُلَاءِ الَّذِيْنَ يُرِيْدُوْنَ أَنْ يَّغْصِبُوْهُمْ

*અચાનક જ હતી જે પૂરી થઈ. આ સાંભળીને હઝરત ઉમર જલાલમાં આવી ગયા. પછી ફર્માવ્યું, ઈન્શાઅલ્લાહ !*

أُمُوْرَهُمْ قَالَ عَبْدُ الرَّحْمٰنِ فَقُلْتُ يَا أَمِيْرَ الْمُؤْمِنِيْنَ لَا تَفْعَلْ فَإِنَّ

*સાંજે હું લોકોને ખુત્બો આપીશ અને એ લોકોને ડરાવીશ જેઓ મુસલમાનોની બાબતોને હડપ કરવા ચાહે છે.*

اَلْمَوْسِمَ يَجْمَعُ رَعَاعَ النَّاسِ وَغَوْغَائَهُمْ وَاِنَّهُمْ هُمُ الَّذِيْنَ يَغْلِبُوْنَ عَلٰى قُرْبِكَ

હઝરત અબ્દુર્રહમાને બતાવ્યું, એના પર મેં કહ્યું, હે અમીરુલ મો'મિનીન ! આપ એવું ન કરો, એટલા માટે કે

حِيْنَ تَقُوْمُ فِى النَّاسِ وَاَنَا اَخْشٰى اَنْ تَقُوْمَ فَتَقُوْلَ مَقَالَةً يُطِيْرُهَا عَنْكَ

હજ્જનો મોસમ નીચ લોકો તથા બેવકૂફોને પણ ભેગો કરી આપે છે. જ્યારે આપ ખુત્બા માટે ઉભા થશો તો આ

كُلُّ مُطِيْرٍ وَاَنْ لَّا يَعُوْهَا وَاَنْ لَّا يَضَعُوْهَا مَوَاضِعَهَا فَاَمْهِلْ حَتّٰى تَقْدَمَ

જ લોકો ગપ્પો કરીને આપની નજીક થશે. મને અંદેશો છે કે આપ ખુત્બામાં કોઈ વાત કહો જેને લોકો એલફેલ

الْمَدِيْنَةَ فَاِنَّهَا دَارُ الْهِجْرَةِ وَالسُّنَّةِ فَتَخْلُصَ بِاَهْلِ الْفِقْهِ وَاَشْرَافِ

ઉડાવીને લઈ જાય અને તેને ગલત અર્થના રૂપમાં લોકો સુધી પહોંચાડે. આપ રોકાઈ જાવ ત્યાં સુધી કે મદીના

النَّاسِ فَتَقُوْلَ مَا قُلْتَ مُتَمَكِّنًا فَيَعِيْ اَهْلُ الْعِلْمِ مَقَالَتَكَ فَيَضَعُوْهَا

પહોંચી જાવ. મદીના દારે હિજરત તથા દારે સુન્નત છે, ત્યાં સમજદાર તથા શરીફ લોકોને ચૂંટી કાઢીને તેમની

مَوَاضِعَهَا فَقَالَ عُمَرُ اَمَا وَاللّٰهِ اِنْ شَاءَ اللّٰهُ لَاَقُوْمَنَّ بِذٰلِكَ اَوَّلَ مَقَامٍ

સામે જે પણ કહેવું હોય ખૂબ જ સમજી વિચારીને કહો. આપની એ વાતને ઈલ્મવાળા લોકો મેહફૂઝ રાખશે.

اَقُوْمُهُ بِالْمَدِيْنَةِ قَالَ ابْنُ عَبَّاسٍ فَقَدِمْنَا الْمَدِيْنَةَ فِىْ عُقْبِ ذِى الْحِجَّةِ فَلَمَّا

અને સહી તરીકાથી એને એના સ્થાને રાખશે. આ સાંભળીને હઝરત ઉમરે કહ્યું, બખુદા ! ઈન્શાઅલ્લાહ !

كَانَ يَوْمُ الْجُمُعَةِ عَجَّلْتُ الرَّوَاحَ حِيْنَ زَاغَتِ الشَّمْسُ حَتّٰى اَجِدَ سَعِيْدَ بْنَ

મદીના પહોંચીને સૌથી પ્રથમ ખુત્બો આપીશ. ઈબ્ને અબ્બાસે કહ્યું કે અમે મદીના ઝિલ હજ્જના આખરી

زَيْدِ بْنِ عَمْرِو بْنِ نُفَيْلٍ جَالِسًا اِلٰى رُكْنِ الْمِنْبَرِ فَجَلَسْتُ حَوْلَهُ تَمَسُّ رُكْبَتِىْ

દસકામાં આવ્યા (બુધના દિવસે). જ્યારે જુમ્આનો દિવસ આવ્યો તો સૂરજ ઢળતાં જ જલ્દીથી હું મસ્જિદે

رُكْبَتَهُ فَلَمْ اَنْشَبْ اَنْ خَرَجَ عُمَرُ بْنُ الْخَطَّابِ فَلَمَّا رَاَيْتُهُ مُقْبِلًا قُلْتُ

નબવીમાં પહોંચ્યો. જ્યારે હું મસ્જિદમાં આવ્યો તો મેં સઈદ બિન ઝયદ બિન અમ્ર બિન નુફૈલને મિમ્બરના

لِسَعِيْدِ بْنِ زَيْدِ بْنِ عَمْرِو بْنِ نُفَيْلٍ لَيَقُوْلَنَّ الْعَشِيَّةَ مَقَالَةً لَمْ يَقُلْهَا مُنْذُ

ખૂણા પાસે બેઠેલા જોયા. હું એમની પાસે જઈને બેસી ગયો એટલે નજીક કે મારો ગુઠણ તેમના ગુઠણને અડી

اسْتُخْلِفَ فَأَنْكَرَ عَلَيَّ وَقَالَ وَمَا عَسَيْتُ أَنْ يَقُولَ مَا لَمْ يَقُلْ قَبْلَهُ فَجَلَسَ

રહ્યો હતો. થોડીવાર પસાર થઈ ન હતી એટલામાં હઝરત ઉમર આવ્યા. જ્યારે મેં તેમને સામેથી આવતા જોયા

عُمَرُ عَلَى الْمِنْبَرِ فَلَمَّا سَكَتَ الْمُؤَذِّنُونَ قَامَ فَأَثْنَى عَلَى اللَّهِ بِمَا هُوَ أَهْلُهُ ثُمَّ

તો મેં સઈદ બિન ઝયદ બિન અમ્ર બિન નુફૈલને કહ્યું, આજે સાંજે આ એવી વાત કહેશે જેને તેમણે ખલીફા

قَالَ أَمَّا بَعْدُ فَإِنِّي قَائِلٌ لَكُمْ مَقَالَةً قَدْ قُدِّرَ لِي أَنْ أَقُولَهَا لَا أَدْرِي لَعَلَّهَا

બનાવ્યા પછીથી આજ સુધી નથી કહી. તેમણે મારી વાત ન સ્વીકારી અને કહ્યું, મને ઉમ્મીદ નથી કે તેઓ એવી

بَيْنَ يَدَيْ أَجَلِي فَمَنْ عَقَلَهَا وَوَعَاهَا فَلْيُحَدِّثْ بِهَا حَيْثُ انْتَهَتْ بِهِ

વાત કહેશે જેને આથી પહેલાં નથી કહી. હઝરત ઉમર મિમ્બર પર બેઠા અને જ્યારે મોઅઝ્ઝિન ચૂપ થઈ ગયા

رَاحِلَتُهُ وَمَنْ خَشِيَ أَنْ لَا يَعْقِلَهَا فَلَا أُحِلُّ لِأَحَدٍ أَنْ يَكْذِبَ عَلَيَّ إِنَّ

તો ઉભા થયા. અલ્લાહની તે ષના કરી જેનો એ પાત્ર છે. પછી ફર્માવ્યું, અમ્માબાદ ! હું તમને એક એવી વાત

اللَّهَ بَعَثَ مُحَمَّدًا صَلَّى اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ بِالْحَقِّ وَأَنْزَلَ عَلَيْهِ

કહેનારો છું જેને કહેવું મારી તક઼દીરમાં લખેલું હતું. હું નથી જાણતો, કદાચ એ મારી સામે મારી મૌત છે તો જે

الْكِتَابَ فَكَانَ مِمَّا أَنْزَلَ اللَّهُ آيَةُ الرَّجْمِ فَقَرَأْنَاهَا وَعَقَلْنَاهَا وَوَعَيْنَاهَا

એને સમજી લે અને પૂર્ણપણે યાદ કરી લે તો જ્યાં પણ જાય એને બયાન કરે. અને જેને એનો અંદેશો હોય કે

رَجَمَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ وَرَجَمْنَا بَعْدَهُ فَأَخْشَى إِنْ

એણે એને સમજી નથી તો હું કોઈના માટે એ હલાલ નથી કરતો કે મારા પર જૂઠ બાંધે. બેશક ! અલ્લાહ

طَالَ بِالنَّاسِ زَمَانٌ أَنْ يَقُولَ قَائِلٌ وَاللَّهِ مَا نَجِدُ آيَةَ الرَّجْمِ فِي كِتَابِ اللَّهِ

તઆલાએ હઝરત મુહમ્મદ ﷺ ને હક્ક઼ની સાથે મોકલ્યા અને તેમના પર કિતાબ નાઝિલ ફર્માવી. અલ્લાહે જે

فَيَضِلُّوا بِتَرْكِ فَرِيضَةٍ أَنْزَلَهَا اللَّهُ وَالرَّجْمُ فِي كِتَابِ اللَّهِ حَقٌّ عَلَى مَنْ

કાંઈ નાઝિલ કર્યું હતું એમાં રજ્મની આયત પણ હતી. અમે તેને પઢી અને સમજી અને ખૂબ સારી પેઠે યાદ

زَنَى إِذَا أُحْصِنَ مِنَ الرِّجَالِ وَالنِّسَاءِ إِذَا قَامَتِ الْبَيِّنَةُ أَوْ كَانَ الْحَبَلُ

રાખી. રસૂલુલ્લાહ ﷺ એ રજ્મ કર્યું અને આપણે હુઝૂર પછી રજ્મ કર્યું. મને અંદેશો છે કે એક લાંબો અરસો

أَوِ الْاِعْتِرَافُ ثُمَّ إِنَّا كُنَّا نَقْرَأُ فِيمَا نَقْرَأُ مِنْ كِتَابِ اللّٰهِ أَنْ لَا تَرْغَبُوا عَنْ

ગુજર્યા પછી કોઈ કહેવાવાળો એ કહે કે બખુદા ! અમે રજ્મની આયત કિતાબુલ્લાહમાં નથી જોતા અને આ

آبَائِكُمْ فَإِنَّهُ كُفْرٌ بِكُمْ أَنْ تَرْغَبُوا عَنْ آبَائِكُمْ أَوْ إِنَّ كُفْرًا بِكُمْ أَنْ

ફરીઝાના ત્યજવાના સબબે ગુમરાહ થઈ જાય, જે અલ્લાહે નાઝિલ કર્યું. અને રજ્મ અલ્લાહની કિતાબમાં

تَرْغَبُوا عَنْ آبَائِكُمْ أَلَا ثُمَّ إِنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ

સાબિત છે. જે ઝિના કરે જ્યારે કે તે મુહસન હોય પુરૂષ હોય કે સ્ત્રી જ્યારે કે સાબિતી મળી જાય અથવા ગર્ભ

لَا تُطْرُونِي كَمَا أُطْرِيَ عِيسَى بْنُ مَرْيَمَ وَقُولُوا عَبْدُ اللّٰهِ وَرَسُولُهُ ثُمَّ إِنَّهُ

હોય અથવા સ્વીકારે. પછી અમે કિતાબુલ્લાહથી જે પઢતા હતા એમાં એ પણ પઢતા હતા કે પોતાના બાપદાદાના

بَلَغَنِي أَنَّ قَائِلًا مِنْكُمْ يَقُولُ وَاللّٰهِ لَوْ مَاتَ عُمَرُ بَايَعْتُ فُلَانًا فَلَا يَغْتَرَّنَّ

નસબ (વંશ)થી વિમુખ ન થાવ. અથવા એવું હતું, બેશક ! તમારી નેઅમતની નાશુક્રી છે કે પોતાના બાપદાદાના

امْرُؤٌ أَنْ يَقُولَ إِنَّمَا كَانَتْ بَيْعَةُ أَبِي بَكْرٍ فَلْتَةً وَتَمَّتْ أَلَا وَإِنَّهَا قَدْ كَانَتْ

નસબથી મોં ફેરવો. સાંભળો ! પછી રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે મારી પ્રશંસામાં અતિશયોક્તિ ન કરો જેમ

كَذٰلِكَ وَلٰكِنَّ اللّٰهَ وَقَى شَرَّهَا وَلَيْسَ مِنْكُمْ مَنْ تُقْطَعُ الْأَعْنَاقُ إِلَيْهِ مِثْلُ أَبِي

કે ઈસા ઈબ્ને મરયમના બારામાં કરવામાં આવી. હા ! એવું કહો કે અલ્લાહના બંદા અને તેના રસૂલ છે. અને

بَكْرٍ مَنْ بَايَعَ رَجُلًا عَنْ غَيْرِ مَشُورَةٍ مِنَ الْمُسْلِمِينَ فَلَا يُتَابَعُ هُوَ وَلَا الَّذِي

સાંભળો ! મારા સુધી એ ખબર પહોંચી છે કે તમારામાંથી એક કહેવાવાળો કહે છે, બખુદા ! જો ઉમર મરી જશે

تَابَعَهُ تَغِرَّةً أَنْ يُقْتَلَا وَإِنَّهُ قَدْ كَانَ مِنْ خَيْرِنَا حِينَ تَوَفَّى اللّٰهُ نَبِيَّهُ صَلَّى اللّٰهُ

તો હું ફલાણાની બયઅત કરી લઈશ, અને તમને તે શખ્સ હરગિઝ ધોકામાં ન નાખે કે કહે કે અબૂબક્રની બયઅત

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ إِنَّ الْأَنْصَارَ خَالَفُونَا وَاجْتَمَعُوا بِأَسْرِهِمْ فِي سَقِيفَةِ

અચાનક હતી અને તે પૂરી થઈ. સાંભળો ! બેશક ! તે એવી જ હતી પરંતુ અલ્લાહે એની બુરાઈથી બચાવી લીધા

بَنِي سَاعِدَةَ وَخَالَفَ عَنَّا عَلِيٌّ وَالزُّبَيْرُ وَمَنْ مَعَهُمَا وَاجْتَمَعَ الْمُهَاجِرُونَ

અને તમારામાં કોઈ એવો નથી જેનામાં હઝરત અબૂબક્ર જેવી ફઝીલત હોય. જેણે કોઈ શખ્સની મુસલમાનોના

إلى أبي بكر فقلت لأبي بكر يا أبا بكر انطلق بنا إلى إخواننا هؤلاء من الأنصار

મશવરા વગર બયઅત કરી તો તેની પયરવી કરવામાં ન આવે, ન તેના અનુયાયીઓની પયરવી કરવામાં આવે.

فانطلقنا نريدهم فلما دنونا منهم لقينا منهم رجلان صالحان

એ ડરથી કે ક્યાંક તે બંનેવ કત્લ ન કરી દેવામાં આવે. જે વખતે અલ્લાહે પોતાના નબીને ઉઠાવ્યા તે વખતે

فذكرا ما تمالأ عليه القوم فقالا أين تريدون يا معشر المهاجرين فقلنا

અબૂબક્ર અમારા સૌમાં બેહતર હતા. અન્સારે અમારો વિરોધ કર્યો અને કુલ અન્સાર સક઼ીફ઼ાએ બની સાઅદામાં

نريد إخواننا هؤلاء من الأنصار فقالا لا عليكم أن لا تقربوهم اقضوا

ભેગા થયા. અને અમારો વિરોધ અલી તથા ઝુબૈર તથા તેમના સાથીઓએ કર્યો અને મુહાજિરો અબૂબક્રને ત્યાં

أمركم فقلت والله لنأتينهم فانطلقنا حتى أتيناهم في سقيفة بني

ભેગા થયા. મેં અબૂબક્રને કહ્યું, હે અબૂબક્ર ! આવો ! આપણે તે અન્સારી ભાઈઓના ત્યાં જઈએ. ત્યાર બાદ

ساعدة فإذا رجل مزمل بين ظهرانيهم فقلت من هذا قالوا هذا

અમે લોકો ચાલ્યા. જ્યારે અમે તેમની નજીક પહોંચ્યા તો તેમના બે નેક મર્દ અમને મળ્યા અને બતાવ્યું કે પૂરી

سعد بن عبادة فقلت ما له قالوا يوعك فلما جلسنا قليلا تشهد

કૌમ કોના પર એકમત થઈ ચૂકી છે. તે બંનેવે પૂછ્યું, હે મુહાજિરોના ગિરોહ ક્યાંનો ઈરાદો ધરાવો છો ? અમે

خطيبهم فأثنى على الله بما هو أهله ثم قال أما بعد فنحن أنصار الله

કહ્યું, અમે તે અન્સારી ભાઈઓના ત્યાં જવા ચાહીએ છીએ. તો એ બંનેવે કહ્યું, તેમની પાસે ન જાવ તો તમારા પર

وكتيبة الإسلام وأنتم معاشر المهاجرين رهط وقد دفت دافة

કોઈ વાંધો નથી, તમે ખુદ તમારા મામલાનો ફૈસલો કરી લો. મેં કહ્યું, બખુદા ! અમે જરૂર જઈશું. ત્યાર બાદ અમે

من قومكم فإذا هم يريدون أن يختزلونا من أصلنا وأن يحضنونا من

ચાલ્યા અને સક઼ીફ઼ાએ બની સાઅદામાં અન્સારીની પાસે આવ્યા. મેં જોયું કે એક સાહબ કમ્બલ ઓઢેલ એમની

الأمر فلما سكت أردت أن أتكلم وكنت زورت مقالة أعجبتني

વચ્ચે છે. મેં પૂછ્યું, આ કોણ છે ? લોકોએ કહ્યું, આ સઅદ બિન ઓબાદા છે. મેં પૂછ્યું, એમને શું થઈ ગયું છે ?

أُرِيْدُ أَنْ أُقَدِّمَهَا بَيْنَ يَدَيْ أَبِيْ بَكْرٍ وَكُنْتُ أُدَارِيْ مِنْهُ بَعْضَ الْحَدِّ فَلَمَّا

લોકોએ કહ્યું, એમને તાવ આવી રહ્યો છે. અમે થોડીકવાર જ બેઠા હતા કે અન્સારના ખતીબે શહાદતો પઢી અને

أَرَدْتُّ أَنْ أَتَكَلَّمَ قَالَ أَبُوْبَكْرٍ عَلٰى رِسْلِكَ فَكَرِهْتُ أَنْ أُغْضِبَهُ فَتَكَلَّمَ

અલ્લાહની ષના કરી જેનો તે મુસ્તહિક઼ છે. ત્યારબાદ તેણે કહ્યું, અમ્માબાદ ! આપણે અલ્લાહના અન્સાર અને

أَبُوْبَكْرٍ فَكَانَ هُوَ أَحْلَمَ مِنِّيْ وَأَوْقَرَ وَاللّٰهِ مَا تَرَكَ مِنْ كَلِمَةٍ أَعْجَبَتْنِيْ

ઈસ્લામના લશ્કર છીએ. અને તમે હે મુહાજિરોના ગિરોહ ! થોડાક અમુક વ્યક્તિઓ છો, અને તમારી ક઼ૌમના

فِيْ تَزْوِيْرِيْ إِلَّا قَالَ فِيْ بَدِيْهَتِهٖ مِثْلَهَا أَوْ أَفْضَلَ مِنْهَا حَتّٰى سَكَتَ

અમુક લોકો તમારી ક઼ૌમથી અલગ થઈને અમારી પાસે આવ્યા છો અને ચાહો છો કે અમને જડથી ઉખાડી દો

فَقَالَ مَا ذَكَرْتُمْ فِيْكُمْ مِنْ خَيْرٍ فَأَنْتُمْ لَهٗ أَهْلٌ وَلَنْ يُعْرَفَ هٰذَا الْأَمْرُ

અને હુકૂમત અમારાથી છીનવી લો. જ્યારે તે ખામોશ થઈ ગયા તો મેં ચાહ્યું કે કાંઈક બોલું, અને મેં એક વિષય

إِلَّا لِهٰذَا الْحَيِّ مِنْ قُرَيْشٍ هُمْ أَوْسَطُ الْعَرَبِ نَسَبًا وَدَارًا وَقَدْ رَضِيْتُ

દિમાગમાં વિચારી લીધું હતું જે મને ખૂબ જ સારુ લાગી રહ્યું હતું. હું ચાહતો હતો તેને અબૂબકની સામે વર્ણન કરું.

لَكُمْ أَحَدَ هٰذَيْنِ الرَّجُلَيْنِ فَبَايِعُوْا أَيَّهُمَا شِئْتُمْ فَأَخَذَ بِيَدِيْ وَبِيَدِ

મારો આશય એ હતો કે અન્સારના ખતીબની વાતથી તેમને જે ગુસ્સો વગેરે આવ્યો હોય તેને કાંઈક દૂર દઉં.

أَبِيْ عُبَيْدَةَ بْنِ الْجَرَّاحِ وَهُوَ جَالِسٌ بَيْنَنَا فَلَمْ أَكْرَهْ مِمَّا قَالَ غَيْرَهَا

જ્યારે મેં ચાહ્યું કે બોલું તો અબૂબકએ કહ્યું, જેવા બેઠા છો બેસી રહો. મેં એ નાપસંદ કર્યું કે એમને નારાજ કરું

كَانَ وَاللّٰهِ أَنْ أُقَدَّمَ فَتُضْرَبَ عُنُقِيْ لَا يُقَرِّبُنِيْ ذٰلِكَ مِنْ إِثْمٍ أَحَبَّ إِلَيَّ

જેથી ચૂપચાપ બેસી રહ્યો. હવે અબૂબકએ વાત કરી, તે મારા કરતાં અધિક ધીરજવાળા તથા બાવક઼ાર હતા.

مِنْ أَنْ أَتَأَمَّرَ عَلٰى قَوْمٍ فِيْهِمْ أَبُوْبَكْرٍ اَللّٰهُمَّ إِلَّا أَنْ تُسَوِّلَ لِيْ نَفْسِيْ عِنْدَ

બખુદા ! તેમણે મેં જે વિચારી રાખ્યું હતું એમાંથી એક વાત પણ ન છોડી. તેમણે સઘળુ સ્પષ્ટપણે કહ્યું, એના જેવું

الْمَوْتِ شَيْئًا لَا أَجِدُهُ الْآنَ فَقَالَ قَائِلٌ مِنَ الْأَنْصَارِ أَنَا جُذَيْلُهَا الْمُحَكَّكُ

અથવા એનાથી પણ બેહતર, ત્યાં સુધી કે ચૂપ થયા. તેમણે એવું કહ્યું, હે અન્સાર ! તમે તમારા જે ફઝાઈલ

وَعُذَيْقُهَا الْمُرَجَّبُ مِنَّا أَمِيرٌ وَمِنْكُمْ أَمِيرٌ يَا مَعْشَرَ قُرَيْشٍ فَكَثُرَ اللَّغَطُ وَ

વર્ણવ્યા તેના તમે પાત્ર છો અને આ ચીજ એટલે ખિલાફત કુરૈશ કબીલા સિવાય કોઈ અન્યના માટે વિચારી પણ

ارْتَفَعَتِ الْأَصْوَاتُ حَتّٰى فَرِقْتُ مِنَ الْاِخْتِلَافِ فَقُلْتُ ابْسُطْ يَدَكَ يَا أَبَا بَكْرٍ

શકાતી નથી. કુરૈશી જ પૂરા અરબમાં નસબ તથા ઘરના એતબારથી અફઝલ છે. હું તમારામાંથી એ બે

فَبَسَطَ يَدَهٗ فَبَايَعْتُهٗ وَبَايَعَهُ الْمُهَاجِرُوْنَ ثُمَّ بَايَعَتْهُ الْاَنْصَارُ وَنَزَوْنَا

આદમીઓમાંથી એકના માટે રાજી છું કે એમનામાંથી એકની બયઅત કરી લઉં, જેની પણ ચાહો. તેમણે મારું

عَلٰى سَعْدِ بْنِ عُبَادَةَ فَقَالَ قَائِلٌ مِنْهُمْ قَتَلْتُمْ سَعْدَ بْنَ عُبَادَةَ فَقُلْتُ

અને અબૂ ઓબૈદા બિન જર્રાહનો હાથ પકડયો. તે પણ અહીં બેઠેલા હતા. અબૂબક્રએ જે કાંઈ કહ્યું એમાંથી એના

قَتَلَ اللّٰهُ سَعْدَ بْنَ عُبَادَةَ قَالَ عُمَرُ وَاِنَّا وَاللّٰهِ مَا وَجَدْنَا فِيْمَا حَضَرْنَا مِنْ

સિવાય અન્ય કોઈ વાત મને નાપસંદ ન પડી. બખુદા ! મને એ વધુ પસંદ છે કે મને આગળ કરીને વિના કોઈ

أَمْرٍ أَقْوٰى مِنْ مُبَايَعَةِ أَبِيْ بَكْرٍ خَشِيْنَا اِنْ فَارَقْنَا الْقَوْمَ وَلَمْ تَكُنْ بَيْعَةٌ أَنْ

ગુનાહે મારી ગરદન ઉડાડી દેવામાં આવે, એ નિસ્બતથી કે એવી કૌમનો અમીર બનું જેમાં અબૂબક્ર હોય. હા !

يُبَايِعُوْا رَجُلًا مِنْهُمْ بَعْدَنَا فَاِمَّا تَابَعْنَاهُمْ عَلٰى مَالَا نَرْضٰى وَاِمَّا نُخَالِفُهُمْ

મૌતના વખતે મારો નફસ મને બેહકાવી દે તો જુદી વાત છે, અત્યારે એવું નથી. ત્યારબાદ અન્સારમાંથી એક

## હદીષ : ૨૮૪૯ની સમજૂતી

قوله كنتُ أُقرِئُ અગ્રગણ્ય સહાબીઓ હુઝૂરે અક્દસ ﷺની હયાતે તયબહમાં જેહાદ તથા અન્ય મહત્વનાં કામોમાં વ્યસ્ત હતા. એટલા માટે ઘણા જ ઓછા સહાબાએ કિરામે પૂરું કુર્આન મજીદ હિફ્ઝ કર્યું. અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ભલે હુઝૂરના વિસાલના સમયે તેર વરસના હતા અને લગભગ હિજરત પણ ફતહે મક્કાના પછી કરી. આ રીતે એમને હુઝૂરે અક્દસ ﷺની સોહબત ખૂબ જ ટૂંકી નસીબ થઈ, પણ કેમ કે ખૂબ જ તેજ દિમાગવાળા હતા અને હુઝૂરે અક્દસ ﷺએ તેમના માટે દુઆ પણ ફર્માવી હતી : اَللّٰهُمَّ عَلِّمْهُ الْكِتَابَ "હે અલ્લાહ ! એને કિતાબ એટલે કુર્આનનો ઈલ્મ અતા ફર્માવ." તે પણ એ શાનથી કે તેમના માથા પર હાથ ફેરવ્યો અને સીનાથી લગાડયા. આ દુઆની બરકત એ હતી કે તે હિબ્રે ઉમ્મત, સૈયદુલ મુફસ્સિરીન થયા અને અકાબિર સહાબા ત્યાં સુધી કે હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ જેવા જલીલુલ કદર બુઝુર્ગ કદીક એમનાથી કુર્આન પઢતા હતા. એનાથી આજકાલના ઉલમાએ સબક હાંસલ કરવો જોઈએ કે જો કોઈ નાની ઉમરવાળાની પાસે એવો ઈલ્મ હોય જે એની પાસે નથી તો શરમ ન કરે અને હાંસલ કરે.

فَيَكُوْنُ فَسَادًا فَمَنْ بَايَعَ رَجُلًا عَلٰى غَيْرِ مَشْوَرَةٍ مِّنَ الْمُسْلِمِيْنَ فَلَا يُتَابَعُ

*સાહબે કહ્યું, હું એનો જુઝૈલ મુહક્કક છું અને ઉઝૈક મુરજ્જબ છું. એક અમીર અમારામાંથી હોય અને એક*

هُوَ وَلَا الَّذِيْ تَابَعَهٗ تَغِرَّةً اَنْ يُّقْتَتَلَا

*અમીર તમારામાંથી હોય, હે કુરૈશના ગિરોહ! ત્યારબાદ ખૂબ જ શોર થવા લાગ્યો, અવાજો મોટી થઈ ગઈ ત્યાં સુધી કે મતભેદનો અંદેશો થયો. એ જોઈને મેં કહ્યું, તમારો હાથ ફેલાવો હે અબૂબક્ર! તેમણે પોતાનો હાથ ફેલાવ્યો અને મેં તેમનાથી બયઅત કરી લીધી, અને મુહાજિરોએ બયઅત કરી લીધી. પછી અન્સારે તેમની બયઅત કરી લીધી, અને અમે સઅદ બિન ઓબાદા પર ગાલિબ આવી ગયા. અન્સારમાંથી એક શખ્સે કહ્યું, તમે સઅદ બિન ઓબાદાને મારી નાખ્યા. મેં કહ્યું, અલ્લાહે મારી નાખ્યા. હઝરત ઉમરે કહ્યું, બખુદા! અમે જે મામલામાં પડયા તેમનામાં સૌથી મજબૂત અબૂબક્રની બયઅત છે. એમને એ ડર હતો કે જો અમે કૌમને છોડી દઈએ અને જો કોઈની બયઅત ન થાય તો ક્યાંક એ લોકો અમારા પછી એમનામાંથી કોઈની બયઅત કરી લે, ત્યારબાદ ક્યાં તો અમે એવી વાતમાં એમના તાબે થઈ જઈએ જે અમને પસંદ નથી. અથવા અમે તેમનો વિરોધ કરીએ તો ઝઘડો થાય. મુસલમાનોના મશ્વરા વિના કોઈ શખ્સની જે પણ બયઅત કરે તો ન તેની પયરવી કરવામાં આવે ન તેના અનુયાયીઓની, એ અંદેશાથી કે ક્યાંક બંનેવને કત્લ ન કરી દેવામાં આવે."*

قوله بَايَعْتُ فلانًا એનાથી મુરાદ હઝરત તલ્હા બિન ઓબૈદુલ્લાહ رضی اللہ عنہ છે. એવું કહેનાર અન્સારના કેટલાક લોકો હતા.

قوله فَلْتَةً "ફા"ના ફત્હા (ઝબર) અને "લામ"ના જઝમની સાથે. પછી "તા" મુતવ્વલા પછી "તા" એ મુદવ્વરા. એનો અર્થ અચાનક છે. કેમ કે બયઅતના પહેલાં આવા પ્રકારની કોઈ વાત આવી ન હતી કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને ખલીફા બનાવવામાં આવશે, ન તો એની ચર્ચા થઈ, અને ન સામાન્યપણે આપસમાં મશ્વરો થયો. બલ્કે સકીફા બની સાઅદામાં અન્સારે કિરામમાં અને મુહાજિરોમાં ચર્ચા લંબાઈ ગઈ અને શોર થવા લાગ્યો, અવાજો ઊંચા થવા લાગ્યા તો હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત સિદ્દીકે અકબરને ફર્માવ્યું, તમારો હાથ ફેલાવો. તેમણે પોતાનો હાથ ફેલાવી દીધો તો સૌ પ્રથમ હઝરત ઉમર رضی اللہ عنہએ તેમની બયઅત કરી. પછી મુહાજિરોએ, પછી અન્સારે કિરામે. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) જેમ કે વિગત આગળ આવી રહી છે. અને એમાં કોઈ વાંધો નથી. જો અચાનક જ જો કોઈ કામ સારું થઈ જાય, તો કેવળ એ કારણે કે અચાનક થયું છે એટલે એને બુરું કહેવું મૂર્ખામી છે.

قوله رِعَاعَ النَّاسِ وَغَوْغَا ئَهم "રિઆઅ" એટલે જાહિલ, નીચ, નવ ઉમર. "ઘોઘા" તીડનાં નાનાં બચ્ચાં જે ઉડવાનું શરૂ કરે. ઉર્દૂમાં એનો અર્થ નીચ, બદમાશ.

قوله عقب ذی الحجة હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની હજ્જથી વાપસી બુધના દિવસે થઈ હતી એના બે દિવસ બાદ જુમ્આના દિવસે ખુત્બો આપ્યો હતો.

قوله لاَاَدْرِي અબૂ મુઅશરની રિવાયતમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ પોતાના એ જ ખુત્બામાં એ ફર્માવ્યું, મેં ખ્વાબ જોયો છે કે એક મરઘાએ મને ચાંચ મારી છે જેનાથી હું સમજું છું કે મારું મૃત્યુ નજીક છે. જેથી એવું જ થયું. ઝીલ હજજનો મહિનો પૂરો પણ થયો ન હતો એવામાં આપને શહીદ કરી દેવામાં આવ્યા.

قوله آیۃالرجم એટલે اَلشَّیْخُ وَالشَّیْخَۃُ اِذَا زَنَیَا فَارْجِمُوْھُمَانَکَالًا مِنَ اللّٰہِ આ તે આયતોમાંથી છે જેની તિલાવત મન્સૂખ છે અને હુકમ બાકી છે.

હઝરત ઉમર رضی اللہ عنہને એનો અંદેશો હતો કે રજમની આયત કુર્આને મત્લૂમાં નથી તો શક્ય છે કેટલાક લોકો એનો ઈન્કાર કરી બેસે. એટલા માટે પૂરી કાળજીની સાથે આ મહત્વના મોક઼ા પર રજમની આયતને વર્ણવી. હઝરત ઉમર رضی اللہ عنہનો અંદેશો સહી નીકળ્યો. ખારજીઓના એક ગિરોહ તથા અમુક મોઅતઝલાએ એનો ઈન્કાર કર્યો, બલ્કે નિસાઈમાં છે કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ એ જ ખુત્બામાં ફર્માવ્યું હતું કે કેટલાક લોકો કહે છે કે રજમ શું ચીજ છે ? કિતાબુલ્લાહમાં કેવળ કોરડા મારવાનું છે.

قوله لاترغبوا આ પણ તે આયતોમાંથી છે જેનો હુકમ બાકી છે અને તિલાવત મન્સૂખ થઈ ચૂકી છે કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہનો આ ઈર્શાદ : ان کنّانقرء فیما نقرء من کتاب اللّٰہ ان لا ترغبوا عن اٰبائکم ''અમે કિતાબુલ્લાહમાં જે પઢતા હતા એમાં આ પણ પઢતા હતા : ان لا ترغبوا عن آبائکم એના માટે નસ (દલીલ) છે.

## ★ સક઼ીફ઼ા બની સાઅદાની ચર્ચા અને ફેંસલો ★

قوله وانھاقد کانت کذالک એટલે કે હઝરત સિદ્દીક઼ે અકબરની બયઅત અચાનક જ થઈ હતી. એનો મતલબ એ છે કે ન પહેલાં એના બારામાં કોઈ આપસમાં મશ્વરો થયો હતો અને ન આમ રાયને સમતોલ કરવાની કોશિશ કરવામાં આવી હતી. સક઼ીફ઼ા બની સાએદામાં એકાએક એના વિના કે લોકોની રાય માલૂમ કરીએ, મેં જ્યારે જોયું કે આપસમાં મતભેદ થઈ જશે, તો મારા દિમાગમાં એ જ હલ આવ્યો કે હઝરત અબૂબક્રની બયઅત શરૂ કરી દેવામાં આવે. એના પ્રમાણે મેં તેમને કહ્યું કે આપ આપનો હાથ ફેલાવો હું બયઅત કરું. જેથી મારી એ રાય સહીહ નીકળી, મારા બયઅત કરતાં જ સર્વ મુહાજિરો તથા અન્સારે જેટલા લોકો ત્યાં હાજર હતા સૌએ બયઅત કરી લીધી. ન કોઈએ એના પર વાંધો ઉઠાવ્યો ન કોઈએ એમાં ઢીલ કરી. જેનાથી માલૂમ થઈ ગયું કે સૌના દિલની આરઝૂ એ જ હતી કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہને ખલીફ઼ા બનાવવામાં આવે. સક઼ીફ઼ા બની સાએદામાં તો કોઈ શું વાંધો કરતો, ત્યાંથી ઉઠયા બાદ લોકો પોત પોતાનાં ઘરો તથા મહોલ્લાઓમાં ગયા. ક્યાંયથી એની વિરુદ્ધ કાંઈ ન સાંભળવા મળ્યું, ત્યાં સુધી કે પૂરી રાત પસાર થઈ ગઈ અને બીજા દિવસે મસ્જિદે નબવીમાં આમ બયઅત થઈ. કોઈ વાંધો શું સંભળાતો, કોઈએ બયઅત કરવામાં જરા પણ સંકોચ કે ખચકાટ નથી કર્યો. સૌએ ખુશીભેર બયઅત કરી. કેવળ હઝરત અલી તથા હઝરત ઝુબૈર رضی اللہ عنہما ન આવ્યા હતા. હઝરત અબૂબક્રએ તે બંનેવને બોલાવ્યા. બંનેવ વિના ખચકાટે આવ્યા અને આવીને એ લોકોએ પણ એવું નથી કહ્યું કે આપને ખિલાફ઼તનો હક્ક઼ નથી, આપની બયઅત ગલત હતી, જલ્દી જલ્દી ચૂપકેથી બયઅત કરી લીધી ! કહ્યું તો કેવળ એટલુ કહ્યું કે અમને કેવળ એ વાતની તકલીફ છે કે સક઼ીફ઼ા બની સાએદામાં અમને બોલાવવામાં ન આવ્યા ! એનો જવાબ જાહેર છે કે સક઼ીફ઼ા બની સાએદામાં હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ વગેરેને પણ બોલાવવામાં આવ્યા ન હતા. એ સાંભળીને કે ત્યાં અન્સારે કિરામ ભેગા છે, આ હઝરત જાતે જ ત્યાં તશરીફ લઈ ગયા. હઝરત અલી તથા હઝરત ઝુબેર رضی اللہ عنہ પણ જો એ વખતે ત્યાં તશરીફ લઈ જાત તો

તેમને કોણ રોકતું ? પછી તેહકીકની બિના પર એ જ મજમામાં હઝરત અલી તથા હઝરત ઝુબૈર رضی اللہ عنہماએ પણ બયઅત કરી લીધી. જેને હું પહેલાં વિગતવાર લખી ચૂક્યો છું.

قوله ولکن اللہ وَقٰی شَرَّھَا એટલે સામાન્યત: એવું થાય છે કે વિના સમજ્યા વિચાર્યે અચાનક કોઈ કામ થાય છે, તે પણ એટલું મહત્વનું હોય તો એનાથી નુકસાનો થાય છે. અચાનક કામ કરવાથી જે ખરાબી પેદા થઈ શકતી હતી એનાથી અલ્લાહે બચાવી લીધા અને આ બયઅત સંપૂર્ણપણે ખયરો બરકત સાબિત થઈ. આ બયઅત એવી ખયરો બરકતનો સબબ પુરવાર થઈ કે દુનિયાના ઈતિહાસમાં જે અમુક મહત્વના દૂરંદેશીવાળા સહીહ ફૈંસલા થયા છે એમાંથી એક આ પણ છે, ત્યાં સુધી કે હઝરત અબૂ હુસૈને હઝરત સિદ્દીકે અકબરનાં કારનામાં જોઈને કહ્યું : لقد قام ابوبکر یوم الردۃ۔ مقام نبیٍ من الا نبیاء ''અબૂબક્રએ યૌમે રિદ્દત એક નબીની જાનશીનીનો હક્ક અદા કરી આપ્યો.

ત્યાં સુધી કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ કહ્યું : والذی لا الٰہ الاھو، لولا ابوبکر اُسْتُخْلِفَ مَا عُبِدَا اللّٰہُ કસમ છે એ જાતની જેના સિવાય કોઈ મઅબૂદ નથી, જો અબૂબક્ર ખલીફા બનાવવામાં ન આવ્યા હોય તો અલ્લાહની ઈબાદત ન થાત ! આવા મહત્વના તથા લાભદાયી કામનું અચાનક થવું એ એની દલીલ છે કે અલ્લાહ તરફથી હતું જેને અલ્લાહ તઆલાએ પહેલુ હઝરત ઉમરના દિલમાં નાખ્યું, પછી સર્વ સહાબાએ કિરામના દિલમાં નાખ્યું. વળી હઝરત ઉમર رضی اللہ عنہની શાન તો એ હતી કે ૨૦થી વધુ એવા પ્રસંગો છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ જે કાંઈ કહ્યું તે વહીએ ઈલાહી મુતાબિક હતું. તેમના ફર્માવ્યા પછી એના પ્રમાણે કુર્આન નાઝિલ થયું. એની રોશનીમાં મારું ઈમાન છે કે જો નુઝૂલે વહીનો ક્રમ બંધ ન થઈ ગયો હોત તો ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના ફૈંસલાના પ્રમાણે વહીએ ઈલાહી નાઝિલ થાત.

قوله عَنْ غَیر مَشُوْرَۃٍ એટલે કે કોઈ એક શખ્સને એ હક્ક હાંસલ નથી કે મુસલમાનો સાથે મશવરો કર્યા વિના, તેમની રજા પામ્યા વિના પોતાની તબીઅતથી જેને ચાહે ખલીફા ચૂંટી કાઢે. જો કોઈ એવું કરે તો પણ તેની ખિલાફત સહીહ થશે નહીં.

قَوْلہ انَّ الاَنْصَارَ خَالَفُوْنَا મતલબ એ છે કે અન્સારે કિરામે હુઝૂરે અક્દસ ﷺના કાશનાએ અક્દસ અથવા મસ્જિદે નબવીમાં હાજર થઈને મશવરો કરતા. એ જ ઈસ્લામનું મર્કઝ હતું. અમે અહીં બેઠા હતા અને તેઓ સકીફા બની સાએદામાં ભેગા થયા. અને એ જ મતલબ એનો પણ છે જે આગળ આવી રહ્યું છે. خَالَفَنَا عَلِیٌّ والزُّبَیْرُ એ લોકો હઝરત સૈયદના ફાતિમા ઝહરા رضی اللہ عنہاના કાશાનાએ અક્દસમાં જમા થઈને મશવરો કરવા લાગ્યા. એક રિવાયતમાં હઝરત ઝુબૈરને બદલે હઝરત અબ્બાસ છે. અન્સારે કિરામનો ખયાલ એ હતો કે અમે સંખ્યામાં વધુ છીએ, મુહાજિરો થોડા છે, એ લોકો હિજરત કરીને આપણી પાસે આવ્યા હતા. અમે તેમને પનાહ આપી, જાનમાલ દરેક રીતે તેમની મદદ કરી, જંગોના મોકાઓ પર દરેક લશ્કરમાં આપણી બહુમતિ રહી, એટલા માટે આપણે ખિલાફતના અધિક મુસ્તહિક છીએ. પરંતુ મામલો કેવળ મદીના તયબહનો ન હતો, પૂરા અરબનો હતો. અરબના લોકો કુરૈશ સિવાય કોઈનું હાકિમપણુ સ્વીકારવા રાજી નથી થતા. તેમજ જ્યારે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું છે : اَلاَئِمَّۃُ مِنْ قُرَیْشٍ તો શરીઅતની રૂએ પણ એ જાઈઝ ન હતું કે અન્સારે કિરામમાંથી કોઈ ખલીફા હોતુ. બની હાશિમનો ખયાલ એ હતો કે એ સમયે પૂરી દુનિયાનો દસ્તૂર એ જ છે કે કોઈ બાદશાહના મૃત્યુ બાદ તેનો જાનશીન તેનો પુત્ર બનતો, અને જો પુત્ર ન હોય તો અસ્બાતમાંથી જે સૌથી નિકટતર હોય તે બનતો. અસ્બાતમાં સૌથી નિકટ હઝરત અબ્બાસ હતા. (رضی اللہ عنہ) પણ તેમને ખિલાફતની

આરઝૂ ન હતી. તે એવું ચાહતા હતા કે હઝરત અલીને ખલીફા બનાવવામાં આવે. જેવું એ જ બુખારીમાં હદીષ વર્ણન થઈ ચૂકી કે હઝરત અબ્બાસ رضی اللہ عنہએ હઝરત અલી رضی اللہ عنہને કહ્યું, હું બની હાશિમનો હાલ જાણું છું. રસૂલુલ્લાહ ﷺના ચેહરા પર એવી નિશાનીઓ જાહેર છે જેનાથી અંદાઝો થાય છે કે હુઝૂરે અક્દસ ﷺના આ અંતિમ દિવસો છે, ચાલો ! હુઝૂરને કહીને પોતાના માટે લખાવી લો. હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, હું એવું કદી કરીશ નહીં ! જો રસૂલુલ્લાહ ﷺએ મના ફર્માવી દીધું તો પછી એ આપણને કદી નહીં મળે.

## ★ હઝરત અલી رضی اللہ عنہની ખ્વાહિશ હતી કે તેમને ખલીફા બનાવવામાં આવે ★

તદ્ ઉપરાંત હુઝૂરે અક્દસ ﷺએ તેમની પરવરિશ પણ કરી હતી, અને એના છતાં કે તેમની પાસે કાંઈ ન હતું, રહેવા માટે ઘર પણ ન હતું છતાં પોતાની સૌથી ચહીતી સાહબઝાદીનો નિકાહ તેમની સાથે કરી આપ્યો. અગણિત જાતી ફઝાઈલોની સાથોસાથ એમનાં અગણિત કારનામાંઓ હતાં. એટલા માટે હઝરત અલી رضی اللہ عنہના દિમાગ શરીફમાં એ ખયાલ આવ્યો કે ખિલાફત મને મળવી જોઈએ અને બની હાશિમનું એ વિચારવું કે હઝરત અલીએ ખલીફા હોવું જોઈએ, એ એક રીતે એના સ્થાને બરાબર હતું.

પરંતુ એક મહત્વનો સવાલ અહીં એ પેદા થાય છે કે અન્સારે કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین સક્ફા બની સાએદામાં આવ્યા તો ખુદ એક અન્સારીએ હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમર ફારૂકે આ'ઝમને શા માટે ખબર આપી ? હઝરત અલી رضی اللہ عنہને ખબર કેમ ન આપી ? અથવા સક્ફા બની સાએદામાં કોઈએ અન્સારને જવા દો મુહાજિરોમાંથી જ કોઈએ હઝરત અલીનું નામ કેમ રજૂ ન કર્યું ? એનાથી જાહેર છે કે બની હાશિમના સિવાય સહાબામાંથી ચાહે તે મુહાજિરો હોય કે અન્સાર, કોઈના દિમાગમાં એ વાત હતી નહીં કે હઝરત અલી رضی اللہ عنہને ખલીફા બનાવવામાં આવે, અને બાશાહ મરી જાય તો તેના પુત્ર અથવા ચાહે **અસ્બહને તેની જગાએ બેસાડવામાં આવે, એ જાહિલી વ્યવસ્થા હતી, ઈસ્લામી બંધારણમાં એની ગુંજાઈશ નથી.** ઈસ્લામી બંધારણથી એ છે કે જે એનો સૌથી અધિક લાયકાતવાળો હોય જેને સમજબુઝવાળા લોકો પસંદ કરે ભલે પસંદગી ટેમ્પરરી હોય તે જ ખલીફા થશે.

અને સહીહ વાત એ છે કે ઈસ્લામના પ્રથમ હજ્જના અમીરુલ હજ્જ હુઝૂર ﷺએ હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہને પોતાની જગાએ ઈમામ બનાવ્યા અને જ્યારે મસ્જિદમાં તશરીફ લઈ જવાની શક્તિ ન રહી તો હઝરત અબૂબક્ર رضی اللہ عنہને પોતાની જગાએ ઈમામ બનાવીને ઉભા કર્યા. આ બંનેવ વાતો હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની ખિલાફતની તરફ ખૂબ જ ઉઘાડો નિર્દેશ કરી રહી છે. હઝરત અલી رضی اللہ عنہ એ દિવસોમાં મદીના તયબહમાં જ હતા, ક્યાંક બહાર ન હતા, પણ તેમને ઈમામ નથી બનાવ્યા. તેમની હાજરીમાં પોતાના મુસલ્લા તથા મિમ્બર પર બિલા ફસ્લ હઝરત અબૂબક્ર સિદ્દીક્ને ઉભા કર્યા, એ દલીલ છે કે મારા ખલીફા બિલા ફસ્લ આ જ થશે. એ બંનેવ વાતોને સર્વ સહાબા જાણતા હતા એટલા માટે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہનું નામ પેશ થતાં જ સર્વ સહાબાએ કિરામે તેમની બયઅત કરી લીધી, ત્યાં સુધી કે અન્સારે કિરામે પણ બયઅત કરી લીધી જેમણે નક્કી કરી લીધું હતું કે ખલીફા હઝરત સઅદ બિન ઓબાદા رضی اللہ عنہ થશે.

ખાસ મુદ્દો વિચારને પાત્ર એ છે કે સક્ફા બની સાએદામાં અન્સારે કિરામના ભેગા થવાની ખબર આપવાવાળા પણ અન્સારી છે. અને રસ્તામાં જે બે સાહબો મળ્યા હતા જેમણે એ બતાવ્યું હતું કે સક્ફા બની સાએદામાં એના પર એકમતિ થઈ ગઈ છે કે હઝરત સઅદ બિન ઓબાદા رضی اللہ عنہને ખલીફા બનાવવામાં આવે

અને જેમણે સક઼ીફ઼ા બની સાએદામાં જવાથી મના કર્યું હતું એ પણ અન્સારી હતા.

## ★ રાફ઼ઝીઓનો વાંધો અને તેનો જવાબ ★

રાફ઼ઝીઓને સક઼ીફ઼ા બની સાએદાના ફૅંસલાઓ પર ઘણો વાંધો છે. કોઈ તેમને પૂછે કે જો હઝરત અબૂબકર તથા હઝરત ઉમર رضی اللہ عنہما સક઼ીફ઼ા બની સાએદા ન ગયા હોત તો શું હઝરત અલી رضی اللہ عنہ ખલીફ઼ા ચૂંટી કાઢવામાં આવત ? સંજોગોની દિશા સૂચવી રહી છે કે જો હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમર رضی اللہ عنہما સક઼ીફ઼ા બની સાએદામાં ન ગયા હોત તો અન્સારે કિરામ પોતાના ક઼રારદાદના પ્રમાણે હઝરત સઅદ બિન ઓબાદા رضی اللہ عنہને ખલીફ઼ા ચૂંટી કાઢતા, તેમની બયઅત કરી લેતા, પછી શું થાત ?!

આ સર્વ વાતો પર જે બુદ્ધિમાન જરા સરખી વિચારણા કરશે તે પણ એ નિર્ણયે પહોંચશે કે આ હઝરત અબૂબકર તથા હઝરત ઉમર رضی اللہ عنہماનું તે ઉચ્ચ દાનિશમંદીપૂર્ણ યોગ્ય સમયનું ક઼દમ છે જેનું દષ્ટાંત દુનિયાના ઈતિહાસમાં કદાચ જ મળી શકે. જવૈરિયહની રિવાયત જે હઝરત ઈમામ માલિકથી છે તે એ છે કે અમે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના ઘરમાં હતા એવામાં એક સાહબે દીવાલ પાછળથી પોકાર્યું, હે ઈબ્ને ખત્તાબ ! નીકળો ! હઝરત ઉમરે કહ્યું, હટો ! અમે મશગૂલ છીએ ! તેણે કહ્યું, મારી પાસે આવો, એટલા માટે કે એક નવી વાત પેદા થઈ ગઈ છે. અન્સાર ભેગા થઈ ગયા છે. તો તમે તેમની પાસે જાવ, તેમને સંભાળો એ પહેલાં કે કોઈ એવી વાત પેદા થઈ જાય જેના કારણે તમારા વચ્ચે લડાઈ થઈ જાય. એ બંનેવ અન્સારી સાહબો જે રસ્તામાં મળ્યા હતા જેમણે એ લોકોને સક઼ીફ઼ા બની સાએદામાં જવાથી મના કર્યું હતું તે બંનેવ અન્સારી બદરી હતા. એમનામાં એક સાહબનું નામ ઓયૈન બિન સાએદા હતું. અને બીજા સાહબનું મઅન બિન અદી. વળી એક વાત એ પણ વિચારવા પાત્ર છે કે સક઼ીફ઼ા બની સાએદામાં હઝરત અબૂબક્ર رضی اللہ عنہની બયઅત થઈ ગયા પછી એક અન્સારીએ જ કહ્યું હતું, તમે સઅદ બિન ઓબાદાને મારી નાખ્યા, એનાથી જાહેર થાય છે કે તમામ અન્સારે કિરામ એના પર એકમત ન હતા કે હઝરત સઅદ બિન ઓબાદાને ખલીફ઼ા બનાવવામાં આવે.

قوله بعض الحدِّ۔ حد નો અર્થ તેઝી (ઝડપ) છે અને ઉશ્કેરાટ છે. કેમ કે અન્સારી ખતીબના અમુક શબ્દો મુહાજિરીન માટે તકલીફ઼દાયક થઈ શકતા હતા. એટલા માટે ફ઼િતરી તૌર પર એ ખયાલ દુરુસ્ત હતો કે કોઈને ઉશ્કેરાટ આવી જાય. આ મોક઼ો ઉશ્કેરાટનો ન હતો. હઝરત ઉમર ફ઼ારૂકે઼ આ'ઝમ رضی اللہ عنہએ મેહસૂસ કર્યું કે શક્ય છે માનવસહજ રીતે કોઈ એના જવાબમાં સખ્ત વાત કહી દે જેનાથી માહોલ ગરમ થઈ જાય અને વાત બગડી જાય, હઝરત ઉમર ફ઼ારૂકે઼ આ'ઝમ رضی اللہ عنہમાં જલાલ વધુ હતો પરંતુ તેના મોક઼ા પર આ તેમની દિમાગ શક્તિ તથા સમજદારી છે કે મોક઼ાની ગંભીરતાને સમજીને નરમ હતા. પરંતુ હકી઼ક઼તમાં હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہ, હઝરત ફ઼ારૂકે઼ આ'ઝમ رضی اللہ عنہ કરતાં સમજદારી દૂરંદેશી તથા મોક઼ાની પરખમાં અનેકગણા વધારે હતા. જેનું એક દષ્ટાંત આ જ ખુત્બો છે જે આ મોક઼ા પર હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہએ આપ્યો.

قوله اَنَا جُذَ يَلُها المُحَكَّاكُ۔ جُذِيل،جِزل ની તસ્ગીર છે અને તસ્ગીર તા'ઝીમના માટે છે. એનો અર્થ ઝાડના તે થડનો છે જેની ડાળીઓ ખરી ગઈ હોય. અને એ લાકડીને પણ કહે છે જે એટલા માટે ખોસવામાં આવતી હતી કે ખુજલીવાળુ ઊંટ એના પર પોતાનું શરીર ઘસે. 'مُحَكَّكُ، حكٌّ'નું બાબે તફઈલથી ઈસ્મે મફઉલ છે. એટલે તે લાકડી જેના પર ખંજવાળવામાં આવ્યું હોય. અને ઈસ્મે ઝરફ પણ થઈ શકે છે, ખંજવાળવાની જગા. એનાથી મુરાદ અતિશય અનુભવી છે, એટલે હું ઘણો જ અનુભવી છું.

عِذْق۔عُذَيق قوله عُذَيقها المرجَّب ની તસ્ગીર છે. عذق ખજૂરનો ગુચ્છો. عَذْقٌ ખજૂરનું ઝાડ. અને رَجَبٌ، مرحَّبનો બાબે તફઈલથી ઈસ્મે મફઉલ છે. બોલવામાં આવે છે : رَجَّبْتُ النَّخْلَةَ જ્યારે કે તેને ટેકો લગાડી દેવામાં આવે, એટલે કે જ્યારે કે તેના પડી જવાનો અંદેશો હોય, ચાહે અધિક લંબાઈના કારણે અથવા ફળોના બોજના કારણે. એનાથી મુરાદ સહારો તથા વિશ્વાસુ છે. આ કહેનાર હુબાબ બિન મુન્ઝિર હતા. બહષના દરમિયાન હઝરત અબૂબક્રએ ફર્માવ્યું હતું, અમે અમીરો છીએ અને આપ લોકો વઝીરો. એના પર હુબાબ બિન મુન્ઝિરે કહ્યું, બખુદા ! એવું થવા નહીં દઈએ, અમારામાંથી એક અમીર થશે અને તમારામાંથી એક અમીર થશે. તેના જવાબમાં હઝરત ઉમરે ફર્માવ્યું, બે તલ્વારો એક મ્યાનમાં નથી રહી શક્તી. અમારામાંથી ઉમરાવ થશે અને તમારામાંથી વઝીરો.

قوله ثُمَّ بَايَعَتْهُ الاَنْصَارُ ફત્હુલબારીમાં ઈબ્ને ઈસ્હાક઼ના હવાલાથી મઝકૂર છે કે જ્યારે હઝરત સૈયદના સિદ્દીક઼ે અકબરે પોતાનો હાથ લંબાવ્યો તો મારા પહેલાં અન્સારના એક સાહબે બયઅત કરી લીધી, એ સાહબ બશીર બિન સઅદ હતા. હઝરત નોઅમાનના વાલિદ. (رضی اللہ عنہما)

**પ્રકરણ : "કુંવારા ઝાની સ્ત્રી તથા પુરૂષને કોરડા મારવામાં આવશે અને તડીપાર કરવામાં આવશે."**

باب۔ اَلْبِكْرَانِ يُجْلَدَانِ وَيُنْفَيَانِ.
اَلزَّانِيَةُ وَالزَّانِي فَاجْلِدُوا كُلَّ وَاحِدٍ
مِنْهُمَا مِائَةَ جَلْدَةٍ وَلَا تَأْخُذْكُمْ بِهِمَا
رَأْفَةٌ فِي دِيْنِ اللّٰهِ إِنْ كُنْتُمْ تُؤْمِنُوْنَ
بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَلْيَشْهَدْ عَذَابَهُمَا
طَائِفَةٌ مِّنَ الْمُؤْمِنِيْنَ اَلزَّانِي لَا يَنْكِحُ
إِلَّا زَانِيَةً أَوْ مُشْرِكَةً وَالزَّانِيَةُ لَا يَنْكِحُهَا
إِلَّا زَانٍ أَوْ مُشْرِكٌ وَحُرِّمَ ذٰلِكَ عَلَى
الْمُؤْمِنِيْنَ۔
(سورۂ نور آیات ۲و۳ (ص ۱۰۱۰)

"બદ્કાર પુરૂષ તથા સ્ત્રીમાંથી દરેકને સો કોરડા મારો અને અલ્લાહના દીનના મામલામાં તમને એમના પર દયા ન આવે જો તમે અલ્લાહ અને પાછલા દિવસ પર ઈમાન ધરાવો છો. અને જોઈએ કે તેમની સજાના સમયે મુસલમાનોનું એક ટોળુ હાજર થાય, જો તમે અલ્લાહ અને પાછલા દિવસ પર ઈમાન ધરાવો છો. બદ્કાર પુરૂષ નિકાહ કરશે નહીં પણ બદ્કાર અથવા મુશ્રિક સ્ત્રી સાથે અને બદ્કાર સ્ત્રી સાથે નિકાહ કરશે નહીં, પણ બદ્કાર પુરૂષ અથવા મુશ્રિક. અને આ કામ ઈમાનવાળાઓ માટે હરામ છે. "

*—સૂરએ નૂર, આ. ૨–૩ (૧૦૧૦)*

**સ્પષ્ટતા :** પ્રકરણમાં "બિક્ર"થી મુરાદ તે પુરૂષ છે જેણે નિકાહની સાથે કોઈ સ્ત્રી સાથે સંભોગ ન કર્યો હોય. એ જ પ્રમાણે "બિક્ર" સ્ત્રી (કુંવારી)થી મુરાદ જેની સાથે સહીહ નિકાહની સાથે સંભોગ કરવામાં ન આવ્યો હોય.

પ્રકરણનું ટાઈટલ એક મૌક઼ૂફ઼ હદીષનું ટાઈટલ છે જેને ઈમામ ઈબ્ને અબી શયબાએ રિવાયત કરી છે. આ વધારાની સાથે : والثَّيِّبَانِ يُجْلَدَانِ وَيُرْجَمَانِ અને ષય્યિબ (પરણિત) પુરૂષ તથા સ્ત્રીને કોરડા પણ મારવામાં આવશે, અને સંગસાર પણ કરવામાં આવશે.

ઈબ્ને મુન્ઝિરે વધારાને આ શબ્દોમાં રિવાયત કર્યો : والثَّيِّبَانِ يُرْجَمَانِ وَالَّذَانِ بَلَغَاشِنًا يُجْلَدَانِ ثُمَّ يُرْجَمَانِ અને ષય્યિબને સંગસાર કરવામાં આવશે અને જે વૃદ્ધ થઈ ચૂક્યાં હોય તેમને કોરડા મારવામાં આવશે પછી

સંગસાર કરવામાં આવશે.

અને ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે ષૌરી અન અઅ્મશ મસ્રૂક઼ના તરીક઼ાથી આ પ્રમાણે રિવાયત કરી :–

البكران يجلدان وينفيان وَالثيبان يرجمان ولا يجلدان والشيخان يجلدان ثم يرجمان.

''બિક્ર''ને કોરડા મારવામાં આવશે અને તડીપાર કરવામાં આવશે અને ષય્યિબને સંગસાર કરવામાં આવશે અને કોરડા નહીં મારવામાં આવે, અને વૃદ્ધ પુરૂષ તથા સ્ત્રીને કોરડા મારવામાં આવશે પછી સંગસાર કરવામાં આવશે.

અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું, એના રિજાલ સહીહના રિજાલ છે.

**મઝહબે અહનાફ (હનફીઓનો મઝહબ)** : આ મામલામાં એ છે કે ગૈર મુહસન (અપરણીત) પુરૂષ તથા સ્ત્રીને ઝિના (વ્યભિચાર)ની હદ (સજા) કેવળ કોરડા મારવું છે, તડીપાર કરવું હદમાં સામેલ નથી. અલ્બત્ત ઈસ્લામી હાકિમ તડીપાર કરવાની જરૂરત મેહસૂસ કરે રાજકીય રીતે તડીપાર કરી શકે છે. અને જે હદીષોમાં તડીપાર કરવાનો ઉલ્લેખ છે એ સૌથી મુરાદ એ જ છે કે જરૂરતના સમયે તેમને તડીપાર કરવામાં આવ્યાં. અલ્લામા ઈબ્ને હજરે મુહમ્મદ બિન નસ્રની કિતાબ અલ્ઈજમાઅથી નક઼લ કર્યું કે ઝાનીને તડીપાર કરવાના બારામાં કૂફીઓ સિવાય સર્વની એકમતિ છે ત્યાં સુધી કે હનફી ઈમામોમાંથી ઈમામ અબૂ યૂસુફનો પણ એ જ ક઼ૌલ છે.

ت ٨٠١ قَالَ ابْنُ عُيَيْنَةَ رَأْفَةٌ اِقَامَةُ الْحَدِّ۔

**[તઅલીક઼ : ૮૦૧]** *''ઈબ્ને ઓયૈનાએ ફર્માવ્યું, દયા ન આવે હદ (સજા) લાગુ કરવામાં.''*

ت ٨٠٢ قَالَ ابْنُ شِهَابٍ وَأَخْبَرَنِي عُرْوَةُ بْنُ الزُّبَيْرِ اَنَّ عُمَرَ بْنَ الْخَطَّابِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ غَرَّبَ ثُمَّ لَمْ تَزَلْ تِلْكَ السُّنَّةُ

**[તઅલીક઼ : ૮૦૨]** *''ઉરવા બિન ઝુબૈરે ખબર આપી કે ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ એ ઝાનીને તડીપાર કર્યો અને પછી એ જ તરીક઼ો હમેશાં રહ્યો.''*

**તઅલીક઼ : ૮૦૨ની સમજૂતી** આ હદીષ મુન્ક઼તઅ છે એટલા માટે કે ઉરવાનું સાંભળવું હઝરત ઉમર رضی اللہ عنہથી સાબિત નથી. પરંતુ તિર્મિઝીમાં છે :–

عن عبيد الله عن نافع عن ابن عمراَنَّ النبِى صلّى الله عليه وسلّم ضرب وغرب وان ابا بكر ضرب وغرب وان عمرضرب وغَرَّب

''નબી ﷺએ ઝાનીને માર્યો અને તડીપાર કર્યો અને હઝરત અબૂબક્રએ માર્યો અને તડીપાર કર્યો અને હઝરત ઉમરે માર્યો અને તડીપાર કર્યો. એને નિસાઈ ઈબ્ને ખુઝૈમા અને હાકિમે પણ રિવાયત કરી અને હાકિમે એની તસ્હીહ કરી. (સહીહ બતાવી)

قَوْلُهُ تِلْكَ السُّنَّةُ ત્યાં સુધી કે મરવાને પણ તડીપાર કર્યો. એના બાદ એને મદીનાવાળાઓએ ત્યજી દીધું.

حدیث ۲۸۴۷ عَنْ اَبِی هُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی
[હદીષ : ૨૮૪૭]

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ એ શખ્સના બારામાં જેણે ઝિના કર્યો અને*

عَلَیْہِ وَسَلَّمَ قَضٰی فِیْمَنْ زَنٰی وَلَمْ یُحْصَنْ بِنَفْیِ عَامٍ بِاِقَامَۃِ الْحَدِّ عَلَیْہِ

*મુહસન (પરણીત) ન હતો વરસભર તડીપાર થવાનો હુકમ આપ્યો, તેના પર હદ લાગુ કરવાની સાથોસાથ."*

*(નિસાઈ–રજ્મ)*

**હદીષ : ૨૮૪૭ની સમજૂતી** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નું એ ફર્માવવું કે હદ (સજા) લાગુ કરવાની સાથોસાથ એક સાલના માટે તડીપાર થવાનો હુકમ આપ્યો, આ એની દલીલ છે કે તડીપાર કરવું સજામાં સામેલ નથી.

## باب کم التعزیر والادب ص۱۰۱۲

**પ્રકરણ : "સજા તથા શિક્ષા કેટલી આપવામાં આવશે."** *–(૧૦૧૨)*

حدیث ۲۸۴۸ عَنْ عَبْدِ الرَّحْمٰنِ بْنِ جَابِرِ بْنِ عَبْدِ اللّٰہِ عَنْ اَبِیْ بُرْدَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی
**[હદીષ : ૨૮૪૮]**

*"હઝરત અબૂ બુર્દા અન્સારી رضی اللہ عنہ એ કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم ફર્માવતા હતા કે કોઈ*

عَنْہُ قَالَ کَانَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَقُوْلُ لَا یُجْلَدُ فَوْقَ عَشْرِ

*સજામાં દસ કોરડાથી વધુ ન મારવામાં આવે, સિવાય*

جَلَدَاتٍ اِلَّا فِیْ حَدٍّ مِّنْ حُدُوْدِ اللّٰہِ

*અલ્લાહની હદોમાંથી કોઈ હદમાં."*

*(એનાથી મુત્તસિલ બે તરીક઼ાથી છે, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–હુદૂદ, નિસાઈ–મુહારિબા)*

**હદીષ : ૨૮૪૮ની સમજૂતી** આ હદીષમાં હદથી શું મુરાદ છે એના અનુસંધાનમાં શરહકર્તાઓનાં વિવિધ કથનો છે. જાહેર એ છે કે એનાથી મુરાદ તે સજા છે જે શરીઅતે કોઈ જુર્મ પર નિશ્ચિત કરી છે. હદીષમાં તે સ્પષ્ટતા છે કે હદના સિવાય કોઈ અન્ય જુર્મની સજામાં દસ કોરડાથી વધુ ન મારવામાં આવે. પરંતુ અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો) થકી એનાથી વધુ કોરડા મારવાની રિવાયતો મૌજૂદ છે. અને હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ને લખ્યું કે તઅઝીરમાં ૨૦ કોરડાથી વધુ કોઈને ન મારો. અને હઝરત ઉષ્માનથી ૩૦ સુધીની સંખ્યા રિવાયત પામેલી છે. તેમજ હઝરત ઉમરથી એક રિવાયત એ પણ છે કે તેમણે સો કોરડા સુધીની ઈજાઝત આપી છે. અને એ જ પ્રમાણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہما થી પણ રિવાયત થયેલ છે.

એના કારણે આ બાબતમાં અઈમ્માએ કિરામ (ઈમામો)ના વિવિધ અક઼્વાલ (કથનો) છે. સહીહ તથા

મુહક્ક઼ક઼ એ છે કે એની કોઈ સીમા નથી, કે આ જુર્મ તથા મુજરિમની હૈસિયતના લેહાઝથી વિવિધ હોય શકે છે. શરીફ અને બુદ્ધિશાળી વ્યક્તિઓના માટે ક્યારેક કેવળ પૂછી લેવું જ પૂરતુ હોય છે કે શું તમે આવુ કર્યુ છે, બલ્કે ક્યારેક આટલુ કહેવું જ ઘણુ થઈ જાય છે કે આ આપની શાનને લાયક નથી ! ક્યારેક મામૂલી તતડાવવું જ પૂરતુ હોય છે, અને ક્યારેક દસ વીસ કોરડા અપૂરતા હોય છે. વળી ગુનાહે સગીરા કરતાં ગુનાહે કબીરાની સજા અલગ અલગ થશે. વળી એક આદતવાળા (આદી) મુજરિમની સજા અલગ થશે તેના કરતાં, જેનાથી પ્રથમવાર જુર્મ થયો હોય. એટલા માટે મોહક્ક઼ક઼ (તેહક઼ીક઼પૂર્ણ) તથા રાજેહ (પસંદીદા) એ જ છે કે તઅઝીર (સજા) હાકિમની મસ્લેહત પર છે.

વળી તાદીબનો મામલો તઅઝીરથી અલગ છે. દા.ત. બાપ બેટાને, ઉસ્તાદ શાગિર્દને, માલિક ગુલામને કોઈ એવી વાત પર પણ સજા આપી શકે છે જે હક઼ીક઼તમાં ગુનોહ નથી. પરંતુ હવે સવાલ એ છે કે જ્યારે હદીષમાં દસની મર્યાદા વર્ણન થયેલી છે તો એનાથી વધુ તઅઝીરની ઈજાઝત કેવી રીતે થશે ?

એટલા માટે આ હદીષમાં હદથી અવામિર (કરવાનાં કામો) અને નવાહી (ન કરવાનાં કામો) મુરાદ લેવામાં આવે. એટલે કે કોઈ ફર્ઝ કે વાજિબના છોડવા પર, અથવા કોઈ નાજાઈઝ કે હરામમાં પડવા પર દસ કોરડાઓથી વધુ સજા આપી શકાય છે. આ હદીષને ઈમામ બુખારીએ બે અન્ય તરીક઼ાઓ વડે તખરીઝ કરી છે : (૧) અમ્ર બિન અલીના તરીક઼ાથી. એમાં એવું છે કે અબ્દુર્રહમાન બિન જાબિરે એનાથી રિવાયત કરતાં જેણે નબી ﷺથી સાંભળ્યું છે, મને હદીષ વર્ણવી. (૨) યહ્યા બિન સુલૈમાનના તરીક઼ાથી. એમાં એવું છે કે ઈબ્ને વહબે કહ્યું, મને અમ્રએ હદીષ વર્ણવી કે બુકેરે એમને હદીષ વર્ણવી કે હું સુલૈમાન બિન યસારની પાસે બેઠેલો હતો એવામાં અબ્દુર્રહમાન બિન જાબિર આવ્યા અને સુલૈમાન બિન યસારથી હદીષ વર્ણવી. ત્યાર બાદ સુલૈમાન બિન યસાર અમારા તરફ ધ્યાનિત થયા અને કહ્યું, મને અબ્દુર્રહમાન બિન જાબિરે હદીષ વર્ણવી કે તેમના બાપે હદીષ વર્ણવી કે તેમણે અબૂ બુરદા અન્સારીથી સાંભળ્યું કે તેમણે કહ્યું, મેં નબી ﷺને ફર્માવતાં સાંભળ્યા.

ત્રણેવ તરીક઼ાઓમાં ફરક એ છે કે પહેલા તરીક઼ામાં અબ્દુર્રહમાન બિન જાબિર ડાયરેક્ટ હઝરત અબૂ બુર્દા અન્સારી رضی اللہ عنہથી રિવાયત કરે છે. બીજા તરીક઼ામાં અબ્દુર્રહમાન બિન જાબિરે એ સાહબનું નામ નથી લીધું જેમનાથી તેમણે રિવાયત કરી, જેમણે નબી ﷺથી સાંભળ્યું. એમાં અબ્દુર્રહમાન બિન જાબિરના શયખનું નામ વર્ણન થયેલ નથી, પણ એનાથી કાંઈ ફરક નથી પડતો કે જ્યારે આ સ્પષ્ટતા છે કે તેમણે નબી ﷺથી સાંભળ્યું. આ એની દલીલ છે કે તે સહાબી હતા અને સહાબી સર્વે આદિલ છે. અને એની પણ શક્યતા છે કે અબૂ બુર્દા અન્સારી رضی اللہ عنہ જ હોય. જેમ કે બીજા તરીક઼ામાં સ્પષ્ટતા છે.

ત્રીજા તરીક઼ામાં અબ્દુર્રહમાન ઈબ્ને જાબિર અને હઝરત અબૂ બુર્દા અન્સારી رضی اللہ عنہની વચ્ચે હઝરત જાબિર رضی اللہ عنہ પણ છે. એનાથી પણ કોઈ ખલેલ નથી પડતો. શક્ય છે કે અબ્દુર્રહમાન ઈબ્ને જાબિરે એને પોતાના પિતા હઝરત જાબિરથી પણ સાંભળ્યું હોય અને ડાયરેક્ટ હઝરત અબૂ બુર્દા અન્સારી رضی اللہ عنہથી પણ સાંભળ્યું હોય. અલ્બત્ત દરેક રિવાયતના શબ્દો વિવિધ છે. પ્રથમ રિવાયત જે અબ્દુલ્લાહ ઈબ્ને યૂસુફના તરીક઼ાથી છે એમાં આ પ્રમાણે છે : لایجلد فوق عشر جلدات બીજી રિવાયત અમ્ર બિન અલીના તરીક઼ાથી છે એમાં : لا عقوبۃ فوق عشر ضربات અને ત્રીજી રિવાયત યહયા બિન સુલૈમાનના તરીક઼ાથી છે એમાં છે : لا یجلد فوق عشر اسواط. પણ અર્થ ત્રણેવનો એક જ છે. ضربۃ જો કે અર્થના હિસાબે સામાન્ય છે પણ આદત એ જ હતી કે કોરડાઓથી જ સજા આપવામાં આવતી હતી એટલા માટે ضربۃથી મુરાદ કોરડા મારવું જ છે.

એના બાદ હઝરત ઈમામ બુખારી رضی اللہ عنہએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની મશહૂર હદીષે સૌમે વિસાલ વર્ણન કરી જેમાં એ વર્ણન છે કે હુઝૂર ﷺએ સૌમે વિસાલ (ઈફતારી વિનાના રોઝા)થી લોકોને મના કર્યુ તો કેટલાક લોકોએ અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! ﷺ આપ સૌમે વિસાલ રાખો છો ! ફર્માવ્યું, ''તમારામાં કોણ મારા જેવો છે ?! મને મારો રબ ખવડાવે પીવડાવે છે.'' જ્યારે લોકો માન્યા નહીં તો હુઝૂરે બે દિવસ સૌમે વિસાલ રાખ્યા પછી ચાંદ દેખાય ગયો તો ફર્માવ્યું, જો ચાંદ હમણા ન દેખાત તો હું ઔર પણ સૌમે વિસાલ રાખતો. આ ઈર્શાદ એવો હતો જેમ કે એમની સજાના માટે ફર્માવી રહ્યા હોય. મતલબ એ હતો કે હું તો સતત સૌમે વિસાલ રાખત અને તમે લોકો આજિઝ આવી જાત. એનાથી સાબિત થયું કે તઅઝીર કેવળ મારવામાં જ સીમિત નથી, તઅઝીર ક્યારેક ધમકાવવા, ચેતવવા અને ક્યારેક બીજા તરીક઼ાથી પણ હોય છે.

**પ્રકરણ : ''ગુલામો પર ઝિનાની તોહમત લગાડવી.''** –(૧૦૧૩)

باب قذف العبيد ص١٠١٣

**સ્પષ્ટતા :** અહીં મસ્દરની ઈઝાફત મફઉલબિહની તરફ છે. એના હેઠળ જે હદીષ વર્ણન થઈ છે એ એની દલીલ છે. એટલે કે જો કોઈએ ગુલામ પર ઝિનાની તોહમત લગાડી તો શું હુકમ છે. જો કે શબ્દ એની પણ સંભાવના ધરાવે છે કે ઈઝાફત ફાઈલની તરફ હોય, એટલે ગુલામ કોઈના પર ઝિનાની તોહમત લગાડે તો શું હુકમ છે ? જમહૂરનો મઝહબ એ છે કે ગુલામને ચાલીસ કોરડા મારવામાં આવે. પરંતુ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ, ઈમામ ઝુહરી, ઈમામ અવઝાઈ તથા અહલે ઝાહિરનો મઝહબ એ છે કે એને એંસી કોરડા મારવામાં આવે. હેડિંગમાં જો કે ઓબૈદનો શબ્દ છે, પણ આ જ હુકમ બાંદીઓનો પણ છે.

حدیث ٢٨٤٩ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُ قَالَ سَمِعْتُ أَبَا الْقَاسِمِ

*''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે મેં અબુલ ક઼ાસિમ ﷺને ફર્માવતાં સાંભળ્યા,* **[હદીષ : ૨૮૪૯]**

صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ مَنْ قَذَفَ مَمْلُوكَهُ وَهُوَ بَرِيءٌ مِمَّا

*જે શખ્સ પોતાના ગુલામ પર ઝિનાની તોહમત લગાડશે અને ગુલામ એનાથી પાક હશે તો તેને ક઼યામતના*

قَالَ جُلِدَ يَوْمَ الْقِيَامَةِ إِلَّا أَنْ يَكُونَ كَمَا قَالَ

*દિવસે કોરડા મારવામાં આવશે, પણ એ કે ગુલામ એવો જ હોય જેવું કે તેણે કહ્યું.''*

*(મુસ્લિમ–ઈમાન વન્નુઝૂર, અબૂ દાઊદ–અદબ, તિર્મિઝી–બિર્ર, નિસાઈ–રજ્મ)*

## હદીષ : ૨૮૪૯ની સમજૂતી

એના પર ઈજમાઅ છે કે જો કોઈ શખ્સ ગુલામ પર ઝિનાની તોહમત લગાડે તો એના પર હદ નથી. દલીલ એ જ હદીષ છે. કેમ કે જો દુનિયામાં એના પર હદ હોત તો તેને જરૂર વર્ણવવામાં આવત, જ્યારે કે હદ ગુનાહોનો કફ્ફારો છે. તો જે જુર્મ પર હદ લાગુ કરી દેવામાં આવે તો ક઼યામતના દિવસે એના પર ફરી સજાનો સવાલ જ નથી.

بسم الله الرحمن الرحيم

# كتاب الدّيات ص١٠١٤

## 'કિતાબુદ્દિયાત' (દિયત વિશે પ્રકરણ) –(૧૦૧૪)

### ★ જે કોઈ મો'મિનને ઈરાદાપૂર્વક કત્લ કરે તો તેની સજા જહન્નમ છે ★

وقول الله و من يقتل مؤمنا متعمدا فجزاؤه جهنم

અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું વર્ણન : **''જે કોઈ મો'મિનને ઈરાદાપૂર્વક કત્લ કરે તો તેની સજા જહન્નમ છે.''**

**સ્પષ્ટતા :** دية 'دیات' દિયાત, દિયતનું બહુવચન છે. જેમ કે ઈદ્દતનું બહુવચન ઈદ્દાત છે. એની અસ્લ وَدْىٌ હતી એ લફીફ મફરુક છે. વાવને હઝફ કરીને એના બદલે છેવટમાં ''તા'' વધારી દેવામાં આવી અને ''ફા'' હર્ફને ઝબર આપવામાં આવ્યો. જેમ કે وعدથી عدة અને وزنથી زنة. એનો અર્થ છે જાન અથવા ઝખ્મના બદલામાં માલ આપવો જેને ઉર્દૂમાં ખૂંબહા કહે છે. કેસાસનો અર્થ બદલો લેવું છે. દા.ત. કત્લ થનારાના બદલામાં ખૂનીને કત્લ કરવો, દાંત તોડવાના બદલામાં દાંત તોડવો. હકીકતમાં કેસાસ દિયતથી અલગ એક પ્રકાર છે પરંતુ જે જુર્મોમાં કેસાસ વાજિબ થાય છે એમાં એ પણ ઈખ્તિયાર હોય છે કે કત્લ થનારના વાલીઓ અથવા ઘાયલ થનાર માલ લઈ લે અને કેસાસ છોડી આપે. આ નિસ્બતના કારણે ઈમામ બુખારીએ દિયાતના હેઠળ કેસાસનું પણ વર્ણન કર્યું છે.

حدیث ٢٨٥٠ عن ابن عمر رضي الله تعالى عنهما قال قال رسول الله صلى الله تعالى عليه وسلم لن يزال المؤمن في فسحة من دينه ما لم يصب دما حراما.

*''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે મો'મિન તે સમય સુધી પોતાના દીનમાં રાહતની સાથે રહેશે જ્યાં સુધી નાહક્ક ખૂન નહીં કરે.''* **[હદીષ : ૨૮૫૦]**

حدیث ٢٨٥١ عن عبد الله بن عمر رضي الله تعالى عنهما قال إن من ورطات الأمور التي لا مخرج لمن أوقع نفسه فيها سفك الدم الحرام بغير حله

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું, એ તબાહ કરનારી વાતોમાંથી જેમાં ફસાયા બાદ માણસ નીકળી નથી શકતો એ નાહક્ક ખૂન છે.''* **[હદીષ : ૨૮૫૧]**

**★ નાહક્ક઼ ખૂનની સજા ★**

**હદીષ : ૨૮૫૧ની સમજૂતી**

લગભગ આ જ વિષય કુર્આન મજીદમાં છે. ઈર્શાદ છે :–

**وَمَنۡ قُتِلَ مَظۡلُوۡمًا فَقَدۡ جَعَلۡنَا لِوَلِيِّهٖ سُلۡطَانًا فَلَا يُسۡرِفۡ فِى الۡقَتۡلِ اِنَّهٗ كَانَ مَنۡصُوۡرًا** "અને નાહક્ક઼ મારવામાં આવે તો બેશક ! અમે એના વારસને ક઼ાબૂ આપ્યો છે, તો તે ક઼્ત્લમાં હદથી ન વધે, જરૂર એની મદદ થવાની છે." *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૩૩)* જ્યારે હઝરત ઝુન્નૂરૈન ઉષ્માન ગની رضی اللہ عنہ શહીદ કરવામાં આવ્યા. તો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે હવે સખત ફિત્નાઓ ઉઠશે, અને એ જ આયતે કરીમાની તિલાવત કરી.

**★ હઝરત ઉષ્માનગની رضی اللہ عنہની શહાદત સુધી પૂરી દુનિયાના મુસલમાનો એકમત અને એકતાવાળા હતા ★**

ઈસ્લામી ઈતિહાસ સાક્ષી છે કે **હઝરત ઉષ્માનગની رضی اللہ عنہની શહાદત સુધી પૂરી દુનિયાના મુસલમાનો એકમત અને એકતાવાળા હતા.** તેમની શહાદત પછી ફિત્ના ઉઠવા શરૂ થયા, તો લગભગ પંદરસો વરસો વહી ગયા બાદ પણ બંધ ન થઈ શક્યા. જંગે જુમલ, જંગે સિફ્ફીન, ખારજીઓના ઝઘડા, કર્બલાનો બનાવ, હેરાનો બનાવ, મક્કા મોઅઝ્ઝમા પર વારંવાર લશ્કરી હુમ્લા વગેરે વગેરે સૌ તેનાં દષ્ટાંતો છે.

અલફખરી વગેરેએ વર્ણન કર્યું છે કે જ્યારે ઉષ્માન ગની رضی اللہ عنہ શહીદ થયા તો હઝરત અદી બિન હાતિમ رضی اللہ عنہએ કહ્યું, **لا ينتطح فيه عَنۡزَانِ** "એમાં બે મેંઢા નહી લડે." એ જંગે સિફ્ફીનમાં અમીરુલ મો'મિનીન મૌલલ્ મુસ્લિમીન અલી મુર્તઝા رضی اللہ عنہની સાથે હતા. એક તીર આવીને તેમની આંખમાં લાગ્યું અને આંખ જતી રહી. હઝરત ઈમામ હસને મુજતબા તથા હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના વચ્ચે સુલહ બાદ જ્યારે હાલાત સામાન્ય થઈ ગયા તો હઝરત અદી બિન હાતિમ رضی اللہ عنہ એકવાર હઝરત અમીર મુઆવિયહને ત્યાં ગયા. હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہએ તેમને પૂછયું કે હઝરત ઉષ્માનગની رضی اللہ عنہની શહાદત પર તમે એવું કહ્યું હતું : **لاينتطح فيه عنزان** તેમણે સ્વીકાર કર્યો. હઝરત મુઆવિયહએ ફર્માવ્યું : **هل نطح فيه عنزقال نعم التيس الاكبر** શું આ મામલામાં કોઈ મેંઢાએ શીંગ મારી ? તેમણે કહ્યું, હા ! ઘણા જ મોટા બોંકે (ખસ્સી વિનાનું નાનુ જાનવર બકરો, ઘેટો વગેરે).

**પ્રકરણ : "અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : અને જેણે તેને જીવંત રાખ્યો જાણે તેણે સર્વ લોકોને જીવંત રાખ્યા.** –*(૧૦૧૪)*

بَابُ قَوۡلِ اللهِ وَمَنۡ اَحۡيَاهَا۔
ص ۱۰۱۴

**★ જેણે કોઈને ક઼્ત્લ કર્યો ક઼ેસાસ વિના કે જમીનમાં ફસાદ વિના તો જાણે તેણે સર્વ લોકોને ક઼્ત્લ કર્યા ★**

**સ્પષ્ટતા** : સૂરએ માઈદામાં ફર્માવ્યું :–

**مَنۡ قَتَلَ نَفۡسًا بَغَيۡرِ نَفۡسٍ اَوۡسَادٍ فِى الۡاَرۡضِ فَكَاَنَّمَا قَتَلَ النَّاسَ جَمِيۡعًا وَمَنۡ اَحۡيَاهَا فَكَاَنَّمَا اَحۡيَا النَّاسَ جَمِيۡعًا۔** *(આ. ૩૩)*

જેણે કોઈને ક઼્ત્લ કર્યો ક઼ેસાસ વિના કે જમીનમાં ફસાદ વિના તો જાણે તેણે સર્વ લોકોને ક઼્ત્લ કર્યા અને જેણે એક શખ્સ જીવંત રાખ્યો તો જાણે તેણે સર્વ લોકોને જીવતા રાખ્યા.

મતલબ એ છે કે નાહક્ક઼ ખૂન કર્યા બાદ ક઼્ત્લ થનારા વાલી વારસો ક઼્ત્લનો બદલો લેવા માટે ઉઠશે અને

ક઼ાતિલના વાલીઓ ક઼ાતિલને બચાવવા માટે જોર લગાડશે, પછી આપસમાં લડાઈ થશે, અને ખૂનરેજી વધતી જશે. જેવું કે જાહિલિયતના જમાનામાં બની બકર તથા બની તુગલબમાં એક નાહક઼્ક઼ ખૂનની પાછળ પચાસ વરસો સુધી લડાઈ થતી રહી. હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ આયતે કરીમાના એક હિસ્સાને પ્રકરણનું હેડિંગ બનાવ્યું.

[તઅલીક઼ : ૮૦૩]

ت۸۰۳ قَالَ ابْنُ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهُمَا مَنْ حَرَّمَ قَطْلَهَا اِلَّا بِحَقٍّ حَیَّ النَّاسَ مِنْهُ جَمِیْعًا

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, જેણે નાહક઼્ક઼ ક઼ત્લને હરામ જાણ્યું તેણે સર્વ લોકોને જીવંત રાખ્યા."*

## તઅલીક઼ : ૮૦૩ની સમજૂતી

આ તઅલીક઼ને ઈસ્માઈલ ઈબ્ને ઝિયાદ સલ્લમીએ પોતાની તફસીરમાં રિવાયત કરી અને ઈમામ વકીઅએ પણ રિવાયત કરી.

بَابُ قَوْلِ اللّٰہِ اِنَّ النَّفْسَ بِالنَّفْسِ الآیۃ ص۱۰۱۶ .

**પ્રકરણ : "અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન કે બેશક ! જાન, જાનના બદલામાં છે."**

*–(૧૦૧૬)*

**સ્પષ્ટતા :** અસલ ઈર્શાદ છે :

وَکَتَبْنَا عَلَیْهِمْ فِیْهَا اَنَّ النَّفْسَ بِالنَّفْسِ وَالْعَیْنَ بِالْعَیْنِ وَالْاَنْفَ بِالْاَنْفِ وَالْاُذُنَ بِالْاُذُنِ وَالسِّنَّ بِالسِّنِّ وَالْجُرُوْحَ قِصَاصٌ ۔ (مائدہ ۵ آیت ۴۵)

"અને તૌરાતમાં અમે બની ઈસ્રાઈલ પર એ ફર્ઝ કર્યું કે જાનના બદલે જાન ક઼ત્લ કરવામાં આવે, અને આંખના બદલે આંખ ફોડવામાં આવે, અને કાનના બદલે કાન કાપવામાં આવે, અને દાંતના બદલે દાંત તોડવામાં આવે અને ઝખ્મોમાં ક઼ેસાસ લેવામાં આવે."

*(સૂરએ માઈદ–૪૫)*

આ હુકમ જો કે બની ઈસ્રાઈલના હતો પણ આ ક઼ાઈદાએ કુલ્લિયાના પ્રમાણે કે આગલી શરીઅતોના એહકામ જયારે جل جلالہ તથા રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم બયાન ફર્માવે અને તેના નસ્ખને જાહેર ન કરે તો તે જ આપણી શરીઅતના પણ એહકામ છે.

حدیث ۲۸۵۲ [હદીષ : ૨૮૫૨] عَنْ عَبْدِ اللّٰہِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّی

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે કોઈ એવા મુસલમાનનું ખૂન*

اللّٰہُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ لَا یَحِلُّ دَمُ امْرِئٍ مُّسْلِمٍ یَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا

*હલાલ નથી જે એ વાતની ગવાહી આપતો હોય કે અલ્લાહ તઆલાના સિવાય કોઈ મઅબૂદ નથી અને હું બેશક !*

اللّٰہُ وَاَنِّیْ رَسُوْلُ اللّٰہِ اِلَّا بِاِحْدٰی ثَلٰثٍ النَّفْسُ بِالنَّفْسِ وَالثَّیِّبُ الزَّانِیْ

*અલ્લાહનો રસૂલ છું, પણ ત્રણ વાતોમાંથી એકના કારણે, જાનના બદલે જાન અને ઝાની ષય્યિબ*

وَالْمُفَارِقُ لِدِيْنِهِ التَّارِكُ الْجَمَاعَةَ ع

(કુંવારો ન હોય) અને પોતાના દીનથી અલગ થનારો જે મુસલમાનોની જમાઅત છોડીને અલગ થઈ જાય."

(મુસ્લિમ, અબૂ દાઊદ–હુદૂદ, તિર્મિઝી–દિયાત, નિસાઈ–મુહારિબા અને કુઊદ)

**હદીષ : ૨૮૫૨ની સમજૂતી** ષય્યિબથી મુરાદ મુહસન છે એટલે જેણે સહીહ નિકાહ બાદ કોઈ સ્ત્રી સાથે સંભોગ કર્યો હતો. એના પર મુસલમાનોનો ઈજમાઅ છે કે એને સંગસાર કરવામાં આવે. અને દીનના મફ઼ારિક઼થી મુરાદ મુર્તદ છે. એના પર પણ ઈજમાઅ છે કે તે વાજિબુલ ક઼ત્લ છે. અમુક રિવાયતમાં અલ્મફ઼ારિક઼ને બદલે અલ્મારિક઼ છે, એનો અર્થ દીનથી નીકળી જનાર છે.

**પ્રકરણ : "જે કોઈ મુસલમાનના ખૂનનો હક઼્ વિના તલબગાર હોય."** –(૧૦૧૬)

بَابُ مَنْ طَلَبَ دَمَ امْرِئٍ بِغَيْرِ حَقٍّ ـ ص ۱۰۱۶ ـ

۲۸۵۳ حدیث حَدَّثَنَا نَافِعُ بْنُ جُبَيْرٍ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا أَنَّ النَّبِيَّ

**[હદીષ : ૨૮૫૩]** "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺ એ ફ઼ર્માવ્યું કે

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ أَبْغَضُ النَّاسِ إِلَى اللّٰهِ ثَلٰثَةٌ مُلْحِدٌ فِي الْحَرَمِ وَمُبْتَغٍ

અલ્લાહને સૌથી વધુ નાપસંદ ત્રણ પ્રકારના લોકો છે : હરમમાં જુર્મ કરનારા, ઈસ્લામમાં

فِي الْإِسْلَامِ سُنَّةَ الْجَاهِلِيَّةِ وَمُطَّلِبُ دَمِ امْرِئٍ بِغَيْرِ حَقٍّ لِيُهَرِيقَ دَمَهُ ـ

જાહિલિયતનો તરીક઼ો શોધનારા, અને કોઈ મુસલમાનને નાહક઼્ ક઼ત્લ કરવાની તાકમાં રહેનારા."

**હદીષ : ૨૮૫૩ની સમજૂતી** આ હદીષમાં البغض ઈસ્મે તફ઼ઝીલ એટલે મફ઼ઉલના વધારા માટે છે. એટલે મબ્ગુઝતર જેમ કે અશ્હર, મશ્હૂરતરના અર્થમાં. ઈલ્હાદનો અર્થ છે વાંકુ હોવું, અહીં મુરાદ છે કે હક઼્ છોડીને બાતિલ અપનાવવું, જુલ્મ કરવો.

**પ્રકરણ : "પુરૂષો તથા સ્ત્રીઓ વચ્ચે ઝખ્મોમાં ક઼ેસાસ."** –(૧૦૧૭)

بَابُ الْقِصَاصِ بَيْنَ الرِّجَالِ وَالنِّسَاءِ فِي الْجِرَاحَاتِ ص ۱۰۱۰ ـ

**સમજૂતી :** એના પર લગભગ એકમતિ છે કે પુરૂષ તથા સ્ત્રીના વચ્ચે ક઼ેસાસ છે. જો કે અમુક અકાબિરનો એ મઝહબ છે કે જો ક઼ત્લ થનાર સ્ત્રીના વારસો પુરૂષને ક઼ત્લ કરે તો અડધી દિયત આપે. એ જ પ્રમાણે ક઼ત્લ થનારા મર્દના વાલીઓ જે સ્ત્રીને ક઼ત્લ કરે તો અડધી દિયત આપે. ઈમામ હસન બસરી, ઈમામ અતા, ઈમામ શાફ઼ઈ વગેરેનો એ જ મઝહબ છે. પરંતુ પુરૂષ તથા સ્ત્રીના વચ્ચે ઝખ્મોમાં ક઼ેસાસ છે કે નહીં, એમાં મતભેદ છે. હઝરત ઈમામ માલિક અને હઝરત ઈમામ શાફ઼ઈ વગેરેનો મઝહબ છે કે ક઼ેસાસ છે, અને ઈમામે આ'ઝમ અબૂ

હનીફા رحمۃ اللہ علیہનો મઝહબ છે કે ઝખ્મોમાં કેસાસ નથી. એટલા માટે કે કેસાસમાં બરાબરી જરૂરી છે, અને પુરૂષ તથા સ્ત્રીના અંગોમાં સમાનતા નથી. જો કોઈએ કોઈનો નકામો થઈ ગયેલો હાથ કાપી નાખ્યો તો તેના બદલામાં તેનો તંદુરુસ્ત હાથ કાપવામાં નહીં આવે. અને કોઈ બીમારે કોઈ તંદુરુસ્તને કત્લ કરી નાખ્યો તો એને કેસાસમાં કત્લ કરવામાં આવશે.

**પ્રકરણ : "અને ઈલ્મવાળાઓએ કહ્યું કે પુરૂષને સ્ત્રીના બદલામાં કત્લ કરવામાં આવશે."**

وقال اهل العلم يقتل الرجل بالمرأة.

وَيُذْكَرُ عَنْ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَىٰ عَنْهُ تُقَادُ الْمَرْأَةُ مِنَ الرَّجُلِ فِي كُلِّ عَمْدٍ يَبْلُغُ نَفْسَهُ

*હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત કરતાં વર્ણન કરવામાં આવે છે કે સ્ત્રીનો કેસાસ પુરૂષથી લેવામાં આવશે. દરેક*

فَمَا دُونَهَا مِنَ الْجِرَاحِ وَبِهِ قَالَ عُمَرُ بْنُ عَبْدِ الْعَزِيزِ وَإِبْرَاهِيمُ وَأَبُو الزِّنَادِ عَنْ أَصْحَابِهِ

*ઈરાદાપૂર્વક ગુનામાં, જાન હોય કે એનાથી કાંઈક કમ ઝખ્મ. એ જ ઉમર બિન અબ્દુલઅઝીઝ અને ઈબ્રાહીમ નખઈએ કહ્યું. અને અબૂઝ્ઝનાદે પણ એ જ પોતાના ઉસ્તાદોથી રિવાયત કરતાં કહ્યું.*

**સ્પષ્ટતા** : આ લખાણમાં અસ્હાબથી મુરાદ ઉસ્તાદો છે. હઝરત કાસિમ બિન મુહમ્મદ, ઉરવા બિન ઝુબૈર, અબ્દુર્રહમાન બિન હરમુઝ, અઅ્રજ વગેરે.

ઈમામ બુખારીએ પ્રકરણની સાબિતીના માટે હઝરત ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની તે હદીષ વર્ણવી કે વિસાલ વેળાની બીમારીમાં હુઝૂર ﷺના મોઢામાં દવા ટપકાવી હતી. રાહત પછી હુઝૂરે અકદસ ﷺએ હુકમ આપ્યો કે અબ્બાસને છોડીને ઘરમાં જેટલા લોકો છે સૌના મોઢામાં દવા ટપકાવવામાં આવે. અને એ વખતે ઘરમાં અધિક્તર સ્ત્રીઓ જ હતી. આ અમલ એક તરીકાથી કેસાસ હતો. એનાથી સાબિત થયું કે જો સ્ત્રી જનાયત (ગુનો) કરે તો એનાથી કેસાસ લેવામાં આવશે.

**اقول وهوا لمستعان** પ્રકરણ છે ઝખ્મોથી કેસાસના વિશે અને હદીષમાં ઝખ્મોનો કોઈ ઉલ્લેખ જ નથી અને ન એ કેસાસ હતો, બલ્કે એ તાદીબ (ચેતવણી) રૂપે ઈર્શાદ ફર્માવ્યો હતો.

**પ્રકરણ : "જેણે બાદશાહ વિના પોતાનો હક્ક લીધો અથવા કેસાસ લીધો."** –*(૧૦૧૭)*

بَابُ مَنْ أَخَذَ حَقَّهُ أَوِ اقْتَصَّ دُونَ السُّلْطَانِ ص ١٠١٧

حديث ٢٨٥٤ اَنَّ الْاَعْرَجَ حَدَّثَهُ اَنَّهُ سَمِعَ اَبَا هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَىٰ عَنْهُ اَنَّهُ سَمِعَ

*"અઅ્રજે હદીષ વર્ણવી કે તેમણે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી એવું કહેતાં સાંભળ્યું,* **[હદીષ : ૨૮૫૪]**

رَسُولَ اللهِ صَلَّى اللهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ نَحْنُ الْآخِرُونَ السَّابِقُونَ وَبِإِسْنَادِهِ لَوْ

*તેમણે રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યું, અમે સૌમાં પાછલા અને સૌથી આગળ નીકળનારા છે. એ જ*

اَطلَعَ فِی بَیتِكَ اَحَدٌ وَلَمْ تَاْذَنْ لَهٗ خَذَفتَهٗ بِحَصَاةٍ فَفَقَأتَ عَينَهٗ مَا كَانَ عَلَيكَ مِنْ جُنَاحٍ

*અસ્નાદની સાથે એને પણ વર્ણન કર્યું, જો ઈજાઝત તલબ કર્યા વિના જો તારા ઘરમાં કોઈ ઝાંકે અને તું કાકરી નાખીને તેને મારે જેનાથી તેની આંખ ફૂટી જાય તો તારા પર કોઈ ગુનાહ નથી."*

**હદીષ : ૨૮૫૪ની સમજૂતી** આ હદીષને પ્રકરણ સાથે એ રીતે નિસ્બત છે કે હુઝૂરે અક્દસ ﷺએ પોતાની ઉમ્મતને તા'લીમ આપી.

ફુક્હાએ કિરામ ફર્માવે છે કે એ સ્થિતિમાં કેસાસ છે, નહીં તો અમ્ન સલામત નહીં રહે. અને હદીષમાં જે ફર્માવ્યું તે તગ્લીઝન્ (અતિશયોક્તિ રૂપે) છે.

بَابُ اِذَا عَضَّ رَجُلًا فَوَقَعَتْ ثَنَايَاهُ۔ ص١٠١٨

**પ્રકરણ : "જ્યારે કોઈને કોઈએ દાંતથી કરડયું અને તેના આગલા દાંત ખરી પડયા."** *–(૧૦૧૮)*

حدیث ٢٨٥٥ **[હદીષ : ૨૮૫૫]** عَنْ عِمْرَانَ بْنِ حُصَيْنٍ اَنَّ رَجُلًا عَضَّ يَدَ رَجُلٍ فَنَزَعَ يَدَهٗ مِنْ فِيْهِ

*"હઝરત ઈમરાન બિન હુસૈન رضي الله عنهથી રિવાયત છે કે એક શખ્સે એક શખ્સના હાથને દાંત વડે કરડયો. તેણે*

فَوَقَعَتْ ثَنِيَّتَاهُ فَاخْتَصَمُوْا اِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ يَعَضُّ

*પોતાનો હાથ તેના મોંઢેથી ખેંચ્યો તો તેના આગલા દાંત ઉખડી ગયા. તે લોકોએ નબી ﷺની ખિદમતમાં*

اَحَدُكُمْ اَخَاهُ كَمَا يَعَضُّ الْفَحْلُ لَا دِيَةَ لَكَ ع

*મામલો પેશ કર્યો, તો ફર્માવ્યું, તમે તમારા ભાઈને એવી રીતે દાંતથી કરડો છો, જેવી રીતે નર ઊંટ કરડે છે ! તારા માટે કોઈ દિયત નથી." (મુસ્લિમ–હુદૂદ, તિર્મિઝી–દિયાત, નિસાઈ–કેસાસ, ઈબ્ને માજહ–દિયાત)*

**હદીષ : ૨૮૫૫ની સમજૂતી** દાંતથી કરડનાર હઝરત યઅ્લા બિન ઉમૈયા رضي الله عنه જ હતા, અને જેમને તેમણે દાંતથી કરડયું હતું તે એમનો નોકર હતો. શરહકર્તાઓએ ઘણી જ મહેનતપૂર્વક આ બે વાતોને નિશ્ચિત કરી છે. બુખારીમાં જ બાબે ગઝવતુત્તબૂકમાં છે, હઝરત યઅલા કહે છે કે હું નબી ﷺની સાથે જયશે ઈસ્રતમાં શરીક થયો. મારો એક મજૂર હતો. તેણે એક શખ્સ સાથે ઝઘડો કર્યો. એમાંથી એકે બીજાના હાથમાં દાંતથી કરડી લીધું. (અલ હદીષ) મુસ્લિમ તથા નિસાઈમાં હઝરત અતાઅની રિવાયતમાં છે કે યઅલાના એક નોકરનું પહોંચુ (હાથનું) કોઈએ દાંત વડે કરડયું. તેમજ નિસાઈમાં સુફયાનની રિવાયતથી છે. મારા નોકરે એક શખ્સ સાથે લડાઈ કરી તો તેને બીજાએ દાંત વડે કરડી લીધું. તેમજ નિસાઈમાં જ સલમા બિન ઉમૈયા અને યઅ્લા બિન ઉમૈયાથી રિવાયત થયેલ છે. બંનેવે કહ્યું, અમે રસૂલુલ્લાહ ﷺની સાથે ગઝવએ તબૂકમાં ગયા. અમારો એક સાથી હતો તેણે એક મુસલમાન સાથે ઝઘડો કર્યો. તે શખ્સે અમારા સાથીનું પહોંચુ દાંત વડે કરડે લીધું. આ સર્વ રિવાયતોથી સાબિત થાય છે કે જેને દાંતથી કરવામાં આવ્યું હતું એ યઅ્લા બિન ઉમૈયા رضي الله عنهનો મજૂર હતો. અને દાંતથી કરડનાર હઝરત યઅ્લા બિન ઉમૈયા પોતે જ હતા. એની ભાળ એનાથી મળે છે કે

ઓબૈદ ઈબ્ને અકીલથી નિસાઈમાં રિવાયત છે કે બની તમીમના એક શખ્સે દાંતથી કરડયું. અને બની તમીમથી યઅ્લા બિન ઉમૈયા છે. તેમનો મજૂર કયા કબીલાથી છે એ ખબર નથી.

بَابُ دِيَةِ الْأَصَابِعِ ص۱۰۱۸

**પ્રકરણ : "આંગળીઓની દિયતનું બયાન."** –(૧૦૧૮)

۲۸۵۶ حدیث عَنْ عِكْرِمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નબી ﷺથી રિવાયત કરે છે કે ફર્માવ્યું, આ તથા* **[હદીષ : ૨૮૫૬]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ هٰذِهٖ وَهٰذِهٖ سَوَاءٌ يَعْنِي الْخِنْصِرَ وَالْإِبْهَامَ

*આ બરાબર છે. એટલે નાની આંગળી તથા અંગૂઠો." (અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ)*

**હદીષ : ૨૮૫૬ની સમજૂતી** મતલબ એ છે કે નબી ﷺએ નાની આંગળી અને અંગૂઠાની તરફ ઈશારો કરીને ફર્માવ્યું, દિયતના મામલામાં આ બંનેવ બરાબર છે. એટલે દિયતમાં વધઘટ નથી. રસૂલુલ્લાહ ﷺએ આલે અમ્ર બિન હઝમના માટે જે કિતાબુદ્દિયાત લખી હતી એમાં એ છે કે હાથમાં પચાસ ઊંટ છે, દરેક આંગળીમાં દસ ઊંટ. હવે પ્રકરણની હદીષનો મતલબ એ થયો કે જેવી રીતે અંગૂઠાની દિયત દસ ઊંટ છે એવી રીતે ટચલી આંગળીની દિયત પણ દસ ઊંટ છે. આંગળીઓ બેડકાંઓમાં એક આંગળીની દિયત ૧/૩ છે. જેમ કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ ફેંસલો કર્યો.

بَابُ إِذَا أَصَابَ قَوْمٌ مِنْ رَجُلٍ هَلْ يُعَاقَبُ أَوْ يُقْتَصُّ مِنْهُمْ كُلِّهِمْ. ص۱۰۱۸

**પ્રકરણ : "જ્યારે એક કૌમ કોઈ શખ્સને મારે અથવા ઝખ્મી કરે તો શું સૌને સજા આપવામાં આવશે કે સૌથી કેસાસ લેવામાં આવશે."** –(૧૦૧૮)

ت ۸۰۴ وَقَالَ مُطَرِّفٌ عَنِ الشَّعْبِيِّ فِي رَجُلَيْنِ شَهِدَا عَلٰى رَجُلٍ سَرَقَ

*"ઈમામ શઅબીથી બે એવા શખ્સોના બારામાં રિવાયત છે જેમણે એક શખ્સના* **[તઅલીક : ૮૦૪]**

فَقَطَعَهُ عَلِيٌّ ثُمَّ جَاءَا بِآخَرَ قَالَا أَخْطَأْنَا فَأَبْطَلَ شَهَادَتَهُمَا وَأُخِذَ بِدِيَةِ

*બારામાં ગવાહી આપી કે તેણે ચોરી કરી છે. હઝરત અલી رضی اللہ عنہ એ ચોરનો હાથ કાપી લીધો. પછી તે બંનેવ એક*

الْأَوَّلِ فَقَالَ لَوْ عَلِمْتُ أَنَّكُمَا تَعَمَّدْتُمَا لَقَطَعْتُكُمَا.

*અન્ય શખ્સને લઈને આવ્યા અને કહ્યું, અમે ચૂકી ગયા (ચોર તે ન હતો, આ છે). તો હઝરત અલી رضی اللہ عنہ એ તે બંનેવની ગવાહી બાતિલ કરી દીધી અને એ બંનેવથી પહેલા શખ્સની દિયત લીધી. અને ફર્માવ્યું, જો હું જાણતો કે તમે લોકોએ ઈરાદાપૂર્વક આવુ કર્યું છે તો તમારા બંનેવનો હાથ કાપત."*

ت ٨٠٥ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ غُلَامًا قُتِلَ غِيْلَةً فَقَالَ

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે એક ગુલામને ચૂપકેથી ક઼ત્લ કરી દેવામાં **[તઅલીક઼ : ૮૦૫]**

عُمَرُ لَوِاشْتَرَكَ فِيْهَا اَهْلُ صَنْعَاءَ لَقَتَلْتُهُمْ.

આવ્યો. તો હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, જો એમાં સન્આવાળા શરીક હોત તો હું સૌને ક઼ત્લ કરતો.''

**તઅલીક઼ : ૮૦૫ની સમજૂતી** غِيْلَةً નો મતલબ એ છે કે જાહેર ન હતું કે ક઼ાતિલ કોણ છે. એ ક઼ત્લ સન્આમાં થઈ હતી. આ તઅલીક઼ને ઈમામ અબૂબક્ર બિન શયબાએ સનદે મુત્તસિલની સાથે રિવાયત કરી છે. એમાં એ છે કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ સન્આના સાત રહેવાસીઓને એક શખ્સના ક઼ેસાસમાં ક઼ત્લ કર્યા અને ફર્માવ્યું, જો એમાં સર્વ સન્આવાળા શરીક઼ થાત તો હું સૌને ક઼ત્લ કરતો.

ت ٨٠٦ وَقَالَ مُغِيْرَةُ بْنُ حَكِيْمٍ عَنْ اَبِيْهِ اِنَّ اَرْبَعَةً قَتَلُوْا صَبِيًّا فَقَالَ

''અને મુગ઼ીરા ઈબ્ને હકીમે પોતાના પિતાથી રિવાયત કરતાં કહ્યું કે ચાર શખ્સોએ એક **[તઅલીક઼ : ૮૦૬]**

عُمَرُ مِثْلَهٗ

બાળકને ક઼ત્લ કરી નાખ્યો તો હઝરત ઉમર رضی اللہ عنہ એ એવું ફર્માવ્યું.''

**હદીષ : ૨૮૫૬ની સમજૂતી** સન્આનીએ વર્ણવ્યું કે સન્આની એક સ્ત્રીનો પતિ ગાયબ થઈ ગયો અને એ સ્ત્રીની ગોદમાં અસીલ નામનો એક નાનો બાળક હતો, જે બીજી પત્નીથી હતો. તે સ્ત્રીએ ગૈર મર્દ સાથે સંબંધ (આશના) બનાવી લીધો. તે સ્ત્રીએ પોતાના આશનાને કહ્યું, ક્યાંક આ આપણને બદ્‌નામ ન કરી નાખે. તે આશનાએ પહેલાં એનો ઈન્કાર કર્યો જેના પર તે સ્ત્રી આશાનાથી રિસાઈ ગઈ. તેને રાજી કરવા માટે એ શખ્સ બાળકને ક઼ત્લ કરવા માટે રાજી થઈ ગયો. આ શખ્સ તથા એક અન્ય શખ્સ અને આ સ્ત્રી અને તેના ખાદિમ ચારેવે એ બાળકને ક઼ત્લ કર્યો. પછી તેના ટુકડા ટુકડા કરીને એક ચામડાની થેલીમાં બાંધીને વસ્તીના છેવાડે એક કૂવામાં નાખી દીધો. એ આશના પકડાઈ ગયો અને તેના દર્શાવવા પર બાકીના ક઼ાતિલો પકડાય ગયા. મામલો હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની ખિદમતમાં પેશ થયો. આપે ચારેવને ક઼ત્લ કરવાનો હુકમ આપ્યો.

ت ٨٠٧ وَاَقَادَ اَبُوْبَكْرٍ وَابْنُ الزُّبَيْرِ وَعَلِيٌّ وَسُوَيْدُ بْنُ مُقَرِّنٍ مِنْ لَطْمَةٍ.

''અને હઝરત અબૂબકર તથા ઈબ્ને ઝુબૈર તથા અલી તથા સુવૈદ બિન મુક઼ર્રિનને **[તઅલીક઼ : ૮૦૭]**

તમાચો મારવા પર બદલો લેવાનો હુકમ આપ્યો.''

**તઅલીક઼ : ૮૦૭ની સમજૂતી** ઈબ્ને અબી શયબાએ રિવાયત કરી છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ એ એક શખ્સને એક થપ્પડ મારી. ત્યાર બાદ તેને કહ્યું, તું તારો બદલો લઈ લે. તે શખ્સે માફ કરી આપ્યું.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર અને હઝરત અલી رضی اللہ عنہمના અષરને અબૂબક્ર બિન અબી શયબાએ રિવાયત કરી છે. અને સુવૈદ બિન મુક્રિનના અષરને ઈમામ વકીઅએ રિવાયત કરી છે.

| ت | ۸۰۸ | وَاَقَادَ عُمَرُ مِنْ ضَرْبَةٍ بِالدِّرَّةِ . |
|---|---|---|
| [તઅલીક઼ : ૮૦૮] | | "હઝરત ઉમર رضی اللہ عنہએ મારવા પર કોરડાની સજા આપી." |
| ت | ۸۰۹ [તઅલીક઼ : ૮૦૯] | وَاَقَادَ عَلِيٌّ مِنْ ثَلَاثَةِ اَسْوَاطٍ . |

*"અને હઝરત અલી رضی اللہ عنہએ હદમાં ત્રણ કોરડા વધુ મારવા પર બદલો લેવાનો હુકમ આપ્યો."*

**તઅલીક઼ : ૮૦૯ની સમજૂતી** ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ અબ્દુલ્લાહ બિન મઅક઼લથી રિવાયત કરી છે કે હઝરત અલી رضی اللہ عنہની પાસે એક શખ્સ આવ્યો. તેણે હઝરત અલીને ચૂપકેથી કાંઈક કહ્યું. હઝરત અલીએ પોતાના ગુલામ કંબરને કહ્યું, જાવ ! એને કોરડા મારો ! ત્યારબાદ સજા પામનાર હાજર થયો અને અર્ઝ કરી કે એણે ત્રણ કોરડા વધુ માર્યા છે. હઝરત અલીએ કંબરને પૂછયું, તેમણે સમર્થન કર્યું. તો હઝરત અલી رضی اللہ عنہએ સજા પામલાને કહ્યું, જાવ ! તેને ત્રણ કોરડા મારો. પછી ફર્માવ્યું, હે કંબર ! જ્યારે તમે કોઈને મારો તો નિશ્ચિત હદથી આગળ ન નીકળો.

| ت | ۸۱۰ [તઅલીક઼ : ૮૧૦] | وَاقْتَصَّ شُرَيْحٌ مِنْ سَوْطٍ وَخُمُوشٍ . |
|---|---|---|

*"હઝરત ક઼ાઝી શુરૈહે કોરડા મારવા અને ચેહરાના ચામડાં પર ક઼ેસાસનો હુકમ આપ્યો."*

**તઅલીક઼ : ૮૧૦ની સમજૂતી**

ઈમામ સઈદ બિન મન્સૂરે ઈમામ નખઈના તરીક઼ાથી રિવાયત કરી છે કે એક શખ્સ ક઼ાઝી શુરૈહની પાસે આવ્યો અને કહ્યું, મને તમારા સિપાઈથી બદલો અપાવો. તેમણે પોતાના સિપાઈને પૂછયું, તો તેમણે કહ્યું, એ લોકોએ આપના પર ભીડ કરી દીધી હતી તો મેં એને કોરડાથી માર્યો.

ક઼ેસાસ તથા દિયતના મસાઈલ કેટલાક ગુંચવણભર્યા પણ છે અને મુશ્કેલ પણ છે, જે ફિક઼્હની કિતાબોમાં પૂરી સ્પષ્ટતા સાથે વર્ણન થયેલા છે. પ્રકરણથી સંબંધિત આ મસ્અલો છે કે જો એક શખ્સને મળીને અમુક માણસોએ ક઼ત્લ કર્યો અને આ ક઼ત્લ, ક઼ત્લે અમદ છે તો સૌથી ક઼ેસાસ લેવામાં આવશે, એ શરતે કે શરીકોમાં ક઼ત્લ થનારનો કોઈ એવો સગો ન હોય કે જો તે એકલો ક઼ત્લ કરતો તો એના પર ક઼ેસાસ વાજિબ ન થાત. દા.ત. બાપે કોઈ અજનબીથી મળીને પુત્રને ક઼ત્લ કર્યો તો કોઈના પર ક઼ેસાસ નથી. કેમ કે એકલો બાપ જો પુત્રને ક઼ત્લ કરે તો બાપ પર ક઼ેસાસ નથી. ઝખ્મોમાં ક઼ેસાસનો ક઼ાયદો કુલ્લિયા એ છે કે જે ઝખ્મોની સરખામણી થઈ શકે છે એમાં ક઼ેસાસ છે, નહીં તો નહીં. બલ્કે દિયત છે. દા.ત. હાથ કે પગને જડથી ઉખાડીને અલગ કરી દીધો. એમાં ક઼ેસાસ છે પરંતું જો કલાઈ (હથેળી) પર ઝખ્મ લગાડયો તો ક઼ેસાસ નથી. એના જ આધારે આપણે ત્યાં થપ્પડ મારવા પર ક઼ેસાસ નથી, મુક્કો મારવા પર ક઼ેસાસ નથી, હાકિમને ઈખ્તિયાર છે જેટલી ચાહે સજા આપે.

# بَابُ الْقَسَامَةِ

**પ્રકરણ : "કસામતનું વર્ણન."** –*(૧૦૧૮)*

**સ્પષ્ટતા :** જો કોઈ જગાએ કોઈ શખ્સ કત્લ થયેલો મળી આવે અને ખૂનીનો પતો ન હોય, અને કત્લ થનારનાં વાલીઓએ મહોલ્લાવાળાઓ પર કત્લે અમદ (ઈરાદાપૂર્વક કત્લ) અથવા કત્લે ખતા (ભૂલમાં કત્લ)નો દાવો કરે અને મહોલ્લાવાળા ઈન્કાર કરે. પછી કત્લ થનારના વાલીઓ કસામતની માગણી કરે તો હાકિમ તે મહોલ્લાના પચાસ આકિલ બાલિગ, આઝાદ પુરૂષોથી કસમ લેશે કે ન અમે એને કત્લ કર્યો છે અને ન અમે કાતિલને જાણીએ છીએ. જો એ મહોલ્લાના પચાસ પુરૂષ આકિલ બાલિગ કસમ ખાય લે કે ન અમે તેને કત્લ કર્યો છે અને ન અમને કાતિલની ખબર છે. જો દાવો કત્લે અમદ (ઈરાદાપૂર્વક કત્લ કર્યા)નો છે તો મહોલ્લાવાળાઓ પર દિયત લાઝિમ છે. અને જો દાવો કત્લે ખતાનો છે તો મહોલ્લાવાળાઓના આકિલો પર દિયત થશે જેને અદા કરવાની મુદત ત્રણ વરસ છે. અને જો ઈન્કાર કરે તો તેમને કૈદ કરવામાં આવશે, ત્યાં સુધી કે કસમ ખાય અથવા કત્લનો સ્વીકાર કરે.

**શર્તો :** કસામત વાજિબ થવાની અમુક શરતો છે : (૧) કત્લ થનારના શરીર પર ઝખ્મ અથવા મારની નિશાનીઓ હોય, અથવા ગળુ ઘોંટવાની નિશાની જોવા મળે, અથવા એવી જગાએથી લોહી વહ્યું હોય જ્યાંથી સામાન્યતઃ નથી નીકળતું. દા.ત. આંખ, કાનેથી વહયું હોય. (૨) કાતિલનો પતો ન હોય. (૩) કત્લ થનાર માનવી હોય. (૪) કત્લ થનારના વાલીઓ દાવો કરે. (૫) મહોલ્લાવાળાઓ કત્લથી ઈન્કાર કરી આપે. (૬) દાવેદારો કસામતની માગણી કરે. (૭) જે જગાએ કત્લ થનાર મળ્યો તે જગા કોઈની માલિકીની કે કબજા હેઠળ ની હોય અથવા મહોલ્લામાંથી અથવા વસ્તીની એટલા નજીકથી મળે કે ત્યાંનો અવાજ વસ્તીમાં સંભળાય શકે. (૮) કત્લ થનાર તે જમીનના માલિક અથવા કબજેદારનો ગુલામ ન હોય.

وَقَالَ ابْنُ اَبِي مُلَيْكَةَ لَمْ يُقِدْ بِهَا مُعَاوِيَةُ ۔ ت ٨١١ **[તઅલીક : ૮૧૧]**

*"અને ઈબ્ને અબી મુલૈકાએ કહ્યું કે કસામતની સ્થિતિમાં હઝરત મુઆવિયહ رضی اللہ عنہ એ કેસાસ નથી લીધો."*

**તઅલીક : ૮૧૧ની સમજૂતી**

અબ્દુલ્લાહ ઈબ્ને અબી મુલૈકાનું નામ ઝુહૈર હતું. એમના બાપનું નામ અબ્દુર્રહમાન હતું અને અબૂ મુલૈકા એમના દાદા હતા. પોતાના દાદાની તરફ સંબંધિત છે. એ હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہما ના કાઝી હતા.

આ તઅલીકને હમ્માદ બિન સલ્માએ પોતાના મુસન્નફમાં આ પ્રમાણે રિવાયત કરી છે કે ઈબ્ને અબી મુલૈકાએ કહ્યું કે મને ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ એ કસામતના બારામાં પૂછયું તો મેં બતાવ્યું કે અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈરે કેસાસ લીધો અને મુઆવિયહએ કેસાસ નથી લીધો.

અલ્લામા અયનીએ ફર્માવ્યું, ઈમામ બયહકીએ કહ્યું કે મુઆવિયહ رضی اللہ عنہ થી એના વિરુદ્ધ પણ રિવાયત થયેલ છે. અને ઈબ્ને બત્તાલે કહ્યું કે મુઆવિયહ رضی اللہ عنہ થી આ રિવાયત સહીહ છે કે તેમણે કસામતમાં કેસાસ લીધો.

ت ۸۱۲ وَكَتَبَ عُمَرُ بْنُ عَبْدِ الْعَزِيْزِ إِلَى عَدِيِّ بْنِ أَرْطَاةَ وَكَانَ أَمَّرَهُ عَلَى

''હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે અદી બિન અરતાતને લખ્યું, જેમણે એમને **[તઅલીક઼ : ૮૧૨]**

الْبَصْرَةِ فِي قَتِيْلٍ وُجِدَ عِنْدَ بَيْتٍ مِنْ بُيُوْتِ السَّمَّانِيْنَ إِنْ وَجَدَ أَصْحَابُهُ

બસરાનો અમીર બનાવ્યો હતો. ક઼ત્લ થનારના બારામાં જે ઘી વેચનારાઓના ઘરની પાસે મળ્યો હતો. જો ક઼ત્લ

بَيِّنَةً وَإِلَّا فَلَا تَظْلِمِ النَّاسَ فَإِنَّ هٰذَا لَا يُقْضٰى فِيْهِ إِلَى يَوْمِ الْقِيٰمَةِ .

થનારનાં વાલીઓ કોઈ ઉઘાડી દલીલ પામે તો ઠીક, નહીં તો કોઈના પર જુલ્મ ન કરશો. એટલા માટે કે આ

એવો મામલો છે જેમાં ક઼યામત સુધી ફૈંસલો નથી કરવામાં આવી શક્તો.''

حديث ۲۸۵۷ حَدَّثَنَا أَبُوْ قِلَابَةَ أَنَّ عُمَرَ بْنَ عَبْدِ الْعَزِيْزِ أَبْرَزَ سَرِيْرَهُ يَوْمًا

''અબૂ ક઼લાબાએ અમને હદીષ વર્ણવી કે ઉમર બિન અબ્દુલ અઝીઝે એક દિવસ આમ **[હદીષ : ૨૮૫૭]**

لِلنَّاسِ ثُمَّ أَذِنَ لَهُمْ فَدَخَلُوْا فَقَالَ مَا تَقُوْلُوْنَ فِي الْقَسَامَةِ قَالُوْا نَقُوْلُ

દરબાર ભર્યો. લોકોને સામાન્યપણે ઈજાઝત આપી દીધી કે તેઓ હાજર થાય. જેથી લોકો હાજર થયા. તેમણે

الْقَسَامَةُ الْقَوَدُ بِهَا حَقٌّ وَقَدْ أَقَادَتْ بِهَا الْخُلَفَاءُ قَالَ لِي مَا تَقُوْلُ يَا

લોકોને પૂછ્યું, ક઼સામતના બારામાં શું કહો છો ? લોકોએ કહ્યું ક઼સામત પર ક઼ેસાસ લેવો હક્ક઼ છે, એના પર માજી

أَبَا قِلَابَةَ وَنَصَبَنِي لِلنَّاسِ فَقُلْتُ يَا أَمِيْرَ الْمُؤْمِنِيْنَ عِنْدَكَ رُؤُوْسُ الْأَجْنَادِ

ખલીફાઓએ ક઼ેસાસ લીધો છે. ત્યારબાદ મને કહ્યું, હે અબૂ ક઼લાબા ! તમો શું કહો છો ? અને તેમણે મને લોકો

وَأَشْرَافُ الْعَرَبِ أَرَأَيْتَ لَوْ أَنَّ خَمْسِيْنَ مِنْهُمْ شَهِدُوْا عَلَى رَجُلٍ مُحْصَنٍ

સમક્ષ ઉભો કર્યો. મેં અર્ઝ કરી, હે અમીરુલ મો'મિનીન ! આપની બારગાહમાં લશ્કરોના સરદાર છે અને

بِدِمَشْقَ أَنَّهُ قَدْ زَنٰى لَمْ يَرَوْهُ أَكُنْتَ تَرْجُمُهُ قَالَ لَا قُلْتُ أَرَأَيْتَ لَوْ أَنَّ

અરબના ઈજ્જતદાર લોકો છે. આપ મને બતાવો કે જો એમનામાંથી પચાસ માણસો કોઈ પાક દામનની વિરુદ્ધ

## હદીષ : ૨૮૫૭ની સમજૂતી

અહીં ઈમામ બુખારી رحمة الله عليهએ ચાર હદીષો ભેગી મિલાવીને વર્ણન કરી છે. પ્રથમ અંબસા બિન સઈદના આ ક઼ૌલ સુધી ما عاش هذا الشيخ بين اظهرهم. એ પૂરી હદીષ અગાઉ વર્ણન થઈ ચૂકી છે અને તેના પર જરૂરત પ્રમાણે ચર્ચા થઈ ચૂકી છે. બીજી હદીષ وقد كان فى هذا سنةથી લઈને فَوَادَاهُ مِنْ عندى ہ સુધી. ત્રીજી હદીષ وقد كان هذيل خلعواથી فعاش حولا ثم مات સુધી, અને ચોથી હદીષ وقد كان عبد الملك بن مروانથી છેવટ

خَمْسِيْنَ مِنْهُمْ شَهِدُوْا عَلٰى رَجُلٍ بِحِمْصَ أَنَّهٗ سَرَقَ أَكُنْتَ تَقْطَعُهٗ وَلَمْ

દમિશ્કમાં ગવાહી આપે કે એણે ઝિના કર્યો છે. પણ તે લોકોએ જોયું ન હોય તો શું આપ એ શખ્સને સંગસાર

يَرَوْهُ قَالَ لَا قُلْتُ فَوَاللّٰهِ مَا قَتَلَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَحَدًا

કરશો ? તેમણે કહ્યું, નહીં ! બતાવો, જો એમનામાંથી પચાસ હમ્સના કોઈ શખ્સના વિરુદ્ધ ગવાહી આપે કે એણે

قَطُّ إِلَّا فِيْ ثَلَاثِ خِصَالٍ رَجُلٌ قَتَلَ بِجَرِيْرَةِ نَفْسِهٖ فَقُتِلَ أَوْ رَجُلٌ زَنٰى

ચોરી કરી છે. તો શું આપ એનો હાથ કાપશો ? જ્યારે કે એ લોકોએ જોયું ન હોય, તેમણે ફર્માવ્યું, નહીં ! મેં કહ્યું,

بَعْدَ إِحْصَانٍ أَوْ رَجُلٌ حَارَبَ اللّٰهَ وَرَسُوْلَهٗ وَارْتَدَّ عَنِ الْإِسْلَامِ فَقَالَ

બખુદા ! રસૂલુલ્લાહ ﷺ એ કોઈને કદી કૃત્લ નથી કર્યો સિવાય ત્રણ વાતોના, એક તે જેણે વિના વાંકે કોઈને

الْقَوْمُ أَوَلَيْسَ قَدْ حَدَّثَ أَنَسُ بْنُ مَالِكٍ أَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

કૃત્લ કર્યો, તો તે કૃત્લ કરવામાં આવ્યો. અથવા તે શખ્સ જેણે ઈહ્સાન પછી ઝિના કર્યો, અથવા તે શખ્સ જેણે

قَطَعَ فِي السَّرَقِ وَسَمَرَ الْأَعْيُنَ ثُمَّ نَبَذَهُمْ فِي الشَّمْسِ فَقُلْتُ أَنَا أُحَدِّثُكُمْ

અલ્લાહ તથા તેના રસૂલ સાથે લડાઈ કરી અને ઈસ્લામથી ફરી ગયો. લોકોએ કહ્યું, શું અનસ બિન માલિક رضی اللہ عنہ એ

حَدِيْثَ أَنَسٍ حَدَّثَنِيْ أَنَسٌ أَنَّ نَفَرًا مِنْ عُكْلٍ ثَمَانِيَةً قَدِمُوْا عَلٰى

આ હદીષ નથી વર્ણવી કે રસૂલુલ્લાહ ﷺ એ ચોરીના જુર્મમાં અંગ કાપ્યાં અને આંખોમાં સળી ફેરવાવી પછી

رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَبَايَعُوْهُ عَلَى الْإِسْلَامِ فَاسْتَوْخَمُوا الْأَرْضَ

તેમને તડકામાં નાખી દીધા ? મેં કહ્યું કે હું હઝરત અનસ رضی اللہ عنہ ની આ હદીષ વર્ણન કરું છું. ઉકલના આઠ શખ્સ

فَسَقِمَتْ أَجْسَامُهُمْ فَشَكَوْا ذٰلِكَ إِلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ

રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયા અને ઈસ્લામ કૃબૂલ કરવાની બયઅત કરી. ત્યારબાદ ત્યાંની

لَهُمْ أَفَلَا تَخْرُجُوْنَ مَعَ رَاعِيْنَا فِيْ إِبِلِهٖ فَتُصِيْبُوْنَ مِنْ أَلْبَانِهَا وَأَبْوَالِهَا

આબોહવા તેમના માટે માફક ન રહી અને તેઓ બીમાર પડી ગયા. તેમણે રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં

સુધી. અને આ ચારેવ હદીષો અબૂ કલાબાથી વર્ણવેલ સનદ સાથે રિવાયત થયેલી છે.

قوله الخلفاء એનાથી મુરાદ હઝરત મુઆવિયહ બિન અબૂ સુફ્યાન رضی اللہ عنہ અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہما અને અબ્દુલમલિક બિન મરવાન સફ્ફાક મુરાદ છે.

قَالُوا بَلٰى فَخَرَجُوا فَشَرِبُوا مِنْ اَلْبَانِهَا وَاَبْوَالِهَا فَصَحُّوا فَقَتَلُوا رَاعِیَ

*શિકાયત કરી. હુઝૂર ﷺ એ તેમને ફર્માવ્યું, શું તમે એ પસંદ કરો છો કે અમારા ચરાવાહાની સાથે એનાં*

رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَطَرَدُوا النَّعَمَ فَبَلَغَ ذَالِكَ رَسُوْلَ

*ઊંટમાં ચાલ્યા જાવ ? અને ઊંટોના દૂધ અને પેશાબને પીઓ ? તેમણે કહ્યું, અમને મંજૂર છે. તેઓ ચરાગાહમાં*

اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَاَرْسَلَ فِیْ آثَارِهِمْ فَاُدْرِكُوا فَجِیْئَ بِهِمْ فَاَمَرَبِهِمْ

*ચાલ્યા ગયા અને ઊંટોનું દૂધ અને પેશાબ પીધો અને તંદુરસ્ત થઈ ગયા. તેમણે રસૂલુલ્લાહ ﷺ ના ચરવાહાને*

فَقُطِّعَتْ اَيْدِيْهِمْ وَاَرْجُلُهُمْ وَسُمِرَتْ اَعْيُنُهُمْ ثُمَّ نَبَذَهُمْ فِی الشَّمْسِ حَتّٰى

*કતલ કર્યો અને ઊંટોને લઈ ગયા. તેની ખબર રસૂલુલ્લાહ ﷺ ને પહોંચી તો રસૂલુલ્લાહ ﷺ એ તેમના*

مَاتُوا قُلْتُ وَاَیُّ شَیْءٍ اَشَدُّ مِمَّا صَنَعَ هٰؤُلَاءِ اِرْتَدُّوا عَنِ الْاِسْلَامِ وَقَتَلُوا

*પીછામાં ટુકડી મોકલી અને તેમને પકડીને લાવવામાં આવ્યા. એમના બારામાં રસૂલુલ્લાહ ﷺ એ હુકમ*

وَسَرَقُوا فَقَالَ عَنْبَسَةُ بْنُ سَعِيْدٍ وَاللّٰهِ اِنْ سَمِعْتُ كَالْيَوْمِ قَطُّ فَقُلْتُ اَتَرُدُّ

*આપ્યો, તેમના હાથ તથા પગો કાપી નાખવામાં આવ્યા અને તેમની આંખોમાં સળી ફેરવી દેવામાં આવી, પછી*

عَلَیَّ حَدِيْثِیْ يَا عَنْبَسَةُ فَقَالَ لَا وَلٰكِنْ جِئْتَ بِالْحَدِيْثِ عَلٰى وَجْهِهٖ وَاللّٰهِ لَا

*તેમને તડકામાં નાખી દેવામાં આવ્યા ત્યાં સુધી કે મરી ગયા. મેં કહ્યું, તેમણે જે કાંઈ કર્યું હતું એનાથી સખ્ત બીજી*

يَزَالُ هٰذَا الْجُنْدُ بِخَيْرٍ مَا عَاشَ هٰذَا الشَّيْخُ بَيْنَ اَظْهُرِهِمْ قُلْتُ وَقَدْ كَانَ فِیْ

*શું વાત હશે. તેઓ ઈસ્લામથી ફરી ગયા, તેમણે ખૂન કર્યું અને ચોરી કરી. એના પર અંબસહ બિન સઈદે કહ્યું,*

هٰذَا سُنَّةٌ مِنْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ دَخَلَ عَلَيْهِ نَفَرٌ مِنَ الْاَنْصَارِ

*બખુદા ! આજના જેવી વાત મેં કદી નથી સાંભળી ! મેં કહ્યું, શું મારી વાતને રદ કરી રહ્યો છે હે અંબસહ ! તો તેણે*

فَتَحَدَّثُوا عِنْدَهٗ فَخَرَجَ رَجُلٌ مِنْهُمْ بَيْنَ اَيْدِيْهِمْ فَقُتِلَ فَخَرَجُوا بَعْدَهٗ فَاِذَا

*કહ્યું, નહીં ! તેં વાત બરાબર કરી છે. કસમ ખુદાની એ લોકો (શામવાળા) હમેશાં ખૈરમાં રહેશે જ્યાં સુધી આ*

**قوله نصبنی للناس** અબૂ કલાબાને હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ એ પોતાના તખ્તની પાછળ બેસાડી રાખ્યા હતા. તેમને હુકમ કર્યો કે ઉભા થઈને લોકો સાથે વાત કરો.

**قوله رؤس الا جناد** સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ અમીને ઉમ્મત સૈયદના ઓબાદા બિન જર્રાહ

هُمْ بِصَاحِبِهِمْ يَتَشَحَّطُ فِي الدَّمِ فَرَجَعُوا إِلَى رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

*શયખ એમનામાં મૌજૂદ રહેશે. મેં કહ્યું, એના બારામાં રસૂલુલ્લાહ ﷺની કાર્યપદ્ધતિ પણ છે. અન્સારના*

فَقَالُوا يَا رَسُولَ اللّٰهِ صَاحِبُنَا الَّذِي كَانَ يُحَدِّثُ مَعَنَا فَخَرَجَ بَيْنَ أَيْدِينَا

*કેટલાક લોકો રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા અને કેટલીકવાર સુધી ત્યાં વાતચીત કરી. ત્યારબાદ*

فَإِذَا نَحْنُ بِهِ يَتَشَحَّطُ فِي الدَّمِ فَخَرَجَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

*એમનામાંથી એક શખ્સ એમની સામે નીકળ્યો એને કત્લ કરી દેવામાં આવ્યો. ત્યારબાદ બાકીના લોકો નીકળ્યા*

فَقَالَ بِمَنْ تَظُنُّونَ أَوْ بِمَنْ تُرَوْنَ قَتَلَهُ فَقَالُوا نُرَى أَنَّ الْيَهُودَ قَتَلَتْهُ

*તો જુએ છે કે તેમનો સાથી લોહીમાં તડપી રહ્યો છે. આ જોઈને તે લોકો રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર*

فَأَرْسَلَ إِلَى الْيَهُودِ فَدَعَاهُمْ فَقَالَ آنْتُمْ قَتَلْتُمْ هٰذَا قَالُوا لَا قَالَ أَتَرْضَوْنَ

*થયા અને બતાવ્યું, યા રસૂલુલ્લાહ ! ﷺ અમારો તે સાથી જે હમણા અમારી સાથે વાત કરી રહ્યો હતો, અમારા*

نَفَلَ خَمْسِينَ مِنَ الْيَهُودِ مَا قَتَلُوهُ فَقَالُوا مَا يُبَالُونَ يَقْتُلُونَا أَجْمَعِينَ ثُمَّ

*સામેથી નીકળ્યો અને અત્યારે તે લોહીમાં તડપી રહ્યો છે. આ સાંભળીને રસૂલુલ્લાહ ﷺ બહાર તશરીફ*

يُنَفِّلُونَ قَالَ أَفَتَسْتَحِقُّونَ الدِّيَةَ بِأَيْمَانِ خَمْسِينَ مِنْكُمْ قَالُوا مَا كُنَّا لِنَحْلِفَ

*લાવ્યા અને ફર્માવ્યું, તમે કોના બારામાં ગુમાન કરો છો કે તેણે એને કત્લ કર્યો છે ? તો એ લોકોએ અર્ઝ કરી કે*

فَوَدَاهُ مِنْ عِنْدِهِ قُلْتُ وَقَدْ كَانَتْ هُذَيْلٌ خَلَعُوا خَلِيعًا لَهُمْ فِي الْجَاهِلِيَّةِ

*અમારું ગુમાન એ છે કે એને યહૂદીઓએ કત્લ કર્યો છે. હુઝૂરે અકદસ ﷺએ માણસ મોકલીને યહૂદીઓને*

فَطَرَقَ أَهْلَ بَيْتٍ مِنَ الْيَمَنِ بِالْبَطْحَاءِ فَانْتَبَهَ لَهُ رَجُلٌ مِنْهُمْ فَحَذَفَهُ

*બોલાવ્યા અને તેમને પૂછ્યું કે તમે આને કત્લ કર્યો છે ? તેમણે કહ્યું, નહીં ! અમને ફર્માવ્યું, શું તમે એ પસંદ કરો*

بِالسَّيْفِ فَقَتَلَهُ فَجَاءَتْ هُذَيْلٌ فَأَخَذُوا الْيَمَانِيَ فَرَفَعُوهُ إِلَى عُمَرَ بِالْمَوْسِمِ

*છો કે પચાસ યહૂદી આ વાત પર કસમ ખાય કે અમે એ શખ્સને કત્લ નથી કર્યો. લોકોએ અર્ઝ કરી, યહૂદી કોઈ*

અને મઆઝ બિન જબલ رضی اللہ عنہના અમ્વાસના પ્લેગમાં મૃત્યુ પામ્યા બાદ શામ પર નિયુક્ત લશ્કરના ચાર ભાગ કરી આપ્યા હતા, ફિલિસ્તીન (પેલેસ્ટાઈન), દમિશ્ક, હમ્સ, કન્સરીન. જેમાંથી એકના પર સૈફુલ્લાહ ખાલિદ બિન વલીદને અને એક પર યઝીદ બિન અબૂ સુફયાનને અને એક પર શરહબીલ બિન હસનાને અને એક પર અમ્ર બિન આસ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને અમીર નિયુક્ત કર્યા હતા. તે હઝરાતના વિસાલ બાદ તે લશ્કરોના

وَقَالُوا قَتَلَ صَاحِبَنَا فَقَالَ إِنَّهُمْ قَدْ خَلَعُوهُ فَقَالَ يُقْسِمُ خَمْسُونَ مِنْ

*પરવા નહીં કરે કે અમને સૌને ક઼ત્લ કરીને પછી ક઼સમ ખાય જાય કે અમે ક઼ત્લ નથી કર્યા. ફ઼ર્માવ્યું, તમારામાંથી*

هُذَيْلٍ مَا خَلَعُوهُ قَالَ فَأَقْسَمَ مِنْهُمْ تِسْعَةٌ وَأَرْبَعُونَ رَجُلاً فَقَدِمَ رَجُلٌ

*૫૦ માણસો ક઼સમ ખાય લે તો તમે લોકો દિયતના મુસ્તહિક઼ થશો. તેમણે અર્ઝ કરી કે અમે ક઼સમ નથી ખાય*

مِنْهُمْ مِنَ الشَّامِ فَسَأَلُوهُ أَنْ يُقْسِمَ فَافْتَدَى يَمِينَهُ مِنْهُمْ بِأَلْفِ دِرْهَمٍ

*શક્તા. હ઼ુઝૂર ﷺએ પોતાની પાસેથી તેમને દિયત આપી. મેં કહ્યું, હુઝૈલે જાહિલિયતના જમાનામાં એક*

فَأَدْخَلُوا مَكَانَهُ رَجُلاً آخَرَ فَدَفَعَهُ إِلَى أَخِي الْمَقْتُولِ فَقُرِنَتْ يَدُهُ بِيَدِهِ

*શખ્સને પોતાના ક઼બીલાથી કાઢી મૂક્યો હતો. બતહ઼ામાં યમનના કેટલાક લોકોએ રાતમાં આવીને તેના પર*

قَالَ فَانْطَلَقْنَا وَالْخَمْسُونَ الَّذِينَ أَقْسَمُوا حَتَّى إِذَا كَانُوا بِنَخْلَةَ أَخَذَتْهُمُ

*હુમ્લો કરી આપ્યો અને તલ્વારથી તેને ક઼ત્લ કરી આપ્યો. હુઝૈલ આવ્યા અને તેમણે એ યમનીને પકડયો અને*

السَّمَاءُ فَدَخَلُوا فِي غَارٍ فِي الْجَبَلِ فَانْهَجَمَ الْغَارُ عَلَى الْخَمْسِينَ الَّذِينَ أَقْسَمُوا

*હજ્જના દિવસોમાં હઝરત ઉમર رضی اللہ عنہ ની સામે રજૂ કર્યો. એ લોકએ અર્ઝ કરી કે આ માણસે અમારા માણસને*

فَمَاتُوا جَمِيعًا وَأُفْلِتَ الْقَرِينَانِ فَاتَّبَعَهُمَا حَجَرٌ فَكَسَرَ رِجْلَ أَخِي الْمَقْتُولِ

*ક઼ત્લ કર્યો છે. તે યમનીએ કહ્યું, આ લોકોએ તેને ક઼બીલાથી અલગ કરી દીધો હતો. તો હઝરત ઉમરે ફ઼ર્માવ્યું,*

فَعَاشَ حَوْلاً ثُمَّ مَاتَ قُلْتُ وَقَدْ كَانَ عَبْدُ الْمَلِكِ بْنُ مَرْوَانَ أَقَادَ رَجُلاً

*હુઝૈલના પચાસ માણસો ક઼સમ ખાય કે અમે એને અલગ કર્યો ન હતો. તેમનામાંથી ૪૯ માણસોએ ક઼સમ ખાધી.*

સરદાર બદલાતા રહ્યા પણ પાયાની રીતે ચાર લશ્કર રહ્યાં.

قوله لو أن خمسين منهم અબૂ ક઼લાબાની દલીલનો પાયો એના પર છે કે શરઈ દલીલ વિના જુર્મ સાબિત થશે નહીં, અને મુજરિમને સજા આપવી જાઈઝ થશે નહીં. દલીલ માટે જરૂરી છે કે નજરે જોનાર ગવાહ ગવાહી આપે, અને જ્યારે ક઼સામતવાળા ક઼િસ્સામાં કોઈએ ક઼ાતિલને ક઼ત્લ કરતાં નથી જોયો, તો પચાસ આદમીઓની ગવાહી ગૈર મોઅતબર છે, કેમ કે તેઓ હક઼ીક઼તમાં ગવાહ જ નથી.

એના પર ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝ رضی اللہ عنہના દરબારમાં તે સમયના હાજરજનોએ ઉક્લ તથા ઉરૈનાવાળા મુર્તદો તથા ડાકૂઓથી દલીલ પેશ કરી કે રિવાયતના પ્રમાણે એવું ક્યાંય વર્ણન થયેલ નથી કે તે મુર્તદો અને ડાકૂઓની વિરુદ્ધ કોઈ આંખો દેખી ગવાહી રજૂ થઈ હોય. છતાં પણ હ઼ુઝૂરે અક઼દસ ﷺએ તેમને સજા આપી. જેનો જવાબ અબૂ ક઼લાબાએ એ આપ્યો કે આ ક઼િસ્સાને ક઼સામત સાથે કોઈ સંબંધ નથી. તેમના ત્રણ

بِالْقَسَامَةِ ثُمَّ نَدِمَ بَعْدَ مَا صَنَعَ فَأَمَرَ بِالْخَمْسِيْنَ الَّذِيْنَ أَقْسَمُوْا فَمُحُوْا

*હુઝૈલનો એક માણસ શામથી આવ્યો તેને લોકોએ કહ્યું કે ક઼સમ ખાય લે. તેણે ઈન્કાર કર્યો અને પોતાની ક઼સમના*

مِنَ الدِّيْوَانِ وَسَيَّرَهُمْ إِلَى الشَّامِ.

*બદલામાં હજાર દિરહમ આપી દીધા. હુઝૈલે તેની જગાએ બીજા આદમીને આપ્યા અને ક઼ત્લ થનારના ભાઈની પાસે જઈને તેનો હાથ એના હાથ સાથે મિલાવી દીધો. રાવીએ કહ્યું, અમે તથા તે પચાસ જેમણે જૂઠી ક઼સમ ખાધી હતી જ્યારે નખલા પહોંચ્યા તો વરસાદ પડવા લાગ્યો. એ ૫૦ જણ પહાડની અંદર એક ગુફામાં ચાલ્યા ગયા. તે ગુફા ધસી ગઈ અને તે ૫૦ જણા જેમણે જૂઠી ક઼સમ ખાધી હતી તમામે તમામ મરી ગયા અને તે બંનેવ જેમણે આપસમાં હાથ મિલાવ્યા હતા તે બચી ગયા. પાછળથી એક પથ્થર આવીને તે ક઼ત્લ થનારાના ભાઈની ટાંગમાં લાગ્યો જેનાથી ટાંગ તૂટી ગઈ, તે એક વરસ જીવ્યો પછી મૃત્યુ પામ્યો. મેં કહ્યું, અને અબ્દુલમલિક બિન મરવાને એક શખ્સથી ક઼સામત પર ક઼ેસાસ લીધો, ત્યારબાદ તેના પર શર્મિંદો થયો. અને એ પચાસ જણાનાં નામ જેમણે ક઼સમ ખાધી હતી તે દફતરથી મિટાવી દીધાં અને તેમને શામ તડીપાર કરી દીધા.''*

જુર્મો હતા : રસૂલુલ્લાહ ﷺના ચરવાહાને નાહક્ક઼ ક઼ત્લ કર્યો, તેની આંખ ફોડી, લૂંટ ચલાવી, અને ઈસ્લામથી મુર્તદ થઈ ગયા. અને સરકારી ઊંટો તેમને ત્યાંથી મળ્યાં. પોતાના હેતુને પુરવાર કરવા અબૂ ક઼લાબાએ હદીષ પેશ કરી કે હુઝૂરે અક઼દસ ﷺની ખિદમતમાં જ્યારે એ ક઼ત્લ થનારનો કેસ રજૂ થયો જેના ક઼ાતિલનો હાલ માલૂમ ન હતો, તો હુઝૂરે અક઼દસ ﷺએ પ્રથમ દાવેદારોથી ક઼સમ નથી લેવડાવી, બલ્કે એવું ફર્માવ્યું કે જો પચાસ યહૂદી ક઼સમ ખાય લે કે અમે એને ક઼ત્લ નથી કર્યો તો તમે લોકો યહૂદીઓ પરથી પોતાનો દાવો ઉઠાવી લેશો ? તે લોકોએ જ્યારે એવું અર્ઝ કર્યું કે યહૂદીઓનો શુ ભરોસો ? અમને સૌને ક઼ત્લ કરીને ક઼સમ ખાય લેશે ! તો હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું કે તમારામાંથી પચાસ માણસ ક઼સમ ખાય લે તો હું યહૂદીઓથી દિયત અપાવડાવું. તો એના પર એ લોકોએ ક઼સમ ખાવાથી ઈન્કાર કર્યો.

શરહકર્તાઓને એના પર આશ્ચર્ય છે કે અબૂ ક઼લાબાએ એક જ મજલિસમાં પોતાની કહેલી વાતને જાતે જ રદ કરી આપી. પહેલાં તો એવું કહ્યું કે એવા પચાસ માણસો કોઈ મુજરિમના બારામાં ગવાહી આપે જેમણે જુર્મ કરતાં નથી જોયું તો તેમની ગવાહી સ્વીકાર્ય નથી, અને જે હદીષ વર્ણન કરી એમાં સ્પષ્ટતા છે કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું કે જો તમારા લોકોમાંથી પચાસ માણસ ક઼સમ ખાય લે તો તમે દિયતના મુસ્તહિક઼ થઈ જશો. એટલા માટે અમુક હઝરાતે ફર્માવ્યું કે અબૂ ક઼લાબા રિવાયતમાં કેટલાય ષિક઼હ હોય પણ અહલે ઈલ્મમાંથી નથી.

**قوله فوداه من عنده** હુઝૂરે અક઼દસ ﷺએ કૃપા દૃષ્ટિએ ક઼ત્લ થનારના વાલીઓ પર મહેરબાની કરતાં પોતાની પાસેથી તેની દિયત અદા કરી આપી. એનો એક ફાયદો એ પણ છે કે એનો અંદેશો હતો કે ક઼ત્લ થનારના વાલીઓ આવેશમાં આવીને યહૂદીઓને ક઼ત્લ કરી દેતા. દિયત પામ્યા બાદ તેમનો આવેશ ખત્મ નહીં તો ઓછો જરૂર થઈ ગયો હશે. અમુક રિવાયતોમાં છે કે એ દિયત હુઝૂરે અક઼દસ ﷺએ સદક઼ાનાં ઊંટોથી આપી હતી.

قوله خليعًا : એ خَلَعَ يَخْلَعُથી خليعમફઊલના અર્થમાં છે. કબીલાવાળા જ્યારે કોઈનાથી નારાજ થઈને જ્યારે એને કબીલાથી બહાર કરી આપે છે તો તેને ખલીઅ કહે છે.

**قوله قد خلعوه** ખૂનની સફાઈ રજૂ કરવાનો હેતુ એ હતો કે જ્યારે હુઝૈલે એ શખ્સને પોતાના કબીલાથી કાઢી નાખ્યો હતો તો તેના કેસાસની માગણી કરવાનો હક્ક તેમને નથી. હુઝૈલે એનાથી ઈન્કાર કર્યો કે તેમણે એને કબીલાથી કાઢી મૂક્યો હતો. એના કારણે એમની પાસે કસમ લેવામાં આવી.

**قوله بنخلة** નખ્લા મક્કા મોઅઝ્ઝમા પાસે એક રાતના અંતરે આવેલી એક જગાનું નામ છે.

## ★ જૂઠી કસમ ખાવાનો અંજામ તબાહી હોય છે ★

આ કિસ્સાના વર્ણનનો હેતુ કેવળ એ છે કે જૂઠી કસમ ખાવાનો અંજામ તબાહી હોય છે. પણ અબૂ કલાબાના હેતુ પર એનાથી દલીલ કરવું કોઈ રીતે સ્પષ્ટ નથી, કેમ કે એ વર્ણન જ નથી કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ ફેંસલો શું કર્યો ?! કાતિલને કેસાસનો હુકમ આપ્યો કે દિયતનો ? આ બનાવથી પણ અબૂ કલાબાના હેતુ પર કાંઈ રોશની નથી પડતી. એટલા માટે કે આ કિસ્સો કસામતના પ્રકરણથી છે જ નથી, કેમ કે કસામત તો ત્યાં થઈ છે જ્યાં કાતિલનો પતો ન હોય, અને અહીં તો ખૂની પકડાય ગયો, એને અદાલતે આલિયામાં રજૂ કરવામાં આવ્યો અને એને ખુદ કત્લ કર્યાનો સ્વીકાર પણ હતો. વલ્લાહુ તઆલા અઅ્લમ.

રહી ગયો અબ્દુલમલિક બિન મરવાન સફ્ફાકનો અમલ કે તેણે કસામત પર કેસાસ લીધો પછી બાદમાં શર્મિંદો થયો. એ આપણી નજીક કોઈ અનુસરવા પાત્ર વાત નથી. વર્ણન શૈલી પરથી જાહેર થઈ રહ્યું છે કે તેણે પચાસ માણસોથી એના પર કસમ લીધી હતી કે ફલાણા શખ્સે અથવા ફલાણી કૌમે કત્લ કરી છે. પરંતુ જ્યારે અબ્દુલમલિક એના પર શર્મિંદો થયો અને કસમ ખાનારાઓને સજા આપી, તે પણ તડીપારની, તો તેની તરફ એ નિસ્બત કરવું કે અબ્દુલમલિક સફ્ફાકે કસામત પર કેસાસ લીધો, એ દુરુસ્ત નથી.

**قوله سيّرهم ألى الشام** : લગભગ આ કિસ્સો એ વખતે પેશ આવ્યો હતો જ્યારે એ સફ્ફાક મુઅસબ બિન ઝુબૈર رضی اللہ عنہની સાથે જંગ કરવા ઈરાક આવ્યો હતો. એ પણ બની શકે છે કે તેણે આ હુકમ દમિશ્કમાં આપ્યો હોય અને એ કસમ ખાનારાઓ કોઈ અન્ય જગાના હતા તેમના પર પાબંદી લગાડી દીધી કે હવે એઓ શામમાં જ રહેશે, પોતાના વતન નહીં જાય. અલ્લાહ બેહતર જાણનાર છે.

અલ્લામા કાબસીએ ફર્માવ્યું કે તેમણે કેવળ ઈબ્ને અબી કલાબાના કહેવાથી કસામતને બાતિલ જાણી, જ્યારે કે એ રસૂલુલ્લાહ ﷺના ફેંસલા તથા ખુલફાએ રાશિદીનના અમલથી સાબિત છે. જ્યારે કે અબૂ કલાબાની યાદ શક્તિની સ્થિતિ એનાથી જાહેર છે કે અન્સારના કિસ્સાને ખયબરના કિસ્સાથી બદલી નાખ્યો, અને સમજ શક્તિ એનાથી જાહેર છે કે ખલીઅની હિકાયત વર્ણન કરી જેને કસામત સાથે કોઈ સંબંધ નથી.

**મઝાહિબ** : બાબુલ મનાકિબમાં વર્ણન થઈ ચૂક્યું છે કે કસામત જાહિલિયતના જમાનાથી ચાલી આવી છે. હુઝૂરે અકદસ ﷺએ પણ એને બાકી રાખી. હવે ઉલમાના એના બારામાં ત્રણ મઝહબો છે : (૧) કસામતના પ્રમાણે ફેંસલામાં ઢીલ રાખવામાં આવે. આ સાલિમ બિન અબ્દુલ્લાહ બિન ઉમર رضوان اللہ تعالیٰ علیہم اجمعین અને અબૂ કલાબા તથા ઉમર બિન અબ્દુલ અઝીઝ તથા હકમ બિન ઉતૈબાનો મઝહબ છે. અને જે લોકો કસામતને સ્વીકારે છે એમાં પણ બે ગિરોહ છે. પહેલો ગિરોહ એવું કહે છે કે કત્લના દાવેદારોથી કસમ લેવામાં આવશે, જ્યારે તેઓ કસમ ખાય લે તો તેમનો દાવો સાબિત થઈ જશે. આ યહયા બિન સઈદ, અબૂઝ્ઝનાદ તથા રબીઅહ તથા ઈમામ માલિક તથા ઈમામ શાફઈ અને ઈમામ અહમદ અને લયષ બિન સઅદનો મઝહબ છે. પરંતુ આ

મઝહબ મશહૂર હદીષ : البينة على المدعى واليمين على من انكر થી વિમુખ છે. એનો જવાબ એ લોકો એ આપે છે કે અમ્ર બિન શોઐબ અન અબી અન જદ્દેહીથી જે રિવાયત આવી છે એમાં કસામતનો અપવાદ છે જેને બયહકીએ રિવાયત કર્યુ. ઉષ્માન બિન હસન બિન સાલેહ, સુફયાન ષૌરી, અબ્દુર્રહમાન બિન અબી લયલા, અબ્દુલ્લાહ બિન શબરમા, આમિર શઅબી, ઈબ્રાહીમ નખઈ તથા ઈમામે આ'ઝમ અબૂ હનીફા તથા ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ મુહમ્મદ رحمہ اللہ علیہم اجمعین નો મઝહબ એ છે કે કસામતમાં દાવેદાર પર કસમ નથી કેવળ પ્રતિવાદી પર કસમ છે અને કસમ ખાધા પછી મુક્ત ન થયા, તેમના પર દિયત વાજિબ થશે. અને એ જ સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ થી પણ રિવાયત થયેલ છે.

અને અમ્ર બિન શોએબની હદીષનો જવાબ એ આપ્યો કે તે દલીલનેપાત્ર નથી. એમાં પાંચ ઈલ્લતે કાદિહા (રદપાત્ર કારણો) છે જેને અલ્લામા અયનીએ વિગતવાર વર્ણવેલ છે.

**શંકા તથા તેનું નિવારણ** : બુશૈર બિન યસાર رضی اللہ عنہ ની હદીષ સઈદ બિન ઓબૈદના તરીકાથી ઈમામ બુખારીએ રિવાયત કરી છે. એમાં એવું છે કે હુઝૂરે અકદસ ﷺ એ દાવેદારોને ફર્માવ્યું, શું તમે લોકો કાંઈ દલીલ પેશ કરો છો ? તેમણે અર્ઝ કરી, અમારી પાસે કોઈ દલીલ નથી. પરંતુ મુસ્લિમમાં જે રિવાયત યહયા બિન સઈદના તરીકાથી છે એમાં એ છે કે હુઝૂરે અકદસ ﷺ એ ફર્માવ્યું કે શું તમે ૫૦ શખ્સો કસમ ખાય શકો છો ?

આ બંનેવ રિવાયતોમાં ટકરાવ છે. સઈદ બિન ઓબૈદની હદીષમાં છે કે હુઝૂરે અકદસ ﷺ એ મારાથી દલીલ માગી. અને યહયા બિન સઈદના તરીકામાં એ છે કે હુઝૂરે અકદસ ﷺ એ દાવેદારોને કસમ ખાવા માટે કહ્યું.

**નિવારણ** : અલ્લામા અયની વગેરેએ વિવિધ મુહદ્દિષોથી ફર્માવ્યું કે યહયા બિન સઈદની રિવાયત સઈદ બિન ઓબૈદની રિવાયત કરતાં અધિક સહીહ છે, બલ્કે અબૂ અમ્રએ કહ્યું કે ઘણા મુહદ્દિષોએ કહ્યું કે સઈદ બિન ઓબૈદની રિવાયતમાં ખતા છે અને એ લોકોએ ઈમામ બુખારી પર એના કારણે ટીકા કરી કે તેમણે સઈદ બિન ઓબૈદની હદીષ વર્ણવી અને યહયા બિન સઈદની હદીષ ત્યજી દીધી. ઉસૈલીએ કહ્યું કે યહયાથી આ હદીષને શઅબા, સુફયાન બિન ઓયૈના, અબ્દુલ વહ્હાબ ષકફી, ઈસા બિન હમ્માદ, બુશ્ર બિન મુફઝ્ઝલએ મુસ્નદન્ મુત્તસિલ રિવાયતની સાથે વર્ણન કરી, અને ઈમામ માલિકે મુરસલન, તેમણે બુશૈર બિન યસારથી રિવાયત કરી. અને સહલ બિન અબી હષ્માને ઝિક્ર નથી કરી. ઈમામ અહમદે ફર્માવ્યું કે કસામતમાં મારો મઝહબ તે હદીષ છે જે યહયા બિન સઈદે બુશૈરથી રિવાયત કરી. અને ઘણા હાફિઝોએ મૌસૂલન્ રિવાયત કરી અને એ સઈદ બિન ઓબૈદની તહદીષથી વધુ સહીહ છે. ઈમામ નિસાઈએ ફર્માવ્યું કે સઈદ બિન ઓબૈદની આ રિવાયત પર કોઈએ પયરવી નથી કરી.

પરંતુ એનાથી ઉલ્ટુ અબુલ કાસિમ બલ્ખીએ મઅરિફતુર્રિજાલમાં વર્ણવ્યું છે કે ઈબ્ને ઈસ્હાકે કહ્યું કે અમ્ર બિન શોઐબને મસ્જિદે હરામમાં કસમ ખાતા જોયા કે સહલ બિન અબી હષ્માની હદીષ કસામતના બારામાં આ પ્રમાણે નથી જેવી તેમણે વર્ણવી. તેમને વહેમ થયો.

اقول وهوا لمستعان અબૂ અમ્રએ કહ્યું રસૂલુલ્લાહ ﷺ થી જે હુકમો મરવી છે એમાં મેં આટલો ઈઝતેરાબ (Unconciousness) નથી જોયો જેટલો કસામતમાં છે. અષરો એમાં આપસમાં ટકરાય છે, એકબીજાથી વિરુદ્ધ છે. જયારે કે બનાવ એક જ છે. એના કારણે અહનાફે મશહૂર હદીષ البينة على المدعى واليمين علىٰ من انكر ના પ્રમાણે દાવેદાર પર કસમ નથી રાખી, કેવળ પ્રતિવાદી પર કસમ રાખી. વલ્લાહુ તઆલા અઅ્લમ.

باب جنين المرأة ص ١٠٢٠

**પ્રકરણ : "સ્ત્રીના ગર્ભ નિવારણનો હુકમ."** –(૧૦૨૦)

حدیث ۲۸۵۸ عَنِ الْمُغِيْرَةِ بْنِ شُعْبَةَ عَنْ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّهُ اسْتَشَارَهُمْ

**[હદીષ : ૨૮૫૮]** *"હઝરત ઉમર رضی اللہ عنہ એ સ્ત્રીના ગર્ભને પાડી નાખવાના બારામાં લોકો સાથે*

فِىْ اِمْلَاصِ الْمَرْاَةِ فَقَالَ الْمُغِيْرَةُ قَضَى النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*મશ્વરો કર્યો તો મુગીરા رضی اللہ عنہ એ કહ્યું કે એના બારામાં નબી صلی اللہ علیہ وسلم એ ગુર્રા દેવાનો હુકમ આપ્યો, ગુલામ હોય*

بِالْغُرَّةِ عَبْدٍ اَوْ اَمَةٍ فَشَهِدَ مُحَمَّدُ بْنُ مَسْلَمَةَ اَنَّهُ شَهِدَ النَّبِىَّ صَلَّى اللّٰهُ

*કે બાંદી. મુહમ્મદ બિન મુસ્લિમા رضی اللہ عنہ એ ગવાહી આપી કે તે એ સમયે હાજર હતા જ્યારે નબી صلی اللہ علیہ وسلم એ આ*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَضٰى بِهٖ ؏

*ફેંસલો કર્યો હતો." (એ જ બુખારીમાં એક હદીષ પછી, અબૂ દાઊદ–દિયાત)*

## હદીષ : ૨૮૫૮ની સમજૂતી

એના બાદવાળી હદીષમાં જે હિશામ અને અબિહીના તરીકાથી મરવી છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ લોકોને કસમ આપીને પૂછયું કે તમારામાંથી કોઈએ ગર્ભ પાડી નાખવાના બારામાં નબી صلی اللہ علیہ وسلمથી કાંઈ સાંભળ્યું છે ? તો મુગીરા બિન શઅબા رضی اللہ عنہએ કહ્યું કે મેં સાંભળ્યું છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ગુર્રાનો હુકમ આપ્યો હતો, ગુલામ હોય કે બાંદી. તો હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું કે એના પર કોઈ ગવાહ લાવો. તો મુહમ્મદ બિન મુસ્લિમાએ ગવાહી આપી.

غُرَّةٌ (ગુર્રા) ઘોડાની પેશાનીની સફેદીને કહે છે. અહીં મુરાદ ગુલામ કે બાંદી છે જેની કિંમત દિયતનો વીસમો હિસ્સો હોય. અબૂ અમ્ર બિન યઅ્લાએ કહ્યું કે ગુર્રાનો અર્થ ગોરો ગુલામ અથવા ગોરી બાંદી છે. તે કહેતા હતા કે અહીં કાળો ગુલામ તથા કાળી બાંદી આપવી પૂરતુ નથી, ગર્ભ પાડી નાખવામાં (એબોર્શનમાં) ગુર્રા ત્યારે વાજિબ છે જ્યારે ગર્ભ મુર્દા પડયો હોય, અને જો જીવતો બહાર પડયો પછી મરી ગયો તો પૂરી દિયત વાજિબ છે. જો કોઈ સગર્ભા સ્ત્રીને એવી મારી કે ડરાવી કે ધમકાવી અથવા કોઈ એવું કામ કર્યું જેના કારણે ગર્ભ પડી ગયો, ભલે તેનાં અંગોનું સર્જન સંપૂર્ણ ન થયું હતું, બલ્કે કેવળ અમુક અંગો જાહેર થયાં હતાં તો મારવાવાળાના આકિલા પર પુરૂષની દિયતનો વીસમો ભાગ એટલે પાંચસો દિરહમ વાજિબ થશે, જે વરસભરમાં અદા કરવામાં આવશે. આકિલાથી કાતિલના બાપદાદાના સગાં મુરાદ છે.

★ સ્ત્રીના ગર્ભને પાડવા વિશે બયાન ★

بَابُ جَنِيْنِ الْمَرْأَةِ وَأَنَّ الْعَقْلَ عَلَى الْوَالِدِ وَعَصَبَةِ الْوَالِدِ لَا عَلَى الْوَلَدِ. ص ۱۰۲۰

પ્રકરણ : "સ્ત્રીના ગર્ભને પાડવા વિશે બયાનઃ અને એ કે એની દિયત પિતા પર છે અને પિતાના અસ્બહ પર છે, પુત્ર પર નહીં."

–(૧૦૨૦)

حديث ۲۸۵۹ عَنِ ابْنِ الْمُسَيَّبِ وَأَبِي سَلَمَةَ بْنِ عَبْدِ الرَّحْمٰنِ أَنَّ أَبَا هُرَيْرَةَ رَضِيَ اللهُ

[હદીષ : ૨૮૫૯] *"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે હુઝૈલની બે સ્ત્રીઓ આપસમાં લડી એમાં*

تَعَالَى عَنْهُ قَالَ اقْتَتَلَتِ امْرَأَتَانِ مِنْ هُذَيْلٍ فَرَمَتْ إِحْدَاهُمَا الْأُخْرَى بِحَجَرٍ

*એકે બીજીને પથ્થર ફેંકીને માર્યો. તેણીને પણ મારી નાખી અને તેણીના પેટના બાળકને પણ મારી નાખ્યું.*

فَقَتَلَهَا وَمَا فِي بَطْنِهَا فَاخْتَصَمُوا إِلَى النَّبِيِّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَضَى أَنَّ دِيَةَ

*નબી ﷺ ની ખિદમતમાં મામલો રજૂ થયો તો ફેંસલો ફર્માવ્યો કે બાળકની દિયત ગુર્રા છે ગુલામ હોય કે*

جَنِيْنِهَا غُرَّةٌ عَبْدٌ أَوْ وَلِيْدَةٌ وَقَضَى دِيَةَ الْمَرْأَةِ عَلَى عَاقِلَتِهَا.

*બાંદી, અને સ્ત્રીની દિયત આક઼િલા પર છે."*

## હદીષ : ૨૮૫૯ની સમજૂતી

આ હદીષ કિતાબુલ ફરાઈઝમાં વર્ણન થઈ ચૂકી છે. અહીં થોડી વિગતે છે એટલા માટે એને અહીં પણ લખી છે. અહીં એ છે કે ફુઝૈલની બે સ્ત્રીઓએ લડાઈ કરી. અને બીજી રિવાયતોમાં એ છે કે એ બની લહ્યાનની હતી. બંનેવમાં ટકરાવ નથી, એટલા માટે કે બની લહ્યાન હુઝૈલની શાખા છે, ગર્ભ પાડવા પર ગર્રા વાજિબ છે અને એ ક઼ત્લ પર દિયત, અને બંનેવ ક઼ાતિલના આક઼િલા પર છે. આક઼િલાથી મુરાદ બાપ અને બાપના થકી અન્ય સગાં સંબંધીઓ. આ રિવાયતમાં عاقلتها છે અને બીજી રિવાયતોમાં عصبتها છે. બંનેનો સાર એક જ છે. વર્ણન થઈ ચૂક્યું કે આક઼િલા બાપ તથા બાપના થકીનાં સગાંને કહે છે.

દિયત બાપ તથા તેના અસ્બહ પર છે, પુત્ર પર નથી. એની સાબિતીમાં અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે ઓસામા ઈબ્ને ઉમરની રિવાયતમાં છે કે ક઼ાતિલા (ક઼ાતિલ સ્ત્રી)ના બાપે કહ્યું કે તેની દિયત તેના પુત્રો આપશે, અને નબી ﷺએ ફર્માવ્યું કે દિયત અસ્બહ પર છે. સરખામણી કરતાં સાબિત થઈ ગયું કે પુત્ર પર દિયત નથી.

## પ્રકરણ : "જેણે ગુલામ અથવા બાળકને કામ કરવા માટે માગ્યો." –(૧૦૨૧)

## بَابُ مَنِ اسْتَعَارَ عَبْدًا اَوْصَبِيًّا ص ۱۰۲۱

[તઅલીક઼ : ૮૧૩] ت ۸۱۳ وَيُذْكَرُ اَنَّ اُمَّ سَلَمَةَ بَعَثَتْ اِلٰى مُعَلِّمِ الْكُتَّابِ اِبْعَثْ اِلَىَّ غِلْمَانًا

*"અને ઝિક્ર કરવામાં આવે છે કે હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا એ મક્તબના મુઅલ્લિમની પાસે માણસ મોકલ્યો*

يَنْفُشُوْنَ صُوْفًا وَلَا تَبْعَثْ اِلَىَّ حُرًّا۔

*કે મારી પાસે અમુક બાળકોને મોકલી આપે કે ઊન પીંજી આપે અને કોઈ આઝાદને ન મોકલશો."*

**તઅલીક઼ : ૮૧૩ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ વકીઅ઼ બિન જર્રાહે઼ મુઅમ્મર અન સુફ઼યાન અન ઈબ્ને મુન્કદિર અન ઉમ્મે સલમા رضی اللہ عنہاથી રિવાયત કરી છે. પણ એ મુન્ક઼તઅ છે. કેમ કે મુહમ્મદ બિન મુન્કદિરે હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاથી નથી સાંભળી.

પ્રકરણમાં (ઈસ્તિઆર) اِسْتَعَارَના "રા" 'ر' સાથે નસફી તથા ઈસ્માઈલીની રિવાયત છે, પરંતુ મોટાભાગની રિવાયત استعان (ઈસ્તિઆન) છે. આ પ્રકરણને ઈમામ બુખારીએ કિતાબુદ્દિયાતમાં એ હિસાબે વર્ણન કર્યુ છે કે જો એ પુત્ર મરી ગયો તો તેની દિયત છે કે નથી ? અને છે તો કોના પર છે ? તવઝીહમાં છે કે જો કોઈ આઝાદ બાલિગથી કોઈ કામ લીધું ચાહે તે મફત કે મજૂરી પર, અને તેને ચોટ વગેરે લાગી ગઈ તો એમાં કોઈના નજીક ઝમાન નથી. જો એ કામ એવું છે જેમાં ખતરો ન હોય. અલ્બત્ત જેણે એના પર જિનાયત (જાની કે માલી નુકસાન થાય તેવું ગુનાહિત કૃત્ય જેના બદલામાં દંડ આપવો પડે) કરી અને જબરદસ્તી કરી એના પર ઝમાન છે. અને કોઈ બાલિગ ગુલામથી કામ લીધું અને તે હલાક (મરી ગયો) તો જો તે કામ ખતરાવાળુ છે અને તેના માલિકને પૂછયા વિના તે કામ લીધુ હતું તો તેના પર ઝમાન છે. દા.ત. કૂવો ખોદાવવા લગાડયો અથવા સફરમાં મોકલી આપ્યો. ઈમામ માલિકનો ક઼ૌલ છે કે એના પર ઝમાન નથી, ભલે માલિકે ઈજાઝત આપી હોય કે ન આપી હોય. હા ! જો અધિક ખતરનાક કામમાં લગાડયો તો એના પર ઝમાન છે. અને જમહૂરનો મઝહબ એ છે કે જો આઝાદ નાબાલિગ બાળકથી કામ લીધું અથવા માલિકની ઈજાઝત વગર ગુલામથી કામ લીધું અને તે મરી ગયો તો તે ગુલામની કિંમતનો ઝામિન છે, અને આઝાદ બાળકની દિયતનો પણ. અને આ દિયત તેના આક઼િલા પર થશે. હઝરત ઉમ્મુલ મુઅમિનીન સલમા رضی اللہ عنہاએ ગુલામોને ખાસ કર્યું એટલા માટે કે તેમને ખબર હતી કે તેમના માલિક મારુ કામ કરવા પર બુરુ નહીં માને.

## بَابُ الْعَجْمَاءُ جُبَارٌ ص ۱۰۲۱

## પ્રકરણ : "જાનવરોની જનાયત પર કાંઈ નથી." –(૧૦૨૧)

**સ્પષ્ટતા** : ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું કે જાનવર જો કોઈને મારી નાખે અથવા કોઈ ચીજ વેડફી નાખે તો ન એમાં ક઼ેસાસ છે ન ઝમાન, ચાહે ઝખ્મ પહોંચ્યો હોય કે ન પહોંચ્યો હોય, દિવસે હોય અથવા રાતે, ચાહે તેની સાથે કોઈ હોય કે ન હોય. હા ! જો તેની સાથે કોઈ હોય અને તે ઈરાદાપૂર્વક જાનવરને નુકસાન

કરવાના માટે ઉત્તેજન આપે, તો હવે તે ઝામિન થશે. અને બાક઼ીના ત્રણેવ ઈમામોએ ફ઼ર્માવ્યું, કે જો જાનવરની સાથે કોઈ હોય તો તે ઝામિન થશે. આપણી દલીલ પ્રકરણની હદીષ છે કે ફ઼ર્માવ્યું : اَلْعَجْمَاءُ عَقْلُهَا جُبَارٌ જાનવરની જનાયતની દિયત સાકિત છે (કાંઈ નથી).

اَلْعَجْمَاءُ- أَعْجَم નો મુઅન્નષ છે. અને ઈમામ તિર્મિઝીએ ફ઼ર્માવ્યું કે અમુક ઈલ્મવાળાઓએ કહ્યું કે અજમા તે જાનવર છે જે માલિકથી ભાગ્યું હોય, અને એ હાલતમાં જો નુકસાન કરે તો કોઈના પર તાવાન નથી.

ت ٨١٤ وَقَالَ ابْنُ سِيْرِيْنَ كَانُوا لَا يُضَمِّنُوْنَ مِنَ النَّفْحَةِ وَيُضَمِّنُوْنَ

''અને ઈબ્ને સીરીને ફ઼ર્માવ્યું, સહાબા તથા તાબઈનના ઉલમા જાનવરના લાત **[તઅલીક઼ : ૮૧૪]**

مِنْ رَدِّ الْعِنَانِ.

*મારવામાં ઝામિન બનાવતા ન હતા અને લગામ ખેંચવા પર ઝામિન બનાવતા હતા.''*

## તઅલીક઼ : ૮૧૪ની સમજૂતી

આ તઅલીક઼ને ઈમામ સઈદ બિન મન્સૂરે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. મતલબ એ છે કે કોઈ શખ્સ જાનવર પર સવાર થઈને જઈ રહ્યો છે અને જાનવરે કોઈને લાત મારી દીધી તો સવાર પર કોઈ જુર્મ લાગુ નથી થતો. પરંતુ જો સવારે લગામ ખેંચી એના પર જાનવરે કોઈને લાત મારી અને જાનવરથી કોઈ કચદાઈ ગયો તો સવાર ઝામિન છે, તેનાથી ઈર્શ (દિયત) લેવામાં આવશે.

ت ٨١٥ **[તઅલીક઼ : ૮૧૫]** وَقَالَ حَمَّادٌ لَا يُضَمَّنُ مِنَ النَّفْحَةِ إِلَّا أَنْ يَنْخُسَ إِنْسَانٌ الدَّابَّة

*''અને હમ્માદે ફ઼ર્માવ્યું, લાત મારવા પર ઝમાન નથી, પણ એ કે કોઈ માણસ ચોપાયાને ઉશ્કેરે.''*

ت ٨١٦ **[તઅલીક઼ : ૮૧૬]** وَقَالَ شُرَيْحٌ لَا تُضَمَّنُ مَا عَاقَبَ أَنْ يَضْرِبَهَا فَتَضْرِبَ بِرِجْلِهَا.

*''અને ઈમામ શુરૈહે કહ્યું, જાનવર જો બદલો લે તો ઝામિન નથી. દા.ત. એને કોઈકે માર્યું જેના પર તે પોતાના પગો વડે મારી દે.''*

ت ٨١٧ وَقَالَ الْحَكَمُ وَحَمَّادٌ إِذَا سَاقَ الْمُكَارِي حِمَارًا عَلَيْهِ امْرَأَةٌ فَتَخِرُّ لَا شَيْءَ عَلَيْهِ

*''અને હકમ તથા હ઼મ્માદે કહ્યું કે ભાડે લેનાર જ્યારે ગધેડાને હાંકે અને એના પર* **[તઅલીક઼ : ૮૧૭]**
*કોઈ સ્ત્રી હતી જે ગબડી પડી તો ભાડુત પર કાંઈ નથી.''*

ت ٨١٨ وَقَالَ الشَّعْبِيُّ إِذَا سَاقَ دَابَّةً فَأَتْبَعَهَا فَهُوَ ضَامِنٌ لِمَا أَصَابَتْ وَإِنْ

*"ઈમામ શઅબીએ ફર્માવ્યું કે હાંકનારો જ્યારે જાનવરને થકવી દે અને તે કોઈ* **[તઅલીક઼ : ૮૧૮]**

كَانَ خَلْفَهَا مُتَرَسِّلاً لَمْ يَضْمَنْ

*નુકસાન કરી દે તો હાંકનાર ઝામિન થશે, અને જો પાછળ છે અને હાંકી રહ્યો નથી તો ઝામિન થશે નહીં."*

### તઅલીક઼ : ૮૧૮ની સમજૂતી

આ તઅલીક઼ને ઈમામ ઈબ્ને અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. مُتَرَسِّلًا નો અર્થ છે કે જાનવરને ન હાંકી રહ્યો છે અને ન રોકી રહ્યો છે, બલ્કે તેને તેની મરજી પર છોડી આપ્યું છે.

بسم الله الرحمن الرحيم

## 'કિતાબુ ઈસ્તિતાબતિલ્ મુઆનિદીન' –(૧૦૨૨)

## (હક્કના વિરોધીઓથી તૌબા કરાવવું તથા તેમનાથી લડવા વિશે)

كِتَابُ اِسْتِتَابَةِ الْمُعَانِدِيْنَ وَالْمُرْتَدِّيْنَ وَقِتَالِهِمْ — اِثْمُ مَنْ اَشْرَكَ بِاللّٰهِ وَعُقُوْبَتُهُ فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ. ص١٠٢٢

મુઆનિદીન તથા મુર્તદોથી તૌબા કરાવનાર અને તેમનાથી લડવાનું બયાન. અને જે અલ્લાહની સાથે શિર્ક કરે તેની દુનિયા વ આખેરતમાં સજા. –*(૧૦૨૬)*

**સ્પષ્ટતા :** મુઆનિદીનથી મુરાદ તે લોકો છે જેઓ જાણીબુઝીને હક્ક વાતને રદ કરે અને અહલે સુન્નતના તરીકાથી હટેલા હોય. અને મુર્તદીનથી મુરાદ તે લોકો છે જેઓ ઈસ્લામ કબૂલ કરીને કુફ્ર ઈખ્તિયાર કરે, અથવા ઈસ્લામના દાવા સાથે કુફ્રમાં પડે. શિર્કથી મુરાદ એ છે કે અલ્લાહની જાત તથા સિફતો તથા ફેઅલો તથા ઈબાદતમાં કોઈને શરીક કરે.

وَقَالَ اللّٰهُ تَعَالٰى اِنَّ الشِّرْكَ لَظُلْمٌ عَظِيْمٌ وَلَئِنْ اَشْرَكْتَ لَيَحْبَطَنَّ عَمَلُكَ وَلَتَكُوْنَنَّ مِنَ الْخٰسِرِيْنَ.

અને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, બેશક ! શિર્ક ભારે જુર્મ છે. અને હે સાંભળનાર ! (જે પણ હોય) જો તું શિર્ક કરીશ તો તારા અમલો બેકાર થઈ જશે અને તું નુકસાન ઉઠાવનારાઓમાં થઈ જઈશ. *(ઝુમર–૬૫)*

**સ્પષ્ટતા :** لَئِنْ اَشْرَكْتَમાં સંબોધન જો કે જાહેરી રીતે હુઝૂરે અકદસ ﷺને છે પરંતુ મુરાદ અન્ય લોકો છે. ઉલમાનો એમાં મતભેદ છે કે જો કોઈ ઈમાન લાવ્યા બાદ મુર્તદ થઈ જાય અને ફરી ઈમાન લાવે તો મુર્તદ થતા પહેલાંના તેના નેક અમલો વિશ્વાસ પાત્ર છે કે નથી. આપણો મઝહબ એ છે કે તે વિશ્વાસ પાત્ર નથી. એની દલીલ આ આયતે કરીમા છે. જ્યારે અમલો બેકાર થઈ ગયા તો પછી એના વિશ્વાસનો શો અર્થ.

حديث ٢٨٦٠ عَنْ اَبِىْ وَائِلٍ عَنِ ابْنِ مَسْعُوْدٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ

*"હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક શખ્સે અર્ઝ કરી,* **[હદીષ : ૨૮૬૦]**

رَجُلٌ اَنُؤَاخَذُ بِمَا عَمِلْنَا فِى الْجَاهِلِيَّةِ قَالَ مَنْ اَحْسَنَ فِى الْاِسْلَامِ لَمْ يُؤَاخَذْ

*યા રસૂલલ્લાહ ! ﷺ જાહિલિયતના જમાનામાં જે બુરાઈઓ કરી છે તેના પર અમને પૂછતાછ થશે ? ફર્માવ્યું,*

بِمَا عَمِلَ فِى الْجَاهِلِيَّةِ وَمَنْ اَسَاءَ فِى الْاِسْلَامِ اُخِذَ بِالْاَوَّلِ وَالْاٰخِرِ ع

*જેણે ઈસ્લામમાં સારું કામ કર્યું તો એનાથી જાહિલિયતના સમયની બુરાઈઓ પર પૂછતાછ થશે નહીં.*

*અને જેણે બુરુ કામ કર્યું એનાથી આગલા પાછલા સર્વ પર પૂછતાછ થશે."*

إساءنो અર્થ બુરાઈ કરવી છે અને બુરાઈ ગુનાહને પણ કહે છે. તો હદીષનો જાહેર એ ચાહે છે કે કોઈ કાફિર ઈસ્લામ સ્વીકારી લે અને ઈસ્લામની હાલતમાં ગુનાહમાં સપડાય તો તેનાથી કુફ્રના જમાનાના ગુનાહો પર પણ પૂછતાછ થશે. જ્યારે કે એ કુર્આન મજીદ તથા સહીહ હદીષો અને ઈજમાઅની વિરુદ્ધ છે કે ઈસ્લામથી કુફ્રના જમાનાના સર્વ ગુનાહો કુફ્ર સહિત માફ થઈ જાય છે. ઈર્શાદ છે :–

قُلْ لِّلَّذِيْنَ كَفَرُوْٓا اِنْ يَّنْتَهُوْا يُغْفَرْ لَهُمْ مَّا قَدْ سَلَفَ

"કાફિરોને કહી દો કે જો એ લોકો પોતાના કુફ્રથી દૂર થઈ જાય તો તેમના સર્વ ગુનાહો જે (ઈસ્લામથી પહેલાં) થઈ ચૂક્યા છે સર્વ માફ કરી દેવામાં આવશે."

*–(સૂરએ અન્ફાલ, આ. ૩૮)*

હદીષમાં છે : اَلْاِسْلَامُ يَهْدِمُ مَا قَبْلَهٗ ઈસ્લામ પહેલાંના સર્વ ગુનાહો ધોઈ નાખે છે. જવાબ એ છે કે إساءથી મુરાદ અહીં એ છે કે, "તેણે દિલથી ઈમાન કબૂલ ન કર્યું અને મુનાફિક રહ્યો."

## بَابُ حُكْمِ الْمُرْتَدِّ وَالْمُرْتَدَّةِ ص۱۰۲۲

## પ્રકરણ : "મુર્તદ પુરૂષ સ્ત્રીનો હુકમ." –(૧૦૨૨)

ت ۸۱۹ [તઅલીક઼ : ૮૧૯]

وَقَالَ ابْنُ عُمَرَ وَالزُّهْرِيُّ وَاِبْرَاهِيْمُ يُقْتَلُ الْمُرْتَدَّةُ۔

*"હઝરત ઈબ્ને ઉમર તથા ઝુહરી તથા ઈબ્રાહીમે કહ્યું, મુર્તદ સ્ત્રીને કત્લ કરવામાં આવશે."*

**તઅલીક઼ : ૮૧૯ની સમજૂતી** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماની તઅલીકને ઈબ્ને અબી શયબાએ તથા ઈમામ ઝુહરી તથા ઈમામ નખઈની તઅલીકને ઈમામ અબ્દુર્રઝ્ઝાકે મુત્તસિલ સનદની સાથે રિવાયત કરી છે. આ આધારને વર્ણન કરવાનો હેતુ ઈમામ બુખારીનો એ છે કે મુર્તદ પુરૂષ હોય કે સ્ત્રી બંનેનો હુકમ એક છે. બંનેવને કત્લ કરવામાં આવશે. પરંતુ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہએ ફર્માવ્યું કે સ્ત્રી જો મુર્તદ થઈ જાય તો તેને કત્લ કરવામાં નહીં આવે. આ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનો કૌલ છે. તેણીને કૈદ કરવામાં આવશે, ત્યાં સુધી કે ઈસ્લામ સ્વીકારે કે મરી જાય.

وَاسْتَتَابَهُمْ ① وَقَالَ اللّٰهُ كَيْفَ يَهْدِي اللّٰهُ قَوْمًا كَفَرُوْا بَعْدَ اِيْمَانِهِمْ وَشَهِدُوْٓا اَنَّ الرَّسُوْلَ حَقٌّ وَّجَآءَهُمُ الْبَيِّنٰتُ وَاللّٰهُ لَا يَهْدِي الْقَوْمَ الظّٰلِمِيْنَ اُولٰٓئِكَ جَزَآؤُهُمْ اَنَّ عَلَيْهِمْ لَعْنَةَ اللّٰهِ وَالْمَلٰٓئِكَةِ وَالنَّاسِ اَجْمَعِيْنَ خٰلِدِيْنَ فِيْهَا لَا يُخَفَّفُ عَنْهُمُ الْعَذَابُ وَلَا هُمْ يُنْظَرُوْنَ اِلَّا الَّذِيْنَ تَابُوْا مِنْۢ بَعْدِ ذٰلِكَ وَ

૧. "અને અલ્લાહ એવી કૌમને કેવી રીતે હિદાયત આપશે જે ઈમાન લાવ્યા બાદ કાફિર થઈ ગયા, અને એ ગવાહી આપી ચૂક્યા હતા કે રસૂલ હક્ક પર છે. અને તેમને ઉઘાડી નિશાનીઓ આવી ચૂકી હતી અને અલ્લાહ જાલિમોને હિદાયત નથી આપતો. તેમનો બદલો એ છે કે એમના પર અલ્લાહ તથા ફરિશ્તાઓ સૌની લઅનત છે. હમેશાં તેમાં રહેશે, ન એમના પરથી અઝાબ હલકો થશે અને ન એમને હિદાયત આપવામાં આવશે. પણ જેમણે એના પછી તૌબા કરી અને દુરુસ્ત રહ્યા તો જરૂર અલ્લાહ બખ્શનાર મહેરબાન છે. બેશક !

اصلحوا فان الله غفور رحيم۔ ان الذين كفروا بعد ايمانهم ثم ازدادوا كفرا لن تقبل توبتهم واولئك هم الضالون۔

જેઓ ઈમાન લાવીને કાફિર થયા, પછી કુફ્રમાં ઔર વધ્યા તેમની તૌબા હરગિઝ કૃબૂલ થશે નહીં, અને એ જ લોકો બેહકેલા છે. *(આલે ઈમરાન–૯૦)*

(٢) وقوله. وان تطيعوا فريقا من الذين اوتوا الكتاب يردوكم بعد ايمانكم كفرين

**૨.** જો તમે કાંઈ અહલે કિતાબના કહેવા પર ચાલ્યા તો તે તમારા ઈમાન લાવ્યા બાદ તમને કાફિર બનાવીને છોડશે. *(આલે ઈમરાન–૧૦૦)*

(٣) وقال. ان الذين امنوا ثم كفروا ثم امنوا ثم كفروا ثم ازدادوا كفرا لم يكن الله ليغفر لهم ولا ليهديهم سبيلا.

**૩.** બેશક ! તે લોકો જે ઈમાન લાવ્યા પછી કાફિર થયા, ફરી ઈમાન લાવ્યા, ફરી કાફિર થયા પછી ઔર કુફ્રમાં વધ્યા, અલ્લાહ તેમને હરગિઝ બખ્શશે નહીં અને ન તેમને રાહ દેખાડશે. *(સૂરએ નિસાઅ્, આ. ૧૩૭)*

(٤) وقال من يرتد منكم عن دينه فسوف ياتي الله بقوم يحبهم ويحبونه.

**૪.** અને તમારામાં જે પણ પોતાના દીનથી ફરશે તો નજીકમાં અલ્લાહ એવા લોકો લાવશે કે તે અલ્લાહના પ્યારા હશે અને અલ્લાહ એમનો પ્યારો હશે. *(સૂરએ માઈદા, આ. ૫૪)*

(٥) وقال ولكن من شرح بالكفر صدرا فعليه غضب من الله ولهم عذاب عظيم۔ ذلك بانهم استحبوا الحيوة الدنيا على الاخرة وان الله لا يهدي القوم الكافرين ۝ اولئك الذين طبع الله على قلوبهم وسمعهم وابصارهم واولئك هم الغفلون لا جرم يقول حقا انهم في الاخرة هم الخاسرون ۝ ثم ان ربك للذين هاجروا من بعد ما فتنوا ثم جاهدوا وصبروا ان ربك من بعدها لغفور رحيم۔

**૫.** હા ! જે દિલ ખોલીને કાફિર બને તો તેમના પર અલ્લાહનો ગઝબ છે અને એમના માટે અલ્લાહનો અઝાબ છે. આ એટલા માટે કે તેમણે દુનિયાની જિંદગી આખેરત કરતાં પ્યારી જાણી. અને એટલા માટે કે અલ્લાહ એવા કાફિરોને હિદાયત નથી આપતો. આ તે લોકો છે જેમનાં દિલ તથા કાન તથા આંખો પર અલ્લાહે મોહર કરી આપી છે અને એ લોકો ગફલતમાં પડેલા છે. જરૂર એ લોકો આખેરતમાં નુકસાન ઉઠાવનારા છે. પછી બેશક ! તમારો રબ તેમના માટે જેમણે પોતાનાં ઘર છોડયાં સતાવવામાં આવ્યા બાદ. અને એના બાદ તેમણે જેહાદ કર્યો અને સાબિર રહ્યા. બેશક ! તમારો રબ એના પછી જરૂર બખ્શનારો મહેરબાન છે.

*–(સૂરએ નહલ, આ. ૧૦૭ થી ૧૧૦)*

٦ وَقَالَ وَلَا يَزَالُوْنَ يُقَاتِلُوْنَكُمْ حَتّٰى يَرُدُّوْكُمْ عَنْ دِيْنِكُمْ اِنِ اسْتَطَاعُوْا وَمَنْ يَّرْتَدِدْ مِنْكُمْ عَنْ دِيْنِهٖ فَيَمُتْ وَهُوَ كَافِرٌ فَاُولٰٓئِكَ حَبِطَتْ اَعْمَالُهُمْ فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ وَاُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ هُمْ فِيْهَا خٰلِدُوْنَ۔ (سورۂ بقرہ آیت ۲۱۷)

૬. અને એ લોકો હમેશાં તમારી સાથે લડતા રહેશે, ત્યાં સુધી કે તમને તમારા દીનથી ફેરવી દે જો એમનાથી બની શકે. **અને તમારામાંથી જે કોઈ પોતાના દીનથી ફરે પછી કાફિર થઈને મરે તો તેમના સર્વ અમલો બેકાર છે દુનિયા તથા આખેરતમાં, અને એઓ દોઝખી છે, તેમણે દોઝખમાં હમેશાં રહેવાનું છે.** *(સૂરએ બક઼રહ, આ. ૨૧૭)*

**સ્પષ્ટતા :** પાંચમા નબરની આયતમાં હતું : لَا جَرَمَ اَنَّهُمْ فِى الْاٰخِرَةِ ઈમામ બુખારીએ لَا جَرَمَ પછી આ વધારો કર્યો છે. يَقُوْلُ حَقًّا આ لَا جَرَمનો અર્થ બતાવ્યો છે. એ આયતોમાં ઈમાન પછી ફરી જવાની વિવિધ સજાઓ વર્ણન થયેલી છે. તેમના પર અલ્લાહની લઅનત છે, તેમના પર ફરિશ્તાઓની લઅનત છે, સર્વ લોકોની લઅનત છે, તેઓ લઅનતમાં હમેશાં રહેશે, અલ્લાહ એમની મગફેરત નહીં ફર્માવે, તેમને સીધો માર્ગ નહીં દેખાડે, તેમના પર અલ્લાહનો ગઝબ છે, તેમના માટે ભારે અઝાબ છે, એ લોકો કાફિર છે, એ લોકો નુકસાનમાં છે, તેમના નેક અમલો સૌ બેકાર થઈ ગયા, એ લોકો જહન્નમી છે, એ લોકો જહન્નમમાં હમેશાં રહેશે. આ મુર્તદોનો આખેરતનો અઝાબ છે. દુનિયામાં એમની શું સજા છે જે આ પ્રકરણના હેઠળ જે હદીષો લાવ્યા છે તેનાથી જાહેર છે કે એમાં વર્ણન થયેલ છે કે તેમની સજા ક઼ત્લ છે.

بَابُ اِذَا عَرَّضَ الذِّمِّىُّ وَغَيْرُهٗ بِسَبِّ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَلَمْ يُصَرِّحْ نَحْوَ قَوْلِهٖ اَلسَّامُ عَلَيْكَ۔ ص۱۰۲۳

**પ્રકરણ : "જ્યારે ઝિમ્મી વગેરે નબી ﷺને કિનાયતન્ (આડકતરી રીતે) બુરા કહે અને સ્પષ્ટતા ન કરે, જેમ કે કહે اَلسَّامُ عَلَيْكَ (અસ્સામુ અલૈક)."** *–(૧૦૨૩)*

**સ્પષ્ટતા :** ઝિમ્મી વગેરેથી મુરાદ મુસ્તામિન તથા મુઆહિદ (શરણ પામેલ તથા ક઼રાર કરીને રહેલા છે) તઅરીઝથી મુરાદ એ છે કે એવી વાત કહે જેનો એક અર્થ ટીકાનો હોય અને બીજો અર્થ ટીકાથી ખાલી હોય. ઈમામ બુખારીએ એ સ્પષ્ટતા નથી કરી કે એના બારામાં એમનો મઝહબ શું છે ? બલ્કે એના હેઠળ જે હદીષો લાવ્યા છે એનાથી એ જાહેર થઈ રહ્યું છે કે એમનો મઝહબ એ છે કે એને ક઼ત્લ નહીં કરવામાં આવે, બલ્કે એને કોઈ સજા પણ નહીં આપવામાં આવે. બલ્કે જેવા શબ્દો કહે એના મુતાબિક઼ તઅરીઝી શબ્દો કહી દેવામાં આવશે. પણ **એના પર ઉમ્મતનો ઈજમાઅ છે કે જે બદ્‌બખ્ત રસૂલુલ્લાહ ﷺની શાનમાં ગુસ્તાખી કરે તેની સજા ક઼ત્લ છે, ભલે તૌબા કરી લે.** જેમ કે કઅબ બિન અશરફ અને અબૂ રાફેઅનો બનાવ મશહૂર છે. ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે રિવાયત કરી કે એક શખ્સે નબી ﷺને બુરા કહ્યા તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, કોણ મારા દુશ્મનથી મારી કિફાયત કરશે ? હઝરત ઝુબૈરે ફર્માવ્યું, હું ! ઝુબૈરે તેને ક઼ત્લ કરી આપ્યો. એવો જ એક બનાવ અન્ય પણ છે કે એક શખ્સે હુઝૂર ﷺની શાનમાં બેઅદબી કરી તો હુઝૂર ﷺએ હઝરત ખાલિદ બિન વલીદને મોકલીને તેને ક઼ત્લ કરી આપ્યો.

حدیث ۲۸٦۱ عَنْ هِشَامِ بْنِ زَيْدِ بْنِ أَنَسِ بْنِ مَالِكٍ قَالَ سَمِعْتُ أَنَسَ بْنَ مَالِكٍ

[હદીષ : ૨૮૬૧] *''હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ કહે છે કે એક યહૂદી રસૂલુલ્લાહ ﷺની*

رَضِيَ اللَّهُ تَعَالَى عَنْهُ يَقُولُ مَرَّ يَهُودِيٌّ بِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

*પાસે થઈને પસાર થયો અને તેણે કહ્યું, السَّامُ عَلَيْكَ ''અસ્સામુ અલૈક'' તમારા પર મૌત થાય.*

فَقَالَ السَّامُ عَلَيْكَ. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ وَعَلَيْكَ. فَقَالَ

*તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''વઅલૈક'', ''અને તારા પર''. પછી રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું તમને*

رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ أَتَدْرُونَ مَا يَقُولُ قَالَ السَّامُ عَلَيْكَ

*લોકોને ખબર છે કે એ શું કહી રહ્યો છે ?! એણે કહ્યું, તમારા પર મૌત થાય. સહાબાએ કિરામે અર્ઝ કરી, શું અમે*

قَالُوا يَا رَسُولَ اللَّهِ أَلَا نَقْتُلُهُ قَالَ لَا، إِذَا سَلَّمَ عَلَيْكُمْ أَهْلُ الْكِتَابِ

*એને કત્લ ન કરી દઈએ ? ફર્માવ્યું, નહીં ! જ્યારે અહલે કિતાબ સલામ કરે તો*

فَقُولُوا وَعَلَيْكُمْ

*જવાબમાં તમે લોકો ''વઅલૈકુમ'' કહી દો.'' (નિસાઈ–અલ્યૌમુવલ્લૈલહ)*

**હદીષ : ૨૮૬૧ની સમજૂતી** જે લોકો એવું કહે છે કે જો ઝિમ્મી (જિઝયાવેરો ભરી રહેનાર કાફિર) જો હુઝૂરે અક્દસ ﷺની શાનમાં ગુસ્તાખી કરે તો તેને કત્લ નહીં કરવામાં આવે. તેમની દલીલ આ જ હદીષ છે. એમાં સ્પષ્ટપણે છે કે તેને કત્લ ન કરો. તેમજ આ જ વિષયની હદીષ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી પણ મરવી છે. જો કે એમાં એવું વર્ણન નથી કે હુઝૂરે અક્દસ ﷺએ ગુસ્તાખને કત્લ કરવાથી મના ફર્માવ્યું. પરંતુ જો એની સજા કત્લ હોત તો એને કત્લ કરવાનો જરૂર હુકમ થાત. એનાથી પણ એ સાબિત થઈ રહ્યું છે કે ઝિમ્મી વગેરે જો ગુસ્તાખી કરે તો તેમને કત્લ કરવામાં નહીં આવે.

بَابُ قِتَالِ الْخَوَارِجِ وَالْمُلْحِدِينَ بَعْدَ إِقَامَةِ الْحُجَّةِ عَلَيْهِمْ وَقَوْلِ اللَّهِ وَمَا كَانَ اللَّهُ لِيُضِلَّ قَوْمًا بَعْدَ إِذْ هَدَاهُمْ حَتَّى يُبَيِّنَ لَهُمْ مَا يَتَّقُونَ ( سورہ توبہ آیت ۱۱۵ ) ص ۱۰۲۴

**પ્રકરણ : ''ખારજીઓ તથા મુલ્હિદો (અધર્મીઓ)ને દલીલ કાયમ કર્યા પછી કત્લ કરી દેવા. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : અને અલ્લાહની શાન નથી કે કોઈ કૌમને હિદાયત કરીને ગુમરાહ કરે. જ્યાં સુધી એમને સાફ સાફ બતાવી ન દો કે કઈ ચીજથી તેમણે બચવાનું છે.''**

*–સૂરએ તૌબા, આ. ૧૧૫ (૧૦૨૪)*

**સ્પષ્ટતા : (ખારજી)** 'خَارِجَةٌ' خوارجનું બહુવચન છે જે સિફત છે طَائِفَةٌની. મશહૂર બાતિલ ફિર્કો જેની શરૂઆત અમીરુલ મો'મિનીન મૌલલ્ મુસ્લિમીન હઝરત અલી رضی اللہ عنہના મુબારક યુગમાં વાકિઆએ તહ્કીમ પછી થઈ, જેમના અમુક ખાસ અકીદાઓ છે જે અહલે સુન્નતની વિરુદ્ધ છે. દા.ત. ગુનાહે કબીરામાં સપડાનારને કાફિર કહેવો અને ખિલાફત માટે કુરૈશીની શર્ત ન હોવું વગેરે.

## ★ જ્યારે મઆઝલ્લાહ ! કોઈ ખારજી તથા મુલ્હિદ થઈ જાય તો ઈસ્લામના સુલ્તાન પર ફર્ઝ છે કે તેમની સાથે જંગ કરે ★

مُلْحِدِيْنٌ ملحدનું બહુવચન છે. મુલ્હિદનો અર્થ હક્કથી હટીને બાતિલની તરફ ઝુકનાર. જ્યારે મઆઝલ્લાહ ! કોઈ ખારજી તથા મુલ્હિદ થઈ જાય તો ઈસ્લામના સુલ્તાન પર ફર્ઝ છે કે તેમની સાથે જંગ કરે. પણ જંગથી પહેલાં જરૂરી છે કે સમજાવવાની કોશિશ કરવામાં આવે. જેમ કે મૌલલ્ મુસ્લિમીન, અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہએ કર્યું હતું. પ્રથમ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہને મોકલ્યા કે તેમને સમજાવે. તેમણે ખારજીઓને પૂછયું તો બતાવ્યું કે હઝરત અલી رضی اللہ عنہએ "હ્કમ" માનીને શિર્ક કર્યું. અલ્લાહ તઆલા ફર્માવે છે : اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ "કેવળ અલ્લાહ જ માટે હ્કમ છે." હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું, કે જ્યારે પતિ પત્નીમાં ઝઘડો થઈ જાય તો પતિ પોતાના તરફથી એક "હ્કમ" (પંચ) બનાવે અને પત્ની પોતાના તરફથી. ઈર્શાદ છે : فَابْعَثُوْا حَكَمًا مِّنْ اَهْلِهٖ وَحَكَمًا مِّنْ اَهْلِهَا "એક હકમ (પંચ) પતિના ઘરવાળા તરફથી મોકલો અને એક "હ્કમ" પત્નીનાં ઘરવાળા તરફથી મોકલો." આ સાંભળીને લગભગ ત્રણ હજાર ખારજીઓએ તૌબા કરીને હઝરત અલી رضی اللہ عنہને આવીને મળ્યા. બાકીના પોતાની જીદ પર અડેલા રહ્યા. ત્યાર બાદ હઝરત અલી رضی اللہ عنہએ તેમની સાથે જંગ કરીને લગભગ બધાયને ખત્મ કરી આપ્યા.

## ★ ખારજી ક્ત્લ થનારાઓમાં તલાશ કરો એક શખ્સ એવો હશે જેનો હાથ સ્ત્રીના સ્તન જેવો હશે ★

કેમ કે ખારજી પોતે પોતાને મુસલમાન કહેતા હતા એટલા માટે અમુક લોકો પર ખારજીઓને ક્ત્લ કરવું ભારે લાગ્યું. તો હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, ખારજી ક્ત્લ થનારાઓમાં તલાશ કરો એક શખ્સ એવો હશે જેનો હાથ સ્ત્રીના સ્તન જેવો હશે. જો ક્ત્લ થનારાઓમાં એવો શખ્સ મળી ગયો તો હુઝૂર صلی اللہ علیہ وسلمની પેશનગોઈના પ્રમાણે તમે બદ્તરીન ખલાઈક્ (મખ્લૂક્માં સૌથી બદતર)ને ક્ત્લ કરી. લાશોના ઢગલાઓમાં એવો ક્ત્લ થનારો મળ્યો જેનાથી સર્વ લોકોને ઈત્મિનાન થઈ ગયું. જેમ કે بَابُ من ترك قتل الخوارجમાં ખુદ ઈમામ બુખારીએ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી જે હદીષ રિવાયત ફર્માવી છે એમાં સંક્ષિપ્તમાં વર્ણન થયેલ છે.

ت ۸۲۰ وَكَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ يَرَاهُمْ شِرَارَ خَلْقِ اللهِ وَقَالَ إِنَّهُمُ

"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ખ્વારિજ (ખારજીઓ)ને બદ્તરીન મખ્લૂક઼ જાણતા **[તઅલીક઼ : ૮૨૦]**

اِنْطَلَقُوْا اِلٰى اٰيَاتٍ نَزَلَتْ فِي الْكُفَّارِ فَجَعَلُوْهَا عَلَى الْمُؤْمِنِيْنَ۔

*હતા અને ફર્માવ્યું કે એ લોકો એ આયતોને જે કાફિરોના માટે નાઝિલ થઈ છે મુસલમાનો પર ફીટ કરવા લાગ્યા."*

## તઅલીક઼ : ૮૨૦ની સમજૂતી

### ★ દીનથી નીકળી જશે જેવી રીતે કે તીર નિશાનાથી નીકળી જાય છે ★

આ તઅલીક઼ને ઈમામ તિબરીએ તહઝીબુલ આષારમાં મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. એમાં એટલુ વધારે છે કે બુકૈર બિન અબ્દુલ્લાહ બિન અસદે હઝરત નાફેઅથી પૂછયું કે હુરૂરિયહ્ (ખારજી)ના બારામાં ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની શું રાય હતી ? તો તેમણે કહ્યું કે તે એમને બદ્તરીન મખ્લૂક઼ જાણતા હતા. હુરૂરિયહ એ ખારજીઓનું જ બીજુ નામ છે, એ કારણે ખારજીઓ સૌ પ્રથમવાર હરૂરામાં ભેગા થયા હતા અને પોતાની મંડળી સ્થાપી હતી. તે એ જ પ્રમાણે છે જેવી રીતે વહાબીઓની સૌથી મોટી શાખાને દેવબંદી કહેવામાં આવે છે.

એ યુગમાં એમનો સૌથી મોટો પેશવા અબ્દુલ્લાહ ઈબ્ને કવા હતો. બાદમાં ખારજીઓના ૨૦ ફિર્ક઼ા થયા. અહીં ખલ્ક઼થી મુરાદ કલ્માગો વ્યક્તિઓ છે. એટલા માટે કે ઉઘાડા કાફિરો કિતાબુલ્લાહની તાવીલ નથી કરતા કે જે આયતો કાફિરોના બારામાં નાઝિલ થઈ છે તેને મુસલમાનો પર ફિટ કરે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ક઼દરિયાથી નફરત કરતા હતા અને તેમને બદ્તરીન મખ્લૂક઼માંથી જાણતા હતા.

અને તવઝીહમાં ઈમામ અસ્ફરાઈનીની કિતાબથી છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર અને હઝરત ઈબ્ને અબ્બાસ તથા હઝરત ઈબ્ને અબી ઔફા તથા હઝરત જાબિર, હઝરત અનસ બિન માલિક, તથા હઝરત અબૂ હુરૈરહ્ તથા હઝરત ઉક઼બા બિન આમિર અને તેમના સમકાલિન સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પોતાના બાદવાળી નસ્લોને એ વસિયત કરતા હતા કે ક઼દરિયા પર ન તો સલામ કરશો ન તો એમની ખબર લેવા (અયાદત માટે) જશો, ન તેમના પાછળ નમાઝ પઢશો અને તેમના જનાઝાની નમાઝ પઢશો. હઝરત ઈમામ બુખારીએ એના બાદ હઝરત અલી رضی اللہ عنہ થી મરવી આ હદીષને વર્ણન કરી છે : **આખર જમાનામાં એક ક઼ૌમ નીકળશે જે નવ ઉમર અને મૂર્ખ હશે, મખ્લૂક઼ની બેહતરીના ક઼ૌલની વાતો કરશે. અને એમનું ઈમાન એમના ગળાથી આગળ નહીં વધે, દીનથી નીકળી જશે જેવી રીતે કે તીર નિશાનાથી નીકળી જાય છે.** તેમને જ્યાં પામો ક઼ત્લ કરો, એટલા માટે કે તેમને ક઼ત્લ કરવામાં ક઼ત્લ કરવાવાળા માટે સવાબ છે. એના પ્રકરણ સાથે નિસ્બત છે. અને એ હદીષમાં આ હતું કે, એ લોકો આખર જમાનામાં નીકળશે. એનાથી મુરાદ ખિલાફતે રાશિદાનો આખર જમાનો છે. એટલા માટે કે હઝરત સફિના મૌલા રસૂલુલ્લાહ ﷺ (હુઝૂરના આઝાદ કરેલા)ની હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺ પછી બાદશાહત થશે. અને ખારજીઓના નહરવાનમાં ક઼ત્લનો કિ઼સ્સો હિ.સ. ૩૮માં ઉપસ્થિત થયો હતો. જે હઝરત અલી رضی اللہ عنہ ની ખિલાફતનો લગભગ આખર જમાનો હતો. આ હદીષ ફઝાઈલુલ કુર્આન તથા અલામાતે નબુવ્વતમાં વર્ણન થઈ ચૂકી છે.

باب من ترك قتال الخوارج للتألف و ان لا ینفر الناس عنه۔ ص ۱۰۲۴

પ્રકરણ : "જે ખારજીને દિલ ખુશ કરવા ખાતર તથા એટલા માટે કત્લ ન કરે કે લોકો એનાથી ભડકવા લાગશે." –(૧૦૨૪)

★ નજદીઓ વિશે પેશનગોઈ ★

حدیث ۲۸۶۲ حدثنا یسیر بن عمرو قال قلت لسهل بن حنیف رضی اللہ تعالی عنہ

"યુસૈર બિન અમ્રએ કહ્યું કે મેં હઝરત સહલ બિન હુનૈફ رضی اللہ عنہ થી પૂછયું, આપે [હદીષ : ૨૮૬૨]

هل سمعت النبی صلی اللہ علیہ وسلم یقول فی الخوارج شیئا قال سمعته یقول و

નબી ﷺ થી ખારજીના બારામાં કાંઈક સાંભળ્યું છે ? તેમણે કહ્યું, મેં હુઝૂર ﷺ ને ફર્માવતાં સાંભળ્યા અને

اهوی بیده قبل العراق یخرج منه قوم یقرؤون القرآن لا یجاوز تراقیهم

હુઝૂરે ઈરાક઼ની તરફ ઈશારા ફર્માવ્યો, ત્યાંથી એક ક઼ૌમ નીકળશે જે કુર્આન પઢશે જે એમના

یمرقون من الاسلام مروق السهم من الرمیة

ગળાથી આગળ નહીં વધે. ઈસ્લામથી એવી રીતે નીકળી જશે જેવી રીતે તીર શિકારને પાર

કરીને નીકળી જાય છે." (મુસ્લિમ–ઝકાત, નિસાઈ–ફઝાઈલુલ્ કુર્આન)

## હદીષ : ૨૮૬૨ની સમજૂતી

બુખારીની રિવાયતમાં ઈરાક઼ છે અને મુસ્લિમની રિવાયતની એક રિવાયતમાં نحو المشرق છે અને મુરાદ **નજદના રહેવાસીઓ બની તમીમની વ્યક્તિઓ છે.** અલ્લામા અયનીએ લખ્યું : **هٰؤلاء القوم خرجوا من نجدٍ مرضع التميميين "એ ક઼ૌમ નજદથી નીકળશે જ્યાં તમીમી રહે છે."**

ખારજીઓના બારામાં આ ઈર્શાદ કે દીનથી અથવા ઈમાનથી અથવા ઈસ્લામથી એવા નીકળી જશે જેવી રીતે તીર નિશાનાને છેદીને પાર નીકળી જાય છે. ૩૫ સહાબાએ કિરામ رضوان اللہ تعالی علیہم اجمعین થી રિવાયત છે. તિબ્રાનીએ અવસતમાં જય્યદ સનદની સાથે ફરઝદક઼ શાઈરના તરીક઼ાથી કે તેમણે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ અને અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ને પૂછયું કે હું પૂર્વનો રહેવાસી એક શખ્સ છું અને કેટલાક લોકો અમારાથી નીકળી ગયા છે અને જે લાઈલાહ ઈલ્લલ્લાહ કહે છે તેને ક઼ત્લ કરે છે. અને તેમના સિવાયનાને અમ્ન આપે છે. તો એ બંનેવે મને બતાવ્યું કે અમે નબી ﷺ ને આવું ફર્માવતાં સાંભળ્યા : **من قتلهم فله اجر شهيد وَمَنْ قتلوه فله اجر شهيد જે એમને ક઼ત્લ કરે તેને શહીદનો સવાબ અને જેને તે લોકો ક઼ત્લ કરે તેને પણ શહીદનો સવાબ.**

بسم الله الرحمن الرحيم

# كتاب الإكراه ص ١٠٢٦

## 'કિતાબુલ્ ઈકરાહ' (જબરદસ્તી વિશે વર્ણન) –(૧૦૨૬)

**★ પણ તે જે મજબૂર કરવામાં આવે અને એનું દિલ ઈમાન પર જામેલું હોય ★**

بَابُ قَوْلِ اللّٰهِ إِلَّا مَنْ أُكْرِهَ وَقَلْبُهُ مُطْمَئِنٌّ بِالْإِيْمَانِ وَلٰكِنْ مَّنْ شَرَحَ بِالْكُفْرِ صَدْرًا فَعَلَيْهِمْ غَضَبٌ مِّنَ اللّٰهِ وَلَهُمْ عَذَابٌ عَظِيْمٌ - (سورۂ نحل آیت ۱۰۶)

"પણ તે જે મજબૂર કરવામાં આવે અને એનું દિલ ઈમાન પર જામેલું હોય. હા ! જે દિલ ખોલીને કાફિર હોય તો એવા લોકો પર અલ્લાહનો ગઝબ થશે અને તેમને મહાન અઝાબ થશે. "

*–(સૂરએ નહલ, આ. ૧૦૬)*

وَقَالَ إِلَّا أَنْ تَتَّقُوْا مِنْهُمْ تُقَاةً

"પણ એ કે તમે એમનાથી ડરો. "

*–(આલે ઈમરાન, આ. ૨૮)*

وَقَالَ إِنَّ الَّذِيْنَ تَوَفّٰهُمُ الْمَلٰئِكَةُ ظَالِمِيْ أَنْفُسِهِمْ قَالُوْا فِيْمَ كُنْتُمْ قَالُوْا كُنَّا مُسْتَضْعَفِيْنَ فِي الْأَرْضِ قَالُوْا أَلَمْ تَكُنْ أَرْضُ اللّٰهِ وَاسِعَةً فَتُهَاجِرُوْا فِيْهَا فَأُولٰئِكَ مَأْوٰهُمْ جَهَنَّمُ وَسَاءَتْ مَصِيْرًا إِلَّا الْمُسْتَضْعَفِيْنَ مِنَ الرِّجَالِ وَالنِّسَاءِ وَالْوِلْدَانِ لَا يَسْتَطِيْعُوْنَ حِيْلَةً وَّلَا يَهْتَدُوْنَ سَبِيْلًا فَأُولٰئِكَ عَسَى اللّٰهُ أَنْ يَّعْفُوَ عَنْهُمْ وَكَانَ اللّٰهُ عَفُوًّا غَفُوْرًا -

"તે લોકો જેમની જાનો ફરિશ્તા કાઢે છે એ હાલતમાં કે તે લોકો પોતાની ઉપર જુલ્મ કરતા હતા. તેમને ફરિશ્તા કહે છે, તમે ક્યાં હતા ? કહે છે કે અમે જમીનમાં કમજોર હતા. ફરિશ્તા કહે છે, શું અલ્લાહની જમીન વિશાળ ન હતી કે તમે એમાં હિજરત કરતા ?! એવા લોકોનું ઠેકાણુ જહન્નમ છે અને એ પલટવાની ઘણી જ બુરી જગા છે. અને જે પુરૂષ તથા સ્ત્રીઓ તથા બાળકો દબાવી લેવામાં આવ્યાં જેમનાથી ન કોઈ તદબીર થઈ શકે ન માર્ગ જાણે, તો નજીક છે કે અલ્લાહ એવાઓને માફ ફર્માવે, અને અલ્લાહ માફ ફર્માવનારો, બખ્શનાર છે." *(સૂરએ નિસાઅ, આ. ૯૭ થી ૯૯)*

وَقَالَ وَالْمُسْتَضْعَفِيْنَ مِنَ الرِّجَالِ وَالنِّسَاءِ وَالْوِلْدَانِ الَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَا أَخْرِجْنَا مِنْ هٰذِهِ الْقَرْيَةِ الظَّالِمِ أَهْلُهَا وَاجْعَلْ لَّنَا مِنْ لَّدُنْكَ وَلِيًّا وَاجْعَلْ لَّنَا مِنْ لَّدُنْكَ نَصِيْرًا (سورہ نساء آیت ۷۵)

"અને કમજોર પુરૂષો તથા સ્ત્રી તથા બાળકોના માટે જેઓ એવી દુઆ કરી રહ્યાં છે કે હે અમારા રબ ! અમને આ વસ્તીથી કાઢ જેના રહેવાસીઓ જાલિમ છે અને અમને તારી પાસેથી કોઈ હિમાયતી આપ અને અમને તારી પાસેથી કોઈ મદદગાર આપી દે. "

*(સૂરએ નિસાઅ, આ. ૭૫)*

## ★ ''ઈકરાહ''નો અર્થ છે ★

**સ્પષ્ટતા** : ''ઈકરાહ''નો અર્થ છે : કોઈને તેની મરજી વિરુદ્ધ કોઈ કામ માટે મજબૂર કરવામાં આવે. એને જબ્ર (જબરદસ્તી) પણ કહે છે. ઈકરાહના બે પ્રકાર છે : એક ''તામ'' (સંપૂર્ણ) છે અને મુલ્જી પણ કહે છે. બીજી નાકિસ (અપૂર્ણ) અને તેને ગૈર મુલ્જી પણ કહે છે.

**ઈકરાહે તામ (સંપૂર્ણ)** : એ છે કે મારી નાખવાની અથવા કોઈ અંગ કાપવાની અથવા સખત મારની ધમકી આપવામાં આવે. સખત મારનો મતલબ એ છે કે એનાથી જાન જવાનો અથવા કોઈ અંગના બેકાર થઈ જવાનો કે નષ્ટ થઈ જવાનો અંદેશો હોય. દા.ત. જાલિમ એવું કહે છે કે આ કામ કર નહીં તો મારતાં મારતાં બેકાર બનાવી દઈશ.

**ઈકરાહે નાકિસ (અપૂર્ણ)** : એ છે કે જેમાં એનાથી ઓછાની ધમકી હોય. દા.ત. જોડા મારીશ, કોરડા મારીશ, ઘરમાં પૂરી દઈશ અથવા હાથ પગો બાંધીને રાખી દઈશ.

**ઈકરાહની શર્તો આ પ્રમાણે છે** : (૧) મુકરિહ્ (ધમકી દેનાર) જે કામની ધમકી આપતો હોય તેના માટે તે શક્તિમાન હોય. (૨) મુકરહ (ધમકી પામનાર)ને એનું ગાલિબ ગુમાન હોય કે જો હું એ કામને કરીશ નહીં તો એ જેની ધમકી આપી રહ્યો છે એને કરીને રહેશે. (૩) જે ચીજની ધમકી છે તે જાન લેવું છે, અથવા અંગ કાપવાની છે, અથવા એવો ગમ પેદા કરવું છે જેના કારણે તે કામ ખુશી તથા રાજીપણાથી ન થાય. (૪) મુકરહ્ પહેલેથી એ કામ કરવા ચાહતો ન હતો ચાહે પોતાના હક્ક઼ના કારણે અથવા કોઈ અન્ય શખ્સના હક્ક઼ના કારણે અથવા શરીઅતના હક્ક઼ના કારણે.

એની શાખાકીય બાબતો તથા હુકમો ઘણા જ અધિક્તર છે જે ફિક઼હની કિતાબોમાં તફસીલની સાથે મૌજૂદ છે.

**قوله اِلَّا مَنۡ اُكۡرِهَ** આ આયતે કરીમા હઝરત અમ્માર બિન યાસર رضی اللہ عنہના બારામાં નાઝિલ થઈ છે. તેમને કાફિરોએ પકડયા અને તેમને મજબૂર કર્યા કે મુહમ્મદ ﷺની સાથે કુફ્ર કરો. જાલિમોએ તેમને પાણીમાં ડૂબકીઓ આપી એટલી અધિક કે હોશ હવાસ ખોઈ બેઠા. એ હાલતમાં જાલિમોએ જે ચાહ્યું કહેવડાવ્યું. ત્યારબાદ તે રડતા રડતા રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા, દાસ્તાન સંભળાવી. હુઝૂરે અક઼દસ ﷺએ તેમનાં આંસૂઓને લુછયાં અને ફર્માવ્યું, કોઈ જ વાંધો નથી, આવા મોક઼ા પર ભવિષ્યમાં પણ ઈજાઝત છે. એના પર આ આયતે કરીમા નાઝિલ થઈ.

એકવાર જાલિમોએ એમને આગમાં સળગાવ્યા. રસૂલુલ્લાહ ﷺ ત્યાંથી પસાર થયા, તો આપે આપના દસ્તે મુબારકને તેમના શરીર પર ફેરવ્યો અને દુઆ ફર્માવી, હે આગ ! અમ્માર અને આલે અમ્માર પર ઠંડી તથા સલામત થઈ જા, જેવી રીતે ઈબ્રાહીમ علیہ السلام પર થઈ હતી. **قوله اِلَّآ اَنۡ تَتَّقُوۡا** એના પહેલાં છે.

لَا يَتَّخِذِ الْمُؤْمِنُوْنَ الْكٰفِرِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ فَلَيْسَ مِنَ اللّٰهِ فِيْ شَيْءٍ اِلَّآ اَنْ تَتَّقُوْا مِنْهُمْ تُقٰىةً

''મો'મિન કાફિરોને દોસ્ત ન બનાવે મો'મિનો સિવાય, અને જે એવું કરશે તો અલ્લાહની તરફથી કોઈ ચીજમાં નથી, પણ એ કે એમનાથી તમને કાંઈ ભય હોય.''

એટલે કે જો ઈકરાહની સ્થિતિ ઉભી થઈ જાય તો એની ઈજાઝત છે કે જાહેરી તૌર પર કાફિર સાથે મેલજોલ કરી લો.

قَالَ اَبُوْعَبْدِ اللّٰهِ فَعَذَّرَ اللّٰهُ الْمُسْتَضْعَفِيْنَ الَّذِيْنَ لَا يَمْتَنِعُوْنَ مِنْ

*અને અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું, અલ્લાહ તઆલાએ એ કમજોરોને મઅઝૂર રાખ્યા જેઓ પોતે*

تَرْكِ مَا اَمَرَ اللّٰهُ بِهٖ وَالْمُكْرَهُ لَا يَكُوْنُ اِلَّا مُسْتَضْعَفًا غَيْرَ مُمْتَنِعٍ مِّنْ فِعْلِ مَا اُمِرَ بِهٖ

*પોતાને જે ચીજને છોડવાથી બચાવી નથી શક્તા, એને કરવાનો હુકમ આપ્યો. અને મુકરહ પણ આ અર્થમાં મુસ્તદ્અફ હોય છે કે એને જે કામ કરવાનો હુકમ આપ્યો છે તેનાથી પોતે પોતાને બચાવી નથી શક્તો.*

**સ્પષ્ટતા :** એટલે કે કાફિરોના કબજામાં ફસાયેલો શખ્સ જેવી રીતે મજબૂર છે કે કાફિર જે ચાહે તેનાથી કહેવડાવે, જેવું ચાહે કરાવે. તેને એના પર શક્તિ નથી કે અલ્લાહ ﷻએ જે ચીજોને કરવાનો હુકમ આપ્યો છે તેને કરી શકે. મજબૂર છે કે તેને છોડી આપે. એ જ હાલ મુકરહનો છે કે તે પણ મજબૂર છે કે તેને જે કામ કરવાનો હુકમ આપવામાં આવે તે કરે. એટલા માટે કે જેવી રીતે મુસ્તદ્અફ શરીઅત વિરુદ્ધ કોઈ કામ કરવાથી ગુનેહગાર નથી થતો એવી જ રીતે મુકરહ પણ ગુનેહગાર નથી. એટલા માટે જે હુકમ મુસ્તદઅફનો છે તે જ હુકમ મકરહનો પણ હોવો જોઈએ.

ت ٨٢١ وَقَالَ الْحَسَنُ التَّقِيَّةُ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ .

*"તક્રિય્યહ" ક્યામત સુધી છે.* **[તઅલીક઼ : ૮૨૧]**

**તઅલીક઼ : ૮૨૧ની સમજૂતી**

### ★ તકિય્યહ વિશે વર્ણન ★

"તક્રિય્યહ"નો અર્થ એ છે કે પોતાના દિલની વાત કોઈની સામે જાહેર કરવાથી બચવું. "તક્રિય્યહ"નો મૂળ અર્થ બચવું છે. આ તઅલીક઼ને ઈમામ અબ્દ બિન હુમૈદ અને ઈબ્ને અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. અસલ લખાણ એ છે કે મો'મિનના માટે તક્રિય્યહ ક્યામત સુધી જાઈઝ છે, પણ ક઼ત્લમાં તક્રિય્યહ ન કરવામાં આવે. અને અબ્દ બિન હુમૈદના શબ્દો આ છે : "પણ તે નફ્સ (જાન)ના ક઼ત્લમાં જેને અલ્લાહે હરામ કરેલ છે." એટલે કે કોઈને મજબૂર કરવામાં આવ્યો, ત્યાં સુધી કે ક઼ત્લની ધમકી આપવામાં આવી કે કોઈ મુસલમાનને ક઼ત્લ કરો, મુકરહને જાઈઝ નથી કે તેને ક઼તલ કરે. ઈમામ બયહક઼ીએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે તક્રિય્યહ કેવળ જીભ વડે છે, અને દિલ ઈમાનથી સાથે સંતુષ્ઠ હોય. બીજાને ક઼ત્લ કરવા માટે હાથ ન વધારે.

### ★ ચોરોએ મજબૂર કર્યો અને તે પોતાની પત્નીને તલાક઼ આપી દે ★

ت ٨٢٢ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ عَنْهُمَا فِيْمَنْ يُّكْرِهُهُ اللُّصُوْصُ فَيُطَلِّقُ

*"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું, એ શખ્સના બારામાં જેને ચોરોએ* **[તઅલીક઼ : ૮૨૨]**

لَیْسَ بِشَیْءٍ وَبِهٖ قَالَ ابْنُ عُمَرَ وَابْنُ الزُّبَیْرِ وَالشَّعْبِیُّ وَالْحَسَنُ

*મજબૂર કર્યો અને તે પોતાની પત્નીને તલાક઼ આપી દે, એ કાંઈ નથી. અને એ જ*

*ઈબ્ને ઉમર ઈબ્ને ઝુબૈર અને શઅબી તથા હસન બસરીએ ફર્માવ્યું.''*

**તઅલીક઼ : ૮૨૨ની સમજૂતી** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની તઅલીક઼ને ઈમામ ઈબ્ને અબી શયબા તથા ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે રિવાયત કરી છે, અને હઝરત ઈબ્ને ઉમર તથા ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہما ના ક઼ૌલને હુમૈદીએ પોતાની જામેઅમાં, બયહક઼ીએ તથા ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે રિવાયત કરી છે. અને ઈમામ શઅબીના ક઼ૌલને ઈમામ અબ્દુર્રઝ્ઝાકે એ જ તફસીલની સાથે રિવાયત કરી છે કે જો ચોરોએ તેની પત્નીને તલાક઼ આપવા પર મજબૂર કર્યો તો તલાક઼ નથી, અને જો બાદશાહે મજબૂર કર્યો તો તલાક઼ લાગુ થઈ જશે. ઈમામ ઈબ્ને ઓયૈનાએ આ ફરકની સ્પષ્ટતા એ કરી કે ચોર એને ક઼ત્લ કરી દેશે. અને ઈમામ હસન બસરીના ક઼ૌલને ઈમામ સઈદ બિન મન્સૂરે રિવાયત કર્યો તો તેમણે ફર્માવ્યું કે મુકરહની તલાક઼ લાગુ નથી થતી અને ઈબ્ને બત્તાલે ઈબ્ને મુન્ઝિરના તાબે થઈને કહ્યું કે એના પર ઈજમાઅ છે કે જેને કુફ્ર માટે મજબૂર કરવામાં આવ્યો ત્યાં સુધી કે તેને પોતાની જાનનો અંદેશો હોય અને તે કુફ્ર કરી દે, અને એનું દિલ ઈમાન પર મુત્મઈન હોય તો તેને કાફિર કહેવામાં નહીં આવે, અને તેની પત્ની તેના નિકાહથી નીકળશે નહીં.

જમહૂરનો મઝહબ એ છે કે મુકરહની તલાક઼ લાગુ નથી થતી. પરંતું ઈમામ ઝુહરી તથા ક઼તાદા તથા અબૂ ક઼લાબાનો કૌલ છે કે લાગુ થાય છે, અને એ જ આપણો મઝહબ છે, અલ્બત્ત એમાં એ તફસીલ છે કે જો જીભ વડે તલાક઼ આપે તો લાગુ થઈ જશે અને ઈકરાહની હાલતમાં લેખિત તલાક઼ આપે અને જીભ વડે કાંઈ ન કહે તો તલાક઼ લાગુ થશે નહીં.

## باب لایجوز نکاح المکرہ ص ۱۰۲۷

**પ્રકરણ : ''મુકરહના નિકાહ જાઈઝ નથી.''** *–(૧૦૨૭)*

وَقَالَ اللّٰهُ وَلَا تُكْرِهُوْا فَتَيٰتِكُمْ عَلَى الْبِغَآءِ اِنْ اَرَدْنَ تَحَصُّنًا لِّتَبْتَغُوْا عَرَضَ الْحَيٰوةِ الدُّنْيَا وَمَنْ يُّكْرِهْهُّنَّ فَاِنَّ اللّٰهَ مِنْۢ بَعْدِ اِكْرَاهِهِنَّ غَفُوْرٌ رَّحِيْمٌ۔

''અને મજબૂર ન કરો તમારી લોંડીઓને બદકારી માટે જ્યારે કે તે બચવા ચાહે જેથી કે તમે દુનિયવી જિંદગીનો કાંઈક માલ ચાહો. અને જે એમને મજબૂર કરશે તો બેશક ! અલ્લાહ એના બાદ કે તે મજબૂરીની જ હાલત પર રહે, બખ્શનાર મહેરબાન છે. *–સૂ. નૂર, આ. ૩૩ (૧૦૨૭)*

**સ્પષ્ટતા** : આ આયતે કરીમા રાસુલ મુનાફિક઼ીન અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયની બે કનીઝો (લોંડીઓ)ના બારામાં નાઝિલ થઈ છે, જેમના નામ મુઆઝા તથા મસીકા હતાં. ઈબ્ને ઉબય મુનાફિક઼ એ બંનેવને મજબૂર કરતો હતો કે ઉઝરત (વળતર) લઈને ઝિના કરાવે. અને જાહિલિયતના જમાનામાં તો સામાન્ય રિવાજ હતો, અને જ્યારે ઈસ્લામ આવ્યો તો મુઆઝાએ મસીકાને કહ્યું કે આપણે જે હાલમાં છીએ જો એ બેહતર છે તો આપણે ઘણુ બધુ કમાઈ લીધું અને જો બુરો છે તો હવે સમય આવી ગયો છે કે એને છોડી દઈએ. એના પર આ આયતે કરીમા નાઝિલ થઈ.

આ આયતમાં ان اردن تحصنًا ક઼ૈદે એહતેરાઝી નથી બલ્કે બયાને વાકિ઼આ છે. કેમ કે એ સમયના જફાકારો એમને ઝિના માટે મજબૂર કરતા હતા જો કે એ પાક દામન રહેવા ચાહતી હતી. એ મતબલ નથી કે જો એ પાક દામન ન રહેવા ચાહે તો એને ઝિના માટે મજબૂર કરવી જાઈઝ છે ! ઈમામ બુખારીએ આ આયતને આ પ્રકરણ હેઠળ કયા હેતુથી વર્ણવી છે એ વાત સમજમાં નથી આવતી. સાહિબે તૌઝીહે ઉપરની વાત કહીને એ નિસ્બત પેદા કરી કે જ્યારે હરામ ચીજોમાં ઈકરાહ મકરૂહ છે તો હલાલ ચીજોમાં એથીય અધિક અંશે મકરૂહ થશે, પરંતુ એ વાત મારી સમજમાં ન આવી.

આ આયત પર એક શંકા છે કે ઈકરાહ પછી હરામ કાર્યમાં પડવું ગુનોહ નથી, પછી ગફૂરે રહીમના ઉલ્લેખનો શો મતલબ ? જવાબ એ છે કે ઝિના હક઼ીક઼તમાં ગુનોહ છે, અને એ બતાવવાના માટે કે ઈકરાહના પછી ગુનોહ નથી રહેતો. ઈર્શાદ ફ઼ર્માવ્યો : فان الله غفور رحيم જેમ કે فمن اضطر غير باغ ولا عاد فلا اثم عليه ان الله غفور رحيم۔માં છે.

## ★ મુકરહના નિકાહ અહનાફ઼ને ત્યાં સહીહ છે ★

જમહૂરનો મઝહબ એ જ છે કે મુકરહના નિકાહ બાતિલ છે અને અહનાફ઼ને ત્યાં સહીહ છે, જેની તફ઼સીલી ચર્ચા ફ઼િક઼્હની કિતાબોમાં મૌજૂદ છે.

باب إذا أكره حتى وهب عبدا أو باعه لم يجز. ص ١٠٢٧
وبه قال بعض الناس فإن نذر المشتري فيه نذرا فهو جائز بزعمه وكذلك إن دبره.

**પ્રકરણ : ''અને એ જ મઝહબ બઅઝુન્નાસ (અમુક લોકો)નો છે. અને જો મુશ્તરીએ એમાં મન્નત માની લીધી તો એના ગુમાનમાં એ જાઈઝ છે, અને જો એ જ પ્રમાણે એને મુદબ્બિર બનાવી લીધો તો સહીહ છે.''** *–(૧૦૨૭)*

## ★ ઈમામ બુખારીની હનફ઼ીઓ પર પહેરબાની અને એના પર અમારી અરજ ★

**સ્પષ્ટતા :** સામાન્યતઃ મશહૂર છે કે ઈમામ બુખારી જ્યારે બઅઝુન્નાસ કહે છે તો એમની મુરાદ એનાથી અહનાફ઼ હોય છે. જો અહીં પણ એમની મુરાદ અહનાફ઼ (હનફ઼ીઓ) છે તો અલ્લામા અયનીની તેહક઼ીક઼ પ્રમાણે એમને ગલત ફ઼હમી થઈ છે. હનફ઼ીઓનો મઝહબ એ છે કે જો કોઈ શખ્સને પોતાના માલને વેચવા અથવા ભેટ ધરવા અથવા કોઈ ઈકરાર કરાવવા મજબૂર કરવામાં આવ્યો, અને તેણે પોતાનો માલ વેચી નાખ્યો, અથવા કોઈ ભેટ આપી દીધી અથવા માલનો ઈકરાર કરી લીધો તો ઈકરાહ દૂર થયા બાદ તેને ઈખ્તિયાર છે, જો ચાહે તો તે ક઼રારને લાગુ કરી આપે અને જો ચાહે તો ફ઼ોગ કરી આપે. એટલા માટે કે એ ક઼રાર તેના અહલ સાથે તેના સ્થળમાં અસ્તિત્વમાં આવ્યો એટલા માટે મુફ઼ીદે મિલ્ક છે. (માલિક સાબિત થઈ જશે) હા ! એમાં રઝામંદી ન પામવામાં આવી તો એનો હુકમ તે થઈ ગયો જે એવા સર્વ ક઼રારોનો છે જેમાં શર્તે ફ઼ાસિદ પામવામાં આવે, કે જો મુશ્તરી (ખરીદનાર) કબજો કરીને તેમાં કાંઈ ફ઼ેરફ઼ાર કરી દે જે નુકસાન પાત્ર ન હોય, જેમ કે આઝાદ કરવું, અને મુદબ્બિર કરવું તે લાગુ થઈ જશે, અને ખરીદનાર પર કિંમત લાઝિમ ઠરશે. અને જો વેચનાર જાઈઝ કરી આપે તો સહીહ છે કેમ કે હવે તરાઝી (બંને પક્ષે રઝામંદી) જોવા મળી.

## ★ જ્યારે સ્ત્રીને ઝિના માટે મજબૂર કરવામાં આવે તો તેના પર હદ (સજા) નથી ★

بَابٌ إِذَا اسْتُكْرِهَتِ الْمَرْأَةُ عَلَى الزِّنَى فَلَا حَدَّ عَلَيْهَا لِقَوْلِهِ وَمَنْ يُكْرِهْهُنَّ فَإِنَّ اللّٰهَ مِنْ بَعْدِ إِكْرَاهِهِنَّ غَفُورٌ رَحِيمٌ ص ١٠٢٧

**પ્રકરણ : ''જ્યારે સ્ત્રીને ઝિના માટે મજબૂર કરવામાં આવે તો તેના પર હદ (સજા) નથી. એટલા માટે કે અલ્લાહ તઆલા ફર્માવે છે : અને જેણે એમને મજબૂર કર્યા તો બેશક ! અલ્લાહ તેમને મજબૂર કરવામાં આવ્યા બાદ બખ્શનારો મહેરબાન છે.''** *–(૧૦૨૭)*

ت ٨٢٣ قَالَ اللَّيْثُ حَدَّثَنِي نَافِعٌ أَنَّ صَفِيَّةَ بِنْتَ أَبِي عُبَيْدٍ أَخْبَرَتْهُ

*''સફિય્યહ બિન્તે અબી ઓબૈદે ખબર આપી કે સમયના ખલીફાના ગુલામોમાંથી* **[તઅલીક઼ : ૮૨૩]**

أَنَّ عَبْدًا مِنْ رَقِيقِ الْإِمَارَةِ وَقَعَ عَلَى وَلِيدَةٍ مِنَ الْخُمُسِ فَاسْتَكْرَهَهَا

*એક ગુલામે ખુમ્સની એક બાંદીની સાથે ઝિના કર્યો અને તેણીને મજબૂર કરી અને તેનો કુંવારાપનનો પર્દો*

حَتَّى اقْتَضَّهَا فَجَلَدَهُ عُمَرُ الْحَدَّ وَنَفَاهُ وَلَمْ يَجْلِدِ الْوَلِيدَةَ مِنْ

*ફાડી નાખ્યો, તો હઝરત ઉમર رضی اللہ عنہ એ તેના પર હદ લાગુ કરી અને તેને તડીપાર કરી દીધો*

أَجْلِ أَنَّهُ اسْتَكْرَهَهَا.

*અને બાંદીને હદ ન લગાડી, એટલા માટે કે ગુલામે એને મજબૂર કરી હતી.''*

**તઅલીક઼ : ૮૨૩ની સમજૂતી** આ સફિય્યહ બિન્તે અબી ઔબૈદ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہનાં પત્ની હતાં. ''રકીક઼ અમારત''થી મુરાદ એ છે કે તે સમયના ખલીફા ઉમર ફારૂક઼ رضی اللہ عنہની માલિકીમાં હતો. وليدة من الخمسથી મુરાદ એ છે કે માલે ગનીમતમાંથી જે ખુમ્સ બૈતુલ માલમાં જમા થાય છે એ લોંડી એમાં હતી. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ એ ગુલામને પચાસ કોરડા ફટકારાવ્યા અને છ મહીનાના માટે તડીપાર કરી આપ્યો એટલા માટે ગુલામની હદ આઝાદની અડધી છે અને બાંદી પર હદ નથી લાગુ કરી. એનાથી સાબિત થયું કે મુકરહ પર હદ નથી ચાહે મુકરહ પુરૂષ હોય કે સ્ત્રી.

ت ٨٢٤ **[તઅલીક઼ : ૮૨૪]** وَقَالَ الزُّهْرِيُّ فِي الْأَمَةِ الْبِكْرِ يَفْتَرِعُهَا الْحُرُّ يُقِيمُ ذٰلِكَ الْحَكَمُ

*''અને ઈમામ ઝુહરીએ ફર્માવ્યું કે કુંવારી બાંદી જેના કુંવારાપણાનો પર્દો કોઈ આઝાદ શખ્સ ફાડી નાખે*

مِنَ الْأَمَةِ الْعَذْرَاءِ بِقَدْرِ ثَمَنِهَا وَيُجْلَدُ وَلَيْسَ فِي الْأَمَةِ الثَّيِّبِ فِي

*તો હાકિમ તે લોંડીની કિંમતમાં જે કમી થઈ ગઈ છે તે ઝાનીથી વસૂલ કરે અને કોરડા પણ મારે, અને જો*

قَضَاءِ الْأَئِمَّةِ غُرْمٌ وَلٰكِنْ عَلَيْهِ حَدٌّ۔

*લૉંડી કુંવારી નથી તો ઈમામોના ફૈસલામાં કોઈ માલી તાવાન (દંડ) નથી, પરંતુ એના પર હદ (સજા) છે.''*

**તઅલીક઼ : ૮૨૪ની સમજૂતી** ઈમામ ઝુહરીના ક઼ૌલનો મતલબ એ છે કે ઝિના કરવાના કારણે કુંવારાપનનો પડદો ફાટવાના કારણે તેની કિંમતમાં જે કમી પેદા થઈ ગઈ તેને પણ હાકિમ ઝાની પાસેથી વસૂલ કરશે. અને એ ઝાની પર હદ પણ લાગુ કરશે એ શર્તે કે ઝાની આઝાદ હોય. ઈમામ ઝુહરીએ જો કે ફર્માવ્યું છે : وَيُجْلَدُ પણ એનાથી મુરાદ હદ છે. જો ઝાની મુહસન છે (પરણીત) તો તેને સંગસાર કરવામાં આવશે, અને મુહસન નથી તો કોરડા મારવામાં આવશે.

**★ કોઈનું પોતાના સાથીના બારામાં એ ક઼સમ ખાવું કે એ તેનો ભાઈ છે ★**

بَابُ يَمِيْنِ الرَّجُلِ لِصَاحِبِهٖ اِنَّهٗ اَخُوْهُ اِذَا خَافَ عَلَيْهِ الْقَتْلَ اَوْ نَحْوَهٗ وَكَذٰلِكَ كُلُّ مُكْرَهٍ يَخَافُ فَاِنَّهٗ يَذُبُّ عَنْهُ الْمَظَالِمَ وَيُقَاتِلُ دُوْنَهٗ وَلَا يَخْذُلُهٗ فَاِنْ قَاتَلَ دُوْنَ الْمَظْلُوْمِ فَلَا قَوَدَ عَلَيْهِ وَلَا قِصَاصَ۔ ص ۱۰۲۸

**પ્રકરણ : ''કોઈનું પોતાના સાથીના બારામાં એ ક઼સમ ખાવું કે એ તેનો ભાઈ છે, જ્યારે કે એ ડર હોય કે કોઈ તેને ક઼ત્લ ન કરી દે અથવા અંગ ન તોડી નાખે, અને એવો જ દરેક મુકરહનો હુકમ છે. જે ડરતો હોય એનાથી જુલ્મને દૂર કરે અને તેની હિમાયતમાં લડે અને તેને છોડી ન આપે. હવે જો મઝલૂમની હિમાયતમાં કોઈને ક઼ત્લ કરી દેવામાં આવ્યો તો તેના પર ક઼ેસાસ નથી.''** *–(૧૦૨૮)*

وَاِنْ قِيْلَ لَهٗ لَتَشْرَبَنَّ الْخَمْرَ اَوْ لَتَاْكُلَنَّ الْمَيْتَةَ اَوْ لَتَبِيْعَنَّ

*અને જો કહેવામાં આવ્યું કે તું જરૂર જરૂર શરાબ પી નહીં તો મુરદાર ખા અથવા તારા ગુલામને વેચ, અથવા*

عَبْدَكَ اَوْ تُقِرَّ بِدَيْنٍ اَوْ تَهَبَ هِبَةً وَكُلَّ عُقْدَةٍ اَوْ لَنَقْتُلَنَّ اَبَاكَ

*કરજનો ઈક઼રાર કર અથવા કાંઈ ભેટ આપ, અથવા કોઈ પણ ક઼રારના બારામાં કહ્યું, નહીં તો અમે તારા*

اَوْ اَخَاكَ فِي الْاِسْلَامِ وَسِعَهٗ ذٰلِكَ لِقَوْلِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*બાપને અથવા તારા ઈસ્લામી ભાઈને ક઼ત્લ કરી દઈશું, તો તેણે એવું કરવું જાઈઝ છે કેમ કે નબી ﷺ એ*

وَسَلَّمَ اَلْمُسْلِمُ اَخُو الْمُسْلِمِ

*ફર્માવ્યું, મુસલમાન મુસલમાનનો ભાઈ છે.*

وَقَالَ بَعْضُ النَّاسِ لَوْ قِيْلَ لَهٗ لَتَشْرَبَنَّ الْخَمْرَ اَوْلَتَاكُلَنَّ

*અને અમુક લોકોએ કહ્યું, જો તેને કહેવામાં આવ્યું કે શરાબ પી અથવા મુરદાર ખા, નહીં તો તારા પુત્ર અથવા*

الْمَيْتَةَ اَوْلَنَقْتُلَنَّ اِبْنَكَ اَوْ اَبَاكَ اَوْ ذَا رَحِمٍ مُحَرَّمٍ لَمْ يَسَعْهُ

*બાપ અથવા સગા મહરમને કત્લ કરી દઈશું, તો એને એ જાઈઝ નથી. એટલા માટે કે એ મુઝતર નથી પછી*

لِاَنَّ هٰذَا لَيْسَ بِمُضْطَرٍّ ثُمَّ نَاقَضَ فَقَالَ اِنْ قِيْلَ لَهٗ لَنَقْتُلَنَّ

*એના વિરૂધ્ધ કહ્યું, જો તેને કહેવામાં આવ્યું, અમે તારા બાપ અથવા પુત્રને કત્લ કરી દઈશું અથવા તે ગુલામને*

اَبَاكَ اَوْ اِبْنَكَ لَتَبِيْعَنَّ هٰذَا الْعَبْدَ اَوْ تُقِرَّ بِدَيْنٍ اَوْ بِهِبَةٍ

*વેચ અથવા કરજ અથવા ભેટ આપવાનો ઈકરાર કર, તો એને લાઝિમ છે કયાસના પ્રમાણે. પરંતુ અમે ઈસ્તિહસાન*

يَلْزَمُهٗ فِي الْقِيَاسِ وَلٰكِنَّا نَسْتَحْسِنُ وَنَقُوْلُ اَلْبَيْعُ وَالْهِبَةُ وَ كُلُّ

*કરીએ છીએ અને કહે છે કે વેચાણ તથા ભેટ અને દરેક અકદે ઈકરાહ (બળજબરીનો કરાર)ની સ્થિતિમાં*

عُقْدَةٍ فِيْ ذٰلِكَ بَاطِلٌ فَرَّقُوْا بَيْنَ كُلِّ ذِيْ رَحِمٍ مُحَرَّمٍ وَغَيْرِهٖ بِغَيْرِ

*બાતિલ છે. એ લોકોએ મહરમ સગા અને અન્યમાં અલગતા કરી, જ્યારે કે આ અલગતા ન કિતાબુલ્લાહમાં છે*

كِتَابٍ وَلَا سُنَّةٍ وَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِبْرَاهِيْمُ

*ન સુન્નતે રસૂલુલ્લાહમાં. જ્યારે કે નબી ﷺ એ ફર્માવ્યું કે ઈબ્રાહીમ علیہ السلام એ પોતાનાં પત્નીના બારામાં કહ્યું,*

لِامْرَاَتِهٖ هٰذِهٖ اُخْتِيْ وَذٰلِكَ فِي اللّٰهِ

*આ મારી બહેન છે, અને એ અલ્લાહના દીનમાં. (દીની બહેન)*

**સ્પષ્ટતા** : કેટલાક લોકોનો ખયાલ છે કે અહીં પણ બઅઝુન્નાસથી મુરાદ હનફીઓ છે. એ તઅરીઝ (વાંધો) છે. ઈમામ બુખારીનું કહેવું એ છે કે બઅઝુન્નાસના કૌલમાં વિરોધાભાસ છે, તે એ રીતે કે જો કોઈ જાલિમે કોઈ મજબૂરને એવું કહ્યું કે શરાબ પી, અથવા એવું કહ્યું કે મુરદાર ખાવ, નહીં તો અમે તમારા બાપ અથવા પુત્ર અને કોઈ મહરમ સગાને કત્લ કરી દઈશું. તો તેણે આ હાલમાં શરાબ પીવી કે મુરદાર ખાવું જાઈઝ નથી, એટલા માટે કે એ મુઝતર નથી. અને એ બિલકુલ ઉઘાડી વાત છે કે મુઝતર ત્યારે થાત જ્યારે તે ખુદ તેના કત્લની ધમકી આપતો, બીજાઓને કત્લ કરવાની ધમકી આપી તો ઈઝતેરાર (મજબૂરી) ક્યાંથી જોવા મળશે.

### ★ હનફીઓ પર મહેરબાની અને અમારી અરજ ★

ઈમામ બુખારી કહે છે, પછી એ લોકો કહે છે કે જો કોઈ જાલિમે એ ધમકી આપી કે અમે તમારા બાપ બેટાને કત્લ કરી દઈશું જો તમે આ ગુલામને નહીં વેચો અને કરજનો ઈકરાર નહીં કરો, અથવા ભેટ ન આપો. તો

કયાસનો એ તકાઝો છે કે એ હાલમાં જે કરાર કરે તે લાઝિમ થઈ જશે. પરંતું અમે ઈસ્તિહસાનન્ (પસંદગીની રીતે) એવું કહીએ છીએ કે આ સ્થિતિમાં દરેક કરાર બાતિલ છે. આ સ્પષ્ટ વિરોધાભાસી છે કે પ્રથમ સ્થિતિમાં કહ્યું કે ઈકરાહ (બળપૂર્વકનું) નથી, અને બીજી સ્થિતિમાં કહ્યું કે કયાસ એનો તકાઝો કરે છે કે ઈકરાહ જોવામાં આવી રહ્યો છે. જ્યારે કે બંને સ્થિતિઓ એક સમાન છે. એનો જવાબ અલ્લામા અયનીએ એ આપ્યો કે અહીં વિરોધાભાસ નથી, એટલા માટે કે મુજતહિદને જાઈઝ છે કે ઈસ્તિહસાનની બિના પર કયાસને ત્યજી દે અને ઈસ્તિહસાન હનફીઓની નજીક દલીલ છે.

قولهٗ فرّقوا બીજી તઅરીઝ (વાંધો) એ કરી કે, "હનફીઓનો મઝહબ એ છે કે જો કોઈને કહેવામાં આવ્યું, આ અજનબી શખ્સને કત્લ કર અથવા ફલાણી ચીજને વેચી દે. તેણે તે ચીજને વેચી દીધી તો વેચાણ લાઝિમ છે અને જો કોઈ મહરમ સગાના બારામાં એ જ વાત કહી અને તેણે એ ચીજને વેચી દીધી તો કરાર લાઝિમ નથી. આ ફરક પાડવું ન કિતાબુલલ્લાહથી સાબિત છે ન હદીષોથી સાબિત છે." એનો જવાબ અલ્લામા બદરુદ્દીન મહમૂદ અયનીએ એ આપ્યો કે એ કિતાબુલ્લાહથી પણ સાબિત છે અને સુન્નતથી પણ સાબિત છે. અલ્લાહ ﷻએ ફર્માવ્યું : اَلَّذِيْنَ يَسْتَمِعُوْنَ الْقَوْلَ فَيَتَّبِعُوْنَ اَحْسَنَهٗ "તે લોકો જેઓ વાત સાંભળીને સૌથી સારી વાતની પયરવી કરે છે." (ઝુમર–આ. ૧૮) અને હદીષમાં આ છે : مَارَاٰهُ الْمُسْلِمُوْنَ حَسَنًا فَهُوَ عِنْدَ اللّٰهِ حَسَنٌ "જેને મુસલમાન સારું સમજે તે અલ્લાહની નજીક પણ સારું છે."

હઝરત સૈયદના ઈબ્રાહીમ علیہ السلامએ જાલિમ બાદશાહની રૂબરૂ પોતાની પત્ની હઝરત સારહ رضی اللہ عنہاના બારામાં કહ્યું, આ મારી બહેન છે. સારહ સગાઈના એતબારથી એમનાં બહેન ન હતાં કે મહરમ સગી થતાં બલ્કે દીની બહેન હતાં. તો એના પરથી સાબિત થયું કે ઈકરાહની હાલતમાં નજીક કે દૂરના લેહાઝથી કોઈ ફર્ક નથી પડતો, કેવળ મુસલમાન હોવું પૂરતુ છે. فی دین اللہ હઝરત ઈમામ બુખારીનો કૌલ છે. મુરાદ એ છે કે અલ્લાહના દીનમાં મારી બહેન છે.

## ت ٨٢٥ وَقَالَ النَّخَعِيُّ اِذَا كَانَ الْمُسْتَحْلِفُ ظَالِمًا فَنِيَّةُ الْحَالِفِ

*"ઈમામ નખઈએ ફર્માવ્યું, જો કસમ ખવડાવનાર જાલિમ હોય તો કસમ ખાનારની* **[તઅલીક : ૮૨૫]**

## وَاِنْ كَانَ مَظْلُوْمًا فَنِيَّةُ الْمُسْتَحْلِفِ

*નિય્યતનો એતબાર છે, અને જો મઝલૂમ હોય તો કસમ લેનારની નિય્યતનો એતબાર છે."*

### તઅલીક : ૮૨૫ની સમજૂતી

આ તઅલીકને ઈમામ મુહમ્મદ બિન હસન رضی اللہ عنہએ કિતાબુલ આષારમાં રિવાયત કરી છે. મુસ્તહલિફ (કસમ ખાનાર)ના મઝલૂમ હોવાની સ્થિતિ એ છે કે એક શખ્સનો કોઈ હક્ક કોઈના પર છે અને હક્કવાળા પાસે પૈસા નથી તો તે પ્રતિવાદી પાસેથી કસમ લેશે. અહીં મુદઈ (દાવેદાર) મઝલૂમ છે તો કસમમાં દાવેદારની નિય્યતનો એતબાર થશે. હઝરત ઈમામ તથા જમહૂરનો મઝહબ એ જ છે, અને આપણે ત્યાં હમેશાં કસમ ખાનારની નિય્યતનો એતબાર છે.

بسم الله الرحمن الرحيم

# كتاب الحيل ص ١٠٢٨

## 'કિતાબુલ હિયલ' (હીલા વિશે પ્રકરણ) –(૧૦૨૮)

**સ્પષ્ટતા :** حِیَل (હિયલ) હીલાનું બહુવચન છે. હીલો એ છુપી કાર્ય પધ્ધતિને કહે છે જેનાથી હેતુને હાંસલ કરવામાં આવે. હીલો જે આધાર પર કરવામાં આવે છે એના એતબારથી એના કેટલાયે પ્રકારો છે : **પ્રથમ :** કોઈ મુબાહ તરીક઼ાને કોઈ હક્ક઼ને બાતિલ કરવા અથવા બાતિલની સાબિતીઓનો ઝરીયો બનાવવામાં આવે તો હરામ છે. **બીજુ :** કોઈ હક઼્ક઼ને સાબિત કરવાનો અને બાતિલને દૂર કરવાનો ઝરીયો હોય. એ ક્યારેક વાજિબ હોય છે ક્યારેક મુસ્તહબ. **ત્રીજુ :** અને જો કોઈ નાપસંદીદા ચીજમાં પડવાથી બચવાના માટે કરવામાં આવે તો એ ક્યારેક મુસ્તહબ હોય છે અને ક્યારેક મુબાહ. **ચોથો :** અને જો કોઈ મુસ્તહબના છોડવાનો ઝરીયો બનાવવામાં આવે તો એ મકરૂહ છે.

### ★ હીલાની સાબિતી ★

હીલાની દલીલ કુર્આન મજીદ તથા હદીષમાં મૌજૂદ છે. સૈયદના ઐયૂબ علیہ السلام જ્યારે આજમાઈશમાં પડેલા હતા અને સૌએ તેમને છોડી આપ્યા હતા અને કેવળ તેમનાં પત્ની તેમની ખિદમત કરતાં હતાં. એકવાર મોડેથી હાજર થયાં તો સૈયદના ઐયૂબ علیہ السلامએ ક઼સમ ખાધી કે તમને તંદુરસ્તી પછી સો ફટકા મારીશ. અલ્લાહ ﷻએ તેમને ફર્માવ્યું, : وَخُذْ بِيَدِكَ ضِغْثًا فَاضْرِبْ بِهٖ وَلَا تَحْنَثْ "અને તમારા હાથમાં (સો સળીઓવાળુ) એક ઝાડુ લઈને મારો અને ક઼સમ ન તોડો." *(સૂરએ સ઼ાદ–આ. ૪૪)*

અબૂ દાઊદ તથા અન્ય સુનનમાં હઝરત અબૂ ઓબાદા બિન સહલ બિન હુનૈફથી મરવી છે કે એક અન્સારી બીમારીના કારણે એટલા કમજોર થઈ ગયા હતા કે કેવળ હાડકાં પર ચામડુ રહી ગયું હતું. એ જ હાલતમાં તેમણે ઝિના કરી લીધો, પછી તેના પર શર્મિંદા થયા અને હુઝૂરે અક઼દસ ﷺની ખિદમતમાં અર્ઝ કરાવી. હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, એમને સો કોરડા મારવામાં આવે. તેમણે અર્ઝ કરી કે તે એટલા કમજોર છે કે હાડકાં પર કેવળ ચામડુ રહી ગયું છે. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે પાતળી પાતળી સો ડાળીઓ લઈને તેમને એકવાર મારી દેવામાં આવે. બુખારી વગેરેમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ બની નજ્જારના એક શખ્સને જેનુ નામ સુવાદ ગજરૈયહ હતું, ખયબર પર આમિલ નિયુક્ત કર્યા, તો તે જુનૈબ વસૂલ કરીને લાવ્યા જે ખયબરની ખજૂરોમાંથી ઉમદા પ્રકારનું હતું. તેમને રસૂલુલ્લાહ ﷺએ પૂછયું, શું ખયબરની સર્વ ખજૂરો આવી જ છે ? તો તેમણે અર્ઝ કરી, નહીં ! અમે આ ખજૂરનો એક સાઅ બે સાઅના એવજમાં ખરીદીએ છીએ, અને બે સાઅને ત્રણ સાઅના બદલામાં. ફર્માવ્યું, એવું ન કરો ! બધી ખજૂરોને દિરમના બદલામાં વેચો, પછી દિરમના બદલામાં જુનૈબ ખરીદો.

## ★ હીલએ શરઈની સાબિતી ★

હઝરત બરીરા رضی اللہ عنہا નો વાક઼િઓ સૌને માલૂમ છે. એટલા માટે જરૂરતના સમયે હીલો કરવામાં કોઈ વાંધો નથી, બલ્કે કેટલીકવાર જરૂરી થઈ જાય છે. દા.ત. ઝકાત તથા ફિત્રાની રકમોનું દીની મદ્રસાઓમાં ખર્ચ કરવું અસલના એતબારથી જાઈઝ નથી, એટલા માટે કે ઝકાતની અદાયગીના માટે તમ્લીક મુસ્તહિક઼ શર્ત છે. ઈર્શાદ છે : اِنَّمَا الصَّدَقٰتُ لِلْفُقَرَآءِ પરંતુ જો આજે ઝકાત તથા ફિતરાની રકમો મદ્રસાઓમાં સ્વીકારવામાં ન આવે તો દીની મદ્રસાઓની સલામતી ખતરામાં પડી જશે.

મારા તાલિબે ઈલ્મીના જમાનામાં દીની મદ્રસાઓનો ઘણો જ બુરો હાલ હતો. ખુદ આપણો આ અશ્રફિયહ જિંદગી તથા મૌત વચ્ચે જોલા ખાતો હતો ! એવો પણ સમય ગુજર્યો છે કે છ છ સાત સાત મહિનાઓ સુધી કેટલાક મુદર્રિસોને પગારો નથી મળ્યા. પરંતુ જ્યારથી ઝકાત તથા ફિતરાની રકમો દીની મદ્રસાઓમાં સ્વીકારવામાં આવવા લાગી અને હીલાએ તમ્લીક કરીને ઉપયોગમાં લેવાવા લાગી, કેવળ જામિઆ અશ્રફિયા જ નહીં સર્વ મદરસાઓ માલામાલ છે, જેના કારણે દીની મદ્રસાઓને ઘણી મજબૂતી મળી અને મળી રહી છે. જેને જોઈને મઝહબ દુશ્મન તત્વો ઝકાત થતા ફિત્રા પર લલચાયેલી નજરો રાખે છે અને સીધા સાદા મુસલમાનોથી વિવિધ હીલાઓ વડે અંજુમનો (સંસ્થાઓ) ઉભી કરીને ઝકાત તથા ફિત્રાની રકમો વસૂલ કરીને મજાથી ઠાઠમાઠ કરે છે.

**સારાંશ કે કુર્આન મજીદ તથા હદીષોની રોશનીમાં જરૂરતના સમયે હીલાની ઈજાઝત છે અને ખુદ હુઝૂરે અક઼દસ ﷺએ એની તાલીમ આપી.**

## ★ હીલા બાબતે યહૂદીના કિસ્સામાં તફાવત ★

એનાથી ઉલ્ટુ અમુક આયતો તથા હદીષોથી હીલાની બુરાઈ પણ જાહેર થાય છે. દા.ત. અસ્હાબે સબ્તનો કિ઼સ્સો અને યહૂદીઓના બારામાં જે હદીષમાં આવ્યું છે કે એમના ઉપર ચરબી હરામ કરવામાં આવી છે. તો તેમણે ચરબીને ઓગાળી પછી વેચી અને તેની કિંમત ખાધી. પરંતુ અમે આના પહેલાં હીલાના જાઈઝ હોવાના બારામાં જે હદીષો રજૂ કરી છે એમનામાં અને અસ્હાબે સબ્તના કિ઼સ્સા તથા યહૂદીઓના ચરબીઓના વેચવામાં એક ઉઘાડો તફાવત મૌજૂદ છે. દા.ત. હઝરત સુવૈદ બિન ગઝય્યહની હદીષમાં તદ્દન સ્પષ્ટ છે કે મામૂલી ખજૂરોને દિરમની સાથે વેચી એમાં કોઈ રીતે કોઈ ખામી નથી. પછી તે દિરહમથી જુનૈબ ખરીદયુ એમાં પણ કોઈ શરઈ ખામી નથી, પરંતું અસ્હાબે સબ્ત દરિયાના કિનારે ખાડો ખોદીને પાણીથી ભરેલો રાખતા હતા જેનો રસ્તો દરિયાથી રહેતો. અને શનિવારે સાંજે જઈને એ રસ્તાને બંધ કરી દેતા જે તરફથી પાણી દરિયામાં જતુ હતું. આ એક રીતે માછલીઓનો શિકાર કરી લેવું હતું. કેમ કે ખાડામાં આવી ગયા પછી માછલીઓ તેમના કબજામાં આવી જતી હતી. આ એક પ્રકારનો શિકાર કરવું જ હતું. અને યહૂદીઓ પર જેવી રીતે ચરબી ખાવી હરામ હતી એવી જ રીતે એને વેચવું પણ હરામ હતું. તેમણે ચરબીને વેચી જે એમની શરીઅતમાં માલ ન હતો, એટલા માટે એની જે કિંમત લીધી તે માલે ખબીષ (ગંદો માલ) થઈ. એના અનુસંધાનમાં મોહીતના લેખકનો ઈર્શાદ પાયાની હેસિયત ધરાવે છે કે હીલો જો હરામ તથા ગુનાહથી બચવાના માટે હોય તો સારો છે અને જો કોઈ મુસલમાનનો હક઼ બાતિલ કરવાના માટે હોય તો સારો નથી બલ્કે ગુનોહ છે.

અને ઈમામ નસફીએ કાફીમાં ફર્માવ્યું કે ઈમામ મુહમ્મદ બિન હસને ફર્માવ્યું, મો'મિનના અખ્લાક઼માંથી એ નથી કે હીલાઓ વડે અલ્લાહના હુકમોથી દૂર ભાગે, એ રીતે કે એના હક્ક઼નું બાતિલ થવું લાઝિમ આવે.

## ★ હીલાઓને છોડવાના બયાનમાં ★

بَابٌ فِيْ تَرْكِ الْحِيَلِ - وَ اَنَّ لِكُلِّ اِمْرِئٍ مَا نَوٰى فِى الْاَيْمَانِ وَغَيْرِهٖ - ص ١٠٢٨

**પ્રકરણ : "હીલાઓને છોડવાના બયાનમાં અને એ કે દરેક શખ્સના માટે તે છે જે એણે નિય્યત કરી કસમ હોય કે કાંઈ બીજુ."** –(૧૦૨૮)

**સ્પષ્ટતા :** કિતાબુલ હિયલ કહેવાથી કાંઈ સમજમાં આવતું ન હતું કે હઝરત ઈમામ બુખારીનો મઝહબ શું છે ? કે તે હીલાને જાઈઝ સમજે છે કે નાજાઈઝ ? એટલા માટે તેમણે તર્કુલ હિયલનું પ્રકરણ રચ્યું કે સ્પષ્ટ થઈ જાય કે ઈમામ બુખારી હીલાના જાઈઝ હોવાના કાઈલ નથી. આ પ્રકરણની સાબિતીમાં હદીષ انما الاعمال بالنيات લાવ્યા. એનાથી બે વાતો સાબિત થઈ કે હઝરત ઈમામ બુખારી અમલોને ઈબાદતોની સાથે ખાસ નથી માનતા, બલ્કે તે દરેક અમલને એમાં સામેલ માને છે જેમાં મામલાઓ પણ સામેલ છે અને તે બિન્નિય્યાત કે બિન્નિય્યહનો મુકદ્દર સેહત કે સવાબને નથી માનતા બલ્કે એતબાર માને છે. હવે તેમની તેહકીકનો સાર એ થયો કે જો કોઈ નેક કામ કોઈ દુનિયવી હેતુ માટે કરે તો એતબાર તેની નિય્યતનો થશે. જેમ કે ઉમ્મે કૈસની હદીષથી જાહેર છે. તિબ્રાનીએ મોઅજમે કબીરમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે અમારામાં એક સાહબ હતા જેમણે ઉમ્મે કૈસ નામની એક સ્ત્રીને નિકાહનો પૈગામ આપ્યો. તે ખાતૂને એ જવાબ આપ્યો કે જો અમારી સાથે હિજરત કરો તો પૈગામ મંઝૂર છે. તેમણે તે ખાતૂન સાથે હિજરત કરી અને તેમનો નિકાહ ઉમ્મે કૈસની સાથે થઈ ગયો. અમે લોકો તેમને મુહાજિરે ઉમ્મે કૈસ કહ્યા કરતા હતા.

એનો સાર એ નીકળ્યો કે હઝરત ઈમામ બુખારીની નજીક એતબાર અર્થનો છે શબ્દનો નહીં. અમારું કહેવું એ છે કે એ સાહબ હિજરત કરીને સવાબથી વંચિત રહ્યા, પરંતુ એ વખતે હિજરત ફર્ઝ હતી તે ફર્ઝ અદા થઈ ગયો, નહીં તો લાઝિમ આવશે કે આ સાહબ તથા ઉમ્મે કૈસ બંનેવ ફર્ઝના ત્યજનાર હોવાના કારણે ફાસિક થયાં.

અમે પ્રથમ વિભાગમાં સાબિત કર્યું છે કે નિય્યતનો મુતઅલ્લક સવાબ છે. (સવાબ નિય્યત પર આધારિત છે)

بَابٌ فِى الصَّلٰوةِ ص ١٠٢٨

**પ્રકરણ : "નમાઝના બયાનમાં"** –(૧૦૨૮)

**સ્પષ્ટતા :** આ પ્રકરણની સાબિતીમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની હદીષ વર્ણન કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા તમારી નમાઝ કબૂલ કરશે નહીં જ્યારે તે હદષ કરે, ત્યાં સુધી કે વુઝૂ કરે.

આ હદીષ કિતાબુત્તહારતમાં વર્ણન થઈ ચૂકી છે, ત્યાં સુધી કે કિતાબુલ હિયલમાં આ હદીષને વર્ણવીને ઈમામ બુખારી અહનાફ પર વાંધો કરી રહ્યા છે.

## ★ વિરોધીઓની મઝાકનો જવાબ : સલામ ફેરવવા બાબતે ★

સૈયદના ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની નજીક નમાઝથી બહાર થવા માટે શબ્દ અસ્સલામુ અલૈકુમ ફર્ઝ નથી વાજિબ છે. એટલા માટે કે ફર્ઝની સાબિતીના માટે ખબરે વાહિદ પૂરતી નથી. હા ! વાજિબના સબૂતના માટે પૂરતી છે. ફર્ઝની સાબિતીના માટે દલીલે કતઈ ઉષ્ષબૂત, કતઈ ઉદ્દલાલાહ જરૂરી છે, અને શબ્દ સલામના બારામાં એવી કોઈ નસ (દલીલ) નથી. નમાઝથી બહાર થવા માટે ખુરૂજે બિસુન્એહી ફર્ઝ છે. એટલે કે ઈરાદાપૂર્વક એવું કામ કરવું જે નમાઝના વિરૂધ્ધ હોય. દા.ત. કામ કરવું, ખાવા ખાવું, અથવા કાંઈ પીવું વગેરે.

આના પર કેટલાક વિરોધીઓએ મઝાક ઉડાવતાં કટાક્ષ કર્યો છે કે જો કોઈ નમાઝના અરકાન પૂરા કર્યા બાદ ઈરાદાપૂર્વક હવા ખારિજ કરે એ ખુરૂજે બિસુન્એહી થયું કે નહીં ?! હવે વિરોધીઓએ એને રંગ મિલાવવાની સાથે વર્ણન કરવાનું શરૂ કર્યું. અલ્લાહ ﷻ રહમ ફર્માવે ઈમામ બુખારી رحمۃ اللہ علیہ પણ એ જ લોકોમાંથી છે. ફર્માવવા એવું ચાહે છે કે અહનાફનો આ કૌલ સહીહ હદીષથી વિમુખ છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું કે જો કોઈ હદષ કરે તો જ્યાં સુધી વુઝૂ નહીં કરી લે તેની નમાઝ કબૂલ નહીં થાય. અમારું એ કહેવું છે કે આ હુકમ નમાઝ દરમ્યાનનો છે અથવા નમાઝની શરૂઆતનો. એટલે જો કોઈ વુઝૂ વિના નમાઝ શરૂ કરે તો નમાઝ થશે નહીં. અથવા નમાઝ દરમ્યાન હદષ થઈ જાય તો નમાઝ થશે નહીં. પરંતુ નમાઝ પૂરી થયા બાદ હદષથી નમાઝ પર કોઈ અસર થશે નહીં. (હદષ–વા સરવું)

મશ્હૂર હદીષ છે કે હુઝૂરે અક્દસ ﷺએ એક સાહબને જોયા કે તે જલ્દી જલ્દી નમાઝ પઢી રહ્યા છે, તઅદીલે અરકાન નથી કરતા. તો એમને નમાઝની તાલીમ આપી, અંતમાં ફર્માવ્યું **ثم اجلس حتی تطمئن جالسا** પછી બેસ ત્યાં સુધી ઈત્મિનાનથી બેસી જાય, અને **فاذا فعلت هذا فقد تمت صلوتك** જ્યારે તમે આ કરી લીધું તો તમારી નમાઝ પૂરી થઈ ગઈ. (અબૂ દાઊદ–૧૨૪, તિર્મિઝી–૪૦) આ હદીષ સૈયદના અબૂ હુરૈરહ رضی اللہ عنہ અને સૈયદના રિફાઆ બિન રાફેઅથી મરવી છે. હુઝૂર ﷺએ ક઼ાઈદાએ અખીરા કરી લીધા બાદ ફર્માવ્યું, જ્યારે તેં આ કરી લીધું તો તેં તારી નમાઝ પૂરી કરી લીધી. એનાથી સાબિત થયું કે ક઼ાઈદાએ અખીરાથી નમાઝ પૂરી થઈ ગઈ. પરંતુ નમાઝથી બહાર આવવા માટે ઈરાદાપૂર્વક કોઈ કામ નમાઝ વિરૂધ્ધનું કરવું જરૂરી છે, એટલા માટે ખુરૂજે બિસુન્એહી ફર્ઝ છે. રહી ગયો શબ્દ અસ્સલામ, તો એ ફર્ઝ નથી પણ વાજિબ છે. જે શખ્સ એના સિવાય કોઈ અન્ય તરીક઼ાથી નમાઝથી બહાર થશે તો એની નમાઝ મકરૂહે તહરીમી દોહરાવવી વાજિબ થશે.

સાચી વાત છે કે આ પ્રકરણ હેઠળ હઝરત ઈમામ બુખારી જે હદીષ લાવ્યા છે તેને પ્રકરણ સાથે કોઈ સંબંધ નથી. પ્રકરણનો મતલબ છે : નમાઝ છોડવાના માટે હીલો. અને આપણો મસ્લક જે છે તેમાં નમાઝ છોડવાનો સવાલ જ નથી. ચર્ચા એમાં છે કે શબ્દ અસ્સલામ ફર્ઝ છે કે નથી. જો કોઈ શખ્સ અસ્સલામ શબ્દ કહેવાને બદલે ઈરાદાપૂર્વક કોઈ અન્ય કામ કરે જે નમાઝ વિરૂધ્ધનું હોય તો નમાઝ એ અર્થમાં થઈ ગઈ કે તેના માથેથી ફર્ઝ ઉતરી ગયો.

باب فی الزکوۃ وان لا یفرق بین مجتمع ولا یجمع بین متفرق خشیۃ الصدقۃ ص ۱۰۲۸

**પ્રકરણ : ઝકાતથી બચવાના માટે હીલાના બયાનમાં** : અને એ કે ઝકાતના ડરથી ભેગાને છૂટ્ટુ પાડવામાં નહીં આવે અને ન છૂટાને ભેગુ કરવામાં આવશે. *–(૧૦૨૮)*

**સ્પષ્ટતા :** **لا يجمع بين متفرق الخ** આ એક હદીષનો ભાગ છે જે કિતાબુઝ્ઝકાતમાં વિગતવાર વર્ણન થઈ ચૂકી છે. અને અહીં પણ ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ એનો એક હિસ્સો લખ્યો છે. તેનો ખુલાસો એ છે કે બે માણસો છે જેમનામાં દરેકની પાસે ચાલીસ ચાલીસ બકરીઓ છે. તો એમના પર દરેક ચાલીસ બકરીએ એક બકરી વાજિબ છે તો એમને ભેગી કરવામાં નહીં આવે. ભેગી કરવાની સ્થિતિમાં કુલ ૮૦ બકરીઓ થશે જેમનામાં કેવળ એક બકરી વાજિબ છે, તો એમને ભેગી કરવામાં નહીં આવે. એ પ્રમાણે બે ભાગીદારો વચ્ચે ૪૦ બકરીઓ હોય તો તેમને અલગ અલગ કરવામાં ન આવે, દરેકના હિસ્સાની ૨૦ બકરી માની લેવામાં આવે જેથી ઝકાત વાજિબ ન થાય.

ત્યારબાદ ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ તે અઅરાબીની હદીષ વર્ણવી જેમના સવાલ કરવા પર હુઝૂરે અકદસ ﷺએ તેમને ઈસ્લામી શરીઅતના કાનૂનોની તાલીમ આપી. તાલીમ હાંસલ કર્યા બાદ તેમણે અર્ઝ કર્યું હતું وَلَا أَنْقُصُ مِمَّا فَرَضَ اللّٰهُ عَلَيَّ شيئًا અલ્લાહ તઆલાએ જે મારા પર ફર્ઝ કર્યું છે એમાં કોઈ કમી નહીં કરું.

ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે ફર્ઝોમાં કમી કરવી જાઈઝ નથી, ભલે હીલા થકી હોય. એનાથી આપણે પણ સહમત છીએ.

وَقَالَ بَعْضُ النَّاسِ فِيْ عِشْرِيْنَ وَمِائَةِ بَعِيْرٍ حِقَّتَانِ فَإِنْ

*અને અમુક લોકોએ કહ્યું, ૧૨૦ ઊંટમાં બે હિક્કા છે, પછી જો તેને જાણી જોઈને મારી નાખ્યું અથવા કોઈને*

أَهْلَكَهَا مُتَعَمِّدًا أَوْ وَهَبَهَا أَوِ احْتَالَ فِيْهَا فِرَارًا مِنَ الزَّكٰوةِ فَلَا شَيْءَ عَلَيْهِ.

*ભેટ આપી દીધું, અથવા ઝકાતથી બચવા માટે કોઈ પણ હીલો અપનાવ્યો, તો એના પર કાંઈ નથી.*

હિક્કા તે ઊંટણીને કહે છે જેના ત્રણ વરસો પૂરાં થઈ ગયાં હોય. અહીં ઈમામ બુખારીએ ગુસ્સાની સખ્તીમાં أَهْلَكَهَا કહ્યું. શું દુનિયામાં કોઈ પણ બુધ્ધિવાળો એવો મળી શકે છે જે બે ઊંટણીઓ ફકીરોને આપવાથી બચવા માટે એકસો વીસ ઊંટને હલાક કરી દે ?! હા ! એ જરૂર છે કે જો વરસ સંપૂર્ણ થતા પહેલાં એ સર્વ ઊંટો કોઈને ભેટ આપી દે અને તેનો કબજો પણ આપી દે તો તેના પર ઝકાત વાજિબ થશે નહીં ! એટલા માટે કે ઝકાત વાજિબ થવા માટે પૂરા એક વરસનું પૂર્ણ થવું શર્ત છે. આ ઝકાત સાકિત થવું નથી, ન ઝકાતથી ભાગવું છે. જ્યારે એના પર ઝકાત ફર્ઝ જ ન થઈ, તો એનાથી ઝકાતથી ભાગવાનો કે સાકિત થવાનો કોઈ સવાલ જ નથી. જો ખરેખર કોઈ શખ્સ ઝકાતના વાજિબ થવાથી બચવાના માટે આવો હીલો કરે તે ટીકાને પાત્ર છે. જેમ કે હઝરત ઈમામ મુહમ્મદએ ફર્માવ્યું કે આવું કરવું મકરૂહ છે.

وَقَالَ بَعْضُ النَّاسِ فِيْ رَجُلٍ لَهُ إِبِلٌ فَخَافَ أَنْ تَجِبَ عَلَيْهِ

*અને અમુકે કહ્યું એ શખ્સના બારામાં જેની પાસે ઊંટ છે, એને ડર લાગ્યો કે એના પર ઝકાત વાજિબ થઈ*

الصَّدَقَةُ فَبَاعَهَا بِإِبِلٍ مِّثْلِهَا أَوْ بِغَنَمٍ أَوْ بِبَقَرٍ أَوْ بِدَرَاهِمَ فِرَارًا

*જશે તો તેણે વરસ પૂર્ણ થવાના એક દિવસ પહેલાં તે ઊંટને બીજાં ઊંટો સાથે અથવા બકરીના બદલામાં*

مِنَ الصَّدَقَةِ بِيَوْمٍ احْتِيَالًا فَلَا شَيْءَ عَلَيْهِ وَهُوَ يَقُوْلُ إِنْ زَكّٰى إِبِلَهُ

*અથવા ગાયના બદલામાં અથવા દિરહમોના બદલામાં ઝકાતથી બચવા માટે વેચી દીધાં તો એના પર કાંઈ*

قَبْلَ أَنْ يَّحُوْلَ الْحَوْلُ بِيَوْمٍ أَوْ بِسَنَةٍ جَازَتْ عَنْهُ

*નથી. જ્યારે તે જ એવું પણ કહે છે કે જો પોતાનાં ઊંટોની ઝકાત વરસ પૂર્ણ થવાના એક દિવસ પહેલાં કે એક સાલ પહેલાં આપી દીધી તો જાઈઝ છે.*

## ★ ઈમામ બુખારીની હનફીઓ પર પ્રથમ મહેરબાની ★

**સ્પષ્ટતા :** આ પણ આપણા હનફીઓ પર વાંધો છે. ઈમામ બુખારી એવું દર્શાવવા ચાહે છે કે હનફીઓના મસાઈલમાં વિરોધાભાસ છે, તે એ રીતે કે એમનો એક કૌલ એ છે કે જો કોઈની પાસે નિસાબ જેટલાં ઊંટ હોય અને વરસ પૂરુ થવાના એક દિવસ પહેલાં તે ઊંટને વેચી દે તો એના પર ઝકાત નથી. પછી અહનાફ કહે છે કે જો કોઈએ વરસ પૂર્ણ થવાના એક દિવસ પહેલાં અથવા વરસ પહેલાં ઝકાત અદા કરી આપી તો અદા થઈ ગઈ. એનાથી જણાય છે કે વરસ પૂર્ણ થતાં પહેલાં એમને ત્યાં ઝકાત વાજિબ થઈ જાય છે જો વાજિબ ન થાત તો ઝકાત આપવું એ ઝકાત આપવું ન થાત, બલ્કે નફ્લ સદકો થાત. અમારું કહેવું એ છે કે જેવી રીતે સદકએ ફિત્ર ઈદની પહેલાં આપી દેવું જાઈઝ છે, જેમ કે આ જ બુખારી, ભાગ : ૪, પેજ નં : ૨૫૮ (ગુજરાતીમાં પેજ નં. : ૨૬૬)માં છે : كَانُوْا يُعْطُوْنَ قَبْلَ الْفِطْرِ بِيَوْمٍ أَوْ يَوْمَيْنِ કે મદીનાવાસીઓ ઈદથી એકાદ બે દિવસ પહેલાં સદકાએ ફિત્ર આપ્યા કરતા હતા, જ્યારે કે સદકએ ફિત્ર ઈદના દિવસે વાજિબ થાય છે. એ જ પ્રમાણે ઝકાત પણ ભલે વાજિબ થશે વરસ પૂર્ણ થયા બાદ, પણ પહેલાં અદા કરવું સહીહ છે. આ એવું જ છે કે કોઈનાથી કરજ લીધું હતું અને તેને નિશ્ચિત સમયથી પહેલાં જ અદા કરી આપ્યું.

## ★ બીજી મહેરબાની અને અમારી અરજ ★

وَقَالَ بَعْضُ النَّاسِ إِذَا بَلَغَتِ الْإِبِلُ عِشْرِيْنَ فَفِيْهَا أَرْبَعُ شِيَاهٍ فَإِنْ وَهَبَهَا قَبْلَ الْحَوْلِ أَوْ بَاعَهَا فِرَارًا أَوْ إِحْتِيَالًا لِإِسْقَاطِ الزَّكٰوةِ فَلَا شَيْءَ عَلَيْهِ وَكَذٰلِكَ إِنْ أَتْلَفَهَا فَمَاتَ فَلَا شَيْءَ فِيْ مَالِهٖ۔

"અને અમુક લોકોએ કહ્યું, જ્યારે ઊંટ વીસ સુધી પહોંચી જાય તો એમનામાં ચાર બકરીઓ છે. હવે જો વરસ પૂર્ણ થતા પહેલાં તેણે કોઈને ભેટ આપી દીધાં અથવા વેચી દીધાં ઝકાતથી બચવાના માટે અથવા ઝકાત ન લાગુ થવા માટે હીલાના રૂપે, તો એના પર કાંઈ નથી, અને જો એ જ પ્રમાણે તેને બેકાર કરી દીધું પછી મરી ગયું તો એના પર ઝકાત નથી."

**સ્પષ્ટતા :** ઈમામ બુખારીના પહેલા હિસ્સાનો જવાબ હમણા વર્ણન થઈ ચૂક્યો. રહી ગયો બીજો હિસ્સો તો જાહેર છે કે ઝકાતનો આધાર તે ઊંટ હતાં, જ્યારે તે બાકી ન રહે તો ઝકાત કોના પર વાજિબ થશે.

ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે એના પર ઝકાત વાજિબ હોવી જોઈએ. જેમ કે હઝરત સઅદ બિન ઓબાદા رضی اللہ عنہનાં માએ મન્નત માની હતી એવામાં અચાનક તેમનો ઈન્તેકાલ થઈ ગયો મન્નત પૂરી ન કરી શક્યાં. હુઝૂરે અક્દસ ﷺથી હઝરત સઅદ બિન ઓબાદા رضی اللہ عنہએ પૂછયું તો હુઝૂરે ફર્માવ્યું, તમારા માની તરફથી એ મન્નત પૂરી કરી દો. તો જ્યારે મન્નત મૌતથી રદ ન થઈ તો ઝકાત જે મન્નતથી અનેક ગણી મહત્વની છે એ તો અધિક અંશે રદ થશે નહીં !

**اقول وهوا لمستعان** બંનેવમાં ફરક સ્પષ્ટ છે. સઅદ બિન ઓબાદા رضی اللہ عنہનાં વાલિદાએ જ્યારે મન્નત માની લીધી હતી તો તે એમના પર વાજિબ થઈ ગઈ, એથી ઉલ્ટુ અહીં કે જ્યારે નિસાબ પર વરસ પૂર્ણ જ નથી થયું તો તેના પર ઝકાત ફર્ઝ જ થશે નહીં. એટલે એક બીજા પર ક્યાસ કરવું બરાબર નથી. તદ્ઉપરાંત નઝર (મન્નત) બંદાનો હક્ક છે અને ઝકાત અલ્લાહનો હક્ક છે, જેથી એકને બીજા પર ક્યાસ કરવું અયોગ્ય ક્યાસ છે.

## ★ ત્રીજી મહેરબાની અને અમારી અરજ ★

وَقَالَ بَعْضُ النَّاسِ إِنِ احْتَالَ حَتَّى تَزَوَّجَ عَلَى الشِّغَارِ فَهُوَ جَائِزٌ وَالشَّرْطُ بَاطِلٌ ـــ وَقَالَ فِي الْمُتْعَةِ النِّكَاحُ فَاسِدٌ وَالشَّرْطُ بَاطِلٌ وَقَالَ بَعْضُهُمُ الْمُتْعَةُ وَالشِّغَارُ جَائِزٌ وَالشَّرْطُ بَاطِلٌ۔

''અને કેટલાક લોકોએ કહ્યું, જો હીલો કર્યો ત્યાં સુધી કે શિગ઼ાર પર નિકાહ કરી લીધા તો જાઈઝ છે. અને શર્ત બાતિલ છે. અને મોતઅહમાં કહ્યું, નિકાહ ફાસિદ છે અને શર્ત બાતિલ છે. તેમના અમુકે કહ્યું, મોતઅહ તથા શિગ઼ાર જાઈઝ છે અને શર્ત બાતિલ છે.''

**સ્પષ્ટતા** : આ પણ હનફીઓ પર વાંધો છે. આપણે ત્યાં નિકાહે શિગ઼ાર થાય છે અને મહેર મિષ્લ વાજિબ છે. શિગ઼ાર નિકાહ એ છે કે કોઈ શખ્સે કોઈ શખ્સની પુત્રીથી નિકાહ કર્યા એ શર્ત પર કે પોતાની પુત્રીના નિકાહ પહેલા શખ્સથી કરી આપે અને મહેર કાંઈ ન હોય, આ નિકાહથી રસૂલલ્લાહ ﷺએ મના ફર્માવ્યું, જેમ કે ઈમામ બુખારી અહીં જ હદીષ વર્ણન કરી છે. આપણે ત્યાં નિકાહે શિગ઼ારનો હુકમ એ છે કે બંનેવ નિકાહ સહીહ અને દરેક પર મહેર મિષ્લ વાજિબ થશે. અને એ શર્ત કે મહેર કાંઈ ન થશે એ બાતિલ છે. અલ્બત્ત એવા નિકાહ કરવાવાળા ગુનેહગાર થશે. નિકાહે શિગ઼ારના સહીહ ન હોવાનું કોઈ કારણ નથી જ્યારે નિકાહ (અક઼્દ) પોતાના લાયક પાત્ર સાથે પોતાના સ્થાનમાં લાગુ થયા છે તો તેને બેકાર ઠરાવવાનું કોઈ કારણ નથી. હા ! અલ્બત્ત એ શર્ત કે મહેર કાંઈ ન હશે એ બાતિલ છે. મોત્અહના બારામાં આપણો અસલ મઝહબ એ જ છે કે નાજાઈઝ તથા હરામ છે. અને મોતઅહના નામે જે નિકાહ થયો તે ફાસિદ છે. રહી ગયું એ કે ઈમામ બુખારીએ ફર્માવ્યું કે તેમના અમુકે ફર્માવ્યું કે મોત્અહ જાઈઝ છે અને શર્ત બાતિલ છે. એ કોણ છે તે માલૂમ ન થઈ શક્યું. અમુક શરહકર્તાઓનો ખયાલ છે કે આ ઈમામ ઝુફર પર વાંધો છે. પરંતું તે વાંધો ત્યારે બરાબર હોતો જ્યારે ઈમામ ઝુફર رحمۃ اللہ علیہનો એ મસ્લક હોતો ! કે મોત્અહ જાઈઝ છે અને શર્ત બાતિલ છે. મોત્અહનું હરામ હોવું અહનાફ (હનફીઓ)ની નજીક મુત્તફક઼ અલૈહ હરામ છે.

હઝરત ઈમામ બુખારીએ એના બાદ મોત્અહના હરામ હોવાવાળી હદીષ વર્ણવી ફરી એ જ વાત દોહરાવી છે જે હમણા વર્ણન થઈ. આ દોહરાવવામાં ઈમામ બુખારીનો શો હેતુ છે એને સમજવાથી આ ખાદિમ જ નહીં, સર્વ શરહકર્તાઓ આજિઝ છે ! એના સિવાય બીજુ શું કહી શકાય છે કે અહનાફના સહીહ મઝહબથી નાવાકેફ હોવાના કારણે ગુસ્સાની સખ્તીમાં એક જ વાત વારંવાર વર્ણન કરી રહ્યા છે, ઝકાતના મસ્અલામાં પણ એવું જ કર્યું અને અત્યારે પણ એ જ કરી રહ્યા છે.

## ★ વેચાણમાં હીલાનું મકરૂહ હોવું ★

بَابُ مَا يُكْرَهُ مِنَ الْاِحْتِيَالِ فِي الْبُيُوْعِ وَلَا يُمْنَعُ فَضْلُ الْمَاءِ لِيُمْنَعَ بِهٖ فَضْلُ الْكَلَاءِ۔ ص ۱۰۳۰

**પ્રકરણ : ''વેચાણમાં હીલાનું મકરૂહ હોવું અને એ કે વધારાના પાણીથી લોકોને રોકવામાં ન આવે જેથી એનાથી ફાજલ ચરાગાહને રોકવામાં આવે.''** –*(૧૦૩૦)*

**સ્પષ્ટતા** : પ્રકરણનો બીજો હિસ્સો હદીષનો છે. એનો મતલબ એ છે કે જો કોઈ ક઼બીલાવાળો એટલા

પાણી પર શક્તિ ધરાવે છે જે એની જરૂરીયાતથી ફાજલ હોય તો બીજા કબીલાવાળાઓનાં જાનવરોને પાણી વાપરવાથી ન રોકે. વાત એમ છે કે પાણીના તળાવ અથવા કૂવા પર જેનો કબજો છે તે તેની મિલ્કત છે, તે ચાહે તો બીજાને પાણી વાપરવા ન દે. અને ચરાગાહ કોઈની માલિકીની નથી. કોઈ કબીલા પાસે જો પાણી ફાજલ છે તો બીજા કબીલાવાળાઓએ પાણી વાપરવામાં તેમનો કોઈ વાંધો નથી. પણ થશે એવું કે જાનવર જ્યારે પાણી પીવા આવશે તો આપોઆપ ચરાગાહમાં ચરશે, અને કેમ કે ચરાગાહ કોઈની માલિકીમાં નથી, એટલા માટે કોઈ કોઈને ચરાગાહમાં જાનવર ચરાવવાથી રોકી નથી શક્તું. હવે હદીષનો સાર એ નીકળ્યો કે તમારી પાસે જો પાણી વધારે છે તો જરૂરતમંદોને વાપરવાથી ન રોકો, તેમનાં પાલતુ જાનવરોને પાણી પીવા માટે આવવા દો, ભલે તેઓ પાણી પીવા આવતી વખતે કે પાણી પીને જતી વખતે ચરાગાહમાં ચરે.

કેટલાક લોકો એવું કરતા હતા કે વધારાનું પાણી બીજાને વાપરવા દેતા ન હતા, કે એમનાં જાનવર અમારી ચરાગાહમાં ચરશે, જેથી અનાયાસે જરૂરતમંદ પાણી ખરીદતા હતા. અને આ ખરીદારી ચરાગાહમાં ચરવાનો ઝરીયો બનતી હતી, જાણે કે પાણી વેચવાને હીલો બનાવતા હતા ચરગાહમાં જાનવર ચરાવવાનો. એને આ હદીષમાં મના ફર્માવવામાં આવ્યું.

## بَابُ مَا يُنْهٰى مِنَ الْخِدَاعِ فِي الْبُيُوْعِ ص ١٠٣٠

**પ્રકરણ : ''વેચાણમાં ધોકાથી મનાઈનું વર્ણન''** –*(૧૦૩૦)*

ت ٨٢٦ وَقَالَ اَيُّوْبُ يُخَادِعُوْنَ اللّٰهَ كَاَنَّمَا يُخَادِعُوْنَ اٰدِمِيًّا. لَوْ اَتَوُا الْاَمْرَ عِيَانًا كَانَ اَهْوَنَ عَلَيَّ

*''અને ઐયૂબ સખ્તયાનીએ કહ્યું, ''યુખાદિઉનલ્લાહ''થી મુરાદ એ છે કે જાણે તે કોઈ* **[તઅલીક઼ : ૮૨૬]** *માણસને ધોકો આપે છે. જો તે વાત સાફ સાફ કરે તો મારા પર અધિક હલકુ થાય.''*

**સ્પષ્ટતા :** આ તઅલીક઼ને ઈમામ વક઼ીઅએ પોતાના મુસન્નફમાં રિવાયત કરી છે. હઝરત ઐયૂબ સખ્તયાનીની મુરાદ એ છે કે જો તે સ્પષ્ટપણે કહી આપે કે હું આટલી વધારે રકમ લઈ રહ્યો છું તો અધિક બેહતર હતું.

ઈમામ બુખારીનો મક઼સદ લગભગ એ છે કે બજાર ભાવથી અધિક કિંમત લેવી પણ ખિદાઅ (ધોકા)માં દાખલ છે.

### ★ કોઈએ કોઈની બાંદીને પડાવી લીધી ★

بَابٌ إِذَا غَصَبَ جَارِيَةً فَزَعَمَ اَنَّهَا مَاتَتْ فَقَضٰى بِقِيْمَةِ الْجَارِيَةِ الْمَيِّتَةِ ثُمَّ وَجَدَهَا صَاحِبُهَا فَهِيَ لَهٗ وَيَرُدُّ الْقِيْمَةَ۔ وَلَا يَكُوْنُ الْقِيْمَةُ ثَمَنًا۔

**પ્રકરણ :** ''કોઈએ કોઈની બાંદીને પડાવી લીધી. પછી ગુમાન કર્યું કે તે મરી ગઈ, જેના કારણે એ ફેંસલો કરવામાં આવ્યો કે પચાવી પાડનાર મુર્દા લોંડીની કિંમત માલિકને અદા કરે. ત્યારબાદ માલિકને લોંડી જીવંત મળી ગઈ. તો લોંડી માલિકની છે, અને પડાવી લેનારને કિંમત પરત કરી દેવામાં આવશે. અને કિંમત લોંડીનો ષમન (ખરીદ કિંમત) થશે નહીં.'' –*(૧૦૩૦)*

## ★ ઈમામ બુખારીની ચોથી હનફીઓ પર મહેરબાની ★

وَقَالَ بَعْضُ النَّاسِ الْجَارِيَةُ
لِلْغَاصِبِ لِأَخْذِهِ الْقِيمَةَ وَفِي هٰذَا
إِحْتِيَالٌ لِمَنِ اشْتَهٰى جَارِيَةَ رَجُلٍ
لَا يَبِيعُهَا فَغَصَبَهَا وَاعْتَلَّ بِأَنَّهَا
مَاتَتْ حَتّٰى يَأْخُذَ رَبُّهَا قِيمَتَهَا
فَيُطَيَّبُ لِلْغَاصِبِ جَارِيَةُ غَيْرِهٖ۔
وَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ
أَمْوَالُكُمْ عَلَيْكُمْ حَرَامٌ وَلِكُلِّ غَادِرٍ
لِوَاءٌ يَوْمَ الْقِيٰمَةِ۔

''અને અમુક લોકોએ કહ્યું કે આ સ્થિતિમાં લોંડી પચાવી પાડનારની છે, કેમ કે તેણે કિંમત લઈ લીધી. આમાં એ શખ્સના માટે હિલો છે જે કોઈ શખ્સની લોંડીને ચાહે જેને તે શખ્સ વેચવા રાજી ન હોય, અને પડાવી લે અને એ બહાનુ રજૂ કરે કે તે મરી ગઈ જેથી એનો માલિક એની કિંમત લઈ લે. એનો મતલબ એ થયો કે પડાવી લેનાર માટે બીજાની લોંડી જાઈઝ થઈ ગઈ. જ્યારે કે નબી ﷺએ ફર્માવ્યું, તમારા માલ તમારા પર હરામ છે, અને દરેક ધોકાબાઝ માટે ક્યામતના દિવસે ઝંડો હશે.''

**સ્પષ્ટતા** : આદત પ્રમાણે આ પણ હનફીઓ પર વાંધો છે અને એનો પાયો પણ હઝરત ઈમામ બુખારીનો કિ્લ્લતે તફક્કુહ છે અને હનફીઓના મસાઈલથી સંપૂર્ણપણે નાવાકેફિયત પર છે.

અહનાફનો સહીહ તથા મુખ્તાર (અગ્રતા પામેલ) મઝહબ એ છે આ સ્થિતિમાં હડપ કરનાર પર વાજિબ છે કે લોંડીને પરત કરે. એટલા માટે મુદલે આ વાંધાને કોઈ અવકાશ જ નથી. અને અહનાફમાંથી જે ઉલમા એવું કહે છે કે લોંડી પચાવી પાડનારની છે. એનો આધાર એક દલીલ પર છે, તે એ છે કે જૂઠી ગવાહી પર કાઝીનો ફેંસલો જાહેર તથા આંત્રિક બંનેવ રીતે લાગુ થાય છે. અથવા કેવળ જાહેરી રીતે લાગુ થાય છે બાતિની રીતે નહીં. એને ઈમામ સરખસીએ મબ્સૂતમાં ખૂબ જ વિગતે વર્ણન કર્યો છે.

ચર્ચા હેઠળની સ્થિતિમાં જ્યારે કાઝીએ એવો ફેંસલો કરી આપ્યો કે લોંડી મરી ચૂકી છે અને પડાવી લેનાર માલિકને લોંડીની કિંમત અદા કરી આપે, અને માલિકે પડાવી લેનાર પાસેથી લોંડીની કિંમત લઈ લીધી ત્યારબાદ એવું કહેવું કે લોંડી પહેલા શખ્સની માલિકીમાં છે એ બદલ તથા મુબ્દલ મિન્હૂનું એક શખ્સની માલિકીમાં ભેગા હોવાનો કૌલ કરવું છે. અને એ ન બુધ્ધિની દ્દષ્ટિએ સહીહ છે ન શરીઅતની દ્દષ્ટિએ. અને એટલી વાત અમે પણ કહીએ છીએ કે લોંડીને હાંસલ કરવા માટે પડાવી લેનારે એક નહીં કેટલાયે જુર્મ કર્યા. પડાવી લીધી, જૂઠુ બોલ્યો, જૂઠા ગવાહ રજૂ કર્યા. અને એનાં ઘણા બધાં દ્દષ્ટાંતો છે કે એક કાર્ય નાજાઈઝ છે પણ શરીઅતનો હુકમ એના પર લાગુ થાય છે. દા.ત. હૈઝની હાલતમાં તલાક જાઈઝ નથી પણ જો કોઈ આપશે તો તલાક પડી જશે. અને ઉમ્મે સલમા رضی اللہ عنہاની હદીષ بَعْضَكُمْ اَنْ يَّكُوْنَ اَلْحَنُ بِحُجَّتِهٖ مِنْ بَعْضٍ વર્ણન થઈ ચૂકી છે.

**પ્રકરણ : ''નિકાહમાં હીલાનુ વર્ણન''** –(૧૦૩૦) بَابٌ فِي النِّكَاحِ صـ ۱۰۳۰

## ★ પાંચમી મહેરબાની અને અમારી અરજ ★

وَقَالَ بَعْضُ النَّاسِ إِنْ لَمْ
تُسْتَاذَنِ الْبِكْرُ وَلَمْ تَزَوَّجْ فَاحْتَالَ

''અને અમુક લોકોએ કહ્યું કે જો કુંવારી બાલિગ છોકરીની ઈજાઝત ન લીધી અને ન શાદી કરી. અને એ શખ્સે હીલો કર્યો અને બે જૂઠા ગવાહ ઉભા કરી

رَجُلٌ فَأَقَامَ شَاهِدَيْ زُوْرٍ أَنَّهُ تَزَوَّجَهَا بِرِضَاهَا فَأَثْبَتَ الْقَاضِي نِكَاحَهَا وَالزَّوْجُ يَعْلَمُ أَنَّ الشَّهَادَةَ بَاطِلٌ فَلَا بَأْسَ أَنْ يَطَأَهَا وَهُوَ تَزْوِيجٌ صَحِيحٌ.

દીધા કે એણે આ સ્ત્રી સાથે તેણીની રઝામંદીથી નિકાહ કર્યો છે. એના પર ક઼ાઝીએ નિકાહ સાબિત થવાનો હુકમ આપી દીધો. જ્યારે કે પતિ જાણે છે કે ગવાહી બાતિલ છે. છતાં કોઈ વાંધો નથી કે એ શખ્શ એ સ્ત્રી સાથે સંભોગ (વતી) કરે. અને આ તજવીઝ સહીહ છે.

### ★ છઠ્ઠી મહેરબાની તથા ગૈર મુક઼લ્લિદની રદ પણ ! ★

**સ્પષ્ટતા** : આ મસ્અલાને લઈને આજકાલના ગૈર મુક઼લ્લિદો વહાબીઓ અહનાફ પર ટીકા ટીપ્પણ કરતા રહે છે. જ્યારે કે આ પ્રકારના કેસમાં એ જ ફેંસલો મૌલલ્ મુસ્લિમીન હઝરત અલી رضي الله عنهથી પણ નક઼લ થયેલ છે. એક શખ્સે એક સ્ત્રી પર દાવો કર્યો કે મારો આની સાથે નિકાહ થયો છે. સ્ત્રીએ ઈન્કાર કર્યો તો દાવેદારે બે ગવાહો રજૂ કર્યા. જેના પર હઝરત અલી رضي الله عنهએ નિકાહ સાબિત હોવાનો હુકમ કર્યો. જ્યારે તેણીએ એ જોયું તો અર્ઝ કરી, હે અમીરુલ મો'મિનીન ! મારો એની સાથે નિકાહ કરી આપો. તો હઝરત અલી رضي الله عنهએ ફર્માવ્યું, આ બંને ગવાહોએ તારા નિકાહ કરી આપ્યા. તેમજ મબ્સૂતમાં જ છે કે હઝરત ઈમામ શઅબી رحمة الله عليهનો ફત્વો પણ એના જેમ છે. હઝરત ઈમામ બુખારી તો એવી રીતે મઅઝૂર સમજી શકાય છે કે શક્ય છે તેમને હઝરત અલી رضي الله عنه તથા હઝરત ઈમામ શઅબી رحمة الله عليهના ફત્વાઓનો ઈલ્મ ન રહ્યો હોય. પરંતું ગૈર મુક઼લ્લિદો સર્વ કાંઈ જાણવા છતાં કેવળ પોતાના કુફ્રિયાત તથા ગુમરાહી પર પર્દા નાખવાના માટે આ મસ્અલાને હનફીઓ પ્રતિ સંબંધિત કરીને ખૂબ દિલની ભડાશ કાઢે છે. પરંતું તેમણે જાણવું જોઈએ કે જ્યારે અમીરુલ મો'મિનીન હઝરત અલી رضي الله عنه અને હઝરત ઈમામ શઅબી رضي الله عنهનો પણ આ જ ફત્વો છે, તો આ મસ્અલાને લઈને જેટલુ કીચડ ઉછાળશે તે સૌ હઝરત ઈમામ શઅબી તથા હઝરત અલી رضي الله عنه પર પડશે. પરંતું ગૈર મુક઼લ્લિદોના ધરમની પાયો જ એના પર રચાયેલો છે. તેઓ તો ચાહે જ છે કે મુસલમાન સહાબાએ કિરામ, તાબઈને એઝામથી કટ થઈને એમની ધોકાની જાળમાં ફસાઈ જાય.

### ★ કાઝીનો ફૅંસલો જાહેરી બાતિની રીતે લાગુ છે ★

મસ્અલાની સ્પષ્ટતા પહેલાં અમારો એક સવાલ છે કે ક઼ાઝીના ફેંસલા પછી એ સ્ત્રી શું કરે ? જ્યારે ક઼ાઝીએ ફેંસલો આપી દીધો કે દા.ત. આ ઝૈદની પત્ની છે અને તે કોઈ અન્ય સાથે નિકાહ કરે તો તઅઝીર બલ્કે હદની મુસ્તહિક઼ થશે. અને ગૈર મુક઼લ્લિદોના ક઼ૌલ પ્રમાણે ઝયદના માટે હલાલ નથી તો આવી સ્થિતિમાં તે સ્ત્રીની જિંદગી બર્બાદ થશે. મૌલા ﷺ અમીરુલ મો'મિનીન હઝરત અલી رضي الله عنهને જઝાએ ખૈર આપે કે આ પ્રકારની મઝલૂમા સ્ત્રીઓના માટે તેમણે એક તદબીર કરી આપી કે ભલે પહેલેથી નિકાહ નથી થયો પણ ક઼ાઝીનો ફૈંસલો નિકાહના ક઼રારના સ્થાને છે. બલ્કે વિચાર કરો કે સ્વંય : ઈજાબો કુબૂલથી વધીને મજબૂત ક઼ાઝીનો ફૈંસલો છે. કોઈએ બે ગવાહોની સમક્ષ સ્ત્રીની રઝામંદીથી નિકાહ કર્યા. નિકાહ પોતાની જગાએ સહીહ પણ કોઈ કારણે દા.ત. સ્ત્રીએ નિકાહથી ઈન્કાર કરી દીધો. મામલો ક઼ાઝીને ત્યાં રજૂ થયો. ધારો કે બંનેવ અથવા તેમાંથી એક ગવાહ મરી ગયો. બંનેવ અથવા એક શહાદત (ગવાહી) સ્વીકારવાને પાત્ર નથી. હવે ક઼ાઝીએ સ્ત્રીને ક઼સમ ખાવાનો હુકમ આપ્યો. સ્ત્રીએ ક઼સમ ખાય લીધી કે મારા નિકાહ આ શખ્સ સાથે નથી થયા. ક઼ાઝી

મજબૂર થશે કે એ ફૈંસલો કરે કે આ સ્ત્રી એની પત્ની નથી. એથી ઉલ્ટુ જ્યારે ક઼ાઝીએ ફૈંસલો કરી આપ્યો કે નિકાહ સાબિત છે, આ સ્ત્રી એની પત્ની છે તો એને કોઈ તોડી નથી શક્તું. આ મુદ્દાને ધ્યાનમાં રાખીને અહનાફ ઉલમાએ ફર્માવ્યું કે ક઼ાઝીનો ફૈંસલો ક઼રારના સ્થાને છે. પહેલાં નિકાહ ન થયો હતો તો ક઼ાઝીના ફૈંસલા બાદ નિકાહ નિશ્ચિત થઈ જશે. એટલા માટે તો જ્યારે તે સ્ત્રીએ ખુદ અર્ઝ કરી કે અમીરુલ મો'મિનીન ! મારો નિકાહ એની સાથે કરી આપો, તો અમીરુલ મો'મિનીને નિકાહ નથી કર્યો.

અસલમાં આ મસ્અલો પણ એની શાખા છે કે ક઼ાઝીનો ફૈંસલો અક઼દો (નિકાહના ક઼રારો)માં જાહેરી તથા બાતિની રીતે લાગુ થાય છે, બે શર્તોની સાથે એક એ કે ક઼ાઝીને જાણ ન હોય કે ગવાહ જૂઠા છે. બીજુ એ કે મહલ ક઼ઝા ક઼બૂલ કરવાને પાત્ર હોય. દા.ત. હક્ક઼ ગૈરથી ફારિગ હોય, અને મહલે હક્ક઼ ગૈર છે તો ક઼ાઝીનો ફૈંસલો બાતિની રીતે લાગુ થશે નહીં. દા.ત. એક સ્ત્રી કોઈની પત્ની છે અથવા કોઈની ઈદ્દતમાં છે. તેણી પર કોઈએ દાવો કર્યો કે આ મારી પત્ની છે, અને જૂઠા ગવાહો રજૂ કરી આપ્યા. એ બિના પર ક઼ાઝીએ ફૈંસલો કરી આપ્યો. છતાં પતિ પર એ જાઈઝ નથી કે તે સ્ત્રી સાથે સંભોગ કરે. એટલા માટે કે અહીં સ્ત્રી સાથે ગૈરનો હક્ક઼ સંબંધિત છે. એનાં શરીઅતમાં ઘણા દષ્ટાંતો છે કે ઘણી બધી વાતો એના હેઠળમાં, લાઝમી રીતે સાબિત થઈ જાય છે. જેમ કે લિઆનથી તલાક઼ કે લિઆન પછી ક઼ાઝી જુદાઈનો હુકમ આપશે, અને આ જુદાઈ તલાક઼ે બાઈનના હુકમમાં છે. નામર્દ તથા તેની પત્ની વચ્ચે ક઼ાઝી જુદાઈનો હુકમ આપશે. અને આ જુદાઈ તલાક઼ે બાઈનના હુકમમાં છે જ્યારે કે આ બંને સ્થિતિઓમાં પતિએ તલાક઼ આપી નથી. એ જ પ્રમાણે ચર્ચા હેઠળના મસ્અલામાં ભલે અક઼દે નિકાહ જાહેરી રીતે નથી થયો, પણ ક઼ાઝીનો હુકમ અક઼દે નિકાહની મંઝિલે છે. આ હઝરત ઈમામ તહાવીના ઈફાદાતથી છે. جزاه الله عنا خير الجزاء

રહી ગઈ એના પર અમુક કહેવાતા હનફીઓની નજર, તો એ કમનઝરીની દલીલ છે, અને ફિક઼્હના જ્ઞાનથી અજાણતાની સાબિતી છે.

ઈમામ બુખારીએ ફરી આ મસ્અલાને પેજ–૧૦૩૧ પર પણ વર્ણવ્યો છે.

باب في الهبة والشفعة ص١٠٣٢

وقال بعض الناس إن وهب هبة ألف درهم أو أكثر حتى مكث عنده سنين واحتال في ذلك ثم رجع الواهب فيها فلا زكوة على واحد منهما قال أبو عبد الله فخالف رسول الله صلى الله عليه وسلم في الهبة وأسقط الزكوة.

**પ્રકરણ : ''હેબા (ભેટ) તથા શુફઅહનું બયાન''** –*(૧૦૩૩)*

''અને અમુક લોકોએ કહ્યું, જો કોઈને હજાર દિરહમ કે વધુ હેબા કર્યું (ભેટ આપ્યું) અને તે એની પાસે વરસો સુધી રહ્યા. તેણે આ બારામાં હીલો કર્યો, પછી ભેટ આપનારે પરત લઈ લીધુ. તો એ બંનેવમાંથી કોઈના પર ઝકાત નથી. અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું કે એણે હેબામાં રસૂલુલ્લાહ ﷺની વિરૂધ્ધ કર્યું અને ઝકાત સાકિત (રદ) કરી દીધી.''

### ★ ઈમામ બુખારીની સાતમી મહેરબાની ★

**સ્પષ્ટતા :** અહીં પણ હઝરત ઈમામ બુખારી સૈયદના ઈમામે આ'ઝમ અબૂહનીફા رضی اللہ عنہ પર વાંધો કરી

રહ્યા છે, અને બે તરીક઼ાથી એતરાઝ કરી રહ્યા છે. પ્રથમ હેબાના રુજૂઅ (ભેટ પર લેવા) પર અને બીજુ હીલાથી ઝકાત રદ (સાકિ઼ત) કરવાના હુકમ પર. પણ આ બંનેવ વાંધાઓ પોતાના સ્થાને દુરુસ્ત નથી. હેબામાં (ભેટમાં) પરત લેવાને અમો હનફીઓ પણ મકરૂહ સમજીએ છીએ. પણ જો કોઈએ રુજૂઅ કરી લીધું તો રુજૂઅ સહીહ છે. જેમ કે ખુદ હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું :–

إِنْ وَهَبَ هِبَةً فَهُوَ أَحَقُّ بِهَا مَا لَمْ يُثَبْ مِنْهَا۔

''જેણે કોઈ હેબા કર્યું તો તે એના અધિક મુસ્તહિક઼ છે જ્યાં સુધી એનો બદલો ન વસૂલ કરી ચૂક્યો હોય.''

આ હદીષને હાકિમે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી અને કહ્યું કે આ શયખૈનની શર્ત પર સહીહ છે. અલ્બત્ત રુજૂઅની (પરત લેવાની) અમુક શરતો છે, એમાંથી એક એ પણ છે કે આ હેબા (ભેટ)નો હેબા લેનારે કોઈ બદલો ન આપ્યો હોય, અને તે ચીજ સલામત હોય. વગેરે વગેરે. એટલા માટે હેબાના રુજૂઅના ક઼ૌલ પર ટીકા કરવી કોઈ રીતે બરાબર નથી. તેમજ તેની મહત્વની શર્ત એ છે કે ભેટ લેનાર ખુશીથી પરત કરે, અથવા ક઼ાઝીના હુકમથી પરત કરે. રહી ગયો ઝકાતનો મસ્અલો તો જ્યારે કે ભેટ આપનારે પોતાના રૂપિયા ભેટ લેનારને આપીને તેને ક઼બજો આપી દીધો, તો જેટલા દિવસો સુધી ભેટ લેનાર પાસે રહે ત્યાં સુધી ભેટ આપનાર તેનો માલિક ન રહ્યો, એટલા માટે ભેટ આપનાર પર ઝકાત વાજિબ થવાનો કોઈ પ્રશ્ન જનથી. અને રજૂઅ પછી એને માલ મળ્યો તો તે નવેસરથી એનો માલિક બન્યો. તો જ્યાં સુધી હૌલાને હોલ (એ માલ પર વરસ પસાર) ન થઈ જાય તો ઝકાત કેવી રીતે વાજિબ થશે ? હા ! ભેટ આપનાર પાસે જેટલા વરસો રહ્યું એટલા વરસોની ઝકાત એના પર એ માલોની વાજિબ હતી. એના પર વાજિબ હતું કે વરસે વરસે ઝકાત અદા કરતો રહેતો. તેણે મોડુ કર્યું એનો ગુનોહ એના પર થયો અને જ્યારે તેણે ખુશીપૂર્વક કે ક઼ાઝીના હુકમથી ભેટ આપનારને એ રૂપિયા પરત કરી આપ્યા તો જાણે તેણે માલ બર્બાદ કરી દીધો, અને બર્બાદ થયેલ માલ પર ઝકાત નથી.

અમે આ મસ્અલાના વિશે જે બે વાતો વર્ણન કરી છે એમાંથી કોઈને કોઈના ઈન્કારની ગુંજાઈશ નથી. પછી બંનેવથી જે પરિણામ નીકળી રહ્યું છે, તેનાથી ઈન્કાર કરવો દિયાનત નથી. હા ! જો કોઈ કંજૂસ, ખુદાથી ન ડરનાર ઝકાત રદ કરવાની નિય્યતથી આવો હીલો કરે તો યક઼ીનન ! અમારી નજીક પણ તે સખત મલામતને (ટીકા)ને પાત્ર છે.

પરંતું જો કોઈ બદનિય્યત પોતાના પરથી ઝકાત રદ કરવા ચાહે છે તો એના માટે એ ક્યાં જરૂરી છે રકમ વરસો સુધી ભેટ લેનાર પાસે રહે. બલ્કે એક દિવસ કે એક કલાક રહેવું પણ જરૂરી નથી. વરસ પૂરુ થવાના દસ મિનિટ પહેલાં જો કોઈ પોતાનો માલ કોઈને ભેટ આપી દે, તેને કબજો પણ અપાવી દે, પછી તરત જ પરત લઈ લે તો પણ ઝકાત વાજિબ થશે નહીં. પરંતું હા ! કોઈ પણ ઝકાત રદ કરવા માટે આવો હીલો કરે તો તે જરૂર ટીકા પાત્ર છે.

وَقَالَ بَعْضُ النَّاسِ الشُّفْعَةُ لِلْجِوَارِ ثُمَّ عَمَدَ إِلَى مَا شَدَّدَهُ فَأَبْطَلَهُ وَقَالَ إِنِ اشْتَرَى دَارًا فَخَافَ أَنْ يَأْخُذَ الْجَارُ بِالشُّفْعَةِ فَاشْتَرَى

''અને કેટલાક લોકોએ કહ્યું, શુફઅહ પડોસના કારણે છે. પછી એ શખ્સે ઈરાદો કર્યો કે જે સાબિત કરી ચૂક્યો છે તેને બાતિલ કરે. અને કહ્યું, જો કોઈ શખ્સ એક ઘર ખરીદવા ચાહે છે અને તેને અંદેશો છે કે પડોસી શુફઅહથી લઈ લેશે તો તેણે જોઈએ કે પહેલાં

سَهْمًا مِنْ مِائَةِ سَهْمٍ ثُمَّ اشْتَرَى الْبَاقِيَ فَكَانَ لِلْجَارِ الشُّفْعَةُ فِي السَّهْمِ الْأَوَّلِ فَلَا شُفْعَةَ لَهُ فِي بَاقِي الدَّارِ وَلَهُ أَنْ يَحْتَالَ فِي ذَالِكَ۔

ઘરના સો હિસ્સાઓમાંથી એક હિસ્સાને ખરીદે, પછી બાકીનાને ખરીદી લે. પડોસીને શુફઅહનો હક્ક઼ પહેલા હિસ્સામાં હતો, બાકીના ઘરમાં એને શુફઅહનો હક્ક઼ નથી. એને જાઈઝ છે કે આ બારામાં એ હીલો કરે.

## ★ આઠમી મહેરબાની ! ★

**સ્પષ્ટતા :** અમને આશ્ચર્ય છે કે હઝરત ઈમામ બુખારીએ આ મસ્અલાને કયા મક઼સદથી વર્ણન કર્યો છે ! કેમ કે હઝરત ઈમામ બુખારી રાહિબ સિફત તારિકુદુન્યા બુઝુર્ગ હતા એટલા માટે સંસ્કારિક તથા સામાજિક મુશ્કેલીઓ પર એમની નજર મુબારક ન હતી. કદી કદી શુફઅહનો હક્ક઼ જતો કરવો એ સામાજિક જરૂરત હોય છે, કદીક શરઈ જરૂરત હોય છે, દા.ત. મકાન માલિકના પડોસીની પાસે જરૂરતથી વધુ મકાન છે, અને જે ખરીદવા ચાહે છે તેની પાસે કોઈ મકાન નથી અને સામાન્યતઃ ખરીદશે તો લાલચી પડોસી તેને લઈ લેશે. એવા મોક઼ા પર આ પ્રકારની તરકીબની સખત જરૂરત હોય છે. ધારો કે પડોસી ફાસિક઼ ફાજિર છે. મકાન માલિક કમજોર ઝઈફ છે. એના ફિસ્ક઼ો ફુજૂરથી લાચાર છે. એનાથી પીછો છોડાવવા માટે મકાન વેચવા ચાહે છે. કોઈ મજબૂત જબરદસ્ત મકાન ખરીદી રહ્યો છે અને અંદેશો છે કે તે ફાસિક઼ ફાજિર શુફઅહમાં તે મકાન લઈ લેશે. તો એ વખતે પણ શુફઅહથી બચવાની તરકીબોની જરૂરત હોય છે.

## ★ નવમી મહેરબાની અને અમારી નાઝ બરદારી ! ★

وَقَالَ بَعْضُ النَّاسِ إِذَا أَرَادَ أَنْ يَبِيعَ الشُّفْعَةَ فَلَهُ أَنْ يَحْتَالَ حَتَّى يُبْطِلَ الشُّفْعَةَ فَيَهَبُ الْبَائِعُ لِلْمُشْتَرِي الدَّارَ وَيَحُدُّهَا وَيَدْفَعُهَا إِلَيْهِ وَيُعَوِّضُهُ الْمُشْتَرِي أَلْفَ دِينَارٍ فَلَا يَكُونُ لِلشَّفِيعِ فِيهَا شُفْعَةٌ۔

''અને કેટલાક લોકોએ કહ્યું, જ્યારે કોઈ શુફઅહ વેચવા ચાહે છે તો તેના માટે આ હીલો છે જેનાથી શુફઅહ બાતિલ થઈ જશે. કે વેચનાર ખરીદનારને ઘર ભેટ કરી આપે. અને તેની હદબંધી કરીને ખરીદનારને આપે. અને ખરીદાનાર તેને ભેટના બદલામાં હજાર દિરહમ આપી દે, તો હવે શફી (શુફઆનો હક્ક઼ ધરાવનાર) અને શુફઅહનો હક્ક઼ રહેશે નહીં.''

**સ્પષ્ટતા :** قوله اَنْ يَبِيعَ الشُّفْعَةَ ઉસૈલીના નુસ્ખામાં આવું જ છે. કશ્મીહિનીના સિવાય અબૂઝરથી જે નુસ્ખો રિવાયત થયો છે એમાં يَمْنَعَ છે. ઈમામ ક઼ાઝી અયાઝે પ્રથમને રાજેહ (પસંદીદા) કર્યું. એટલે નુસ્ખામાં ان يَبِيعَ જ છે અને નાસિખનો ફેરફાર છે. અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું કે, શક્ય છે કે મુરાદ ''લાઝિમે બયઅ'' હોય, એટલે કોઈની માલિકી નષ્ટ કરવું હોય. વેચાણમાં એ જ થાય છે કે એક શખ્સની માલિકી નષ્ટ કરીને પોતાની માલિકી સાબિત કરવામાં આવે છે.

જરૂરતના સમયે શુફઅહથી બચવાની એક બીજી તરકીબ છે જેના પર હઝરત ઈમામ બુખારી નારાજ છે, અને શરીઅતની રૂએ એમાં કાંઈ ખરાબી નથી.

وَقَالَ بَعْضُ النَّاسِ إِنِ اشْتَرَى نَصِيبَ دَارٍ فَأَرَادَ أَنْ يُبْطِلَ الشُّفْعَةَ وَهَبَ لِابْنِهِ الصَّغِيرِ وَلَا يَكُونُ عَلَيْهِ يَمِينٌ۔

અને કેટલાક લોકોએ કહ્યું કે જો કોઈ ઘરનો અમુક હિસ્સો ખરીદયો અને ચાહે છે કે શુફઅહ બાતિલ કરી દે, તો ખરીદેલ ચીજ (મુબીઅ)ને પોતાના નાબાલિગ બાળકને ભેટ કરી દે, અને નાના બાળક પર કસમ નહીં થાય.''

## ★ દસમી મહેરબાની ★

**સ્પષ્ટતા** : આ અહનાફ પર ઈમામ બુખારીની મહેરબાનીઓમાંથી એક મહાન મહેરબાની છે. પણ કોઈ અમને બતાવે કે જો કોઈ શખ્સે કોઈ મકાન ખરીદીને પોતાના નાના બાળકને ભેટ કર્યું તો શું એ કોઈ ગુનોહ છે ? નાબાલિગ બાળકને ભેટ કરવાની શર્ત એટલા માટે છે કે જો શુફઅહનો હક઼દાર ખરીદનાર પર દાવો કરે અને ખરીદાર એવું કહી આપે કે મેં મકાન મારા નાના પુત્રને ભેટ કરી આપ્યું છે. જ્યારે કે હક઼ીક઼તમાં ભેટ નથી કર્યું, બલ્કે શુફઅહથી બચવાનું એક બહાનું છે. અને શુફઅહનો દાવેદાર માગણી કરે કે ભેટ લેનાર ક઼સમ ખાય લે, તો જો અજનબી હશે તો એણે પણ ક઼સમ ખાવી પડશે, બાલિગ છોકરો હશે તો તેણે પણ ક઼સમ ખાવી પડશે. નાબાલિગ બાળક પર ક઼સમ નથી. એટલા માટે لابنه الصغير ની શર્ત લગાડી.

بَابُ احْتِيَالِ الْعَامِلِ لِيُهْدَى لَهُ
ص ١٠٣٢

### પ્રકરણ : ''આમિલનું હીલો કરવું જેથી તેને હદીયો આપવામાં આવે.'' –(૧૦૩૨)

وَقَالَ بَعْضُ النَّاسِ إِذَا اشْتَرَى دَارًا بِعِشْرِينَ أَلْفَ دِرْهَمٍ فَلَا بَأْسَ أَنْ يَحْتَالَ حَتَّى يَشْتَرِيَ الدَّارَ بِعِشْرِينَ أَلْفَ دِرْهَمٍ وَيَنْقُدَهُ تِسْعَةَ آلَافِ دِرْهَمٍ وَتِسْعَ مِائَةٍ وَتِسْعَةً وَتِسْعِينَ وَيَنْقُدَهُ دِينَارًا بِمَا بَقِيَ مِنَ الْعِشْرِينَ الْأَلْفَ فَإِنْ طَلَبَ الشَّفِيعُ أَخَذَهَا بِعِشْرِينَ أَلْفَ دِرْهَمٍ وَإِلَّا فَلَا سَبِيلَ لَهُ عَلَى الدَّارِ فَإِنِ اسْتُحِقَّتِ الدَّارُ رَجَعَ الْمُشْتَرِي عَلَى الْبَائِعِ بِمَا دَفَعَ إِلَيْهِ وَهُوَ تِسْعَةُ آلَافِ دِرْهَمٍ وَتِسْعُ مِائَةٍ وَتِسْعَةٌ وَتِسْعُونَ دِرْهَمًا وَدِينَارٌ لِأَنَّ الْبَيْعَ حِينَ اسْتُحِقَّ انْتَقَضَ الصَّرْفُ فِي الدِّينَارِ فَإِنْ وَجَدَ بِهَذِهِ الدَّارِ عَيْبًا وَلَمْ تُسْتَحَقَّ فَإِنَّهُ يَرُدُّهَا عَلَيْهِ بِعِشْرِينَ أَلْفَ دِرْهَمٍ

અને કેટલાક લોકોએ કહ્યું, જ્યારે કોઈ વીસ હજાર દિરહમમાં ખરીદયું તો કોઈ વાંધો નથી, કે શુફઅહ રદ કરવાના માટે એ હીલો કરે કે એને ૯૯૯૯ દિરહમ આપે અને જે વીસ હજાર બાકી રહી ગયા એના એવઝ એક દીનાર આપે. હવે જો શુફઅહનો હક઼દાર માગણી કરે તો તેને એ ઘર વીસ હજારમાં લેવું પડશે, નહીં તો ઘર પામવાનો એની પાસે કોઈ માર્ગ નથી. હવે જો ઘરમાં કોઈ અન્યનો હક઼્ નીકળી આવ્યો તો ખરીદનાર વેચનારથી તે જ લેશે જે તેણે ખરીદનારને આપ્યું છે અને એ ૯૯૯૯ દિરહમ અને એક દીનાર છે. એટલા માટે કે વેચાણમાં જ્યારે બીજાનો હક઼્ નીકળી આવ્યો તો દીનારની બયએ સરફ તૂટી ગઈ. હવે જો એ ઘરમાં કોઈ અયબ પામી અને એમાં કોઈનો હક઼્ ન નીકળ્યો તો ૨૦ હજાર દિરહમમાં તેને પરત કરશે. અબૂ અબ્દુલ્લાહ ઈમામ બુખારીએ કહ્યું, તો એમણે

قَالَ أَبُو عَبْدِاللهِ فَأَجَازَ هٰذَا الْخِدَاعَ بَيْنَ الْمُسْلِمِيْنَ- قَالَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَبَيْعُ الْمُسْلِمِ لَا دَاءَ وَلَا خِبْثَةَ وَلَا غَائِلَةَ-

મુસલમાનોની વચ્ચે ધોકાને જાઈઝ કર્યો. નબી ﷺએ ફર્માવ્યું છે, મુસલમાનોના સોદામાં ન બીમારી હોવી જોઈએ અને ન કોઈ હરામ વાત અને ન નુકસાન.

## ★ ૧૧મી મહેરબાની એને તેની નાઝ બરદારી ★

**સ્પષ્ટતા** : દસ્તૂર પ્રમાણે આ પણ હઝરત ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ પર ટીકા ટીપ્પણ છે. એના જવાબમાં અમે કેવળ એટલુ અર્ઝ કરશું : تِلْكَ اُمَّةٌ قَدْ خَلَتْ لَهَا مَا كَسَبَتْ وَعَلَيْهَا مَا اكْتَسَبَتْ અલ્બત્ત અફસોસ એનો છે કે હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ આ સર્વ ટીકાઓ અસ્થાને કરી છે. તેમણે એ ટીકાઓને વર્ણવીને ખૂબ લિજ્જત હાંસલ કરી અને એવું ન વિચાર્યું કે અહલે ઈલ્મ એને પઢશે તો એમના બારામાં શું રાય નક્કી કરશે. અમે હમણા વર્ણવી ચૂક્યા કે કદી કદી એની સખત જરૂરત ઉભી થતી હોય છે કે મકાનને શુફઅહના હક્કદારથી બચાવવામાં આવે, શર્ત એ કે બચાવવામાં કોઈ શરઈ ખરાબીમાં ન પડવું પડે.

એમાં કોઈ વાંધો નથી કે કોઈ ચીજનો સોદો જેટલામાં નક્કી થયો એનાથી ઓછી કિંમત અદા કરવામાં આવે, જ્યારે કે વેચનાર રાજી હોય. એ જ સ્થિતિ અહીં પણ છે. મકાનની કિંમત નક્કી થઈ હતી ૨૦ હજાર અને વેચનારે ખુશીથી કિંમત ઓછી કરી આપી, એમાં શું જુર્મ છે ? અને કયો ધોકો છે ?

એ જ બુખારીમાં આ હદીષ વર્ણન થઈ ચૂકી છે કે, "હુઝૂરે અક્દસ ﷺએ હઝરત જાબિર رضی اللہ عنہથી ઊંટ ખરીદયું અને હઝરત બિલાલને ફર્માવ્યું કે જાબિરને ઊંટની કિંમત આપી દો અને કાંઈક વધુ આપી દેજો." જેવી રીતે ખરીદનાર પોતાની ખુશીથી કાંઈ વધુ કિંમત આપી દે તો કાંઈ વાંધો નથી, એવી જ રીતે વેચનાર પોતાની ખુશીથી કિંમત કાંઈક ઓછી કરી આપે તો કોઈ વાંધો નથી.

એના પર એક સંગીન વાંધો એ છે કે ઉમ્મતનો એના પર ઈજમાઅ છે કે સોદામાં કોઈનો હક્ક નીકળ્યા પછી પણ અને અયબ નીકળ્યા પછી પણ વેચનાર ખરીદનારને એટલી જ કિંમત પરત કરશે જેટલી તેણે લીધી છે. એ જ પ્રમાણે શુફઅહનો હક્કદાર મકાન એ જ કિંમત પર લેશે જે વેચનારે ખરીદનારથી વસૂલ કરી છે. એને દિમાગમાં રાખીને હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ આટલુ સખ્ત વાક્ય વાપરી નાખ્યું : فأجاز الخداع بين المسلمين જો એમનામાં તફક્કુહ હોત તો વાંધાના માટે ન આ મસ્અલાને વર્ણવતા અને ન આટલુ સખત વાક્ય ઉપયોગમાં લેતા.

જ્યારે વેચાણની વસ્તુમાં કોઈનો હક્ક નીકળી આવ્યો તો જાહેર થઈ ગયું કે સોદો સહીહ ન હતો. એટલા માટે કે સોદો માલિકના ગૈરે કર્યો હતો અને આ સોદાના સહીહ થવા પર દસ હજાર દિરહમના એવઝમાં એક દીનારનો સોદો નક્કી થયો હતો. અને જ્યારે એનો મબ્ના (આધાર) ફાસિદ તો બયએ સ્રફ ફાસિદ છે. તો અનાયાસે મુશ્તરી (ખરીદનાર) એટલુ જ પરત કરશે જેટલું એને મળ્યું છે. અને અયબની સ્થિતિમાં બયએ તામ થાય છે એટલા માટે વેચેલ ચીજમાં અયબ નીકળ્યા પછી સોદો ત્યાં સુધી ફસ્ખ (રદ) ન થશે જ્યાં સુધી બંનેવ રાજી ન હોય, અથવા કાઝી ફસ્ખનો હુકમ ન આપે. એટલા માટે દીનારનો દિરહમોના એવઝ જે એના અંતર્ગત થઈ તે બાકી રહી. અનાયાસે લેનારથી વીસ હજાર વસૂલ કરશે, કેમ કે એ જ કિંમત નક્કી થઈ હતી. એ જ પ્રમાણે શફીઅ જ્યારે લેશે તો વીસ હજાર આપશે, કેમ કે મકાનની કિંમત એ જ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# کِتَابُ التَّعۡبِیۡرِ ص ۱۰۳۳

## "કિતાબુત્તઅબીર" (તા'બીર વિશે પ્રકરણ) –(૧૦૩૩)

**સ્પષ્ટતા** : તઅબીર બાબે તફઈ્લનો મસ્દર છે, એનો માદ્દો અબર છે, જેનો અર્થ છે એક હાલથી બીજા હાલની તરફ પ્રયાણ કરવું. આમ બોલીમાં એનો અર્થ છે પાણીથી પસાર થઈ જવું, ચાહે તરીને, નાવડીથી અથવા કોઈ અન્ય ચીજથી, પણ એના માટે અધિકતર પાર કરવું વપરાય છે. એનાથી عَبَّرْتُ اِعتبار છે. એની નિસ્બત જ્યારે ખ્વાબની તરફ થાય છે તો એનાથી મુરાદ ખ્વાબની અંદર જે ખફી (ગુપ્ત) અર્થ હોય છે તેને વર્ણન કરવું છે. رؤیا (રુઅ્યા) માણસ જે કાંઈ ખ્વાબમાં જુએ છે. રાગિબે કહ્યું કે રૂયતનો અર્થ આંખથી જોવું છે અને કદીક તખૈયુલ (ખયાલ)ના અર્થમાં આવે છે, એનાથી જ રાય છે જે ગાલિબ ગુમાનના અર્થમાં છે.

### ★ ખ્વાબના પ્રકારો ★

ખ્વાબની તઅબીર એ ઘણી મહત્વની વિદ્યા છે. એનો પાયો ખુદ ખ્વાબને સમજવા પર છે. કેટલાક ખ્વાબો પરેશાન કરનાર ખ્વાબ હોય છે જેને અદ્‌ગાષે અહ્‌લામ કહે છે. જેની કોઈ તાવીલ નથી હોતી. અદ્‌ગાષે અહ્‌લામના બે પ્રકારો છે : એક તે જેમાં શયતાનથી દખલ હોય, બીજી એ કે પેટ વગેરેમાં ખરાબીના કારણે દિમાગ પર ધુનો સવાર થાય છે તે શકલના રૂપમાં ખ્વાબમાં જોવા મળે છે. નેક ખ્વાબ તથા સાચા ખ્વાબ તે હોય છે જે અલ્લાહ તરફથી ડાયરેક્ટ કે ફરિશ્તાના વાસ્તાથી માનવને દેખાડવામાં આવે છે. તઅબીર નેક ખ્વાબોની જ થાય છે. એના પાયાના બે પ્રકાર છે. કયારેક એવુ બને છે કે માણસ જે કાંઈ જુએ છે તદન બેઠુ એવું જ થાય છે જેમ કે બદએ વહ્‌ીની હદીષમાં છે કે હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે નબી ﷺ નુઝૂલે વહીથી પહેલાં જે ખ્વાબ જોતા સહરીના સફેદ ઉજાસની જેમ અસ્તિત્વમાં આવતો. અને કયારેક યોગ્ય શકલોમાં દેખાડવામાં આવતો. જેવું કે ગઝવએ ઓહદના બારામાં હુઝૂર ﷺએ ફર્માવ્યું, મેં ખ્વાબ જોયો કે એક ગાય છે જે ઝબહ કરવામાં આવી રહી છે. તઅબીર એ ફર્માવી કે ઓહદના દિવસે મો'મિનોને જે કાંઈ પહોચ્યું.

બીજો ખ્વાબ એ જોયો કે મારા બંનેવ હાથોમાં સોનાના બે કંગન છે જે મને નાપસંદ થયાં. મને હુકમ આપવામાં આવ્યો કે એને ફૂંક મારો ! મેં એમના પર ફૂંક મારી તો બંનેવ ઉડી ગયા. એની તાબીર એ ફર્માવી કે યમનમાં જે બે કઝ્ઝાબ નબુવ્વતના દાવેદાર પેદા થશે, અસ્વદ ઉન્સી તથા મુસૈલમા કઝ્ઝાબ. અસ્વદ ઉન્સીને ફીરોઝે યમનમાં કત્લ કર્યો અને મુસૈલમાને હઝરત વહશીએ જંગે યમામામાં.

ક્યારેક ખ્વાબ જાહેરી રીતે ઘણો ગુંચવણભર્યો હોય છે. પણ એની તઅબીર ઘણી સારી હોય છે. જેમ કે સુલ્તાન હારૂન રશીદની પત્ની ઝુબેદાએ ખ્વાબ જોયો કે સર્વ મખ્લૂક મારી સાથે હમબિસ્તરી કરી રહી છે. તે

અત્યંત નેક પાક દામન પારસા સ્ત્રી હતાં. ખૂબ જ પરેશાન થયાં. પણ જ્યારે એની તઅબીર પૂછી તો એક માહિર મુઅબ્બિરે બતાવ્યું કે આપ કોઈ એવું કામ કરશો જેનાથી પૂરી દુનિયા ફાયદો ઉઠાવશે. હવે તે વિચારમાં પડી ગયાં કે એવું કયુ કામ હોય શકે છે ? છેવટે હજના માટે ગયાં અને તેમણે મેહસૂસ કર્યું કે હાજીઓને પાણીની કમી છે. તો તેમણે હુકમ આપ્યો કે એક એવી નહેર કાઢવામાં આવે જેનાથી મક્કા મોઅઝ્ઝામાના રહેવાસીઓ તથા મિના, અરફાત, મુઝદલ્ફામાં હાજીઓને ભરપુર પ્રમાણમાં પાણી મળી શકે. છેવટે નહરે ઝુબૈદા બનાવવામાં આવી જે આજ સુધી સલામત છે. અને હાલના તંત્રથી પહેલાં નહરે ઝુબૈદાના પાણીથી જ હાજીઓ તૃપ્ત થતા હતા, અને કદી તેમાં પાણીની કમી નથી થઈ.

રુઅયાએ સાલેહા, સારા ખ્વાબ જોવા સાલેહ લોકો, તક્વાવાળાઓની સાથે જ ખાસ નથી, કદી કદી આમ લોકો બલ્કે ફાસિકો ફાજિરો પણ રૂઅયાએ સાલેહ (સારા ખ્વાબો) જોઈ લે છે.

અંબિયાએ કિરામના ખ્વાબ વહી હોય છે. જો તેમને ખ્વાબમાં કોઈ હુકમ આપવામાં આવે તો એના પર એમણે અમલ કરવો ફર્ઝ હોય છે. જેમ કે સૈયદના ઈબ્રાહીમ علیہ السلامએ પોતાના લખ્તે જિગર સૈયદના ઈસ્માઈલ علیہ السلامને ઝબહ કરતાં ખ્વાબમાં જોયા.

ت ۸۲۷ قَالَ ابْنُ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا فَالِقُ الْاِصْبَاحِ ضَوْءُ

*''હઝરત સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું કે ''ફાલિકુલ ઈસ્બાહ''થી મુરાદ* **[તઅલીક઼ : ૮૨૭]**

الشَّمْسِ بِالنَّهَارِ وَضَوْءُ الْقَمَرِ بِاللَّيْلِ

*દિવસમાં સૂરજની રોશની છે અને રાતમાં ચાંદની રોશની છે.''*

**તઅલીક઼ : ૮૨૭ની સમજૂતી** આ તઅલીક઼ને ઈબ્ને જરીર તબરીએ રિવાયત કરી છે. હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ બદએ વહ઼ીની તે હદીષ જે ઉમ્મુલ મો'મિનીન સૈયદતુના આઈશા رضی اللہ عنہાથી રિવાયત થયેલી છે તે વર્ણવી છે. જેની સંપૂર્ણ શરહ ભાગ–૧માં વર્ણન થઈ ચૂકી છે. આ હદીષમાં એક શબ્દ એ હતો કે રસૂલુલ્લાહ ﷺ પર વહીની શરૂઆત સાચા ખ્વાબોથી થઈ.

فَكَانَ لَا يَرىٰ رُؤْيَا أَلَّا جَاءَتْ مِثْلُ فَلَقِ الصُّبْحِ હુઝૂર જે ખ્વાબ પણ જોતા સહરીના અજવાળાની જેમ અસ્તિત્વ પામતો.

આદત પ્રમાણે ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ શબ્દ ફલકના મુનાસિબ આયતે કરીમામાં આવેલ શબ્દ ''ફાલિકુલ ઈસ્બાહ''ની તફસીર વર્ણન કરી. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું કે એનાથી મુરાદ દિવસમાં સૂરજની રોશની છે, અને રાતમાં ચાંદની રોશની છે. પરંતુ એ અસલમાં ઈસ્બાહની તફસીર છે. فَلَقٌનો અર્થ ફાડવું છે. તો فالق الاصباحનો અર્થ થયો અંધકારને ચીરીને રોશની કાઢનાર, અને કદી ફલક઼ બોલીને કેવળ સવાર મુરાદ લે છે જેમ કે સૂરએ ફલક઼માં છે.

**પ્રકરણ : ''નેક લોકોના ખ્વાબ''** *–(૧૦૩૪)* بَابُ رُؤْيَا الصَّالِحِيْنَ ص ۱۰۳۴

**સ્પષ્ટતા :** સાલેહીનના ખ્વાબો મોટાભાગે સાચા હોય છે. રહી ગયા આમ લોકો, તો એમના ખ્વાબ પણ કયારેક સાચા પડે છે. બલ્કે કાફિરોના પણ, જેમ કે નમરૂદનો ખ્વાબ, ફિરઔનનો ખ્વાબ, હઝરત યૂસૂફ علیہ السلام

જ્યારે જેલખાનામાં હતા તો બાદશાહના ખાદિમોના ખ્વાબ અને ખુદ બાદશાહનો ખ્વાબ.

وَقَوْلُهُ تَعَالَىٰ لَقَدْ صَدَقَ اللّٰهُ رَسُوْلَهُ الرُّؤْيَا بِالْحَقِّ لَتَدْخُلُنَّ الْمَسْجِدَ الْحَرَامَ إِنْ شَاءَ اللّٰهُ آمِنِيْنَ مُحَلِّقِيْنَ رُءُوْسَكُمْ وَمُقَصِّرِيْنَ لَا تَخَافُوْنَ فَعَلِمَ مَا لَمْ تَعْلَمُوْا فَجَعَلَ مِنْ دُوْنِ ذٰلِكَ فَتْحًا قَرِيْبًا. (سورۂ فتح آیت ۲۷)

"બેશક ! અલ્લાહે સાચો કરી આપ્યો પોતાના રસૂલનો સાચો ખ્વાબ કે તમે લોકો જરૂર જરૂર મસ્જિદે હરામમાં દાખલ થશો, જો અલ્લાહ ચાહે અમ્નો અમાનની સાથે, પોતાનાં માથાંઓના વાળ મૂંડાવતા અથવા કતરાવતા બૈખૌફ. અલ્લાહે જાણ્યું જે તમને નથી માલૂમ, એણે એના પહેલાં નજીકમાં એક ફતહ રાખી છે." *(સૂ. ફતહ, આ.૨૭)*

**સ્પષ્ટતા** : હઝરત ઈમામ બુખારીએ આ આયતે કરીમાને પ્રકરણના સમર્થનમાં નક્લ કરી છે. હુઝૂરે અક્દસ ﷺએ જે ખ્વાબ જોયો તે તદ્દન એ જ પ્રમાણે પૂરો થયો. હુઝૂરે અક્દસ ﷺએ હુદૈબિયામાં સહાબાએ કિરામને ફર્માવ્યું કે મેં ખ્વાબ જોયો છે કે હું તથા મારા અસ્હાબ મક્કામાં દાખલ થયા છે. પરંતુ જ્યારે સુલહે હુદૈબિયહ પછી કુર્બાનીનાં જાનવર હુદૈબિયહમાં ઝબહ કરવામાં આવ્યાં તો સહાબાએ કિરામે અર્ઝ કરી કે આપના ખ્વાબનું શું થયું ?! તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે મેં એવું ક્યારે કહ્યું હતું કે આ જ વરસે દાખલ થાશું ?! એના પર આ આયતે કરીમા નાઝિલ થઈ. અને આ ફતહથી મુરાદ ખયબરની ફતહ છે જે હુદૈબિયહથી પરત થયા બાદ નસીબ થઈ અને વરસભર પછી ઉમરતુલ કઝાના મોકા પર ખ્વાબ પૂરો થયો. આ આયતે કરીમામાં "ઈન્શાઅલ્લાહ" અપવાદના માટે નથી અને ન શકના માટે બયાન થયેલ છે કે જે કાંઈ થાય છે તે અલ્લાહ તઆલાની મશિય્યત (મરજી)થી થાય છે. આ એવું જ છે જેવું કે ફર્માવવામાં આવ્યું إِنْ كُنْتُمْ فِيْ رَيْبٍ مِّمَّا نَزَّلْنَا عَلٰى عَبْدِنَا فَأْتُوْا بِسُوْرَةٍ مِّنْ مِّثْلِهِ અમે અમારા બંદા પર જે નાઝિલ કર્યું છે એમાં તમને જો શકમાં હોય તો એના જેવી એક સૂરત લાવો. અહી إِنْ શકના માટે નથી, એટલા માટે કે કાફિરોનો શક સાબિત તથા તેહકીકપૂર્ણ હતો.

## ★ સારો ખ્વાબ નબુવ્વતના છેંતાલીસ હિસ્સામાં એક ★

حدیث ۲۸۶۳ عَنْ أَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُ أَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

**[હદીષ : ૨૮૬૩]** *"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે*

تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ قَالَ الرُّؤْيَا الْحَسَنَةُ مِنَ الرَّجُلِ الصَّالِحِ جُزْءٌ مِّنْ

*નેક શખ્સનો સારો ખ્વાબ નબુવ્વતના છેંતાલીસમા*

سِتَّةٍ وَّأَرْبَعِيْنَ جُزْءًا مِّنَ النُّبُوَّةِ

*હિસ્સામાંથી એક છે. (નિસાઈ, ઈબ્ને માજહ, તઅબીરે રુઅ્યા)*

**હદીષ : ૨૮૬૩ની સમજૂતી** "રુઅ્યાએ હસના"થી મુરાદ તે ખ્વાબ છે જે પોતાના જાહેર તથા બાતિનના એતબારથી સારો હોય. એટલે કે તેની તઅબીર સારી હોય. આ હદીષમાં એ છે કે નબુવ્વતના છેંતાલીસ ભાગમાંથી એક ભાગ છે, પરંતુ વિવિધ હદીષો પર નજર કરવાથી માલૂમ થાય છે કે આ તહદીદ (સીમિત કરવું)

કૃતઈ નથી. એના અનુસંધાનમાં ૧૬ રિવાયતો મરવી છે.

(૧) પહેલી રિવાયત, ૪૫ ભાગમાંથી એક ભાગ. જેને ઈમામ મુસ્લિમે સૈયદના અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી છે. (૨) ૭૦ ભાગમાંથી એક ભાગ. જેને મુસ્લિમે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી. અને ઈબ્ને અબી શયબાએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી મૌકૂફન્ તથા તિબ્રાનીએ તેમનાથી જ મરફૂઅન રિવાયત કરી. (૩) ૭૬ ભાગમાંથી એક ભાગ. એને પણ તિબ્રાનીએ તેમનાથી જ રિવાયત કરી. પણ તેની સનદ ઝઈફ છે. (૪) ૨૬ ભાગમાંથી એક ભાગ. એને અલ્લામા અબ્દુલબરે હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી, તેમજ ઈમામ અહમદ તથા અબૂ યઅ્લાએ પણ. (૫) ૫૦ ભાગમાંથી એક ભાગ. એને અબૂ યઅ્લાએ હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબથી રિવાયત કરી. (૬) ચાલીસ ભાગમાંથી એક ભાગ. એને તિર્મિઝીએ અબૂઝર અને ઓકૈલીથી રિવાયત કરી. (૭) ૪૦ ભાગોમાં એક ભાગ. એને તિબરીએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી. (૮) ૪૪ ભાગોમાંથી એક ભાગ. એને તિબરીએ હઝરત ઓબાદા બિન સામત رضی اللہ عنہથી રિવાયત કરી. (૯) ૪૯ ભાગોમાંથી એક. એને ઈમામ અહમદે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہથી રિવાયત કરી. (૧૦) ૪૭માંથી એક ભાગ. જેને દારકુત્નીએ અલ્મફહુમમાં રિવાયત કરી. (૧૧) ૨૪ ભાગોમાંથી એક ભાગ. એ હઝરત ઓબાદાથી મરવી છે. (૧૨) ૨૬ ભાગોમાંથી એક ભાગ. અને કેટલાક લોકોએ કહ્યું કે, (૧૩) કોઈમાં ૭૨ (૧૪) કોઈનામાં ૪૨ (૧૫) કોઈમાં ૨૭. (૧૬) કોઈમાં પચીસની રિવાયત આવી છે. પણ મોટાભાગની રિવાયત ૪૬ની છે.

આ સર્વ રિવાયતોમાં એકરૂપતા એ છે કે મફહૂમે અદદ (સંખ્યા)નો એતબાર નથી એટલા માટે કે થોડી સંખ્યા વધુ સંખ્યાને નકારનાર નથી પરંતું તેમ છતાં એક વસવસો રહી જાય છે કે સંખ્યામાં મતભેદ કઈ બિના પર છે ! એનો સૌથી ઉમદા ખુલાસો એ છે કે એ ખ્વાબ જોનારના એતબારથી છે.ખ્વાબ જોનારનું બાતિન (અંતર) જેટલુ પાક પવિત્ર હશે એના એતબારથી સંખ્યા વિવિધ આવી છે.

નબુવ્વત કોઈ ધાર આપેલી ચીજ નથી, ન વિભાજીત થઈ શકે એવી, કે જેના ભાગો હોય. અહીં મુરાદ એ છે કે નબી ગયબની ખબરો આપે છે, અને અલ્લાહના નેક બંદાઓ જે ખ્વાબ જુએ છે એમાં પણ ભાવિની ખબરો બતાવવામાં આવે છે. તો જાણે સારો ખ્વાબ નબુવ્વતના ભાગોમાંથી એક ભાગ થઈ ગયો. અને ઉપર વર્ણવેલ હદીષોમાં જે તફાવત છે તે ક્યાં તો તઅબીરના એતબારથી સ્પષ્ટ થવામાં છે. અથવા એ એતબારથી છે કે અલ્લાહના નેક બંદાઓ પણ એવા ઘણા ખ્વાબો જુએ છે જેની કોઈ તઅબીર નથી થતી. તે ખોરાક તથા બાતિની અંગોની કમજોરી અથવા બીમારી અથવા દુનિયાવી ઈજા આપનારી વાતોની અસરો હોય છે. એથી ઉલ્ટુ અંબિયાએ કિરામ علیہم السلامનો દરેક ખ્વાબ હક્ક઼ હોય છે, અને ઉમ્મતીઓના ખ્વાબ વર્ણવેલ સંખ્યાઓના હિસાબથી વર્ણન થયેલી સંખ્યાના હિસાબે હક્ક઼ હોય છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

## بَابُ الرُّؤْيَا مِنَ اللهِ ـ ص ١٠٣٤

**પ્રકરણ : "ખ્વાબ અલ્લાહની તરફથી હોય છે."** –*(૧૦૩૪)*

حديث ٢٨٦٤ عَنْ اَبِیْ سَعِيْدِ الْخُدْرِیْ رَضِیَ اللهُ تَعَالٰی عَنْهُ اَنَّهٗ سَمِعَ النَّبِیَّ

*"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે નબી ﷺ ને ફર્માવતાં* **[હદીષ : ૨૮૬૪]**

صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَقُوْلُ اِذَا رَاٰی اَحَدُکُمُ الرُّؤْیَا یُحِبُّھَا فَاِنَّمَا

*સાંભળ્યા, જ્યારે તમારામાંથી કોઈ એવા ખ્વાબ જુએ જે પસંદીદા હોય તો એ અલ્લાહના તરફથી છે,*

ھِیَ مِنَ اللّٰہِ فَلْیَحْمَدِ اللّٰہَ عَلَیْھَا وَلْیُحَدِّثْ بِھَا وَاِذَا رَاٰی غَیْرَ ذٰلِکَ مِمَّا

*એના પર અલ્લાહની હમ્દ કરે અને તેને વર્ણવે. અને એનાથી વિરૂધ્ધ જુએ જે નાપસંદીદા*

یَکْرَہُ فَاِنَّمَا ھِیَ مِنَ الشَّیْطَانِ فَلْیَسْتَعِذْ بِاللّٰہِ مِنْ شَرِّھَا وَلَا یَذْکُرْھَا

*હોય તો એ શૈતાનની તરફથી છે, તો અલ્લાહથી એની બુરાઈથી પનાહ માગે,*

لِاَحَدٍ فَاِنَّھَا لَا تَضُرُّہٗ

*અને કોઈને એનો ઉલ્લેખ ન કરે, તો એને કોઈ નુકસાન પહોંચશે નહીં.'' (તિર્મિઝી, નિસાઈ, રુઅ્યા)*

## હદીષ : ૨૮૬૪ની સમજૂતી

### ★ સારો ખ્વાબ જુએ તો વર્ણવે બુરો નહીં ★

અહલે સુન્નતનો અક઼ીદો એ છે કે અલ્લાહ તઆલા સૂનારાઓને કેટલીક એવી ચીજો દેખાડે છે જે નિશાની હોય છે એ વાતોની કે જે ભવિષ્યમાં ઉપસ્થિત થનારી છે, ચાહે તે ચીજો સારી હોય કે બુરી. જો તે ચીજો સારી છે તો તેની ઈસ્નાદ (નિસ્બત) અલ્લાહ તઆલાની તરફ કરવામાં આવે, અને જો એ ચીજો બુરી છે તો અદબનો તક઼ાઝો એ છે કે તેની નિસ્બત અલ્લાહ તઆલાના તરફ ન કરવામાં આવે.

ડરામણો ખ્વાબ જોઈને અલ્લાહની પનાહ માગવા પર અને થૂકી દેવા પર ખ્વાબમાં જે પરેશાનીની વાત દેખાડવામાં આવી છે તે અસ્તિત્વમાં નથી આવતી.

બુરા ખ્વાબ વર્ણન કરી દીધા પછી મુઅબ્બિર જે તઅબીર બતાવી દેશે તે અસ્તિત્વમાં મોટાભાગે આવે છે. એટલા માટે બુરા ખ્વાબ કોઈને પણ વર્ણવવામાં ન આવે. અને સારો ખ્વાબ પણ એવા શખ્સની સામે વર્ણવવામાં આવે જે એનો હમદર્દ હોય અને સારી તઅબીર આપે. મુસ્નદે ઈમામ અહમદ, અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમીમાં હદીષ છે કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું :–

اَلرُّؤْیَا عَلٰی رِجْلِ طَائِرٍ مَا لَمْ تُعَبَّرْ ''ખ્વાબ પક્ષીની પાંખ પર છે જ્યાં સુધી એની તઅબીર ન કરવામાં આવે. અબૂ ક઼તાદાની હદીષમાં આ પ્રમાણે છે : فَلْیَتَعَوَّذْ مِنْہُ وَلْیَبْصُقْ عَنْ شِمَالِہٖ જ્યારે બુરો ખ્વાબ જુએ તો એનાથી અલ્લાહની પનાહ માગે અને ડાબી બાજુ થૂકે.

**પ્રકરણ : ''સારો ખ્વાબ નબુવ્વતના ૪૬ ભાગમાંથી એક ભાગ છે.''** –*(૧૦૩૪)*

بَابُ الرُّؤْیَا مِنَ اللّٰہِ ۔ ص ۱۰۳۴

حدیث ۲۸۶۵ عَنْ عُبَادَۃَ بْنِ الصَّامِتِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

*''ઓબાદા બિન સામિત رضی اللہ عنہથી મરવી છે કે નબી ﷺએ ફર્માવ્યું, મુસલમાનનો* **[હદીષ : ૨૮૬૫]**

وَسَلَّمَ قَالَ رُؤْيَا الْمُؤْمِنِ جُزْءٌ مِّنْ سِتَّةٍ وَّ اَرْبَعِيْنَ جُزْءًا مِّنَ النُّبُوَّةِ

ખ્વાબ નબુવ્વતના ૪૬ ભાગમાંથી એક ભાગ છે." (તિર્મિઝી, નિસાઈ, રુઅ્યા)

حدیث ٢٨٦٦ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, **[હદીષ : ૨૮૬૬]**

قَالَ رُؤْیَا الْمُؤْمِنِ جُزْءٌ مِّنْ سِتَّةٍ وَّ اَرْبَعِیْنَ جُزْءًا مِّنَ النُّبُوَّةِ

મો'મિનનો ખ્વાબ નબુવ્વતના ૪૬ ભાગમાંથી એક ભાગ છે.

## بَابُ الْمُبَشِّرَاتِ. ص ١٠٣٥

**પ્રકરણ : "બશારત આપનારા ખ્વાબ"** –(૧૦૩૫)

**સ્પષ્ટતા :** "ઈમામ તિર્મિઝી, ઈબ્ને માજહ અને હાકિમે હઝરત ઓબાદા બિન સામિત رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે આયતે કરીમા لَهُمُ الْبُشْرٰی فِی الْحَیٰوةِ الدُّنْیَا થી મુરાદ સારા ખ્વાબો છે."

حدیث ٢٨٦٧ عَنْ سَعِیْدِ بْنِ الْمُسَیَّبِ اَنَّ اَبَا هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ عَنْهُ قَالَ سَمِعْتُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે કહ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને **[હદીષ : ૨૮૬૭]**

رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ یَقُوْلُ لَمْ یَبْقَ مِنَ النُّبُوَّةِ اِلَّا

ફર્માવતાં સાંભળ્યા, નબુવ્વતથી બાકી નથી પણ મુબશ્શિરાત. લોકોએ પૂછયું,

الْمُبَشِّرَاتُ قَالُوْا وَمَا الْمُبَشِّرَاتُ قَالَ الرُّؤْیَا الصَّالِحَةُ

એ મુબશ્શિરાત શું છે ? ફર્માવ્યું, સારા ખ્વાબ."

## بَابُ رُؤْیَا اَهْلِ السُّجُوْنِ وَالْفَسَادِ

وَالشِّرْكِ لِقَوْلِهٖ : وَدَخَلَ مَعَهُ السِّجْنَ فَتَیٰنِ قَالَ اَحَدُهُمَآ اِنِّیْٓ اَرٰىنِیْٓ اَعْصِرُ خَمْرًا ۚ وَ قَالَ الْاٰخَرُ اِنِّیْٓ اَرٰىنِیْٓ اَحْمِلُ فَوْقَ رَاْسِیْ خُبْزًا تَاْكُلُ الطَّیْرُ مِنْهُ ۖ نَبِّئْنَا بِتَاْوِیْلِهٖ ۚ اِنَّا نَرٰىكَ مِنَ الْمُحْسِنِیْنَ ۝ قَالَ لَا یَاْتِیْكُمَا طَعَامٌ تُرْزَقٰنِهٖٓ اِلَّا نَبَّاْتُكُمَا بِتَاْوِیْلِهٖ قَبْلَ اَنْ یَّاْتِیَكُمَا ۚ ذٰلِكُمَا مِمَّا عَلَّمَنِیْ رَبِّیْ ۚ اِنِّیْ تَرَكْتُ مِلَّةَ قَوْمٍ لَّا یُؤْمِنُوْنَ بِاللّٰهِ وَ هُمْ بِالْاٰخِرَةِ هُمْ كٰفِرُوْنَ ۝ وَ

**પ્રકરણ : "કેદીઓ, દંગલખોરો અને મુશ્રિકોના ખ્વાબ"** અલ્લાહ તઆલાના આ ઈર્શાદના કારણે, "અને યૂસુફની સાથે કેદખાનામાં બે યુવાન આવ્યા. તેમાંથી એકે કહ્યું કે મેં ખ્વાબ જોયો કે શરાબ નીચોવું છું. અને બીજાએ કહ્યું, મેં ખ્વાબ જોયો કે મારા માથા પર કેટલીક રોટલીઓ છે જેમાંથી પક્ષીઓ ખાય છે. અમને એની તઅબીર બતાવો, બેશક ! અમો આપને નેકોકાર સમજીએ છીએ. (الی ان قال) હે કેદખાનાના બંનેવ સાથીઓ ! તમારામાંથી એક પોતાના રબ (બાદશાહ)ને

اتَّبَعْتُ مِلَّةَ اٰبَآءِیْۤ اِبْرٰهِیْمَ وَ اِسْحٰقَ وَ یَعْقُوْبَ ؕ مَا كَانَ لَنَاۤ اَنْ نُّشْرِكَ بِاللّٰهِ مِنْ شَیْءٍ ؕ ذٰلِكَ مِنْ فَضْلِ اللّٰهِ عَلَیْنَا وَ عَلَى النَّاسِ وَ لٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا یَشْكُرُوْنَ ﴿۳۸﴾ یٰصَاحِبَیِ السِّجْنِ ءَاَرْبَابٌ مُّتَفَرِّقُوْنَ خَیْرٌ اَمِ اللّٰهُ الْوَاحِدُ الْقَهَّارُ ﴿۳۹﴾ مَا تَعْبُدُوْنَ مِنْ دُوْنِهٖۤ اِلَّاۤ اَسْمَآءً سَمَّیْتُمُوْهَاۤ اَنْتُمْ وَ اٰبَآؤُكُمْ مَّاۤ اَنْزَلَ اللّٰهُ بِهَا مِنْ سُلْطٰنٍ ؕ اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ ؕ اَمَرَ اَلَّا تَعْبُدُوْۤا اِلَّاۤ اِیَّاهُ ؕ ذٰلِكَ الدِّیْنُ الْقَیِّمُ وَ لٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا یَعْلَمُوْنَ ﴿۴۰﴾ یٰصَاحِبَیِ السِّجْنِ اَمَّاۤ اَحَدُكُمَا فَیَسْقِیْ رَبَّهٗ خَمْرًا ۚ وَ اَمَّا الْاٰخَرُ فَیُصْلَبُ فَتَاْكُلُ الطَّیْرُ مِنْ رَّاْسِهٖ ؕ قُضِیَ الْاَمْرُ الَّذِیْ فِیْهِ تَسْتَفْتِیٰنِ ﴿۴۱﴾ وَ قَالَ لِلَّذِیْ ظَنَّ اَنَّهٗ نَاجٍ مِّنْهُمَا اذْكُرْنِیْ عِنْدَ رَبِّكَ ٘ فَاَنْسٰىهُ الشَّیْطٰنُ ذِكْرَ رَبِّهٖ فَلَبِثَ فِی السِّجْنِ بِضْعَ سِنِیْنَ ﴿۴۲﴾ وَ قَالَ الْمَلِكُ اِنِّیْۤ اَرٰى سَبْعَ بَقَرٰتٍ سِمَانٍ یَّاْكُلُهُنَّ سَبْعٌ عِجَافٌ وَّ سَبْعَ سُنْۢبُلٰتٍ خُضْرٍ وَّ اُخَرَ یٰبِسٰتٍ ؕ یٰۤاَیُّهَا الْمَلَاُ اَفْتُوْنِیْ فِیْ رُءْیَایَ اِنْ كُنْتُمْ لِلرُّءْیَا تَعْبُرُوْنَ ﴿۴۳﴾ قَالُوْۤا اَضْغَاثُ اَحْلَامٍ ۚ وَ مَا نَحْنُ بِتَاْوِیْلِ الْاَحْلَامِ بِعٰلِمِیْنَ ﴿۴۴﴾ وَ قَالَ الَّذِیْ نَجَا مِنْهُمَا وَ ادَّكَرَ بَعْدَ اُمَّةٍ اَنَا اُنَبِّئُكُمْ بِتَاْوِیْلِهٖ فَاَرْسِلُوْنِ ﴿۴۵﴾ یُوْسُفُ اَیُّهَا الصِّدِّیْقُ اَفْتِنَا فِیْ سَبْعِ بَقَرٰتٍ سِمَانٍ یَّاْكُلُهُنَّ سَبْعٌ عِجَافٌ وَّ سَبْعِ سُنْۢبُلٰتٍ خُضْرٍ وَّ اُخَرَ یٰبِسٰتٍ ۙ لَّعَلِّیْۤ اَرْجِعُ اِلَى النَّاسِ لَعَلَّهُمْ یَعْلَمُوْنَ ﴿۴۶﴾ قَالَ تَزْرَعُوْنَ سَبْعَ سِنِیْنَ دَاَبًا ۚ فَمَا حَصَدْتُّمْ فَذَرُوْهُ فِیْ سُنْۢبُلِهٖۤ اِلَّا قَلِیْلًا مِّمَّا تَاْكُلُوْنَ ﴿۴۷﴾ ثُمَّ یَاْتِیْ مِنْۢ بَعْدِ ذٰلِكَ سَبْعٌ شِدَادٌ یَّاْكُلْنَ مَا قَدَّمْتُمْ لَهُنَّ اِلَّا قَلِیْلًا مِّمَّا تُحْصِنُوْنَ ﴿۴۸﴾ ثُمَّ یَاْتِیْ مِنْۢ بَعْدِ ذٰلِكَ عَامٌ فِیْهِ یُغَاثُ النَّاسُ وَ فِیْهِ یَعْصِرُوْنَ ﴿۴۹﴾ وَ قَالَ الْمَلِكُ ائْتُوْنِیْ بِهٖ ۚ فَلَمَّا جَآءَهُ الرَّسُوْلُ قَالَ ارْجِعْ اِلٰى رَبِّكَ فَسْـَٔلْهُ مَا بَالُ النِّسْوَةِ الّٰتِیْ قَطَّعْنَ اَیْدِیَهُنَّ ؕ اِنَّ رَبِّیْ بِكَیْدِهِنَّ عَلِیْمٌ ﴿۵۰﴾

શરાબ પીવડાવશે. રહ્યો બીજો તેને સૂળીએ ચઢાવાશે અને પક્ષીઓ તેનુ માથુ ખાશે. હુકમ થઈ ચૂક્યો જેનો તમે સવાલ કરતા હતા. અને યૂસુફે એ બંનેવમાંથી તેને ફર્માવ્યું જેના બારામાં ગુમાન કર્યું કે તે નજાત પામશે, તારા રબ (તારા બાદશાહ)ની પાસે મારો ઉલ્લેખ કરજે. પછી શૈતાને તેને ભૂલાવી દીધો કે પોતાના રબ (બાદશાહ)ની સામે યુસૂફનો ઉલ્લેખ કરે, જેના કારણે યૂસુફ કેટલાય વરસો અધિક જેલમાં રહ્યા. અને બાદશાહે કહ્યું, મેં ખ્વાબમાં સાત તાજી ગાયો જોયી કે તેને સાત દૂબળી ગાયો ખાય રહી છે. અને સાત કંતીઓ લીલી જોયી છે અને સાત સૂકી. હે દરબારીઓ ! મારા ખ્વાબની તાબીર બતાવો ! જો તમને ખ્વાબની તાબીર આવડતી હોય. તેમણે કહ્યું, આ ખ્વાબે પરેશાન છે અને અમો ખ્વાબે પરેશાનની તઅબીર થતી જાણતા. અને તેણે કહ્યું, જે બે કૈદીઓમાંથી બચી ગયો હતો અને તેને એક મુદ્દત પછી યાદ આવ્યું, હું તમને એની તઅબીર બતાવીશ, મને મોકલો. હે યૂસુફ ! હે સિદ્દીક઼ ! અમને તઅબીર બતાવો ! સાત તાજી એવી કે જેને સાત દુબળી ગાયો ખાય જાય છે અને સાત લીલી કંતીઓ અને સાત સૂકી કંતીઓ. કદાચ હું લોકોની તરફ પરત થઈને જાઉં, કદાચ તે માહિતગાર થાય. ફર્માવ્યું, તમે લોકો સાત વરસ સતત ખેતી કરશો, જે કાપો તેને કંતીઓમાં રહેવા દો પણ થોડુ ખાવા જેટલુ. ત્યારબાદ સાત સખત વરસો (દુકાળનાં) આવશે કે જે તમે એમના માટે ભેગુ કરી રાખ્યું હતું સૌ ખાય જશે, પણ થોડુ સરખુ બચાવી લો. પછી એના બાદ એક વરસ આવશે જેમાં લોકોને વરસાદ આપવામાં આવશે અને એમાં રસ નીચોવશો. અને બાદશાહે કહ્યું, તેમને મારી પાસે લાવો. તો જ્યારે એમની પાસે ક઼ાસિદ આવ્યો, ફર્માવ્યું, તમારા રબ (તમારા બાદશાહ)ની પાસે જાવ અને તેને પૂછો, તે સ્ત્રીઓનો શું હાલ છે જેમણે પોતાના હાથ કાપ્યા હતા ? બેશક઼ ! મારો રબ તેમનો ધોકો જાણે છે.

**સ્પષ્ટતા :** આ પ્રકરણથી ઈમામ બુખારી એ દર્શાવવા ચાહે છે કે ભલે રુઅ્યાએ સાલિહા (સારા ખ્વાબ) મોટાભાગે મો'મિન મુત્તક઼ીઓ જુએ છે, પણ કદી કદી કેટલીક હિકમતોના કારણે ફાસિકો બલ્કે કાફિરો પણ જુએ છે. જેવું કે સૈયદના યૂસુફ علیہ السلام જ્યારે જેલખાનામાં હતા તેમની સમક્ષ બે કાફિર કેદીઓએ પોતાનો ખ્વાબ વર્ણવ્યો.

## ★ હઝરત યૂસુફ علیہ السلام અને ખ્વાબની તાબીર ★

બનાવ એવો છે કે તે સમક્ષના બાદશાહ વલીદ બિન નરવાન અંબીકીના રસોડાના દરવાન અને પીરસનાર પર આક્ષેપ મૂકાયો કે તેમણે બાદશાહને ઝહેર આપવા ચાહ્યું હતું. એ જુર્મમાં બંનેવને જેલખાનામાં મોકલી દેવામાં આવ્યા. હઝરત યૂસુફ علیہ السلام કેદ ખાનામાં પાંચ વરસ રહી ચૂક્યા હતા. એ અરસામાં કેદીઓ પર હઝરત સૈયદના યૂસુફ علیہ السلامની અઝમત, તેમનો ઈલ્મ તથા ફઝ્લ જાહેર થઈ ચૂક્યો હતો. હઝરત યૂસુફ علیہ السلامએ કૈદીઓને બતાવ્યું કે હું ખ્વાબોની તઅબીર પણ જાણુ છું.

અમુક રિવાયતોમાં વર્ણન છે કે એ બંનેવ કેદીઓએ હઝરત યૂસુફ علیہ السلامને અજમાવવા માટે પોત પોતાનો ખ્વાબ ઘડીને વર્ણન કર્યો. જ્યારે હઝરત યૂસુફ علیہ السلام ખ્વાબની તઅબીર વર્ણવી ચૂક્યા તો તે બંનેવે કહ્યું કે અમે કોઈ ખ્વાબ નથી જોયો, તમને અજમાવવા માટે અમે આ વર્ણવ્યું. એના પર ફર્માવ્યું કે હવે એના પ્રમાણે જ થશે, અલ્લાહનો હુકમ થઈ ચૂક્યો છે. જેથી ત્રણ દિવસ બાદ પીરસનાર મુકત થઈ ગયો અને રસોડાના દરવાનને ફાંસી આપવામાં આવી.

આ આયતમાં મિસરના બાદશાહને કેદીઓ તરફ સંબંધિત કરીને رَبُّهٗ وَرَبُّكَ ફર્માવવામાં આવ્યું છે. અરબી ભાષામાં રબ એટલે માલિક તથા પરવરિશ કરનારની નિસ્બત સાથે બોલવામાં આવે છે, જ્યારે નિસ્બત ખાસ હોય. પણ વિના નિસ્બત મુત્લક઼ કે મુઝાફ ઈલૈહની સાથે, દા.ત. આલમીન વગેરે વગેરે મખ્લૂક઼ પર તેને બોલવામાં આવે એ કુફ્ર છે. અને ઉર્દૂમાં ખાસ નિસ્બતની સાથે પણ મના, હરામ, કુફ્ર તરફ લઈ જનાર છે. દરેક ભાષાનો ઉર્ફ જુદો જુદો હોય છે. એક ભાષાના ઉર્ફથી બીજી ભાષાના ઉર્ફ પર દલીલ કરવું સહીહ નથી وَادَّكَرَ، اِفْتَعَلَ مِنْ ذَكَرَ، اُمَّةٌ، قَرْنٌ، وَيُقْرَأُ أَمَهٍ، نِسْيَانٍ.

**સ્પષ્ટતા :** આયતે કરીમામાં وَادَّكَرَ بَعْدَ اُمَّةٍ હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આ ઝિક્રથી બાબે ઈફતેઆલ વાહિદ મુઝક્કર ગાઈબ માઝીનો સેગો છે. "ઝાલ" અને "તા" બંનેવે "દાલ" થી બદલ્યા અને એકનો બીજામાં ઈદગામ કરી આપ્યો, وَادَّكَرَ થઈ ગયું. એનાથી مُدَّكِرٌ પણ છે. અને આ આયતમાં اُمَّةٌથી મુરાદ જમાનો છે હઝરત યૂસુફ علیہ السلام જેલખાનામાં ૧૨ વરસ રહ્યા. બાદશાહના પીરસનારના જેલથી નીકળ વાના બાદ સાત વરસ અને એના પહેલાં પાંચ વરસ. અહીં જમાનાથી મુરાદ સાત વરસનો જમાનો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી કિ઼ર્અતે શાઝા اُمَّةٍની જગાએ اَمَهٍ મરવી છે. اَمَهٍનો અર્થ ભૂલવું છે.

ت ٨٢٨ وَقَالَ ابْنُ عَبَّاسٍ يَعْصِرُوْنَ الْاَعْنَابَ وَالدُّهْنَ تُحْصِنُوْنَ تَحْرُسُوْنَ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, يَعْصِرُوْنَ થી મુરાદ એ છે કે* **[તઅલીક઼ : ૮૨૮]**

*દ્રાક્ષ નીચોવશે અને તેલ નીચોવશે. تُحْصِنُوْنَ નો અર્થ છે મેહફૂઝ રાખશે."*

**તઅલીક઼ : ૮૨૮ની સમજૂતી** હઝરત યૂસુફ علیہ السلامએ બાદશાહના ખ્વાબની જે તાબીર બતાવી હતી એમાં આ હતું. فِيهِ يُغَاثُ النَّاسُ وَفِيهِ يَعْصِرُونَ

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું કે અસ્રનો અર્થ નીચોવવું છે. જેમ કે દ્રાક્ષથી શીરો નીચોવવો અથવા કોઈ બીજ વગેરેથી તેલ નીચોવવું. સૈયદના યૂસુફ علیہ السلامએ બાદશાહના ખ્વાબની જે તઅબીર બતાવી એમાં આ પ્રમાણે છે : إِلَّا قَلِيلًا مِمَّا تُحْصِنُونَ એટલે બાદના દુકાળના વરસોમાં તમે જે કાંઈ ભેગુ કર્યું હતું સૌ ખાય નાખશો, પણ થોડુક સરખુ મેહફૂઝ રાખશો. મતલબ એ છે કે تُحْصِنُونَનો અર્થ છે تَحْرِسُونَ જેને તમે મેહફૂઝ રાખશો.

۲۸۶۸ حدیث عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُ قَالَ قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَىٰ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે, તેમણે કહ્યું, મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને* **[હદીષ : ૨૮૬૮]**

عَلَيْهِ وَسَلَّمَ لَوْ لَبِثْتُ فِي السِّجْنِ مَا لَبِثَ يُوسُفُ ثُمَّ أَتَانِي الدَّاعِي لَأَجَبْتُهُ۔

*ફર્માવતાં સાભળ્યા, જો હું આટલી મુદ્દત સુધી જેલખાનામાં રહેતો જેટલી મુદ્દત સુધી*

*હઝરત યૂસુફ علیہ السلام હતા, તો બાદશાહના એલચીની વાત માની લેતે."*

**હદીષ : ૨૮૬૮ની સમજૂતી**

આ હદીષ કિતાબુલ અંબિયામાં વર્ણન થઈ ચૂકી છે. એટલે કે હું જેલખાનાથી નીકળવામાં મોડુ ન કરત, જેમ કે હઝરત યૂસુફ علیہ السلامએ ઢીલ કરી અને ફર્માવ્યું, જાવ ! તમારા બાદશાહને પૂછો કે તે સ્ત્રીઓનો શો હાલ છે જેમણે પોતાના હાથ કાપી નાખ્યા હતા ? એનો મક઼સદ એ હતો કે જે આક્ષેપમાં મને જેલમાં મોકલ્યો છે તેનાથી પાકી સાબિત થઈ જાય પછી હું જેલખાનાથી નીકળીશ.

قَالَ أَبُو عَبْدِ اللّٰهِ يَعْنِي لَوْ كُنْتُ لَأَجَبْتُهُ فِي أَوَّلِ مَا دُعِيتُ لَمْ أُؤَخِّرْهُ۔

અબૂ અબ્દુલ્લાહ એટલે ઈમામ બુખારીએ કહ્યું કે હું (યૂસુફ علیہ السلامની જગાએ ) હોત તો પ્રથમ તેડા પર જ બાદશાહને ત્યાં તશરીફ લઈ જાત, મોડુ ન કરત.

بَابُ مَنْ رَأَى النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ فِي الْمَنَامِ ص۱۰۳۵

**પ્રકરણ : "જેણે નબી صلی اللہ علیہ وسلمને ખ્વાબમાં જોયા"** *-(૧૦૩૫)*

۲۸۶۹ حدیث أَنَّ أَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُ قَالَ سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ

*"હઝરત અબૂ હરૈરહ رضی اللہ عنہએ કહ્યું કે મેં નબી صلی اللہ علیہ وسلمને ફર્માવતાં સાંભળ્યું,* **[હદીષ : ૨૮૬૯]**

تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ مَنْ رَآنِي فِي الْمَنَامِ فَسَيَرَانِي فِي الْيَقْظَةِ وَلَا

*જે મને ખ્વાબમાં જોશે તો તે ઘણો જ જલ્દી મને જાગૃતાવસ્થામાં જોશે.*

## يَتَمَثَّلُ الشَّيْطَانُ بِي

*અને શૈતાન મારું સ્વરૂપ અપનાવી શકતો નથી." (મુસ્લિમ–તઅબીર, અબૂ દાઊદ–અદબ)*

### હદીષ : ૨૮૬૯ની સમજૂતી

એનો પહેલો ખુલાસો એ છે કે એ હુઝૂર ﷺની જાહેરી હયાતની સાથે ખાસ છે, એટલે જે શખ્સ દૂર દરાઝવાળો જેણે મને નથી જોયો, તેને અલ્લાહ તઆલા હિજરતની તૌફીક઼ આપશે અને મારી જાહેરી મુલાકાતથી મુશર્રફ ફર્માવશે. અને એ પણ મુરાદ થઈ શકે છે કે વિસાલ પછી જો કોઈ હુઝૂર ﷺની ખ્વાબમાં ઝિયારતથી મુશર્રફ થાય તો હુઝૂરે અક઼દસ ﷺ એના પર કરમ ફર્માવશે અને જાગૃતા વસ્થામાં પણ પોતાની ઝિયારતથી મુશર્રફ ફર્માવશે. બીજી તાવીલ એ કરવામાં આવી છે કે તે આખેરતમાં હુઝૂરે અક઼દસ ﷺનો દીદાર કરશે. એટલે કે ખાસ તરીક઼ાથી ખાસ કુર્બમાં ફયઝયાબ થશે, અને તેનો ખાત્મો ઈમાન પર થશે.

## [તઅલીક઼ : ૮૨૯] ت ٨٢٩ قَالَ أَبُوعَبْدِاللهِ قَالَ ابْنُ سِيْرِيْنَ إِذَا رَآهُ فِي صُوْرَتِهِ-

*"અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ ફર્માવ્યું, ઈબ્ને સીરીને ફર્માવ્યું કે જ્યારે આપને આપની સૂરતમાં જુએ."*

### તઅલીક઼ : ૮૨૯ની સમજૂતી

આ તઅલીક઼ને ઈસ્માઈલ ઈબ્ને ઈસ્હાક઼ ક઼ાઝીએ રિવાયત કરી છે કે હઝરત મુહમ્મદ ઈબ્ને સીરીન رحمۃ اللہ علیہની પાસે જો કોઈ શખ્સ એવું વર્ણવતો કે, તેણે ખ્વાબમાં રસૂલુલ્લાહ ﷺની ઝિયારત કરી છે તો તેને ફર્માવતા, દેખાવ મુબારક વર્ણવો ! જો તે એવો દેખાવ બયાન કરતો જે હુઝૂર ﷺનો ન હોતો, તો ફર્માવતા, તેણે નથી જોયા.

એટલા માટે દરેક મુસલમાન પર જરૂરી છે કે હુઝૂર ﷺના હુલીયા (દેખાવ) મુબારકને પોતાના દિમાગમાં રાખે. આ ખાદિમનો ઝૌક઼ એ જ છે કે જો હદીષની કિતાબોમાં હુઝૂરે અક઼દસ ﷺનો હુલીયો જે વર્ણન થયેલ છે એના મુજબ હોય તો તેણે હુઝૂર ﷺને જોયા. પણ એનાથી ટકરાતી હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની હદીષ છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : مَنْ رَانِیْ فِی الْمَنَامِ فَقَدْ رَاٰنِی فَاِنِّیْ اُرَیٰ فِیْ كُلِّ صُوْرَةٍ "જેણે મને ખ્વાબમાં જોયો તેણે મને જોયો, કે હું કોઈ પણ સૂરતમાં જલ્વો બતાવી શકુ છું."

અલ્લામા અયનીએ ફર્માવ્યું કે એના એક રાવી સાલેહ મૌલત્ તઅમા ઝઈફ છે. અંતિમ વયે ભેળસેળ કરવા લાગ્યા હતા. અને જેમણે એમનાથી આ હદીષ સાંભળી છે તે ભેળસેળ કરવાની બીમારી લાગુ થયા પછી સાંભળી છે. જો કે ઘણા બધા ઉલમાનો એ મઝહબ છે કે જે હાલમાં જુએ તેણે હુઝૂર ﷺને જ જોયા. અલ્લામા ઈબ્ને હજરે ફત્હુલ બારીમાં આના પર આદત મુજબ ઘણી લાંબી વિસ્તૃત સ્પષ્ટતા લખી છે. મુસ્લિમમાં આટલુ વધારે છે : فَكَاَنَّمَا رَاٰنِی فِی الْيَقْظَةِ કે જાણે તેણે મને જાગતામાં જોયો. ઈસ્માઈલીએ એ તરીક઼ાથી તખરીજ કરી છે, એમાં فَقَدْ رَاٰنِی فِی الیقظة છે, فَسَيَرانِی નથી અને એ જ ઈબ્ને માજહએ અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત કરી છે. તેમજ ઈબ્ને માજહમાં હઝરત જુહૈફા رضی اللہ عنہની હદીષમાં છે : فَكَاَنَّمَا رَاٰنِیْ فِی الْيَقْظَةِ

۲۸۷۰ حدیث عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ صلی اللّٰہ

"હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જેણે મને ખ્વાબમાં [હદીષ : ૨૮૭૦]

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ مَنْ رَاٰنِیْ فِی الْمَنَامِ فَقَدْ رَاٰنِیْ فَاِنَّ الشَّیْطَانَ لَا یَتَخَیَّلُ بِیْ

જોયો તેણે જરૂર મને જોયો, એટલા માટે કે શૈતાન મારી સૂરત નથી અપનાવી શકતો.

وَرُؤْیَا الْمُؤْمِنِ جُزْءٌ مِّنْ سِتَّۃٍ وَّ اَرْبَعِیْنَ جُزْءًا مِّنَ النُّبُوَّۃِ

અને મો'મિનનો ખ્વાબ નબુવ્વતના ૪૬ ભાગોમાંથી એક ભાગ છે." (તિર્મિઝી–શમાઈલ)

**★ ફર્માને રસૂલ صلی اللہ علیہ وسلم : જેણે મને જોયો તેણે હક્ક઼ જોયો ★**

۲۸۷۱ حدیث قَالَ اَبُوْ سَلَمَۃَ قَالَ اَبُوْ قَتَادَۃَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

"હઝરત અબૂ ક઼તાદા رضی اللہ عنہ એ કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જેણે મને જોયો [હદીષ : ૨૮૭૧]

وَسَلَّمَ مَنْ رَاٰنِیْ فَقَدْ رَاٰی الْحَقَّ۔

તેણે હક્ક઼ જોયો."

حدیث ۲۸۷۲ عَنْ اَبِیْ سَعِیْدِ نِ الْخُدْرِیِّ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ سَمِعَ النَّبِیَّ صَلَّی اللّٰہُ [હદીષ : ૨૮૭૨]

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે નબી صلی اللہ علیہ وسلم ને એવું ફર્માવતાં સાંભળ્યા કે

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَقُوْلُ مَنْ رَاٰنِیْ فَقَدْ رَاٰی الْحَقَّ فَاِنَّ الشَّیْطَانَ لَا یَتَکَوَّنُنِیْ۔

જેણે મને (ખ્વાબમાં) જોયો તો તેણે હક઼ીક઼તમાં મને જોયો, એટલા માટે કે શૈતાન મારા જેવો નથી બની શકતો."

**હદીષ : ૨૮૭૨ની સમજૂતી**

હઝરત ઈમામ બુખારી رضی اللہ عنہ એ વિષય પર અહીં ચાર સહાબાએ કિરામથી હદીષો રિવાયત કરી. એ ચાર હઝરાત સિવાય અન્ય પણ ખૂબ જ અધિક સહાબાએ કિરામથી આ વિષયની હદીષો મરવી છે. આ હદીષ શાબ્દિક રીતે નહીં તો અર્થની રીતે મશહૂર છે, એનાથી ઈન્કાર કરવો ગુમરાહી તથા બદદીની છે.

## بَابُ رُؤْیَا اللَّیْلِ ص ۱۰۳۶

## પ્રકરણ : "રાતના ખ્વાબનું બયાન" –(૧૦૩૬)

۲۸۷۳ حدیث عَنْ عُبَیْدِ اللّٰہِ بْنِ عَبْدِ اللّٰہِ اَنَّ ابْنَ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا

"અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ્લાહથી રિવાયત છે કે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما હદીષ વર્ણન [હદીષ : ૨૮૭૩]

كَانَ يُحَدِّثُ أَنَّ رَجُلًا أَتَى رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ إِنِّيْ

*કરતા હતા કે એક શખ્સ રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયા. તેમણે કહ્યું,*

أُرِيْتُ اللَّيْلَةَ فِي الْمَنَامِ وَسَاقَ الْحَدِيْثَ

*મને આજે રાત્રે ખ્વાબ દેખાડવામાં આવ્યો. અને તેમણે પૂરી હદીષ વર્ણવી.''*

**હદીષ : ૨૮૭૩ની સમજૂતી** પૂરી હદીષ આ પ્રકરણના છેવટમાં બુખારીની હિંદુસ્તાની આવૃત્તિના પેજ–૧૦૪૩ પર પ્રકરણ مَنْ لَمْ يَرَ الرُّؤْيَا لِأَوَّلِ عَابِرٍ إِذَا لَمْ يُصِبْ માં વર્ણન થયેલ છે.

وَتَابَعَهُ سُلَيْمَانُ بْنُ كَثِيْرٍ وَابْنُ أَخِ الزُّهْرِيِّ وَسُفْيَانُ بْنُ حُسَيْنٍ

*''અને સુલૈમાન ઈબ્ને કષીર તથા ઝુહરીના ભત્રીજા અને સુફયાન ઈબ્ને હુસૈને તેમનું અનુસરણ કર્યું કે*

عَنِ الزُّهْرِيِّ عَنْ عُبَيْدِ اللّٰهِ عَنِ ابْنِ عَبَّاسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ -

*આ હદીષ આ સનદની સાથે મરવી છે : અનઝુહરી અન ઓબૈદુલ્લાહ અન ઈબ્ને અબ્બાસ અન નબી ﷺ.*

સુલૈમાન ઈબ્ને કષીરના અનુસરણને ઈમામ મુસ્લિમે રિવાયત કર્યું છે. ઈમામ ઝુહરીના ભત્રીજાનું નામ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન મુસ્લિમ છે. ફત્હુલ બારીમાં છે કે એને ઝુહરીએ ઝુહરિય્યાતમાં રિવાયત કરી છે. પરંતું ઉમ્દતુલ કારીમાં છે કે હું તેની સેહત (સહીહપણા)ને નથી જાણતો. અને સુફયાન બિન હુસૈન વાસતીના અનુસરણને ઈમામ અહમદે મુસ્નદમાં રિવાયત કર્યું છે.

وَقَالَ الزُّبَيْدِيُّ عَنِ الزُّهْرِيِّ عَنْ عُبَيْدِ اللّٰهِ أَنَّ ابْنَ عَبَّاسٍ

*અને ઝુબૈદીએ કહ્યું કે ઝુહરીથી રિવાયત છે, તે ઓબૈદુલ્લાહથી રિવાયત કરે છે કે,*

أَوْ أَبَا هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

*ઈબ્ને અબ્બાસ અથવા અબૂ હુરૈરહ رضی اللہ عنہما નબી ﷺ થી રિવાયત કરે છે.*

**સ્પષ્ટતા :** એને ઈમામ મુસ્લિમે મુત્તસિલ સનદની સાથે રિવાયત કરી છે. એનો સાર એ છે કે ઓબૈદુલ્લાહ ઈબ્ને અબ્દુલ્લાહને એમાં શક છે કે ઈબ્ને અબ્બાસે આ હદીષને રિવાયત કરી છે કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ.

وَقَالَ شُعَيْبٌ وَإِسْحٰقُ بْنُ يَحْيٰى عَنِ الزُّهْرِيِّ كَانَ أَبُوْ هُرَيْرَةَ

*ઈબ્ને શોએબ અને ઈસ્હાક ઈબ્ને યહયા ઝુહરીથી આ પ્રમાણે રિવાયત કરતા હતા કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ*

رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُ يُحَدِّثُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

*(આ હદીષને) નબી ﷺ થી રિવાયત કરતા હતા. અને મઅમર પૂરી સનદ વર્ણવતા ન હતા,*

وَكَانَ مَعْمَرٌ لَا يُسْنِدُهُ حَتَّى كَانَ بَعْدُ۔

*બાદમાં વર્ણન કરવા લાગ્યા.*

**સ્પષ્ટતા** : ફત્હુલ બારીમાં છે કે એને ઈમામ ઝુહરીએ ઝુહરિય્યાતમાં રિવાયત કરી છે, પણ અલ્લામા અયનીએ ફર્માવ્યું કે હું એની સેહત (સહીહ હોવાને) નથી જાણતો. અને મઅ્મર ઈબ્ને રાશિદ આ હદીષને વર્ણન કરતા તો એવું કહેતા કે ઈબ્ને અબ્બાસે આ બયાન કર્યું. દરમ્યાનમાંથી અબ્દુલ્લાહ ઈબ્ને ઓબૈદુલ્લાહને છોડી દેતા, ત્યાં સુધી કે ઝમ્અહ એક કિતાબ લાવ્યા જેમાં આ હદીષની સનદ આ પ્રમાણે હતી : عن الزهری عن عبید الله عن ابن عباس અન ઝુહરી અન ઓબૈદુલ્લાહ અન ઈબ્ને અબ્બાસ. એના બાદ મઅ્મર શક ન કરતા.

ઈમામ ઈસ્હાક઼ બિન રાહુવિયહ પોતાની મુસ્નદમાં એક સનદ આ પણ લાવ્યા છે : عن ابن عباس کان ابوهريرة يحدث ઈસ્માઈલીએ આ હદીષમાં એક અન્ય મતભેદ વર્ણવ્યો છે. તેમણે સાલેહ બિન કૈસાનના તરીક઼ાથી રિવાયત કરી અને કહ્યું : અન સુલૈમાન બિન યસાર અન ઈબ્ને અબ્બાસ. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે, મેહફૂઝ એનો ક઼ૌલ છે જેણે ઈમામ ઝુહરી પછી અન ઓબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉત્બા કહ્યું. એટલે ઈમામ ઝુહરીએ ઓબૈદુલ્લાહથી રિવાયત કરી અને તેમણે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી.

**પ્રકરણ : ''દિવસનો ખ્વાબ''** –(૧૦૩૬) بَابُ الرُّؤْيَا بِالنَّهَارِ ص ۱۰۳۶

[તઅલીક઼ : ૮૩૦] ت ۸۳۰ وَقَالَ ابْنُ عَوْنٍ عَنِ ابْنِ سِيرِينَ رُؤْيَا النَّهَارِ مِثْلُ رُؤْيَا اللَّيْلِ۔

*''હઝરત ઈબ્ને સીરીનથી મરવી છે કે તેમણે કહ્યું, દિવસનો ખ્વાબ રાતના ખ્વાબની જેમ છે.''*

**તઅલીક઼ : ૮૩૦ની સમજૂતી**

આ તઅલીક઼ને અલી બિન અબી તાલિબ, કેરવાનીએ કિતાબુત્તઅબીરમાં રિવાયત કરી છે. એનો મતલબ એ છે કે દિવસમાં ખ્વાબ જોવામાં આવે કે રાતમાં, પુરૂષ જુએ કે સ્ત્રી, સૌની તઅબીર છે. એવું નથી કે રાતના ખ્વાબની તઅબીર હોય અને દિવસના ખ્વાબની તઅબીર ન હોય, પુરૂષોના ખ્વાબની તઅબીર હોય અને સ્ત્રીઓના ખ્વાબની તઅબીર ન હોય.

**પ્રકરણ : ''ખ્વાબમાં કૈદ જોવાનું વર્ણન''** –(૧૦૩૯) بَابُ الْقَيْدِ فِي الْمَنَامِ ص ۱۰۳۹

حدیث ۲۸۷۴ حَدَّثَنَا مُحَمَّدُ بْنُ سِيرِينَ أَنَّهُ سَمِعَ أَبَا هُرَيْرَةَ رَضِيَ

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ કહેતા હતા કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે* **[હદીષ : ૨૮૭૪]**

اللهُ تَعَالَى عَنْهُ يَقُولُ قَالَ رَسُولُ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ إِذَا

*ક઼યામત નજીક હશે તો મો'મિનનો ખ્વાબ જૂઠો ન થશે, અને મો'મિનનો*

اقْتَرَبَ الزَّمَانُ لَمْ تَكَدْ تَكْذِبُ وَرُؤْيَا الْمُؤْمِنِ جُزْءٌ مِنْ سِتَّةٍ وَّ اَرْبَعِيْنَ

ખ્વાબ નબુવ્વતના ૪૬ ભાગોમાંથી એક ભાગ છે.

جُزْءًا مِنَ النُّبُوَّةِ وَمَا كَانَ مِنَ النُّبُوَّةِ فَاِنَّهٗ لَا يَكْذِبُ

અને જે ચીજ નબુવ્વતથી હશે એ જૂઠી હશે નહીં."

ت ۸۳۱ قَالَ مُحَمَّدٌ وَّ اَنَا اَقُوْلُ هٰذِهٖ قَالَ وَكَانَ يُقَالُ الرُّؤْيَا ثَلٰثٌ

[તઅલીક઼ : ૮૩૧]

"અને મુહમ્મદ ઈબ્ને સીરીને કહ્યું, "અને હું કહું" એ એમણે કહ્યું, કહેવામાં આવે છે કે ખ્વાબ ત્રણ પ્રકારના હોય

حَدِيْثُ النَّفْسِ وَتَخْوِيْفُ الشَّيْطَانِ وَبُشْرٰى مِنَ اللّٰهِ فَمَنْ رَاٰى شَيْئًا يَكْرَهُهٗ

છે : દિમાગી વિચારો, શૈતાનના તરફથી ડરાવવામાં આવવું, અને અલ્લાહ તઆલાની તરફથી બશારત. તો જે

فَلَا يَقُصَّهٗ عَلٰى اَحَدٍ وَلْيَقُمْ فَلْيُصَلِّ قَالَ وَكَانَ يَكْرَهُ الْغُلَّ فِى النَّوْمِ وَكَانَ

શખ્સ એવી વાત જુએ જે એને નાપસંદ હોય તો કોઈને વર્ણન ન કરે, અને ઉઠી જાય અને નમાઝ પઢે. તેમણે કહ્યું,

يُعْجِبُهُمُ الْقَيْدُ وَيُقَالُ الْقَيْدُ ثَبَاتٌ فِى الدِّيْنِ۔

ખ્વાબમાં તોક઼ જોવો સારો નથી અને ક઼ૈદ થવું સારું છે. અને કહેતા હતા ક઼ૈદ થવું દીનમાં અડગતા છે."

ت ۸۳۲ وَرَوَاهُ قَتَادَةُ وَيُوْنُسُ وَهِشَامٌ وَّ اَبُوْهِلَالٍ عَنِ ابْنِ سِيْرِيْنَ عَنْ

[તઅલીક઼ : ૮૩૨]

"ક઼તાદા તથા યૂનુસ તથા હિશામ અને અબૂ હિલાલ એ સૌએ ઈબ્ને સીરીનથી

اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ عَنْهُ عَنِ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَ اَدْرَجَ بَعْضُهُمْ

રિવાયત કરી, અને તે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરે છે અને તે નબી ﷺ થી.

كُلَّهٗ فِى الْحَدِيْثِ وَحَدِيْثُ عَوْفٍ اَبْيَنُ وَقَالَ يُوْنُسُ لَا اَحْسِبُهٗ اِلَّا عَنِ

અને અમુકે સૌને હદીષમાં લખી આપ્યા. અને ઔફની હદીષ અધિક જાહેર છે.

النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِى الْقَيْدِ۔

અને યૂનુસે કહ્યું, હું ક઼ૈદની તઅબીર હુઝૂર ﷺ થી જ મરવી સમજુ છું."

**તઅલીક઼ : ૮૩૨ની સમજૂતી** એનો મતલબ એ છે કે હદીષ لَا يَكْذِبُ સુધી છે. અને એના પછી ઈમામ મુહમ્મદ ઈબ્ને સીરીંનો ક઼ૌલ છે. પરંતું હિશામ અબૂ અબ્દુલ્લાહ દસ્તવાઈએ الرُّؤْيَا ثَلٰثٌ થી લઈને છેવટ સુધીનાને એ રીતે રિવાયત કર્યું જાણે તે હદીષ છે. અને ઔફથી જે રિવાયત છે તે અધિક સ્પષ્ટ છે કે તેમણે

મરફૂઅને મૌફૂકથી અલગ વર્ણવી. અલ્બત્ત કૈદની જે તઅબીર હદીષમાં વર્ણન થયેલ છે એના બારામાં યૂનુસને શકે છે કે હુઝૂરનો ઈર્શાદ છે કે ઈબ્ને સીરીનનો કૌલ છે.

قَالَ اَبُو عَبْدِ اللّٰهِ لَا تَكُوْنُ الْأَغْلَالُ أَلَّا فِى الْأَعْنَاقِ તૌક કેવળ ગરદનમાં હોય છે.

اذا اقترب الزمان અલ્લામા ખિતાબીએ એનાં બે કારણો દર્શાવ્યાં કે એનાથી મુરાદ દિવસ રાતનું લગભગ બરાબર (સરખુ) હોવું છે. એટલે કે તે દિવસો જેમાં દિવસ પણ લગભગ ૧૨ કલાકનો હોય છે અને રાત પણ. એ ત્યારે થાય છે જ્યારે સૂરજ વિષુવવૃત્ત પર કે એની નજીક હોય છે. અમારા વિસ્તારમાં સપ્ટેમ્બર તથા માર્ચમાં દિવસ રાત લગભગ સરખાં હોય છે. કેમ કે એ વખતે જે ચાર તત્વો વડે માનવ સર્જન થયું છે તે મધ્યમ હોય છે. બીજી સ્પષ્ટતા એ કરી છે કે એનાથી મુરાદ કયામતની નજીકના દિવસો છે, જ્યારે સમય ખત્મ થવાની નજીક હશે. ઈબ્ને બત્તાલે ફર્માવ્યું કે બીજો કૌલ સહીહ છે. અલ્લામા દાઊદીએ ફર્માવ્યું, એનાથી મુરાદ કયામત નજીકના તે દિવસો છે જે ખૂબ જ ઝડપભેર પસાર થતા મેહસૂસ થશે.

અને કેટલાક લોકોએ કહ્યું, એનાથી મુરાદ હઝરત મેહદી علیہ السلامનો સમય છે. અલ્લામા કુર્તબીએ કહ્યું, એનાથી મુરાદ તે લોકો છે જેઓ દજ્જાલના કત્લ થયા બાદ હઝરત ઈસા علیہ السلامની સાથે રહેશે.

لم تكاد تكذب એનાથી મુરાદ એ છે કે ખ્વાબ જે પ્રમાણે જોશે એ જ પ્રમાણે ઉપસ્થિત થશે, તઅબીરની જરૂરત નહીં પડે.

وانا اقول એનાથી મુરાદ એના બાદવાળુ વાક્ય છે : وكان يقال الرويا ثلث એટલે ઈમામ મુહમ્મદ ઈબ્ને સીરીં ફર્માવે છે કે તેમણે કહ્યું કે ખ્વાબના ત્રણ પ્રકાર છે. એના કહેનાર કોણ છે ? કેટલાક લોકોએ કહ્યું કે હઝરત અબૂ હુરૈરહ છે. પરંતું ઈમામ અહમદ અને ઈમામ તિર્મિઝી અને ઈમામ નિસાઈએ વિવિધ શબ્દોમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું :

الرويا ثلث فرويا حق و رويا يحدث بها الرجل نفسه ورويا تخويف من الشيطان۔

"ખ્વાબ ત્રણ છે : હક્ક તથા ઈન્સાની ખયાલો તથા શૈતાનનું ડરાવવું"

મુસ્લિમ અબૂ દાઊદ અને તિર્મિઝીમાં આ પ્રમાણે છે :–

الرويا ثلث فرويا الصالحة بشرىٰ من الله۔

"સારો ખ્વાબ અલ્લાહની તરફથી બશારત છે." બાકીનુ એના જેમ છે.

આ ત્રણેવમાં સીમિત નથી. હદીષો પર નજર કરવાથી અન્ય પ્રકારો પણ જાહેર થાય છે.

**૧. હદીષે નફસ** : આ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની હદીષમાં છે. **૨.** تلاعب من الشيطان શૈતાનનું ખેલવું. જેમ કે મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہની હદીષમાં છે કે એક અઅ્રાબી ખિદમતે અક્દસમાં હાજર થયા અને અર્ઝ કરી કે, મેં ખ્વાબમાં જોયું છે કે મારુ માથુ કાપી લેવામાં આવ્યું છે, અને ગબડતુ ગબડતુ ભાગી રહ્યું છે. હું ઝડપભેર તેની પાછળ દોડી રહ્યો છું. ફર્માવ્યું, ઊંઘમાં શૈતાન જે ખેલકૂદ કરે એને કોઈને ન બતાવો. **૩.** માણસ જાગૃતાવસ્થામાં જે કામો કરવાનો આદી છે એને ખ્વાબમાં જુએ. જેમ કે કોઈએ ભરપેટથી કાંઈક વધારે ખાય લીધું અને સૂઈ ગયો પછી જોયું કે તે ઉલ્ટી કરી રહ્યો છે. અને **૪.** અદ્ગાષે અહલામ.

وكان يكره الغل એટલે કે ઈબ્ને સીરીને કહ્યું કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ખ્વાબમાં ગળામાં તૌક જોવાને

બુરુ સમજતા હતા. એટલા માટે કે એ જહન્નમીઓની સજાઓમાંથી છે. અલ્લાહ ફર્માવે છે : اِذِ الْاَغْلٰلُ فِیْٓ اَعْنَاقِهِمْ "જયારે તૌક તેમની ગરદનોમાં હશે."

અને ક્યારેક એની તઅબીર કુફ્ર છે. وغیر ذلک

અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું, کان یقال થી فی الدین સુધી કોનો કૌલ છે એમાં શરહકર્તાઓનો મતભેદ છે. કેટલાક લોકોએ કહ્યું કે હઝરત ઈબ્ને સીરીનનો કૌલ છે. કેટલાક લોકોએ કહ્યું કે હુઝૂર ﷺનો ઈર્શાદ છે. અને કેટલાક લોકોએ કહ્યું, کان یکره الغل فی النوم એ રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદ છે.

મુરાદ તઅબીર કરનારા છે. અને પછી کان یقال القید ثبات فی الدین એ પણ وکان یعجبهم મુઅબ્બિરીન (તઅબીર કરનારાઓ)નો કૌલ છે. મુહલ્લબે કહ્યું કે એ રસૂલુલ્લાહ ﷺનો પણ ઈર્શાદ છે. ઈબ્ને માજહમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે ખ્વાબમાં તૌકને નાપસંદ કરું છું, અને બેડીને પસંદ કરું છું.

قال ابوعبد الله એટલે ઈમામ બુખારીએ ફર્માવ્યું કે غُلّ એટલે તૌક (હાર) ગરદનમાં જ હશે. ઈમામ બુખારી એનાથી એ લોકોનો રદ કરવા ચાહે છે જેઓ કહે છે કે હાથકડી અને બેડીને પણ غُلّ (ગિલ્લ) કહે છે પરંતુ એ સહીહ નથી. અબૂ અલી કાલીએ કહ્યું કે غل (ગિલ્લ)નો અર્થ હાથકડી છે તથા ઈબ્ને સયદાએ કહ્યું કે غلّ ગિલ્લ તૌક તથા હાથની બંનેને કહે છે.

**પ્રકરણ : "જયારે એ ખ્વાબ જુએ કે તેણે કાંઈક કોઈ વસ્તી કે ઈલાકામાંથી કાઢીને બીજી જગાએ રાખી દીધું."** –(૧૦૪૨)

بَابُ اِذَا رَاٰی اَنَّهٗ اَخْرَجَ الشَّیْءَ مِنْ كُوْرَةٍ فَاَسْكَنَهٗ مَوْضِعًا اٰخَرَ ص ۱۰۴۲

حدیث ۲۸۷۵ عَنْ سَالِمِ بْنِ عَبْدِ اللّٰهِ عَنْ اَبِیْهِ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૮૭૫]**

وَسَلَّمَ قَالَ رَاَیْتُ كَاَنَّ اِمْرَاَةً سَوْدَاءَ ثَائِرَةَ الرَّاْسِ خَرَجَتْ مِنَ الْمَدِیْنَةِ

*મેં ખ્વાબમાં જોયું, જાણે એક કાળી સ્ત્રી પરેશાન વાળોવાળી મદીનાથી નીકળી અને મુહયઆ જઈને*

حَتّٰی قَامَتْ بِمَهْیَعَةَ وَهِیَ الْجُحْفَةُ فَتَاَوَّلْتُهَا اَنَّ وَبَاءَ الْمَدِیْنَةِ

*રોકાયી, એટલે જુહફામાં મેં એની તઅબીર એ કરી કે મદીનાની વબા*

نُقِلَ اِلَیْهَا

*જુહફા તબદીલ થઈ ગઈ." (એના બાદ જ મુત્તસિલ, બે તરીકાથી, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ)*

## હદીષ : ૨૮૭૫ની સમજૂતી

પ્રકરણ હતું اَخْرَجَ الشَّیْءَ કે કોઈ ચીજ કાઢી. પરંતુ હદીષમાં છે خَرَجَتْ એનો અર્થ છે નીકળી. આ અસલમાં ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ આ હદીષના બીજા તરીકામાં જે اُخْرِجَتْ આવ્યું છે એની તરફ ઈશારો (નિર્દેશ) કર્યો છે, બલ્કે એ જ તરીકામાં خَرَجَتْ ની જગાએ اُخْرِجَتْ ઉમ્દતુલ કારીમાં પણ છે.

مُهَيْعَة (મુહયઆ) : એનું બીજુ નામ જુહફા છે જે મિસ્રીઓની મીકાત છે. કિતાબુલ હજજમાં હદીષ વર્ણન થઈ ચૂકી કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاએ ફર્માવ્યું કે અમે મદીના જયારે આવ્યાં તો તે વખતે તે દુનિયામાં સૌથી અધિક વબાળાળો પ્રદેશ હતો. હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمએ દુઆ ફર્માવી તો તે વબા જુહફા તબદીલ થઈ ગઈ. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે જુહફાની વબાનો એ આલમ છે કે કદાચ જ કોઈ બાળક ત્યાં યુવાન થવા પામે છે.

## بَابُ مَنْ كَذَبَ فِيْ حُلُمِهٖ ص ۱۰۴۲

### પ્રકરણ : "જે જૂઠો ખ્વાબ વર્ણવે" –(૧૦૪૪)

حدیث ۲۸۷۶ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ عَنْهُمَا عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે જેણે એવો* **[હદીષ : ૨૮૭૬]**

وَسَلَّمَ قَالَ مَنْ تَحَلَّمَ بِحُلُمٍ لَمْ يَرَهُ كُلِّفَ أَنْ يَعْقِدَ بَيْنَ شَعِيْرَتَيْنِ وَلَنْ

*ખ્વાબ વર્ણવ્યો જેને જોયો ન હોય તેને ક્યામતના દિવસે હુકમ આપવામાં આવશે કે જવના બે દાણાની વચ્ચે*

يَفْعَلَ وَمَنِ اسْتَمَعَ إِلٰى حَدِيْثِ قَوْمٍ وَهُمْ لَهٗ كَارِهُوْنَ أَوْ يَفِرُّوْنَ مِنْهُ صُبَّ

*ગાંઠ મારે, પણ તે એને લગાડી શકશે નહીં. અને જેણે એ લોકોની વાત સાંભળી જે પોતાની વાત સાંભળવાને*

فِيْ أُذُنَيْهِ الْآنُكُ يَوْمَ الْقِيٰمَةِ وَمَنْ صَوَّرَ صُوْرَةً عُذِّبَ وَكُلِّفَ أَنْ يَنْفُخَ فِيْهَا

*સારુ ન સમજતા હતા અથવા એનાથી બચતા હતા, તો એના* ***કાનોમાં ક્યામતના દિવસે સીસુ પીગાળીને***

وَلَيْسَ بِنَافِخٍ۔

***નાખવામાં આવશે.*** *અને જેણે તસ્વીર બનાવી તેને અઝાબ આપવામાં આવશે અને એ હુકમ આપવામાં આવશે*

***કે એ તસ્વીર (ફોટા)માં રૂહ નાખે, પરંતુ તે નાખી શકશે નહીં."***

**હદીષ : ૨૮૭૬ની સમજૂતી**

**★ રાઝની વાત સાંભળનાર, જૂઠો ખ્વાબ કહેનાર, તસ્વીરકાર પર અઝાબ ! ★**

وَمَنِ اسْتَمَعَ મતલબ એ છે કે જો અમુક લોકો રાઝની વાત કરી રહ્યા હોય જેને લોકોથી છુપાવવા ચાહતા હોય તો એને સાંભળવું જાઈઝ નથી. يَفِرُّوْنથી મુરાદ એ જ છે કે એ વાતને છુપાવવા ચાહતા હોય. જૂઠા ખ્વાબ પર આટલી સખત ચેતવણી એ કારણે છે કે હકીકતમાં અલ્લાહ તઆલા પર જૂઠ બાંધવુ છે, એટલા માટે કે ખ્વાબ અલ્લાહ તઆલા જ દેખાડે છે.

તકલીફે માલા યુતાક્ જાઈઝ નથી, જેમ કે અલ્લાહ તઆલા ફર્માવે છે : لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا إِلَّا وُسْعَهَا પરંતુ એનાથી મુરાદ એ છે કે બંદાને એવો હુકમ આપવો કે આવુ કરો જે બંદાના વશમાં ન હોય, એ જાઈઝ નથી. એટલે મુહાલ (અશક્ય) ચીજની તકલીફની સ્પષ્ટતા. અને અહીં બે જવના દાણામાં ગાંઠ લગાડવી અને તસ્વીરમાં જાન નાખવી અઝાબના રૂપે છે હુકમ લાગુ કરવાના રૂપે નથી.

ت ۸۳۳ قَالَ قُتَيْبَةُ حَدَّثَنَا أَبُوْ عَوَانَةَ عَنْ قَتَادَةَ عَنْ عِكْرِمَةَ عَنْ أَبِى

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે તેમણે ફર્માવ્યું, જે પોતાના **[તઅલીક઼ : ૮૩૩]**

هُرَيْرَةَ رَضِىَ اللهُ تَعَالىٰ عَنْهُ قَوْلُهٗ مَنْ كَذَبَ فِىْ رُؤْيَاهُ.

ખ્વાબમાં જૂઠુ બોલે.''

**તઅલીક઼ : ૮૩૩ની સમજૂતી** મતલબ એ છે કે ક઼તાદાના તરીક઼ાથી આ જ હદીષ હઝરત અબૂ હુરૈરહથી મૌકૂફન રિવાયત પામેલી છે જેના શબ્દો આ છે. مَنْ كَذَبَ فِىْ رُؤْيَاهُ

ت ۸۳۴ **[તઅલીક઼ : ૮૩૪]** قَالَ سُفْيَانُ وَصَلَهٗ لَنَا أَيُّوْبُ عه

''સુફયાન બિન ઓયૈના કહે છે કે ઐયૂબે અમને આ હદીષ મુત્તસિલ સનદ સાથે વર્ણવી.''

(અબૂ દાઊદ–અદદ, તિર્મિઝી–લિબાસ, રુઅ્યા, નિસાઈ–ઝીનત, જુઝ્અ, ઈબ્ને માજહ–રુઅ્યા, જુઝ્અ)

ت ۸۳۵ **[તઅલીક઼ : ૮૩૫]** وَقَالَ شُعْبَةُ عَنْ أَبِىْ هَاشِمٍ الرُّمَّانِىْ سَمِعْتُ عِكْرِمَةَ. قَالَ أَبُوْ هُرَيْرَةَ

''અને શઅ્બાએ અબૂ હાશિમ રુમાનીથી રિવાયત કરતાં કહ્યું કે મેં ઈકરમાથી સાંભળ્યું, અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ

رَضِىَ اللهُ عَنْهُ قَوْلُهٗ مَنْ صَوَّرَ وَمَنْ تَحَلَّمَ وَمَنِ اسْتَمَعَ.

કહ્યું, જેણે તસ્વીર બનાવી અને જેણે જૂઠો ખ્વાબ વર્ણવ્યો અને જેણે બીજાની વાત સાંભળી.''

**તઅલીક઼ : ૮૩૫ની સમજૂતી** મુસ્તમલી તથા સરખસીની રિવાયતમાં અન અબી હિશામ છે. એક ક઼ૌલ એ છે કે એ ગલત છે. સહીહ અબૂ હાશિમ છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે આ ત્રણેવ તરીક઼ા મોઅલ્લક઼ મૌકૂફ છે. ૧. ક઼તીબાથી મરવી છે જેમાં عن عكرمة છે. ૨. શઅ્બાથી જેમાં سَمِعْتُ عكرمة છે. ૩. قال أبو هريرة ફર્ક એ છે કે પ્રથમ તથા બીજામાં من كذب فى رؤياه છે અને બીજામાં من تَحَلَّمَ છે.

حديث ۲۸۷۷ عَنِ ابْنِ عُمَرَ رَضِىَ اللهُ تَعَالىٰ عَنْهُمَا أَنَّ رَسُوْلَ اللهِ صَلَّى اللهُ تَعَالىٰ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૨૮૭૭]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ إِنَّ أَفْرَى الْفِرَا أَنْ يُرِىَ عَيْنَيْهِ مَا لَمْ تَرَيَا.

સૌથી વધીને જૂઠ એ છે કે કોઈ પોતાની આંખોનું જોયું એ બયાન કરે જે એની આંખોએ નથી જોયું.''

**હદીષ : ૨૮૭૭ની સમજૂતી**

اَفْرىٰ الفِرى થી ઈસ્મે તફઝીલ છે અને فِرىٰ فِرْيَةٌ ની જમા છે. فِرْيَةٌ નો અર્થ એવું મોટુ જૂઠ જેના પર લોકોને આશ્ચર્ય થાય. مِنْ اَفْرىٰ الفِرى ا. اَفْرىٰ فَرْىٌ

اَنْ يُّرِيَا આ રૂયતના પ્રકરણ فعال الاِرَاءَةُથી મુઝારેઅ મઅરૂફનો સેગો છે. મુરાદ એ છે કે જે ખ્વાબ ન જોયો હોય એને વર્ણન કરે કે મેં જોયું છે. એને સર્વ જૂઠોથી મોટુ જૂઠ એટલા માટે ગણવામાં આવ્યું કે અલ્લાહ ﷻ પર આક્ષેપ છે જેવું કે વર્ણન થઈ ચૂક્યું.

## ★ જ્યારે નાપસંદીદા ખ્વાબ જુએ તો ★

بَابٌ إِذَا رَأَى مَا يَكْرَهُ فَلَا يُخْبِرُ بِهَا وَلَا يَذْكُرُهَا ص١٠٤٣

**પ્રકરણ : "જ્યારે નાપસંદીદા ખ્વાબ જુએ તો ન કોઈને બતાવે અને ન કોઈને વર્ણવે."** –(૧૦૪૩)

حدیث ۲۸۷۸ سَمِعْتُ اَبَا سَلَمَةَ يَقُوْلُ لَقَدْ كُنْتُ اَرَى الرُّؤْيَا فَتُمْرِضُنِيْ

*"અબૂ સલમા કહેતા હતા કે હું કોઈ ખ્વાબ જોતો તો બીમાર થઈ જતો હતો, ત્યાં સુધી કે* **[હદીષ : ૨૮૭૮]**

حَتّٰى سَمِعْتُ اَبَا قَتَادَةَ يَقُوْلُ اَنَا كُنْتُ اَرَى الرُّؤْيَا فَتُمْرِضُنِيْ حَتّٰى

*મેં હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ ને એ ફર્માવતાં સાંભળ્યું કે હું ખ્વાબ જોતો તે મને બીમાર કરી દેતો ત્યાં સુધી કે*

سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ اَلرُّؤْيَا الْحَسَنَةُ مِنَ اللّٰهِ

*મેં નબી ﷺ ને એવું ફર્માવતાં સાંભળ્યા કે સારો ખ્વાબ અલ્લાહની તરફથી છે. જ્યારે તમારામાંથી કોઈ*

فَاِذَا رَاٰى اَحَدُكُمْ مَا يُحِبُّ وَلَا يُحَدِّثْ بِهٖ اِلَّا مَنْ يُّحِبُّ فَاِذَا رَاٰى مَا يَكْرَهُ

*પસંદીદા ખ્વાબ જુએ તો તેને જ વર્ણવે જે એનાથી મહોબ્બત કરે છે અને જ્યારે બુરો ખ્વાબ જુએ તો તેની*

فَلْيَتَعَوَّذْ بِاللّٰهِ مِنْ شَرِّهَا وَمِنْ شَرِّ الشَّيْطَانِ وَلْيَتْفُلْ ثَلَاثًا وَلَا يُحَدِّثْ

*બુરાઈથી અને શૈતાનની બુરાઈથી અલ્લાહની પનાહ માગે અને ત્રણવાર થૂકે અને*

بِهَا اَحَدًا فَاِنَّهَا لَا تَضُرُّهٗ

*કોઈને વર્ણન ન કરે, તો તે કોઈ નુકસાન નહીં પહોંચાડે."*

**હદીષ : ૨૮૭૮ની સમજૂતી** કેટલાક ટૂંકાણની સાથે આ હદીષ પહેલાં વર્ણન થઈ ચૂકી છે. અહીં થોડીક તફસીલ વધારે છે. વાત એ છે કે ખ્વાબ પહેલીવાર જેને વર્ણન કરવામાં અને તે કોઈ તઅબીર બતાવે તે થઈને રહે છે. જેમ કે હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, الرویا لاوّل عابرٍ. ખ્વાબ પહેલા તઅબીર બતાવનારા મુતાબિક ઉપસ્થિત થાય છે. અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવતા હતા કે ખ્વાબ કેવળ આલિમ કે પોતાના ખાસ મુખ્લિસ સામે વર્ણન કરો.

اقول وهو المستعان આ કાઈદાએ કુલ્લિયા નથી કે પ્રથમ તઅબીર બતાવવાવાળાની તઅબીરના પ્રમાણે જ ખ્વાબ અસ્તિત્વમાં આવે. એ ત્યારે છે જ્યારે પ્રથમ તઅબીર બતાવવાવાળાએ સહીહ તઅબીર બતાવી હોય. એ પણ થઈ શકે છે કે પ્રથમ તઅબીર બતાવવાવાળો ખતા કરે. જેમ કે ખુદ ઈમામ બુખારીએ એના બાદ પ્રકરણનું

ટાઈટલ રચ્યું છે કે જે એનો કાઈલ ન હોય કે ખ્વાબ પહેલી તઅબીર બતાવવાળાના માટે છે જો તે સહીહ તઅબીર ન બતાવે. એના હેઠળ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની તે હદીષ વર્ણવી છે કે એક શખ્સે હુઝૂર અક઼દસ ﷺ થી એક લાંબો ખ્વાબ વર્ણન કર્યો અને હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ એ હુઝૂર ﷺ થી એક લાંબો ખ્વાબ વર્ણન કર્યો અને હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ એ હુઝૂર ﷺ થી ઈજાઝત લઈને એની તઅબીર બતાવી અને પછી હુઝૂરને પૂછયું, યા રસૂલલ્લાહ ! મેં સહીહ તઅબીર બતાવી કે કોઈ ગલતી કરી ?! તો હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યે, થોડીક સહીહ બતાવી અને થોડીકમાં તમે ખતા કરી.

بَابُ مَنْ لَمْ يَرَ الرُّؤْيَا لِأَوَّلِ عَابِرٍ إِذَا لَمْ يُصِبْ ص ۱۰۴۳

**પ્રકરણ : "જે એ એતેક઼ાદ ન રાખે તઅબીર પહેલા મુઅબ્બિરના માટે છે જ્યારે તે સહીહ ન બતાવે."**–*(૧૦૩૪)*

**★ ખ્વાબ પહેલી તઅબીર બતાવવાવાળાના મુતાબિક઼ હોય છે ★**

**સ્પષ્ટતા** : હઝરત અનસ رضی اللہ عنہ થી એક હદીષ મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું : اَلرُّؤْيَا لِأَوَّلِ عَابِرٍ "ખ્વાબ પહેલી તઅબીર બતાવવાવાળાના મુતાબિક઼ હોય છે."

પ્રકરણનું ટાઈટલ રચીને હઝરત ઈમામ બુખારી એ બતાવવા ચાહે છે કે આ હદીષ ઝઈફ છે, પરંતુ આ હદીષના શવાહિદ (એક જ ભાવાર્થની હદીષ અલગ અલગ સનદથી રિવાયત થયેલ હોવું) અબૂ દાઊદ તથા તિર્મિઝી તથા ઈબ્ને માજહમાં હસન સનદ સાથે અને હાકિમે સહીહ દર્શાવવાની સાથે, અબૂ રઝીન તથા ઔક઼ૈલીએ મરફૂઅન્ રિવાયત કરી.

اَلرُّؤْيَا عَلٰى رِجْلِ طَائِرٍ مَالَمْ تُعَبَّرْ فَاِذَا عُبِّرَتْ وَقَعَتْ ખ્વાબ પક્ષીની પાંખ પર છે જ્યાં સુધી તઅબીર ન વર્ણવવામાં આવે, અને જ્યારે તઅબીર વર્ણન કરી દેવામાં આવે છે તો એ થઈને રહે છે.

અબૂ દાઊદનો શબ્દ અને તિર્મિઝીની રિવાયતમાં سَقَطَتْ છે. એના સમર્થનમાં ઘણી અષરો છે. પરંતુ હઝરત ઈમામ બુખારી આ પ્રકરણ હેઠળ જે હદીષ લાવ્યા છે એનાથી એ સાબિત થાય છે કે જો પ્રથમ તઅબીર બતાવવાવાળાએ સહીહ બતાવ્યું તો ખાસ કરવું જરૂરી છે કે જો પહેલી તઅબીર બતાવવાવાળાએ સહીહ તઅબીર બતાવી છે તો એના મુજબ થશે, પરંતુ જો તેણે તઅબીર બતાવવામાં ખતા કરી તો એના મુતાબિક઼ થશે નહીં.

**★ ત્રણ ખલીફાની ખિલાફત તરફ નિર્દેશ ★**

حدیث ۲۸۷۹ أَنَّ ابْنَ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا كَانَ يُحَدِّثُ اَنَّ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما હદીષ વર્ણવતા હતા કે એક શખ્સ રસૂલુલ્લાહ ﷺ ની* **[હદીષ : ૨૮૭૯]**

رَجُلًا اَتٰى رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ اِنِّىْ رَاَيْتُ اللَّيْلَةَ فِى

*ખિદમતમાં હાજર થયા અને બયાન કર્યું કે મેં આજે રાત્રે ખ્વાબમાં એક છત્રી જોયી જેનાથી ઘી તથા મધ ટપકી*

الْمَنَامِ ظُلَّةً تَنْطِفُ السَّمْنَ وَالْعَسَلَ فَاَرَى النَّاسَ يَتَكَفَّفُوْنَ مِنْهَا

*રહ્યું છે. હું લોકોને જોઈ રહ્યો છું કે પોતાની હથેળીઓમાં લઈ રહ્યા છે. કેટલાક વધારે લેવાવાળા છે અને કેટલાક*

فَالْمُسْتَكْثِرُ وَالْمُسْتَقِلُّ فَاِذَا سَبَبٌ وَاصِلٌ مِنَ الْاَرْضِ اِلَى السَّمَاءِ فَاَرَاكَ

ઓછુ લેવાવાળા. અચાનક મેં જોયું કે એક રસ્સી જમીનથી આસ્માન સુધી ખેંચાયેલી છે. મેં હુઝૂરને જોયા કે

اَخَذْتَ بِهٖ ثُمَّ اَخَذَ بِهٖ رَجُلٌ اٰخَرُ فَعَلَا بِهٖ ثُمَّ اَخَذَ بِهٖ رَجُلٌ اٰخَرُ

હુઝૂરે એને પકડી અને ઉપર ચઢી ગયા. પછી બીજા શખ્સે પકડી અને તે ઉપર ચઢી ગયો, ફરી બીજા શખ્સે પકડી

فَعَلَا بِهٖ ثُمَّ اَخَذَ بِهٖ رَجُلٌ اٰخَرُ فَانْقَطَعَ ثُمَّ وُصِلَ فَقَالَ اَبُوْبَكْرٍ

અને ઉપર ચઢી ગયો. ફરી બીજા શખ્સે પકડી તો તે કપાય ગઈ ફરી જોડી દેવામાં આવી. આ ખ્વાબ સાંભળીને

يَا رَسُوْلَ اللّٰهِ بِاَبِیْ اَنْتَ وَاللّٰهِ لَتَدَعُنِیْ فَاَعْبُرُهَا فَقَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ

હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપને અલ્લાહની કસમ ! મને છોડી દો,

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اُعْبُرْ قَالَ اَمَّا الظُّلَّةُ فَالْاِسْلَامُ وَاَمَّا الَّذِیْ يَنْطِفُ

હું એની તઅબીર વર્ણન કરું છું. નબી ﷺ એ ફર્માવ્યું, તઅબીર વર્ણવો. હઝરત અબૂબક્રએ કહ્યું, છત્રી ઈસ્લામ

مِنَ الْعَسَلِ وَالسَّمْنِ فَالْقُرْاٰنُ حَلَاوَتُهٗ تَنْطِفُ فَالْمُسْتَكْثِرُ مِنَ الْقُرْاٰنِ

છે અને એનાથી મધ તથા ઘી ટપકી રહ્યું છે એ કુર્આન છે, એની મીઠાશ ટપકી રહી છે. અમુક વધુ કુર્આન લેનારા

وَالْمُسْتَقِلُّ وَاَمَّا السَّبَبُ الْوَاصِلُ مِنَ السَّمَاءِ اِلَى الْاَرْضِ فَالْحَقُّ الَّذِیْ

છે અમુક થોડુ. અને જમીનથી આસ્માન સુધી તણાયેલી રસ્સી એ હક્ક છે જેના પર આપ છે. આપ એને પકડી

اَنْتَ عَلَيْهِ تَاْخُذُ بِهٖ لِيُرِيْكَ اللّٰهُ ثُمَّ يَاْخُذُ بِهٖ رَجُلٌ مِنْ بَعْدِكَ فَيَعْلُوْ

રાખશો ત્યાં સુધી કે અલ્લાહ તઆલા આપને બોલાવશે. પછી હુઝૂર ﷺ ના પછી બીજો શખ્સ પકડશે અને

بِهٖ ثُمَّ يَاْخُذُ رَجُلٌ اٰخَرُ فَيَعْلُوْ بِهٖ ثُمَّ يَاْخُذُهٗ رَجُلٌ اٰخَرُ فَيَنْقَطِعُ بِهٖ

એના થકી ઉપર જતો રહેશે. ફરી બીજો શખ્સ પકડશે અને એના થકી ઉપર ચાલ્યો જશે. પછી બીજો પકડશે

ثُمَّ يُوْصَلُ لَهٗ فَيَعْلُوْ بِهٖ فَاَخْبِرْنِیْ يَا رَسُوْلَ اللّٰهِ بِاَبِیْ اَنْتَ اَصَبْتُ اَمْ

અને તે કપાય જશે પછી એને જોડી દેવામાં આવશે જેના થકી તે ઉપર ચાલ્યો જશે હવે મને બતાવો

اَخْطَاْتُ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَصَبْتَ بَعْضًا وَاَخْطَاْتَ

યા રસૂલલ્લાહ ! ﷺ આપ પર મારાં માબાપ કુર્બાન ! મેં સહીહ તઅબીર બતાવી કે કાંઈ ભૂલ કરી ?!

بَعْضًا قَالَ فَوَاللّٰهِ يَا رَسُوْلَ اللّٰهِ لَتُحَدِّثَنِّيْ بِالَّذِيْ اَخْطَأْتُ قَالَ لَا تُقْسِمْ ع

*નબી ﷺએ ફર્માવ્યું, અમુક તમે ઠીક બતાવ્યું અને અમુકમાં ખતા કરી. અર્ઝ કરી, આપને અલ્લાહની કસમ ! યા રસૂલલ્લાહ ! મને બતાવો મેં શું ખતા કરી ?!"*

*(મુસ્લિમ–તઅબીર, અબૂ દાઊદ–ઐમાન વન્નુઝૂર, નિસાઈ, ઈબ્ને માજહ–રુઅ્યા)*

## હદીષ : ૨૮૭૯ની સમજૂતી

ظُلَّةٌ દરેક તે ચીજ જે તડકાથી બચાવે. છત્રી કે છાપરૂ કાંઈ પણ હોય. અહીં મુરાદ એ છે કે એક વાદળ જોવા મળ્યું જે છત્રીની જેમ હતું.

ખ્વાબમાં એ હતું કે એ છત્રીથી ઘી તથા મધ ટપકી રહ્યું છે, પણ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની તઅબીરમાં આ રિવાયતમાં કેવળ મીઠાશનો ઉલ્લેખ છે, પરંતુ બીજા તરીકામાં આ પ્રમાણે છે : أَمَّا الْعَسَلُ وَالسَّمَنُ فَالْقُرْاٰنُ فِيْ حَلَاوَةِ الْعَسَلِ وَلِيْنِ السَّمَنِ મધ તથા ઘી કુર્આનની મીઠાશ અને તેની નરમી છે.

કુર્આનની અંદર મધની મીઠાશ છે અને ઘીની નરમી. જેમ કે મધના બારામાં આવેલ છે : فِيْهِ شِفَاءٌ لِّلنَّاسِ એ જ પ્રમાણે ઘીના બારામાં પણ એક હદીષ છે : اَنَّ فِي السَّمْنِ شِفَاءً ઘીમાં શિફા છે.

હુઝૂરે અકદસ ﷺના પછી એ રસ્સીને પકડનાર હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ છે, પછી હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ, પછી ઉષ્માન ગની رضی اللہ عنہ. અને فَانْقَطَعَથી મુરાદ એ છે કે નજીક હતું કે રસ્સી કપાઈ જતી. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہથી એ જ માગણી હતી કે ખિલાફતથી બરખાસ્ત થઈ જાવ. પણ તેમણે ફર્માવ્યું, હું એનાથી બરખાસ્ત નથી થઈ શક્તો, કેમ કે રસૂલુલ્લાહ ﷺએ મને ફર્માવ્યું છે કે અલ્લાહ તઆલા તમને એક કુર્તો પહેરાવશે, લોકો ઉતરાવવા ચાહશે પણ તમે ઉતારશો નહીં. એના પર બલ્વાઈઓએ એમની સાથે જે સખ્તીઓ કરી એના પર સબ્ર કરવું આસાન કામ ન હતું. સંજોગો એવા હતા કે જો કોઈ બીજો હોત તો કદાચ ખિલાફતથી બરખાસ્ત થઈ જાત, પરંતુ આપ સાબિત કદમ રહ્યા, ત્યાં સુધી કે શહાદત પામ્યા. એટલા માટે فانقطع ثمّ وصل થી મુરાદ એ જ છે કે નજીક હતું કે રસ્સી કપાઈ જતી, પણ જોડાયેલી રહી.

આ હદીષમાં કેવળ ثُمَّ وُصِلَ છે. એનાથી હઝરત ઈમામ કાઝી અયાઝ સુદ્ધાંને એ શંકા થઈ કે ثُمَّ وُصِلَથી મુરાદ હઝરત અલીની ખિલાફત છે, અને فَانْقَطَعَ હઝરત ઉષ્માનની શહાદત رضی اللہ عنہما. પરંતુ અલ્લામતૈન જલીલતૈન (બે જલીલુલ કદ્ર અલ્લામા) અસ્કલાની તથા અયની એના પર એકમત છે કે એનાથી મુરાદ કેવળ હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ છે. એટલા માટે કે ખુદ બુખારીમાં અબૂ ઝર અને નસફીની રિવાયતમાં وُصِلَ لَهٗ પછી મુસ્લિમમાં, તિર્મિઝીમાં, નિસાઈમાં, ઈબ્ને માજહમાં, મુસ્નદે ઈમામ અહમદમાં, દારમીમાં, અબૂ અવાનામાં, સૌમાં અને સલ્માન બિન કષીરની રિવાયતમાં فَوُصِلَ لَهٗ فَاتَّصَلَ છે. એટલા માટે નિશ્ચિત છે કે એનાથી મુરાદ હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ જ છે. અમીરુલ મો'મિનીન મૌલલ્ મુસ્લિમીન હઝરત અલી رضی اللہ عنہનો ઉલ્લેખ આ ખ્વાબમાં નથી.

અમુક શરહકર્તાઓએ સંભાવના રૂપે એ વર્ણવ્યું છે કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہથી ખ્વાબની તઅબીરમાં આ ખતા થઈ છે. હું એને જરૂરત વગરનું સમજુ છું અને એમાં અદબ વિરુદ્ધનું પાસુ પણ છે. હઝરત સિદ્દીકે

અકબર رضی اللہ عنہએ હુઝૂરે અક્દસ ﷺને ક્સમ અપાવી છતાં પણ હુઝૂરે તેમની ક્સમ પૂરી નથી ફર્માવી બલ્કે મના કરી આપ્યું કે ક્સમ ન આપો, જ્યારે કે ક્સમ પૂરી કરવાનો હુકમ ખુદ હુઝૂરે અક્દસ ﷺએ આપ્યો છે. એનો ખુલાસો એ છે કે દરેક ક્સમ પૂરી કરવી જરૂરી નથી. ખ્વાબની તઅબીર સ્પષ્ટપણે વર્ણન કરવામાં કોઈ એવી વાત રહી હશે જેને જાહેર કરવું સારું ન હતું. એટલા માટે હુઝૂરે મના ફર્માવી આપ્યું. لَا تُقْسِمْ ખુલાસામાં અમુક હઝરાતે ફર્માવ્યું કે બીજીવાર ક્સમ ન આપશો, પરંતુ એની જરૂરત નથી. મુહાવરો છે કે જ્યારે કોઈ શખ્સ કોઈ કામના માટે ક્સમ આપે છે અને જેને સંબોધન કર્યું હોય તે એ જ મસ્લેહત જાણે છે કે એ કામ નથી કરવું, તો કહે છે ક્સમ ન આપો.

આ હદીષમાં એ મતભેદ છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી કે બંનેવ હઝરાતથી. એ જ પ્રમાણે મરવી છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરે છે જેની તફસીલ باب رُؤْيَا اللَّيْلમાં વર્ણન થઈ ચૂકી કે ઓહદથી પરત થતી વખતે આ ખ્વાબ જોનારા સાહબ હાજર થયા હતા. અને ગઝવએ ઓહદ હિ.સ. ૩માં શવ્વાલમાં થયો છે, એ સમયે ન હઝરત ઈબ્ને અબ્બાસ મદીના તયબહમાં હતા ન હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہما. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما હિજરતના ત્રણ વરસ પહેલાં પેદા થયા હતા અને ગઝવએ ઓહદના સમયે મક્કા મોઅઝ્ઝમામાં હતા. અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ગઝવએ ખૈબરના મોક્ા પર ખિદમતે અક્દસમાં હાજર થયા હતા. અને મરાસીલે સહાબા (સહાબાએ કિરામની મુર્સલ હદીષો) એકમતિએ દલીલ છે.

بسم الله الرحمن الرحيم

# كتاب الفتن ١٠٤٥

**'કિતાબુલ્ ફિતન' (ફિત્નાઓ વિશે પ્રકરણ)** –(૧૦૪૫)

**સ્પષ્ટતા :** આ فِتْنَةٌનું બહુવચન. એનો અસલ અર્થ આજમાઈશ છે. જેમ કે કુર્આન મજીદમાં છે કે હઝરત મૂસા عليه السلامએ બારગાહે ખુદાવંદીમાં અર્ઝ કરી, اِنْ هِيَ اِلَّا فِتْنَتُكَ આ તારી જ આજમાઈશ છે. કેમ કે આજમાઈશમાં કેટલીક મુશ્કેલી, કઠણાઈ તથા તકલીફ જરૂરથી હોય છે, એટલા માટે એનો સામાન્ય ઉપયોગ અઝાબ, બેઈજ્જતી, તકલીફ તથા નાપસંદીદા કામોમાં થાય છે અને તેના સબબોમાં કોઈ રંજો ગમ અલ્લાહ તરફથી હોય અથવા દીનના મામલામાં હોય તો તે મહમૂદ (પસંદીદા) છે, અને જો દીનના માટે નુકસાનકર્તા કે મુસલમાનોના માટે તકલીફ, બેચૈની, બર્બાદીનો સબબ હોય તો ટીકાપાત્ર છે.

**પ્રકરણ :"તમે લોકો મારા પછી કેટલીક એવી વાતો જોશો જે તમને નાપસંદ હશે."** –(૧૦૪૫)

باب قول النبي صلى الله تعالى عليه وسلم ستروون بعدي امورا تنكرونها ١٠٤٥

**સ્પષ્ટતા :** આ હદીષનો ટુકડો છે જેને ઈમામ બુખારીએ "અલામાતે નબુવ્વત" અને પછી આ પ્રકરણ હેઠળ વર્ણન કર્યો છે. એનો સંપૂર્ણ ખુલાસો અલામાતે નબુવ્વતમાં વર્ણન થઈ ચૂક્યો છે.

**★ જે શખ્સ જમાઅતથી વેંતભર દૂર થયો ★**

حديث ٢٨٨٠ **[હદીષ : ૨૮૮૦]** سمعت ابن عباس رضي الله تعالى عنهما عن النبي صلى الله

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما નબી صلى الله عليه وسلمથી રિવાયત કરે છે કે ફર્માવ્યું, જેણે પોતાના અમીરની તરફથી કોઈ*

تعالى عليه وسلم قال من رأى من اميره شيئا يكرهه فليصبر عليه فانه

*વાત જોયી અને તે એને નાપસંદ હોય તો તે સબ્ર કરે. એટલા માટે કે જે શખ્સ જમાઅતથી એક વેંત પણ અલગ*

من فارق الجماعة شبرا فمات الا مات ميتة جاهلية عه

*થયો અને એના પર મરી ગયો તો તે જાહિલિયતની મૌત મરશે."* (બુખારી–અહકામ, ૨/૧૦૫૭, મુસ્લિમ મગાઝી)

**હદીષ : ૨૮૮૦ની સમજૂતી**

એટલે કે શરઈ કારણ વિના ઈસ્લામી સુલ્તાનથી બગાવત હરામ છે. એની તફસીલ ફિક્હની કિતાબો તથા

અક઼ાઈદની કિતાબોમાં મૌજૂદ છે. સુલ્તાન જ્યાં સુધી ઈસ્લામથી ખારિજ ન થઈ જાય અથવા ગુમરાહી ફેલાવવાની તલ્વારના જોરે કોશિશ ન કરે ત્યાં સુધી તેની વિરુદ્ધ એલાને જંગની ઈજાઝત નથી.

જાહિલિય્યતની મૌતથી મુરાદ એ છે કે ગુનેહગાર થઈને મર્યો, એ મુરાદ નથી કે તે કાફિર થઈ ગયો.

حدیث ۲۸۸۱ عَنْ جُنَادَةَ بْنِ اَبِیْ اُمَیَّةَ قَالَ دَخَلْنَا عَلٰی عُبَادَةَ بْنِ الصَّامِتِ

*"જુનાદા બિન ઉમૈયાએ કહ્યું, અમે ઓબાદા બિન સામિત રضی اللہ عنہ ની પાસે હાજર થયા,* **[હદીષ : ૨૮૮૧]**

رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ وَھُوَ مَرِیْضٌ قُلْنَا اَصْلَحَكَ اللّٰہُ حَدِّثْنَا بِحَدِیْثٍ

*તે બીમાર હતા અમે તેમને વિનંતિ કરી, અલ્લાહ તઆલા આપને ભલાઈ બખ્શે અમને કોઈ હદીષ વર્ણવો, જેના*

یَنْفَعُكَ اللّٰہُ بِہٖ سَمِعْتَہٗ مِنَ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ

*ઝરીઆ અલ્લાહ તઆલા આપને ફાયદો અતા કરે જેને આપે નબી ﷺ થી સાંભળી હોય. તેમણે કહ્યું, અમને*

دَعَانَا النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَبَایَعْنَاہُ فَقَالَ فِیْمَ اَخَذَ عَلَیْنَا

*નબી ﷺ એ બોલાવ્યા અથવા તો અમે હુઝૂરથી બયઅત કરી. હુઝૂરે અમને અમીરની વાત સાંભળવા તથા*

اَنْ بَایَعْنَا عَلَی السَّمْعِ وَالطَّاعَۃِ فِیْ مَنْشَطِنَا وَمَکْرَھِنَا وَعُسْرِنَا وَیُسْرِنَا

*માનવા પર બયઅત લીધી, અમને એ વાત પસંદ હોય કે નાપસંદ હોય, અમે તંગીમાં હોય કે રાહતમાં, ભલે*

وَاَثَرَۃٍ عَلَیْنَا وَاَنْ لَّا نُنَازِعَ الْاَمْرَ اَھْلَہٗ اِلَّا اَنْ تَرَوْا کُفْرًا بَوَاحًا

*અમારા પર બીજાઓને અગ્રતા આપવામાં આવતી હોય, અને હુકૂમત લાયકના હાથમાં હોય તો તેનાથી ઝઘડો*

عِنْدَکُمْ مِنَ اللّٰہِ فِیْہِ بُرْھَانٌ

*ન કરીએ, પણ એ કે તમે ચોખ્ખુ કુફ્ર જુઓ જેના પર તમારી પાસે અલ્લાહની તરફથી બુરહાન (દલીલ) હોય."*

*(મુસ્લિમ–મગ઼ાઝી)*

### હદીષ : ૨૮૮૧ની સમજૂતી

આ હદીષથી સાબિત થયું કે જો સુલ્તાન અથવા ખલીફાએ ઈસ્લામ ફિસ્કો ફુજૂર અને ગુનાહોમાં પડી જાય તો તેની સાથે જંગ જાઈઝ નથી, અને જ્યારે કુફ્ર કરી બેસે અને શક્તિ હોય તો (જંગ) વાજિબ છે. અલ્બત્ત પ્રથમ તો ફાસિક઼ને ખલીફા બનાવવું જાઈઝ નથી.

## بَابُ ظُهُوْرِ الْفِتَنِ ص١٠٤٦

**પ્રકરણ : "ફિત્નાઓનું જાહેર થવું." –(૧૦૪૬)**

حديث ٢٨٨٢ عَنْ شَقِيْقٍ قَالَ كُنْتُ مَعَ عَبْدِ اللّٰهِ وَاَبِيْ مُوْسٰى رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

*"શફીકે કહ્યું, હું અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ તથા અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہما ની* **[હદીષ : ૨૮૮૨]**

فَقَالَا قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّ بَيْنَ يَدَيِ السَّاعَةِ لَاَيَّامًا يَنْزِلُ

*ખિદમતમાં હાજર હતો કે બંનેવે કહ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું, કયામતથી પહેલાં એક જમાનો એવો આવશે*

فِيْهَا الْجَهْلُ وَيُرْفَعُ فِيْهَا الْعِلْمُ وَيَكْثُرُ فِيْهَا الْهَرْجُ وَالْهَرْجُ الْقَتْلُ

*જેમાં જેહાલત ઉતરી આવશે અને ઈલ્મ ઉઠાવી લેવામાં આવશે અને એમાં ખૂન ખૂબ જ અધિક પ્રમાણમાં થશે."*

**હદીષ : ૨૮૮૨ની સમજૂતી** જહલને ઉતારવાથી મુરાદ એ છે કે ઈલ્મે દીનથી લોકો વંચિત હશે, અને ઈલ્મ ઉઠાવવાથી મુરાદ એ છે કે ઉલમા બાકી રહેશે નહીં. هَرْجٌ હબ્શી ભાષાનો શબ્દ છે જેનો અર્થ ખૂન છે. આ હદીષ અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ અને હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہما બંનેવથી મરવી છે. અને અમુક રિવાયતોમાં કેવળ હઝરત અબૂ મૂસાથી અને અમુકમાં કેવળ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદથી.

**★ બદતરીન લોકો કોણ ? ★**

ت ٨٣٦ قَالَ ابْنُ مَسْعُوْدٍ سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે મેં નબી ﷺ થી સાંભળ્યું* **[તઅલીક઼ : ૮૩૬]**

مِنْ شَرَارِ النَّاسِ مَنْ تُدْرِكُهُمُ السَّاعَةُ وَهُمْ اَحْيَاءٌ

*કે ફર્માવતા હતા, બદ્તરીન લોકો તે છે કે જેમની જિંદગીમાં કયામત આવે."*

**તઅલીક઼ : ૮૩૬ની સમજૂતી**

એ પાછલી સનદની સાથે મરવી છે. તઅલીક઼ નથી. આ હદીષથી સાબિત થયું કે **કયામત રચાશે તે વખતે પૃથ્વીના પટ ઉપર કોઈ મુસલમાન રહેશે નહીં, કેવળ કાફિરો પર કયામત આવશે.** તેમજ આ હદીષથી સાબિત થયું કે **કાફિરો તથા મુનાફિકો બદ્તરીન મખ્લૂક છે.**

ઈબ્ને બત્તાલે કહ્યું કે આ મોટાભાગનાના હિસાબે છે, નહીં તો કયામત રચાશે ત્યારે પણ કેટલાક મુસલમાન હક઼ પર રહેશે. જેની દલીલ આ હદીષ છે. ફર્માવ્યું :–

لَا يَزَالُ طَائِفَةٌ مِنْ اُمَّتِيْ مَنْصُوْرِيْنَ لَا يَضُرُّهُمْ مَنْ خَذَلَهُمْ حَتّٰى يَقُوْمَ السَّاعَةُ.

"મારી ઉમ્મતનો એક ગિરોહ હમેશાં ફતહયાબ (વિજયી) રહેશે, તેના વિરોધીઓ તેનું કાંઈ બગાડી શકશે નહીં, ત્યાં સુધી કે કયામત રચાઈ જશે."

**પ્રકરણ : "દરેક બાદવાળો જમાનો પહેલાથી બદ્તર છે."** –(૧૦૪૭)

بَابٌ لَا يَأْتِي زَمَانٌ إِلَّا الَّذِي بَعْدَهُ شَرٌّ مِنْهُ - ص ۱۰۴۷

۲۸۸۳ حدیث عَنِ الزُّبَيْرِ بْنِ عَدِيٍّ قَالَ أَتَيْنَا أَنَسَ بْنَ مَالِكٍ فَشَكَوْنَا إِلَيْهِ مَا يَلْقَوْنَ

**[હદીષ : ૨૮૮૩]** *"ઝુબૈર બિન અદીએ કહ્યું કે અમે હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ની ખિદમતમાં*

مِنَ الْحَجَّاجِ فَقَالَ اِصْبِرُوْا فَإِنَّهُ لَا يَأْتِيْ عَلَيْكُمْ زَمَانٌ إِلَّا الَّذِيْ بَعْدَهُ شَرٌّ مِنْهُ

*હાજર થયા. અમે તેમને હજ્જાજના જુલ્મોની શિકાયત કરી. તો ફર્માવ્યું, સબ્ર કરો એટલા માટે કે દરેક*

حَتّٰى تَلْقَوْا رَبَّكُمْ سَمِعْتُهُ مِنْ نَبِيِّكُمْ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*બાદવાળો જમાનો પહેલા કરતાં બદ્તર આવશે, ત્યાં સુધી કે તમે તમારા પરવરદિગારથી મુલાક઼ાત કરશો.*

*મેં આને તમારા નબી صلی اللہ علیہ وسلم થી સાંભળ્યું છે." (તિર્મિઝી–ફિતન)*

**હદીષ : ૨૮૮૩ની સમજૂતી**

ઈમામ શઅબીએ ફર્માવ્યું કે હઝરત ઉમર رضی اللہ عنہ જ્યારે કોઈ મુજરિમને પકડતા તો તેને લોકોની સામે ઉભો કરી દેતા અને એનો અમામો ઉતારી લેતા. એમના પછી પણ એક અરસા સુધી એ જ રહ્યું. જ્યારે ઝિયાદ ગવર્નર બન્યો તેણે કોરડાઓની સજા આપી. ત્યાર બાદ મુસ્અબ બિન ઝુબૈરે દાઢી મૂંડવાની સજા આપી. બુશ્ર ઈબ્ને મરવાને મુજરિમની હથેળીમાં ખીલી ઠોકી. પરંતુ જ્યારે હજ્જાજ આવ્યો તો તેણે કહ્યું, આ સૌ ખેલ છે ! તેણે તલ્વારથી કામ લીધું.

**પ્રકરણ : "જે અમારા પર હથિયાર ઉઠાવે તે અમારામાંથી નથી."** –(૧૦૪૭)

بَابُ قَوْلِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ حَمَلَ عَلَيْنَا السِّلَاحَ فَلَيْسَ مِنَّا - ص ۱۰۴۷

۲۸۸۴ حدیث عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا أَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

**[હદીષ : ૨૮૮૪]** *"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,*

عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ حَمَلَ عَلَيْنَا السِّلَاحَ فَلَيْسَ مِنَّا

*જે અમારા પર હથિયાર ઉઠાવે તે અમારામાં નથી." (મુસ્લિમ–ઈમાન, નિસાઈ–મુહારિબા)*

۲۸۸۵ حدیث عَنْ أَبِيْ مُوْسٰى رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

**[હદીષ : ૨૮૮૫]** *"હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,*

وَسَلَّمَ قَالَ مَنْ حَمَلَ عَلَيْنَا السِّلَاحَ فَلَيْسَ مِنَّا

*જે અમારા પર હથિયાર ઉઠાવે તે અમારામાંથી નથી." (મુસ્લિમ–ઈમાન, તિર્મિઝી–હુદૂદ, ઈબ્ને માજહ–હુદૂદ)*

**હદીષ : ૨૮૮૫ની સમજૂતી** એનાથી મુરાદ એ છે કે શરઈ કારણ વિના નાહક્ક્ કોઈ મુસલમાન સાથે લડવા માટે હથિયાર ઉઠાવે. فليس منّا થી મુરાદ એ છે કે તે અમારા તરીક્ા પર નથી.

૨૮૮૬ حديث عَنْ هَمَّامٍ سَمِعْتُ اَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

*"હમ્મામથી રિવાયત છે કે મેં હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી સાંભળ્યું કે નબી ﷺ એ* **[હદીષ : ૨૮૮૬]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا يُشِيْرُ اَحَدُكُمْ عَلٰى اَخِيْهِ بِالسِّلَاحِ فَاِنَّهُ لَا يَدْرِيْ لَعَلَّ

*ફર્માવ્યું કે તમારામાંથી કોઈ પોતાના ભાઈ પર હથિયાર વડે ઈશારો ન કરે, એટલા માટે કે તે*

الشَّيْطَانَ يَنْزِعُ فِيْ يَدِهٖ فَيَقَعُ فِيْ حُفْرَةٍ مِّنَ النَّارِ۔

*નથી જાણતો શૈતાન કદાચ તેના હાથમાં ચૂંટી ખણી લે અને તે જહન્નમના ખાડામાં પડી જાય."*

**હદીષ : ૨૮૮૬ની સમજૂતી** સનદના શરૂમાં હતું حد ثنا هشام عن الحسن મુહમ્મદ કોણ છે ? અલ્લામા કિર્માની તથા અબૂ અલી જિબાઈએ ફર્માવ્યું, આ મુહમ્મદ બિન યહયા ઝુહ્લી છે. અને અલ્લામા ઈબ્ને હજર અસ્ક્લાનીએ ફર્માવ્યું કે એની પણ સંભાવના છે કે તે મુહમ્મદ બિન રાફેઅ હોય, એટલા માટે કે મુસ્લિમમાં એમાનાથી જ મરવી છે. *(મુસ્લિમ–અદબ)*

હદીષનો મતલબ એ છે કે કોઈ મુસલમાનની તરફ હથિયારથી ઈશારો કર્યો અને કોઈ કારણે તે હથિયાર તેને વાગી બેસે જેનાથી તે ઝખ્મી થઈ ગયો કે મરી ગયો, તો ઈશારો કરનારો મુજરિમ ઠરશે. એવા ઘણા કિ્સ્સા છે. લોકોએ બંદૂક ખાલી સમજીને ઉઠાવી અને ચલાવી દીધી અને માણસ મરી ગયો.

તિર્મિઝીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી રિવાયત છે કે હુઝૂરે અક્દસ ﷺ એ ફર્માવ્યું, **જે પોતાના ભાઈની તરફ લોખંડથી ઈશારો કરે તેના પર ફરિશ્તા લઅનત કરે છે.**

## بَابٌ اِذَا الْتَقَى الْمُسْلِمَانِ بِسَيْفَيْهِمَا

**પ્રકરણ : "જ્યારે બે મુસલમાન પોતાની તલ્વારો સાથે ટકરાય."** *–(૧૦૪૮)*

૨૮૮૭ حديث حَدَّثَنَا حَمَّادٌ عَنْ رَجُلٍ لَمْ يُسَمِّهٖ عَنِ الْحَسَنِ قَالَ خَرَجْتُ

*"અમને હમ્માદે હદીષ વર્ણવી એક શખ્સે રિવાયત કરતાં, તેનું નામ તેમણે ન લીધું.* **[હદીષ : ૨૮૮૭]**

بِسِلَاحِيْ لَيَالِيَ الْفِتْنَةِ فَاسْتَقْبَلَنِيْ اَبُوْبَكْرَةَ فَقَالَ اَيْنَ تُرِيْدُ قُلْتُ اُرِيْدُ نُصْرَةَ ابْنِ

*હસન બસરી رضي الله عنه થી રિવાયત કરતાં તે શખ્સે કહ્યું, ફિ્ત્નાના દિવસોમાં હું મારા હથિયારની સાથે નીકળ્યો તો*

عَمْرٍ رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ

*મારી મુલાક઼ાત અબૂબકથી થઈ. તેમણે પૂછયું, ક્યાંનો ઈરાદો છે ? રસૂલુલ્લાહ ﷺના કાકાના પુત્રની મદદનો*

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِذَا تَوَاجَہَ الْمُسْلِمَانِ بِسَیْفَیْہِمَا فَکِلَاھُمَا مِنْ اَھْلِ النَّارِ

*ઈરાદો ધરાવું છું. અબૂબકએ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે* ***જ્યારે બે મુસલમાન એકબીજાને પોતાની***

قِیْلَ ھٰذَا الْقَاتِلُ وَمَا بَالُ الْمَقْتُوْلِ قَالَ اِنَّہٗ قَدْ اَرَادَ قَتْلَ صَاحِبِہٖ۔

***તલ્વારોથી મારે તો બંનેવ જહન્નમીઓમાંથી છે.*** *અર્ઝ કરવામાં આવી, એ ક઼ાતિલ છે, મક઼તૂલ (ક઼ત્લ*

قَالَ حَمَّادُ بْنُ زَیْدٍ فَذَکَرْتُ ھٰذَا الْحَدِیْثَ لِاَیُّوْبَ وَیُوْنُسَ بْنِ عُبَیْدٍ

*થનાર)નો શો ક઼ુસૂર છે ? ફર્માવ્યું,* ***તેણે પોતાની સામેવાળાના ક઼ત્લનો ઈરાદો કર્યો હતો.*** *હમ્માદ બિન*

وَاَنَا اُرِیْدُ اَنْ یُّحَدِّثَانِیْ بِہٖ فَقَالَ اِنَّمَا رَوٰی ھٰذَا الْحَسَنُ عَنِ الْاَحْنَفِ

*ઝયદે કહ્યું, મેં આ હદીષને ઐયૂબ તથા યૂનુસ બિન ઓબૈદથી વર્ણન કરી. મારો મક઼સદ એ હતો કે એ હદીષને*

بْنِ قَیْسٍ عَنْ اَبِیْ بَکْرَۃَ

*બંનેવ મારાથી વર્ણવે. એ બંનેવે કહ્યું, એને હસને અહનફ ઈબ્ને ક઼ૈસથી રિવાયત કરી, તેમણે અબૂબકથી.''*

## હદીષ : ૨૮૮૭ની સમજૂતી

عن رجل હાફિઝ મઝીના તહઝીબથી અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ નક઼લ કર્યું, આ મોઅતઝલાનો શયખ અમ્ર બિન ઓબૈદ હતો. તેની યાદશક્તિ કમજોર હતી. તલ્વીહ વ તવઝીહના લેખકે કહ્યું કે હિશામ બિન હસ્સાન અબૂ અબ્દુલ્લાહ ફિરદોસ હતો. બીજીનું સમર્થન ઈસ્માઈલની રિવાયતથી થાય છે, જેમાં حد ثنا هشام عن الحسن છે અને નિસાઈની રિવાયતથી પણ. આ રિવાયતમાં એ ખરાબી છે કે عن الحسن قال થી જાહેર થાય છે કે ''ક઼ાલ''ની ઝમીર ગાઈબનો મરજઅ હસન બસરી છે. જ્યારે કે એવું નથી. ક઼ૌલ હઝરત અહનફ બિન ક઼ૈસ رضی اللہ عنہનો છે. જેવું કે બાદમાં ખુદ ઈમામ બુખારીએ એને સ્પષ્ટ કરી આપ્યું છે. આ સનદ ઈન્ક઼ેતાઅ (વચ્ચે બ્રેક) છે. فی فتنة લયાથી મુરાદ જંગે જુમલ તથા જંગે સિફ્ફીનના દિવસો.

અહલે સુન્નતની એના પર એકમતિ છે કે જંગે જુમલ તથા જંગે સિફ્ફીન બંનેવમાં હક્ક઼ હઝરત મૌલલ મુસ્લિમીન અમીરુલ મો'મિનીન હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہની સાથે હતું અને એમના સામે જંગ કરવાવાળા ખતા પર હતા. પણ કેમ કે એમની ખતા ઈજતેહાદી હતી જેના પર પકડ નથી. હઝરત અબૂબક رضی اللہ عنہએ જે હદીષ વર્ણન કરી તે હક્ક઼ છે અને એનાથી મુરાદ શરઈ કારણ વિના લડવું છે. અલ્બત્ત, આ મોક઼ા પર હઝરત અબૂબક رضی اللہ عنہનું આ હદીષને વર્ણન કરવું અસ્થાને છે, આ તેમની ખતા હતી.

## بَابُ التَّعَرُّبِ فِي الْفِتْنَةِ صـ ١٠٥٠

**પ્રકરણ : "ફિત્નાના જમાનામાં ગામડામાં રહેવું."** –(૧૦૫૦)

حدیث ۲۸۸۸ عَنْ سَلَمَةَ بْنِ الْاَكْوَعِ اَنَّهٗ دَخَلَ عَلَى الْحَجَّاجِ فَقَالَ يَا ابْنَ

*"હઝરત સલમા બિન અકૂઅ رضی اللہ عنہ થી રિવાયત છે કે મારી પાસે હજ્જાજ આવ્યો અને* **[હદીષ : ૨૮૮૮]**

الْاَكْوَعِ اِرْتَدَدْتَ عَلٰى عَقِبَيْكَ تَعَرَّبْتَ قَالَ لَا وَلٰكِنْ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

*કહ્યું, હે ઈબ્ને અકૂઅ ! પોતાની એડીઓ પર પલટી ગયા ! ગામમાં વસી ગયા ! તો તેમણે ફર્માવ્યું, નહીં !*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَذِنَ لِيْ فِي الْبَدْوِ - وَعَنْ يَزِيْدَ بْنِ اَبِيْ عُبَيْدٍ قَالَ لَمَّا قُتِلَ

*પરંતુ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ મને ગામડામાં રહેવાની ઈજાઝત આપી છે અને યઝીદ બિન અબી ઓબૈદથી જ*

عُثْمَانُ بْنُ عَفَّانَ خَرَجَ سَلَمَةُ بْنُ الْاَكْوَعِ اِلَى الرَّبَذَةِ وَتَزَوَّجَ هُنَاكَ امْرَاَةً

*રિવાયત છે કે તેમણે કહ્યું, જ્યારે હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાન رضی اللہ عنہ શહીદ કરી દેવામાં આવ્યા તો સલમા*

وَوَلَدَتْ لَهٗ اَوْلَادًا فَلَمْ يَزَلْ بِهَا حَتّٰى قَبْلَ اَنْ يَّمُوْتَ بِلَيَالٍ فَنَزَلَ

*બિન અકૂઅ رضی اللہ عنہ રબઝા ચાલ્યા ગયા અને ત્યાં એક સ્ત્રી સાથે શાદી કરી લીધી જેનાથી ઔલાદ થઈ અને*

الْمَدِيْنَةَ

*તે ત્યાં જ રહ્યા, વફાતથી થોડાક દિવસ પહેલાં મદીના આવ્યા." (મુસ્લિમ–મગ઼ાઝી, નિસાઈ–બયઅત)*

**હદીષ : ૨૮૮૮ની સમજૂતી** ★ **લડાઈ શરૂમાં જવાન સ્ત્રી હોય છે** ★

હજ્જાજના કહેવાનો મતલબ વ્યંગ હતો. કેમ કે મદીના દારુલ હિજરત હતું, ત્યાંનો વસવાટ છોડીને તે રબઝા ચાલ્યા ગયા એના પર એણે કટાક્ષ કર્યો.

## بَابُ التَّعَرُّبِ فِي الْفِتْنَةِ صـ ١٠٥١

**પ્રકરણ : "તે ફિત્નો જે સમુદ્રની મોજની તરફ ઉઠે"** –(૧૦૫૧)

ت ۸۳۷ وَقَالَ ابْنُ عُيَيْنَةَ عَنْ خَلَفِ بْنِ حَوْشَبٍ قَالَ كَانُوْا يَسْتَحِبُّوْنَ

*"ખલફ બિન હવશબે કહ્યું કે ફિત્નાઓના સમયે લોકો આ શેઅરોને* **[તઅલીક઼ : ૮૩૭]**

اَنْ يَّتَمَثَّلُوْا بِهٰذِهِ الْاَبْيَاتِ عِنْدَ الْفِتَنِ

*પઢવું પસંદ કરતા હતા."*

| تَسْعٰى بِزِيْنَتِهَا لِكُلِّ جَهُوْلٍ | اَلْحَرْبُ اَوَّلُ مَاتَكُوْنُ فُتَيَّةٌ |
| --- | --- |
| ''પોતાના શણગારની સાથે દરેક નાદાનની પાસે દોડે છે'' | ''લડાઈ શરૂમાં જવાન સ્ત્રી હોય છે'' |
| وَلَّتْ عَجُوْزًا غَيْرَ ذَاتِ حَلِيْلٍ | حَتّٰى اِذَا اشْتَعَلَتْ وَشَبَّ ضِرَامُهَا |
| ''એ વૃદ્ધાની જેમ પીઠ ફેરવીને નાસે છે જેનો કોઈ પતિ નથી'' | ''ત્યાં સુધી કે જ્યારે આવેશમાં આવીને ભડકી ઉઠે છે'' |
| مَكْرُوْهَةً لِلشَّمِّ وَالتَّقْبِيْلِ | شَمْطَاءُ يُنْكَرُ لَوْنُهَا وَتَغَيَّرَتْ |
| ''જેને સૂંઘવુ તથા જેને બોસો લેવું નાપસંદ થઈ ગયું'' | ''જેના વાળ ખચરી (કાળા ધોળા મિક્સ) થઈ ગયા અને રંગ બગડી ગયો'' |

**તઅલીક઼ : ૮૩૭ની સમજૂતી** આ શેઅરો ઈમ્રઉલ કૈસના છે, જેવું કે અબૂઝરના નુસ્ખામાં છે, પરંતુ સહીહ એ છે કે આ શેઅરો અમ્ર બિન મઅદી કરબ ઝયદીના છે, જેવું કે મુબરદે કામિલમાં લખ્યું છે. જેનો સાર એ છે કે શરૂ શરૂમાં લડાઈ ઘણી સારી લાગે છે પરંતુ પરિણામ અફસોસ તથા હસ્રત છે.

**પ્રકરણ : –(૧૦૫૨)** بَابٌ ص ١٠٥٢

حدیث ٢٨٨٩ سَمِعْتُ اَبَا وَائِلٍ يَقُوْلُ دَخَلَ اَبُوْمُوْسٰى وَاَبُوْمَسْعُوْدٍ عَلٰى عَمَّارٍ

''અબૂ વાઈલ કહે છે કે અબૂ મૂસા તથા અબૂ મસ્ઊદ અમ્મારની પાસે **[હદીષ : ૨૮૮૯]**

حَيْثُ بَعَثَهُ عَلِيٌّ اِلٰى اَهْلِ الْكُوْفَةِ يَسْتَنْفِرُهُمْ فَقَالَا مَا رَاَيْنَاكَ اَتَيْتَ اَمْرًا

આવ્યા (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) જે વખતે હઝરત અલી رضی اللہ عنہ એ એમને કૂફાવાળાઓની પાસે મોકલ્યા હતા, કે તેમને

اَكْرَهَ عِنْدَنَا مِنْ اِسْرَاعِكَ فِيْ هٰذَا الْاَمْرِ مُنْذُ اَسْلَمْتَ فَقَالَ عَمَّارٌ مَا رَاَيْتُ

લડાઈ માટે તૈયાર કરે. તે બંનેવે કહ્યું, હે અમ્માર ! જ્યારથી તમે મુસલમાન થયા આ મામલામાં જલ્દી કરવાથી

مِنْكُمَا مُنْذُ اَسْلَمْتُمَا اَمْرًا اَكْرَهَ عِنْدِيْ مِنْ اِبْطَائِكُمَا عَنْ هٰذَا الْاَمْرِ وَكَسَاهُمَا

અધિક નાપસંદીદા કામ તમારું અમે કોઈ નથી જોયું. એના પર અમ્મારે કહ્યું, જ્યારથી તમે બંનેવ મુસલમાન

حُلَّةً حُلَّةً ثُمَّ رَاحُوْا اِلَى الْمَسْجِدِ

થયા તમારા લોકોનું કોઈ કામ મારા નજીક એનાથી વધુ નાપસંદીદા નથી કે તમે લોકોએ આ મામલામાં

મોડુ કર્યું. હઝરત અબૂ મસ્ઊદે તે બંનેવને એક એક જોડ પહેરાવી પછી સૌ મસ્જિદે ગયા.''

**હદીષ : ૨૮૮૯ની સમજૂતી**

હઝરત મૌલલ્ મુસ્લિમીન અમીરુલ મો'મિનીન અલી رضی اللہ عنہ ને ખબર મળી કે હઝરત તલ્હા અને ઝુબૈર

رضی اللہ عنہاએ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاને સાથે લઈને બસરામાં ત્રીસ હજારનું લશ્કર એકઠુ કર્યું કે હઝરત ઉષ્માન رضی اللہ عنہનો કેસાસ લેવામાં આવે. તો હઝરત અલી رضی اللہ عنہએ હઝરત અમ્માર તથા મોટા સાહબઝાદા હઝરત હસન رضی اللہ عنہને કૂફા મોકલ્યા. એ વખતે હઝરત અલી رضی اللہ عنہ મદીના તયબહમાં હતા. એ વખતનો આ કિસ્સો છે. એના બાદ આ જ લખાણ અબૂ વાઈલથી પણ મરવી છે. એમાં એ છે કે અબૂ મસઊદે હઝરત અમ્મારને કહ્યું, તમને છોડીને જો હું ચાહું તો કહું. અને છેવટમાં છે કે હઝરત અબૂ મસઊદ માલદાર હતા. તેમણે પોતાના ગુલામ પાસે બે જોડ (હુલ્લા–જબ્બા) મંગાવીને એક અબૂ મૂસાને અને એક અમ્મારને આપ્યો. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

**પ્રકરણ : "જ્યારે અલ્લાહ તઆલા કોઈ કૌમ પર અઝાબ નાઝિલ ફર્માવે." –(૧૦૫૩)**

بَابٌ إِذَا أَنْزَلَ اللّٰهُ بِقَوْمٍ عَذَابًا۔ ص ۱۰۵۳

حدیث ۲۸۹۰ أَخْبَرَنِي حَمْزَةُ بْنُ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ أَنَّهُ سَمِعَ ابْنَ عُمَرَ رَضِيَ اللّٰهُ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما કહેતા હતા કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું,* **[હદીષ : ૨૮૯૦]**

تَعَالَى عَنْهُمَا يَقُولُ قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أَنْزَلَ اللّٰهُ بِقَوْمٍ

*જ્યારે અલ્લાહ તઆલા કોઈ કૌમ પર અઝાબ નાઝિલ ફર્માવે છે તો અઝાબ દરેક તે શખ્સ પર પહોંચે*

عَذَابًا أَصَابَ الْعَذَابُ مَنْ كَانَ فِيهِمْ ثُمَّ بُعِثُوا عَلَى أَعْمَالِهِمْ ؏

*છે જે એમનામાં હોય છે. પછી તેઓ પોતાના અમલો પર ઉઠાવવામાં આવશે." (મુસ્લિમ–સિફતુન્નાર)*

## હદીષ : ૨૮૯૦ની સમજૂતી

એટલે જ્યારે અઝાબ કોઈ કૌમ પર નાઝિલ થાય છે તો અઝાબની લપેટમાં નેક તથા બદ્ સૌ આવી જાય છે, પરંતુ કયામતના દિવસે તેમના અમલોનો સવાબ મળશે.

## ★ હઝરત હસન رضی اللہ عنہની ફઝીલત ★

**પ્રકરણ :** ***'નબી صلی اللہ علیہ وسلمનો ઈર્શાદ : હઝરત હસન ઈબ્ને અલી رضی اللہ عنہماના બારામાં કે બેશક ! મારો આ પુત્ર સરદાર છે અને ઉમ્મીદ છે કે અલ્લાહ તઆલા તેના થકી મુસલમાનોના બે ગિરોહ વચ્ચે સુલહ કરાવી આપશે."*** *–(૧૦૫૩)*

بَابُ قَوْلِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ لِلْحَسَنِ بْنِ عَلِيٍّ إِنَّ ابْنِي هٰذَا سَيِّدٌ وَلَعَلَّ اللّٰهَ أَنْ يُصْلِحَ بِهِ بَيْنَ فِئَتَيْنِ مِنَ الْمُسْلِمِينَ۔ ص ۱۰۵۳

حدیث ۲۸۹۱ **[હદીષ : ૨૮૯૧]** أَخْبَرَنِي مُحَمَّدُ بْنُ عَلِيٍّ أَنَّ حَرْمَلَةَ مَوْلَى أُسَامَةَ أَخْبَرَهُ۔ قَالَ

*"હઝરત મુહમ્મદ બિન અલીએ ખબર આપી કે તેમને હઝરત ઓસામાના ગુલામ હરમલાએ ખબર આપી.*

عَمْرٌو وَقَدْ رَأَيْتُ حَرْمَلَةَ. قَالَ أَرْسَلَنِي أُسَامَةُ إِلَى عَلِيٍّ وَقَالَ إِنَّهُ سَيَسْأَلُكَ

*અમ્રએ કહ્યું, અને મેં હરમલાને જોયા છે. હરમલાએ કહ્યું, મને ઓસામાએ હઝરત અલીની પાસે મોકલ્યો અને*

الْآنَ فَيَقُولُ مَا خَلَّفَ صَاحِبَكَ فَقُلْ لَهُ يَقُولُ لَكَ لَوْ كُنْتَ فِي شِدْقِ الْأَسَدِ

*કહ્યું, એ તમારાથી હમણા પૂછશે કે કઈ ચીજે તમારા સાહબને મારી મદદથી પાછળ રાખ્યા ? તો એમને કહેજે*

لَأَحْبَبْتُ أَنْ أَكُونَ مَعَكَ فِيهِ وَلَكِنْ هَذَا أَمْرٌ لَمْ أَرَهُ فَلَمْ يُعْطِنِي شَيْئًا.

*કે તે કહે છે, જો આપ સિંહના જડબામાં હોત તો પણ હું આપની સાથે રહેવાનું પસંદ કરત, પરંતુ આ મામલો*

فَذَهَبْتُ إِلَى حَسَنٍ وَحُسَيْنٍ وَابْنِ جَعْفَرٍ فَأَوْقَرُوا لِي رَاحِلَتِي.

*એવો છે જેને મેં નથી જાયો. હરમલાએ કહ્યું, હઝરત અલીએ મને કાંઈ ન આપ્યું. ત્યારબાદ હું હસન તથા હુસૈન અને અબ્દુલ્લાહ બિન જઅફરની પાસે ગયો તો એ લોકોએ મારાં બંનેવ ઊંટો લાદી દીધાં.''*

**હદીષ : ૨૮૯૧ની સમજૂતી** જંગે જુમલ તથા સિફ્ફીનના મોકા પર હઝરત ઓસામા رضی اللہ عنہ કોઈની સાથે ન હતા, જો કે હઝરત અલી رضی اللہ عنہ સાથે અત્યંત કક્ષાની મહોબ્બત કરતા હતા પણ તેમનો સાથ ન આપ્યો. જરૂરત પડતાં પોતાના ગુલામ હરમલાને હઝરત અલી رضی اللہ عنہની પાસે મોકલ્યા તો ઓસામાએ પોતાના ફરાશત (દૂરંદેશી)થી જાણી લીધું કે હઝરત અલી رضی اللہ عنہ હરમલાને આ જરૂર પૂછશે કે ઓસામાએ મારો સાથ કેમ ન આપ્યો. એટલા માટે હઝરત ઓસામા رضی اللہ عنہએ હરમલાને પોતાનો ઉઝર (મજબૂરી) બતાવી આપ્યો હતો. હઝરત ઓસામાની અરજનો મતલબ એ હતો કે હું તમારા પર મારી જાન કુર્બાન કરવા તૈયાર છું, પરંતુ આ લડાઈઓ મુસલમાનો સાથે હતી એટલા માટે હું શરીક ન થયો. કેમ કે એકવાર મેં જંગમાં એક કાફિરને કત્લ કરવા ચાહ્યો તો તેણે મુસલમાન થવાનો ઈકરાર કરી લીધો. હું એવું સમજ્યો કે તેણે જાન બચાવવા માટે ઈમાનનો ઈકરાર કર્યો છે, દિલથી મુસલમાન નથી થયો. એના પર હુઝૂર صلی اللہ علیہ وسلمએ મારા પર એતાબ કર્યો હતો (નારાઝગી દર્શાવી હતી). ફર્માવ્યું, તમે એનું દિલ ચીરીને કેમ ન જોયું ?!

આ હદીષને પ્રકરણ સાથે ફકત એટલી નિસ્બત છે કે એમાં હઝરત ઈમામ હસન મુજતબા رضی اللہ عنہની સખાવતનું વર્ણન છે જે સિયાદતની શાન છે.

**પ્રકરણ : ''જ્યારે કોઈની સામે કાંઈ કહે પછી બહાર નીકળીને તેના વિરુદ્ધ કહે.''** –(૧૦૩૫)

بَابُ إِذَا قَالَ عِنْدَ قَوْمٍ شَيْئًا ثُمَّ خَرَجَ فَقَالَ بِخِلَافِهِ ص ۱۰۵۳

**સ્પષ્ટતા** : ઈમામ બુખારીએ ''જઝાઅ'' વર્ણવ્યું નથી, કેમ કે એ જાહેર છે કે એ વાત સારી નથી.

حدیث ۲۸۹۲ عَنْ أَبِي الْمِنْهَالِ قَالَ لَمَّا كَانَ ابْنُ زِيَادٍ وَمَرْوَانُ بِالشَّامِ

*અબૂ મિન્હાલથી રિવાયત છે કે જ્યારે ઈબ્ને ઝિયાદ અને મરવાન શામમાં વાલી બની* **[હદીષ : ૨૮૯૨]**

وَثَبَ ابْنُ الزُّبَيْرِ بِمَكَّةَ وَوَثَبَ الْقُرَّاءُ بِالْبَصْرَةِ فَانْطَلَقْتُ مَعَ أَبِي

બેઠા અને ઈબ્ને ઝુબૈરે કૂદીને મક્કામાં ખિલાફત હાંસલ કરી લીધી, અને બસરામાં ક઼ારીઓમાં. તો હું મારા

إِلَى أَبِي بَرْزَةَ الْأَسْلَمِيِّ حَتَّى دَخَلْنَا عَلَيْهِ فِي دَارِهِ جَالِسٌ فِي ظِلِّ عُلِّيَّةٍ لَهُ

પિતાની સાથે હઝરત અબૂ બરઝા અસ્લમી رضی اللہ عنہ ની પાસે ગયો. અમે એમના ઘરમાં પ્રવેશ્યા. તો વાંસના

مِنْ قَصَبٍ فَجَلَسْنَا إِلَيْهِ فَأَنْشَأَ أَبِي يَسْتَطْعِمُهُ بِالْحَدِيثِ فَقَالَ يَا أَبَا

ઝરૂખાના છાંયડામાં બેઠેલા હતા. અમે એમની પાસે બેસી ગયા. મારા પિતાએ શરૂ કર્યું કે એમનાથી કાંઈક

بَرْزَةَ أَلَا تَرَى مَا وَقَعَ فِيهِ النَّاسُ فَأَوَّلُ شَيْءٍ سَمِعْتُهُ تَكَلَّمَ بِهِ

કહેવડાવીએ. મારા પિતાએ કહ્યું, અબૂ બરઝા ! આપ જોઈ નથી રહ્યા લોકોમાં શું થઈ ગયું ?! તો પ્રથમ વાત

إِنِّي احْتَسَبْتُ عِنْدَ اللّٰهِ أَنِّي أَصْبَحْتُ سَاخِطًا عَلَى أَحْيَاءِ قُرَيْشٍ

જે મેં એમનાથી સાંભળી તે આ હતી, હું અલ્લાહની હુઝૂર સવાબની ઉમ્મીદ કરું છું. હું કુરૈશના કબીલાઓ

يَا مَعْشَرَ الْعَرَبِ كُنْتُمْ عَلَى الْحَالِ الَّتِي عَلِمْتُمْ مِنَ الذِّلَّةِ وَالْقِلَّةِ وَالضَّلَا

પર નારાજ છું. હે અરબના ગિરોહ ! તમે ઝિલ્લત તથા ક઼િલ્લત (તંગી) તથા ગુમરાહીના જે હાલ પર હતા તે

وَأَنَّ اللّٰهَ أَنْقَذَكُمْ بِالْإِسْلَامِ وَبِمُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ حَتَّى بَلَغَ

જાણો છો ?! અને અલ્લાહે ઈસ્લામ તથા મુહમ્મદ صلی اللہ علیہ وسلم ના ઝરીઆ એનાથી કાઢયા, ત્યાં સુધી પહોંચ્યા જેને

بِكُمْ مَا تَرَوْنَ وَهٰذِهِ الدُّنْيَا الَّتِي أَفْسَدَتْ بَيْنَكُمْ إِنَّ ذَاكَ الَّذِي بِالشَّامِ

તમે જોઈ રહ્યા છો. આ દુનિયા જ છે જેણે તમારી વચ્ચે ઝઘડો પેદા કરી આપ્યો. બેશક !

وَاللّٰهِ إِنْ يُقَاتِلُ إِلَّا عَلَى الدُّنْيَا

તે જે શામમાં છે, ખુદાની ક઼સમ ! કેવળ દુનિયાના માટે લડે છે.

અમુક નુસ્ખાઓમાં આ પ્રમાણે છે :–

وَإِنَّ ذَاكَ الَّذِي بِمَكَّةَ وَاللّٰهِ إِنْ يُقَاتِلُ إِلَّا عَلَى الدُّنْيَا وَإِنَّ هٰؤُلَاءِ

અને બેશક ! તે જે મક્કામાં છે, અલ્લાહની ક઼સમ ! કેવળ દુનિયાના ખાતર લડે છે.

الَّذِينَ بَيْنَ أَظْهُرِكُمْ وَاللّٰهِ إِنْ يُقَاتِلُونَ إِلَّا عَلَى الدُّنْيَا۔

આ લોકો જે તમારી આસપાસ છે કેવળ દુનિયાના માટે લડે છે.

**હદીષ : ૨૮૯૨ની સમજૂતી** આ હદીષમાં ક્રમ બદલાય ગયા છે. અસલ બનાવ એ છે કે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہما એ હિ.સ. ૬૧માં જ યઝીદ પલીદના જમાનામાં પોતાની ખિલાફત સ્થાપી લીધી હતી. યઝીદના મૃત્યુ બાદ મરવાને દમિશ્ક જઈને પોતાની ખિલાફતનો દાવો કર્યો. ઈબ્ને ઝિયાદ મરવાનનો સપોર્ટર હતો, તેણે કદી ખિલાફતનો દાવો નથી કર્યો. قراء થી મુરાદ સુલૈમાન બિન સુર્દના સાથી હતા, જેમણે કર્બલાના બનાવ બાદ હઝરત ઈમામ આલી મકામ رضی اللہ عنہ નો કેસાસ લેવાની ચળવળ ચલાવી હતી. હઝરત અબૂ બરઝા અસ્લમી رضی اللہ عنہ એ જે કાંઈ ફર્માવ્યું તો તેમનો એ ઈર્શાદ તેમની સમજ પ્રમાણે હતો, નહીં તો હક્ક એ છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہ ની ખિલાફત બરહક્ક હતી. મરવાન બાગી તથા વિદ્રોહી હતો.

اِنِّی اِحتَسَبتُ عِندَاللّٰہ મતલબ એ છે કે હું કુરૈશના ઘણા બધા કબીલાઓને નારાજ કરીને અલ્લાહથી અજ્રની ઉમ્મીદ રાખુ છું.

આ હદીષને પ્રકરણથી સંબંધ એ છે કે એ મુકાતિલીન (લડવાવાળા જાહેર) કહે છે કે અમે દીન કાયમ કરવા અને હક્કની મદદ કરવા માટે લડી રહ્યા છીએ, જ્યારે કે એમનો હેતુ દુનિયાની તલબ હતી.

### ★ આજના મુનાફિકો હુઝૂર ﷺના જમાનાના મુનાફિકોથી બદતર ★

حدیث ۲۸۹۳ عَنْ حُذَیْفَۃَ الْیَمَانِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ اِنَّ الْمُنَافِقِیْنَ

*"હુઝૈફા બિન યમાન رضی اللہ عنہ થી રિવાયત છે કે* ***આજના મુનાફિકો હુઝૂર ﷺના*** **[હદીષ : ૨૮૯૩]**

اَلْیَوْمَ شَرٌّ مِّنْھُمْ عَلٰی عَھْدِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ کَانُوْا یَوْمَئِذٍ

*જમાનાના મુનાફિકોથી બદ્તર છે. એ જમાનામાં તેઓ છુપાવતા હતા*

یُسِرُّوْنَ وَالْیَوْمَ یَجْھَرُوْنَ

*અને આજે એલાન કરે છે."*

**હદીષ : ૨૮૯૩ની સમજૂતી**

### ★ નિફાક કેવળ રિસાલતકાળ સુધી હતો ★

રિસાલતકાળના મુનાફિકો પોતાનું કુફ્ર છુપાવી રાખતા હતા, એટલા માટે એમનાથી ઓછુ નુકસાન હતું, અને આજે એલાનિયા કુફ્ર જાહેર કરે છે એટલા માટે એમની બુરાઈ વધુ નુકસાનકર્તા છે.

حدیث ۲۸۹۴ عَنْ حُذَیْفَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ اِنَّمَا کَانَ النِّفَاقُ عَلٰی عَھْدِ

*"હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી રિવાયત છે. તેમણે કહ્યું કે નિફાક નબી ﷺના સમયમાં* **[હદીષ : ૨૮૯૪]**

النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَاَمَّا الْیَوْمَ فَاِنَّمَا ھُوَ الْکُفْرُ بَعْدَ الْاِیْمَانِ۔

*હતો અને આજે કેવળ ઈમાન બાદ કુફ્ર છે."*

**હદીષ : ૨૮૯૪ની સમજૂતી** મોટાભાગની રિવાયતોમાં اِنَّمَا ھُوَ الْکُفْرُ بَعْدَ الْاِیْمَانِ છે. અને એક રિવાયતમાં છે : اِنَّمَا ھُوَ الْکُفْرُ اَوِ الْاِیْمَانِ આ હદીષનો મતલબ એ છે કે કોઈના બારામાં એ હુકમ લગાડવો કે આ મુનાફિક઼ છે એ હુઝૂરે અક઼દસ ﷺના સમયની સાથે ખાસ હતું. કેમ કે હુઝૂરે અક઼દસ ﷺ લોકોના દિલોના હાલ જાણતા હતા અને હુઝૂરે અક઼દસ ﷺના વિસાલ પછી કોઈના દિલની હાલત પર ક઼તઈ યક઼ીની ઈલ્મ નથી રાખી શક્તા. એટલા માટે હવે કોઈને ક઼તઈ મુનાફિક઼ નથી કહી શકતા. હવે તો એ જ છે કે એક ઈન્સાન પર ક્યાં તો કાફિર હોવાનો હુકમ લગાડી શકાય છે અથવા તો મો'મિન હોવાનો. અહીં મુનાફિક઼થી મુરાદ મુનાફિક઼ ફિલ્એઅ્તેક઼ાદ (અક઼ીદામાં મુનાફિક઼) છે. આમ બોલીમાં ડબલ ઢોલકી માણસને મુનાફિક઼ કહી દેવામાં આવે છે એમાં કોઈ વાંધો નથી.

**પ્રકરણ : "ક઼યામત રચાશે નહીં જ્યાં સુધી ક઼બ્રવાળાઓ પર રશ્ક઼ નહીં કરવામાં આવે."** –(૧૦૫૪)

بَابُ لَا تَقُوْمُ السَّاعَةُ حَتّٰى يُغْبَطَ اَهْلُ الْقُبُوْرِ ص ۱۰۵۴

**સ્પષ્ટતા :** કોઈની ઈજ્જત તથા નેઅમતોને જોઈને એ તમન્ના કરવી કે કાશ ! અમને પણ મળી જાય એના વિના કે એનાથી વેડફાય જવાની આરઝૂ કરે, એને ગિબ્તહ (રશ્ક) કહેવાય છે. અને એવી ખ્વાહિશની સાથે કે તેની નેઅમત તથા ઈજ્જત નષ્ટ થઈ જાય અને અમને મળી જાય એને હસદ (ઈર્ષા, અદેખાઈ, જલન) કહે છે. હસદ બુરી ચીજ છે અને રશ્ક બુરી ચીજ નહીં બલ્કે પસંદીદા છે.

حدیث ۲۸۹۵ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی

**[હદીષ : ૨૮૯૫]** *"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું કે ક઼યામત એ*

عَلَیْهِ وَسَلَّمَ قَالَ لَا تَقُوْمُ السَّاعَةُ حَتّٰى یَمُرَّ الرَّجُلُ بِقَبْرِ الرَّجُلِ

*સમય સુધી રચાશે નહીં જ્યાં સુધી કે એક શખ્સ કોઈ ક઼બ્ર પાસેથી પસાર થશે અને કહેશે,*

فَیَقُوْلُ یَا لَیْتَنِیْ مَكَانَهٗ

*અય કાશ ! કે હું એની જગાએ હોત." –(મુસ્લિમ–ફિતન)*

**પ્રકરણ : "જમાનાનું બદલાય જવું ત્યાં સુધી કે મૂર્તિઓ પૂજવામાં આવે."**

بَابُ تَغَیُّرِ الزَّمَانِ حَتّٰى تُعْبَدَ الْاَوْثَانُ۔ ص

حدیث ۲۸۹۶ حَدَّثَنِیْ سَعِیْدُ بْنُ الْمُسَیَّبِ اِنَّ اَبَا هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ عَنْهُ

**[હદીષ : ૨૮૯૬]** *"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ કહ્યું, મેં નબી ﷺને ફર્માવતાં સાંભળ્યા, એ સમય*

قَالَ سَمِعْتُ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ یَقُوْلُ لَا تَقُوْمُ السَّاعَةُ

*સુધી ક઼યામત નહીં રચાય જ્યાં સુધી દૌસની ઔરતોની બેઠકો ઝીલ્ ખલસાની આસપાસ હાલવા*

حَتّٰى تَضْطَرِبَ اَلْيَاتُ نِسَاءِ دَوْسٍ عَلٰى ذِى الْخَلَصَةِ ـ وَالْخَلَصَةُ

*નહીં લાગે. અને ઝીલ્ ખલસા, દૌસ કૃબીલાની તે મૂર્તિ હતી જેને*

طَاغِيَةُ دَوْسٍ الَّتِىْ كَانُوْا يَعْبُدُوْنَ فِى الْجَاهِلِيَّةِ

*તેઓ જાહિલિયતના જમાનામાં પૂજતા હતા.''*

**હદીષ : ૨૮૯૬ની સમજૂતી** એટલે કયામતથી પહેલાં જાહિલિયતના જમાનાનું શિર્ક ફેલાય જશે. حتّٰى تَضْطَرِبَથી મુરાદ એ છે કે કબીલા દૌસની સ્ત્રીઓ ઝુલ ખલસાની આસપાસ તવાફ કરશે.

## ★ હિજાઝની ભૂમિથી આગનું નીકળવું ★

بَابُ خُرُوْجِ النَّارِ ص١٠٥٤

**પ્રકરણ : ''આગનું નીકળવું''** –(૧૦૫૪)

حديث ٢٨٩٧ قَالَ سَعِيْدُ بْنُ الْمُسَيَّبِ اَخْبَرَنِىْ اَبُوْهُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

**[હદીષ : ૨૮૯૭]** *''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ મને ખબર આપી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે*

اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَاتَقُوْمُ السَّاعَةُ حَتّٰى تَخْرُجَ

*કયામત ત્યાં સુધી કાયમ થશે નહીં જ્યાં સુધી હિજાઝની ભૂમિથી એવી આગ*

نَارٌ مِّنْ اَرْضِ الْحِجَازِ تُضِىْءُ اَعْنَاقَ الْاِبِلِ بِبُصْرٰى۔

*ન નીકળે જેની રોશનીમાં બુસ્રાના ઊંટોની ડોકો ન ચમકી જાય.''*

**હદીષ : ૨૮૯૭ની સમજૂતી** અલ્લામા કુર્તબીએ તઝકિરહમાં ફર્માવ્યું કે ૩ જમાદિઉલ આખર હિ.સ. ૬૫૪માં બુધના દિવસે ઈશા બાદ મદીના તયબહથી એક આગ નીકળી અને જુમ્આના ચાશતના સમય સુધી રહી. શક્ય છે એ જ આગ મુરાદ હોય, અથવા બની શકે છે કે એના સિવાય અધિક કોઈ આગ મુરાદ હોય. બુસરા દમિશ્કથી ત્રણ મંઝિલના અંતરે એક શહેર છે.

## નજીકમાં જ ફુરાત સોનાનો ખજાનો ખોલશે

حديث ٢٨٩٨ قَالَ سَعِيْدُ بْنُ الْمُسَيَّبِ اَخْبَرَنِىْ اَبُوْهُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

**[હદીષ : ૨૮૯૮]** *''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, નજીકમાં જ ફુરાત*

اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَاتَقُوْمُ السَّاعَةُ حَتّٰى تَخْرُجَ

*સોનાનો ખજાનો ખોલશે. જે ત્યાં મૌજૂદ હોય તે એમાંથી કાંઈ ન લે. (અને બીજી રિવાયતમાં છે) સોનાનો*

نَارٌ مِنْ أَرْضِ الْحِجَازِ تُضِيءُ أَعْنَاقَ الْإِبِلِ بِبُصْرَىٰ

*પહાડ ખોલશે.'' (મુસ્લિમ–ફિતન, અબૂ દાઊદ, તિર્મિઝી–સિફતુન્નાર)*

**હદીષ : ૨૮૯૮ની સમજૂતી**

આ હદીષની સનદમાં હતું حَدَّثَنَا عُبَيْدُ اللّٰهِ عَنْ خُبَيْبِ بْنِ عَبْدِ الرَّحْمٰنِ عَنْ جَدِّهِ حَفْصِ بْنِ عَاصِمٍ આ ઓબૈદુલ્લાહ હઝરત સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની ઔલાદમાંથી છે. વંશવેલો આ પ્રમાણે છે : ઓબૈદુલ્લાહ બિન ઉમર બિન હફ્સ બિન આસિમ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ. એ ઉમરી કરીને મશહૂર હતા. આ સનદમાં عَنْ جَدِّهِની ઝમીર ઔબેદુલ્લાહની તરફ રાજેઅ છે, ખોબૈબની તરફ નહીં. ખોબૈબ અન્સારી બુઝુર્ગ છે. આ ખજાનાને લેવા બાબતે શું રાઝ હતું તે અલ્લાહ જાણે કે તેના હબીબ صلی اللہ علیہ وسلم જાણે.

**પ્રકરણ :** *–(૧૦૫૪)* — باب ۱۰۵۴

**★ કયામત પહેલાં લગભગ ૩૦ દજ્જાલ પેદા થશે ★**

حدیث ۲۸۹۹ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُ أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું,* **[હદીષ : ૨૮૯૯]**

وَسَلَّمَ قَالَ لَا تَقُومُ السَّاعَةُ حَتّٰى تَقْتَتِلَ فِئَتَانِ عَظِيمَتَانِ تَكُونُ بَيْنَهُمَا مَقْتَلَةٌ

*કયામત કાયમ નહીં થાય ત્યાં સુધી કે આપસમાં બે મોટા ગિરોહ ન લડે. તેમની*

عَظِيمَةٌ دَعْوٰهُمَا وَاحِدَةٌ وَحَتّٰى يُبْعَثَ دَجَّالُونَ كَذَّابُونَ قَرِيبٌ مِنْ

*વચ્ચે ઘણી જ મોટી લડાઈ થશે, અને બંનેનો દાવો એક હશે. ત્યાં સુધી કે લગભગ*

ثَلَاثِينَ كُلُّهُمْ يَزْعُمُ أَنَّهُ رَسُولُ اللّٰهِ

*૩૦ દજ્જાલ કઝ્ઝાબ પેદા થશે, તમામે તમામ એ ગુમાન કરશે કે તે અલ્લાહનો રસૂલ છે.''*

**હદીષ : ૨૮૯૯ની સમજૂતી**

અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું કે આ બંનેવ મોટા ગિરોહ હઝરત અલી તથા મુઆવિયહ رضی اللہ عنہما છે. એક શખ્સ અબૂ ઝરઆ રાઝીની ખિદમતમાં આવ્યો અને તેણે કહ્યું, હું મુઆવિયહને પસંદ નથી કરતો. પૂછવામાં આવ્યું, કેમ ? તેણે કહ્યું, એટલા માટે કે તે હઝરત અલી સાથે નાહક્ક લડયા. અબૂઝરે કહ્યું, **મુઆવિયહનો રબ રહીમ છે અને મુઆવિયહના સામેવાળા કરીમ છે, તો આ બંનેવની વચ્ચે તારે દાખલ થવાનો શો મતલબ ?!** અને એક કૌલ એ છે કે એનાથી મુરાદ ખારજી અને હઝરત અલી رضی اللہ عنہ છે. અને એની પણ સંભાવના છે કે હજી આ પેશનગોઈ પૂરી ન થઈ હોય.

دَعْوٰهُمَا وَاحِدٌથી મુરાદ એ છે કે તે સૌ ઈસ્લામનો દાવો કરશે અને હક્ક પર હોવાનો.

حَتّٰى يُبْعَثَ એટલે કયામતથી પહેલાં ૩૦૦ જેટલા દજ્જાલ જૂઠા નબુવ્વતના દાવેદારો પેદા થશે.

એમનામાં અને દજ્જાલે અકબરમાં ફરક એ છે કે એ સૌ કેવળ નબુવ્વતનો દાવો કરશે, ખુદાઈનો દાવો નહીં કરે, જ્યારે દજ્જાલે અકબર ખુદાઈનો દાવો કરશે.

દજ્જાલોનો માદ્દો દજલુન્ છે, ધોકો દેવો. જેમ કે હઝરત અલી, હઝરત ઈબ્ને મસઊદ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર અને હઝરત ષઅબાનની હદીષમાં એ જ છે. ઈમામ અહમદ અને તિબ્રાનીએ હઝરત સમુરહ બિન જુન્દુબ رضی اللہ عنہથી રિવાયત કરી કે ફર્માવ્યું કે **ક્યામત રચાશે નહીં ત્યાં સુધી કે ૩૦ કઝ્ઝાબ નીકળશે, તેમનો છેલ્લો કાણીયો દજ્જાલ છે.** અમુક રિવાયતોમાં ૨૭ની સંખ્યા આવી છે અને અમુકમાં ૭૦ની. પરંતુ સૌ હદીષો ઝઈફ છે.

## بَابُ ذِكْرِ الدَّجَّالِ۔ ص ۱۰۵۵

**પ્રકરણ : "દજ્જાલનું વર્ણન."** –(૧૦૫૫)

حدیث ۲۹۰۰ حَدَّثَنِیْ قَیْسٌ قَالَ قَالَ لِیْ مُغِیْرَةُ بْنُ شُعْبَةَ رَضِیَ اللّٰہُ عَنْہُمَا

*"કૈસે કહ્યું કે મને મુગીરા બિન શુઅબહ رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺ ને કોઈએ દજ્જાલના* **[હદીષ : ૨૯૦૦]**

سَأَلَ أَحَدٌ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ عَنِ الدَّجَّالِ أَکْثَرَ مَا سَأَلْتُہٗ

*વિશે મારાથી વધુ નથી પૂછ્યું. અને હુઝૂરે મને ફર્માવ્યું, તને એનાથી શું નુકસાન પહોંચશે?*

وَإِنَّہٗ قَالَ لِیْ مَا یَضُرُّكَ مِنْہُ قُلْتُ إِنَّہُمْ یَقُوْلُوْنَ إِنَّ مَعَہٗ جَبَلَ خُبْزٍ وَّنَہَرَ

*મેં અર્ઝ કરી, લોકો કહે છે કે એની સાથે રોટલીઓનો પહાડ છે અને પાણીની નહેરો છે.*

مَاءٍ قَالَ إِنَّہٗ أَہْوَنُ عَلَی اللّٰہِ مِنْ ذٰلِكَ

*ફર્માવ્યું કે એ અલ્લાહ તઆલાના માટે ઘણુ સરળ છે." (મુસ્લિમ–ફિતન, ઈબ્ને માજહ–ફિતન)*

**હદીષ : ૨૯૦૦ની સમજૂતી** દજ્જાલ અસલમાં અલ્લાહ તઆલાની તરફથી એક આજમાઈશ હશે. એક તરફ અલ્લાહ તઆલા તેને ખર્કે આદત (સામાન્ય નિયમથી વિરુદ્ધ) કુદરત અતા કરશે, ત્યાં સુધી કે મુડદાં જીવંત કરશે, પાણી વરસાવશે, ખેતી ઉગાડશે, જમીનના ખજાના તેની પાછળ પાછળ ચાલશે.... વગેરે, જેનાથી કાચા ઈમાનવાળા તેના ફંદામાં ફસાઈ જશે. પણ સાથો સાથ એવી નિશાઓ પણ તેની સાથે હશે, જે તેના જૂઠા હોવાની ઉઘાડી દલીલ હશે. દા.ત. કાણો હોવું એ અયબ છે, અને મઅબૂદ તે છે જે દરેક અયબથી પાક છે. મઅબૂદ તે છે જે દરેક ચીજ પર કાદિર છે, જો એ મઅબૂદ (ખુદા) હોત તો કાણો શાથી હોત ?! ધારો કે તેની આંખ કાણી હતી તો તેને ઠીક કેમ ન કરાવી ? તેમજ તેની પેશાની પર ک، ف، ر લખેલ હશે. જો એ મઅબૂદ હોત તો એને મિટાવી કેમ ન દીધું ?!

### ★ નબુવ્વતના દાવેદારથી નિયમ વિરુદ્ધ વાતનું જાહેર થવું શક્ય નથી ★

**ફાયદો** : ખુદાઈના દાવેદારથી નિયમ વિરુદ્ધ વાતનું જાહેર થવું શક્ય છે. જેમ કે દજ્જાલથી થશે. પણ

કોઈ નબુવ્વતના દાવેદારથી નિયમ વિરુદ્ધ વાતનું જાહેર થવું શક્ય નથી. કારણ એ છે કે મખ્લૂક઼ ખુદા નથી થઈ શકતી, એનું અશક્ય હોવું એકદમ ઉઘાડુ છે. તો જ્યારે કે તેને બાતિલ ઠરાવવાની કત઼ઈ દલીલ મૌજૂદ છે તો ખર્કે આદત (નિયમ વિરુદ્ધ)ની વાત જાહેર થવાથી કાંઈ થશે નહીં. પરંતુ અંબિયાએ કિરામ જાહેરમાં બશર (માનવી) હોય છે, તો કોઈ નબુવ્વતના જૂઠા દાવેદારથી આદત વિરુદ્ધ વાતના જાહેર થયા પછી શંકા થઈ શકે છે, એટલા માટે નબુવ્વતના દાવેદારના હાથ વડે આદત વિરુદ્ધની વાત જાહેર થવી શકય નથી.

હઝરત મુગીરાની અરજનો મતલબ એ હતો કે જ્યારે એની સાથે રોટીના પહાડ અને નહેર હશે તો લોકો ગુમરાહ થઈ શકે છે. જવાબનો સાર એ છે કે ઈમાનવાળા જાણે છે કે આ અલ્લાહ તઆલાની કુદરતની સામે કાંઈ જ નથી ! રોટીના પહાડ અને પાણીની નહેર સાથે હોવાથી કોઈ ખુદા નથી થઈ શકતું.

حدیث ٢٩٠١ **[હદીષ : ૨૯૦૧]** عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللهُ تَعَالىٰ عَنْهُ قَالَ اَبُوْعَبْدِاللهِ اُرَاهُ

*''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ઈમામ બુખારીએ કહ્યું, ગુમાન કરું છું કે નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત*

عَنِ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالىٰ عَلَيْهِ وَسَلَّمَ قَالَ اَعْوَرُ الْعَيْنِ الْيُمْنٰى كَاَنَّهَا عِنَبَةٌ طَافِيَةٌ

*કરે છે કે ફર્માવ્યું કે **દજ્જાલ જમણી આંખે કાણો હશે, જાણે કે તે ઉભરાયેલી દ્રાક્ષ છે.''***

**હદીષ : ૨૯૦૧ની સમજૂતી** اُرَاهُ عَنِ النَّبِي صَلَّى اللهُ تَعَالىٰ عَلَيْهِ وَسَلَّم હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہનો કૌલ છે, પરંતુ મુસ્તમલી તથા અબૂ ઝયદ મરૂઝી અને અબૂ અહમદ જુર્જાનીના નુસ્ખામાં આ નથી. આ આધાર પર આ હદીષ મૌકૂફ થઈ જશે, પણ અસ્લમાં મરફૂઅ છે, જેમ કે મુસ્લિમમાં છે.

طَافِيَةٌ طَفُوٌ નાકિ઼સે વાવથી ઈસ્મે ફાઈલ મુઅન્નષ. એનો અર્થ છે ઉપર આવવું, ઉભરાયેલ હોવું. અને એની પણ સંભાવના છે કે طُفُوءٌથી મહમૂઝે લામ હોય. જેનો અર્થ આગ ઓલવાવી, અને આંખનું બેનૂર થવું છે. હવે અર્થ એ થશે કે તેની જમણી આંખમાં રોશની હશે નહીં.

حدیث ٢٩٠٢ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللهُ تَعَالىٰ عَنْهُ قَالَ قَالَ النَّبِيُّ صَلَّى اللهُ

*''હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૯૦૨]**

تَعَالىٰ عَلَيْهِ وَسَلَّمَ يَجِيْءُ الدَّجَّالُ حَتّٰى يَنْزِلَ فِيْ نَاحِيَةِ الْمَدِيْنَةِ تَرْجُفُ الْمَدِيْنَةُ

***દજ્જાલ જો મદીનાની આસપાસમાં ક્યાંક ઉતરશે તો મદીનામાં ત્રણ ધરતીકંપ આવશે***

ثَلَاثَ رَجَفَاتٍ فَيَخْرُجُ اِلَيْهِ كُلُّ كَافِرٍ وَّمُنَافِقٍ

***જેનાથી સર્વ કાફિર તથા મુનાફિક઼ દજ્જાલની પાસે ચાલ્યા જશે.''***

**હદીષ : ૨૯૦૨ની સમજૂતી** એક પ્રકરણ પછી હદીષ આવી રહી છે જેમાં વર્ણન થયેલ છે કે મદીનાથી જોડાયેલી જે ક્ષારયુક્ત જમીન છે તેમાં ક્યાંક ઉતરશે. અને એક રિવાયતમાં છે કે જુર્ફની ક્ષારયુક્ત જમીનમાં ઉતરશે. ત્યાં જ પોતાનો તંબૂ તાણશે. જુર્ફ મદીના તયબહથી એક કે ત્રણ માઈલના અંતરે એક જગાનું

નામ છે, જે શામ જતાં રસ્તામાં પડે છે. અને ઈબ્ને માજહમાં હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہની હદીષમાં છે કે લાલ રસ્તા પર ઉતરશે જ્યાં ક્ષારયુક્ત જમીન પૂરી થઈ જાય છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું, આ હદીષમાં મુનાફિક્થી મુરાદ રાફઝી હોય શકે છે. અને મારી રાય છે કે એનાથી દરેક બદ્મઝહબ મુરાદ થઈ શકે છે, દા.ત. વહાબી નજ્દી.

આ હદીષથી સાબિત થયું કે **દજ્જાલના નીકળવાના સમયે મદીના પાકમાં કાફિર પણ હશે અને મુનાફિક્ પણ હશે.**

٢٩٠٣ حدیث عَنْ سَالِمِ بْنِ عَبْدِ اللّٰهِ أَنَّ عَبْدَ اللّٰهِ بْنَ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُمَا

*"હઝરત સાલિમ બિન અબ્દુલ્લાહથી મરવી છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને* **[હદીષ : ૨૯૦૩]**

قَالَ قَامَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِي النَّاسِ فَأَثْنٰى عَلَى اللّٰهِ

*ઉમર رضی اللہ عنہما એ કહ્યું, રસૂલુલ્લાહ ﷺ એ ઉભા થઈને લોકોને ખુત્બો આપ્યો. અલ્લાહ જે પ્રશંસાના પાત્ર છે*

بِمَا هُوَ أَهْلُهٗ ثُمَّ ذَكَرَ الدَّجَّالَ قَالَ إِنِّيْ لَأُنْذِرُكُمُوْهُ وَمَا مِنْ نَبِيٍّ إِلَّا

*તે પ્રશંસા કરી. પછી દજ્જાલનું વર્ણન કર્યું. ફર્માવ્યું, હું તમને લોકોને એનાથી જરૂર ડરાવીશ. દરેક નબીએ*

وَقَدْ أَنْذَرَهٗ قَوْمَهٗ وَلٰكِنِّيْ سَأَقُوْلُ لَكُمْ فِيْهِ قَوْلًا لَمْ يَقُلْهُ نَبِيٌّ لِقَوْمِهٖ

*પોતાની કૌમને એનાથી ડરાવી છે, પરંતુ હું એના બારામાં એક એવી વાત કહું છું જે કોઈ*

إِنَّهٗ أَعْوَرُ وَإِنَّ اللّٰهَ لَيْسَ بِأَعْوَرَ .

*નબીએ નથી કહી. બેશક ! તે કાણો છે અને અલ્લાહ કાણો નથી."*

٢٩٠٤ حدیث عَنْ أَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

*"હઝરત અનસ رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું કે કોઈ નબી મબઊષ નથી થયો,* **[હદીષ : ૨૯૦૪]**

عَلَيْهِ وَسَلَّمَ مَا بُعِثَ نَبِيٌّ إِلَّا أَنْذَرَ أُمَّتَهُ الْأَعْوَرَ الْكَذَّابَ. أَلَا إِنَّهٗ أَعْوَرُ

*પણ એ કે તેણે પોતાની કૌમને કઝ્ઝાબથી ડરાવી. સાંભળો !* ***બેશક ! તે કાણો છે અને બેશક !***

وَإِنَّ رَبَّكُمْ لَيْسَ بِأَعْوَرَ وَإِنَّ بَيْنَ عَيْنَيْهِ مَكْتُوْبًا كَافِرٌ

***તમારો રબ કાણો નથી. અને બેશક ! તેની બંને આંખોની વચ્ચે લખ્યું હશે, કાફિર."***

*(તૌહીદ, બાબુલ કૌલિહી* ولتصنع علٰى عينى*, મુસ્લિમ–ફિતન, તિર્મિઝી–ફિતન)*

**હદીષ : ૨૯૦૪ની સમજૂતી** દજ્જાલની બંનેવ આંખોની વચ્ચે ک ا ف ر લખેલુ હશે, જેમ કે મુસ્લિમમાં છે. આ લખાણની હદીષ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની થી મરવી છે જે અહાદીષે અંબિયામાં વર્ણન થઈ ચૂકી. અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી પણ જે બાબુલ મલાઈકામાં વર્ણન થઈ.

بسم الله الرحمن الرحيم

# كِتَابُ الْأَحْكَامِ ص ١٠٥٧

## 'કિતાબુલ્ અહકામ' (હુકમો વિશે પ્રકરણ) –*(૧૦૫૭)*

**સ્પષ્ટતા :** الأحكام હુકમનું બહુવચન છે. હુકમનો સામાન્ય અર્થ એ છે કે એક ચીજને બીજાના માટે સાબિત કરવી, અથવા એક ચીજની બીજી વડે નફી (નકાર) કરવી. અને ઉસૂલિય્યીનની ઈસ્તેલાહ (બોલી)માં હુકમનો અર્થ એ છે કે અલ્લાહ તઆલાનો તે ખિતાબ જે મુકલ્લિફીનના અફઆલની સાથે સંબંધિત છે. ઈકતેદા અથવા તખૈયુરની સાથે, એટલે અલ્લાહ ﷻ મુકલ્લિફીનને કાંઈક કરવાનો હુકમ આપે છે અને અમુક ચીજોથી દૂર રહેવાનો હુકમ આપે છે, અને અમુક ચીજોમાં બંદાને ઈખ્તિયાર આપે છે કે તે ચાહે તો કરે ન ચાહે ન કરે.

### ★ અલ્લાહની ઈતાઅત (આજ્ઞાપાલન) કરો અને રસૂલની ઈતાઅત કરો ★

بَابُ قَوْلِ اللّٰهِ أَطِيعُوا اللّٰهَ وَأَطِيعُوا الرَّسُولَ وَأُولِي الْأَمْرِ مِنْكُمْ - ص ١٠٥٧

**પ્રકરણ : "અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : અલ્લાહની ઈતાઅત (આજ્ઞાપાલન) કરો અને રસૂલની ઈતાઅત કરો, અને તમારામાં જે બાઈખ્તિયાર હોય તેમની ઈતાઅત કરો."**

–*(૧૦૫૭)*

### ★ ઉલૂલ અમ્ર કોણ છે ? ★

**સ્પષ્ટતા :** ઈતાઅત અર્થ છે વાત માનવી. એટલે કે જે ચીજનો હુકમ આપવામાં આવે તેને કરવું અને જેનાથી મના કરવામાં આવે તેનાથી દૂર રહેવું (બચવું). અને "ઉલૂલ અમ્ર"થી મુરાદ તે ઉમરા (અમીરો) છે. જેમ કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ ફર્માવ્યું. અથવા ઉલમા છે, જેમ કે ઈમામ હસન બસરી رضی اللہ عنہએ ફર્માવ્યું. મુજાહિદે કહ્યું, સહાબા મુરાદ છે. અને ઝયદ બિન અસ્લમે કહ્યું, એના દેશના હાકિમો (વાલીઓ) મુરાદ છે. પરંતુ એમાં કોઈ ટકરાવ નથી, સૌ મક્સૂદ (હેતુ) હોય શકે છે. મુસલમાનો પર ઉમરાવો (અમીરો) તથા બાદશાહોની ઈતાઅત (આજ્ઞાપાલન) પણ વાજિબ છે, દેશના વાલીઓ (સત્તાવાળાઓ)ની પણ તથા ઉલમાની પણ અને સહાબાએ કિરામની પણ. અને એક હદીષમાં ફર્માવ્યું : اَلْقُرْاٰنُ ذُوْوُجُوْهٍ એટલા માટે કુર્આન મજીદના જેટલા સહીહ અર્થો નીકળી શકે સૌ શરઈ દલીલ છે, જ્યાં સુધી આપસમાં ટકરાવવાળા ન હોય, અને અહીં ટકરાવ નથી, એટલા માટે સૌ મુરાદ હોય શકે છે. એટલા માટે જેવી રીતે અમીરો તથા દેશના વાલીઓની ઈતાઅત (આજ્ઞાપાલન) પ્રજા પર વાજિબ છે જ્યાં સુધી કે તે ગુનાહનો હુકમ ન આપે, એ જ પ્રમાણે ઉલમાનું પણ આજ્ઞાપાલન ફર્ઝ છે એ શર્તે કે તે આલિમ હોય.

## ★ આલિમ કોણ છે ? ★

**આ જમાનામાં અને આલિમ કહેવાતા ગૈર આલિમમાં તમીઝ (ફર્ક) મુશ્કેલ છે. સામાન્યતઃ લોકો એવું સમજે છે કે દીની મદ્રસાઓના ફારિગ આલિમ છે, જ્યારે કે એ પાયાની ગલતી છે. પ્રથમ તો આજકાલ દીની મદ્રસાનો જે હાલ છે તે સૌને ખબર છે. મદ્રસાવાળા પોતાની કારકિર્દી દેખાડવા માટે ફારિગોની સંખ્યા વધારવા માટે દરેક પાત્ર અપાત્રને પાઘડી બાંધી દેતા હોય છે, અને સનદ આપી દેતા હોય છે. જ્યારે કે દર્સે નિઝામીની તકમીલ (પૂર્ણતા) આલિમ હોવાની દલીલ નથી! ખરેખર જે શખ્સે મહોબ્બતની સાથે, સંપૂર્ણપણે જેવો કે હક્ક઼ છે દર્સે નિઝામી પઢી પણ લીધી, તો તે કેવળ એટલી કેપેસિટી ધરાવે છે કે આલિમ થઈ શકે. દર્સે નિઝામી આલિમ થવા માટેનું પ્રથમ પગથિયું છે. આલિમ થવા માટે હજી ઘણુ બધુ બાકી રહી જાય છે. પુષ્કળ અભ્યાસ (વાંચન), ઉસૂલ તથા ક઼ુરઅનું પૂરતુ જ્ઞાન હોવું, પછી ખુદાનો ડર, અડગતા, હક્ક઼ ગોઈ અને દીનના મામલામાં કોઈ ટીકા કરવાવાળાની ટીકાની પરવા ન કરવાની આદત, દિમાગી તેજસ્વીતા, બુદ્ધિ કૌશલ્ય, મામલાફહમી વગેરે એવી બાબતો છે કે આ સૌનું સંગમ કદાચ કદાચ જ કોઈનામાં થતુ હોય.** અહીં મુરાદ તે ઉલમા છે જે ખરેખર વારિષુલ અંબિયા હોય, મરજએ ફતવા (લોકો સવાલો પૂછવા રુજૂઅ થતા હોય), ખુદાના ડર તથા અડગતામાં પહાડ હોય.

**પ્રકરણ : "અમીરો (ઉમરા) કુરૈશથી હોય."** بَابُ الْاُمَرَاءُ مِنْ قُرَيْشٍ صـ ١٠٥٧

*–(૧૦૫૭)*

એટલે ખલીફતુલ મુસ્લિમીન થવાના માટે પાયાની શર્ત છે કે તે કુરૈશથી હોય, ગૈર કુરૈશી મુસલમાનોનો ખલીફા નથી થઈ શકતો. પ્રકરણનું ટાઈટલ હદીષ છે. بَابُ اِذَا قَالَ عِنْدَ قَوْمٍ شَيْئًا ثُمَّ خَرَجَ فَقَالَ بِخِلَا فِهٖ ના હેઠળ અબુલ મિન્હાલથી મરવી આ હદીષ વર્ણન થઈ ચૂકી કે હઝરત અબૂ બરઝા અસ્લમીએ ફર્માવ્યું : أ نِّیْ اِحتَسَبْتُ عِنْدَ اللّٰهِ أ نِّیْ أَصْبَحْتُ سَا خِطًا عَلٰی اَحْيَاءِ قُرَيْشٍ આ જ હદીષ યાકૂબ બિન સુફયાન અને અબૂ યઅ્લા અને તિબ્રાનીએ સુકૈન બિન અબ્દુલ અઝીઝ, અબુલ મિન્હાલના તરીક઼ાથી રિવાયત કરી છે. એના છેવટમાં છે : سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلّٰی اللّٰهُ تَعَالٰی علیه وسلّم يقولُ اَلْاُ مَرَاءُ مِنْ قُرَيْشٍ અને તિબ્રાનીના શબ્દો છે : اَلْاَ ئِمَّةُ مِنْ قُرَيْشٍ એની શાહિદ હઝરત અલી رضی الله عنہથી મરવી આ હદીષ છે : أ لَا اِنَّ الْاُ مَرَاءَ مِنْ قُرَيْشٍ ما أ قَامُوا ثَلَاثًا સાંભળો! ઉમરા (અમીરો) કુરૈશથી થશે જ્યાં સુધી દુરુસ્ત રહે. ત્રણવાર ફર્માવ્યું.

તેમજ તિબ્રાની તથા તયાલ્સી અને બઝ્ઝારે અને ખુદ ઈમામ બુખારીએ તારીખમાં સઅદ બિન ઈબ્રાહીમના તરીક઼ાથી હઝરત અનસ رضی الله عنہથી આ શબ્દો સાથે રિવાયત કરી છે : الائمةُ مِنْ قريشٍ مَا اِذَا حَكَمُوا فَعَدَ لُوْا ઈમામો કુરૈશથી થશે જ્યાં સુધી ફૈસલામાં ઈન્સાફ કરે.

નિસાઈએ અને ઈમામ બુખારીએ તારીખમાં અને અબૂ યઅ્લાએ બુકૈર જઝરીના તરીક઼ાથી હઝરત અનસ رضی الله عنہથી રિવાયત કરી. આ હદીષ હઝરત અનસ رضی الله عنہથી વિવિધ તરીક઼ાઓથી રિવાયત પામેલી છે. એમાંથી એક તે છે જે તિબ્રાનીએ ક઼તાદાના તરીક઼ાથી આ શબ્દો સાથે રિવાયત કરી છે : أَنَّ الْمُلْكَ فِیْ قُرَيْشٍ

તેમજ અહમદે પોતાની મુસ્નદ (૨/૩૬૪)માં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : اَلْمُلْكُ فِیْ قُرَیْشٍ

તેમજ સિદીકે અકબર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : اَلْاَ ئِمَّةُ مِنْ قُرَیْشٍ અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ ફર્માવ્યું, એના રાવી સિહાહના રાવી છે પરંતુ એની સનદમાં બ્રેક (ઈન્કિતાઅ) છે. તેમજ તિબ્રાની તથા હાકિમે હઝરત અલી رضی اللہ عنہથી પણ આ શબ્દોમાં રિવાયત કરી છે. તેમજ ઈમામ બુખારીએ આ પ્રકરણ હેઠળ હઝરત મુઆવિયહ رضی اللہ عنہથી રિવયાત કરી : اِنَّ هٰذَا الْاَمْرَ فِیْ قُرَیْشٍ બેશક ! આ ચીજ એટલે ખિલાફત કુરૈશમાં રહેશે. તેમજ આ જ બુખારીમાં એ જ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : لَایَزَالُ هٰذَا الْاَمْرُ فِیْ قُرَیْشٍ مَا بَقِیَ مِنْهُمُ اثْنَانِ આ ચીજ એટલે ખિલાફત હમેશાં કુરૈશમાં રહેશે, જ્યાં સુધી તેમનામાંથી બે પણ બાકી રહેશે.

સાર એ નીકળ્યો કે આ હદીષ اَلْاُ مَرَاءُ مِنْ قُرَیْشٍ یَا اَلْاَ ئِمَّةُ مِنْ قُرَیْشٍ અને તેના મહત્વના અર્થો ઉપર વર્ણવેલ સહાબાએ કિરામથી રિવાયત પામેલ છે. હઝરત અબૂબક્ર સિદીક, હઝરત અલી, હઝરત અનસ, હઝરત અબૂ હુરૈરહ્ અને હઝરત અબૂ બરઝા અસ્લમી, હઝરત મુઆવિયહ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી મરવી છે. આ હદીષ મઅનન્ (અર્થના એતબારથી) વિના શંકાએ મશહૂર છે. આ હદીષ શરીફની રોશનીમાં અહલે સુન્નતની એના પર એકમતિ છે કે ખલીફા થવા માટે પાયાની શર્ત એ છે કે તે કુરૈશી હોય. એમાં મોઅતઝલાનો મતભેદ છે.

## ★ મિ. અબુલ કલામનો રદ ★

નજીકના ભૂતકાળમાં કોંગ્રેસની શાખા ખિલાફત કમિટીના સભ્યોએ જેના લીડર મિ. અબુલ કલામ આઝાદ હતા તેમણે આ શર્તથી મતભેદ કર્યો છે, જેને તેમણે પોતાના આ પ્રમુખ પ્રવચનમાં વર્ણવેલ છે જે તેમણે પરાવન્શીલ ખિલાફત કોન્ફરન્સમાં બંગાળ ખાતે તા. ૨૮–૨૯ ફેબ્રુઆરી ઈ.સ. ૧૯૨૦ના કલકત્તામાં આપ્યું હતું.

એના પર આદત પ્રમાણે ઘણુ લાંબુ લખાણ લખ્યું છે જેનો સંપૂર્ણ દલીલબદ્ધ રદ મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہએ ''દેવામુલ ઐશ ફી અન્નલ અઈમ્મત મિન કુરૈશ''માં કર્યો છે.

બનાવ એ બન્યો કે પ્રથમ વિશ્વ યુદ્ધ પછી અંગ્રેજ તથા યૂરોપની હુકૂમતોએ તુર્કીની ઈસ્લામી સલ્તનતને તબાહ કરવાની કોશિશ શરૂ કરી તો તેને બચાવવાની ચળવળ હિંદુસ્તાનમાં ચાલી અને પોતાની બેઈલ્મી તથા જહાલતના કારણે આધાર એના પર રાખ્યો કે તુર્કીઓની હુકૂમત ઈસ્લામી ખિલાફત છે અને કેમ કે તેઓ કુરૈશી ન હતા એટલા માટે ખલીફતુલ મુસ્લિમીન માટે એ શર્તથી ઈન્કાર કરી આપ્યો.

જ્યારે કે એ અત્યંત કક્ષાની મૂર્ખાઈ હતી. મુબારક હદીષોથી સાબિત અહલે સુન્નત ઈજમાઈ અકીદાની વિરુદ્ધ મોરચો માંડવાની કોઈ જરૂરત ન હતી, તુર્કીઓની ઉષ્માની હુકૂમત મુસલમાનોની હુકૂમત હતી, તેની મહાન ખિદમતો હતી, તેની હિફાઝત તથા રક્ષા માટે કોશિશ દરેક મુસલમાન પર શક્તિ અનુસાર ફર્ઝ હતી. હિમાયત માટે જરૂરી ન હતું કે અહલે સુન્નત ઈજમાઈ અકીદાને ઝબહ કરીને તેની મદદ માટે મુસલમાનોને ઉશ્કેરવામાં આવે. પરંતુ વાત એ છે કે :–

*ખુદા જબ દીન લેતા હૈ–તો અકલેં છીન લેતા હૈ*

**પ્રકરણ : "અમારત (અમીરપણા)ની લાલચ નાપસંદીદા છે." –(૧૦૫૮)**

بَابُ مَا يُكْرَهُ مِنَ الْحِرْصِ عَلَى الْإِمَارَةِ - ص ١٠٥٨

حديث ٢٩٠٥ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું કે,* **[હદીષ : ૨૯૦૫]**

وَسَلَّمَ قَالَ إِنَّكُمْ سَتَحْرِصُونَ عَلَى الْإِمَارَةِ وَسَتَكُونُ نَدَامَةً يَوْمَ الْقِيَامَةِ فَنِعْمَ

*બેશક ! તમે લોકો નજીકમાં જ ઈમારત (સત્તા)ની લાલચ કરશો અને તે ક઼યામતમાં શર્મિંદગી બનશે.*

الْمُرْضِعَةُ وَبِئْسَتِ الْفَاطِمَةُ

*તે સારી દૂધ પીવડાવનારી છે અને બુરી દૂધ છોડાવનારી છે." (નિસાઈ–ફઝાઈલ, બયઅત, સિયર)*

**હદીષ : ૨૯૦૫ની સમજૂતી** فَنِعْمَ الْمُرْضِعَةُ એટલે શરૂ શરૂમાં ઈમારત (અમીરપણુ, સત્તા) સારી લાગે છે, કેમ કે એના થકી માલ તથા દૌલત, ઈજ્જત તથા ખ્યાતિ હાંસલ થાય છે. પરંતુ એનો અંજામ ખરાબ થાય છે કે અંજામમાં ક્યાં તો લડાઈ ઝઘડા થાય છે અથવા હોદ્દાથી બરતરફ કરી દેવામાં આવે છે અને આખેરતમાં એનો સખ્ત હિસાબ આપવાનો થશે.

**પ્રકરણ : "જેને કોઈ પ્રજાનો વાલી બનાવવામાં આવ્યો અને એમાં એમની સાથે ખૈર ખ્વાહી ન કરી." –(૧૦૮૫)**

بَابُ مَنِ اسْتُرْعِيَ رَعِيَّةً فَلَمْ يَنْصَحْ ص ١٠٥٨

حديث ٢٩٠٦ عَنِ الْحَسَنِ أَنَّ عُبَيْدَ اللهِ بْنَ زِيَادٍ عَادَ مَعْقِلَ بْنَ يَسَارٍ فِي

*"હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ થી રિવાયત છે કે ઓબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદ* **[હદીષ : ૨૯૦૬]**

مَرَضِهِ الَّذِي مَاتَ فِيهِ فَقَالَ لَهُ مَعْقِلٌ إِنِّي مُحَدِّثُكَ حَدِيثًا سَمِعْتُهُ مِنَ

*(બદ્દનિહાદ)એ હઝરત મઅક઼િલ બિન યસાર رضی اللہ عنہ ની તેમના મૃત્યુ સમયની બીમારીમાં અયાદત કરી (ખબર*

النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ مَا مِنْ

*લીધી) તો હઝરત મઅક઼િલે એનાથી કહ્યું, હું તને એક હદીષ વર્ણવી રહ્યો છું જેને મેં નબી ﷺ થી સાંભળી છે.*

عَبْدٍ يَسْتَرْعِيهِ اللهُ رَعِيَّةً فَلَمْ يَحُطْهَا بِنَصِيحَةٍ لَمْ يَجِدْ رَائِحَةَ الْجَنَّةِ -

*મેં નબી ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે* ***જે બંદાને અલ્લાહ તઆલાએ રઈય્યત (પ્રજા) અતા કરી અને તેણે ખૈરખ્વાહીની સાથે તેની નિગહેબાની ન કરી તો તે જન્નતની ખુશ્બુ પામશે નહીં."***

## હદીષ : ૨૯૦૬ની સમજૂતી

**ઓબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદ :** તે બદ નિહાદ (બુરી આદતવાળો) છે જે હઝરત મુઆવિયહ رضی اللہ عنہના જમાનામાં બસરાનો અને યઝીદ પલીદના જમાનામાં બસરાની સાથે કૂફાનો વાલી હતો, જેના હુકમથી કરબલાની દુઃખદ ઘટના અસ્તિત્વમાં આવી. તેના પછીની રિવાયતમાં આ શબ્દો છે : **"જે મુસલમાન પ્રજાનો વાલી હોય અને એ હાલમાં મરે કે તેણે પબ્લિક સાથે અપ્રમાણિક્તા કરી હોય તેના પર જન્નત હરામ થશે."** હઝરત મઅકિ્લ બિન યસાર رضی اللہ عنہ ઘણા જ મશહૂર સહાબી છે. તેમનો વિસાલ બસરામાં હિ.સ. ૬૦ અને ૭૦ની વચ્ચે યઝીદ પલીદની હુકૂમતમાં થયો.

## بَابُ الْقَضَاءِ وَالْفُتْيَا فِى الطَّرِيقِ ص ۱۰۵۹

**પ્રકરણ : "ફેંસલો તથા ફત્વો રસ્તે ચાલતા આપવો."** *–(૧૦૫૯)*

ت ۸۳۸ وَقَضَى يَحْيَى بْنُ يَعْمَرَ فِى الطَّرِيقِ.

*"અને યહયા ઈબ્ને યઅ્મુરએ ચાલતાં ચાલતાં રસ્તામાં ફેંસલો કર્યો."* **[તઅલીક઼ : ૮૩૮]**

## તઅલીક઼ : ૮૩૮ની સમજૂતી

આ તઅલીક઼ને મુહમ્મદ બિન સઅદે તબક઼ાતમાં આ શબ્દોની સાથે વર્ણન કરી છે, "મૂસા ઈબ્ને યસારે કહ્યું કે યહયા બિન યઅ્મુર જ્યારે મર્વના ક઼ાઝી હતા. મેં તેમને જોયા કે બજારમાં ફેંસલા કરતા હતા, ચાલતાં ચાલતાં રસ્તામાં ફેંસલા કરતા હતા અને ક્યારેક સવારી પર બેઠા બેઠા ફેંસલા કરતા હતા."

જો મામલો ગુંચવણભર્યો ન હોય, ક઼ાઝી તથા મુફ્તીને સંપૂર્ણ સંતોષ હોય તો એમાં કોઈ વાંધો નથી. યહયા બિન યઅ્મુર બસરાના રહેવાસી હતા અને જલીલુલ્ ક઼દર મશહૂર તાબઈ છે. ફસીહ મુત્તક઼ી બુઝુર્ગ હતા. ખુરાસાનના મોટાભાગના શહેરોના ક઼ાઝી હતા.

ت ۸۳۹ وَقَضَى الشَّعْبِيُّ عَلَى بَابِ دَارِهِ

*"અને ઈમામ શઅબીએ પોતાના દરવાજા પર ફેંસલો કર્યો."* **[તઅલીક઼ : ૮૩૯]**

## તઅલીક઼ : ૮૩૯ની સમજૂતી

આ તઅલીક઼ને ઈબ્ને સઅદે પોતાના તબક઼ાતમાં વર્ણન કરી છે.

ઈમામ શઅબીનું નામ આમિર બિન શરાહબીલ બિન અબ્દુલ્લાહ છે. કુન્નિયત અબૂ અમ્ર છે. હમદાનમાં એક જગા "શઅબ" નામની છે ત્યાંના રહેવાસી હતા. ૭૭ વરસની વયે હિ.સ. ૧૦૬ના શરૂમાં વિસાલ ફર્માવ્યો. તેમણે પાંચસો સહાબાએ કિરામની ઝિયારત કરી છે. તેમનાથી આ હદીષ મરવી છે કે મેં ત્રણસો સહાબાએ કિરામને એવું કહેતા સાંભળ્યા, અલી તથા તલ્હા તથા ઝુબૈર જન્નતમાં છે. હઝરત ઈમામ અહમદ બિન હંબલે તેમનાથી હદીષ સાંભળી.

## ★ જેની કૃત્લ કરવી વાજિબ હોય ★

**પ્રકરણ : "જેની કૃત્લ કરવી વાજિબ હોય એના કૃત્લનો હુકમ એનો હાકિમ આપશે, ન કે તે ઈમામ જે એની ઉપર હોય."** –(૧૦૫૯)

بَابُ الحاكم يحكم بالقتل على من وجب عليه دون الامام الذى فوقه۔ ص ۱۰۵۹

**સ્પષ્ટતા :** આ પ્રકરણમાં ઉલમાનો મતભેદ છે. આપણે ત્યાં એ છે કે હુદૂદ તથા કૃસાસનો ઈખ્તિયાર કેવળ શહેરોના ઉમરા તથા હાકિમોને છે. ગામડાના નાના આમિલોનો કોઈ હક્ નથી.

حديث ۲۹۰۷ عَنْ ثُمَامَةَ عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ قَیْسَ بْنَ سَعْدٍ

**[હદીષ : ૨૯૦૭]** *"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે કૈસ બિન સઅદ رضی اللہ عنہ*

كَانَ يَكُوْنُ بَيْنَ يَدَىِ النَّبِىِّ صَلَّى اللّٰہُ عَلَيْہِ وَسَلَّمَ بِمَنْزِلَةِ صَاحِبِ الشُّرْطَةِ مِنَ الْاَمِيْرِ

*હુઝૂરે અકૃદસ ﷺ ની બારગાહમાં એ હોદ્દા પર હતા જેના પર અમીરનો સાહિબુશ્શુર્તા હોય છે."*

**હદીષ : ૨૯૦૭ની સમજૂતી** હઝરત કૈસ બિન સઅદ બિન ઓબાદા મશહૂર સહાબી છે. તેમના પિતા હઝરત સઅદ કૃબીલા ખઝરજના રઈસે આ'ઝમ હતા.

شَرَطَةٌ : شُرُطٌ નું બહુવચન છે જેનો અર્થ નિશાની છે. એનાથી "શુર્તી" છે. જેનો અર્થ સિપાહી છે. સાહિબુશ્શુર્તાથી મુરાદ સિપાહીનો અધિકારી છે. હુઝૂરે અકૃદસ ﷺ તથા ખુલફાએ રાશિદીનના જમાનામાં એ કચેરી (ખાતુ) ન હતી. એના શરૂ કરવાનો સેહરો બની ઉમૈયાના માથા પર છે. એટલા માટે હઝરત અનસે સાહિબુશ્શુર્તા નથી કહ્યું, بمنزلة صاحب الشرط (સાહિબુશ્શુર્તાના સ્થાને) કહ્યું. મતલબ એ થયો કે જેવી રીતે સિપાહીનો અધિકારી હોય છે એ જ પ્રમાણે હુઝૂરે અકૃદસ ﷺ ની બારગાહમાં હઝરત કૈસ બિન સઅદ હતા.

كَانَ يَكُوْنُ ઈસ્તમરારનો સેગો છે. તિર્મિઝીમાં આ હદીષ છે, પણ એમાં كَانَ નથી, કેવળ يَكُوْنُ છે. આ હદીષને પ્રકરણ સાથે શું નિસ્બત છે એને સમજવાથી સર્વ શરહકર્તાઓ આજ સુધી આજિઝ છે.

## ★ ગુસ્સાની હાલતમાં ફૈસલો કે ફત્વો આપી શકે છે ? ★

**પ્રકરણ : "શું હાકિમ ગુસ્સાની હાલતમાં ફૈસલો કે ફત્વો આપી શકે છે ?"** –(૧૦૫૯)

بَابُ هَلْ يَقْضِى الْحَاكِمُ اَوْ يُفْتِى وَهُوَ غَضْبَانُ ص ۱۰۵۹

حديث ۲۹۰۸ سَمِعْتُ عَبْدَ الرَّحْمٰنِ بْنَ اَبِىْ بَكْرَةَ قَالَ كَتَبَ اَبُوْ بَكْرَةَ اِلٰى ابْنِهٖ

**[હદીષ : ૨૯૦૮]** *"અબ્દુર્રહમાન બિન અબૂબકરહએ કહ્યું, અબૂબકરહએ પોતાના પુત્રને લખ્યું અને*

وَكَانَ بِسِجِسْتَانَ اَنْ لَّا تَقْضِ بَيْنَ اثْنَيْنِ وَاَنْتَ غَضْبَانُ فَاِنِّىْ سَمِعْتُ النَّبِىَّ

*તે સજિસ્તાનમાં હતા કે ગુસ્સાની હાલતમાં બે શખ્સોની વચ્ચે ફૈસલો ન કરશો, એટલા માટે કે મેં નબી*

*ﷺથી સાંભળ્યું છે કે ફર્માવતા હતા, કોઈ હાકિમ ગુસ્સાની હાલતમાં*

*બેની વચ્ચે ફેંસલો ન કરે.'' (મુસ્લિમ–અક્દિય્યહ, તિર્મિઝી, ઈબ્ને માજહ–અહકામ)*

## હદીષ : ૨૯૦૮ની સમજૂતી

હઝરત અબૂબકરહ رضی اللہ عنہએ પોતાના જે સાહબઝાદાને એ લખ્યું હતું તેમનું નામ ઓબૈદુલ્લાહ છે, જેમ કે તિર્મિઝીમાં છે. મુસ્લિમની રિવાયતમાં છે : كَتَبَ اَبِیْ وَكَتَبْتُ આ બંનેમાં કોઈ ટકરાવ નથી કે હઝરત અબૂબકરહ رضی اللہ عنہએ ક્યારેક જાતે લખ્યું અને ક્યારેક પોતાના સાહબઝાદા અબ્દુર્રહમાનથી લખાવ્યું. અને એ પણ થઈ શકે છે કે લખાવ્યું હોય તેને ''કતબ''થી તાબીર કર્યું હોય. અને એ ઓબૈદુલ્લાહ સજીસ્તાનમાં ક઼ાઝી હતા.

بَابُ مَنْ رَاَی الْقَاضِیَ اَنْ يَّحْكُمَ بِعِلْمِهٖ فِیْ اَمْرِ النَّاسِ اِذَا لَمْ يُخَفِ الظُّنُوْنَ وَالتُّهْمَةَ كَمَا قَالَ النَّبِیُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لِهِنْدٍ خُذِیْ مَا يَكْفِيْكِ وَوَلَدَكِ بِالْمَعْرُوْفِ وَذٰلِكَ اِذَا كَانَ اَمْرًا مَّشْهُوْرًا ـ ص ١٠٦٠

**પ્રકરણ : ''જેણે એ જાઈઝ જાણ્યું કે લોકોના મામલાઓમાં ક઼ાઝી પોતાના ઈલ્મના પ્રમાણે ફેંસલો કરે જ્યારે બદ્ગુમાની કે તોહમતનો અંદેશો ન હોય. જેમ કે નબી ﷺએ હિંદાને કહ્યું, ઉર્ફ (રિવાજ)ના પ્રમાણે જે તને તથા તારાં બાળકોને પૂરતુ હોય લઈ લે. અને એ ત્યારે છે જ્યારે એ વાત મશ્હૂર હોય.''** *–(૧૦૬૦)*

**સ્પષ્ટતા :** ક઼ાઝીએ બૈયેનહ (સ્પષ્ટ દલીલ) તથા હલ્ફ (ક઼સમ) વિના પોતાના ઈલ્મના પ્રમાણે ફેંસલો કરવો જાઈઝ છે કે નહીં ? ક઼ાઝી શુરૈહ તથા ઈમામ શઅબી તથા ઈમામ અહમદ તથા ઈમામ માલિકનો મશહૂર ક઼ૌલ એ છે કે જાઈઝ નથી. અને ઈમામ શફઈએ ફર્માવ્યું કે હુક઼ૂક઼ુન્નાસ (લોકોના હક઼્ક઼)માં જાઈઝ છે, ભલે ક઼ાઝી બનાવવામાં આવ્યા પહેલાં એનો ઈલ્મ થયો હોય કે બાદમાં. હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہએ ફર્માવ્યું, જો ક઼ાઝી થતાં પહેલાં તેને ઈલ્મ થયો તો પોતાના ઈલ્મ પ્રમાણે ફેંસલો નહીં કરે, અને ક઼ાઝી બનાવ્યા બાદ થયો તો કરી શકે છે. અને ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ મુહમ્મદે ફર્માવ્યું, ક઼ાઝી થતા પહેલાં ઈલ્મ થયો તો કરી શકે છે.

ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ એના માટે બે શર્તો વર્ણન કરી છે, એક એ કે બદઉન્વાની (હેરાફેરી, રિશ્વત–ખોરી) તથા તોહમતનો અંદેશો ન હોય. બીજુ એ કે તે મામલો માલૂમ તથા મશહૂર હોય.

એના માટે ઈમામ બુખારી ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼া رضی اللہ عنہاની હદીષથી દલીલ કરે છે કે ઈમાન લાવ્યા બાદ હઝરત હિંદા رضی اللہ عنہاએ આ અરજ કરી હતી કે યા રસૂલલ્લાહ ! (મારા પતિ) અબૂ સુફયાન કંજૂસ માણસ છે તો શું એમાં વાંધો છે કે હું એમને પૂછયા વિના તેમનાં બાળબચ્ચાંને ખવડાવું ? તો હુઝૂર ﷺએ તેમને ઈજાઝત આપી. આ ઈજાઝત હુઝૂરે અક઼દસ ﷺએ એમને એટલા માટે આપી હતી કે સૌને ખબર છે કે બાળકોનું ભરણપોષણ પિતા પર વાજિબ છે, અને એ પણ ખબર હતી કે હઝરત અબૂ સુફયાન رضی اللہ عنہ કંજૂસ છે.

## ★ મોહર કરેલા પત્ર પર ગવાહીનું બયાન ★

بَابُ الشهادة على خط المختوم وَمَا يَجُوزُمِنْ ذالك كما يضيق عليه وكتاب الحاكم الى عامله وَالقاضِىْ الى القاضى ص ۱۰۶۰

**પ્રકરણ : "મોહર કરેલા પત્ર પર ગવાહીનું બયાન, અને એમાં શું જાઈઝ છે અને શું જાઈઝ નથી. અને હાકિમનું પોતાના આમિલની પાસે પત્ર લખવું અને ક઼ાઝીનું ક઼ાઝીની પાસે."**

*–(૧૦૬૦)*

**સ્પષ્ટતા :** એટલે કે મોહર થયેલ પત્ર પર જો ગવાહી ગુજરે કે ફલાણાનો પત્ર છે તો તે વિશ્વસનીય છે અથવા નથી ? પત્ર મુત્લક઼ન (તદ્દન) અવિશ્વસનીય માનવામાં ઘણા હક્કોને વેડફવું લાઝિમ ઠરશે, અને શર્ત વિના સ્વીકારવામાં જૂઠ, પ્રપંચ, ધોકાબાજીના ખતરાઓ છે. એટલા માટે અમુક શરતોની સાથે ખાસ સ્થિતિઓમાં એની ઈજાઝત છે : પ્રથમ શર્ત એ છે કે એ પત્ર ક઼ાઝીનો હોય. બીજી શર્ત એ કે નિસાબના પ્રમાણે ગવાહોની સામે લખે. ત્રીજી શર્ત એ છે કે એ બંને ગવાહ જે ક઼ાઝી માટે પત્ર લખ્યો તેને લઈ જઈને આપે, અને ગવાહી આપે કે આ પત્ર ફલાણા ક઼ાઝીનો આપના નામે છે. પાંચમી શર્ત અમુક લોકોએ એ વધારી છે કે તે પત્ર મોહર કરેલો હોય અને લખનારે (કાતિબે) ગવાહોની સામે લગાડી હોય. આ હઝરત ઈમામે આ'ઝમ તથા ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہم اجمعین નો ક઼ૌલ છે. અને હઝરત ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہ ની નજીક મોહરની શર્ત જરૂરી નથી. એટલા માટે કે જ્યારે ગવાહો શરઈ ગવાહી આપી રહ્યા છે કે આ ફલાણાનો પત્ર છે તો મોહરની શું જરૂરત છે ? વળી એ ઈત્મિનાન કે આ મોહર ફલાણા ક઼ાઝીની છે એ ગવાહોની શહાદત પર જ થશે, પછી મોહરની શું જરૂરત ? છટ્ઠી શર્ત એ છે કે લખનાર ક઼ાઝી પોતાનું નામ, હોદ્દો તેમજ જે ક઼ાઝીના નામે લખ્યો તે ક઼ાઝીનું નામ, હોદ્દો એ રીતે લખે કે બંનેવ નિશ્ચિત થઈ જાય.

وَقَالَ بَعْضُ النَّاسِ كِتَابُ الْحَاكِمِ جَائِزٌ اِلَّا فِى الْحُدُوْدِ ثُمَّ قَالَ

*અને અમુક લોકોએ કહ્યું કે હાકિમનો પત્ર જાઈઝ છે, અલ્બત્ત હદો (સજાઓ)માં જાઈઝ નથી. પછી કહ્યું,*

اِنْ كَانَ الْقَتْلُ خَطَأً فَهُوَ جَائِزٌ لِاَنَّ هٰذَا مَالٌ بِزَعْمِهٖ وَاِنَّمَا

*ક઼ત્લે ખતા (ભૂલથી ખૂન) હોય તો જાઈઝ છે, એટલા માટે કે એના ગુમાનમાં એ માલ છે (અને એ ન સમજ્યું*

صَارَ مَالًا بَعْدَ اَنْ ثَبَتَ الْقَتْلُ وَالْخَطَأُ وَالْعَمْدُ وَاحِدٌ

*કે એ માલ બન્યો છે ક઼ત્લ સાબિત થયા બાદ) જેથી ખતા તથા અમદ (ઈરાદાપૂર્વકની) એક છે.*

## ★ ક઼ાઝી (ક઼ાઝીનો પત્ર બીજા ક઼ાઝીને) જાઈઝ ★

**સ્પષ્ટતા :** આ પણ અગાઉની જેમ ઈમામ બુખારીની હનફીઓ પર ઈનાયત છે. તે ફર્માવવા ચાહે છે કે અહનાફ (હનફીઓ)ના મઝહબમાં વિરોધાભાસ છે, એટલા માટે કે એક તરફ તો એવું કહ્યું કે હુદૂદ (સજાઓ)માં કિતાબુલ ક઼ાઝી ઈલલ ક઼ાઝી (ક઼ાઝીનો પત્ર બીજા ક઼ાઝીને) જાઈઝ નથી અને બીજી બાજુ એવું કહ્યું કે ભૂલથી ક઼ત્લમાં જાઈઝ છે.

### ★ કૃત્લે ખતા છે તો એમાં કેસાસ નહીં દિયત વાજિબ છે ★

અહનાફે એવું કહ્યું કે કૃત્લ થઈ ચૂકી, કાઝીએ તેની સજાનો ફેંસલો આપવાનો છે. અને જ્યારે કૃત્લે ખતા છે તો એમાં કેસાસ નહીં દિયત વાજિબ છે, અને દિયત વિના શંકાએ માલ છે. એના પર ઈમામ બુખારી એવું ફર્માવે છે કે એ માલ ત્યારે છે જ્યારે કૃત્લ સાબિત થઈ ચૂકી હોય, એટલા માટે કજેવી રીતે ઈરાદાપૂર્વકની કૃત્લ એવી જ રીતે કૃત્લે ખતા. અમારું એ કહેવું છે કે જો ઈરાદાપૂર્વકની કે ભૂલથી થતી કૃત્લ એક જ હોત તો બંનેવની સજા પણ એક જ હોત. જ્યારે કૃત્લે અમદ (ઈરાદાપૂર્વક)ની સજા કેસાસ છે અને કૃત્લે ખતા પર દિયત લાઝિમ છે. એને બીજા શબ્દોમાં એમ કહો કે હાકિમ કૃત્લે ખતામાં એ ફેંસલો કરે છે કે કાતિલ પર દિયત વાજિબ છે, એ કાતિલના જિમ્મે માલ લાઝિમ કરે છે. તો એ બિલ્કુલ એ પ્રમાણે થઈ ગયું કે ઝયદે અમ્ર પર દાવો કર્યો કે તેણે ઈરાદાપૂર્વક મારા કપડાંને સળગાવી દીધાં. તો સાબિતી પછી હાકિમ તાવાન (બદલા)નો હુકમ આપશે. એ જ પ્રમાણે કૃત્લે ખતામાં પણ છે.

## وَقَدْ كَتَبَ عُمَرُ إِلَىٰ عَامِلِهِ فِي الْجَارُوْدِ ٨٤٠ ت

*"અને ઉમર رضی اللہ عنہ એ પોતાના આમિલની પાસે જારૂદના બારામાં લખ્યું."* **[તઅલીક઼ : ૮૪૦]**

અહીં મોટાભાગની રિવાયત فِي الْحُدُوْد છે. પરંતુ મસ્તમલી તથા કશ્મીહિનીથી અબૂઝરની રિવાયતમાં فِي الْجَارُوْد છે.

જારૂદ બિન અલ્મઅ્લા અબૂ ગયાષ અબુલ કૈસ કબીલાના સરદાર હતા. પહેલાં ઈસાઈ હતા. હિ.સ. ૧૦માં અબ્દુલ કૈસના વફ્દ (પ્રતિનિધિમંડળ)ની સાથે હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં હાજર થયા. એમનું નામ જારૂદ એટલા માટે પડયું કે જાહિલિયતના જમાનામાં કબીલા બકર બિન વાઈલ અને તેમના સાથીઓને એકવાર લૂટયા અને એમનાં કપડાં ઉતારીને નાગા કરી આપ્યા. જારૂદ جَرَدَનો ઈસ્મે મુબાલિગા છે. ઈમામ અબ્દુર્રઝ્ઝાકે રિવાયત કરી કે હઝરત ઉમર رضی اللہ عنہએ કુદામહ બિન મઝઊનને બહ્રૈનના આમિલ નિયુક્ત કર્યા. આ જારૂદ હઝરત ઉમર رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયા અને એ શિકાયત કરી કે કુદામહએ શરાબ પીધી જેથી એને નશો આવ્યો. હઝરત ઉમરે કુદામાને પોતાની બારગાહમાં બોલાવ્યા. જારૂદ તથા અબૂ હુરૈરહ્ رضی اللہ عنہماએ ગવાહી આપી જેના પર કુદામા પર હદ (સજા) લાગુ કરવામાં આવી.

### ★ કિતાબુલ કાઝી ઈલલ્ કાઝી વિશ્વસનીય નથી ★

અમારે અતિશય અફસોસની સાથે કહેવું પડે છે કે હઝરત ઈમામ બુખારીએ આપણા આ મઝહબને કે હદોમાં (સજાઓમાં) કિતાબુલ કાઝી ઈલલ્ કાઝી વિશ્વસનીય નથી સમજ્યો ! એટલા માટે કે એનો સ્પષ્ટ મતલબ એ છે કે કાઝીને ત્યાં એવા શખ્સની વિરુદ્ધ જે એ કાઝીના કાઝીપણાની સીમામાં મૌજૂદ નથી, ગવાહી ગુજરી કે તેણે ચોરી કરી છે. દા.ત. આ મુલ્ઝિમ (આરોપી) જે કાઝીની સીમાઓ (હદોમાં) રહે છે તેની પાસે પોતાનો પત્ર મોકલ્યો કે ફલાણા શખ્સની વિરુદ્ધ મારે ત્યાં ગવાહી ગુજરી છે કે તેણે ચોરી કરી છે. આ પત્રના પ્રમાણે બીજો કાઝી એનો હાથ કાપશે નહીં, એટલા માટે કે પત્ર ગમે તેમ પણ તે યકીન નથી હાંસલ થતું જે રૂબરૂ પેશ થનારા ગવાહોથી થાય છે અને અહીં કુદામાના બનાવમાં હઝરત ઉમર رضی اللہ عنہએ પોતાને ત્યાં ગુજરેલી ગવાહી અથવા પોતાનો ફેંસલો લખીને મોકલ્યો ન હતો, બલ્કે કુદામાને પોતાને ત્યાં તેહકીકના માટે બોલાવ્યા હતા. બંનેવમાં કેટલો મહાન તફાવત છે ! જે કોઈનાથી છુપો નથી.

ت ۸۴۱ **[તઅલીક઼ : ૮૪૧]** وَكَتَبَ عُمَرُ بْنُ عَبْدِ الْعَزِيْزِ فِيْ سِنٍّ كُسِرَتْ

*"અને હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે એ દાંતના બારામાં લખ્યું જે તોડવામાં આવ્યો હતો."*

**તઅલીક઼ : ૮૪૧ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ અબૂ બકર ખિલાલે કિતાબુલ કે઼સાસ વદિયાતમાં વર્ણવી છે. આ પત્ર હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ એ પોતાના આમિલ ઝરીક બિન હકીમની પાસે લખ્યો હતો. ઝરીકે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝની પાસે એક પત્ર લખ્યો હતો કે એક શખ્સે એક શખ્સનો દાંત તોડી નાખ્યો છે અને કેવળ એક ગવાહ છે તો હું શું કરું ?! તેના જવાબમાં હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે એ ગવાહીના પ્રમાણે ફૈંસલો કરવાની ઈજાઝત આપી હતી. આ પણ હદોમાં (સજાઓમાં) કિતાબુલ ક઼ાઝી ઈલલ ક઼ાઝીના વિશ્વસનીય હોવાની દલીલ નથી. આ તો ઝરીક઼ બિન હકીમના એક ઈસ્તિફતા (સવાલ)નો જવાબ હતો.

ت ۸۴۲ وَقَالَ اِبْرَاهِيْمُ كِتَابُ الْقَاضِيْ اِلَى الْقَاضِيْ جَائِزٌ اِذَا عَرَفَ

*"હઝરત ઈબ્રાહીમ નખઈએ ફર્માવ્યું કે કિતાબુલ ક઼ાઝી અલલ ક઼ાઝી જાઈઝ છે* **[તઅલીક઼ : ૮૪૨]**

الْكِتَابَ وَالْخَاتَمَ

*જ્યારે કે બીજો ક઼ાઝી પત્ર તથા મોહરને ઓળખતો હોય."*

**તઅલીક઼ : ૮૪૨ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ ઈબ્ને અબી શયબાએ વર્ણન કરી છે.

ت ۸۴۳ وَيُرْوٰى عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا نَحْوُهٗ

*"અને હઝરત ઈબ્ને ઉમર* رضی اللہ عنہما *થી પણ એના જેમ રિવાયત થયેલ છે."* **[તઅલીક઼ : ૮૪૩]**

ت ۸۴۴ وَقَالَ مُعَاوِيَةُ بْنُ عَبْدِ الْكَرِيْمِ الثَّقَفِيُّ شَهِدْتُ

*"અને મુઆવિયહ ઈબ્ને અબ્દુલકરીમ ષક઼ફીએ કહ્યું કે હું હાજર થયો,* **[તઅલીક઼ : ૮૪૪]**

عَبْدَ الْمَلِكِ بْنَ يَعْلٰى قَاضِيَ الْبَصْرَةِ وَاِيَاسَ بْنَ مُعَاوِيَةَ وَالْحَسَنَ وَ

*ક઼ાઝીએ બસરા અબ્દુલમલિક બિન યઅ્લા તથા અયાસ બિન મુઆવિયહ તથા હસન તથા*

ثُمَامَةَ بْنَ عَبْدِ اللّٰهِ بْنِ اَنَسٍ وَبِلَالَ بْنَ اَبِيْ بُرْدَةَ وَعَبْدَ اللّٰهِ بْنَ

*ષુમામા બિન અબ્દુલ્લાહ બિન અનસ તથા બિલાલ બિન અબૂ બુર્દા તથા અબ્દુલ્લાહ બિન અબૂ બુર્દા*

اَبِيْ بُرَيْدَةَ الْاَسْلَمِيَّ وَعَامِرَ بْنَ عَبِيْدَةَ وَعَبَّادَ بْنَ مَنْصُوْرٍ

*અસ્લમી તથા આમિર બિન ઓબૈદા અને એબાદ બિન મન્સૂરની પાસે. એ સૌ ક઼ાઝીઓના પત્રોને ગવાહોની*

يُجِيْزُوْنَ كُتُبَ الْقُضَاةِ بِغَيْرِ مَحْضَرٍ مِّنَ الشُّهُوْدِ فَإِنْ قَالَ الَّذِيْ جِيْئَ

*ગેરહાજરીમાં લાગુ કરતા હતા. પછી જેની વિરુદ્ધ પત્ર આવ્યા છે જો તે કહે છે કે એ બનાવટી છે.*

عَلَيْهِ بِالْكِتَابِ إِنَّهُ زُوْرٌ قِيْلَ لَهُ اِذْهَبْ فَالْتَمِسِ الْمَخْرَجَ مِنْ ذَالِكَ.

*તો તેને કહેવામાં આવતું, જા અને એનાથી છૂટકારાનો માર્ગ તલાશ કર.''*

**તઅલીક઼ : ૮૪૪ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ વકીઅએ પોતાના મુસન્નફમાં વર્ણન કરી છે. આ આઠ તાબઈ છે અને એ સૌ ક઼ાઝી રહી ચૂક્યા છે. એમાં કેવળ એબાદ બિન મન્સૂર ઝઈફ છે જેના પર ક઼દરિયા હોવાનો આક્ષેપ પણ લગાડવામાં આવ્યો છે. બાકીના સૌ જલીલુલ ક઼દર ષિક઼હ તાબઈ છે. મતલબ એ છે કે આ સર્વ હઝરાત બીજા શહેરના ક઼ાઝીના પત્ર પર ફૈંસલો કરી દેતા અને અયની ગવાહોને ફરીવાર પોતાના દારુલ ક઼ઝામાં બોલાવીને ગવાહી લેવાની જરૂરત મેહસૂસ કરતા ન હતા. ત્યાં સુધી કે જો પ્રતિવાદી કહેતો કે આ પત્ર બનાવટી છે તો પણ તેના પ્રતિ ધ્યાન આપતા ન હતા, અને તેને કહેતા કે સફાઈનો જે શરઈ તરીક઼ો છે તેને પેશ કરો. દા.ત. પત્રમાં જે ગવાહોનું વર્ણન છે એમના પર જરહ (વાંધો) પેશ કરો.

ت ٨٤٥ وَأَوَّلُ مَنْ سَأَلَ عَلٰى كِتَابِ الْقَاضِيْ الْبَيِّنَةَ ابْنُ أَبِيْ لَيْلٰى وَسَوَّارُ

*''અને સૌથી પ્રથમ જેણે કિતાબુલ ક઼ાઝી પર દલીલ માગી ઈબ્ને અબી લયલા* **[તઅલીક઼ : ૮૪૫]**

بْنُ عَبْدِ اللّٰهِ

*તથા સવ્વાર બિન અબ્દુલ્લાહ છે.''*

حديث ٢٩٠٩ وَقَالَ لَنَا أَبُوْ نُعَيْمٍ حَدَّثَنَا عُبَيْدُ اللّٰهِ بْنُ مُحْرِزٍ

*''અને અમારાથી અબૂ નુઐમે કહ્યું, અમને અબ્દુલ્લાહ બિન મુહારિઝે વર્ણન કર્યું કે* **[હદીષ : ૨૯૦૯]**

جِئْتُ بِكِتَابٍ مِّنْ مُوْسٰى بْنِ أَنَسٍ قَاضِيْ الْبَصْرَةِ وَأَقَمْتُ عِنْدَهُ

*હું બસરાના ક઼ાઝી મૂસા ઈબ્ને અનસનો પત્ર ક઼ાસિમ બિન અબ્દુર્રહમાનની પાસે લઈને આવ્યો. તેમણે એ*

الْبَيِّنَةَ أَنَّ لِيْ عِنْدَ فُلَانٍ كَذَا وَكَذَا وَهُوَ بِالْكُوْفَةِ فَجِئْتُ

*પત્રના પ્રમાણે ફૈંસલો કર્યો, જ્યારે કે તે કૂફામાં હતા. મેં મૂસા ઈબ્ને અનસની પાસે દલીલ પેશ કરી હતી કે મારું*

بِهِ الْقَاسِمَ بْنَ عَبْدِ الرَّحْمٰنِ فَأَجَازَهُ

*ફલાણા માથે આટલા તથા આટલા રૂપિયા કરજ છે અને તે કૂફામાં છે. (મૂસા ઈબ્ને અનસે એ જ લખાણનો પત્ર લખીને મને આપ્યો) જેને હું ક઼ાસિમ ઈબ્ને અબ્દુર્રહમાનની પાસે લઈ આવ્યો તો તેમણે ફૈંસલો કર્યો.''*

**હદીષ : ૨૯૦૯ની સમજૂતી** આ અબૂ નુઐમ ફઝ્લ બિન દકીન છે. એ ઈમામ બુખારીના મશાઈખમાંથી છે. તેમનાથી ઈમામ બુખારીએ આ ચર્ચા હેઠળ સાંભળ્યું હતું એટલા માટે : قَالَ لَنَاથી વર્ણવ્યું. મૂસા બિન અનસ બિન માલિક બસરાના કાઝી હતા. તેમની પાસે ઓબૈદુલ્લાહ બિન મુહરિઝે બે ગવાહોને પેશ કર્યા કે ફલાણો શખ્સ જે કૂફામાં છે તેના માથે મારા આટલા રૂપિયા છે. તેમણે અબ્દુલ્લાહનો દાવો તથા ગવાહી લખીને કૂફાના કાઝી કાસિમ બિન અબ્દુર્રહમાનના નામે પત્ર લખ્યો. જેના પર તેમણે ફેંસલો કરી આપ્યો. કાસિમ બિન અબ્દુર્રહમાન હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہના પૌત્ર હતા. તેમની કુન્નિયત અબૂ અબ્દુર્રહમાન હતી. હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝના જમાનામાં કૂફાના કાઝી હતા. *(ફત્હુલ બારી, ૧૩/૧૪૩)*

ت ٨٤٦ وَكَرِهَ الْحَسَنُ وَاَبُوْقِلَابَةَ اَنْ يَّشْهَدَ عَلٰى وَصِيَّةٍ حَتّٰى يُعْلَمَ **[તઅલીક : ૮૪૬]**

*"અને ઈમામ હસન બસરી તથા અબૂ કલાબા આ વાતને નાપસંદ કરતા હતા કે વસિયત પર ગવાહી આપવામાં*

مَا فِيْهَا لِاَنَّهٗ لَايَدْرِىْ لَعَلَّ فِيْهَا جَوْرًا

*આવે જ્યાં સુધી એ માલૂમ ન હોય કે એમાં શું છે. એટલા માટે કે તે નથી જાણતો, શક્ય છે તેમાં જુલ્મ હોય."*

ت ٨٤٧ وَقَدْ كَتَبَ النَّبِىُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِلٰى اَهْلِ خَيْبَرَ اِمَّا

*"અને નબી ﷺએ ખયબરવાળાઓને લખ્યું, ક્યાં તો કત્લ થનારની દિયત* **[તઅલીક : ૮૪૭]**

اَنْ تَدُوْا صَاحِبَكُمْ وَاِمَّا اَنْ تُؤْذِنُوْا بِحَرْبٍ

*આપો અથવા લડાઈનું એલાન સ્વીકારો."*

## તઅલીક : ૮૪૭ની સમજૂતી

تَدُوا એનો માદ્દો وَدْىٌ છે. એ મુઝારેઅનો જમા મુઝક્કર હાઝિરનો સેગો છે, અસલમાં تَوْدِيُوْا વાવ 'ફા' કલ્મો હતો જે يَعِدُના કાઈદાથી મહઝૂફ થઈ ગયો. પછી "યા"ના ઝમ્માને નકલ કરીને દાલને આપ્યો, હવે "યા" તથા વાવમાં ઈત્તેકાએ સાકિનૈન થયું, "યા" પડી ગઈ تَدُو થઈ ગયું.

આ કિસ્સો વર્ણન થઈ ચૂક્યો છે. નઅકલ બિન અબી હસનાથી મરવી છે કે અબ્દુલ્લાહ ઈબ્ને સહલ તથા મુહસિય્યહ ખૈબર ગયા. અબ્દુલ્લાહ ઈબ્ને સહલને કોઈએ કત્લ કરીને ફેંકી દીધા. મુહસિય્યહએ યહૂદીઓને પૂછયું, યહૂદીઓએ કસમ ખાયને ઈન્કાર કર્યો. પછી અબ્દુલ્લાહ પોતાના ભાઈ હુવૈસહ અને અબ્દુર્રહમાન બિન સહલને લઈને રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા. પૂરો બનાવ વર્ણવ્યો. તે વખતે રસૂલુલ્લાહ ﷺએ ખૈબરના યહૂદીઓને આ લખાણ લખ્યું હતું.

ت ٨٤٨ وَقَالَ الزُّهْرِىُّ فِىْ شَهَادَةٍ عَلَى الْمَرْاَةِ مِنْ وَّرَاءِ السِّتْرِ اِنْ

*"અને ઈમામ ઝુહરીએ ફર્માવ્યું, પર્દામાં રહેનારી સ્ત્રીની વિરુદ્ધ ગવાહી આપવાના* **[તઅલીક : ૮૪૮]**

عَرَفْتَهَا فَاشْهَدْ وَإِلَّا فَلَا تَشْهَدْ

*બારામાં. જો તું તેણીને ઓળખતો હોય તો ગવાહી દે, નહીં તો ગવાહી ન આપ.''*

**તઅલીક઼ : ૮૪૮ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ અબી શયબાએ વર્ણવી છે. મતલબ એ છે કે જો કોઈ સ્ત્રી પર્દામાં છે તો તેના ફેવરમાં કે તેની વિરુદ્ધ ગવાહી આપવી તે સમયે દુરુસ્ત છે જ્યારે ગવાહને એનું યક઼ીન હોય કે આ તે જ સ્ત્રી છે જેના બારામાં ગવાહી આપવાની છે.

પ્રકરણ એ હતું કે કિતાબુલ ક઼ાઝી અલલ ક઼ાઝી દરેક મામલામાં વિશ્વસનીય છે. ત્યાં સુધી કે હુદૂદ (સજાઓ)માં પણ. એ જ હઝરત ઈમામ બુખારીનો મઝહબ છે પણ આપણે ત્યાં અન્ય મામલાઓમાં વિશ્વસનીય છે, હુદૂદમાં વિશ્વસનીય નથી. જેના પર ઈમામ બુખારીએ કોઈ દલીલ પેશ નથી કરી. જેટલી અષરો લાવ્યા એમાંથી કોઈથી એ સાબિત નથી થતું કે હદો (સજાઓ)માં કિતાબુલ ક઼ાઝી ઈલલ ક઼ાઝી વિશ્વસનીય છે, અને છેલ્લા અષરને પ્રકરણ સાથે કોઈ સંબંધ નથી.

بَابُ مَتَىٰ يَسْتَوْجِبُ الرَّجُلُ الْقَضَاءَ ط ۱۰۶۱ ـ

**પ્રકરણ : ''માણસ ક્યારે ક઼ાઝી બનાવવાને પાત્ર બને છે.''** *–(૧૦૬૧)*

ت ٨٤٩ وَقَالَ الْحَسَنُ أَخَذَ اللّٰهُ عَلَى الْحُكَّامِ أَنْ لَا يَتَّبِعُوا الْهَوَىٰ

*''અને ઈમામ હસન બસરીએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ હાકિમો પર એ* **[તઅલીક઼ : ૮૪૯]**

وَلَا يَخْشَوُا النَّاسَ وَلَا يَشْتَرُوا بِآيَاتِهِ ثَمَنًا قَلِيلًا ثُمَّ قَرَأَ يَا دَاوُدُ

*પાબંદી લગાડી છે કે નફ઼્સની ખ્વાહિશની પયરવી ન કરે અને લોકોથી ન ડરે, અને અલ્લાહની આયતોના*

إِنَّا جَعَلْنَاكَ خَلِيفَةً فِي الْأَرْضِ فَاحْكُمْ بَيْنَ النَّاسِ بِالْحَقِّ وَلَا تَتَّبِعِ

*બદલામાં થોડુ પુંજી ન ખરીદે. પછી તેમણે પઢ્યું. હે દાઊદ ! બેશક ! અમે તમને જમીનમાં નાયબ કર્યા તો*

الْهَوَىٰ فَيُضِلَّكَ عَنْ سَبِيلِ اللّٰهِ إِنَّ الَّذِينَ يَضِلُّونَ عَنْ سَبِيلِ اللّٰهِ لَهُمْ

*લોકોમાં સાચો હુકમ કરો અને ઈચ્છાઓની પાછળ ન જશો કે તને અલ્લાહની રાહથી બેહકાવી દેશે. બેશક ! જે*

عَذَابٌ شَدِيدٌ بِمَا نَسُوا يَوْمَ الْحِسَابِ ——— وَقَرَأَ إِنَّا أَنْزَلْنَا

*લોકો અલ્લાહની રાહથી બહેકે છે એમના માટે સખ્ત અઝાબ છે એ બિના પર કે તેઓ હિસાબના દિવસને ભૂલી*

التَّوْرَاةَ فِيهَا هُدًى وَنُورٌ يَحْكُمُ بِهَا النَّبِيُّونَ الَّذِينَ أَسْلَمُوا

*બેઠા. અને પઢ્યું, બેશક ! અમે તૌરાત ઉતારી જેમાં હિદાયત તથા નૂર છે. આપણા ફર્માંબરદાર નબી અને*

لِلَّذِیۡنَ ھَادُوۡا وَالرَّبّٰنِیُّوۡنَ وَالۡاَحۡبَارُ بِمَا اسۡتُحۡفِظُوۡا مِنۡ کِتٰبِ اللّٰہِ

આલિમ તથા ફક઼ીહ એના પ્રમાણે યહૂદીઓને હુકમ આપતા હતા. કેમ કે એમનાથી કિતાબુલ્લાહની હિફાઝત

(اِلٰی قَوۡلِہٖ) وَمَنۡ لَّمۡ یَحۡکُمۡ بِمَاۤ اَنۡزَلَ اللّٰہُ فَاُولٰٓئِکَ ھُمُ الۡکٰفِرُوۡنَ ——

ચાહવામાં આવી હતી અને તેઓ એના પર ગવાહ હતા. લોકોથી ડર ન કરો અને મારાથી ડરો અને મારી

وَقَرَأَ وَدَاوٗدَ وَسُلَیۡمٰنَ اِذۡ یَحۡکُمٰنِ فِی الۡحَرۡثِ اِذۡ نَفَشَتۡ فِیۡہِ غَنَمُ الۡقَوۡمِ

આયતોના બદલે તુચ્છ કિંમત ન લો. અને જે અલ્લાહના ઉતારેલ પર હુકમ ન કરે એ જ લોકો કાફિર છે. અને પઢયું,

وَکُنَّا لِحُکۡمِہِمۡ شٰہِدِیۡنَ فَفَھَّمۡنٰھَا سُلَیۡمٰنَ وَکُلًّا اٰتَیۡنَا حُکۡمًا وَّعِلۡمًا فَحَمِدَ

અને દાઊદ તથા સુલૈમાનને યાદ કરો જ્યારે ખેતીનો એક ઝઘડો ચૂકવતા હતા. જ્યારે રાતે અમુક લોકોની

سُلَیۡمٰنُ وَلَمۡ یَلُمۡ دَاوٗدَ وَلَوۡلَا مَا ذَکَرَ اللّٰہُ مِنۡ اَمۡرِ ھٰذَیۡنِ لَرُئِیۡتُ اَنَّ

બકરીઓ છૂટી અને અમે એમના હુકમના વખતે મૌજૂદ હતા. અને અમે બંનેવને હુકૂમત તથા ઈલ્મ અતા કર્યો.

الۡقُضَاۃَ ھَلَکُوۡا فَاِنَّہٗ اَثۡنٰی عَلٰی ھٰذَا بِعِلۡمِہٖ وَعَذَرَ ھٰذَا بِاجۡتِھَادِہٖ

એના પર સુલૈમાને હમ્દ કરી અને દાઊદને મલામત (ભલુબૂરૂ કહેવું) ન કરી. જો અલ્લાહ એ બંનેવના બનાવને

વર્ણન ન કરતો તો એ જ સમજવામાં આવતું કે કાઝી હલાક (બર્બાદ) થઈ ગયા.

અલ્લાહે એકની તેના ઈલ્મના સબબે પ્રશંસા કરી અને બીજાને તેના ઈજતેહાદ પર મઅઝૂર રાખ્યો.''

**તઅલીક઼ : ૮૪૯ની સમજૂતી**

### ★ કાઝી થવા માટેની શરતો ★

કાઝી નિશ્ચિત કરવો ફર્ઝે કિફાયા છે. કાઝીના માટે તે જ શર્તો છે જે ગવાહીની છે. એટલે મુસલમાન, આકિલ બાલિગ, આઝાદ હોવું. આંધળો, ગુંગો, તદ્દન બહેરો ન હોય, મહદૂદ ફિલ્કઝફ (ઝિનાની તોહમત લગાડયા બાદ ગવાહ ન રજૂ કરી શકતાં સજા પામેલ) ન હોય. બેહતર એ છે કે કાઝી આલિમ ફક઼ીહને બનાવવામાં આવે, બેઈલ્મ તથા ફાસિક઼ને ન બનાવવામાં આવે. અને એ જ જરૂરી છે કે જેને કાઝી બનાવવામાં આવે મામલાને સમજવાની શક્તિ ધરાવતો હોય, ફૈસલો લાગુ પાડવા શક્તિમાન હોય, પ્રભાવશાળી હોય, લોકોની વાતો પર સબ્ર કરવાનો આદી હોય, માલદાર હોય કે લાલચમાં ન ફસાય, પાકદામન, બુદ્ધિ, સમજદારી, મામલાને સમજ નાર, મિજાઝમાં કડકાઈ હોય પણ બહુ કડકાઈ ન હોય, એટલી નરમી ન હોય કે લોકોથી દબાય જાય. કાઝી નિયુક્ત કરવું સુલ્તાને ઈસ્લામનું કામ છે અથવા એ વાલીનું જેને ઈસ્લામી સુલ્તાને કાઝી નિયુક્ત કરવાની ઈજાઝત આપી હોય. પબ્લિકને કાઝી નિયુક્ત કરવાનો હક્ક઼ નથી.

### ★ કાઝી કોણ નિયુક્ત કરી શકે ★

પણ વર્તમાનકાળમાં શહેરનો મોટો આલિમ જે સુન્ની સહીહુલ અકીદા હોય, ફત્વા માટે કેન્દ્રસ્થાને હોય

(કે લોકો તેને પૂછતા હોય)એ ક઼ાઝી છે. તેમજ તેને એ પણ હક઼્ક઼ છે કે બીજાને ક઼ાઝી નિયુક્ત કરી શકે છે. જેમ કે ફતાવા એતાબિયા તથા હદીક઼એ નદિય્યહમાં છે.

જે શખ્સની સમક્ષ ક઼ાઝીનો હોદ્દો પેશ કરવામાં આવ્યો, જો તે જ એને લાયક છે, બીજો કોઈ લાયક નથી તો તેણે એ હોદ્દો ક઼બૂલ કરવો વાજિબ છે, અને જો બીજો પણ હોય પણ ઓછા દરજાનો છે તો મુસ્તહબ છે, અને જો કેટલાય માણસો એના લાયક હોય તો ક઼બૂલ કરવો જાઈઝ છે.

## ★ હઝરત દાઉદ علیہ السلام તથા હઝરત સુલૈમાન علیہ السلامના ફૈંસલા ★

ઈમામ હસન બસરીના ફર્માવવાનો મતલબ એ છે કે ક઼ાઝીનું ખુદાથી ડરનાર હોવું જરૂરી છે. એના પર અનિવાર્ય છે કે શરીઅતના પ્રમાણે ફૈંસલો કરે અને આ બારામાં કોઈની તરફદારી ન કરે. અને લાંચ કદાપિ ન લે, જેવું કે ઉપરોક્ત આયતોથી સાબિત છે. અને જો ક઼ાઝીએ નેક નિય્યતીએ વિચારણા કરી અને એમાં ગલતી થઈ ગઈ તો માફ છે, બલ્કે એના પર પણ તેને એક અજર (નેકી) મળશે, અને જો તેણે સાચો ફૈંસલો કર્યો તો ડબલ અજર મળશે. જેમ કે હદીષમાં સ્પષ્ટતા છે, અને એના પર હઝરત દાઉદ અને હઝરત સુલૈમાન علیہما السلامનો વાક઼િઓ ગવાહ છે. બનાવ એ બન્યો કે એક શખ્સના ખેતરને કેટલાક લોકોની બકરીઓ રાતમાં ખાય ગઈ. મામલો હઝરત દાઉદ علیہ السلامની બારગાહમાં રજૂ થયો. તેમણે એ ફૈંસલો કર્યો કે બકરીઓ ખેતીવાળાને આપી દેવામાં આવે. બકરીઓની કિંમત ખેતીના નુકસાન બરાબર હતી. પછી એ મામલો હઝરત સુલૈમાન علیہ السلامની બારગાહમાં રજૂ થયો. તો ફર્માવ્યું કે બકરીઓ ટેમ્પરરી ખેતરવાળાને આપી દેવામાં આવે જેથી ખેતરવાળો તેના દૂધ તથા ઉનને ઉપયોગમાં લે. અને બકરીના માલિકને લાઝિમ છે કે તે ખેતરમાં તે જ ચીજ વાવે જે પહેલાં વાવવામાં આવી હતી. અને ખેતર એ હદ પર પહોંચી જાય જે હદે બકરીઓએ ખાધુ હતું, તો પછી બકરીઓ માલિકોને પરત કરી દેવામાં આવે. અલ્લાહ તઆલાએ આ ફૈંસલા પછી હઝરત દાઉદ તથા હઝરત સુલૈમાન علیہما السلام બંનેની પ્રશંસા કરી. ઈર્શાદ છે : وَ كُلًّا اٰتَيْنَا حُكْمًا وَّ عِلْمًا દરેકને અમે હુકૂમત તથા ઈલ્મ અતા ફર્માવ્યો.

ت ٨٥٠ [તઅલીક઼ : ૮૫૦] وَقَالَ مُزَاحِمُ بْنُ زُفَرَ قَالَ لَنَا عُمَرُ بْنُ عَبْدِ الْعَزِيْزِ خَمْسٌ

*"મઝાહિમ બિન ઝુફરે કહ્યું કે મને ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝે ફર્માવ્યું, ક઼ાઝીમાં પાંચ ગુણો હોવા જોઈએ, જે*

إِذَا أَخْطَأَ الْقَاضِيْ مِنْهُنَّ خَصْلَةً كَانَتْ فِيْهِ وَصْمَةٌ أَنْ يَّكُوْنَ

*એમાંથી એક પણ ઓછો હશે તો એ એમાં અયબ ગણાશે. સમજવાવાળો હોય, સહન શક્તિવાળો હોય,*

فَهِمًا حَلِيْمًا عَفِيْفًا صَلِيْبًا عَالِمًا سَئُوْلًا عَنِ الْعِلْمِ

*પરહેઝગાર હોય અને કડક હોય, ઈલ્મવાળો હોય અને ઈલ્મના બારામાં ઘણા જ સવાલ કરનારો હોય."*

**તઅલીક઼ : ૮૫૦ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ સઈદ બિન મન્સૂરે પોતાની સુનનમાં અને મુહમ્મદ બિન સઅદે તબક઼ાતમાં વર્ણન કરી છે.

صَلِيْبًا સ઼લાબતથી સિફતે મુશબ્બહ છે. سَئُوْلًا સવાલથી ઈસ્મે મુબાલેગા છે. મુરાદ એ છે કે તે ઉલમાથી

મસાઈલ પૂછતો રહે. ક્યારેક એવું બને છે કે મોટામાં મોટા આલિમનું દિમાગએ તરફ નથી જતુ જેના તરફ એક નાનાનું ચાલ્યુ જાય છે. વળી ચર્ચા વિચારણાથી વાત સાફ થઈ જાય છે. આલિમ હોવાને માટે લાઝિમ છે કે તે ઈલ્મવાળાઓ સાથે ચર્ચા વિચારણા કરતો રહે.

**પ્રકરણ : "હાકિમ તથા આમિલોના પગારનું વર્ણન."** –(૧૦૬૧)

بَابُ رِزْقِ الْحَاكِمِ وَالْعَامِلِيْنَ عَلَيْهَا ص ۱۰۶۱

ت وَكَانَ شُرَيْحٌ يَأْخُذُ عَلَى الْقَضَاءِ اَجْرًا

*"અને શુરૈહ ક઼ાઝી (ક઼ાઝીપણા) પર મહેનતાણુ લેતા હતા."* **[તઅલીક઼ : ૮૫૧]**

**તઅલીક઼ : ૮૫૧ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ અબ્દુર્ઝ઼્ઝાક઼ે અને ઈમામ સઈદ બિન મન્સૂરે વર્ણન કરી છે. તલ્વીહમાં કહ્યું કે આ તઅલીક઼ ઝઈફ છે, અને શરહકર્તાઓનો મત પણ એ તરફી જ છે, પરંતુ અમલ એના પર છે. ઈમામ ઈબ્ને અબી શયબાએ ઈબ્ને અબી લયલાથી રિવાયત કરી કે મને એ ખબર પહોંચી છે કે હઝરત અલી رضی اللہ عنہએ શુરૈહનો પાંચસો પગાર નિશ્ચિત કરી આપ્યો હતો. એનાથી સાબિત થાય છે કે આ તઅલીક઼ ઝઈફ છે. એટલા માટે કે બયતુલ માલથી ક઼ાઝીનો પગાર નિશ્ચિત થાય તો તેને એ જાઈઝ નથી કે વાદી પ્રતિવાદીઓથી મહેનતાણુ લે. અહીં એ વાત દિમાગમાં રાખવી જરૂરી છે કે આ તઅલીક઼નો મતલબ એ છે કે ક઼ાઝી શુરૈહ વાદી પ્રતિવાદીથી મહેનતાણુ લેતા હતા. અને જ્યારે એમનો પગારથી નિશ્ચિત હતો તો એમને એ જાઈઝ ન હતું કે તેઓ વાદી પ્રતિવાદીથી મહેનતાણુ લેતા. જ્યારે કે એના પર એકમતિ છે કે તે ખૂબ જ દીનદાર ખૌફે ખુદાવાળા હતા. પ્રથમવાર એમને હઝરત ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہએ કૂફાના ક઼ાઝી નિયુક્ત કર્યા અને એ લાંબા અરસા સુધી ક઼ાઝી રહ્યા, એમનાથી એ અપેક્ષા વિરુદ્ધનું છે કે પગાર નિશ્ચિત હોવા છતાં વાદી પ્રતિવાદીથી મહેનતાણુ લેતા હોય.

ઉલમાનો એમાં મતભેદ છે કે ક઼ાઝીને એ જાઈઝ છે કે નથી કે વાદી પ્રતિવાદીથી મહેનતાણુ લે. અને જે લોકોએ એને જાઈઝ કહ્યું છે તેમણે ઘણી શર્તો લગાડી છે. પરંતુ અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે હવે એ શર્તો અમલી રીતે ખત્મ કરી દેવામાં આવી છે અને આ જમાનામાં મહેનતાણુ રિવાજ પામી ગયું છે, એવું કે એને ખત્મ કરવું મુશ્કેલ છે. وَاللّٰهُ الْمُسْتَعَانُ

હા ! એના પર એકમતિ છે કે સુલ્તાને ઈસ્લામ પર લાઝિમ છે કે હાકિમો તથા ક઼ાઝીઓનો યોગ્ય પગાર નિશ્ચિત કરી આપે.

ت ۸۵۲ **[તઅલીક઼ : ૮૫૨]** وَقَالَتْ عَائِشَةُ يَأْكُلُ الْوَصِيُّ بِقَدْرِ عُمَالَتِهِ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاએ ફર્માવ્યું કે વસી પોતાના કામની માત્રા લઈ શકે છે."*

**તઅલીક઼ : ૮૫૨ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ ઈબ્ને અબી શયબાએ હઝરત ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاથી આ આયતે કરીમાની તફસીરમાં નક઼લ કર્યું છે કે ફર્માવ્યું, ومن کان فقیراً فلیاکل با لمعروف "અને જે મોહતાજ હોય ઉર્ફ (રિવાજ)ના પ્રમાણે ખાય."

ફર્માવ્યું, અલ્લાહ ﷻ એ આ આયત યતીમના વાલીના બારામાં નાઝિલ કરી છે જે યતીમની પરવરિશ કરે છે, કે જો તે મોહતાજ છે તો યતીમના માલથી ખાય શકે છે.

ت ٨٥٣ وَاَكَلَ اَبُوْبَكْرٍ وَعُمَرُ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

*"હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર رضی اللہ عنہما એ પગાર લીધો."* **[તઅલીક઼ : ૮૫૩]**

## તઅલીક઼ : ૮૫૩ની સમજૂતી

એને ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત કરી. તેમજ બુખારીએ કિતાબુલ બુયૂઅમાં એને વિગતવાર વર્ણન કરી છે.

અને હઝરત ઉમર رضی اللہ عنہ ના બારામાં જે તઅલીક઼ છે એને ઈમામ અબૂબક્ર બિન અબી શયબા અને ઈબ્ને સઅદે વર્ણન કરી છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મારી હેસિયત અલ્લાહના માલમાં તે જ છે જે યતીમના માલમાં તેના વસી (પાલક)ની છે. જો મને એની જરૂરત નહીં હોય તો હું કાંઈ લઈશ નહીં, અને જો મને જરૂરત પડી તો રિવાજ મુજબ લઈશ.

કરાબૈસીએ રિવાયત કરી કે હું ઠંડી તથા ગરમીનાં બે જોડ (કપડાં), મારા તથા મારાં બીવી બચ્ચાનું ભરણપોષણ કુરૈશના મધ્યમ વર્ગના વ્યક્તિ જેટલો લઉં છું.

حديث ٢٩١٠ اَنَّ عَبْدَ اللّٰهِ بْنِ السَّعْدِىْ اَخْبَرَهٗ اَنَّهٗ قَدِمَ عَلٰى

*"અબ્દુલ્લાહ ઈબ્ને સઅદી કહે છે કે જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہ ની ખિદમતમાં* **[હદીષ : ૨૯૧૦]**

عُمَرَ فِىْ خِلَافَتِهٖ فَقَالَ لَهٗ عُمَرُ اَلَمْ اُحَدَّثْ اَنَّكَ تَلِىْ مِنْ اَعْمَالِ النَّاسِ

*તેમની ખિલાફતના સમયમાં હાજર થયો તો તેમણે ફર્માવ્યું કે મને એવું જણાવવામાં આવ્યું છે કે તમે લોકોનાં*

اَعْمَالًا فَاِذَا اُعْطِيْتَ الْعُمَالَةَ كَرِهْتَهَا فَقُلْتُ بَلٰى قَالَ عُمَرُ فَمَا تُرِيْدُ

*કેટલાક કામો અંજામ આપો છો, અને જ્યારે એનુ મહેનતાણુ તમને આપવામાં આવે છે તો તમે એને બુરુ સમજો*

اِلٰى ذَالِكَ قُلْتُ اِنَّ لِىْ اَفْرَاسًا وَاَعْبُدًا وَاَنَا بِخَيْرٍ وَاُرِيْدُ اَنْ تَكُوْنَ

*છો. મેં અર્ઝ કરી કે, હા ! એવું જ છે. હઝરત ઉમરે પૂછ્યું, તમે શું ચાહો છો ? મેં અર્ઝ કરી, મારી પાસે ઘોડા છે*

عُمَالَتِىْ صَدَقَةً عَلَى الْمُسْلِمِيْنَ قَالَ عُمَرُ لَا تَفْعَلْ فَاِنِّىْ كُنْتُ اَرَدْتُ الَّذِىْ

*અને ગુલામ છે અને હું માલદાર છું. હું એવું ચાહું છું કે મારી ખિદમત મુસલમાનો પર સદક઼ો થાય. હઝરત ઉમરે*

اَرَدْتَ وَكَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُعْطِيْنِىْ

*ફર્માવ્યું, એવું ન કર ! કેમ કે મેં પણ એવો જ ઈરાદો કર્યો હતો જેવો કે તમે કર્યો છે. રસૂલુલ્લાહ ﷺ મને કાંઈક*

الْعَطَاءَ فَأَقُولُ أَعْطِهِ أَفْقَرَ إِلَيْهِ مِنِّي حَتَّى أَعْطَانِي مَرَّةً مَالاً فَقُلْتُ

અતા ફર્માવ્યા કરતા હતા, અને હું અર્ઝ કરતો હતો કે આપ એને મારા કરતાં અધિક હાજતમંદને આપો. ત્યાં

أَعْطِهِ أَفْقَرَ إِلَيْهِ مِنِّي فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ خُذْهُ فَتَمَوَّلْهُ

સુધી કે એકવાર હુઝૂરે અક્દસ ﷺ એ ફર્માવ્યું, **એને લઈ લો અને તમારા કબજામાં કરીને સદક઼ો કરી**

وَتَصَدَّقْ بِهِ فَمَا جَاءَكَ مِنْ هٰذَا الْمَالِ وَأَنْتَ غَيْرُ مُشْرِفٍ وَلَا

**દો. એ માલથી જે કાંઈ તમારી પાસે આવે, ન તમને એની લાલચ હોય અને ન તમે એને માગ્યો**

سَائِلٍ فَخُذْهُ وَإِلَّا فَلَا تُتْبِعْهُ نَفْسَكَ

**હોય તો લઈ લો, અને જો ન આવે તો એને લેવાના ચક્કરમાં ન રહો."**

*(મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ—ઝકાત)*

## હદીષ : ૨૯૧૦ની સમજૂતી

આ સનદની એ વિશિષ્ટતા છે કે એમાં ચાર સહાબાએ કિરામ રાવી છે. હઝરત સાઈબ બિન યઝીદ رضی اللہ عنہ એ મશહૂર સહાબી છે. હુઝૂરે અક઼્દસ ﷺનો જમાનો છ વરસનો પામ્યો અને મદીનામાં વફાત પામનારા સહાબીઓમાં સૌથી છેલ્લા છે. ૯૪ કે ૯૬ વરસની વયે હિ.સ. ૮૦ કે ૮૬ કે ૮૧માં વિસાલ ફર્માવ્યો.

ખુવૈતિબ ઈબ્ને અબ્દુલ ઉઝ્ઝા رضی اللہ عنہ ફતહે મક્કાના મોક઼ા પર ઈસ્લામથી સરફરાઝ થયા જ્યારે કે તેમની ઉમર લગભગ સાત વરસની હતી. હુનૈનના ગનીમતોમાંથી તેમને સો ઊંટ અતા કર્યાં હતાં. હઝરત ઉષ્માનગની رضی اللہ عنہને થોડાક હઝરાતે દફન કર્યા હતા એમનામાંથી એક આ પણ છે. મદીના તયબહના પોતાના ઘરને હઝરત મુઆવિયહ رضی اللہ عنہના હાથે ચાલીસ હજારમાં વેચ્યું હતું. એકસો વીસ વરસની ઉમર પામ્યા અને હઝરત મુઆવિયહની ખિલાફતના અંતિમ જમાનામાં અલ્લાહને પ્યારા થઈ ગયા.

અબ્દુલ્લાહ ઈબ્ને સઅદ رضی اللہ عنہ, એમના વાલિદનું નામ વક઼દાન બિન અબ્દેશમ્સ બિન અબ્દેવદ છે. એમને સઅદી એટલા માટે કહેવામાં આવે છે કે તેમણે ક઼બીલા બનૂ સઅદમાં દૂધ પીધું હતું. હિ.સ. ૫૭માં મદીનામાં વિસાલ ફર્માવ્યો.

અને ચોથા સહાબી ખુદ હઝરત ઉમર رضی اللہ عنہ છે.

મુસ્લિમની રિવાયતમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ એમને ઝકાત વસૂલ કરવા પર નિયુક્ત કર્યા હતા અને ઝકાત વસૂલ કરનારાઓને તેમના કામની માત્રામાં ઝકાતના માલથી મહેનતાણુ આપવાની ઈજાઝત ખુદ કુર્આન મજીદથી સાબિત છે. આ હદીષનો અંતિમ હિસ્સો જે હઝરત ઉમર رضی اللہ عنہનો ઈર્શાદ છે તે કિતાબુઝ્ ઝકાતમાં વર્ણન થઈ ચૂક્યો છે.

## بَابُ مَنْ قَضَى وَلَاعَنَ فِي الْمَسْجِدِ ص ١٠٦٢

**પ્રકરણ : ''જેણે મસ્જિદમાં ફેંસલો કર્યો અને લિઆન ઠરાવ્યું.''** –(૧૦૬૨)

ت ٨٥٤ وَلَاعَنَ عُمَرُ عِنْدَ مِنْبَرِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*''અને હઝરત ઉમર رضی اللہ عنہما એ નબી صلی اللہ علیہ وسلم ના મિમ્બરની પાસે લિઆન કરાવ્યું.''* **[તઅલીક઼ : ૮૫૪]**

**તઅલીક઼ : ૮૫૪ની સમજૂતી** મિમ્બરે અક઼દસની પાસે લિઆનમાં હિકમત એ હતી કે તેની પવિત્રતાના કારણે બંને પક્ષો જૂઠો લિઆન કરતાં ડરશે. એનાથી ઉલમાએ અખ્ઝ કર્યું છે કે ક઼સમમાં અધિક પુખ્તગીની નિય્યતથી કોઈ ખાસ અઝમતવાળી, બરકતવાળી જગાએ ક઼સમ ખવડાવી શકાય છે, એ જ પ્રમાણે ખાસ સમયમાં પણ ખવડાવી શકાય છે.

ت ٨٥٥ **[તઅલીક઼ : ૮૫૫]** وَقَضَى شُرَيْحٌ وَشَعْبِيٌّ وَيَحْيَى بْنُ يَعْمَرَ فِي الْمَسْجِدِ

*''અને ક઼ાઝી શુરૈહ તથા ઈમામ શઅબી અને યહયા બિન યઅમુર મસ્જિદમાં કેસોનો ફેંસલો કરતા હતા.''*

**તઅલીક઼ : ૮૫૫ની સમજૂતી** ક઼ાઝી શુરૈહ યહયા બિન યઅ્મુર તઅલીક઼ને ઈમામ અબૂબક્ર બિન અબી શયબાએ વર્ણન કર્યું છે અને ઈમામ શઅબીના અષરને સઈદ બિન અબ્દુર્રહમાન મખ્ઝૂમીએ જામેએ સુફ્યાનમાં અબ્દુલ્લાહ ઈબ્ને શુબરમાથી રિવાયત કરી છે. તે કહે છે, મેં ઈમામ શઅબીને જોયા કે તેમણે એક યહૂદીને બોહતાન (જૂઠા આક્ષેપ)ના જુર્મમાં મસ્જિદમાં કોરડા માર્યા.

જો કે મસ્જિદમાં હદ (સજા) લાગુ કરવાની ઈજાઝત નથી. લગભગ ઈમામ શઅબીએ એ ઈજતેહાદ કર્યો કે મના હદો (સજાઓ) સાથે ખાસ છે, મામૂલી સજા મસ્જિદમાં આપી શકાય છે.

ت ٨٥٦ وَكَانَ الْحَسَنُ وَالزُّرَارَةُ بْنُ اَوْفٰى يَقْضِيَانِ فِي الرَّحَبَةِ

*''હઝરત ઈમામ હસન બસરી અને ઝુરારા બિન ઔફા મસ્જિદની* **[તઅલીક઼ : ૮૫૬]**

خَارِجًا مِّنَ الْمَسْجِدِ

*બહાર સહનમાં ફેંસલો કરતા હતા.''*

**તઅલીક઼ : ૮૫૬ની સમજૂતી**

અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું, رَحَبَة ''હ઼''ના ફત્હાની સાથે સહનના અર્થમાં છે. رَحْبَة ''હ઼''ના સુકૂનની સાથે એક શહેરનું નામ છે.

મસ્જિદમાં કેસોનો ફેંસલો કરવો અને લિઆન કરવું જાઈઝ છે. પરંતુ આ જમાનામાં એનાથી બચવું જોઈએ.

**પ્રકરણ :** **"જેણે મસ્જિદમાં ફૈંસલો કર્યો અને જ્યારે હદ ક઼ાયમ કરવાનો (લાગુ કરવાનો) સમય આવ્યો તો હુકમ આપ્યો કે મસ્જિદની બહાર કાઢીને હદ (સજા) લગાવો."** –(૧૦૬૨)

بَابُ مَنْ حَكَمَ فِي الْمَسْجِدِ حَتَّى إِذَا أَتَى عَلَى حَدٍّ أَمَرَ أَنْ يُخْرَجَ مِنَ الْمَسْجِدِ فَيُقَامَ ص ۱۰۶۲

**★ મસ્જિદમાં સજા લાગુ કરવાની મનાઈના બારામાં ★**

**સ્પષ્ટતા :** મસ્જિદમાં સજા લાગુ કરવાની મનાઈના બારામાં મતભેદ છે. હઝરત ઉમર તથા હઝરત અલી رضی اللہ عنہما એ એનાથી મના ફર્માવ્યું. આ જ મસ્રુક઼, શઅબી, ઈકરમા અને આપણો અને હઝરત ઈમામ શાફઈ, ઈમામ અહમદ, ઈમામ ઈસ્હાક઼નો મઝહબ છે. ક઼ાઝી ઈબ્ને અબી લયલા એને જાઈઝ જાણે છે. અને ઈમામ શઅબીથી પણ એ જ રિવાયત છે. હઝરત ઈમામ માલિકે ફર્માવ્યું, કોરડાઓની મામૂલી સજાઓ મસ્જિદમાં આપવી જાઈઝ છે, અલ્બત્ત ગંભીર સજાઓ અને હદોની ઈજાઝત નથી.

ت ۸۵۷ وَقَالَ عُمَرُ أَخْرِجَاهُ مِنَ الْمَسْجِدِ

*"એ બંનેવને મસ્જિદથી કાઢો."* **[તઅલીક઼ : ૮૫૭]**

**તઅલીક઼ : ૮૫૭ની સમજૂતી** આ અષરને ઈમામ અબૂબક્ર બિન અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે વર્ણન કરી અને એની સનદ શયખૈનની શર્ત પર છે.

ت ۸۵۸ وَيُذْكَرُ عَنْ عَلِيٍّ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ نَحْوُهُ

*"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત કરતાં એના જેવું વર્ણન કરવામાં આવે છે."* **[તઅલીક઼ : ૮૫૮]**

**તઅલીક઼ : ૮૫૮ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ વર્ણન કરી છે અને એની સનદમાં એક એવો રાવી પણ છે જેના પર જરહ (પકડ) કરવામાં આવી છે. એટલા માટે હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہ એ તમરીઝના સેગાથી વર્ણન કરી છે.

બનાવ એ છે કે એક શખ્સ હઝરત અલી رضی اللہ عنہ ની ખિદમતમાં હાજર થયો અને ચૂપકેથી એમને કાંઈ કહ્યું. હઝરત અલીએ પોતાના ગુલામ કંબરને હુકમ આપ્યો, એને મસ્જિદની બહાર લઈ જઈને એના પર હદ ક઼ાયમ કરો.

મસ્જિદમાં સજા આપવામાં મસ્જિદની બેહુર્મતી અને તેના નાપાક થવાનો પણ મજબૂત અંદેશો છે. એટલા માટે મસ્જિદમાં સજા આપવું જાઈઝ નથી.

**★ હાકિમ જો બંને પક્ષોમાંથી કોઈ એકનો ગવાહ હોય તો ★**

**પ્રકરણ :** **"હાકિમ જો બંને પક્ષોમાંથી કોઈ એકનો ગવાહ હોય તો શું હુકમ છે ? ચાહે એને ગવાહી ધરાવવું ક઼ાઝી બન્યા બાદ કર્યું હોય અથવા ક઼ાઝી થતા પહેલા હોય."** –(૧૦૬૨)

بَابُ الشَّهَادَةِ تَكُونُ عِنْدَ الْحَاكِمِ فِي وَلَايَتِهِ الْقَضَاءَ أَوْ قَبْلَ ذَلِكَ لِلْخَصْمِ ص ۱۰۶۲

**સ્પષ્ટતા** : જે કાઝીને ત્યાં મામલો છે તે કાઝી બંને પક્ષોમાંથી કોઈનો ગવાહ હોય તો શું તેણે પોતાના ઈલ્મના પ્રમાણે ફૈસલો કરવાની ઈજાઝત છે ? અથવા એ કે આ કેસ કોઈ બીજા હાકિમને ત્યાં રજૂ કરવામાં આવે ? આ હાકિમ તેને ત્યાં જઈને ગવાહી આપે, તેને પોતાના ઈલ્મ પ્રમાણે ફૈસલાનો હક્ક નથી. આ ઘણો જ જબરદસ્ત મસ્અલો છે જેથી ઈમામ બુખારીએ કોઈ ફૈસલો નથી કર્યો. પરંતુ અંતમાં જે કાંઈ ફર્માવ્યું છે એનાથી જાહેર થાય છે કે એમનો મુખ્તાર (પસંદીદા) મઝહબ એ જ છે કે કાઝી પોતાના ઈલ્મના પ્રમાણે ફૈસલો નથી કરી શકતો.

الشہادۃ تکون عند الحاکمથી મુરાદ છે કે જે હાકિમને ત્યાં કેસ (મુકદમો) છે તે એક પક્ષનો ગવાહ અને તે મામલાનો ચશ્મદીદ ગવાહ છે.

ت ۸۵۹ وَقَالَ شُرَيْحٌ الْقَاضِيْ وَسَئَلَهُ اِنْسَانٌ الشَّهَادَةَ فَقَالَ

*"કાઝી શુરૈહથી એક માણસે ગવાહીનો સવાલ કર્યો તો તેમણે કહ્યું,* **[તઅલીક : ૮૫૯]**

اِئْتِ الْاَمِيْرَ حَتّٰى اَشْهَدَ لَكَ

*અમીરની પાસે આવવું કે હું તારા હક્કમાં ગવાહી આપું."*

**તઅલીક : ૮૫૯ની સમજૂતી** આ તઅલીકને હઝરત સુફયાન થૌરીએ વર્ણન કરી છે. ઈમામ શઅબીએ કહ્યું કે એક શખ્સે કાઝી શુરૈહને ગવાહ બનાવ્યા, પછી આવ્યો અને તેમને ત્યાં કેસ દાખલ કર્યો. તો ફર્માવ્યું, અમીરની પાસે જા ! હું તારા હક્કમાં ગવાહી આપીશ. આ પરથી માલૂમ પડયું કે કાઝી શુરૈહ એને જાઈઝ જાણતા ન હતા કે કાઝી પોતાના ઈલ્મના પ્રમાણે ફૈસલો કરે.

ت ۸۶۰ وَقَالَ عِكْرَمَةُ قَالَ عُمَرُ لِعَبْدِ الرَّحْمٰنِ بْنِ عَوْفٍ رَضِيَ اللّٰهُ

*"ઈકરમાએ કહ્યું, હઝરત ઉમર رضی اللہ عنہ એ અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ ને* **[તઅલીક : ૮૬૦]**

تَعَالٰى عَنْهُمَا لَوْ رَاَيْتَ رَجُلًا عَلٰى حَدٍّ زِنًى اَوْ سَرِقَةٍ وَاَنْتَ اَمِيْرٌ

*પૂછયું, જો હું કોઈ શખ્સને ઝિના, ચોરી કરતાં જોઉં અને તમે અમીર છો તો અબ્દુર્રહમાન ઈબ્ને ઔફે કહ્યું,*

فَقَالَ شَهَادَتُكَ شَهَادَةُ رَجُلٍ مِّنَ الْمُسْلِمِيْنَ قَالَ صَدَقْتَ قَالَ

*આપની ગવાહી મુસલમાનોના એક પુરૂષની ગવાહી છે. હઝરત ઉમરે ફર્માવ્યું, તમે સાચુ કહ્યું. હઝરત ઉમરે કહ્યું*

عُمَرُ لَوْلَا اَنْ يَّقُوْلَ النَّاسُ زَادَ عُمَرُ فِيْ كِتَابِ اللّٰهِ لَكَتَبْتُ اٰيَةَ

*કે જો એનો અંદેશો ન હોત કે લોકો કહેશે કે ઉમરે કિતાબુલ્લાહમાં વધારી દીધું તો*

الرَّجْمِ بِيَدِيْ

*હું આયતે રજ્મને મારા હાથથી લખત."*

**તઅલીક઼ : ૮૬૦ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ ઈબ્ને અબી શયબાએ વર્ણન કરી છે. આ અષર મુન્ક઼તઅ છે, એટલા માટે કે ઈકરમાએ ન હઝરત ઉમર رضی اللہ عنہનો જમાનો પામ્યો છે ન હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہનો.

આ અષરથી પણ સાબિત થઈ રહ્યું છે કે હઝરત ઉમર તથા હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہماનો મઝહબ એ જ હતો કે ક઼ાઝીને પોતાના ઈલ્મના પ્રમાણે ફૈસલો કરવો જાઈઝ નથી.

આયતે રજ્મના બારામાં હઝરત ઉમર رضی اللہ عنہના અમલથી જાહેર છે કે હાકિમે પોતાના ઈલ્મના પ્રમાણે ફૈસલો કરવું જાઈઝ સમજતા ન હતા. એટલા માટે કે તેમને ક઼તઈ તૌર પર માલૂમ હતું કે આયતે રજ્મ કુર્આનની આયત છે પણ તેમ છતાં તેમણે એને મુસ્હફમાં નથી લખી.

ت ۸۶۱ وَاَقَرَّ مَاعِزٌ عِنْدَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَرْبَعًا

*''અને માઈઝ અસ્લમી رضی اللہ عنہ એ નબી ﷺના સમક્ષ ચાર વાર ઝિનાનો ઈકરાર* **[તઅલીક઼ : ૮૬૧]**

بِالزِّنَا فَاَمَرَ بِرَجْمِهٖ وَلَمْ يُذْكَرْ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَشْهَدَ

*કર્યો. એના પર તેમને સંગસાર કરવાનો હુકમ આપ્યો. અને એવું ક્યાંય*

مَنْ حَضَرَهٗ

*વર્ણન નથી કે નબી ﷺ એ હાજરજનોને ગવાહ બનાવી લીધા.''*

**તઅલીક઼ : ૮૬૧ની સમજૂતી** આ પરથી સાબિત થાય છે કે હાકિમની સમક્ષ ઈક઼રાર કરવો ઝિના જેવા ગંભીર જુર્મના માટે પણ પૂરતો છે, જોવાથી વિરુદ્ધ કે જો હાકિમે ખુદ કોઈને ઝિના કરતાં જોયો, તો હદ (સજા) લાગુ નથી કરી શક્તો.

ت ۸۶۲ وَقَالَ حَمَّادٌ اِذَا اَقَرَّ مَرَّةً عِنْدَ الْحَاكِمِ رُجِمَ وَقَالَ

*''અને હમ્માદે કહ્યું, જો હાકિમની સામે એકવાર ઝિનાનો ઈક઼રાર કરી લે તો તેને* **[તઅલીક઼ : ૮૬૨]**

الْحَكَمُ اَرْبَعًا

*સંગસાર કરવામાં આવશે. અને હકમે કહ્યું કે ચારવાર ઈક઼રાર કરવો જરૂરી છે.''*

**તઅલીક઼ : ૮૬૨ની સમજૂતી** હઝરત હમ્માદ બિન સુલૈમાનનો લક઼બ ફક઼ીહે કૂફા હતો. એ ઈમામે આ'ઝમ رضی اللہ عنہના ઉસ્તાદ પણ છે. હકમ બિન ઉતૈબા એ પણ ઈરાક઼ના ફક઼ીહ છે.

આપણે ત્યાં ઈક઼રાર વડે ઝિનાની સાબિતીના માટે જરૂરી છે કે મુજરિમ ચારવાર ચાર મજલિસોમાં હોશની હાલતમાં સાફ તથા સ્પષ્ટ શબ્દોમાં ઝિનાનો ઈક઼રાર કરે, અને ત્રણવાર સુધી દરેક વખતે ક઼ાઝી તેના ઈક઼રારને રદ કરી આપે. જ્યારે ચોથીવાર પણ ઈક઼રાર કરી લે, તો હવે ક઼ાઝી તેને પૂછશે, ઝિના કોને કહેવાય છે ?

કોની સાથે ઝિના કર્યો ? ક્યારે કર્યો ? અને ક્યાં કર્યો ? કેવી રીતે કર્યો ? જ્યારે એ સર્વ સવાલોના સહી જવાબ આપી દેશે, તો એના પર હદ (સજા) લાગુ કરવામાં આવશે. જેવું કે હઝરત માઈઝ અસ્લમી رضی اللہ عنہની હદીષમાં વર્ણન છે.

એ પણ જરૂરી છે કે હાકિમની અદાલતમાં ઈક્રાર કરે, અને જો ક્યાંક બીજે ઈક્રાર કર્યો તો તેનો એ'તબાર નથી, ભલે ચાર એનાથી વધુ ગવાહો હોય.

يَقْضِيْ عَلَيْهِ فِيْ قَوْلِ بَعْضِهِمْ حَتّٰى يَدْعُوَ بِشَاهِدَيْنِ فَيُحْضِرَهُمَا اِقْرَارَهُ

*અને હિજાઝવાળાઓએ કહ્યું, હાકિમ પોતાના ઈલ્મના પ્રમાણે ફેંસલો કરશે નહીં, ભલે એને એનો ઈલ્મ ક઼ાઝી*

وَقَالَ بَعْضُ اَهْلِ الْعِرَاقِ مَا سَمِعَ اَوْ رَاٰهُ فِيْ مَجْلِسِ الْقَضَاءِ قَضٰى بِهٖ

*બનાવવાના જમાનામાં થયો હોય અથવા પહેલાં. અને જો તેની અદાલતમાં કોઈ પક્ષ હક્ક઼નો ઈક્રાર કરે તો*

فَمَا كَانَ فِيْ غَيْرِهٖ لَمْ يَقْضِ اِلَّا بِشَاهِدَيْنِ

*અમુકનો ક઼ૌલ એ છે કે કદાપિ ફેંસલો નહીં કરે ત્યાં સુધી કે બે ગવાહ તેના ઈક્રાર પર નિશ્ચિત કરી લે.*

*અને અમુક ઈરાક઼વાળાઓએ કહ્યું કે ક઼ઝાની મજલિસમાં ક઼ાઝી જે કાંઈ સાંભળે અથવા જુએ તેના મુજબ ફેંસલો કરી શકે છે. અને ક઼ઝાની મજલિસની બહાર જે જુએ એના વિશે તે સમય સુધી ફેંસલો કરશે નહીં જ્યાં સુધી બે ગવાહ ન હોય.*

وَقَالَ اٰخَرُوْنَ مِنْهُمْ بَلْ يَقْضِيْ بِهٖ لِاَنَّهٗ مُؤْتَمَنٌ وَاِنَّمَا يُرَادُ

*અને ઈરાક઼ના કેટલાક અન્ય લોકોએ કહ્યું કે પોતાના ઈલ્મના પ્રમાણે ફેંસલો કરશે, એટલા માટે કે તે અમાનતદાર*

مِنَ الشَّهَادَةِ مَعْرِفَةُ الْحَقِّ فَعِلْمُهٗ اَكْثَرُ مِنَ الشَّهَادَةِ

*છે. અને શહાદત (ગવાહી)થી હેતુ હક્ક઼ પહેચાનવાનો હોય છે, અને ક઼ાઝીનો ઈલ્મ શહાદતથી વધીને છે.*

**સ્પષ્ટતા** : એ હઝરત ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہનો મઝહબ છે અને હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہનો પણ એ જ મઝહબ છે.

وَقَالَ بَعْضُهُمْ يَقْضِيْ بِعِلْمِهٖ فِي الْاَمْوَالِ وَلَا يَقْضِيْ فِيْ غَيْرِهٖ

*અને અમુક ઈરાક઼વાળાઓએ કહ્યું કે માલોમાં ફેંસલો કરી શકે છે અને બીજા મામલાઓમાં નહીં.*

وَقَالَ الْقَاسِمُ لَا يَنْبَغِيْ لِلْحَاكِمِ اَنْ يَقْضِيَ قَضَاءً بِعِلْمِهٖ دُوْنَ عِلْمِ

*અને ક઼ાસિમે કહ્યું, હાકિમ માટે યોગ્ય નથી કે પોતાના ઈલ્મના પ્રમાણે ફેંસલો કરે, હા ! બીજાના ઈલ્મના*

غَيْرِهٖ مَعَ اَنَّ عِلْمَهٗ اَكْثَرُ مِنْ شَهَادَةِ غَيْرِهٖ وَلٰكِنْ فِيْهِ تَعَرُّضٌ

*પ્રમાણે ફેંસલો કરશે. (દા.ત. ગવાહોની ગવાહી પર) જ્યારે કે હાકિમનો ઈલ્મ બીજાની ગવાહીથી વધીને છે*

لِتُهْمَةِ نَفْسِهٖ عِنْدَ الْمُسْلِمِيْنَ وَ اِيْقَاعًا لَهُمْ فِى الظُّنُوْنِ ـــــــ وَقَدْ

*પરંતુ એમાં પોતે પોતાને મુસલમાન નજીક તોહમતના માટે પેશ કરવું અને એઓને બદ્ગુમાનીમાં*

كَرِهَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ الظَّنَّ فَقَالَ اِنَّمَا هٰذِهٖ الصَّفِيَّةُ

*નાખવું છે. અને નબી ﷺ એ બદ્ ગુમાનીને નાપસંદ કરી અને ફર્માવ્યું, એ સફિય્યહ છે.*

**સ્પષ્ટતા** : જાહેર એ છે કે અહીં ક઼ાસિમથી મુરાદ ક઼ાસિમ બિન મુહમ્મદ બિન અબૂબક્ર સિદ્દીક઼ رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે. જે મદીના તયબહના સાત ફક઼ીહોમાંથી છે એટલા માટે કે મુત્લક઼ ક઼ાસિમથી એ જ મુરાદ હોય છે.

નબી ﷺ એવાં કામને નાપસંદ કરતા હતા જેનાથી લોકો બદ્ગુમાનીમાં સપડાય જાય, ભલે મૂળભૂત રીતે તેમાં કોઈ વાંધો ન હોય. એ જ પ્રકરણમાં આ હદીષ વર્ણન થયેલી છે. હઝરત ઈમામ ઝયનુલ આબિદીન અલી બિન હુસૈન رضی اللہ عنہما ઉમ્મુલ મો'મિનીન હઝરત સફિય્યહ رضی اللہ عنہاથી રિવાયત કરે છે કે હઝરત સફિય્યહ એક બારાતમાં હુઝૂર ﷺને મળવા માટે મસ્જિદમાં આવ્યાં. હુઝૂર ﷺ તેમની સાથે તેમના ઘર સુધી ગયા. એ જ અરસામાં અન્સારના બે માણસો ત્યાંથી પસાર થયા. હુઝૂર ﷺએ તે બંનેવને બોલાવીને ફર્માવ્યું કે આ સ઼ફિય્યહ છે. તે બંનેવે અર્ઝ કરી, સુબ્હાનલ્લાહ ! એટલે કે અમે હુઝૂર પર બદ્ગુમાની કરી શકીએ છીએ ?! ફર્માવ્યું, શૈતાન માણસની અંદર તેના લોહીની સાથે ચાલે છે.

જાહેર છે કે ક઼ાઝી જ્યારે તેના ઈલ્મના પ્રમાણે ફેંસલો આપશે તો એનો ફેંસલો ગમે તેટલો હક઼્ક઼ હોય પણ લોકો ગુસપુસ કરશે, બદ્નામ કરશે. એટલા માટે ક઼ાઝી પોતાના ઈલ્મના પ્રમાણે ફેંસલો ન કરે જ્યાં સુધી શરઈ સબૂત ન મળે.

## بَابُ اِجَابَةِ الْحَاكِمِ الدَّعْوَةَ ص١٠٦٣

**પ્રકરણ : "હાકિમની દા'વત ક઼બૂલ કરવી."** *–(૧૦૬૩)*

ت ٨٦٣ وَقَدْ اَجَابَ عُثْمَانُ عَبْدَ الْمُغِيْرَةِ بْنِ شُعْبَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا **[તઅલીક઼ : ૮૬૩]**

*"હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ મુગ઼ીરા બિન શઅબાના એક ગુલામની દા'વત ક઼બૂલ કરી."*

**તઅલીક઼ : ૮૬૩ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ અબૂ મુહમ્મદ બિન સાઅદે પોતાના ફવાઈદમાં સહીહ સનદની સાથે રિવાયત કરી છે કે હઝરત ઉષ્માન رضی اللہ عنہ રોઝાદાર હતા, તેમને હઝરત મુગ઼ીરા બિન શઅબા رضی اللہ عنہના ગુલામે દા'વત આપી તો તેમણે તેની દા'વત ક઼બૂલ કરી લીધી અને ફર્માવ્યું, મેં ચાહ્યું કે દા'વત આપનારની દા'વત ક઼બૂલ કરું અને બરકતની દુઆ કરું. હાકિમને શરતો સાથે પબ્લિકની દા'વત સ્વીકાર કરવાની ઈજાઝત છે.

## بَابُ اِسْتِقْضَاءِ الْمَوَالِيْ وَاسْتِعْمَالِهِمْ صـ ۱۰۶۴

**પ્રકરણ : "આઝાદ થયેલા ગુલામોને ક઼ાઝી તથા આમિલ બનાવવા."** –(૧૦૬૪)

حدیث ۲۹۱۱ اَنَّ ابْنَ عُمَرَ اَخْبَرَهُ قَالَ كَانَ سَالِمٌ مَوْلٰى اَبِىْ حُذَيْفَةَ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું કે હઝરત અબૂ હુઝૈફાના આઝાદ કરેલા* **[હદીષ : ૨૯૧૧]**

يَؤُمُّ الْمُهَاجِرِيْنَ الْاَوَّلِيْنَ وَاَصْحَابَ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*ગુલામ હઝરત સાલિમ رضی اللہ عنہ મુહાજિરીને અવ્વલીન (શરૂમાં હિજરત કરનારા) અને અસ્હાબે નબી صلی اللہ علیہ وسلم ની*

فِىْ مَسْجِدِ قُبَاءٍ فِيْهِمْ اَبُوْبَكْرٍ وَّعُمَرُ وَاَبُوْسَلَمَةَ وَزَيْدٌ وَّعَامِرُ بْنُ رَبِيْعَةَ۔

*મસ્જિદે કુબામાં ઈમામત કરતા હતા જેમનામાં અબૂબક્ર તથા ઉમર તથા અબૂ સલ્મા,*

*ઝયદ તથા આમિર બિન રબિઅહ رضوان اللہ تعالیٰ علیہم اجمعین હોતા."*

### હદીષ : ૨૯૧૧ની સમજૂતી

હઝરત સાલિમ મૌલા અબૂ હુઝૈફા رضی اللہ عنہما ફારસ (ઈરાન)ના મશહૂર શહેર ઈસ્તખરના રહેવાસી હતા. તેમના પિતાનું નામ મઅકિ઼લ હતું. એ હઝરત અબૂ હુઝૈફા رضی اللہ عنہનાં પત્ની બુષૈના બિન્તે યઆરના ગુલામ હતા. જેમણે તેમને આઝાદ કરી દીધા. હઝરત અબૂ હુઝૈફા رضی اللہ عنہએ તેમને દત્તક બનાવી લીધા અને પોતાની ભાણકી ફાતિમા બિન્તે વલીદ બિન ઉત્બાથી શાદી કરી આપી. એ ફુઝલાએ મવાલી તથા ખિયારે સહાબાથી હતા. તેમની ગણના કુર્રા (ક઼ારીઓ)માં થાય છે. હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمની હિજરતથી પહેલાં જે સહાબાએ કિરામ હિજરત કરીને મદીના તયબહ પહોંચ્યા એમાં આ હઝરત સાલિમ પણ હતા. કેમ કે એ સૌથી વધુ કુર્આન મજીદ પઢેલા હતા એટલા માટે એ જ લોકોના ઈમામ હતા. કુબાની પાસે એક જગા અસ્બા હતી ત્યાં એ ઈમામત કરતા હતા. જેમ કે કિતાબુસ્સલાત બાબુ ઈમામતિલ્ અબ્દવલ્મૌલામાં વર્ણન થઈ ચૂક્યું છે.

આ હદીષથી સાબિત થાય છે કે મસ્જિદે કુબાના બાંધકામ વખતે એ મસ્જિદે કુબાના પણ ઈમામ હતા. જ્યારે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ તથા હઝરત ઉમર رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરે કુબા જતા તો તેમની પાછળ નમાઝ પઢતા હતા. હઝરત અબૂ સલ્મા رضی اللہ عنہ ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاના પ્રથમ પતિ હતા. અને ઝયદથી મુરાદ અલ્લામા કિર્માનીની તફસીરના પ્રમાણે હઝરત ઝયદ બિન ખત્તાબ رضی اللہ عنہ હતા. અને અમુક હઝરાતે કહ્યું કે હઝરત ઝયદ બિન હારિષા رضی اللہ عنہما છે. અને હઝરત આમિર બિન રબીઅહ رضی اللہ عنہ ક઼દીમુલ ઈસ્લામ (શરૂમાં ઈમાન લાવનારા) છે. બદર તથા સર્વ જંગોમાં શરીક થયા.

મુહાજિરીને અવ્વલીનથી મુરાદ તે મુહાજિરો છે જેમણે બંનેવ કિ઼બ્લાઓ તરફ નમાઝ પઢી, અથવા એ મુરાદ છે જેઓ બદરમાં શરીક રહ્યા.

આ હદીષથી પ્રકરણની સાબિતી એ રીતે થાય છે કે જ્યારે એક આઝાદ થયેલ ગુલામને નમાઝનો ઈમામ બનાવવો જાઈઝ છે તો ક઼ાઝી તથા હાકિમ બનાવવો એથીય અધિક કક્ષાએ જાઈઝ છે.

**પ્રકરણ : "બાદશાહના સામે તેની પ્રશંસા કરવી અને ત્યાંથી નીકળ્યા બાદ એની વિરુદ્ધ કહેવું નાપસંદીદા છે."** –(૧૦૬૪)

بَابُ مَا يُكْرَهُ مِنْ ثَنَاءِ السُّلْطَانِ وَإِذَا خَرَجَ قَالَ غَيْرَهُ
ص ١٠٦٤

حدیث ۲۹۱۲ حَدَّثَنَا عَاصِمُ بْنُ مُحَمَّدِ بْنِ زَيْدِ بْنِ عَبْدِ اللهِ بْنِ عُمَرَ رَضِيَ اللهُ

**[હદીષ : ૨૯૧૨]** *"આસિમ પોતાના પિતા મુહમ્મદ બિન ઝયદ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે કેટલાક*

تَعَالَى عَنْهُمَا عَنْ أَبِيهِ قَالَ أُنَاسٌ لِعُمَرَ إِنَّا نَدْخُلُ عَلَى سُلْطَانِنَا فَنَقُولُ

*લોકો હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની પાસે આવ્યા. તેમણે કહ્યું કે અમે અમારા બાદશાહની પાસે*

لَهُمْ بِخِلَافِ مَا نَتَكَلَّمُ إِذَا خَرَجْنَا مِنْ عِنْدِهِمْ قَالَ كُنَّا نَعُدُّ هٰذَا نِفَاقًا

*જઈએ છીએ તો અમે એમને એમનાથી વિરુદ્ધ કહેતા જે ત્યાં આવ્યા પછી કહીએ છીએ.*

*તો તેમણે ફર્માવ્યું કે અમે એને નિફાક઼ ગણીએ છીએ."*

**હદીષ : ૨૯૧૨ની સમજૂતી** આ સનદની વિશિષ્ટતા એ છે કે એમાં હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની ઔલાદમાંથી ત્રણ શખ્સો છે : આસિમ, મુહમ્મદ, અબ્દુલ્લાહ. અને આ હદીષમાં નિફાક઼થી મુરાદ ઉર્ફી નિફાક઼ છે. જો ખરેખર બાદશાહ વખાણને લાયક છે તો પીઠ પાછળ તેની બુરાઈ બયાન કરવી બાતિલ છે. જે શખ્સ હક્ક઼પરસ્તોને પણ ખુશ રાખવા ચાહે છે અને બાતિલ લોકોને પણ. એવો શખ્સ સમાજમાં ખતરનાક પણ હોય છે અને નાપસંદીદા પણ.

## ★ હુક્કામ"નો તર્જુમો કરનાર ★

**પ્રકરણ : "હુક્કામ"નો તર્જુમો કરનાર, અને શું એક તર્જુમાન પૂરતો છે.** –(૧૦૬૮)

بَابُ تَرْجَمَةِ الْحُكَّامِ وَهَلْ يَجُوزُ تَرْجُمَانٌ وَاحِدٌ
ص ١٠٦٨

ت ٨٦٤ وَقَالَ خَارِجَةُ بْنُ زَيْدِ بْنِ ثَابِتٍ عَنْ زَيْدِ بْنِ ثَابِتٍ رَضِيَ اللهُ

**[તઅલીક઼ : ૮૬૪]** *"ઝયદ બિન ષાબિત رضی اللہ عنہ થી રિવાયત થયેલી છે કે નબી ﷺ એ તેમને હુકમ*

تَعَالَى عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ أَمَرَهُ أَنْ يَتَعَلَّمَ كِتَابَ الْيَهُودِ حَتَّى

*આપ્યો કે યહૂદીઓની ભાષા (ખત) શીખે. (જેથી મેં શીખી લીધી) ત્યાં સુધી કે નબી ﷺ નો પત્ર*

كَتَبْتُ لِلنَّبِيِّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ كُتُبَهُ وَأَقْرَأْتُهُ كُتُبَهُمْ إِذَا كَتَبُوا إِلَيْهِ

*યહૂદીઓના નામે મેં લખ્યો, અને તેમનો પત્ર જે હુઝૂર ﷺ ની પાસે આવતો તેને હું વાંચી સંભળાવતો."*

**તઅલીક઼ : ૮૬૪ની સમજૂતી** ★ હુઝૂર ﷺએ ફર્માવ્યું, યહૂદીઓની ભાષા શીખે ★

હઝરત ઈમામ બુખારીએ આ બનાવને કિતાબુત્તારીખમાં તફસીલની સાથે આ પ્રમાણે વર્ણન કર્યો છે કે જ્યારે નબી ﷺ મદીના તશરીફ લાવ્યા તો મને પેશ કરવામાં આવ્યો. હુઝૂરે મને પસંદ ફર્માવ્યો. હુઝૂરને બતાવવામાં આવ્યું કે આ બની નજ્જારનું બાળક છે, એણે કુર્આન મજીદની કેટલીયે સૂરતો યાદ કરી છે. હુઝૂરે મને પઢવાનો હુકમ આપ્યો. મેં સૂરએ "ક઼ાફ" પઢીને સંભળાવી તો મને ફર્માવ્યું, યહૂદીઓના લખાણનો તરીક઼ો શીખી લો, મને યહૂદીઓથી ઈત્મિનાન નથી. મેં અડધા મહિનામાં શીખી લીધું, ત્યાં સુધી કે યહૂદીઓનો પત્ર હુઝૂરની પાસે લખવા લાગ્યો, અને હુઝૂરની પાસે યહૂદીઓનો પત્ર આવતો તો એને વાંચી સંભળાવતો.

ت ٨٦٥ وَقَالَ عُمَرُ وَعِنْدَهُ عَلِيٌّ وَعَبْدُ الرَّحْمٰنِ وَعُثْمَانُ مَاذَا تَقُولُ هٰذِهٖ

*"હઝરત ઉમર رضی اللہ عنہની પાસે હઝરત અલી તથા હઝરત અબ્દુર્રહમાન બિન* **[તઅલીક઼ : ૮૬૫]**

قَالَ عَبْدُ الرَّحْمٰنِ بْنُ حَاطِبٍ فَقُلْتُ تُخْبِرُكَ بِصَاحِبِهَا الَّذِيْ صَنَعَ بِهَا

*ઔફ અને હઝરત ઉષ્માનગની رضوان اللہ تعالیٰ علیہم اجمعین બેઠેલા હતા (એવામાં અજમી ભાષામાં એક સ્ત્રી કાંઈ કહેવા લાગી) તો હઝરત ઉમરે પૂછ્યું, આ શું કહી રહી છે ? તો અબ્દુર્રહમાન બિન હાતિબે બતાવ્યું, જે શખ્સે તેણી સાથે આ હરકત કરી છે તેની ખબર આપને આપી રહી છે."*

**તઅલીક઼ : ૮૬૫ની સમજૂતી** વાત એ હતી કે હઝરત હાતિબ બિન અબી બલ્તઅહ رضی اللہ عنہની આઝાદ કરેલી એક લોંડી નુવૈબા નામની હતી, જેને ઝિનાથી ગર્ભ રહી ગયો હતો. તે ફરિયાદ લઈને હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની ખિદમતમાં હાજર થઈ હતી. તે અજમી સ્ત્રી હતી. પોતાની ભાષામાં બોલી રહી હતી જે હઝરત ઉમર رضی اللہ عنہ સમજી ન શક્યા. હઝરત અબ્દુર્રહમાન બિન હાતિબે એનો તર્જુમો કર્યો.

ت ٨٦٦ وَقَالَ اَبُوْ جَمْرَةَ كُنْتُ اُتَرْجِمُ بَيْنَ ابْنِ عَبَّاسٍ وَبَيْنَ النَّاسِ

*"અબૂ હમ્ઝાએ કહ્યું કે હું ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ અને લોકોના વચ્ચે તર્જુમો કરતો હતો.* **[તઅલીક઼ : ૮૬૬]**

وَقَالَ بَعْضُ النَّاسِ لَابُدَّ لِلْحَاكِمِ مِنْ مُتَرْجِمَيْنِ

*અને અમુક લોકોએ કહ્યું કે હાકિમના માટે અનુવાદકો જરૂરી છે."*

**તઅલીક઼ : ૮૬૬ની સમજૂતી** અહીં અમુક લોકોથી મુરાદ હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ છે. આ એમનો જ મઝહબ છે. એનાથી જાહેર થઈ ગયું કે હઝરત ઈમામ બુખારી رضی اللہ عنہ દરેક જગાએ "અમુક લોકો"થી હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ જ મુરાદ નથી લેતા. તેમજ એ પણ જાહેર થઈ ગયું કે હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہ મઝહબન્ શાફઈ ન હતા. એની પણ સંભાવના થઈ શકે છે કે એમની મુરાદ મુહર્રિર મઝહબે હનફિયા ઈમામ મુહમ્મદ رضی اللہ عنہ હોય.

بَابُ كَيْفَ يُبَايِعُ الْإِمَامُ النَّاسَ ص ۱۰۶۹

**પ્રકરણ : "ઈમામ લોકોથી કેવી રીતે બયઅત લે ?!"** –(૧૦૬૯)

۲۹۱۳ حدیث

اَخْبَرَنِیْ اَبِیْ عَنْ عُبَادَةَ بْنِ الصَّامِتِ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ

**[હદીષ : ૨૯૧૩]** "વલીદ બિન ઓબાદાએ કહ્યું કે મને મારા બાપ ઓબાદા બિન સામિત رضی اللہ عنہ એ ખબર

قَالَ بَايَعْنَا رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ عَلَى السَّمْعِ وَالطَّاعَةِ فِی

આપી કે અમે રસૂલુલ્લાહ ﷺ થી બયઅત કરી કે દરેક વાત સાંભળીશું અને દરેક હુકમનું પાલન કરીશું,

الْمَنْشَطِ وَالْمَكْرَهِ وَاَلَّا نُنَازِعَ الْاَمْرَ اَهْلَهُ وَاَنْ نَقُوْمَ اَوْنَقُوْلَ بِالْحَقِّ

ચાહે તે વાત ગમતી હોય કે ન ગમતી હોય. હાકિમ અહલ (લાયક) હશે તો તેનાથી લડીશું નહીં, અને હક્ક

حَيْثُ مَا كُنَّا لَا نَخَافُ فِی اللّٰهِ لَوْمَةَ لَائِمٍ ـ

પર કાયમ રહીશું અથવા હક્ક વાત કરીશું. જ્યાં ક્યાંય પણ રહીશું અલ્લાહના મામલામાં કોઈ મલામત કરનાર (ભલુબુરુ કહેનાર)ની મલામતથી ડરીશું નહીં." –(મુસ્લિમ–મગાઝી)

**હદીષ : ૨૯૧૩ની સમજૂતી**

ઉકબાની બયઅતે ષાનિયા (બીજી બયઅત)ના સમયે આ પ્રમાણે બયઅત થઈ હતી, અને એમાં ૭૩ પુરૂષો તથા સ્ત્રીઓ હતી. આ બયઅતનો મહત્વનો ભાગ આ હતો : અને જે ખલીફા ખિલાફતને પાત્ર હશે તેનાથી બગાવત કરીશું નહીં. જો તે ઈન્સાફ કરશે તો તેને અજ્ર મળશે અને અમે શુક્ર કરીશું અને જો જુલ્મ કરશે તો એનો વબાલ એના પર હશે અને અમે સબ્ર કરીશું.

۲۹۱۴ حدیث

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ قَالَ كُنَّا اِذَا بَايَعْنَا رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

**[હદીષ : ૨૯૧૪]** "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું કે જ્યારે અમે રસૂલુલ્લાહ ﷺ થી

عَلَيْهِ وَسَلَّمَ عَلَى السَّمْعِ وَالطَّاعَةِ يَقُوْلُ لَنَا فِیْ مَا اسْتَطَعْتُ

સાંભળવા તથા આજ્ઞાપાલન પર બયઅત કરતા તો હુઝૂર ﷺ ફર્માવતા (આ પણ કહો) યથાશક્તિ."

**★ ઈબ્ને ઉમરની અબ્દુલમલિક સફ્ફાકની બયઅત ★**

حدیث ۲۹۱۵ **[હદીષ : ૨૯૧૫]**

حَدَّثَنَا عَبْدُ اللّٰهِ بْنُ دِيْنَارٍ قَالَ شَهِدْتُ ابْنَ عُمَرَ حَيْثُ

"અબ્દુલ્લાહ ઈબ્ને દીનારે કહ્યું કે હું હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની ખિદમતમાં હાજર હતો. જ્યારે સર્વ

اِجْتَمَعَ النَّاسُ عَلٰى عَبْدِ الْمَلِكِ وَكَتَبَ اَنِّىْ اُقِرُّ بِالسَّمْعِ وَالطَّاعَةِ لِعَبْدِ اللّٰهِ

*લોકોની અબ્દુલમલિક પર એકમતિ થઈ ગઈ તો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે લખ્યું, હું ઈકરાર કરું છું કે*

عَبْدِ الْمَلِكِ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ عَلٰى سُنَّةِ اللّٰهِ وَسُنَّةِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ

*અલ્લાહના બંદા અબ્દુલમલિક અમીરુલ મો'મિનીનની વાત સાંભળીશ અને માનીશ જે વાત અલ્લાહના હુકમ*

وَسَلَّمَ مَا اسْتَطَعْتُ وَاَنَّ بَنِيَّ قَدْ اَقَرُّوْا بِمِثْلِ ذٰلِكَ

*તથા રસૂલુલ્લાહ ﷺની સુન્નતના પ્રમાણે હશે યથાશક્તિ, અને મારા પુત્રોએ પણ તેનો ઈકરાર કર્યો.''*

## હદીષ : ૨૯૧૫ની સમજૂતી

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہની શહાદત હિ.સ. ૭૩માં થઈ ગઈ તો પૂરા ઈસ્લામી શહેરો પર અબ્દુલમલિક બિન મરવાન સફ્ફાક (જાલિમ)નો ક઼બજો થઈ ગયો, તે સમયે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ અબ્દુલ મલિક સફ્ફાકને ઉપરોક્ત લખાણવાળો પત્ર લખ્યો હતો. એના અગાઉ તેમણે ન મરવાનની ન તેના પુત્ર અબ્દુલમલિકની બયઅત કરી હતી અને ન અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہની, અને ન ઈમામ હસન મુજતબા رضی اللہ عنہماની અને ન મુઆવિયહ رضی اللہ عنہની. જ્યારે ઈમામ હસન મુજતબા رضی اللہ عنہએ મુઆવિયહ رضی اللہ عنہને ખિલાફત સોંપી દીધી તો હઝરત મુઆવિયહ رضی اللہ عنہની બયઅત કરી.

٢٩١٦ حديث عَنْ جَرِيْرِ بْنِ عَبْدِ اللّٰهِ قَالَ بَايَعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

*''હઝરત જરીર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ કહ્યું કે મેં નબી ﷺ સાથે એ વાત પર* **[હદીષ : ૨૯૧૬]**

عَلَيْهِ وَسَلَّمَ عَلَى السَّمْعِ وَالطَّاعَةِ فَلَقَّنَنِىْ فِيْمَا اسْتَطَعْتُ وَالنُّصْحِ لِكُلِّ مُسْلِمٍ

*બયઅત કરી કે હું હુઝૂરની વાત સાંભળીશ અને એના પર અમલ કરીશ. તો હુઝૂર ﷺએ મને તલ્ક઼ીન કરી કે એવું પણ કહો કે, શક્તિ પ્રમાણે અને દરેક મુસલમાનની ખૈરખ્વાહી પર.''*

**★ હઝરત ઉમર رضی اللہ عنہએ ખલીફા નિમવાનું છ વ્યક્તિઓને સોંપ્યુ હતું ★**

٢٩١٧ حديث اَنَّ الْمِسْوَرَ بْنَ مَخْرَمَةَ اَخْبَرَهٗ اَنَّ الرَّهْطَ الَّذِيْنَ وَلَّاهُمْ عُمَرُ

*''મિસ્વર બિન મુખ્રમાએ ખબર આપી કે જે હઝરાતને હઝરત ઉમર رضی اللہ عنہ એ* **[હદીષ : ૨૯૧૭]**

اِجْتَمَعُوْا فَتَشَاوَرُوْا قَالَ لَهُمْ عَبْدُ الرَّحْمٰنِ لَسْتُ بِالَّذِىْ اُنَافِسُكُمْ عَلٰى هٰذَا

*ખુલૈફા નક્કી કરવાનો હક્ક઼ આપ્યો હતો તેઓ ભેગા થયા અને આપસમાં મશ્વરો કર્યો. તેમને હઝરત અબ્દુર્રહમાને*

الْأَمْرِ وَلٰكِنَّكُمْ إِنْ شِئْتُمْ اخْتَرْتُ لَكُمْ مِنْكُمْ فَجَعَلُوا ذٰلِكَ إِلٰى عَبْدِ الرَّحْمٰنِ فَلَمَّا

કહ્યું, હું આ ચીજોનો મોહ નથી ધરાવતો. હા ! જો તમે ચાહો તો તમારામાંથી કોઈને પસંદ કરી લઉં. તો એ

وَلَّوْا عَبْدَ الرَّحْمٰنِ أَمْرَهُمْ فَمَالَ النَّاسُ عَلٰى عَبْدِ الرَّحْمٰنِ حَتّٰى مَا أَرٰى أَحَدًا مِنَ

લોકોએ એ હક્ક હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ ને આપી દીધો. જ્યારે એ લોકોએ પોતાનો મામલો અબ્દુર્રહમાનને

النَّاسِ يَتْبَعُ أُولٰئِكَ الرَّهْطَ وَلَا يَطَأُ عَقِبَهُ فَمَالَ النَّاسُ عَلٰى عَبْدِ الرَّحْمٰنِ

સુપ્રત કરી આપ્યો તો સર્વ લોકો હઝરત અબ્દુર્રહમાનની તરફ વળી ગયા, ત્યાં સુધી કે કોઈને મેં નથી જોયો કે

يُشَاوِرُوْنَهُ تِلْكَ اللَّيَالِي حَتّٰى إِذَا كَانَتِ اللَّيْلَةُ الَّتِي أَصْبَحْنَا مِنْهَا فَبَايَعْنَا عُثْمَانَ

બાક઼ીના લોકોની પાછળ ચાલે. સર્વ લોકો એ દિવસોમાં હઝરત અબ્દુર્રહમાનથી આ મામલામાં મશ્વરો કરતા,

قَالَ الْمِسْوَرُ طَرَقَنِي عَبْدُ الرَّحْمٰنِ بَعْدَ هَجْعٍ مِنَ اللَّيْلِ فَضَرَبَ الْبَابَ حَتّٰى

ત્યાં સુધી કે જ્યારે તે રાત આવી જેની સવારે અમે હઝરત ઉષ્માન رضی اللہ عنہ થી બયઅત કરી, તો હઝરત

اسْتَيْقَظْتُ فَقَالَ أَرَاكَ نَائِمًا فَوَاللّٰهِ مَا اكْتَحَلْتُ هٰذِهِ الثَّلَاثَ بِكَثِيْرِ

અબ્દુર્રહમાન رضی اللہ عنہ અમુક રાત પસાર થયા બાદ મારી પાસે આવ્યા અને મારો દરવાજો ઠોકયો, ત્યાં સુધી કે

نَوْمٍ انْطَلِقْ فَادْعُ الزُّبَيْرَ وَسَعْدًا فَدَعَوْتُهُمَا لَهُ فَشَاوَرَهُمَا ثُمَّ دَعَانِي فَقَالَ

હું જાગી ગયો. તો તેમણે કહ્યું, હું તેમને ઊંઘતા જોઈ રહ્યો છું, બખુદા ! એ ત્રણ રાતોમાં હું ખૂબ જ થોડો સૂતો છું.

اُدْعُ لِي عَلِيًّا فَدَعَوْتُهُ فَنَاجَاهُ حَتَّى ابْهَارَّ اللَّيْلُ ثُمَّ قَامَ عَلِيٌّ مِنْ عِنْدِهِ وَهُوَ

જા ! ઝુબૈર અને સઅદને બોલાવી લાવ. હું એ બંનેવને એમની પાસે બોલાવી લાવ્યો. હઝરત અબ્દુર્રહમાન

عَلٰى طَمَعٍ وَقَدْ كَانَ عَبْدُ الرَّحْمٰنِ يَخْشَى مِنْ عَلِيٍّ شَيْئًا ثُمَّ قَالَ اُدْعُ لِي عُثْمَانَ

رضی اللہ عنہ એ બંનેવ સાથે મશ્વરો કર્યો, પછી મને બોલાવ્યો અને કહ્યું, અલીને બોલાવી લાવો. મેં એમને બોલાવ્યા

فَنَاجَاهُ حَتّٰى فَرَّقَ بَيْنَهُمَا الْمُؤَذِّنُ بِالصُّبْحِ فَلَمَّا صَلَّى النَّاسُ الصُّبْحَ وَاجْتَمَعَ

તો તેમની સાથે સરગોશી (ચુપકે ચુપકે વાત) કરી, ત્યાં સુધી કે અડધી રાતની નિકટ રાત પસાર થઈ ગઈ.

أُولٰئِكَ الرَّهْطُ عِنْدَ الْمِنْبَرِ فَأَرْسَلَ إِلٰى مَنْ كَانَ حَاضِرًا مِنَ الْمُهَاجِرِيْنَ وَالْأَنْصَارِ

ત્યારબાદ હઝરત અલી તેમની પાસેથી ઉઠયા, અને તેમને ખિલાફત મળવાની કાંઈક ઉમ્મીદ હતી. અને હઝરત

وَاَرْسَلَ اِلٰی اُمَرَاءِ الْاَجْنَادِ وَكَانُوْا وَافَوْا تِلْكَ الْحَجَّةَ مَعَ عُمَرَ فَلَمَّا اجْتَمَعُوْا

*અબ્દુર્રહમાનને હઝરત અલીથી કાંઈક અંદેશો પણ હતો. પછી કહ્યું, ઉષ્માનને બોલાવો. તેમની સાથે ચુપકે*

تَشَهَّدَ عَبْدُ الرَّحْمٰنِ ثُمَّ قَالَ اَمَّا بَعْدُ ! يَا عَلِيُّ اِنِّيْ قَدْ نَظَرْتُ فِيْ اَمْرِ النَّاسِ

*ચુપકે વાત કરી, ત્યાં સુધી કે સવારના સમયે તે બંનેવની વચ્ચે મોઅઝ્ઝિને જુદાઈ કરી. જ્યારે લોકો સવારની*

فَلَمْ اَرَهُمْ يَعْدِلُوْنَ بِعُثْمَانَ فَلَا تَجْعَلَنَّ عَلٰی نَفْسِكَ سَبِيْلًا فَقَالَ اُبَايِعُكَ عَلٰی

*નમાઝ પઢી ચૂક્યા અને એ લોકો મિમ્બરની પાસે ભેગા થઈ ગયા તો તેમણે તે સૌ મુહાજિરો તથા અન્સારને*

سُنَّةِ اللّٰهِ وَرَسُوْلِهٖ وَالْخَلِيْفَتَيْنِ مِنْ بَعْدِهٖ فَبَايَعَهٗ عَبْدُ الرَّحْمٰنِ وَبَايَعَهٗ

*બોલાવ્યા જેઓ મદીનામાં મૌજૂદ હતા. અને લશ્કરોના અમીરોને બોલાવ્યા અને એ લોકો એ હજ્જમાં હઝરત*

النَّاسُ وَالْمُهَاجِرُوْنَ وَالْاَنْصَارُ وَاُمَرَاءُ الْاَجْنَادِ وَالْمُسْلِمُوْنَ

*ઉમરની સાથે હતા. જ્યારે સૌ એકત્ર થઈ ગયા તો હઝરત અબ્દુર્રહમાને ખુત્બો પઢયો. પછી કહ્યું,*
*અમ્માબાદ ! હે અલી ! મેં લોકોથી માલૂમાત કરી તો મેં એમને ન જોયા કે આપને ઉષ્માનની બરાબર સમજતા*
*હોય, તો તમો મારાથી નારાજ ન થશો. પછી અબ્દુર્રહમાને હઝરત ઉષ્માનને કહ્યું, હું આપનાથી અલ્લાહની*
*કિતાબ તથા તેના રસૂલ તથા તેમના બાદવાળા બંનેવ ખલીફાની સુન્નત પર બયઅત કરું છું. ત્યારબાદ*
*હઝરત અબ્દુર્રહમાને બયઅત કરી, ત્યારબાદ સર્વ લોકોએ, અને મુહાજિરો તથા અન્સાર*
*તથા લશ્કરોના અમીરો તથા મુસલમાનોએ બયઅત કરી.''*

**હદીષ : ૨૯૧૭ની સમજૂતી**

''રહત''થી મુરાદ આ છ વ્યક્તિઓ છે : હઝરત ઉષ્માન, હઝરત અલી, હઝરત તલ્હા, હઝરત ઝુબૈર, હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ, હઝરત સઅદ બિન અબી વક્કાસ رضوان الله تعالى عليهم اجمعين. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہથી દરખાસ્ત કરવામાં આવી કે આપ આપનો કોઈ જાનશીન પસંદ કરી આપો. તેમણે એ ન સ્વીકાર્યું અને ઉપરોક્ત છ વ્યક્તિઓની એક કમિટી બનાવી આપી કે એઓ જેને ચાહે પસંદ કરી લે. આ છ વ્યક્તિઓ અશરાએ મુબશ્શિરામાંથી હતા અને સાબિક઼ીને અવ્વલીન મુહાજિરોમાંથી હતા. તે છ હઝરાતની પૂરી ક઼ૌમ પર અસર હતી. અને એ લોકો બુદ્ધિ તથા તદબીર (યુક્તિ)માં પણ સૌથી વિશેષ હતા.

હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہએ જે ખૂબસૂરતીની સાથે આ કામ પાર પાડયું એ એમના ઘણા જ મહાન મુદબ્બિર અને રાજનીતિના નિષ્ણાત હોવાની દલીલ છે. આ રિવાયતથી સાબિત થયું કે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہએ હઝરત ઉષ્માનગની رضی اللہ عنہની પસંદગી તેમના ફઝ્લો કમાલની સાથોસાથ એ કારણે પણ કરી કે મોટાભાગના લોકોની રાય એમની તરફ હતી.

તેમજ આ રિવાયતથી જાહેર થયું કે આ મોક઼ા પર હઝરત અલી رضی اللہ عنہને ઉમ્મીદ હતી કે પસંદગી મારી જ થશે, જેમ કે એમના અમુક ખુત્બાઓથી જાહેર છે, અને એ કોઈ વાંધાજનક વાત પણ નથી, આપ એ હોદ્દાને પાત્ર હતા, અને જો તેમને મન્સબથી ઉમ્મીદ હતી તો કોઈ વાંધો નથી.

## بَابُ الْاِسْتِخْلَافِ صـ ١٠٧١

**પ્રકરણ : "કોઇને પોતાના પછી ખલીફા બનાવવાનું બયાન." –(૧૦૭૧)**

٢٩١٨ حديث عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ قِيْلَ لِعُمَرَ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું કે હઝરત ઉમર رضی اللہ عنہ થી અર્ઝ* **[હદીષ : ૨૯૧૮]**

اَلَا تَسْتَخْلِفُ قَالَ اِنْ اَسْتَخْلِفْ فَقَدِ اسْتَخْلَفَ مَنْ هُوَ خَيْرٌ مِّنِّيْ اَبُوْ

*કરવામાં આવી કે આપ કોઈને ખલીફા કેમ નથી બનાવી આપતા ? ફર્માવ્યું કે જો હું ખલીફા બનાવું (તો પણ*

بَكْرٍ وَاِنْ اَتْرُكْ فَقَدْ تَرَكَ مَنْ هُوَ خَيْرٌ مِّنِّيْ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

*વાંધો નથી) પોતાનો જાનશીન તેમણે બનાવ્યો જે મારાથી બેહતર હતા, અબૂબક્ર. અને જો ન બનાવું (તો પણ*

عَلَيْهِ وَسَلَّمَ فَاَثْنَوْا عَلَيْهِ فَقَالَ رَاغِبٌ وَرَاهِبٌ - وَدِدْتُ اِنِّيْ

*બેહતર છે) કે તે જાતે જ મારાથી બેહતર હતા તેમણે કોઈને પોતાનો જાનશીન નથી બનાવ્યો,*

نَجَوْتُ مِنْهَا كَفَافًا لَا لِيْ وَلَا عَلَيَّ لَا اَتَحَمَّلُهَا حَيًّا وَّلَا مَيِّتًا

*એ રસૂલુલ્લાહ ﷺ છે. આ સાંભળીને લોકોએ તેમની પ્રશંસા કરી. ત્યારબાદ ફર્માવ્યું કે આ રગબત*

*(આકર્ષણ) તથા ડરથી છે. મારી આરઝૂ એ છે કે હું બરાબર બરાબર (સરવાળે) એનાથી નજાત*

*પામી જાઉં, ન મને એનો સવાબ મળે અને ન અમને એના પર અઝાબ થાય.*

*હું જિંદગીમાં પણ કે મૃત્યુ પછી પણ શા માટે એનો બોજ ઉઠાવું !"*

### હદીષ : ૨૯૧૮ની સમજૂતી

رَاغِبٌ وَّرَاهِبٌ એનો એક મતલબ એ છે કે હું અલ્લાહની હુઝૂર જે સવાબ છે તેની લાલચ કરવાવાળો છું અને તેના અઝાબથી ડરનારો છું. અને આ જ અર્થ અહીં સૌથી વિશેષ યોગ્ય છે. એક મતલબ એ પણ થઈ શકે છે કે કેટલાક લોકો ખિલાફતની તમન્ના ધરાવે છે અને કેટલાક લોકો એનાથી બચવા ચાહે છે. જે લોકો એની ઈચ્છા ધરાવે છે એમને હું ખલીફા બનાવીશ નહીં, કે ક્યાંક રબની તાઈદ (સમર્થન) એમની સાથે ન હોય. જેમ કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું કે જે હુકમરાનીનો ઈચ્છુક હોય છે એને એના ઉપર છોડી દેવામાં આવે છે, અને જે લોકો એનાથી બચવા ચાહે છે તેમને એટલા માટે ખલીફા બનાવીશ નહીં કે અંદેશો છે કે ક્યાંક તે સંપૂર્ણપણે આ ભાર ઉઠાવી ન શકે.

قَوْلُهٗ وَدِدْتُ આ શબ્દ તવાઝોઅ (પોતાને કમતર સમજવું)ના રૂપે છે, નહીં તો હુઝૂરે અક્દસ ﷺના સહીહ ઈર્શાદો પ્રમાણે તેમનું જન્નતી હોવું નિશ્ચિત છે.

حدیث ٢٩١٩

أَخْبَرَنِيْ أَنَسُ بْنُ مَالِكٍ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُ أَنَّهُ سَمِعَ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ આ ખબર આપી છે. તેમણે હઝરત ઉમરનો [હદીષ : ૨૯૧૯]

خُطْبَةَ عُمَرَ الْاٰخِرَةَ حِيْنَ جَلَسَ عَلَى الْمِنْبَرِ وَذَالِكَ الْغَدَ مِنْ يَوْمٍ تُوُفِّيَ

છેલ્લો ખુત્બો સાંભળ્યો જ્યારે તે મિમ્બર પર બેઠા. અને એ નબી صلی اللہ علیہ وسلم ના વિસાલના બીજા દિવસે આપ્યો હતો.

النَّبِيُّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَتَشَهَّدَ وَأَبُوْبَكْرٍ صَامِتٌ لَا يَتَكَلَّمُ قَالَ كُنْتُ

તેમણે ખુત્બો પઢયો અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ખામોશ હતા. કાંઈ બોલી રહ્યા ન હતા. હઝરત ઉમરે કહ્યું, મને

أَرْجُوْا أَنْ يَعِيْشَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ حَتّٰى يَدْبُرَنَا يُرِيْدُ

ઉમ્મીદ હતી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم હયાતે જાહેરી પછી પણ આપણી સાથે તશરીફ રાખશે. તેમની મુરાદ એ હતી

بِذَالِكَ أَنْ يَكُوْنَ اٰخِرَهُمْ فَإِنْ يَّكُ مُحَمَّدٌ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَدْ

કે હુઝૂર صلی اللہ علیہ وسلم નો વિસાલ સૌના પછી થશે. વળી મુહમ્મદ صلی اللہ علیہ وسلم નો વિસાલ થયો છે તો અલ્લાહે તમારી સાથે નૂર

مَاتَ فَإِنَّ اللهَ قَدْ جَعَلَ بَيْنَ أَظْهُرِكُمْ نُوْرًا تَهْتَدُوْنَ بِهٖ هَدَى اللهُ مُحَمَّدًا

કરી આપ્યું છે જેના થકી તમો હિદાયત પામશો, જેના પર અલ્લાહે મુહમ્મદ صلی اللہ علیہ وسلم ને ચલાવ્યા, અને અબૂબક્ર

صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَأَنَّ أَبَا بَكْرٍ صَاحِبُ رَسُوْلِ اللهِ صَلَّى اللهُ تَعَالٰى

વિના શંકાએ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના સહાબી છે અને યારે ગાર, અને નિ:શંક ! તમામ મુસલમાનો કરતાં એ તમારા

عَلَيْهِ وَسَلَّمَ وَثَانِيَ اثْنَيْنِ وَإِنَّهُ أَوْلَى الْمُسْلِمِيْنَ بِأُمُوْرِكُمْ فَقُوْمُوْا فَبَايِعُوْهُ

મામલાઓના લાયક છે, એટલા માટે તમે લોકો ઉભા થાવ અને એમની બયઅત કરો. અને એમનામાંથી એક

وَكَانَتْ طَائِفَةٌ مِّنْهُمْ قَدْ بَايَعُوْهُ قَبْلَ ذَالِكَ فِيْ سَقِيْفَةِ بَنِيْ سَاعِدَةَ

ગિરોહે સકીફા બની સાઅદામાં બયઅત કરી લીધી હતી, અને આમ બયઅત મિમ્બર પર થઈ. હઝરત અનસ

وَكَانَتْ بَيْعَةُ الْعَامَّةِ عَلَى الْمِنْبَرِ ـــــ قَالَ الزُّهْرِيُّ عَنْ أَنَسِ بْنِ مَالِكٍ

બિન માલિક رضی اللہ عنہ એ એ પણ કહ્યું કે તે દિવસે મેં હઝરત ઉમરને હઝરત અબૂબક્રને એવું કહેતાં પણ

رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ سَمِعْتُ عُمَرَ یَقُوْلُ لِاَبِیْ بَکْرٍ یَوْمَئِذٍ اِصْعَدِ الْمِنْبَرَ فَلَمْ

*સાંભળ્યા, મિમ્બર પર ચાલો ! તે સતત કહેતા રહ્યા ત્યાં સુધી કે તે મિમ્બર પર ચઢયા*

یَزَلْ بِہٖ صَعِدَ الْمِنْبَرَ فَبَایَعَہُ النَّاسُ عَامَّۃً

*અને લોકોએ તેમની આમ બયઅત કરી.''*

**હદીષ : ૨૯૧૯ની સમજૂતી** خطبة عمر الآخرة એનાથી મુરાદ તે ખુત્બો છે જે હુઝૂર ﷺના વિસાલના બીજા દિવસે સવારે મસ્જિદે નબવીમાં આપ્યો હતો. એને છેલ્લો એ એતબારથી કહ્યો કે હઝરત ઉમર رضی اللہ عنہએ હુઝૂરે અક્દસ ﷺના પછી તરત જ એક ખુત્બો આપ્યો હતો. જેમાં એવું ફર્માવ્યું હતું કે મુહમ્મદ ﷺનો ઈન્તેકાલ નથી થયો ! અને ખૂબ જ જલ્દી તશરીફ લાવશે. આ છેલ્લો ખુત્બો એ વખતે આપ્યો જ્યારે સકીફા બની સાઅદામાં બયઅત પછી બીજા દિવસે સવારે મસ્જિદે નબવીમાં સર્વ મદીનાવાસીઓ ભેગા થયા હતા, જ્યાં હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની આમ (જાહેર) બયઅત થઈ હતી, જેની સંપૂર્ણ વિગત આ હદીષમાં વર્ણન થયેલી છે.

સહીહ અને મુહક્કક (તેહકીકપૂર્ણ) એ જ છે કે એ મોકા પર અમીરુલ મો'મિનીન મૌલલ્ મુસ્લિમીન અલી મુર્તઝા رضی اللہ عنہએ પણ બયઅત કરી હતી, જેને અમે અગાઉ વિગતે વર્ણવી ચૂક્યા છીએ.

સહીહ એ જ છે કે હુઝૂરે અક્દસ ﷺએ પોતાના બાદ કોઈને વલી અહદ (જાનશીન) બનાવ્યા ન હતા, ન હઝરત સિદ્દીકે અકબરને, ન હઝરત અલીને, ન હઝરત અબ્બાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને. હા ! હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہના ખલીફા હોવા પર ઘણા નિર્દેશો ફર્માવ્યા હતા. એમાંથી અમુક નિર્દેશોને નસ્સે જલી (મોટી દલીલ) પણ કહી શકાય છે. દા.ત. નમાઝ માટે ઈમામ નિશ્ચિત કરવા. પ્રથમ હજ્જના અમીરુલ હજ્જ બનાવવું, ...... વગેરે વગેરે. તેમ છતાં પણ તેને કતઈ તૌર પર ખલીફા બનાવવું ન કહી શકાય.

## ★ ખલીફાની નિયુક્તિની ત્રણ રીતો ★

ખલીફાની નિમણૂંક ત્રણ રીતે થાય છે : (૧) હલ તથા ઉકેલ લાવનારા અસ્હાબ. (૨) પ્રથમ ખલીફાનું પોતાના બાદ નામ સૂચવી દેવું. (૩) પ્રથમ ખલીફાનો કોઈ એક વ્યક્તિ અથવા અમુક વ્યક્તિઓને હક્ક આપી દેવો કે એઓ જેને યોગ્ય સમજે તેને ખલીફા ચૂંટી કાઢે. પ્રથમ દૃષ્ટાંતમાં હઝરત અબૂબક્ર رضی اللہ عنہની ખિલાફત છે અને હઝરત અલી رضی اللہ عنہની. બીજા દૃષ્ટાંતમાં હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની છે કે તેમને હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ નામ દર્શાવીને કરી આપ્યા હતા. ત્રીજુ દૃષ્ટાંત હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની ખિલાફત છે.

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ તે વ્યક્તિઓને જેઓ અશરાએ મુબશ્શિરામાંથી તે વખતે બાહયાત હતા તેમને એ હક્ક આપ્યો હતો કે તેઓ આપસમાં મશ્વરો કર્યા બાદ જેને ચાહે ખલીફા નિયુક્ત કરી આપે. તે હઝરાત આ હતા :–

હઝરત ઉષ્માન, હઝરત અલી, હઝરત ઝુબૈર, હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ, હઝરત સઅદ બિન અબી વક્કાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعین. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ છ વ્યક્તિઓની કમિટી બનાવી હતી. મેં

એટલો વધારો કર્યો કે, જો કોઈ અમુક વ્યક્તિઓને બદલે કોઈ એક જ શખ્સને એ હક્ક આપી દે કે તે કોઈને ખલીફા પસંદ કરી લે તો દુરુસ્ત થશે. મેં એની ક્યાંય સ્પષ્ટતા નથી જોઈ, આ મારો ઈસ્તિંબાત છે કે જો સહીહ છે તો અલ્લાહના તરફથી છે અને જો ગલત છે તો શૈતાન અને મારા તરફથી છે.

આ ઈસ્તિંબાતનો પાયો એના પર છે કે પોતાના પછી ખલીફા ચૂંટી કાઢવું ખલીફાએ વક્તનો હક્ક છે અથવા પછી તેણે કોઈને જાનશીન ન બનાવ્યો હોય તો હલ તથા ઉકેલ લાવનારી અમુક વ્યક્તિઓની કમિટીને એ હક્ક સમયના ખલીફાના સોંપવાથી હાંસલ થાય છે, તે જ રીતે ખલીફાના સુપ્રત કરવાથી અમુક વ્યક્તિઓનું ખલીફા નિમવું કરવું સહીહ છે, શર્ત એ છે કે સમયના ખલીફાએ તેમને એ હક્ક આપ્યો હોય. એ પ્રમાણે જો સમયનો ખલીફા એ હક્ક જો કોઈને આપી દે તો તેનું ખલીફા નિશ્ચિત કરવું પણ સહીહ છે.

પૂરી ઉમ્મતનો એના પર ઈજમાઅ છે કે શક્તિ હોવાની સ્થિતિમાં આખી દુનિયા માટે એક અમીરુલ મો'મિનીન ચૂંટી લેવો ઉમ્મત પર ફર્ઝ છે.

حدیث ۲۹۲۰ عَنْ اَبِیْ بَکْرٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ لِوَفْدِ بُزَاخَۃَ تَتْبَعُوْنَ

*"હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ના બારામાં છે કે તેમણે બુઝાખાના પ્રતિનિધિમંડળને ફર્માવ્યું,* **[હદીષ : ૨૯૨૦]**

اَذْنَابَ الْاِبِلِ حَتّٰی یُرِیَ اللّٰہُ خَلِیْفَۃَ نَبِیِّہٖ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

*(જાવ !) ઊંટની પૂછડીઓની પાછળ ઘુમો ત્યાં સુધી કે અલ્લાહ તઆલા પોતાના નબી ﷺ ના ખલીફા તથા*

وَالْمُهَاجِرِیْنَ اَمْرًا یَعْذِرُوْنَکُمْ بِہٖ

*મુહાજિરોને એવી વાત સમજાવી દે જેની બિના પર તમારો ઉઝ્ર સ્વીકારી લેવામાં આવે."*

**હદીષ : ૨૯૨૦ની સમજૂતી**

**★ બની બુઝાખાનું પ્રતિનિધિમંડળ ★**

**બની બુઝાખા :** એનાથી મુરાદ બહરૈનના રહેવાસી બની અસદ તથા ગુત્ફાનની વ્યક્તિઓ છે, જેઓ હુઝૂરે અક્દસ ﷺ ના વિસાલ બાદ મુર્તદ થઈ ગયા હતા, અને જેમની સાથે લડાઈ ચાલતી હતી. જંગમાં હાર્યા બાદ સુલહના માટે પોતાનું પ્રતિનિમિંડળ બારગાહે ખિલાફતમાં મોકલ્યું હતું. તો તેમને હઝરત સિદ્દીકે અકબરે ફર્માવ્યું હતું, જાવ ! થોડા દિવસ રખડો, હું મશ્વરો કરીને તમારા લોકોના બારામાં કોઈ ફેંસલો કરીશ. હુમૈદીએ એની તફસીલ આ પ્રમાણે લખી છે કે અસદ તથા ગુત્ફાનના માણસો સુલહના માટે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની પાસે જ્યારે હાજર થયા તો તેમણે ફર્માવ્યું કે તેમને બે વાતોમાંથી એકનો અધિકાર છે : હર્બે મુજલિય્યહ અથવા સલમે મુખ્ઝિય્યહ (એટલે ઉઘાડી લડાઈ અથવા બેઈજ્જત કરનારી સુલહ). એમણે અર્ઝ કરી, મુજલિય્યહ. તો અમે પહેચાની લીધું મુખ્ઝિય્યહ શું છે. ફર્માવ્યું, અમે તમારાં હથિયારો અને તમારાં પાલતુ જાનવરો તમારી પાસેથી છીનવી લઈશું, અને તમારાથી જે માલ અમે હાંસલ કર્યો છે તેને ગનીમત બનાવી દઈશું. અને તમે જે માલ મુસલમાનોનો હાંસલ કર્યો છે તેને પરત કરશો અને અમારા કત્લ થનારાઓની દિયત આપશો, અને તમારાં કત્લ થયેલાં જહન્નમમાં જશે ! એટલે કે અમે એની કોઈ દિયત આપીશું નહીં. અને જો કેટલાક લોકોને છોડી આપશો કે તેઓ જ્યાં ચાહે જાય, ત્યાં સુધી કે એમના બારામાં કોઈ રાય નિશ્ચિત થાય.

ત્યારબાદ હઝરત સિદ્દીકે અકબરે લોકો સાથે મશ્વરો કર્યો. હઝરત ઉમર رضی اللہ عنہએ અર્ઝ કરી કે આપે એક રાય નક્કી કરી, પહેલાવાળા બંને ફેંસલા બરાબર છે પરંતુ આપણા મક્તૂલોની (ક્ત્લ થનારાઓની) દિયત માગવી મારી રાય પ્રમાણે યોગ્ય નથી. આપણા ક્ત્લ થનારાઓએ અલ્લાહના હુકમ પ્રમાણે લડાઈ કરી, એનો બદલો અલ્લાહ પર છે, એની કોઈ દિયત લેવી યોગ્ય નથી. એમાં આખી કૌમે સહમતિ દર્શાવી.

હઝરત સિદ્દીકે અકબરે એમના બારામાં આટલો સખત ફેંસલો એના લીધે કર્યો હતો કે ઈમાન લાવ્યા બાદ એઓ મુર્તદ થઈ ગયા અને ફસાદ ફેલાવ્યો, મુસલમાનોની નાહક્ક ક્ત્લ કરી અને તેમના માલોને લૂંટયા. તે પણ એવા સંજોગોમાં કે તેમની પડોશમાં જ મુસૈલમા કઝ્ઝાબ જૂઠી નબુવ્વતનો દાવેદાર હતો. પરંતુ ઈસ્લામી મુજાહિદોની ચઢાઈથી પરેશાન થઈને સુલહના ઈચ્છુક હતા. એનો અંદેશો હતો કે બાદમાં પછી એઓ મોકો પામીને ફસાદ ફેલાવે, એટલા માટે જરૂરી હતું કે એમને એવા હાલમાં રાખવામાં આવે કે ફરી ફિત્ના ફસાદ ન કરી શકે.

**પ્રકરણ : –(૧૦૭૨)** ★ **બાર અમીરો થશે** ★ بَابٌ ۱۰۷۲

حدیث ۲۹۲۱ عَنْ عَبْدِ الْمَلِكِ قَالَ سَمِعْتُ جَابِرَ بْنَ سَمُرَةَ رَضِيَ اللّٰهُ

*"હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہ એ કહ્યું, મેં નબી ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે* **[હદીષ : ૨૯૨૧]**

تَعَالٰى عَنْهُ قَالَ سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ يَكُوْنُ اِثْنَا

*બાર અમીર થશે. પછી એક વાત ફર્માવી જેને મેં ન સાંભળી. મારા પિતાએ બતાવ્યું કે*

عَشَرَ اَمِيْرًا فَقَالَ كَلِمَةً لَمْ اَسْمَعْهَا فَقَالَ اَبِيْ اِنَّهُ قَالَ كُلُّهُمْ مِنْ قُرَيْشٍ له

*હુઝૂરે એવું ફર્માવ્યું હતું કે સૌ કુરૈશમાંથી થશે." (મુસ્લિમ, ૨/૧૧૯, અબૂ દાઊદ–મહદી)*

## હદીષ : ૨૯૨૧ની સમજૂતી

આ હદીષ વિવિશ શબ્દો સાથે મુસ્લિમ, અબૂ દાઊદ તથા તિબ્રાની, બઝ્ઝાર વગેરેમાં વર્ણન થયેલી છે. મુસ્લિમ શરીફમાં આ પ્રમાણે છે : اِنَّ هٰذَا الْاَمْرَ لَا يَنْقَضِىْ حَتّٰى يَمْضِىَ فِيْهِمْ اِثْنَا عَشَرَ خَلِيْفَةً આ અમ્ર એટલે દીન ખત્મ થશે નહીં ત્યાં સુધી કે એમનામાં બાર ખલીફા પસાર થઈ જાય. બીજી રિવાયતમાં છે : لَا يَزَالُ اَمْرُ النَّاسِ مَاضِيًا ત્રીજી રિવાયતમાં છે : لَا يَزَالُ الْاِسْلَامُ عَزِيْزًا. ચોથી રિવાયતમાં છે : لَا يَزَالُ هٰذَا الدِّيْنُ عَزِيْزًا પાંચમી રિવાયતમાં છે : لَا يَزَالُ الدِّيْنُ قَائِمًا વગેરે વગેરે. અબૂ દાઊદમાં છે :–

لَا يَزَالُ هٰذَا الدِّيْنُ عَزِيْزًا اِلٰى اِثْنَا عَشَرَ خَلِيْفَةً قَالَ فَكَبَّرَ النَّاسُ وَضَجُّوْا فَقَالَ كَلِمَةً خَلِيْفَةً قُلْتُ لِاَبِيْهِ يَا اَبَتِ مَا قَالَ الْحَدِيْث

એટલે દીન ૧૨ ખલીફાઓ સુધી ગાલિબ રહેશે. એના પર લોકોએ તકબીર કહી અને ખુશીમાં અવાજો બુલંદ કાઢી. હુઝૂરે ધીમેથી એક વાત કહી. મેં મારા પિતાને પૂછયું કે શું ફર્માવ્યું ? તો તેમણે બતાવ્યું કે એવું ફર્માવ્યું કે તમામે તમામ કુરૈશથી હશે.

એ બાર અમીર કે ખલીફા કોણ છે અથવા ક્યારે થશે એના બારામાં શરહકર્તાઓનાં વિવિધ કથનો છે.

પ્રથમ સ્પષ્ટતા એ કરવામાં આવી છે કે બાર ખલીફાએ બરહક્ક આદિલ કયામત સુધી થશે. એ જરૂરી નથી એ સૌ સતત લગાતાર થાય. પરંતુ હદીષમાં لَا يَزَالُ શબ્દ આ ખુલાસમાં આડરૂપ છે. એના જાહેરથી એ સમજાય છે કે હુઝૂર ﷺ પછી સતત ૧૨ ખલીફાઓ થશે, જેમના યુગમાં દીન ગ઼ાલિબ તથા ક઼ાયમ રહેશે. અબૂ દાઊદની અમુક રિવાયતોમાં છે : كُلُّهُمْ يَجْتَمِعُ عَلَيْهِ النَّاسُ જેના પર સર્વ લોકોનો ઈજમાઅ થશે. આ શર્તને સામે રાખીને ઈમામ ક઼ાઝી અયાઝ વગેરેએ એ ખલીફાઓનાં નામ ગણાવ્યાં જે આ હદીષને લાગુ થઈ શકે છે. જેમાં ચાર ખુલફાએ રાશિદીન છે, અને આઠ ખલીફા બનૂ ઉમૈયામાંથી છે. હઝરત મુઆવિયહ, યઝીદ, અબ્દુલમલિક બિન મરવાન, વલીદ, સુલૈમાન, યઝીદ બિન અબ્દુલ મલિક, હિશામ બિન અબ્દુલ મલિક, વલીદ બિન યઝીદ બિન અબ્દુલ મલિક. પરંતુ આ તફસીલમાં બે ખરાબી છે : પ્રથમ એ કે યઝીદને એમાં ગણવામાં આવ્યો, જ્યારે કે યઝીદ કોઈ રીતે એના લાયક નથી કે એને ખલીફામાં ગણવામાં આવે. **પ્રથમ** તો એ મુઆવિયહ رضی اللہ عنہની વલી અહદીથી ખલીફા બન્યો, જ્યારે કે હઝરત મુઆવિયહ رضی اللہ عنہને એ હક્ક હાંસલ ન હતો કે તે પોતાના બાદ કોઈને પોતાનો જાનશીન બનાવે. જેમ કે મેં મક઼ાલાતે અમજદીમાં એને સાબિત કર્યું છે.

**બીજુ** : હદીષમાં સ્પષ્ટતા છે કે દીન ગાલિબ તથા મહેફૂઝ રહેશે, જ્યારે કે યઝીદના દૌરમાં દીનને જે નુકસાન પહોંચ્યું છે તે ચંગેઝના દૌરમાં પણ નહીં પહોંચ્યું હોય. કર્બલાનો બનાવ તથા હુર્રાનો બનાવ એની દલીલ છે કે યઝીદના દૌરમાં દીનને ખૂબ જ પ્રમાણમાં નુકસાન પહોંચ્યું છે.

**ત્રીજુ** : યઝીદની ખિલાફત પર ઉમ્મત એકમત નથી થઈ.

ત્રીજુ કારણ આ ખુલાસાના સહીહ ન હોવાનું એ છે કે એમાંથી ઉમર બિન અબ્દુલઅઝીઝને બહાર રાખ્યા છે, જ્યારે કે તે ઉમ્મતની સર્વ સંમતિએ ખલીફાએ રાશિદ છે.

**ચોથુ** કારણ એ કે હઝરત ઈમામ હસને મુજતબાને પણ એમાં ગણવામાં આવેલ નથી, જ્યારે કે એમની ખિલાફત બિલ્ ઈત્તેફાકે અહલે સુન્નત બનસ્સે હદીષ હક્ક હતી, બલ્કે ખિલાફતે રાદિશહ હતી.

જો કે આ યાદીને થોડા ક્રમના ફેરફારની સાથે દુરુસ્ત કરવામાં આવી શકે છે. દા.ત. યઝીદની જગાએ અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہને દાખલ કરવામાં આવે. અને હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝને દાખલ કરીને વલીદ બિન યઝીદ બિન અબ્દુલ મલિકને બહાર કરવામાં આવે. અને હઝરત ઈમામ હસને મુજતબા رضی اللہ عنہના બારામાં એ ઉઝર કરી દેવામાં આવે કે એમની ખિલાફત પર પૂરી ઉમ્મતની એકમતિ ન થઈ શકી હતી એટલા માટે كُلُّهُمْ يَجْتَمِعُ عَلَيْهِمُ الْأُمَّةُ ની કૈદથી તેમને આ યાદીમાં દાખલ નથી કરવામાં આવ્યા. એ જ પ્રમાણે શરહકર્તાઓએ એક બીજી યાદી પણ તૈયાર કરી છે જેની તફસીલ આ પ્રમાણે છે : ખુલફાએ અરબા (ચાર ખલીફા), ઈમામ હસન, હઝરત મુઆવિયહ, યઝીદ, અબ્દુલ મલિક, વલિદ બિન અબ્દુલ મલિક, સુલૈમાન બિન અબ્દુલ મલિક, ઉમર બિન અબ્દુલ અઝીઝ, અબ્દુલ્લાહ બિન ઝુબૈર.

પરંતુ યઝીદની આમાં ગણત્રી મને ખટકે છે, હવે ક્યાં તો એવું કહીને વાત ખત્મ કરી દેવામાં આવે કે મુરાદ એવા બાર ખલીફાઓ છે જેમને મોટા ભાગનાઓએ ખુશીપૂર્વક કે જબરદસ્તી ખલીફા સ્વીકારી લીધા હોય. ચાહે તેમની ખિલાફત હક઼ીક઼તમાં સહીહ હોય કે ન હોય.

આ શરહકર્તાઓની તર્જુમાની હતી, પરંતું મારો પોતાનો મૌક઼ૂફ એ છે કે આ હદીષમાં બાર ખલીફાઓથી કોણ મુરાદ છે એ રાઝ, રાઝ જ રહ્યું. હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું છે તો એના પર આપણુ ઈમાન છે. એનાથી મુરાદ કોણ બાર ખલીફાઓ છે તે અલ્લાહ ﷻ તથા તેના રસૂલ ﷺ જાણે.

بسم الله الرحمن الرحيم

# كِتَابُ التَّمَنِّیْ ص ١٠٧٣

**'કિતાબુત્તમન્ની' (શહાદતની તમન્નાનું બયાન)** –(૧૦૭૩)

**પ્રકરણ : તમન્નાનું બયાન : અને જેણે શહાદતની તમન્ના કરી.** –(૧૦૭૩)

بَابُ مَاجَاءَ فِی التَّمَنِّیْ وَمَنْ تَمَنَّی الشَّهَادَةَ ص ١٠٧٣

**تمنی** : (તમન્ની) : બાબે તફઈલનો મસ્દર છે. એનો માદ્દો أُمْنِيه છે જેનું બહુવચન અમાની છે. આરઝૂ કરવી. તમન્નીનો અર્થ એ છે કે માણસ એ ઈરાદો કરે કે ભાવિમાં એ વાત થઈ જાય. જો એ સારી વાત છે તો તમન્ના મહમૂદ (પસંદીદા) છે અને જો બુરી વાત છે તો તમન્ના બુરી છે. તેમજ સારી વાતની તમન્ના જો હસદના કારણે હોય તો પણ બુરી છે. તમન્નાની જ લગભગ નજીક "રજા" પણ છે. બંનેવમાં ફરક એ છે કે "રજા"નો સંબંધ કેવળ મુમ્કિનાતથી હોય છે અને તમન્નાનો સંબંધ મુમ્તનિઆત (રોકનાર ચીજો)થી પણ હોય છે.

**★ શહાદતની તમન્ના ★**

حدیث ٢٩٢٢ عَنِ الْاَعْرَجِ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, કસમ છે* **[હદીષ : ૨૯૨૨]**

اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ وَالَّذِیْ نَفْسِیْ بِیَدِهٖ وَدِدْتُّ اِنِّیْ لَاُقَاتِلُ

*એ જાતની જેના કબજામાં મારી જાન છે. હું પસંદ કરું છું કે અલ્લાહની રાહમાં લડુ અને શહીદ કરવામાં આવું,*

فِیْ سَبِیْلِ اللّٰهِ فَاُقْتَلُ ثُمَّ اُحْیٰی ثُمَّ اُقْتَلُ ثُمَّ اُحْیٰی ثُمَّ اُقْتَلُ فَكَانَ

*ફરી જીવતો કરવામાં આવું, ફરી શહીદ કરવામાં આવું. ફરી જીવતો કરવામાં આવું, ફરી શહીદ કરવામાં આવું.*

اَبُوْهُرَیْرَةَ یَقُوْلُهُنَّ ثَلَاثًا اَشْهَدُ لِلّٰهِ

*અને અબૂ હુરૈરહ એને ત્રણવાર કહેતા હતા. અલ્લાહના માટે હું ગવાહી આપુ છું."*

**હદીષ : ૨૯૨૨ની સમજૂતી**

આ હદીષમાં એ શંકા છે કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની હદીષમાં જે અબૂ સલ્મા તથા સઈદ બિન મુસૈયબના તરીકાથી છે એમાં આ તમન્ના ચાર વાર છે અને આ રિવાયતમાં ત્રણ વાર છે. પછી અધિક તાકીદની સાથે રાવી કહે છે કે હઝરત અબૂ હુરૈરહ એને ત્રણ જ વાર કહેતા હતા. જવાબ એ છે કે સંખ્યાનો ભાવાર્થ (સમજવામાં આવતી સંખ્યા) દલીલ નથી એટલા માટે ઓછી સંખ્યા વધુ સંખ્યાને ખત્મ કરનાર નથી.

بسم الله الرحمن الرحيم

# كتاب الأخبار الآحاد ص ١٠٧٦

## 'કિતાબુલ્અખ્બારિલ આહાદ' –(૧૦૭૬) (અખ્બારે આહાદનું વર્ણન)

بَابُ مَا جَاءَ فِي إِجَازَةِ خَبَرِ الْوَاحِدِ الصَّدُوقِ فِي الْأَذَانِ وَالصَّلٰوةِ وَالصَّوْمِ وَالْفَرَائِضِ وَالْأَحْكَامِ وَقَوْلِ اللّٰهِ فَلَوْلَا نَفَرَ مِنْ كُلِّ فِرْقَةٍ مِّنْهُمْ طَائِفَةٌ لِّيَتَفَقَّهُوْا فِي الدِّيْنِ وَلِيُنْذِرُوْا قَوْمَهُمْ إِذَا رَجَعُوْا إِلَيْهِمْ لَعَلَّهُمْ يَحْذَرُوْنَ وَيُسَمَّى الرَّجُلُ طَائِفَةً لِقَوْلِهٖ وَإِنْ طَائِفَتَانِ مِنَ الْمُؤْمِنِيْنَ اقْتَتَلُوْا فَلَوِ اقْتَتَلَ رَجُلَانِ دَخَلَ فِي مَعْنَى الْآيَةِ وَقَوْلُهٗ إِنْ جَاءَكُمْ فَاسِقٌ بِنَبَإٍ فَتَبَيَّنُوْا أَنْ تُصِيْبُوْا قَوْمًا بِجَهَالَةٍ وَكَيْفَ بَعَثَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ أُمَرَاءَهٗ وَاحِدًا بَعْدَ وَاحِدٍ فَإِنْ سَهَا أَحَدٌ مِّنْهُمْ رُدَّ إِلَى السُّنَّةِ

ص ١٠٧٦

**પ્રકરણ : એક સાચા શખ્સની ખબરનું અઝાન તથા નમાઝ તથા રોઝા તથા ફર્ઝો તથા અહકામમાં વિશ્વસનીય હોવાનું બયાન :** અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "તો કેમ ન હોય કે તેમના દરેક ગિરોહમાં એક જમાઅત નીકળે કે દીનની સમજ હાંસલ કરે અને પરત આવીને પોતાની કૌમને ડર સંભળાવે, એ ઉમ્મીદ પર કે તેઓ બચે." એક શખ્સને પણ તાઈફા કહેવામાં આવે છે. એની દલીલ અલ્લાહ તઆલાનો આ ઈર્શાદ છે : "જો મોમિનોના બે ગિરોહ આપસમાં લડે તો એમની વચ્ચે સુલહ કરાવી છે" પછી જો બે શખ્સો લડે તો પણ આયતના અર્થમાં સામેલ છે. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "જો કોઈ ફાસિક઼ તમારી પાસે કોઈ ખબર લાવે તો તેહક઼ીક઼ કરી લો કે ક્યાંક કોઈ ક઼ોમને નિરર્થક તકલીફ ન આપો." અને કેવી રીતે નબી ﷺએ અમીરોને એક પછી બીજાને મોકલ્યો, જો એમનામાંથી કોઈ ભૂલી જાય તો સુન્નતની તરફ તેમને વાળી દેવામાં આવે. –(૧૦૭૬)

### ★ એક સાચા શખ્સની ખબર વિશ્વનીય હોવા વિશે ★

**સ્પષ્ટતા :** આ પ્રકરણથી ઈમામ બુખારી رحمۃ اللہ علیہનો હેતુ એ છે કે જેવી રીતે ખબરે મુતવાતિર તથા મશહૂર ખબર હુજ્જત છે, એ જ પ્રમાણે ખબરે વાહિદ પણ હુજ્જત છે. એના પર ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ કેટલીયે રીતની દલીલો કરી છે. કેમ કે કેટલાક લોકોએ એવું કહ્યું હતું કે ખબરે વાહિદ હુજ્જત (દલીલ) નથી, જ્યાં સુધી કે એક શખ્સ કરતાં વધુ તેના રાવી દરેક યુગમાં ન હોય. જેવી રીતે શહાદત (ગવાહી)માં નિસાબ શર્ત છે. કેટલાક લોકોએ કહ્યું કે ખબર ત્યારે વિશ્વસનીય ગણાશે જ્યારે કે તેના રાવી દરેક યુગમાં હોય. અમુકે કહ્યું, ત્રણ હોય. અમુકે કહ્યું, ચાર હોય. અને અમુકે કહ્યું કમસે કમ સાત હોય.

હઝરત ઈમામ બુખારી ફર્માવે છે કે જો કોઈ હદીષના રાવી એક જ હોય અને તે સાચા હોય તો તે વિશ્વાસપાત્ર છે અને હુકમોમાં દલીલ છે.

## ★ ઈમામ બુખારીની એના પર દલીલો ★

ઈમામ બુખારીની દલીલ એ છે કે એક શખ્સ અઝાન કહે છે જેના પર ભરોસો કરીને સર્વ લોકો હાજર થઈ જાય છે અને એના પ્રમાણે નમાઝ પઢે છે. એ જ પ્રમાણે એક શખ્સની ખબર પર કે સૂરજ ડૂબી ગયો, લોકો રોઝો ખોલી નાખે છે. એક શખ્સની ખબર પર કે સુબ્હ સાદિક તુલૂઅ થઈ ગઈ, રોઝાદાર ખાવા પીવા છોડી આપે છે. એક શખ્સે બતાવ્યું કે ક઼િબ્લો આ તરફ છે, તેના પર વિશ્વાસ કરી લેવામાં આવે છે. અને આ બધુ રિસાલતકાળથી થતુ આવ્યું છે. કોઈ પણ યુગમાં એ શર્ત નથી કરવામાં આવી કે એ સર્વ ચીજોમાં એકથી વધુ શખ્સો જરૂરી છે. એનાથી સાબિત થયું કે ખબરે વાહિદ હુજ્જત (એકલાની ખબર દલીલ) છે.

બીજી દલીલ એ કરી કે, ઈર્શાદ છે કે દરેક ગિરોહમાંથી એક ''તાઈફા'' દીનમાં તફક઼ુહ હાંસલ કરે જેથી પોતાની ક઼ૌમને ડરાવે, એટલે કે એમને શરીઅતના હુકમો પહોંચાડે, અને ''તાઈફા'' બોલીને ક્યારેક એક શખ્સ મુરાદ હોય છે, જેમ કે આયતે કરીમાં وَاِنْ طَآئِفَتٰنِ مِنَ الْمُؤْمِنِيْنَ اقْتَتَلُوْا فَاَصْلِحُوْا بَيْنَهُمَا છે طَآئِفَتَانِનો શબ્દ આમ છે. આ સ્થિતિને પણ આમ છે કે બે શખ્સ એકલા એકલા લડે તો હવે આયતનો અર્થ એ થયો કે જો કોઈ ગિરોહથી એક શખ્સ ઈલ્મે દીન હાંસલ કરીને કોઈને શરીઅતનો હુકમ પહોંચાડે એના પર અમલ કરવો વાજિબ થશે. એનાથી સાબિત થયું કે ખબરે વાહિદ હુજ્જત છે.

ત્રીજી દલીલ ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ આયતે કરીમા اِنْ جَآءَكُمْ فَاسِقٌۢ بِنَبَاٍ فَتَبَيَّنُوْاથી કરી. આ દલીલ શર્ત તથા વસ્ફ (ખૂબી)ના ભાવાર્થ તરીકે છે કે જ્યારે ફાસિક઼ની ખબર સ્થિતિની તેહક઼ીક઼ પછી વિશ્વસનીય છે, અને તેહક઼ીક઼ની ખબર હોવું શર્ત ઠરાવી દીધું. તો એનાથી સાબિત થયું કે જો આદિલ વાહિદ (એકલો) કોઈ ખબર લાવે તો વિશ્વસનીય છે.

ચોથી દલીલ હુઝૂરે અક઼દસ ﷺના આ અમલથી કરી કે હુઝૂરે અક઼દસ ﷺએ અમીરોને મોકલ્યા જે એક હોતા હતા. જો એક માણસની વાત વિશ્વસનીય ન હોત તો પછી અમીરોને મોકલવું નિરર્થક થાત.

## ★ ખબરે વાહિદ વિશે આપણો મઝહબ ★

આપણે ત્યાં એકમતિએ ખબરે વાહિદ હુજ્જત છે. અલ્બત્ત એની શક્તિ ખબરે મશહૂર તથા મુતવાતિર જેટલી નથી. દા.ત. ખબરે મુતવાતિર તથા મશહૂરથી નસ્ખ (મન્સૂખ થવું) જાઈઝ છે. મુત્લક઼ને મુક઼ૈયદ (બિનશર્તીને શર્તી) કરવું જાઈઝ છે. આમને ખાસ કરવું જાઝઈ છે, પણ ખબરે વાહિદથી આ બધું જાઈઝ નથી. જેની પૂરી વિગત ઉસૂલે ફિક઼હમાં વર્ણન થયેલ છે.

بسم اللہ الرحمٰن الرحیم

# كتاب الاعتصام

## 'કિતાબુલ એઅ્તિસામ' –(૧૦૭૯)

(કિતાબ તથા સુન્નતનુ મજબૂતી સાથે થામવા વિશેનું વર્ણન)

### بَابُ الاعْتِصَامِ بِالْكِتَابِ وَالسُّنَّةِ

પ્રકરણ : "કિતાબ તથા સુન્નતને મજબૂતી સાથે પકડવું." –(૧૦૭૯)

حدیث ۲۹۲۳

أَخْبَرَنِي أَنَسُ بْنُ مَالِكٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ أَنَّهُ سَمِعَ

[હદીષ : ૨૯૨૩] "હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ મને ખબર આપી કે તેમને

عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ الْغَدَ حِينَ بَايَعَ الْمُسْلِمُونَ أَبَا بَكْرٍ وَاسْتَوَى عَلَى

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની વફાત બાદ બીજા દિવસે હઝરત ઉમર رضی اللہ عنہ ને એવું ફર્માવતાં સાંભળ્યા જ્યારે કે

مِنْبَرِ رَسُولِ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ تَشَهَّدَ قَبْلَ أَبِي بَكْرٍ فَقَالَ أَمَّا

મુસલમાનોએ હઝરત અબૂ બક્ર رضی اللہ عنہ ની બયઅત કરી લીધી. તો અબૂ બક્ર પહેલા રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના

بَعْدُ فَاخْتَارَ اللهُ لِرَسُولِهِ الَّذِي عِنْدَهُ عَلَى الَّذِي عِنْدَكُمْ وَهٰذَا

મિમ્બર પર બેઠા અને શહાદતૈન પઢયા અને તેમને કહ્યું, અમ્મા બાદ ! અલ્લાહે પોતાના રસૂલના માટે તે

الْكِتَابُ الَّذِي هَدَى اللهُ بِهِ رَسُولَكُمْ فَخُذُوا بِهِ تَهْتَدُوا لِمَا هَدَى اللهُ

ચીજ પસંદ કરી લીધી જે એની બારગાહમાં છે એનાથી વિરૂધ્ધ જે તમારી પાસે છે. અને આ તે કિતાબ છે કે

بِهِ رَسُولَ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ

અલ્લાહે એના થકી પોતાના રસૂલને હિદાયતનો તરીક઼ો બતાવ્યો તો એને લો, અને અલ્લાહે પોતાના રસૂલને જે હિદાયત આપી છે એને અપનાવો."

**હદીષ : ૨૯૨૩ની સમજૂતી** બાબુલ ઈસ્તિખ્લાફમાં વર્ણન થયેલ હદીષનો આ અંતિમ હિસ્સો છે.

حدیث ۲۹۲۴ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ دِیْنَارٍ اَنَّ عَبْدَ اللّٰهِ بْنَ عُمَرَ رَضِیَ اللّٰهُ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ અબ્દુલમલિક બિન મરવાનની* **[હદીષ : ૨૯૨૪]**

تَعَالٰی عَنْهُمَا کَتَبَ اِلٰی عَبْدِ الْمَلِكِ بْنِ مَرْوَانَ یُبَایِعُهٗ وَاُقِرُّ لَكَ بِالسَّمْعِ

*બયઅત કરતી વખતે આ પ્રમાણે લખ્યું, હું તારી વાત સાંભળવા તથા માનવાનો સ્વીકાર કરું છું*

وَالطَّاعَةِ عَلٰی سُنَّةِ اللّٰهِ وَسُنَّةِ رَسُوْلِهٖ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ فِیْمَا اسْتَطَعْتُ

*જ્યારે કે તે અલ્લાહની સુન્નત તથા તેના રસૂલની સુન્નત પ્રમાણે હોય, શક્તિ અનુસાર."*

**હદીષ : ૨૯૨૪ની સમજૂતી** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ યઝીદની બયઅત કરી લીધી હતી, એટલા માટે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہ ની બયઅત ન કરી અને ન તેમણે જિંદગીભર અબ્દુલમલિક બિન મરવાનની બયઅત કરી. તેમની શહાદત પછી અબ્દુલમલિક બિન મરવાનની બયઅત કરી. જેનું વર્ણન આ હદીષમાં છે અને પહેલાં પણ બાબુલ અહકામમાં વર્ણન થઈ ચૂક્યું છે.

بَابُ الْاِقْتِدَاءِ بِسُنَنِ رَسُوْلِ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ وَقَوْلِ اللّٰهِ تَعَالٰی وَ جْعَلْنَا لِلْمُتَّقِیْنَ اِمَامًا ص ۱۰۸۰

**પ્રકરણ : "રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની સુન્નતોની પયરવીનું વર્ણન. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું વર્ણન : અમને પરહેઝગારોનો ઈમામ બનાવ."** –(૧૦૮૦)

قَالَ اَئِمَّةٌ : نَقْتَدِیْ بِمَنْ قَبْلَنَا وَیَقْتَدِیْ بِنَا مَنْ بَعْدَنَا અને કહ્યું, ઈમામ તે હોય છે, અમે અમારા આગલાનું અનુસરણ કરીએ અને જેનું અનુસરણ તેના બાદવાળા કરે.

**સમજૂતી** : એનો ક઼ાઈલ (કહેનાર) કોણ છે તદ્દન જાણ ન થઈ શકી. પરંતુ કિતાબુત્તફસીરમાં ઈમામ મુજાહિદનો આ ક઼ૌલ નક઼લ કર્યો છે એના પરથી સમજમાં આવે છે કે આ ક઼ૌલ પણ ઈમામ મુજાહિદનો છે.

ت ۸۶۷ وَقَالَ ابْنُ عَوْنٍ ثَلَاثٌ اُحِبُّهُنَّ لِنَفْسِیْ وَلِاِخْوَانِیْ

*"અને ઈબ્ને ઔને કહ્યું, ત્રણ વાતો જેને હું પોતાના માટે તથા મારા ભાઈઓ* **[તઅલીક઼ : ૮૬૭]**

هٰذِهِ السُّنَّةَ اَنْ یَّتَعَلَّمُوْهَا وَیَسْئَلُوْا عَنْهَا وَالْقُرْاٰنُ اَنْ یَّتَفَهَّمُوْهُ وَ

*માટે પસંદ કરું છું એ સુન્નત છે કે લોકો શીખે અને એના બારામાં લોકો સવાલ કરે.*

یَسْئَلُوْا عَنْهُ وَیَدَعُوا النَّاسَ اِلَّا مِنْ خَیْرٍ

*અને કુર્આન જેથી લોકો તેને સમજે અને એના બારામાં પૂછે, અને લોકોને છોડી આપે પણ ભલાઈ સાથે."*

**તઅલીક઼ : ૮૬૭ની સમજૂતી**

આ ઈબ્ને ઔન અબ્દુલ્લાહ બસરી છે. સિગાર તાબઈનોમાંથી છે છેવટમાં જે કહ્યું, ویدعوا الناس الامن خیر

એનો મતલબ એ છે કે એ પોતાના જમાના તથા પોતાના લેહાઝથી કહ્યું, નહીં તો શક્તિ હોવાની સ્થિતિમાં અમ્ર બિલ મઅરૂફ (સારી વાતોનો હુકમ આપવો) અને નહી અનિલ મુન્કર (બુરી વાતોથી રોકવું) ફર્ઝ છે.

**★ જ્યાં સુધી હું તમને છોડેલો રહું મને સવાલ ન કરો ★**

حدیث ٢٩٢٥ عَنِ الْاَعْرَجِ عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِىِّ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી علیہ الصلوٰۃ والسلام થી રિવાયત કરે છે કે ફર્માવ્યું,* **[હદીષ : ૨૯૨૫]**

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ دَعُوْنِىْ مَا تَرَكْتُكُمْ اِنَّمَا اَهْلَكَ مَنْ كَانَ

*જ્યાં સુધી હું તમને છોડેલો રહું મને સવાલ ન કરો. તમારાથી આગલાઓને તેમના સવાલો તથા નબીઓ પર*

قَبْلَكُمْ سُوَالُهُمْ وَاخْتِلَافُهُمْ عَلٰى اَنْبِيَائِهِمْ فَاِذَا نَهَيْتُكُمْ عَنْ شَيْءٍ

*મતભેદ કરવાને જ હલાક કરી આપ્યા. જ્યારે હું તમને કોઈ ચીજથી મના કરું તો એનાથી બચો*

فَاجْتَنِبُوْهُ وَاِذَا اَمَرْتُكُمْ بِاَمْرٍ فَاْتُوْا مِنْهُ مَا اسْتَطَعْتُمْ

*અને જ્યારે કોઈ ચીજનો હુકમ કરું તો શક્તિ અનુસાર એને કરો."*

**હદીષ : ૨૯૨૫ની સમજૂતી**

એટલે કે જે કાંઈ તમે કરતા આવ્યા છો તેને કરતા રહો, જ્યાં સુધી હું કોઈ ચીજથી મના ન કરું એને ન છોડો, અને મને પૂછો નહીં. જે ચીજો મના છે એને હું વર્ણન દઈશ. અને મારા હુકમો પર પાબંદી શક્તિ અનુસાર તમારા પર લાઝિમ તથા જરૂરી છે.

بَابُ مَا يُكْرَهُ مِنْ كَثْرَةِ السُّوَالِ وَتَكَلُّفِ مَا لَا يَعْنِيْهِ وَقَوْلِهٖ لَا تَسْئَلُوْا عَنْ اَشْيَاءَ اِنْ تُبْدَ لَكُمْ تَسُؤْكُمْ

ص ١٠٨٢

**પ્રકરણ : "ખૂબ જ અધિક સવાલ કરવા અને નિરર્થક વાતોમાં પડવું નાપસંદીદા છે. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : ઘણી વાતોના બારામાં સવાલ ન કરો જો એનો હુકમ તમારા માટે જાહેર કરી દેવામાં આવે તો તમને અણગમો થશે."**

**★ મુસલમાનોમાં સૌથી મોટો મુજરિમ ★**

حدیث ٢٩٢٦ عَنْ عَامِرِ بْنِ سَعْدِ بْنِ اَبِىْ وَقَّاصٍ عَنْ اَبِيْهِ اَنَّ النَّبِىَّ

*"હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૯૨૬]**

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِنَّ اَعْظَمَ الْمُسْلِمِيْنَ جُرْمًا مَنْ سَئَلَ عَنْ

*મુસલમાનોમાં સૌથી મોટો મુજરિમ તે છે જેણે કોઈ એવી ચીજ વિશે પૂછયું જે હરામ ન હતી અને તેના*

**હદીષ : ૨૯૨૯ની સમજૂતી** એટલે કે મૂળભૂત રીતે ચીજોમાં (અબાહત) મુબાહ હોવું છે. એટલા માટે જ્યાં સુધી કોઈ ચીજથી મના ન કર્યુ હતું ત્યાં સુધી તે જાઈઝ હતી. હવે કોઈએ પૂછયું અને એનો હુકમ વર્ણવી દેવામાં આવ્યો કે આ હરામ છે, જેના કારણે લોકો તકલીફમાં પડી ગયા. એટલે રિસાલતકાળમાં મુનાસિબ એ જ હતું કે કોઈ ચીજના બારામાં લોકો પૂછતા નહીં, જ્યાં સુધી મનાઈ ન હોય એના પર અમલ કરતા રહેતા. પરંતું આજે જ્યારે કે દીન સંપૂર્ણ થઈ ચૂક્યો છે, હરામ હલાલ નિશ્ચિત થઈ ચૂક્યાં, તો દરેક મુસલમાન પર લાઝિમ છે કે તે પૂછી પૂછીને ફર્ઝો તથા વાજિબોને જાણે જેથી એના પર અમલ કરી શકે અને હરામ તથા નાજાઈઝ વાતોને માલૂમ કરીને બચી શકે. એટલા માટે ઉલમાએ ફર્માવ્યું કે જરૂરિયાતે દીન તથા ફર્ઝોનું શીખવું ફર્ઝ છે, અને વાજિબોનું શીખવું વાજિબ, અને સુન્નતોનું શીખવું સુન્નત તથા મુસ્તહબોનું શીખવું મુસ્તહબ છે. એથી ઉલ્ટુ કતઈ હરામનું જાણવું ફર્ઝ છે અને મકરૂહે તહરીમીનું શીખવું વાજિબ છે શીખવા માટે જો કે પૂછવું જરૂરી છે.

અલ્બત્ત એવી વાતોના બારામાં સવાલ કરવો મના છે જેનો ન હુકમ કરેલ હોય અને ન મનાઈ કરવામાં આવેલ હોય, ન એના પર અમલ કરવો ન એના પર એતેક઼ાદ રાખવો જરૂરી હોય. દા.ત. હઝરત આદમ علیہ السلام એ જન્નતમાં સૌ પ્રથમ કઈ ચીજ ખાધી અથવા કયો લિબાસ પહેર્યો, કેવુ ઘર બનાવ્યું વગેરે. અથવા એવી વાતોનું પૂછવું જેનું અસ્તિત્વ પામવું મુશ્કેલ હોય, વગેરે.

### ★ મૂળ ચીજમાં અબાહત (મુબાહ હોવું) ★

આ હદીષથી સાબિત થયું કે મૂળ ચીજમાં અબાહત (મુબાહ હોવું) છે એટલે કે અલ્લાહ તથા તેના રસૂલે જે ચીજોથી મના નથી ફર્માવ્યું તે જાઈઝ છે. જેમ કે ફર્માવ્યું :

مَا اَحَلَّ اللّٰہُ فِیْ کِتَابِہٖ فَھُوَ حَلَالٌ وَّمَا حَرَّمَ فَھُوَ حَرَامٌ وَّمَا سَکَتَ عَنْہُ فَھُوَ عَفْوٌ فَاقْبَلُوْا مِنَ اللّٰہِ عَافِیَتَہٗ فَاِنَّ اللّٰہَ لَمْ یَکُنْ یَنْسٰی شَیْئًا ثُمَّ تَلَا ھٰذِہِ الْاٰیَۃَ ــــــ وَمَا کَانَ رَبُّکَ نَسِیًّا

''અલ્લાહે પોતાની કિતાબમાં જેને હલાલ ફર્માવ્યું તે હલાલ છે અને જેને હરામ ફર્માવ્યું તે હરામ છે, અને જેનાથી સુકૂત (મૌન) ફર્માવ્યું તે માફ છે. અલ્લાહની તરફથી એની માફીને ક઼બૂલ કરો, એટલા માટે કે અલ્લાહ ભૂલ્યો નથી. જેમ કે તેણે ખુદ ફર્માવ્યું છે : અને તારો રબ ભૂલનારો નથી. દારકુત્નીએ હઝરત ષઅલ્બા رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,

اِنَّ اللّٰہَ فَرَضَ فَرَائِضَ فَلَا تُضَیِّعُوْھَا وَحَدَّ حُدُوْدًا فَلَا تَعْتَدُوْھَا وَسَکَتَ عَنْ اَشْیَاءَ رَحْمَۃً لَّکُمْ غَیْرَ نِسْیَانٍ فَلَا تَبْحَثُوْا عَنْھَا ''બેશક ! અલ્લાહ તઆલાએ કેટલીક ચીજો ફર્ઝ ફર્માવી છે તો તેને વેડફો નહીં, અને અમુક હદ નિશ્ચિત કરી છે જેનાથી મૌન ફર્માવ્યું, જેથી એના માટે બહષ ન કરો.'' એના સમાનઅર્થી મુસ્લિમ, અબૂ દાઊદ, તર્મિઝી વગેરેમાં પણ હદીષો છે જેનાથી એ સાબિત થાય છે કે મૂળ ચીજમાં અબાહત (મુબાહપણુ) છે. જે ચીજોથી અલ્લાહ ﷻ તથા રસૂલુલ્લાહ ﷺ એ મના નથી કર્યુ તે જાઈઝ છે. એટલા માટે જો કોઈ કોઈ કામથી મના કરે તો દલીલ આપવું તેના માથે છે અને જે કામ એ કરી રહ્યો છે તે અસલથી દલીલ પકડનાર છે એના માટે એ જ દલીલ પૂરતી છે કે મના નથી કરવામાં આવ્યું.

૨૯૨૭ حدیث
عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ کُنَّا عِنْدَ عُمَرَ فَقَالَ

*''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે કહ્યું કે અમે હઝરત ઉમર رضی اللہ عنہ ની* **[હદીષ : ૨૯૨૭]**

نُهِيْنَا عَنِ التَّكَلُّفِ

*પાસે હતા તો તેમણે કહ્યું કે આપણને તકલ્લુફથી (તકલીફ કરવાથી) મના કરવામાં આવેલ છે.''*

## હદીષ : ૨૯૨૭ની સમજૂતી

ઈમામ બુખારીએ આ હદીષને ટૂંકાણમાં વર્ણવેલ છે. હુમૈદીએ ષાબિતના તરીકાથી વિસ્તારપૂર્વક આ પ્રમાણે વર્ણન કરી છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ આ આયત તિલાવત કરી : وَفَاكِهَةً وَّاَبًّا તો ફર્માવ્યું કે اَبًا શું છે ? પછી ફર્માવ્યું, અમે એના પાબંદ નથી. અબૂ નુઐમે મુસ્તખરજમાં ઈમામ બુખારીના શયખ સુલૈમાન બિન હર્બથી આ પ્રમાણે રિવાયત કરી : હઝરત અનસ કહે છે કે અમે હઝરત ઉમર رضی اللہ عنہ ની પાસે હતા અને એવો કુર્તો પહેરેલ હતા જેની પીઠમાં ચાર થીંગડાં હતાં. તેમણે તિલાવત કરી : وَفَاكِهَةً وَّاَبًّا અને ફર્માવ્યું : فاکہ ને અમે જાણીએ છીએ, اَبّ શું છે ? પછી ફર્માવ્યું, જવા દો આપણને તકલ્લુફથી (તકલીફ કરવાથી) મના કરવામાં આવેલ છે. કેમ કે اَبّ ન એનો હુકમ છે ન એના પર એતેકાદ રાખવો જરૂરી છે, જેથી આપણને એની જરૂરત નથી, એટલા માટે એનો અર્થ માલૂમ કરવા પાછળ ન પડવું. આમ તો اَبًّا નો અર્થ નરમ તથા ઉમદા ઘાસ અને જાનવરોને ચરાવવું છે.

૨૯૨૮ حدیث
عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَبْدِ الرَّحْمٰنِ قَالَ سَمِعْتُ اَنَسَ بْنَ مَالِكٍ

*'હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ કહેતા હતા કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,* **[હદીષ : ૨૯૨૮]**

رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ یَقُوْلُ قَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ لَنْ یَّبْرَحَ النَّاسُ

*લોકો સવાલ કરતા રહેશે, દરેક ચીજને અલ્લાહ તઆલાએ પેદા કરી*

یَتَسَاءَلُوْنَ هٰذَا اللّٰهُ خَلَقَ كُلَّ شَیْءٍ فَمَنْ خَلَقَ اللّٰهَ

*તો અલ્લાહને કોણે પેદા કર્યો ?''*

## હદીષ : ૨૯૨૮ની સમજૂતી

### ★ અલ્લાહને કોણે પેદા કર્યો ? એ સવાલનો જવાબ ★

આ વિષયને વિવિધ હદીષોમાં વિવિધ તરીકાઓથી હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم એ વર્ણવેલ છે. આ ઘણી જ ખતરનાક શંકા છે ! જ્યારે કે થોડીક વિચારણા કર્યા બાદ એમાં કાંઈ વજન નથી. દુનિયાના જેટલા ધર્મો છે અને જેટલી માન્યતાઓ છે સૌ એના પર એકમત છે કે મૌજૂદાત (સૃષ્ટિ)નો ક્રમ એવી ચીજ પર જઈને અટકી જાય છે કે જેની શરૂઆત નથી, નહીં તો (તસલસુલે મુસ્તહીલ) સતત ચાલતુ રહેવુ જે અશક્ય છે તે લાઝિમ ઠરશે.

દા.ત. ફિલોસોફરનો એક ગિરોહ કહે છે કે રૂહ તથા માદ્દો કદીમ છે, અને દરેક ચીજ રૂહ તથા માદ્દા (તત્વ)થી બનેલી છે. તેમના પર પણ સવાલ ઉભો થશે કે તો પછી રૂહ તથા માદ્દો કઈ ચીજથી બન્યો ?!

અથવા આજકાલના વિજ્ઞાનના જ્ઞાનવાળા લોકો કહે છે કે વર્તમાન પૃથ્વી અસલમાં સૂરજનો એક ટુકડો હતી જે સૂરજથી તૂટીને સમુદ્રમાં પડી અને બુઝાઈ અને પછી એક જમાનો ગુજર્યા બાદ એના પર વનસ્પતિ પેદા થઈ પછી જાનવરો પેદા થયાં અને જાનવરો જ પ્રગતિ કરીને માનવ બની ગયાં. હવે એમના પર પણ એ સવાલ થશે કે તો પછી સૂરજ ક્યાંથી બન્યો ? પાણી ક્યાંથી બન્યુ ?

સારાંશ કે બૈધ્ધિક રીતે મૌજૂદાતનો ક્રમ ક્યાંય અટકતો માનવો પડશે, નહીં તો સતત ક્રમ લાઝિમ આવશે. એનુ દષ્ટાંત અંકો (સંખ્યા) છે. સંખ્યા (આંકડાઓ)નો ક્રમ અસીમ لَا تَقِفُ عِندَ حَدٍ ના અર્થમાં છે, પરંતુ એનો ક્રમ એક પર ખત્મ થઈ જાય છે. સર્વ અંકો (આંકડા) એકથી બનેલા છે હવે સવાલ થઈ શકે છે કે એક કેવી રીતે એટલે કોના વડે બન્યો ? ઈમામુલ અઈમ્મા ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہના યુગમાં એક નાસ્તિકે આ જ પ્રશ્નને ઉઠાવ્યો હતો કે સૌ ચીજોને અલ્લાહ તઆલાએ પેદા કરી તો અલ્લાહને કોણે પેદા કર્યો ? સૌ પ્રથમ અલ્લાહ, અલ્લાહથી પહેલાં શું છે ? સર્વ ઉલમા એના જવાબથી લાચાર રહ્યા અને સૈયદના ઈમામે આ'ઝમ અબૂ હનીફાએ આંકડા (સંખ્યા)ઓનો જ હવાલો અને દષ્ટાંત આપીને તેને લાજવાબ કર્યો કે સર્વ આંકડા એકથી બન્યા છે તો એક કોનાથી બન્યો ? એકથી પહેલા શું છે ?

بَابُ مَا يُذْكَرُ مِنْ ذَمِّ الرَّاىِ وَ تَكَلُّفِ الْقِيَاسِ وَقَوْلِ اللّٰهِ وَلَا تَقْفُ مَا لَيْسَ لَكَ بِهٖ عِلْمٌ

ص ١٠٨٦

**પ્રકરણ : "રાયની તથા બેતકલ્લુફ (બેધડક) કયાસની બુરાઈના બારામાં જે કાંઈ વર્ણન કરવામાં આવે છે. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : એ વાતની પાછળ ન પડ જેનો તને ઈલ્મ નથી."** *(૧૦૪૬)*

**સમજૂતી** : ઈમામ રાગિબે ફર્માવ્યું : اَلْاِقْتِفَاءُ ! اِتَّبَاعُ الْقَفَا كَمَا اَنَّ الْاِرْتِدَافُ اِتَّبَاعَ الرَّدْفِ الْاِقْتِفَاءُ નો અર્થ બોચીની પાછળ રહેવું કર્યો છે, જેમ કે ઈર્તિદાફનો અર્થ બેઠક (થાપા)ની પાછળ હોવું છે. આયતે કરીમાનો અર્થ એ છે કે જેનો તને કતઈ (તદ્દન) ઈલ્મ નથી એના બારામાં ગુમાન કે ધારણાથી કોઈ હુકમ ન લગાડ.

પ્રકરણનો સાર એ છે કે જે કયાસ કરવાને પાત્ર નથી તેણે કયાસ કરવો જાઈઝ નથી. અને જે વાતો મન્સૂસ (શરઈ દલીલોથી સિધ્ધ થયેલ) છે એમાં પણ કયાસ કરવાની ઈજાઝત નથી.

### ★ અલ્લાહ ઈલ્મ કેવી રીતે ઉઠાવી લેશે ?! ★

حديث ٢٩٢٩ عَنْ عُرْوَةَ قَالَ حَجَّ عَلَيْنَا عَبْدُ اللّٰهِ بْنُ عَمْرٍو فَسَمِعْتُهٗ يَقُوْلُ

*"ઉરવાથી રિવાયત છે કે અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ એ અમારી સાથે હજ કરી* **[હદીષ : ૨૯૨૯]**

سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ اِنَّ اللّٰهَ لَا يَنْزِعُ الْعِلْمَ بَعْدَ

*તો મેં તેમને એ કહેતાં સાંભળ્યા કે મેં નબી ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે અલ્લાહ તઆલા તમને ઈલ્મ*

أَنْ أَعْطَاكُمُوهُ اِنْتِزَاعًا وَلٰكِنْ يَنْتَزِعُهُ مِنْهُمْ مَعَ قَبْضِ الْعُلَمَاءِ بِعِلْمِهِمْ وَ

આપ્યા બાદ તમારાથી છીનવી લેશે નહીં. પરંતુ એ રીતે ઉઠાવી લેશે એટલે કે એ રીતે છીનવી લેશે કે ઉલમાને

يَبْقَىٰ نَاسٌ جُهَّالٌ يُسْتَفْتَوْنَ فَيُفْتُونَ بِرَأْيِهِمْ فَيَضِلُّونَ وَيُضِلُّونَ فَحَدَّثْتُ عَائِشَةَ

ઈલ્મની સાથે ઉઠાવી લેશે તો જાહિલ લોકો રહી જશે. તેમને ફત્વા પૂછવામાં આવશે, તેઓ પોતાની રાયથી

زَوْجَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ إِنَّ عَبْدَ اللّٰهِ بْنَ عَمْرٍو حَجَّ بَعْدُ

ફત્વા આપશે, ખુદ ગુમરાહ થશે અને અન્ય લોકોને ગુમરાહ કરશે. મેં આ હદીષ નબી ﷺની પત્ની

فَقَالَتْ يَا ابْنَ أُخْتِي انْطَلِقْ إِلَىٰ عَبْدِ اللّٰهِ فَاسْتَثْبِتْ لِي مِنْهُ الَّذِي حَدَّثَنِي

હઝરત આઈશાથી વર્ણન કરી. ત્યારબાદ અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રએ હજ કરી તો ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું,

عَنْهُ فَجِئْتُهُ فَسَأَلْتُهُ فَحَدَّثَنِي بِهِ كَنَحْوِ مَا حَدَّثَنِي فَأَتَيْتُ عَائِشَةَ فَأَخْبَرْتُهَا

હે ભાણીયા ! અબ્દુલ્લાહની પાસે જાવ અને તેમનાથી રિવાયત કરતાં જે હદીષ તમે મને વર્ણવી હતી એને

فَعَجِبَتْ فَقَالَتْ وَاللّٰهِ لَقَدْ حَفِظَ عَبْدُ اللّٰهِ بْنُ عَمْرٍو۔

ફરીથી તેમને પૂછો. હું તેમની પાસે હાજર થયો અને તેમને આ હદીષ પૂછી તો તેમણે જે પ્રમાણે પહેલાં વર્ણવી હતી એ જ પ્રમાણે વર્ણવી. ત્યાર બાદ આઈશાની ખિદમતમાં હાજર થયો અને તેમને બતાવ્યું તો તેમને આશ્ચર્ય થયું અને ફર્માવ્યું, બખુદા ! અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રએ સારી રીતે યાદ રાખ્યું.''

## હદીષ : ૨૯૨૯ની સમજૂતી

### ★ જૂઠુ બોલનારને યાદશક્તિ નથી હોતી ★

મૂળ હદીષ કિતાબુલ ઈલ્મ પ્રકરણ ''કૈફ યુકબદુલ ઈલ્મ''માં વર્ણન થઈ ચૂકી છે. ત્યાં જ એના પર વિગતવાર ચર્ચા થઈ ચૂકી છે. અહીં જે વિગત વર્ણન થયેલ છે એનાથી એ વાતનું સમર્થન થાય છે કે સહાબાએ કિરામ હદીષોને સંપૂર્ણપણે યાદ રાખતા હતા. હઝરત ઉમ્મલ મો'મિનીન رضی اللہ عنہاએ એ જ જાહેર કરવાના માટે ઉરવાને બાદમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રની પાસે મોકલ્યા જેથી સંતોષ થઈ જાય કે તેમણે જે કાંઈ વર્ણન કર્યું છે સહીહ વર્ણવ્યું છે. માણસ જ્યારે પોતાના દિમાગથી ઘડીને કોઈ વાત કહે છે તો કેટલાક દિવસો બાદ જો તેને વર્ણવશે તેમાં ફેરફાર થઈ જશે. એના કારણે એ મશહૂર છે કે ''જૂઠ બોલવારને યાદ શક્તિ નથી હોતી'' (દરોગ ગોરા હાફિઝા ન બાશદ). અને જે વાત સારી રીતે યાદ રહેશે તેને જ્યારે વર્ણન કરશે તો એ જ પ્રમાણે વર્ણન કરશે જેવું એને યાદ છે.

બીજો ફાયદો એ છે કે ઈમામ બુખારી رضی اللہ عنہએ રાય તથા કયાસના તકલ્લુફની જે બુરાઈ વર્ણવી છે એની સ્પષ્ટતા આ હદીષથી થઈ જાય છે કે બુરી એ લોકોની રાય તથા કયાસ છે જેઓ કયાસ કરવાને પાત્ર ન હોય.

ક઼યાસ કરવાની ઈજાઝત કોને છે એ કોઈ બહુ જ મુશ્કેલ કે અઘરો મસ્અલો નથી. ઉલમાએ ઉસૂલે ફ઼િક઼્હની કિતાબોમાં એને ખૂબ જ વિગતવાર વર્ણન કરેલ છે. જેનો સાર એ છે કે ક઼યાસ કરવો કેવળ મુજતહિદનું કામ છે. અને મુજતહિદની શું શરતો છે એને પણ વિગતે વર્ણવી આપેલ છે, જેને મુજદ્દિદ આ'ઝમ આ'લા હઝરત قدس سرہએ ''અજલ્લલ્ અઅ્લામ બિઅન્નલ ફતવા મુત્લક઼ન અલા ક઼ૌલિલ ઈમામ'' તથા રિસાલો મુબારક ''અલ ફઝલુલ્ મવહબી ઈઝાસહહલ હદીષુ ફ઼હુવ મઝહબી''માં વર્ણવી આપેલ છે.

## ★ હુઝૂર ﷺ રાય તથા ક઼યાસથી કાંઈ ન કહેતા ★

باب ما كان النبي صلى الله تعالى عليه وسلم يسئل مما لم ينزل عليه الوحي فيقول لا ادري او لم يجب حتى ينزل عليه الوحي ولم يقل براي ولا بقياس لقوله بما اراك الله۔

١٠٨٧ ص

**પ્રકરણ : ''એ ચીજનું વર્ણન કે નબી** علیہ الصلوٰۃ والسلام**થી જો એવી વાત પૂછવામાં આવતી જેના બારામાં એમના પર વહી ન નાઝિલ થઈ હોય તો ફ઼ર્માવતા, ''હું નથી જાણતો'' અથવા જવાબ જ ન આપતા, ત્યાં સુધી કે આપના પર વહી નાઝિલ થઈ જતી. રાય તથા ક઼યાસથી કાંઈ ન કહેતા. અલ્લાહ તઆલાના આ ઈર્શાદના કારણે, ''જેથી આપ લોકોની વચ્ચે ફ઼ૈંસલા કરો, એના પ્રમાણે જે અલ્લાહે આપને શીખવ્યું છે.''** *(૧૦૮૭)*

## ★ આ વાતની બિના પર ઈમામ બુખારી પર તઅક઼ુબ ★

**સ્પષ્ટતા :** અલ્લામા કિર્માનીએ આ પ્રકરણના કારણે ઈમામ બુખારી પર સખત રદ કરેલ છે તથા અન્ય શરહકર્તાઓએ પણ. એ સહીહ છે કે અમુક જ થોડા બનાવોમાં એવું જરૂર ફ઼ર્માવ્યું છે કે હું નથી જાણતો, અને એકાદ સવાલના જવાબમાં મૌન સેવ્યું છે. જ્યારે વહી નાઝિલ થઈ તો જવાબ ઈર્શાદ ફ઼ર્માવ્યો. પરંતુ વિવિધ મોક઼ાઓ પર હુઝૂરે અક઼દસ ﷺ એ ઉમ્મતની તાલીમના માટે ક઼યાસ કરીને હુકમ ઈર્શાદ ફ઼ર્માવ્યો.

**૧.** કિતાબુલ હજ્જમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની આ હદીષ વર્ણન થઈ ચૂકી કે જુહૈનાની એક સ્ત્રી નબી ﷺની ખિદમતમાં હાજર થઈ અને તેણીએ અર્ઝ કરી, મારી માએ હજની મન્નત માની હતી પણ હજ જ કરી શકી અને મૃત્યુ પામી તો હું એના તરફથી હજ્જ કરું ? ફ઼ર્માવ્યું, એના તરફથી હજ્જ કર. બતાવ ! જો તારી મા પર કરજ હોત તો તું તેને અદા કરતી ?તો પછી અલ્લાહનું કરજ અદા કરવું વધારે પાત્રતા ધરાવે છે.

**૨.** બુખારીની કિતાબુત્તફસીરમાં સૂરએ ઝિલઝાલમાં આ હદીષ વર્ણન થઈ ચૂકી કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامથી ગધેડાઓના બારામાં સવાલ થયો. ફ઼ર્માવ્યું, એમના વિશે મારા પર કાંઈ નાઝિલ કરવામાં નથી આવ્યું. હા ! આ એક આયત સમૃધ્ધ નમૂનો છે કે ફ઼ર્માવ્યું, જે રજ માત્ર પણ નેકી કરશે તો એને જોશે, અને જે રજ માત્ર પણ બુરાઈ કરશે તેને જોશે.'' મતલબ એ થયો કે જે ગધેડાઓને સારી નિય્યતે પાળશે તે સવાબ પામશે, અને જે ફ઼ખ્ર તથા રિયાની નિય્યતે પાળશે તે એના માટે વબાલ થશે, જેવું કે ઘોડાઓમાં છે કે જે ઘોડાની સારી નિય્યતે પાળ શે તેને સવાબ છે અને જે ગર્વના રૂપે પાળશે તેના માટે વબાલે જાન છે.

**3.** બુખારીમાં જ બે પ્રકરણ પછી આ હદીષ છે કે એક ગામડાવાસી ખિદમતે અક઼દસમાં હાજર થયા અને અર્ઝ કરી કે મારી પત્નીને કાળો બાળક થયો છે જેથી મને શંકા છે. ફ઼ર્માવ્યું, તારી પાસે ઊંટ છે ? કહ્યું, હા !

ફર્માવ્યું, કયા રંગનાં છે ? તેણે કહ્યું, લાલ. ફર્માવ્યું, શું એમાં કોઈ માટીવાળા રંગનું છે ? તેણે અર્ઝ કરી કે હા છે. પૂછયું, લાલ ઊંટોમાં મટોડી રંગવાળુ ક્યાંથી આવ્યું ? અર્ઝ કરી, કોઈ રગ હશે કે છટકી ગઈ હશે. ફર્માવ્યું, તારા બાળકમાં પણ કોઈ રગ છટકી ગઈ હશે.

એ જ પ્રમાણે ઈમામ બુખારીનું આયતે કરીમા لِتَحْكُمَ بَيْنَهُمْ بِمَا اَرَاكَ اللّٰهُથી એ દલીલ કરવું છે કે હુઝૂરે અક્દસ ﷺએ ક્યાસ નથી ફર્માવ્યો, એ દુરુસ્ત નથી. એટલા માટે કે اَرَاكَ اللّٰهُનો અર્થ છે જે અલ્લાહે આપને શીખવ્યું, એ ક્યાસ માટે પણ આમ છે.

## ★ હુઝૂર ﷺના ઈર્શાદ ક્યાસ નથી ★

اقولُ هوا لمتعان હું કહું છું : તેહકીક એ છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના એ ઈર્શાદો જે ક્યાસના સ્વરૂપમાં છે એ હકીકતમાં ક્યાસ નથી. હુઝૂર ﷺનો દરેક આદેશ શરીઅતમાં દલીલ છે. હા ! અમુક ઈર્શાદો ઉમ્મતની તા'લીમના માટે ક્યાસના રૂપે છે કે જેવી રીતે ક્યાસમાં એક જુઝઈનો હુકમ સરખી ઈલ્લત (સબબ)ના કારણે બીજી જુઝઈના માટે સાબિત કરવામાં આવે છે.

## ★ હુઝૂર ﷺથી ખતાએ ઈજતેહાદી નથી થતી ★

હુઝૂર ﷺએ પણ અમુક એહકામ એવી રીતે વર્ણન કર્યા જેમ કે વર્ણન કરવામાં આવ્યું. એટલા માટે અમુક ઉલમાએ જે બહષ ઉઠાવી છે કે હુઝૂર ﷺથી ખતાએ ઈજતેહાદી થઈ શકે છે કે નહીં ? એ મુદ્લે રદ બાતલ છે. અને ખતાએ ઈજતેહાદીની સાબિતીમાં જે દષ્ટાંતો રજૂ કરવામાં આવે છે તે હકીકતમાં નસ્ખ છે કે હુઝૂર ﷺએ કોઈ બારામાં કોઈ હુકમ ફર્માવ્યો. પછી કુર્આન મજીદમાં અથવા ઈલ્હામ થકી બાદમાં એની વિરુદ્ધ કોઈ હુકમ આવ્યો, એ હકીકત પહેલાના નસ્ખનો હુકમ છે. જેમ કે બદરના કેદીઓના ફિદિયાના બારામાં છે કે એમની પાસેથી ફિદિયો લેવામાં આવ્યો. ખુદ હુઝૂર ﷺએ એ રાયનું સમર્થન કર્યું. પછી બાદમાં એની મનાઈ ઉતરી. આ બીજા હુકમનું પહેલા હુકમને મન્સૂખ કરવું છે. وَ اللّٰهُ تَعَالٰی اَعلم بِالصَّوَاب

## ★ ઈમામ બુખારી પર તઅકુબ ★

આશ્ચર્ય છે ઈમામ બુખારી رحمۃ اللہ علیہ પર કે અહીં તો સાફ સ્પષ્ટ ઈન્કાર કર્યો કે હુઝૂરે અક્દસ علیہ الصلوٰۃ والسلامએ રાય તથા ક્યાસ વડે કોઈ હુકમ નથી આપ્યો. અને ત્રણ પ્રકરણો પછી ખુદ આ પ્રકરણ રચ્યું : من شبۃ اصلاً مّعلومًا باصلٍ مبین قد بین اللّٰہ حکمھا لیفھم السَّائِل જેણે એક માલૂમને એક અસ્લે મુબૈયનની સાથે સરખામણી કરી જેને અલ્લાહે વર્ણન કર્યું, જેથી સવાલ કરનાર સમજી લે. હવે દરેક ન્યાયપ્રિય બતાવે છે કે આ ક્યાસ નથી તો બીજું શું છે ?!

### ★ હાકિમ જ્યારે ઈજતેહાદ કરે તો એનો સવાબ ★

**પ્રકરણ : "હાકિમ જ્યારે ઈજતેહાદ કરે તો એનો સવાબ મળશે, ઈજતેહાદ દુરુસ્ત હોય કે ખતા."** *–(૧૦૯૨)*

بَابُ اَجْرِ الْحَاكِمِ اِذَا اجْتَهَدَ فَاَصَابَ اَوْ اَخْطَأَ ص ۱۰۹۲

حدیث ۲۹۳۰ عَنْ عَمْرِو بْنِ الْعَاصِ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّهٗ سَمِعَ

**[હદીષ : ૨૯૩૦]** *"હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام ને*

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ اِذَا حَكَمَ الْحَاكِمُ فَاجْتَهَدَ

*એવું ફર્માવતાં સાંભળ્યા, જ્યારે હાકિમ કોઈ ફેંસલો કરવા ચાહે અને ઈજતેહાદ કરે અને તે સહીહ હોય તેના*

فَاَصَابَ فَلَهٗ اَجْرَانِ وَاِذَا حَكَمَ فَاجْتَهَدَ ثُمَّ اَخْطَأَ فَلَهٗ اَجْرٌ

*માટે બે અજ્ર (નેકી) છે, અને જ્યારે ફેંસલો કરવા ચાહે અને ઈજતેહાદ કરે પછી તેનાથી*

*ખતા થાય તો તેના માટે એક અજ્ર છે."*

**હદીષ : ૨૯૩૦ની સમજૂતી** આનાથી મુરાદ તે હાકિમ છે જે મુતજહિદ હોય અથવા મુજતહિદોને પૂછીને ફેંસલો કરતો હોય, એ મુસીબ (જેનો ઈજતેહાદ સાચો હોય)ના માટે બે અજ્ર મળવું જાહેર છે. પણ ખતાકારને જાહેર રીતે જોતાં અજ્ર ન મળવો જોઈએ. ખતા પર અજ્ર કેવો ? છતાં પણ તેને એક અજ્ર એના લીધે મળે છે કે તેણે હક્ક માલૂમ કરવાની કોશિશ કરી.

### ★ નબી ﷺનું ઈન્કાર ન કરવું દલીલ છે ★

**પ્રકરણ : "જે શખ્સ નબી ﷺના ઈન્કાર ન કરવાને હુજ્જત (દલીલ) જાણતો હોય, અન્યના ઈન્કારને હુજ્જત ન જાણતો હોય."** *–(૧૦૯૩)*

بَابُ مَنْ رَاٰى تَرْكَ النَّكِيْرِ مِنَ النَّبِىِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ حُجَّةً لَا مِنْ غَيْرِ الرَّسُوْلِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ص ۱۰۹۳

**સ્પષ્ટતા :** એટલે કે રસૂલુલ્લાહ ﷺની સામે કોઈ વાત કહેવામાં આવી અથવા કાંઈક કરવામાં આવ્યું જેના પર રસૂલુલ્લાહ ﷺને જાણ થઈ. હુઝૂરે એનાથી મના ન ફર્માવ્યું બલ્કે મૌન અપનાવ્યું. આ મરફૂઅ હદીષના હુકમમાં છે, અને રસૂલુલ્લાહ ﷺ સિવાય કોઈનું પણ મૌન દલીલ નથી.

### ★ સહાબાએ કિરામ પણ એ જ રીતે દલીલ છે ★

બીજો ભાગ કોઈ રીતે સ્વીકારને પાત્ર નથી. સહાબાએ કિરામ ખાસ કરીને ખુલફાએ રાશિદીનની સામે કોઈ વાત કહેવામાં આવી અથવા કોઈ કામ કરવામાં આવ્યું, એના પર કોઈએ ઈન્કાર ન કર્યો તો એ પણ હુજ્જત (દલીલ) છે. આ ઈજમાએ સુકૂતી છે જ્યારે કે સહાબાએ કિરામની કુલ અથવા મોટા ભાગની જમાઅત સામે એવું બન્યું હોય.

حدیث ۲۹۳۱ عَنْ مُحَمَّدِ بْنِ الْمُنْكَدِرِ قَالَ رَاَيْتُ جَابِرَ بْنَ عَبْدِ اللّٰهِ

[હદીષ : ૨૯૩૧] "મુહમ્મદ બિન મુન્કદિરે કહ્યું, મેં જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ ને એ વાત પર

يَحْلِفُ بِاللّٰهِ اِنَّ ابْنَ الصَّائِدِ الدَّجَّالُ قُلْتُ تَحْلِفُ بِاللّٰهِ قَالَ اِنِّیْ

અલ્લાહની કસમ ખાતાં જોયા છે કે ઈબ્ને સૈયાદ (الصیاد) દજ્જાલ છે. મેં તેમને કહ્યું, આપ આ વાત પર

سَمِعْتُ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ يَحْلِفُ عَلٰی ذٰلِكَ عِنْدَ النَّبِیِّ صَلَّی

અલ્લાહની કસમ ખાવ છો ?! તેમણે કહ્યું, મેં હઝરત ઉમર ﷺ ને નબી ﷺ ની સામે આ વાત પર કસમ

عَلَيْهِ وَسَلَّمَ فَلَمْ يُنْكِرْهُ النَّبِیُّ صَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

ખાતાં સાંભળ્યા અને નબી ﷺ એ એના પર ઈન્કાર નથી કર્યો." (મુસ્લિમ–ફિતન, અબૂ દાઊદ–મલાહિમ)

## હદીષ : ૨૯૩૧ની સમજૂતી

### ★ ઈબ્ને સૈયાદ જ દજ્જાલ છે ★

આ હદીષથી જાહેર થાય છે કે ઈબ્ને સૈયાદ જ દજ્જાલ છે જે આખર જમાનામાં બહાર પડશે. પરંતુ એનાથી વિરુદ્ધ હદીષ વર્ણન થઈ ચૂકી છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام થી ઈજાઝત ચાહી કે હુ તેની ગરદન ઉડાડી દઉં ! તો ફર્માવ્યું, જો આ તે જ (એટલે દજ્જાલ) છે તો એના પર કાબૂ પામશો નહીં. અને જો એ નથી તો તેના કત્લમાં કોઈ ભલાઈ નથી. આ હદીષથી સાબિત થાય છે કે હુઝૂર ﷺ ને એ બારામાં શક હતો કે ઈબ્ને સૈયાદ જ દજ્જાલ છે.

એનો જવાબ એ છે કે બની શકે છે કે શરૂઆતમાં એનો કતઈ ઈલ્મ ન અતા કરવામાં આવ્યો હોય. અને બાદમાં કતઈ તૌર પર બતાવી દેવામાં આવ્યું હોય કે એ જ દજ્જાલ છે. બીજો જવાબ એ છે કે કદી કદી અમુક મસ્લેહતોના કારણે કતઈ યકીની વાતને પણ શકની સ્થિતિમાં વર્ણન કરવામાં આવેલ છે. જેમ કે ફર્માવવામાં આવ્યું : وَاِنْ كُنْتُمْ فِیْ رَيْبٍ مِّمَّا نَزَّلْنَا عَلٰی عَبْدِنَا فَاْتُوْا بِسُوْرَةٍ مِّنْ مِّثْلِهٖ : અહીં હુઝૂર ﷺ નો હેતુ ઈબ્ને સૈયાદને કત્લથી બચાવવાનો હતો.

**પ્રકરણ : "નબી ﷺ નો ઈર્શાદ : અહલે કિતાબને કાંઈ ન પૂછો."** –(૧૦૧૪)

بَابُ قَوْلِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ لَا تَسْئَلُوْا اَهْلَ الْكِتٰبِ عَنْ شَیْءٍ ص ۱۰۹۴

**સ્પષ્ટતા** : જાહેરી રીતે એવું જાણવા મળે છે કે لَا تَسْئَلُوْا اَهْلَ الْكِتَابِ عَنْ شَیْءٍ હુઝૂરે અકદસ ﷺ નો ઈર્શાદ છે. બઝ્ઝારે અબ્દુલ્લાહ ઈબ્ને ષાબિત અન્સારી રિવાયત કરી છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ તૌરાતથી એક સહીફો લખ્યો, એના પર રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અહલે કિતાબને કાંઈ ન પૂછો. પણ આ હદીષ ઝઈફ છે. એની સનદમાં જઅફર જઅફી છે જે ઝઈફ છે. એટલા માટે ઈમામ બુખારીએ આ હદીષને પોતાની સહીહમાં વર્ણન નથી કરી, પણ એની સમર્થક સહીહ હદીષો છે એટલા માટે એને પ્રકરણનું ટાઈટલ ઠરાવી દીધું.

وَقَالَ اَبُوا لِيَمَانِ اَخْبَرَنَا شُعَيْبٌ عَنِ الزُّهْرِيِّ قَالَ اَخْبَرَنِيْ حُمَيْدُ

*''હુમૈદ બિન અબ્દુર્રહમાને મને ખબર આપી કે તેમણે મુઆવિયહ رضی اللہ عنہ ને કુરૈશના એક ગિરોહની સાથે*

بْنُ عَبْدِ الرَّحْمٰنِ سَمِعَ مُعَاوِيَةَ يُحَدِّثُ رَهْطًا مِّنْ قُرَيْشٍ بِالْمَدِيْنَةِ

*મદીનામાં વાત કરતાં સાંભળ્યા. અને કઅબ અહબારને ઝિક્ર કર્યું તો કહ્યું, બેશક ! આ એ લોકોમાંથી સૌથી*

وَذَكَرَ كَعْبَ الْاَحْبَارِ فَقَالَ اِنْ كَانَ مِنْ اَصْدِقِ هٰؤُلَاءِ الْمُحَدِّثِيْنَ الَّذِيْنَ

*અધિક સાચો છે જેઓ પૂરાણી કિતાબોની વાતો કરે છે,*

يُحَدِّثُوْنَ عَنِ الْكِتٰبِ وَاِنْ كُنَّا مَعَ ذٰلِكَ لِنَبْلُوْا عَلَيْهِ الْكَذِبَ

*તેમ છતાં અમે એનું જૂઠ અજમાવ્યું છે.''*

### ★ બનાવો તથા ખબરોમાં જે આપણા મઝહબની વિરુદ્ધ ન હોય તેમાં કોઈ વાંધો નથી ★

**સમજૂતી** : યહૂદી તથા નસારા (ઈસાઈ)ઓને કાંઈ પૂછવામાં એ અંદેશો હતો કે એને સહીહ ન સમજી લે અને હકીકતમાં તે ઈસ્લામથી વિરુદ્ધ હોય. બીજુ કારણ એ છે કે એમાં શારેઅ علیہ السلام નું નીચાપણુ પણ છે કે ક્યાંક યહૂદી તથા નસારા એ ધોકોમાં ન પડી જાય કે અમે મુસલમાનો કરતાં અધિક ઈલ્મવાળા છીએ. આ વાતમાં તેહકીકી કૌલ એ છે કે અકીદાઓ તથા શરીઅતની વાતોમાં તેમની વાત ન સાંભળવામાં આવે, પણ બનાવો તથા ખબરોમાં જે આપણા મઝહબની વિરુદ્ધ ન હોય તેમાં તેમની વાતો વર્ણવવા તથા સાંભળવામાં કોઈ વાંધો નથી, જેવું કે બુખારીમાં જ કિતાબુલ અંબિયામાં હદીષ વર્ણન થઈ ચૂકી. ફર્માવ્યું : وحد ثوا عن بنی اسرائیل ولا حرج ''બની ઈસ્રાઈલની વાતો વર્ણવો કોઈ વાંધો નથી.'' *(કિતાબુલ અંબિયા, પેજ : ૪૯૧)*

### ★ થાનવીનો રદ મુફતીએ આ'ઝમ થકી ★

અહીંથી તે ફોગટના તેહકીકના દાવેદારની વાતનું વજન માલૂમ પડી ગયું કે મહાન મુહદ્દિષો પર ટીકા કરવા માટે લખી આપે છે કે એ વિશ્વસનીય નથી કે એ ઈસ્રાઈલિયાત વર્ણન કરતા હતા. જેવું કે મુહમ્મદ ઈબ્ને ઈસ્હાક જલીલુલ કદર તાબઈ પર મોલ્વી અશરફીઅલી થાનવીએ પોતાના અમુક લખાણોમાં એ જ જરહ (વાંધો) કરેલ છે. એનો ભરપુર રદ મુસ્નદે વકત હઝરત મુફતીએ આ'ઝમ મૌલાના મુસ્તફા રઝાખાન સાહબ رحمۃ اللہ علیہ એ પોતાની કિતાબ વકાયા અહલુસ્સુન્નહમાં કર્યો છે.

**પ્રકરણ :** "અલ્લાહ ﷻના આ ઈર્શાદનું બયાન : "અને એમનું કામ આપસમાં મશ્વરો કરવું છે." અને ફર્માવ્યું : "અને મામલાઓમાં એમની સાથે મશ્વરો કરો." અને મશ્વરો મજબૂત ઈરાદા અને હાલ જાહેર થતા પહેલાં છે, એટલા માટે કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, "પછી જ્યારે તમે ઈરાદો કરી લીધો તો અલ્લાહ પર ભરોસો કરો." અને જ્યારે રસૂલુલ્લાહ ﷺ કોઈ ઈરાદો ફર્માવી લે તો અલ્લાહ વ રસૂલ પર આગળ વધવાનો કોઈને હક્ક નથી. *–(૧૦૯૫)*

بَابُ قَوْلِ اللّٰهِ تَعَالٰى وَاَمْرُهُمْ شُوْرٰى بَيْنَهُمْ ۔ وَشَاوِرْهُمْ فِى الْاَمْرِ ۔ وَاِنَّ الْمُشَاوَرَةَ قَبْلَ الْعَزْمِ وَالتَّبَيُّنِ ۔ لِقَوْلِهٖ فَاِذَا عَزَمْتَ فَتَوَكَّلْ عَلَى اللّٰهِ ۔ فَاِذَا عَزَمَ الرَّسُوْلُ لَمْ يَكُنْ لِبَشَرٍ اَلتَّقَدُّمُ عَلَى اللّٰهِ وَرَسُوْلِهٖ

ص ۱۰۹۵

وَشَاوَرَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَصْحَابَهٗ يَوْمَ اُحُدٍ فِى الْمُقَامِ وَ

*"અને નબી ﷺએ ઓહદના દિવસે પોતાના સહાબાથી મદીનામાં રહીને સામનો કરવાની અથવા બહાર*

الْخُرُوْجِ فَرَاَوْا لَهُ الْخُرُوْجَ فَلَمَّا لَبِسَ لَاْمَتَهٗ وَعَزَمَ قَالُوْا اَقِمْ فَلَمْ يَمِلْ

*નીકળીને સામનો કરવાના બારામાં મશ્વરો કર્યો. લોકોએ બહાર નીકળીને સામનો કરવાની રાય આપી.*

اِلَيْهِمْ بَعْدَ الْعَزْمِ وَقَالَ لَا يَنْبَغِىْ لِنَبِيٍّ يَلْبَسُ لَاْمَتَهٗ فَيَضَعُهَا حَتّٰى يَحْكُمَ اللّٰهُ

*જ્યારે હુઝૂરે શસ્ત્રો સજ્જ કરી લીધાં અને નીકળવાનો ઈરાદો ફર્માવ્યો તો લોકોએ કહ્યું કે મદીનામાં રહીને*

*સામનો કરીએ, તો ઈરાદા બાદ હુઝૂરે એમના તરફ ધ્યાન ન કર્યું અને ફર્માવ્યું, નબીને લાયક નથી*

*કે હથિયાર પહેરીને ઉતારી કાઢે ત્યાં સુધી કે અલ્લાહ તઆલા હુકમ ફર્માવે."*

وَشَاوَرَ عَلِيًّا وَّاُسَامَةَ فِيْمَا رَمٰى بِهٖ اَهْلُ الْاِفْكِ عَائِشَةَ فَسَمِعَ

*"અને હુઝૂરે અક્દસ ﷺએ હઝરત અલી તથા હઝરત ઓસામાથી એ મશ્વરો ફર્માવ્યો. આ મામલામાં જે*

مِنْهُمَا حَتّٰى نَزَلَ الْقُرْاٰنُ فَجَلَدَ الرَّامِيْنَ وَلَمْ يَلْتَفِتْ اِلٰى تَنَازُعِهِمْ

*અહલે ઈફકે હઝરત આઈશા પર તોહમત લગાડી હતી. હુઝૂર ﷺએ એ બંનેવની વાતો સાંભળી ત્યાં સુધી કે*

وَلٰكِنْ حَكَمَ بِمَا اَمَرَهُ اللّٰهُ ۔

*કુર્આન નાઝિલ થયું અને બોહતાન બાંધવાવાળાઓને કોરડા માર્યા અને તેમના લડાઈ ઝઘડાનો ખયાલ ન કર્યો,*

*પરંતુ અલ્લાહે જે હુકમ આપ્યો હતો એના પ્રમાણે ફૈસલો કર્યો."*

وَكَانَتِ الْأَئِمَّةُ بَعْدَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَسْتَشِيرُونَ الْأُمَنَاءَ

*'અને નબી علیہ الصلوٰۃ والسلام બાદ અહલે ઈલ્મ, ઈમામોમાં જેઓ અમીન હોતા તેમની સાથે મુબાહ બાબતોમાં*

مِنْ أَهْلِ الْعِلْمِ فِي الْأُمُورِ الْمُبَاحَةِ لِيَأْخُذُوا بِأَسْهَلِهَا فَإِذَا وَضَحَ الْكِتَابُ

*મશ્વરો કરતા જેથી એમાં સૌથી અધિક જે આસાન હોય એને અપનાવે. જ્યારે કિતાબુલ્લાહ તથા સુન્નત*

أَوِ السُّنَّةُ لَمْ يَتَعَدَّوْهُ إِلٰى غَيْرِهِ اقْتِدَاءً بِالنَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*સ્પષ્ટ થઈ જતી તો એના ગૈરની તરફ ન વધતા, નબી صلی اللہ علیہ وسلم ની પયરવીમાં.''*

**સ્પષ્ટતા** : એના પર સૌની એકમતિ છે કે જે વાતો મન્સૂસ ન હોય (નસથી, કુર્આને હદીષથી ન હોય) એમાં ઈલ્મવાળા આપસમાં મશ્વરો કરીને કોઈ ફેંસલો કરે.

સૈયદના ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہનો એના પર અમલ હતો કે તે ગૈર મન્સૂસ મસાઈલમાં પોતાના શાગિર્દો સાથે બહષો મુબાહેષા કરીને ફેંસલો કરી લીધા કરતા હતા. હઝરત ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે ખલ્કે કુર્આન (કુર્આનને મખ્લૂક કહેવા)ના મસ્અલામાં હઝરત ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہથી મારો છ મહિના સુધી મુકાલમો રહ્યો, પરંતુ તેમ છતાં જો કોઈ ખરેખર મુજતહિદ છે તો તે પોતાની ખુદની તેહકીક વડે ફેંસલો કરે તો પણ હક્ક છે, જેમ કે ઓસામાની રવાનગી અને ઝકાતના મુન્કિરો સાથે લડાઈના બારામાં સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہએ એકલાએ ફેંસલો કર્યો જેને તમામ સહાબાએ કિરામે સ્વીકાર્યો અને એના પર અમલ કર્યો.

આશ્ચર્ય છે હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہ પર કે તેમણે પ્રકરણ રચ્યું છે કે મશ્વરાનું અને એના હેઠળમાં ઝકાતના મુન્કિરોવાળો બનાવ વર્ણવ્યો, જ્યારે કે આ કિસ્સામાં કોઈ મશ્વરો નથી થયો. સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہએ પોતાની અંગત રાયના પ્રમાણે હુકમ આપ્યો, જેના પર હઝરત ઉમર رضی اللہ عنہ વગેરેએ મતભેદ પણ કર્યો, પણ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ એના પ્રતિ ધ્યાન ન ધર્યું, તેમની શંકાઓને રદ કરી અને પોતાના હુકમને હદીષથી સાબિત કર્યો.

ફર્માવ્યું કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યું છે :–

أُمِرْتُ أَنْ أُقَاتِلَ النَّاسَ حَتّٰى يَقُولُوا لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَمَنْ قَالَ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ عَصَمَ مِنِّي مَالَهُ وَنَفْسَهُ إِلَّا بِحَقِّهِ وَحِسَابُهُمْ عَلَى اللّٰهِ

''મને હુકમ આપવામાં આવ્યો છે કે હું લોકો સાથે લડુ ત્યાં સુધી કે લાઈલાહ ઈલ્લલ્લાહ કહે. જેણે લાઈલાહ ઈલ્લલ્લાહ કહી દીધું તેણે અમારી તરફથી પોતાના માલ તથા જાનને સુરક્ષિત કરી લીધો પણ ઈસ્લામના હક્ક પર, એનો હિસાબ અલ્લાહ પર છે.''

આ હદીષની રોશનીમાં હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ ફર્માવ્યું, જે નમાઝ અને ઝકાતની વચ્ચે ફરક કરે એની સાથે હું જરૂર જરૂર જંગ લડીશ ! એટલા માટે કે ઝકાત માલનો હક્ક છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના જમાનામાં જો કોઈ જાનવર બાંધવાની રસ્સી આપતો હતો અને હવે નહીં આપે હું તેની સાથે જરૂર જરૂર જંગ લડીશ. તેમજ આ હદીષ પણ દલીલ પુરવાર કરી કે હુઝૂર અક્દસ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું,

"જે પોતાનો દીન બદલે તને કત્લ કરી નાખો."   مَن بدل دينه فاقتلوه

ઝકાતના મુન્કિરોએ ઝકાતની ફર્ઝિયતથી ઈન્કાર કરીને પોતાનો દીન બદલી નાખ્યો અને મુર્તદ થઈ ગયા એટલા માટે એમની સાથે લડાઈ વાજિબ છે.

وَكَانَ الْقُرَّاءُ اَصْحَابُ مَشُوْرَةِ عُمَرَ كُهُوْلاً كَانُوْا اَوْ شُبَّانًا وَّكَانَ وَقَّافًا عِنْدَ كِتَابِ اللّٰهِ

"અને ઉલમા હઝરત ઉમર رضی اللہ عنہના સલાહકાર હતા, ચાહે તે આધેડ વયના હોય કે યુવાન. અને હઝરત ઉમર رضی اللہ عنہ કિતાબુલ્લાહના હુકમની આગળ થોભી જનારા હતા.

**સ્પષ્ટતા** : આ લખાણમાં કુર્રાથી મુરાદ ઉલમા છે. એ સમયમાં જે કુર્આનનો અધિક આલિમ હોતો તે જ આલિમ માનવામાં આવતો હતો, એમને કુર્રા કહેતા હતા. મુરાદ એ છે કે હઝરત ઉમર رضی اللہ عنہ કેવળ ઉલમાથી મશવરો કરતા હતા, ભલે તે નાની વયના પણ કેમ ન હોય. દા.ત. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما તથા હઝરત ઓસામા બિન ઝયદ رضی اللہ عنہما.

વાતચીત દરમિયાન જો કોઈ વાતનું સમર્થન કુર્આન મજીદથી થતું તો ચર્ચા બંધ કરી આપતા અને એના પ્રમાણે ફેંસલો કરી આપતા.

વારંવાર એનું રીપીટેશન થઈ ચૂક્યું કે પૂરી ઉમ્મતનો એના પર ઈજમાઅ છે કે સૌથી અગ્ર સ્થાને કિતાબુલ્લાહ છે, પછી સુન્નતે રસૂલુલ્લાહ (હદીષ), પછી સહાબાનો ઈજમાઅ, એના બાદ મુજતહિદનો ઈજતેહાદ એટલે કયાસ. અને કયાસ કેવળ મુજતહિદ ઈમામોનો વિશ્વાસપાત્ર છે. આ ચીજને સામે રાખીને હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہનાં એ સર્વ પ્રકરણો પર ગહરી નજર નાખીશું જે જાહેરી રીતે જોતાં આપસમાં અપૂર્ણ છે અથવા અમુક પ્રકરણોમાં કાંઈક સખ્તી કે સુસ્તી જોવા મળે છે એ સર્વ દૂર થઈ જશે. فَلْيَدَ بَرُوْا وَلْيُحَرِّرُوْا

بسم الله الرحمن الرحيم

# كتاب الرد على الجهمية وغيرهم التوحيد

## 'જહ્મિય્યહ વગેરેનો રદ અને તૌહીદનું વર્ણન' –(૧૦૯૬)

**સ્પષ્ટતા :** ફરબરીથી નક્લ થયેલ મોટાભાગના નુસ્ખાઓમાં (અહીં વિષય) કેવળ કિતાબુત્તૌહીદ છે અને એ જ પ્રમાણે નસફી તથા હમ્માદ બિન શાકિરના નુસ્ખામાં પણ છે. અલ્બત્ત મુસ્તમિલીમાં الرد على الجهمية وغيرهمનો વધારો છે.

**તૌહીદ :** નો અર્થ એક જાણવું અથવા કોઈને એક કહેવું છે. અહીં મુરાદ એ છે કે અલ્લાહ ﷻની ઝાત તથા તેની સિફતો અને ઈબાદતમાં કોઈને શરીક ન કરવો. એનું વિરોધાર્થી શિર્ક છે. એનાથી જાહેર થઈ ગયું કે શિર્કના ત્રણ પ્રકારો છે : ઝાતમાં, સિફતોમાં શિર્ક, ઈબાદતમાં શિર્ક. આ વિષય હેઠળ હઝરત ઈમામ બુખારી رحمة الله عليهએ શિર્કના ત્રણેવ પ્રકારોની સખત રદ કરી છે, એટલા માટે કે શિર્ક માફ ન થઈ શકે તેવો ગુનો છે. અને માનવીનો સૌથી મોટો જુર્મ છે અને એ જ ઈમાન તથા કુફ્રનો આધાર છે. શિર્કથી બચવું ઈમાન છે અને એમાં પડવું કુફ્ર છે.

### ★ બાતિલ ફિર્કાઓનો સખત રદ ★

એની સાથોસાથ હઝરત ઈમામ બુખારી رحمة الله عليهએ ઈસ્લામના દાવેદાર બાતિલ ફિર્કાઓનો સખત રદ કર્યો છે. ટાઈટલમાં કેવળ જહમિયહનું વર્ણન છે, પરંતુ એ સમયના સર્વ બદ્‌મઝહબોનો સખત રદ કર્યો છે જેની તરફ વગેરે વગેરે કરીને નિર્દેશ કર્યો છે.

ઈબ્ને હઝ્મએ કિતાબુલ મિલલે વન્નહલમાં સ્પષ્ટતા કરી છે કે ઈસ્લામના દાવેદાર પાંચ ફિર્કા પાયાના છે : અહલે સુન્નત, મોઅતઝલા જેમાં કદરિયા પણ સામેલ છે. મુરજિય્યહ એમાં જહમિય્યહ તથા કર્રામિય્યહ પણ દાખલ છે. પછી રાફઝી જેમાં શીઆ પણ છે. પછી ખવારિજ અને તેની વિવિધ શાખો.

એમનામાંથી ફરી ઈમામ બુખારી رحمة الله عليهએ આગળ આવી ગયેલાં પ્રકરણોમાં મોટાભાગનાનો રદ કર્યો છે. ખાસ કરીને ખારજીઓનો ફિતનમાં અને રાફઝીઓનો કિતાબુલ અહકામમાં રદ કર્યો છે. અને કિતાબુત્તૌહીદમાં પણ ઠેક ઠેકાણે એ સર્વનો રદ છે. એ ફિર્કાઓમાં જહમિયહનું નુકસાન સૌથી અધિક હતું એટલા માટે ખાસ કરીને તેનો ઉલ્લેખ ટાઈટલમાં કર્યો.

જહમિયહ ફિર્કાનો બાની જહમ બિન સફવાન છે. જે હિ.સ. ૧૨૮માં માર્યો ગયો એના પાયાના અકીદા આ પ્રમાણે હતા : એ અલ્લાહ તઆલાની સિફતોના મુન્કિર છે, ત્યાં સુધી કે કહે છે કે કુર્આન અલ્લાહનું કલામ મખ્લૂક છે. તેમજ એમની માન્યતા છે કે બંદા તદ્દન મજબૂર છે, તેમને કોઈ ઈખ્તિયાર તથા શક્તિ નથી, ત્યાં

સુધી કે કસબ (કમાવા) પર પણ શક્તિમાન નથી. કાર્યોની નિસ્બત બંદાઓની તરફ મજાઝી છે, તેમજ એવું કહે છે કે ઈમાન કેવળ દિલથી સમર્થન કરવાનું નામ છે ભલે જીભ વડે કુફ્ર જાહેર કરે, અને જાહેરમાં મૂર્તિની પૂજા કરે વગેરે વગેરે.

જહમિય્યહ, મુર્જિયા, મોઅતઝલા, કદરિયા વગેરે ફિર્કા હવે દુનિયામાંથી નેસ્તોનાબૂદ થઈ ચૂક્યા, તેમનો p<, B SJ/ ISTFANDFKPChZT . DFD ABFZL رحمۃ اللہ علیہના સમયમાં કેમ કે એ સૌનું જોર હતું એટલા માટે એ સૌની રદની સખત જરૂરત હતી એટલા માટે ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ એ સૌની રદ કરી.

હવે એ સૌ ફિર્કા નથી પણ તેમની તેમજ ઝાહિરિયહના ઉસૂલના મુજબ નેચરી, વહાબી, સુલેહ કુલ્લી વગેરે વગેરે ફિર્કા મૌજૂદ છે. એટલા માટે વર્તમાનકાળમાં ઉલમાએ અહલે સુન્નત એ જ ફિર્કાઓ પ્રતિ ખાસ ધ્યાન આપે છે. મારો હેતુ કેવળ બુખારીની શરહ છે તે પણ કેવળ હદીષોની એટલા માટે હું મારા હેતુના પ્રમાણે હદીષોની શરહ પર અટકું છું અને એના હેઠળ પ્રકરણોની સ્પષ્ટતા અને તેનાથી નીકળતા ફાયદા પણ લખી આપુ છું.

بَابُ مَاجَاءَ فِیْ دُعَاءِ النَّبِیِّ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ اُمَّتَهٗ اِلٰی تَوْحِیْدِ اللّٰهِ تَبَارَکَتْ اَسْمَاءُهٗ وَتَعَالٰی جَدُّهٗ ص ١٠٩٦

**પ્રકરણ : "એ વાતનું વર્ણન કે નબી صلی اللہ علیہ وسلمએ પોતાની ઉમ્મતને અલ્લાહ તઆલાની તૌહીદની દા'વત આપી."** –*(૧૦૯૬)*

حدیث ٢٩٣٢ اِنَّ اَبَا الرِّجَالِ مُحَمَّدَ بْنَ عَبْدِ الرَّحْمٰنِ حَدَّثَهٗ عَنْ اُمِّهٖ

*"અને અબૂ રિજાલ મુહમ્મદ બિન અબ્દુર્રહમાને પોતાનાં વાલિદા અમરા બિન્તે* **[હદીષ : ૨૯૩૨]**

عَمْرَةَ بِنْتِ عَبْدِ الرَّحْمٰنِ وَكَانَتْ فِیْ حَجْرِ عَائِشَةَ زَوْجِ النَّبِیِّ صَلَّی اللّٰهُ

*અબ્દુર્રહમાનથી રિવાયત કરતાં હદીષ વર્ણવી અને એ હઝરત આઈશાની પરવરશિમાં હતાં. તે હઝરત આઈશા*

عَلَيْهِ وَسَلَّمَ عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰهُ عَنْهَا اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

*رضی اللہ عنہا થી રિવાયત કરે છે કે નબી صلی اللہ علیہ وسلمએ એક સાહબને એક સરિય્યાના અમીર બનાવીને મોકલ્યા. એ*

بَعَثَ رَجُلًا عَلٰی سَرِيَّةٍ وَكَانَ يَقْرَأُ لِاَصْحَابِهٖ فِیْ صَلٰوتِهِمْ فَيَخْتِمُ بِقُلْ هُوَ

*પોતાના સાથીઓને નમાઝ પઢાવતા તો એમાં અન્ય સૂરતની સાથે અંતમાં કુલહુવલ્લાહુ અહદ પઢતા. સરિય્યાથી*

اللّٰهُ اَحَدٌ فَلَمَّا رَجَعُوْا ذَكَرُوْا ذٰلِكَ لِلنَّبِیِّ صَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ سَلُوْهُ

*પરત થયા બાદ લોકોએ નબી صلی اللہ علیہ وسلمને એનો ઉલ્લેખ કર્યો, તો નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, એમને પૂછો કે તે એવું શા*

لِاَیِّ شَیْءٍ يَصْنَعُ ذٰلِكَ فَسَاَلُوْهُ فَقَالَ لِاَنَّهَا صِفَةُ الرَّحْمٰنِ وَاَنَا اُحِبُّ

*માટે કરે છે. લોકોએ તેમને પૂછયું તો તેમણે જણાવ્યું કે હું એને દરેક નમાઝમાં એટલા માટે પઢુ છું કે એ*

اَنْ اَقْرَأَ بِهَا فَقَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ اَخْبِرُوْہُ اَنَّ اللّٰہَ یُحِبُّہٗ ۔

*રહમાનની સિફત અને હું એને પઢવાને પસંદ કરું છું. એ સાંભળીને નબી ﷺએ ફર્માવ્યું, એને ખબર આપો કે* ***અલ્લાહ પણ એની સાથે મહોબ્બત કરે છે."*** *(મુસ્લિમ–સલાત, નિસાઈ–અમલુલ્ યૌમે વલ્લેલ)*

**હદીષ : ૨૯૩૨ની સમજૂતી** ★ **કુલ્હુવલ્લાહ શરીફની ફઝીલત** ★

આ હદીષના રાવી મુહમ્મદ બિન અબ્દુર્રહમાનની કુન્નિયત અબૂર્રિજાલ વર્ણન થયેલ છે. આ કુન્નિયત એ કારણે એમની પડી હતી કે એમના દસ પુત્રો હતા. અમરા બિન્તે અબ્દુર્રહમાન ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاનાં ખાસ ઉછેર પામેલ હતાં. હઝરત ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاની મોટાભાગની હદીષો અને મહત્વની હદીષો એમના થકી રિવાયત પામેલી છે.

આ વિષયની હદીષો હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ તથા હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી પણ રિવાયત થયેલી છે પણ એ સૌ અલગ અલગ બનાવોથી સંબંધિત છે.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہની હદીષમાં એ છે કે એક સાહબ રાતમાં લગભગ તહજ્જુદમાં એક જ રકાતમાં કુલહુવલ્લાહ શરીફને વારંવાર પઢતા હતો. સવારે હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં અર્ઝ કરવામાં આવ્યું તો ફર્માવ્યું, કસમ એ જાતની જેની કુદરતના કબજામાં મારી જાન છે કુલહુવલ્લાહ ૧/૩ (ત્રીજા ભાગના) કુર્આન બરાબર છે.

અને હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہની હદીષમાં છે કે એક સાહબ મસ્જિદે કુબામાં ઈમામત કરતા હતા અને તે દરેક રકાતમાં બીજી સૂરતોની સાથે કુલ્હુવલ્લાહ શરીફ પણ પઢયા કરતા હતા. તેમના મુકતદીઓએ વાંધો ઉઠાવ્યો તો તેમણે જવાબ આપ્યો, જો તમે કહો તો હું ઈમામત છોડી આપુ પણ આ સૂરતને પઢવાનું છોડીશ નહીં. કેમ કે એ સૌમાં અફઝલ હતા જેથી લોકોએ પસંદ ન કર્યું. મામલો હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં પેશ થયો. તેમને પૂછવામાં આવ્યું કે છેવટે તમો શા માટે દરેક રકાતમાં આ સૂરતને પઢો છો ? તો તેમણે અર્ઝ કર્યું, હું એને પસંદ કરું છું. આ સાંભળીને હુઝૂર ﷺએ ફર્માવ્યું, **એની સાથેની તમારી મહોબ્બત તમને જન્નતમાં દાખલ કરશે.**

સૂરએ ઈખ્લાસનો શાને નુઝૂલ એ છે કાફિરોએ હુઝૂરે અક્દસ ﷺને અર્ઝ કરી, صِفْ لَنَا رَبَّكَ તમારા રબનો વસ્ફ (ખૂબી) અમને વર્ણન કરો. એના પર સૂરએ ઈખ્લાસ નાઝિલ થઈ. આ સૂરતમાં તૌહીદની પાયાની વાતો વર્ણન થયેલી છે. એ વર્ણન થયેલ છે કે તે (અલ્લાહ) એક છે, એની જાત કે સિફતો (ખૂબીઓ) કે ઈબાદતમાં તેનો કોઈ ભાગીદાર (શરીક) નથી, તે સમદ છે, સૌથી બેનિયાઝ (બેપરવા) છે. તે તે કદીમ (હમેશાથી હમેશા માટે) છે હાદિષ (પાછળથી ઉદભવેલ અને નાશ પામનાર) નથી. તેને મા છે ન બાપ, ન તેની કોઈ ઔલાદ છે. વિચાર કરો તો આ સૂરતમાં મુશ્રિકોના તમામ ફિર્કાઓનો રદ છે, યહૂદ તથા નસારાનો પણ રદ છે જેઓ અલ્લાહ عزوجلના માટે પુત્ર સાબિત કરે છે, અને એ મુશ્રિકોનો પણ રદ છે જેઓ ફરિશ્તાઓને અલ્લાહની પુત્રીઓ કહે છે.

આ સૂરતના ૧/૩ કુર્આન હોવાના બે મતલબ છે, એક જાહેર, અને જે મશ્હૂર છે એટલે સવાબ. બીજુ એ કે કુર્આને કરીમમાં જેટલા વિષયો વર્ણન થયેલ છે ટૂંકાણમાં સમૃધ્ધપણે એનો ત્રીજા ભાગ આ સૂરતમાં વર્ણન થયેલ છે.

## ★ ઝાતી ઈલ્મે ગયબ અને અતાઈ ઈલ્મે ગયબ વિશે ★

**પ્રકરણ** : અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "આલિમુલ ગયબ છે, સિવાય પોતાના પસંદીદા રસૂલોના કોઈને પોતાના ગયબ પર માહિતગાર નથી કરતો. "અને આ ઈર્શાદનું બયાન :" અને બેશક ! અલ્લાહની પાસે કયામતનો ઈલ્મ છે." અને આ ઈર્શાદનું બયાન : "અને એણે પોતાના ઈલ્મથી ઉતારેલ છે." અને આ ઈર્શાદનું બયાન : "કોઈ માદાને ગર્ભ નથી રહેતો અને ન તે જણે છે, પણ અલ્લાહના ઈલ્મથી." અને આ ઈર્શાદનું બયાન : "અને કયામતનો ઈલ્મ એના પર હવાલો છે." –(૧૦૯૭)

بَابُ قَوْلِ اللّٰهِ عٰلِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖ اَحَدًا ۝ اِنَّ اللّٰهَ عِنْدَهٗ عِلْمُ السَّاعَةِ وَاَنْزَلَهٗ بِعِلْمِهٖ وَمَا تَحْمِلُ مِنْ اُنْثٰى وَلَا تَضَعُ اِلَّا بِعِلْمِهٖ ـ اِلَيْهِ يُرَدُّ عِلْمُ السَّاعَةِ.

ص ١٠٩٧

## ★ પસંદીદા રસૂલોને અલ્લાહ ઈલ્મે ગયબ આપે છે ★

**સ્પષ્ટતા :** જાહેરી રીતે એવું જણાય છે કે આ પ્રકરણથી ઈમામ બુખારીનો હેતુ એ છે કે અલ્લાહ તઆલા સિવાય કોઈને ઈલ્મે ગયબ નથી, ખાસ કરીને કયામતનો. એના પર કરીના એ છે કે પ્રકરણના વિષયમાં વર્ણવેલ આયત ૨ તથા ૫ ની જાહેર દલીલ એ જ છે. તેમજ પ્રકરણ હેઠળ જે હદીષો લાવ્યા છે એના જાહેરથી પણ એ જ જણાય છે. પરંતું જે પણ તીવ્ર દ્રષ્ટિ ધરાવે છે તે થોડી વિચારણા બાદ એ નિર્ણય પર પહોંચશે કે હઝરત ઈમામ બુખારીનો હેતુ એ છે કે **ઝાતી ઈલ્મે ગયબ અલ્લાહ તઆલા સાથે ખાસ છે, અને તેની અતા તથા તેની દૈનથી તેના પસંદીદા રસૂલોને પણ હાંસલ છે.** હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہની બારીકીઓને સમજવી આપણા જેવા મામૂલી માણસના વશની વાત નથી. મોટા મોટા મોહક્કિક બનનારાના વશની પણ વાત નથી. વાંચકો વિચારે હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ સૌ પ્રથમ સૂરએ જિનની આયતે કરીમા લખી.

عٰلِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖ اَحَدًا اِلَّا مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ

"ગયબનો જાણનાર પોતાના પસંદીદા રસૂલો સિવાય કોઈને પોતાના ગયબ પર મસલ્લત (માહિતગાર) નથી કરતો."

### ઈલ્મે ગયબ વિશે સરળ સમજૂતી

આ આયત એના માટે દલીલ છે કે **અલ્લાહ તઆલા પોતાના પસંદીદા રસૂલોને ગયબનો ઈલ્મ આપે છે.** અને કેમ કે અલ્લાહ તઆલાની અતાથી તેમને ઈલ્મે ગયબ હાંસલ થાય છે એટલા માટે એમનો ઈલ્મ અતાઈ થયો, અને અલ્લાહ عزوجلનો ઈલ્મ ઝાતી. હવે આ આયતથી બે ફાયદા હાંસલ થયા. ૧. ઈલ્મે ગયબના બે પ્રકાર છે : ઝાતી તથા અતાઈ ૨. એ કે ઝાતી ઈલ્મ અલ્લાહ جل جلالهની સાથે ખાસ છે જેમાં તેનો કોઈ શરીક નથી, ન કોઈ નબી ન કોઈ ફરિશ્તો. અને એ કે રસૂલોને અતાઈ ઈલ્મે ગયબ હાંસલ છે.

હવે જો બાદમાં વર્ણવેલી આયતો અને બાદમાં વર્ણવેલ હદીષોનો મતલબ એ લેવામાં આવે કે અંબિયાએ કિરામ علیہم السلامને ઈલ્મે ગયબે અતાઈ પણ હાંસલ નથી, તો આ આયતો તથા હદીષો સૂરએ જિનની એ આયતની વિરૂધ્ધ થશે. અને અલ્લાહ عزوجلના કલામમાં વિરોધાભાસ, ટકરાવ અશક્ય છે તો મળતાપણા માટે અનિવાર્ય

ઠરશે કે બાદવાળી આયતોમાં અને પ્રકરણમાં વર્ણવેલ હદીષોમાં ઈલ્મથી મુરાદ ઈલ્મે ઝાતી લેવામાં આવે જે અલ્લાહ ﷻ ની સાથે ખાસ છે ગયબનો ઝાતી ઈલ્મ તો **મુત્લક઼ ઈલ્મે ઝાતી પણ ન કોઈ રસૂલને હાંસલ છે ન કોઈ ફરિશ્તાને** અને એ એની વિરૂધ્ધ નથી કે અતાઈ ઈલ્મે ગયબ અંબિયાએ કિરામ કે અવલિયા એઝામને હાંસલ હોય. હવે એને બીજી રીતે આ પ્રમાણે સમજો કે આયતે કરીમા :

إِنَّ اللّٰهَ عِنْدَهٗ عِلْمُ السَّاعَةِ "બેશક઼ ! અલ્લાહની પાસે ક઼યામતનો ઈલ્મ છે.

إِلَيْهِ يُرَدُّ عِلْمُ السَّاعَةِ "અને "અને ક઼યામતનો ઈલ્મ એના પર હવાલો છે."

એ વાતની દલીલ કે અંબિયાએ કિરામ عليهم السلام ને ક઼યામતનો ઈલ્મ નથી એ વખતે બની શકે છે કે જ્યારે કે આ આયતોમાં ઈલ્મથી મુરાદ અતાઈ ઈલ્મ લેવામાં આવે. આ તક઼દીર પર લાઝિમ થશે કે અલ્લાહ તઆલાનો ઈલ્મ અતાઈ હોય. અને આ ઉઘાડુ કુફ્ર તથા શિર્ક છે.

### ★ હુઝૂર ﷺ ને ક઼યામતનો ઈલ્મ આપવામાં આવ્યો ★

બીજો મુદ્દો વિચારણા પાત્ર છે કે સૂરએ જિનની આયતે કરીમાની વર્ણન શૈલી એ દર્શાવી રહી છે કે આ આયત ખાસ ક઼યામતના ઈલ્મના બારામાં છે. એના પહેલાં ઈર્શાદ ફર્માવ્યું :

قُلْ إِنْ أَدْرِيْ أَقَرِيْبٌ مَّا تُوْعَدُوْنَ أَمْ يَجْعَلُ لَهٗ رَبِّيْ أَمَدًا

"તમે ફર્માવો હું મારી સમજથી નથી જાણતો, શું નજીક છે તે જેનો તમને વાયદો આપવામાં આવે છે અથવા મારો રબ તેને એક મોહલત આપે છે. ?"

એની જોડે જ છે આયતે કરીમા عَالِمُ الْغَيْبِ હવે બંનેવ આયતોનો સાર એ નીકળ્યો કે, "ક઼યામત નજીક છે અથવા એના માટે કાંઈક અંતર છે એ હું મારી સમજથી નથી જાણતો. અલ્લાહ તઆલા આલિમુલ ગયબ છે, તે પોતાના પસંદીદા રસૂલોને પોતાના ગયબ પર માહિતગાર કરે છે." અહીં ગયબ પોતાના શબ્દના એતબારથી આમ (સામાન્ય) છે, પરંતુ વર્ણન શૈલી એની દલીલ છે કે આ ખાસ ક઼યામતના ઈલ્મના વિશે ફર્માવવામાં આવ્યું છે. જેનાથી સાબિત થઈ ગયું કે ક઼યામતનો ઈલ્મ અલ્લાહના બતાવવાથી તેના પસંદીદા રસૂલોને પણ છે અલ્લામા ઈબ્રાહીમ બીજોરી قدس سرہ શરહે ક઼સીદા બુર્દામાં લખે છે :–

لم یخرج صلی اللہ علیہ وسلم من الدنیا الابعد ان اعلمہ اللہ تعالیٰ بهٰذہ الامور الخمسة صـ ۷۴

"હુઝૂરે અક઼દસ ﷺ એના બાદ જ દુનિયાથી તશરીફ લઈ ગયા કે અલ્લાહ તઆલાએ આપને એ પાંચ વાતોનો ઈલ્મ અતા કરી દીધો હતો. *(પેજ–૭૪)*

ઈલ્મે ગયબની વિગતવાર તફસીલ નુઝહતુલ કારી, ભાગ–૧માં હદીષે જિબ્રઈલની શરહ હેઠળ વર્ણન થઈ ચૂકી છે.

### ★ ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا ના બે ઈર્શાદો ★

حدیث ۲۹۳۳ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ مَنْ حَدَّثَكَ أَنَّ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે જે તમને એ વર્ણન કરે* **[હદીષ : ૨૯૩૩]**

مُحَمَّدًا رَأٰى رَبَّهٗ فَقَدْ كَذَبَ وَهُوَ يَقُوْلُ لَا تُدْرِكُهُ الْاَبْصَارُ وَمَنْ

*કે મુહમ્મદ ﷺએ પોતાના રબને જોયો, યક઼ીનન ! તે જૂઠુ બોલ્યો. જ્યારે કે અલ્લાહ તઆલા ફર્માવે છે :*

حَدَّثَكَ اَنَّهٗ يَعْلَمُ الْغَيْبَ فَقَدْ كَذَبَ وَهُوَ يَقُوْلُ لَا يَعْلَمُ الْغَيْبَ اِلَّا اللّٰهُ

*"અને આંખો તેનો ઘેરાવ નથી કરી શકતી." અને જે એવું વર્ણન કરે કે આપ ઈલ્મે ગયબ જાણતા હતા,*

*વિના શંકાએ તે જૂઠુ બોલ્યો. જ્યારે કે તે ફર્માવે છે કે અલ્લાહ સિવાય કોઈ ગયબ નથી જાણતુ."*

**સમજૂતી** : કિતાબુત્તફસીર સૂરએ વન્નજ્મમાં યહ્યાના તરીક઼ાથી હઝરત મસરૂક઼થી આ હદીષ આ પ્રમાણે રિવાયત થયેલી છે : તેમણે કહ્યું, મેં હઝરત આઈશા رضی اللہ عنہاથી પૂછયું કે શું મુહમ્મદ ﷺએ પોતાના રબને જોયો ? એ સાંભળીને ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, તારી આ વાતથી મારા રોંગટાં ઉભાં થઈ ગયાં ! ત્રણ વાતોથી તું ક્યાં ગાફિલ છે, એને જે પણ વર્ણન કરે તે વિના શંકાએ જૂઠો છે. જે તને એવું વર્ણવે કે મુહમ્મદ ﷺએ પોતાના રબને જોયો છે, તો યક઼ીનન ! તે જૂઠુ બોલ્યો. પછી તેમણે આ આયતે કરીમા તિલાવત કરી : આંખો એનો ઘેરાવ નથી કરી શકતી, અને તે આંખોનો ઘેરાવ કરે છે અને તે લતીફ તથા ખબીર છે. અને કોઈ માણસને નથી પહોંચતુ કે અલ્લાહ એની સાથે કલામ કરે પણ વહીના રૂપે. અથવા એ કે તે બશર પર્દાએ અઝમતની આ તરફ હોય. અને જે તને વર્ણવે કે તે આવતી કાલની વાત જાણે છે, યક઼ીનન ! તે જૂઠુ બોલ્યો. પછી ઉમ્મુલ મો'મિનીને આ આયતે કરીમા તિલાવત કરી : "કોઈ જાન નથી જાણતી કે કાલે શું કમાશે." અને જે તને વર્ણન કરે એણે તારાથી કાંઈક છુપાવ્યું. તો તે યક઼ીનન ! જૂઠુ બોલ્યો. પછી તેમણે આ આયતે કરીમા તિલાવત કરી : હે અલ્લાહના રસૂલ ! એ સૌને પહોંચાડી આપો જે તમારી તરફ તમારા રબની તરફથી ઉતારવામાં આવ્યું. હા ! એમણે જિબ્રઈલને તેમની સૂરતમાં બે વાર જોયા. હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા رضی اللہ عنہاનો ચાર વાતોનો મતભેદ મશહૂર છે. અને લોકોને આ ત્રણમાં ગલત ફહમી થઈ.

## ★ ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاના ઈર્શાદો અને તેનો ખુલાસો ★

એક તો સમાએ મૌતા (મુડદાનું સાંભળવું) તે ઉર્ફી સમાઅનું શરીરો માટે ઈન્કાર કરે છે. એને ગલતફહમીથી રૂહોના સમાએ હક઼ીક઼ી પર ધારવામાં આવે છે. એની પૂરી ચર્ચા નુઝહતુલ ક઼ારી, ભાગ–૪, પેજ ૧૩૫ થી પેજ–૧૩૭ (ગુજરાતી પેજ નં. ૧૪૮–૧૪૯) પર થઈ ચૂકી છે.

બીજુ મેઅરાજ જિસ્માનીના બારામાં એમણે ફર્માવ્યું : ما فقدت جدس رسول الله صلى الله عليه وسلم "મેઅરાજની રાત્રે શરીર મુબારક મારી પાસેથી ક્યાંય નથી ગયું." જ્યારે કે ઉમ્મુલ મો'મિનીનનો આ ઈર્શાદ તે મેઅરાજે મનામી (ખ્વાબની હાલતમાં)ના બારામાં છે જે મદીનામાં થઈ હતી, અને તે મેઅરાજ જે શરીર તથા રૂહની સાથે થઈ હતી તે મક્કા મોઅઝ્ઝમામાં થઈ હતી. એ વખતે ઉમ્મુલ મો'મિનીનના નિકાહ પણ થયા ન હતા.

ત્રીજુ એ કે ઈલ્મે ગયબના બારામાં હઝરત ઉમ્મુલ મો'મિનીનનો ક઼ૌલ છે કે જે એવું કહે કે હુઝૂરને ઈલ્મે ગયબ હતો તે જૂઠો છે.

એનાથી મુત્લક઼ (બિનશર્તી) ઈલ્મનો ઈન્કાર સમજવું એ જેહાલત છે. એટલા માટે કે ઈલ્મ જ્યારે મુત્લક઼ બોલવામાં આવે, ખાસ કરીને જ્યારે ગયબની તરફ નિસ્બત હોય તો એનાથી ઝાતી ઈલ્મ મુરાદ હોય છે. જેવું કે

હાશિયાએ કશ્શાફમાં મીર સૈયદ શરીફ رحمۃ اللہ علیہએ સ્પષ્ટતા કરી છે અને એ યક઼ીનન ! હક્ક છે, કોઈ શખ્સ કોઈ મખ્લૂક઼ના માટે એક રજકણનો પણ ઝાતી ઈલ્મ માને તે યક઼ીનન ! કાફિર છે.

ચોથુ એ કે શબે મેઅરાજ હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمએ અલ્લાહ عزوجلનો દીદાર કર્યો કે નહીં ? આ મસ્અલો સહાબાના યુગથી વિવાદવાળો છે. હઝરત ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاનો મુખ્તાર એ જ છે કે અલ્લાહનો દીદાર નથી થયો. અને સૂરએ વન્નજ્મમાં જે વર્ણન થયેલ છે એનાથી જિબ્રઈલ علیہ السلامને તેમની મલકૂતી શકલમાં જોયાનું મુરાદ છે. જો કે આપણે અહલે સુન્નતને ત્યાં રાજેહ અને મુખ્તાર એ જ છે કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمએ શબે મેઅરાજના અલ્લાહનો દીદાર કર્યો અને એ જ સૂરએ નજ્મની વર્ણનશૈલીના અધિક માફકસર છે. ઈર્શાદ છે : فاوحی الی عبدہٖ ما اوحی "હવે વહી ફર્માવી પોતાના બંદાની તરફ જે વહી ફર્માવી."

આ આયતમાં "અબ્દિહી"ની ઝમીરે મજરૂર મુત્તસિલનો મરજઅ અલ્લાહ جل جلالہ છે. હવે જો فَاَوحیٰ (ફઅવ્હ઼ા)ની ઝમીરે મરફૂઅ મત્તસિલનો મરજઅ જિબ્રઈલે અમીનને ઠરાવીએ તો ઝમીરોના મરાજેઅમાં અસંતુલન તથા મતભેદ લાઝિમ આવશે કે પ્રથમ તથા છેવટની ઝમીરોના મરજઅ જિબ્રઈલે અમીન હોય અને વચ્ચે "અબ્દિહી"નો મરજઅ અલ્લાહ عزوجل અને દરેક શખ્સ જાણે છે કે એક જ વાક્યની ઝમીરોમાં અસંતુલનથી અહસન તથા અફસહ ઈત્તેહાદ છે. એટલા માટે બંનેવ فَاَوحیٰની ઝમીરે ફાઈલનો મરજઅ અલ્લાહ جل جلالہને માનવું અધિક રાજેહ (પસંદીદા) થયું. અને એ જ જમહૂર સહાબા તથા તાબઈને એઝામ તથા અઈમ્માએ અઅલામનો મઝહબ છે કે આ તમામ ઝમીરો રબ્બુલ ઈઝ્ઝતની પ્રતિ રાજેઅ છે. એટલે

وَھُوَ بِالْاُفُقِ الْاَعْلٰی۔ثُمَّ دَنٰی فَتَدَلّٰی فَکَانَ قَابَ قَوْسَیْنِ اَوْاَدْنٰی۔فَاَوْحٰیٓ اِلٰی عَبْدِہٖ مَا اَوْحٰی۔۔۔۔۔وَلَقَدْ رَاٰہُ نَزْلَۃً اُخْرٰی.

આ સર્વ ઝમીરોનો મરજઅ અલ્લાહ جل جلالہની ઝાત જ છે. હવે આયતોનો તર્જુમો આ પ્રમાણે થયો : "અને તે એટલે રબનો જલ્વો આસ્માને બરીંના સૌથી બુલંદ કિનારા પર હતો. પછી તે જલ્વો નજીક થયો. પછી ખૂબ ઉતરી આવ્યો તો તે જલ્વા તથા તે મહબૂબમાં બે હાથનું અંતર રહ્યું, બલ્કે એનાથી પણ ઓછું. હવે એણે વહી ફર્માવી, પોતાના બંદાની તરફ જે વહી ફર્માવી. અને એમણે તો એ જલ્વો બે વાર જોયો."

અને બૌધ્ધિક દષ્ટિએ પણ એ જ રાજેહ (પસંદીદા) છે, એટલા માટે કે એના પર પૂરી ઉમ્મતની એકમતિ છે કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم જિબ્રઈલે અમીન કરતાં અનંત ગણા અફઝલ છે. એટલા માટે એમાં કોઈ ખાસ કમાલ નથી કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم જિબ્રઈલે અમીનને જુએ, બલ્કે જિબ્રઈલે અમીન હુઝૂર صلی اللہ علیہ وسلمને જુએ એ એમના માટે કમાલ છે. મૌલાના રૂમે ફર્માવ્યું,

مصطفٰے بکشاید ار پرِ جمیل　　　تا ابد بیہوش ماند جبرئیل

(શેઅરનો અર્થ) "જો હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم પોતાનો હિજાબ (પર્દો) ઉઠાવી દે અને જિબ્રઈલ જોઈ લે તો હમેશાં માટે બેહોશ રહેશે."

## ★ સહીહ એ છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ રબનો જલ્વો જોયો ★

હા ! હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم માટે એ યક઼ીનન ! બહુ જ મોટો કમાલ છે કે માથાની આંખો વડે રબનો જલ્વો જોઈ લીધો. હઝરત ઉમ્મુલ મો'મિનીનની દલીલ આયતે કરીમા لَا تُدْرِکُہُ الْاَبْصَارُથી છે એના પર ચર્ચા થઈ ચૂકી છે કે અહીં મુરાદ ઘેરાવ કરવું છે અને એ હક્ક છે.

એ જ પ્રમાણે ઈલ્મે ગયબના બારામાં ઉમ્મુલ મો'મિનીનની દલીલ لَا يَعْلَمُ الْغَيْبَ اِلَّا اللهُ થી છે, અને અહીં નિશ્ચિત છે કે ગયબથી મુરાદ ઝાતી ઈલ્મે ગયબ છે, નહીં તો લાઝિમ આવશે કે અલ્લાહનો ઈલ્મ અતાઈ હોય !

## ★ કુર્આનની ગોઠવણમાં ફેરફાર ★

**યાદ રાખશો !** હદીષની વર્ણન શૈલીથી માલૂમ પડે છે કે لَا يَعْلَمُ الْغَيْبَ اِلَّا اللهُ આયત છે એટલા માટે કે પહેલાં ફર્માવ્યું હતું وَهُوَ يَقُوْلُ એના પણ મુરાદ અલ્લાહ ﷻ ની ઝાત જ છે, પણ આ નઝ્મ (ગોઠવણ)ની સાથે કોઈ આયત નથી, આયત તો આ પ્રમાણે છે : قُلْ لَّا يَعْلَمُ مَنْ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ الْغَيْبَ اِلَّا اللهُ *(સૂ. નમ્લ-૬૫)*

આ આયતની સમજૂતી એ છે કે એનાથી મુરાદ હુઝૂર ﷺ છે. હઝરત ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا ની શાન તો ઘણી જ આ'લા તથા ઉચ્ચ છે. હદીષના રાવીઓમાંથી કોઈની તરફ આવી ખતાની નિસ્બતથી અસ્લમ (સાવચેતી) એ જ છે કે لا يعلم الغيب الا الله ને હુઝૂર ﷺ નો ઈર્શાદ માનવામાં આવે અને وَهُوَ يَقُوْلُ ની ઝમીરનો મરજઅ હુઝૂરે અક્દસ ﷺ છે.

વાંચકો સમાએ મૌતા (મુડદાનું સાંભળવું)ની તેહકીક઼ જાણવા ચાહે છે તો ''હયાતુલ મવાત''નો અભ્યાસ કરે અને ઈલ્મે ગયબ પર સંપૂર્ણ સંતોષકારક ચર્ચા જોવા ચાહે છે તો અદ્દવલતુલ મક્કિયહ, અલ્ફુયૂઝુલ મલકિય્યહ, ખાલિસુલ એ'તેક઼ાદ, અમ્બાઉલ મુસ્તફાનો અભ્યાસ કરે. અને દીદારે ઈલાહીના બારામાં منبه المنيه فى وصول الحبيب الى العرش والرويا નો અભ્યાસ કરે. મુજદ્દિદે આ'ઝમ, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ આ સર્વ મસાઈલ પર એટલી તેહક઼ીક઼ તથા તફસીલની સાથે વર્ણવ્યું છે કે હવે એમાં ન વધારાની ગુંજાઈશ છે, ન ઈન્કારની.

## ★ અને તે ગાલિબ હિકમતવાળો છે ★

بَابُ قَوْلِ اللّٰهِ تَعَالٰى وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ سُبْحٰنَ رَبِّكَ رَبِّ الْعِزَّةِ وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَمَنْ حَلَفَ بِعِزَّةِ اللّٰهِ وَصِفَاتِهٖ

١٠٩٨

**પ્રકરણ : અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : ''અને તે ગાલિબ હિકમતવાળો છે.'' અને આ ઈર્શાદનું બયાન : ''પાકી છે તમારા રબને, ઈજ્જતવાળા રબને'' અને આ ઈર્શાદનું બયાન : ''અને અલ્લાહના માટે જ ઈજ્જત છે અને તેના રસૂલના માટે અને જેણે અલ્લાહની ઈજ્જત અને તેની સિફતો સાથે ક઼સમ ખાધી.''**
*-(૧૦૯૮)*

**સ્પષ્ટતા :** એટલે કે અલ્લાહ ﷻ ના અસ્માએ હુસ્ના (મુબારક નામો)માંથી અઝીઝ તથા હકીમ પણ છે. અને ઈજ્જતની ઈસ્નાદ અલ્લાહ ﷻ ની તરફ કરવી દુરુસ્ત છે. તેમજ અલ્લાહ ﷻ ની ઈજ્જત અને તેની સિફતોની ક઼સમ ખાવી પણ સહીહ છે.

## ★ હુઝૂર ﷺ દુઆ કરતા : હું તારી ઈજ્જતની પનાહ માગુ છું ★

حدیث ٢٩٣٤ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ

*''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺ એ રીતે* **[હદીષ : ૨૯૩૪]**

عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقُوْلُ اَعُوْذُ بِعِزَّتِكَ الَّذِىْ لَا اِلٰهَ اِلَّا اَنْتَ الَّذِىْ لَا

દુઆ માગતા હતા કે, હું તારી ઈજ્જતની પનાહ માગુ છું ! હે તે ઝાત કે તારા સિવાય કોઈ મઅબૂદ નથી,

يَمُوْتُ وَالْجِنُّ وَالْاِنْسُ يَمُوْتُوْنَ

જેને મૌત નથી અને જિન તથા માનવી સૌના માટે મૌત છે.''

### ★ અલ્લાહ ﷻ જહન્નમમાં પોતાનો કદમ રાખશે ★

حدیث ٢٩٣٥ عَنْ قَتَادَةَ عَنْ اَنَسٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِىِّ صَلَّى

'હઝરત અનસ رضی اللہ عنہ નબી કરીમ ﷺ થી રિવાયત કરે છે કે ફર્માવ્યું કે [હદીષ : ૨૯૩૫]

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا يَزَالُ يُلْقٰى فِيْهَا وَهِىَ تَقُوْلُ هَلْ مِنْ مَّزِيْدٍ

જહન્નમી જહન્નમમાં સતત નાખવામાં આવશે અને તે કહેતી રહેશે, શું કાંઈ અધિક વધુ છે ! ત્યાં સુધી કે

حَتّٰى يَضَعَ فِيْهَا رَبُّ الْعٰلَمِيْنَ قَدَمَهٗ فَيَنْزَوِىْ بَعْضُهَا اِلٰى بَعْضٍ ثُمَّ

રબ્બુલ આલમીન તેમાં પોતાનો કદમ રાખશે તો તેનો અમુક અમુકની તરફ સમેટાઈ જશે, અને જહન્નમ

تَقُوْلُ قَدْ قَدْ بِعِزَّتِكَ وَكَرَمِكَ وَلَا يَزَالُ الْجَنَّةُ تَفْضُلُ حَتّٰى

કહેશે, બસ ! બસ ! તારી ઈજ્જત તથા કરમની કસમ ! અને જન્નતનો પણ એક હિસ્સો ખાલી રહેશે, ત્યાં

يُنْشِئَ اللّٰهُ لَهَا خَلْقًا وَيُسْكِنُهُمْ فَضْلَ الْجَنَّةِ

સુધી કે અલ્લાહ તઆલા એના માટે એક મખ્લૂક પેદા ફર્માવશે અને તેમને જન્નતની ખાલી જગામાં રાખશે.''

بَابُ قَوْلِهٖ وَكَانَ اللّٰهُ سَمِيْعًا بَصِيْرًا ص ١٠٩٩

**પ્રકરણ : ''અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : ''અલ્લાહ તઆલા સાંભળનાર જોનાર છે.''** –(૧૦૯૯)

٨٦٨ ت وَقَالَ الْاَعْمَشُ عَنْ تَمِيْمٍ عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ رَضِىَ اللّٰهُ

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત થયેલ છે કે તેમણે કહ્યું, [તઅલીક : ૮૬૮]

تَعَالٰى عَنْهَا قَالَتْ اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ وَسِعَ سَمْعُهُ الْاَصْوَاتَ

એ અલ્લાહના માટે હમ્દ છે જેનું સાંભળવું સર્વ અવાજોને સમાવી લે છે, એના પર અલ્લાહ તઆલાએ

فَاَنْزَلَ اللّٰهُ عَلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَدْ سَمِعَ اللّٰهُ قَوْلَ الَّتِيْ

*નબી ﷺ આ નાઝિલ ફર્માવ્યું કે બેશક ! અલ્લાહ તઆલાએ સાંભળી*

تُجَادِلُكَ فِيْ زَوْجِهَا

*તેની વાત જે પોતાના પતિના બારામાં તમારી સાથે બહષ કરે છે.''*

## તઅલીક઼ : ૮૬૮ની સમજૂતી

આ તઅલીક઼ને ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં અને નિસાઈએ પોતાની સુનનમાં વર્ણવેલ શબ્દો વડે રિવાયત કરી છે. અને ઈબ્ને માજહએ પોતાની સુનનમાં આ શબ્દો સાથે રિવાયત કરી છે : ''બરકતવાળી છે તે ઝાત જેનું સાંભળવું દરેક ચીજને સમાવે છે.'' હું ખૌલાની વાત સાંભળી રહી હતી અને અમુક ન સાંભળી શકતી હતી અને તે પોતાના પતિની રસૂલુલ્લાહ ﷺને શિકાયત કરી રહી હતી જેમનું નામ અવસ બિન સામિત હતું. એણે મારી યુવાનીને ખાય કાઢી અને મારા પેટે એના માટે ઔલાદ પેદા કરી ત્યાં સુધી કે જ્યારે મારી ઉમર અધિક થઈ ગઈ અને ઔલાદના જન્મનો ક્રમ કટ થઈ ગયો તો તેણે મારી સાથે ઝેહાર કરી લીધો. હે અલ્લાહ ! હું તારાથી શિકાયત કરું છું ! તો તેણી પોતાની જગાએથી હટી પણ ન હતી એટલામાં જિબ્રઈલ આ આયતોને લઈને ઉતર્યા : قَدْ سَمِعَ اللّٰهُ قَوْلَ الَّتِيْ تُجَادِلُكَ فِيْ زَوْجِهَا وَتَشْتَكِيْ اِلَى اللّٰهِ

આ હદીષથી સાબિત થયું કે અલ્લાહને સમીઅ (સાંભળનાર) કહેવું જાઈઝ છે. કેટલાક લોકોએ કહ્યું હતું કે અલ્લાહ ﷻના સમીઅ તથા બસીર (સાંભળનાર તથા જોનાર) હોવાનો મતલબ એ છે કે તે અલીમ (જાણનારો) છે, સાંભળવા અને જોવાની તેને કુદરત નથી. એટલા માટે કે સાંભળવા તથા જોવા માટે સાંભળવાના સાધન તથા જોવાના સાધનની જરૂરત છે અને અલ્લાહ ﷻ એનાથી પાક છે. ઈમામ બુખારી આ પ્રકરણ થકી એ લોકોની રદ કરવા ચાહે છે કે અલ્લાહ તઆલાની સાંભળવાની સિફત અને જોવાની સિફત ઈલ્મના સિવાયની મુસ્તક઼િલ સિફતો છે. કોઈના ન જોવાનો મતલબ એ થાય છે કે તે આંધળો છે, કોઈના ન સાંભળવાનો મતલબ એ થાય છે કે તે બહેરો છે. આંધળો, બહેરો હોવું અયબ તથા ખામી છે અને અલ્લાહ તઆલા દરેક અયબથી પાક છે. અને જ્યારે કે કુર્આન મજીદ તથા હદીષમાં સમીઅ તથા બસીરનો ઈત્લાક઼ અલ્લાહ તઆલા પર છે તો એનાથી ઈન્કારનું કોઈ કારણ નથી. અલ્લાહ ﷻની ઝાત જે રીતે બેમિષ્લ તથા બેમિષાલ છે એવી જ રીતે એની સિફતો પણ બેમિષ્લ બેમિષાલ છે.

## ★ અલ્લાહ પર નફ઼સનો ઈત્લાક઼ ★

بَابُ قَوْلِ اللّٰهِ وَيُحَذِّرُكُمُ اللّٰهُ نَفْسَهُ وَقَوْلِهِ تَعْلَمُ مَا فِيْ نَفْسِيْ وَلَا اَعْلَمُ مَا فِيْ نَفْسِكَ

ص ١١٠١

**પ્રકરણ : અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : ''અને અલ્લાહ તઆલા તમને પોતાના ગઝબથી ડરાવે છે.'' અને આ ઈર્શાદનું બયાન : ''તું જાણે છે જે મારા જીવમાં છે અને હું નથી જાણતો જે તારા ઈલ્મમાં છે.''**

*–(૧૧૦૧)*

**સ્પષ્ટતા :** નફસનો અર્થ જાન છે અને દરેક જાનના માટે મૌત છે. ઈર્શાદ છે : كُلُّ نَفسٍ ذَائِقَةُ المَوۡتِ "દરેક જાન મૌતની મજા ચાખનાર છે." એનાથી જાહેરી રીતે સમજમાં આવે છે કે નફસનો ઈત્લાક઼ (બોલાવુ) બારી તઆલા માટે દુરુસ્ત નથી. પરંતું કુર્આન મજીદની વિવિધ આયતોમાં અને ખૂબ જ પ્રમાણમાં હદીષોમાં નફસનો ઈત્લાક઼ બારી તઆલા પર છે. હઝરત ઈમામ બુખારી આ પ્રકરણથી એ ફાયદો કરવા ચાહે છે કે નફસનો ઈત્લાક઼ બારી તઆલા માટે દુરુસ્ત છે, અહીં એનો અર્થ જાન નથી પણ ઝાત છે.

### ★ હું મારા બંદાના ગુમાનની સાથે છું ! ★

حدیث ۲۹۳۶ عَنۡ اَبِیۡ هُرَیۡرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنۡهُ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ

**[હદીષ : ૨૯૩૬]** *"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ*

صَلَّی اللّٰهُ عَلَیۡهِ وَسَلَّمَ یَقُوۡلُ اللّٰهُ اَنَا عِنۡدَ ظَنِّ عَبۡدِیۡ بِیۡ وَاَنَا مَعَهٗ اِذَا

*ફર્માવ્યું, અલ્લાહ તઆલા ફર્માવે છે, હું મારા બંદાના ગુમાનની નજીક છું અને હું તેની સાથે છું જ્યારે તે*

ذَکَرَنِیۡ فَاِنۡ ذَکَرَنِیۡ فِیۡ نَفۡسِهٖ ذَکَرۡتُهٗ فِیۡ نَفۡسِیۡ وَاِنۡ ذَکَرَنِیۡ فِیۡ مَلَاٍ ذَکَرۡتُهٗ

*મારી યાદ કરે. જો તે એકાંતમાં મારી યાદ કરે તો હું તેને એકલો યાદ કરું છું અને જો તે કોઈ મજમામાં મારી*

فِیۡ مَلَاٍ خَیۡرٍ مِّنۡهُمۡ وَاِنۡ تَقَرَّبَ اِلَیَّ بِشِبۡرٍ تَقَرَّبۡتُ اِلَیۡهِ ذِرَاعًا وَاِنۡ

*યાદ કરે તો હું તેનો ઝિક્ર એ મજમામાં કરું છું જે એમના મજમાથી બેહતર છે. અને જે મારી તરફ વેંત જેટલો*

تَقَرَّبَ اِلَیۡهِ ذِرَاعًا تَقَرَّبۡتُ اِلَیۡهِ بَاعًا وَمَنۡ اَتَانِیۡ یَمۡشِیۡ اَتَیۡتُهٗ هَرۡوَلَةً

*આવે છે તો હું એની નજીક હાથભર થઈ જાઉં છું. અને જે મારી તરફ એક હાથના બરાબર આવે છે તો હું*

*તેની તરફ બંનેવ હાથના ફેલાવા બરાબર નજીક થાઉં છું, અને જે મારી તરફ ચાલીને આવે છે*

*હું એની તરફ દોડીને નજીક થાઉં છું."*

### હદીષ : ૨૯૩૪ની સમજૂતી

પ્રકરણથી મળતાપણુ કેવળ એટલાથી છે કે અલ્લાહ ﷻ એ પોતાની ઝાત પર નફસનો ઈત્લાક઼ ફર્માવ્યો. આ હદીષમાં ઝિરાઅ, બાગ તથા હરવલા વર્ણન થયેલ છે. અલ્લાહ ﷻ શહીદ છે, કોઈની નજીક થવાનો મતલબ એ થાય છે કે એનાથી દૂર રહ્યો હોય. આ બિના પર આ હદીષ મુતશાબેહાતમાંથી છે અને તાવીલ એ છે કે અલ્લાહ ﷻ એ બંદા પર ખાસ રહમત ફર્માવે છે.

### ★ ફરિશ્તા અને માનવીમાં કોણ અફઝલ છે ★

ફરિશ્તા અને માનવીમાં કોણ અફઝલ છે : જમહૂર અહલે સુન્નતનો એ મઝહબ છે કે માનવી ફરિશ્તાથી અફઝલ છે એ રીતે કે ખાસ માનવીઓ ખાસ ફરિશ્તાઓથી અફઝલ છે અને સામાન્ય માનવો એટલે કે નેક મોમિનો આમ ફરિશ્તાઓથી અફઝલ છે. જેની તફસીલ એ છે કે અંબિયાએ કિરામ હઝરાત મુત્લક઼ન સર્વ

ફરિશ્તાઓથી અફઝલ છે. જેની દલીલ આ આયતે કરીમા છે કે ફર્માવ્યું :–

إِنَّ اللّٰهَ اصْطَفٰىٓ اٰدَمَ وَنُوْحًا وَّاٰلَ اِبْرٰهِيْمَ وَاٰلَ عِمْرٰنَ عَلَى الْعٰلَمِيْنَ (آل عمران ۳۳)

"બેશક ! અલ્લાહે આદમ તથા નૂહ અને આલે ઈબ્રાહીમ અને આલે ઈમરાનને તમામ આલમ પર ચૂંટી લીધા." *(આલે ઈમરાન–૨૩)*

وَلَقَدْ كَرَّمْنَا بَنِىٓ اٰدَمَ

"બેશક ! અમે બની આદમ (માનવી)ને બુઝુર્ગી બખ્શી." *(બની ઈસ્રાઈલ–૭૦)*

ફેઅલ તથા શિબ્હે ફેઅલનો મુતઅલ્લિક જ્યારે મહઝૂફ હોય છે તો ઉમૂમનો ફાયદો કરે છે. એટલા માટે આ આયતની દલીલ એ થઈ કે માનવીને તમામ આલમ પર મહાનતા બખ્શી. આ આમ હોવામાં ફરિશ્તા પણ સામેલ છે.

તેમજ ફર્માવ્યું :–

وَسَخَّرَ لَكُمْ مَّا فِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ جَمِيْعًا مِّنْهُ (جاثیہ آیت ۱۳)

"જે કાંઈ આસ્માનો તથા જમીનમાં છે સૌ તમારા વશમાં કરી દીધાં મારા હુકમથી" *(જાષિયહ–૧૩)*

ما (મા)ના સામાન્યપણામાં ફરિશ્તાઓ પણ છે. અને જાહેર છે કે મુસખ્ખરથી મુસખ્ખરલહૂ અફઝલ હોય છે. તેમજ તમામ ફરિશ્તાઓથી હઝરત આદમ علیہ السلام ને સજદો કરાવ્યો, એ તાઝીમ તથા તકરીમનો સજદો હતો. એ પણ એની દલીલ છે કે માનવજાત ફરિશ્તાઓથી અફઝલ તથા ઉચ્ચ છે.

અહીં એ વાત દિમાગમાં રાખવી જરૂરી છે કે રસૂલ ફરિશ્તાઓ પૂરી ઉમ્મતથી અફઝલ છે, ત્યાં સુધી કે ખુલફાએ રાશિદીન અને અશ્રાએ મુબશ્શિરાથી પણ અફઝલ છે. પણ આ હદીષથી એ સાબિત થાય છે કે ફરિશ્તા માણસથી અફઝલ છે. સ્પષ્ટ ખુલાસો એ છે કે ફર્માવ્યું : ذکرتہ فی ملاءٍ خیر منھم "હું એનો ઝિક્ર કરીશ એ જમાઅતમાં જે એનાથી બેહતર છે." અને આ જ મઝહબ ફિલોસોફરો અને મોઅતઝલાનો છે. આ દલીલનો જવાબ એ છે કે એ કતઈ (નિશ્ચિત) નથી કે فی ملاءٍ خیر منھم થી મુરાદ ફરિશ્તા હોય, શક્ય છે કે એનાથી મુરાદ અંબિયાએ કિરામ હોય. તેમજ એક મુદ્દો નોંધ પાત્ર એ છે કે મલાએ આ'લામાં ઝાકિર અલ્લાહ جل جلالہ છે તો અલ્લાહના ઝિક્રના કારણે એ જમાઅતને خیر منھم (બેહતર જમાઅત) ફર્માવવામાં આવ્યું.

**પ્રકરણ : અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "અને એટલા માટે કે તમે મારી નિગાહની સામે તૈયાર થાવ." એટલે કે તારી પરવરિશ કરવામાં આવે, તને ખોરાક આપવામાં આવે. અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "કે અમારી નિગાહની રૂબરૂ વહે છે."** –(૧૧૦૧)

بَابُ قَوْلِهٖ وَلِتُصْنَعَ عَلٰى عَيْنِيْ تُغَذّٰى وَقَوْلِهٖ تَجْرِيْ بِاَعْيُنِنَا

ص ۱۱۰۱

### ★ અલ્લાહ ﷻની તરફથી "અ઼યન"ની (આંખની) ઈઝાફત ★

**સ્પષ્ટતા :** પ્રકરણમાં વર્ણવેલ આયતોમાં અલ્લાહ ﷻની તરફથી "અ઼યન"ની (આંખની) ઈઝાફત છે. તેમજ અમુક હદીષોથી પણ એ સાબિત થાય છે કે અલ્લાહ ﷻના માટે "અ઼યન" છે. તેમજ અમુક હદીષોમાં ક઼દમનો પણ સબૂત છે. ઈમામ બુખારીએ સૌના માટે એક અલગ પ્રકરણ રચ્યું છે. પરંતું ઈમામ બુખારીનો હેતુ એ હરગિઝ નથી કે અલ્લાહ ﷻઅંગો તથા ઉપાંગો ધરાવે છે અને મઆઝલ્લાહ તેને શરીર છે. અલ્લાહ ﷻના માટે શરીર માનવું અને અંગો સાબિત કરવાં એ ઉઘાડુ કુફ્ર છે. એટલા માટે કે શરીર મુરક્કબ (વિવિધ તત્વોનું બનેલ) હોય છે અને દરેક મુરક્કબ હાદિષ (નાશવંત) છે. એટલા માટે કે દરેક મુરક્કબથી પહેલાં તેના ભાગો હોય છે. અને એના પર પૂરી ઉમ્મતનો ક઼તઈ લજમાઅ છે કે અલ્લાહ ﷻ ક઼દીમ (હમેશાંથી હમેશાં માટે) છે. તેમજ દરેક મુરક્કબ પોતાના અસ્તિત્વમાં ભાગોનો મોહતાજ હોય છે અને મોહતાજ હોવુ નાશવંત હોવાની છે. અને અલ્લાહ ﷻ વાજિબ બિઝ્ઝાત છે. એટલા માટે આ સર્વ શબ્દોને મુતશાબેહાતમાં સામેલ ગણવામાં આવ્યા છે. અને પબ્લિકને સમજાવવાને માટે યોગ્ય તાવીલો કરવામાં આવી છે. ઈમામ બુખારીએ આ પ્રકરણના હેઠળ દજ્જાલની હદીષો વર્ણવી છે જેમાં એવું ફર્માવવામાં આવ્યું :

"તે કાણો છે અને તમારો રબ કાણો નથી." انه اعوروان ربکم لیس باعور

એનો તકાદો એ છે કે અલ્લાહ ﷻના માટે આંખ છે.

**પ્રકરણ : નબી ﷺના આ ઈર્શાદનું બયાન : "કોઈ શખ્સ અલ્લાહ ﷻથી અધિક ગૈરતમંદ નથી."** –(૧૧૦૩)

بَابُ قَوْلِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَا شَخْصَ اَغْيَرُ مِنَ اللّٰهِ

ص ۱۱۰۳

### ★ અલ્લાહ માટે શખ્સ બોલાવા વિશે ★

**સ્પષ્ટતા :** એના હેઠળ હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ મુગીરાની હદીષ વર્ણવી જેમાં હઝરત સઅદ બિન ઓબાદા رضی اللہ عنہનો આ ક઼ૌલ વર્ણન થયેલ છે કે જો હું મારી પત્નીની સાથે કોઈ પુરૂષને જોઉં તો તેને મારી નાખીશ. આ વાત જયારે રસૂલુલ્લાહ ﷺ સુધી પહોંચી તો ફર્માવ્યું, તમે લોકો સઅદની ગૈરતથી આશ્ચર્ય કરો છો ! હું એનાથી વધુ ગૈરતમંદ છું અને મારાથી વધુ અલ્લાહ ગૈરતમંદ છે. આ હદીષના અમુક તરીક઼ાઓમાં وَلَا شَخْصَ اَغْيَرُ مِنَ اللّٰهِ છે. અલ્લાહથી વધુ કોઈ શખ્સ ગૈરતમંદ નથી. આ હદીષથી સાબિત થયું કે અલ્લાહ તઆલા પર શખ્સનો ઈત્લાક઼ (બોલાવું) દુરુસ્ત છે.

## ★ શખ્સ બોલવું અલ્લાહ માટે જાઈઝ નથી ★

પરંતું આ હદીષ વિવિધ સહાબાઓથી રિવાયત પામેલી છે. સૌની રિવાયતોમાં شَخص ને બદલે اَحَدٌ છે, કેવળ એક રિવાયતમાં "શખ્સ" આવેલ છે. એના પર ઉમ્મતનો ઈજમાઅ છે કે "શખ્સ"નો ઈત્લાક઼ (બોલાવું–કહેવું) અલ્લાહ તઆલા માટે જાઈઝ નથી. એટલા માટે કે શખ્સ શરીર હોય છે મુરક્કબ હોય છે, અને અલ્લાહ તઆલા એનાથી પાક છે, ત્યાં સુધી કે જહમિય્યહ જેઓ અલ્લાહ ﷻના માટે શરીર માને છે તેઓ પણ "શખ્સ" બોલવાને અલ્લાહ માટે જાઈઝ નથી જાણતા. શક્ય છે કે રાવીનો ફેરફાર હોય. એ પ્રમાણે ગૈરતનો અર્થ થાય છે, જે વસ્ફ (ગુણ) કોઈની સાથે ખાસ હોય એમાં બીજાની ભાગીદારીથી જે આક્રોશ તથા ગઝબ (ગુસ્સો) થાય છે તેને ગૈરત કહે છે. અલ્લાહ તઆલા એનાથી પાક છે. ગૈરતની લાઝમી બાબતોમાંથી છે કે રોકવું તથા મના કરવું. અલ્લાહ ﷻની તરફ જ્યારે ગૈરતની નિસ્બત થાય તો મુરાદ એનો લાઝમી અર્થ મના કરવું તથા રોકવું છે.

**પ્રકરણ : "અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "તમે ફર્માવો ! સૌથી મોટી ગવાહી કોની ? તમે ફર્માવો, અલ્લાહ ગવાહ છે." અલ્લાહે પોતાની ઝાતને "શય" ફર્માવ્યું અને નબી ﷺએ કુર્આનને "શય" ફર્માવ્યું. જ્યારે કે કુર્આન અલ્લાહ તઆલાની સિફતોમાંથી એક સિફત છે. અને ફર્માવ્યું : "દરેક શય (ચીજ) ફના થનારી છે પણ તેની ઝાત."** –*(૧૧૦૩)*

بَابٌ قُلْ اَیُّ شَیْءٍ اَکْبَرُ شَهَادَةً
قُلِ اللّٰهُ فَسَمَّى اللّٰهُ نَفْسَهٗ شَيْئًا وَسَمَّى النَّبِیُّ
صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ الْقُرْاٰنَ شَيْئًا وَ
وَهُوَ صِفَةٌ مِّنْ صِفَاتِ اللّٰهِ وَقَالَ كُلُّ شَيْءٍ
هَالِكٌ اِلَّا وَجْهَهٗ
ص ۱۱۰۳

## ★ અલ્લાહ માટે ચીજ બોલાવા વિશે ★

**સ્પષ્ટતા** : હઝરત ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે "શય"નો ઈત્લાક઼ અલ્લાહ ﷻ પર સહીહ છે. તેની સાબિતિમાં તેમણે બે આયતો પેશ કરી છે. અને હઝરત સહલ બિન સઅદ સાઅદીની હદીષ જેમાં એવું વર્ણન છે કે હુઝૂરે અક઼દસ ﷺએ એ સાહબને ફર્માવ્યું જેમની પાસે મહેરના માટે કાંઈ ન હતું : هَلْ مَعَكَ مِنَ الْقُرْاٰنِ شَیْءٌ આ હદીષમાં કુર્આનને "શય" કહેવામાં આવ્યું, જ્યારે કુર્આન અલ્લાહ તઆલાનું કલામ અને તેની સિફત છે. એનાથી સાબિત થયું કે અલ્લાહ તઆલા પર "શય"નો ઈત્લાક઼ દુરુસ્ત છે.

તફસીલ એ છે કે "શય" ના ત્રણ અર્થો છે : مَا یُعْلَمُ وَ یُخْبَرُ بِهٖ જેને જાણવામાં આવે અને જેના બારામાં ખબર આપવામાં આવી શકે. આયતે કરીમા وَهُوَ بِكُلِّ شَیْءٍ عَلِیْمٌમાં "શય"થી એ જ મુરાદ છે. આ સર્વ મૌજૂદાત, મુમ્કિનાત, મુમ્તનિઆત (અશક્ય)ને માટે આમ (સર્વ સામાન્ય) છે. બીજો અર્થ મુમ્કિન (શક્ય)નો છે, ચાહે મૌજૂદ હોય કે અઝલન્ અબદન (હમેશાં હમેશ) અનઅસ્તિત્વવાળુ હોય. આયતે કરીમા اِنَّ اللّٰهَ عَلٰی كُلِّ شَیْءٍ قَدِیْرٌમાં "શય"થી મુરાદ શક્ય જ છે.

ત્રીજો અર્થ મૌજૂદનો છે. خَالِقُ كُلِّ شَیْءٍમાં એ જ અર્થ મુરાદ છે. અક઼ીદાની કિતાબોમાં જે ફર્માવ્વામાં આવ્યું الشیءُ عِندَ نَا هُو المَوْجُوْدથી એ જ મુરાદ છે અને અહીં મૌજૂદથી મુરાદ અત્યારે મૌજૂદ નથી બલ્કે હમેશાં હમેશથી જે ચીજ વજૂદમાં આવી અથવા આવશે, તે મુરાદ છે.

આ તફસીલના પ્રમાણે "શય"નો પ્રથમ અર્થ અને અંતિમ અર્થ અલ્લાહ ﷻ પર લાગુ થાય છે. પણ આપણા ઉર્ફમાં "શય"નો ઈત્લાક઼ (બોલાવું) રબ તઆલા માટે નથી એટલા માટે એનાથી બચવું જોઈએ.

પ્રકરણ : અલ્લાહના આ ઈર્શાદનું બયાન : "એનો અર્શ પાણી પર હતો અને તે અર્શે અઝીમનો રબ છે." –(૧૧૦૩)

بَابُ قَوْلِهٖ وَكَانَ عَرْشُهٗ عَلَى الْمَآءِ وَهُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ص ۱۱۰۳

### ★ અલ્લાહ તઆલા અર્શ પર મુસ્તવી ★

**સ્પષ્ટતા :** અર્શનો અર્થ તખ્ત થાય છે, ખાસ કરીને બાદશાહનો તખ્ત. ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે અલ્લાહ ﷻના માટે જ્યારે અર્શ છે તો એ એના પર મુસ્તવી છે. એમની મુરાદ એ જ છે કે જ્યારે કુર્આન મજીદની આયતોમાં એ આવેલ છે તો એના માટે એવું કહેવામાં કોઈ વાંધો નથી કે અલ્લાહ તઆલા અર્શ પર મુસ્તવી છે. અને ઈસ્તવાથી શું મુરાદ છે એ મુતશાબેહાતમાંથી છે. અને એ મુરાદ નથી કે તે અર્શ પર બેઠો છે અને અર્શે તેને ઘેરેલ છે. આ અક્લ તથા નક્લની વિરૂધ્ધ છે. કુર્આન મજીદમાં ફર્માવવામાં આવ્યું : وَهُوَ بِكُلِّ شَىْءٍ مُّحِيْطٌ અલ્લાહ તઆલાએ દરેક ચીજને ઘેરેલી છે. એમાં અર્શ પણ સામેલ છે, પછી એવું કેવી રીતે શક્ય છે કે અર્શ અલ્લાહ ﷻને ઘેરેલ છે ? તેમ જ અલ્લાહ ﷻની ઝાત ગૈર મુત્નાહી (અસીમ) બિલ્ફેઅલ છે. જો એ માની લેવામાં આવે કે અર્શ એને ઘેરેલ છે તો ગૈર મુત્નાહી નહીં રહે, મુત્નાહી થઈ જશે.

### ★ ઈબ્ને તયમિયા તથા વહાબીની રદ ★

ઈબ્ને તયમિયાની આંધળી તકલીદમાં આજકાલ નજદીઓનો પણ એ જ અક઼ીદો છે કે અલ્લાહ ﷻ અર્શ પર એવી રીતે બેઠો છે જેવી રીતે બાદશાહ તખ્ત પર બેસે છે. જે અહલે સુન્નતના ઈજમાઈ અક઼ીદાની વિરૂધ્ધ છે, અને અક઼લ તથા નક઼લથી પણ વિરૂધ્ધ છે.

ت ۸۶۹ وَقَالَ اَبُوالْعَالِيَةِ اِسْتَوٰى اِلَى السَّمَاءِ ارْتَفَعَ فَسَوَّاهُنَّ خَلَقَهُنَّ

*"અને અબુલ આલિયાએ કહ્યું કે આયતે કરીમા اِسْتَوٰى اِلَى السَّمَاءِ થી મુરાદ એ છે કે અલ્લાહે પોતાની કુદરતને આસમાનથી મુતઅલ્લિક઼ કરી અને તેને બનાવ્યું."* **[તઅલીક઼ : ૮૬૯]**

ت ۸۷۰ وَقَالَ مُجَاهِدٌ اِسْتَوٰى عَلَى الْعَرْشِ، عَلَا عَلَى الْعَرْشِ

*"અને મુજાહિદે કહ્યું કે اِسْتَوٰى عَلَى الْعَرْشِ થી મુરાદ એ છે કે તેણે પોતાની સિફતે ઉલૂની તજલ્લી અર્શ પર નાખી."* **[તઅલીક઼ : ૮૭૦]**

આપણો મુહક્ક઼ક઼ મઝહબ એ છે કે જે ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہاએ ફર્માવ્યું, اِسْتَوٰى મજહૂલ નથી અને કૈફ અક઼લમાં આવનારી વાત નથી. અને એનો ઈક઼રાર ઈમાન છે અને ઈન્કાર કુફ્ર છે. એટલે કે આ પણ મુતશાબેહાતમાંથી છે.

ت ۸۷۱ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَلْمَجِيْدُ الْكَرِيْمُ

*"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું : مجید નો અર્થ કરીમ એટલે* **[તઅલીક઼ : ૮૭૧]**

وَالْوُدُوْدُ الْحَبِيْبُ يُقَالُ حَمِيْدٌ مَّجِيْدٌ كَاَنَّهٗ فَعِيْلٌ مِّنْ مَّاجِدٍ وَّمَحْمُوْدٌ مِّنْ حَمِدَ

*ઈજ્જતવાળો છે. ودود નો અર્થ હબીબ એટલે મહબૂબ છે. وُدُوْدٌ ફઉલુન્ના વજન પર وَدَّ થી મુબાલેગાનો*

*સેગો છે, ઈસ્મે મફઊલના અર્થમાં. કહેવામાં આવે છે કે حميد مجيد હમીદ મજીદ માજિદથી ફેઅલના વજન પર*

*સિફતે મુશબ્બહ છે. અને مَحْمُوْد حَمِدَ મહમૂદ હમેદથી છે.*

*એ રીતે حميد પણ حمد થી ફઈલુન્ના વજન પર સિફતે મુશબ્બહ છે."*

بَابُ قَوْلِ اللّٰهِ تَعْرُجُ الْمَلٰٓئِكَةُ وَالرُّوْحُ اِلَيْهِ وَقَوْلِهٖ اِلَيْهِ يَصْعَدُ الْكَلِمُ الطَّيِّبُ ص ۱۱۰۴

**પ્રકરણ : "અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "મલાઈકા તથા જિબ્રઈલ એની બારગાહની તરફ ઊંચે પ્રયાણ કરે છે." અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "અને એની તરફ બુલંદ થાય છે પાકીઝા કલામ."** *(૧૧૦૪)*

**સ્પષ્ટતા :** આ પ્રકરણથી ઈમામ બુખારીનો હેતુ એ છે કે અલ્લાહ ﷻ ના અસ્મામાંથી ઝુલમઆરિજ પણ છે જેની દલીલ આ બે આયતો છે જે પ્રકરણના ટાઈટલમાં વર્ણન થયેલી છે. મલાઈકા (ફરિશ્તાઓ)ના બારામાં જે ફર્માવવામાં આવ્યું. تَعْرُجُ اِلَيْهِ એનાથી મુરાદ ફરિશ્તાઓનું પોતાની મંઝિલોની પ્રતિ જવું છે. અને આ આયતમાં રૂહથી મુરાદ જિબ્રઈલે અમીન છે, એનાથી મુરાદ એ જ એટલે એમનું પોતાની મંઝિલની તરફ જવું છે.

અમુક મુફસ્સિરોએ ફર્માવ્યું કે રૂહથી મુરાદ રૂહે ઈન્સાની છે. આ આધાર પર એનાથી મુરાદ ક઼બ્ઝ થયા બાદ રૂહોનું આસ્માનની તરફ જવું છે. જેવું કે હદીષ શરીફમાં આવેલ છે. અને આયતે કરીમા اِلَيْهِ يَصْعَدُ الْكَلِمُ الطَّيِّبُ وَالْعَمَلُ الصَّالِحُ થી મુરાદ ક઼બૂલ થવું છે.

### ★ બાતિલ ફિર્ક઼ાઓની રદ ★

મુજસ્સમા તથા જહમિય્યહ એનાથી જાહેર અર્થને સામે રાખીને અલ્લાહ તઆલાના માટે શરીર તથા મકાન સાબિત કરે છે, પરંતુ અલ્લાહના માટે મકાન કે શરીરનું હોવું અક઼લન્ તથા નક઼લન્ બાતિલ છે. એટલા માટે આ આયતોથી શું મુરાદ છે એને અલ્લાહ ﷻ જાણે અથવા તેના રસૂલ ﷺ જાણે અથવા પછી એ તાવીલ કરવામાં આવે જે અમે વર્ણન કરી.

قَالَ مُجَاهِدٌ اَلْعَمَلُ الصَّالِحُ يَرْفَعُ الْكَلِمُ الطَّيِّبُ يُقَالُ ذِى الْمَعَارِجِ الْمَلٰٓئِكَةُ تَعْرُجُ اِلَى اللّٰهِ

*"મુજાહિદે કહ્યું નેક અમલ સારા કલમાઓને બુલંદ કરે છે.* **[તઅલીક઼ : ૮૭૨]**

*કહેવામાં આવે છે ઝુલમઆરિજ. કેમ કે ફરિશ્તા અલ્લાહ તઆલાની તરફ ઉરૂઝ કરે છે."*

એનો મતલબ એ છે કે અમલે સાલેહથી તેમની મુરાદ ફર્ઝોની અદાયગી છે અને કલ્મએ તૈયબથી મુરાદ અલ્લાહ તઆલાનો ઝિક્ર છે. જે શખ્સ ફર્ઝો અદા ન કરે તેના નફલો મોઅલ્લક઼ રહે છે. અલ્લાહ તઆલાએ પોતાની સિફત વર્ણવી. "ઝીલ મઆરિજ" એ એના કારણે છે કે તેની બારગાહે ખાસની તરફ ફરિશ્તા જાય છે. બારગાહનું ખાસ હોવું એની વિરૂધ્ધ નથી કે અલ્લાહ તઆલા દરેક ચીજને ઘેરેલ છે અને તે શહીદ છે." وَاللّٰهُ تَعَالٰى اَعْلَمُ بِالصَّوَابِ

**પ્રકરણ : "અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "કેટલાક મોઢાં એ દિવસે તરોતાઝાં હશે પોતાને રબને જોતાં હશે."**

بَابُ قَوْلِ اللّٰهِ تَعَالٰى وُجُوْهٌ يَّوْمَئِذٍ نَاضِرَةٌ اِلٰى رَبِّهَا نَاضِرَةٌ ص ١١٠٥

**સ્પષ્ટતા :** ઈમામ બુખારી આ પ્રકરણમાં એ ફાયદો કરવા ચાહે છે કે કયામતના દિવસે દરેક મો'મિનને અલ્લાહ ﷻના દીદાર થશે જે કૈફ વિના દિશા વિના થશે, જેની ચર્ચા (ભાગ–૧)માં વિસ્તારપૂર્વક થઈ ચૂકી છે. રૂયતે બારી (રબના દીદાર)ની સાબિતી મશહૂર હદીષોથી છે, અને એનો ઈન્કાર કરવો ગુમરાહી છે.

وَقَالَ قَيْسُ بْنُ سَعْدٍ وَاَبُو الزُّبَيْرِ عَنْ طَاؤُسٍ قَيَّامٌ આ પ્રકરણમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની આ હદીષ વર્ણન થયેલી છે કે નબી ﷺ જ્યારે રાતમાં તહજ્જુદ પઢવાના માટે ઉઠતા તો આ દુઆ પઢતા : اَللّٰهُمَّ رَبَّنَا لَكَ الْحَمْدُ اَنْتَ قَيِّمُ السَّمٰوٰتِ وَالْاَرْضِ આ સનદની સાથે હઝરત તાઉસથી જ કૈસ બિન સઅદ અને અબૂ ઝુબૈરથી اَنْتَ قَيِّمُ السَّمٰوٰتِ وَالْاَرْضِ નેબદલે اَنْتَ قَيَّام રિવાયત થયેલ છે.

**★ કૈયૂમ અલ્લાહની ખાસ સિફત ★**

ت ٨٧٣ وَقَالَ مُجَاهِدٌ اَلْقَيُّوْمُ الْقَائِمُ عَلٰى كُلِّ شَيْئٍ وَقَرَأَ عُمَرُ الْقَيَّامُ

*"અને ઈમામ મુજાહિદે કહ્યું, કૈયૂમનો અર્થ છે જે દરેક ચીજ પર કાયમ છે* **[તઅલીક : ૮૭૩]**

وَكِلَاهُمَا مَدْحٌ

*અને હઝરત ઉમરે આયતુલ કુર્સીમાં કૈયૂમને બદલે اَلْقَيَّامُ પઢયું અને બંનેવ તારીફ છે."*

**★ કૈયૂમ કેવળ અલ્લાહની જાત જ છે ★**

**તઅલીક : ૮૭૩ની સમજૂતી**

એટલે قيوم (કૈયૂમ) અને قيام બંનેવ પ્રશંસાઓ છે. એમનો અર્થ એ છે કે તે જાત જે દરેક ચીજ પર કાયમ થાય, જે ચાહે તદબીર કરે, જેને ઝવાલ (પડતી) નથી. મુહમ્મદ બિન ફરહે كتاب الاسنٰى بِاَسْمَاءِ الْحُسْنٰى માં કહ્યું કે બંદાનો વસ્ફ (ગુણ) કૈયિમ (قيم)ની સાથે જાઈઝ છે, قيوم (કૈયૂમ)ની સાથે નહીં. ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ અલ્ મકસદુલ અસ્નામાં ફર્માવ્યું, قيوم (કૈયૂમ) કેવળ અલ્લાહ તઆલાની જાત છે. એટલા માટે મજમઉલ અન્હરમાં ફર્માવ્યું કે કૈયૂમનો ઈત્લાક (બોલાવુ) બંદા માટે કુફ્ર છે, કેમ કે એ અલ્લાહ તઆલાની ખાસ સિફત છે.

**★ આરિફોના કલામમાં કૈયૂમનો ઈત્લાક ★**

તેમ છતાં અમુક આરિફોના કલામમાં કૈયૂમનો ઈત્લાક બંદાઓ પર આવ્યો છે, એટલા માટે એનો ઈત્લાક બંદાઓ પર કુફ્ર નથી, વધુમાં વધુમાં નાજાઈઝ હોય શકે છે. એની પણ તાવીલ તે જ કરવામાં આવશે જે હકીમ, રશીદ, રઊફ, રહીમ વગેરેની કરવામાં આવે છે.

**પ્રકરણ : "આસ્માન તથા જમીન અને બીજી મખ્લૂક઼ને પેદા કરવામાં જે કાંઈ આવ્યું છે તેનું વર્ણન.** –(૧૧૧૦)

بَابُ مَاجَاءَ فِیْ تَخْلِیْقِ السَّمٰوٰتِ وَ الْاَرْضِ وَغَیْرِھَا مِنَ الْخَلَائِقِ ص ۱۱۱۰

وَھُوَفِعْلُ الرَّبِّ وَاَمْرُہٗ فَالرَّبُّ بِصِفَاتِہٖ وَفِعْلِہٖ وَاَمْرِہٖ وَکَلَامِہٖ

*'અને તખ્લીક઼ (સર્જન) રબનો ફેઅલ છે અને એનું અમ્ર (કાર્ય) છે. રબ પોતાની સિફતો, અફઆલની તથા*

ھُوَالْخَالِقُ ۔ اَلْمُکَوِّنُ غَیْرُمَخْلُوْقٍ وَمَاکَانَ بِفِعْلِہٖ وَاَمْرِہٖ وَتَخْلِیْقِہٖ وَتَکْوِیْنِہٖ

*અમ્ર તથા કલામની સાથે ખાલિક઼ છે. અને મુકવ્વિન મખ્લૂક઼ નથી. અને જે ચીજ તેના ફેઅલ તથા અમ્ર તથા*

فَھُوَ مَفْعُوْلٌ مَّخْلُوْقٌ مُّکَوَّنٌ

*તખ્લીક઼ તથા તકવીનથી થાય તે મફઉલ મખ્લૂક઼ મુકવ્વન છે."*

**સ્પષ્ટતા :** ઈર્શાદ ફર્માવવામાં આવ્યો : اَلَا لَہُ الْخَلْقُ وَالْاَمْرُ સાંભળો ! અલ્લાહના માટે જ ખલ્ક઼ તથા અમ્ર છે. અત્ફ મુગાએરત ચાહે છે, એનાથી જાહેર થાય છે કે આલમે ખલ્ક઼ અલગ છે અને આલમે અમ્ર અલગ છે. મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہથી મલ્ફૂઝાતમાં નક઼લ થયેલ છે કે ફર્માવ્યું, માદ્દા વડે કોઈ ચીજને બનાવવાને ખલ્ક઼ કહે છે અને માદ્દા વિના કોઈ ચીજને પેદા કરવાને અમ્ર કહે છે. પરંતું હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہના કલામથી જાહેર થઈ રહ્યું છે કે અમ્ર તથા ખલ્ક઼ એક જ ચીજ છે અને આમ છે, ચાહે માદ્દાથી કોઈ ચીજ બનાવવામાં આવે અથવા વિના માદ્દાએ બનાવવામાં આવે. બંનેમાં એકરૂપતા એ છે કે કદી કદી ખલ્ક઼ સામાન્ય અર્થમાં વપરાય છે અને વર્ણવેલ આયતમાં ખાસના અર્થમાં છે.

**★ એની પાસે શફાઅત કામ નથી આપતી, પણ જેના માટે તે ઈજાઝત આપે ★**

**પ્રકરણ : અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "અને એની પાસે શફાઅત કામ નથી આપતી, પણ જેના માટે તે ઈજાઝત આપે, ત્યાં સુધી કે જ્યારે એમનાં દિલોની ગભરાહટ દૂર કરી દેવામાં આવે છે તો એકબીજાથી કહે છે, તમારા રબે શું ફર્માવ્યું ? તે કહે છે, જે ફર્માવ્યું, સાચુ ફર્માવ્યું અને તે જ છે બુલંદ બડાઈવાળો. અને એવું નથી ફર્માવ્યું કે તમારા રબે શું પેદા કર્યું, અને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, તે કોણ છે જે એના ત્યાં સિફારિશ કરે એના હુકમ વિના ?!** –(૧૧૧૪)

بَابُ قَوْلِہٖ وَلَا تَنْفَعُ الشَّفَاعَۃُ عِنْدَہٗ اِلَّا لِمَنْ اَذِنَ لَہٗ ۔ حَتّٰۤی اِذَا فُزِّعَ عَنْ قُلُوْبِھِمْ قَالُوْا مَاذَا قَالَ رَبُّکُمْ قَالُوا الْحَقَّ وَھُوَ الْعَلِیُّ الْکَبِیْرُ ۔ وَلَمْ یَقُلْ مَاذَا خَلَقَ رَبُّکُمْ ۔ وَقَالَ مَنْ ذَا الَّذِیْ یَشْفَعُ عِنْدَہٗ اِلَّا بِاِذْنِہٖ ص ۱۱۱۴

**સ્પષ્ટતા :** આ પ્રકરણથી ઈમામ બુખારીનો હેતુ એ છે કે અલ્લાહ તઆલાની કલામની સિફત પણ છે જે અઝલી અબદી (હમેશાંથી હમેશાં સુધી) છે. અલ્લાહની જાતની સાથે ક઼ાયમ છે. આ અર્થમાં કે ન અયન જાત છે ન ગૈર જાત. એની દલીલ એ છે કે આયતે કરીમામાં છે કે ફર્માવ્યું : مَاذَا قَالَ رَبُّکُمْ અને એવું નથી ફર્માવ્યું : مَاذَا خَلَقَ رَبُّکُمْ 'અને એવું નથી ફર્માવ્યું કે શું પેદા કર્યું. અને ક઼ૌલ કલામ જ હોય છે.

## ★ અલ્લાહ તઆલાના મુતકલ્લિમ (વાત કરનાર) હોવાનો મતલબ ★

એમાં મોઅતઝલા, ખારજી, મુરજીયા, જહમિય્યહ, નજારિયાની રદ છે, તેઓ કહે છે કે અલ્લાહ તઆલાના મુતકલ્લિમ (વાત કરનાર) હોવાનો મતલબ એ છે કે એણે લોહે મહેફૂઝમાં કલામ લખી આપ્યું.

એના બારામાં ત્રણ ક઼ૌલ અહલે હક્ક઼ના છે કે કુર્આન મખ્લૂક઼ નથી અને તે અલ્લાહ તઆલાનું કલામ છે જે અલ્લાહ તઆલાની જાતની સાથે ક઼ાયમ છે, એ રીતે કે ન અ઼યન જાત છે ન ગૈર જાત, ન મુન્ક઼સિમ (વિભાજન) થાય છે ન તો વિભાજીત થાય છે. અને મખ્લૂક઼ના કોઈ કલામની જેમ નથી અને સૌતો લહન (અવાજ તથા લહેજા)થી પાક છે.

બીજો ક઼ૌલ વર્ણવેલ ફિર્ક઼ાઓનો છે અને ત્રીજો ક઼ૌલ કે એના બારામાં તવક્કુફ (મૌન) વાજિબ છે, ન મખ્લૂક઼ કહેવામાં આવે ન ગૈર મખ્લૂક઼.

બીજો ફાયદો પ્રકરણથી એ કર્યો કે અંબિયા, ફરિશ્તા તથા મો'મિનોની શફાઅત હક્ક઼ છે. અને કાફિરો જે દાવો કરે છે કે અમારા બાતિલ મઅબૂદો અલ્લાહને ત્યાં શફીઅ બનશે, એ બાતિલ છે. શફાઅતનો હક્ક઼ કેવળ તે જ લોકોને છે જેમને અલ્લાહ ઈજાઝત આપે, અને ઈજાઝત કેવળ અંબિયાએ કિરામ, મો'મિન તથા ફરિશ્તાઓના માટે છે.

## ★ અલ્લાહના કલામ વખતે આસ્માનવાળાઓની હાલત ★

ت ۸۷۴ وَقَالَ مَسْرُوْقٌ عَنِ ابْنِ مَسْعُوْدٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اِذَا تَکَلَّمَ

*''મસરૂક઼ે કહ્યું, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે,* **[તઅલીક઼ : ૮૭૪]**

اللّٰہُ بِالْوَحْیِ سَمِعَ اَھْلُ السَّمٰوٰتِ شَیْئًا فَاِذَا فُزِّعَ عَنْ قُلُوْبِھِمْ وَسَکَنَ

*જ્યારે અલ્લાહ તઆલા વહીની સાથે કલામ ફર્માવે છે તો આસ્માનવાળા કાંઈક સાંભળે છે. જ્યારે એમના*

الصَّوْتُ عَرَفُوْا اَنَّہُ الْحَقُّ وَنَادَوْا مَاذَا قَالَ رَبُّکُمْ قَالُوا الْحَقَّ

*દિલોથી ગભરાહટ દૂર થઈ જાય છે અને અવાજ બંધ થઈ જાય છે તો પહેચાને છે કે તે હક્ક઼ છે અને તે પોકાર કરે છે અને પૂછે છે કે તમારા રબે શું ફર્માવ્યુંઈ ? તો ફરિશ્તા કહે છે કે હક્ક઼ ફર્માવ્યું.''*

### તઅલીક઼ : ૮૭૪ની સમજૂતી

આ તઅલીક઼ને બયહક઼ીએ અસ્મા વ સિફાતમાં આ શબ્દો સાથે રિવાયત કરી છે કે જ્યારે અલ્લાહ તઆલા વહીની સાથે કલામ ફર્માવે છે તો આસ્માનવાળા સાંભળે છે અને આસ્માન પર ચીકણા પથ્થર પર સાંકળ ખેંચવાના કારણે જે અવાજ પેદા થાય છે એના જેવો અવાજ થાય છે. જેનાથી લોકો બેહોશ થઈ જાય છે, બેહોશ પડેલા રહે છે, ત્યાં સુધી કે જિબ્રઈલ علیہ السلام એમની પાસે તશરીફ લાવે છે તો એમનાં દિલોથી ગભરાહટ દૂર થઈ જાય છે. તો લોકો જિબ્રઈલને પૂછે છે કે તમારા રબે શું ફર્માવ્યું ? તે ફર્માવે છે, અલ્લાહ તઆલાએ હક્ક઼ ફર્માવ્યું. તો સૌ બુલંદ અવાજથી કહે છે, હક્ક઼ ! હક્ક઼ !

★ હશ્રના રોઝ અલ્લાહ એવા અવાજથી નિદા આપશે ★

ت ٨٧٥ وَيُذْكَرُ عَنْ جَابِرٍ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ أُنَيْسٍ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉનૈસ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે કહ્યું કે મેં* **[તઅલીક઼ : ૮૭૫]**

قَالَ سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ يَحْشُرُ اللّٰهُ الْعِبَادَ فَيُنَادِيْهِمْ

*નબી ﷺ ને એવું ફર્માવતાં સાંભળ્યા કે અલ્લાહ તઆલા બંદાઓને એકત્ર કરશે (હશ્રના દિવસે) અને*

بِصَوْتٍ يَسْمَعُهُ مَنْ بَعُدَ كَمَا يَسْمَعُهُ مَنْ قَرُبَ أَنَا الْمَلِكُ أَنَا الدَّيَّانُ

*તેમને પુકાર આપશે જેને દૂરવાળા એ જ પ્રમાણે સાંભળશે જેવી રીતે નજીકવાળા સાંભળશે,*

*હું બાદશાહ છું ! હું બદલો આપવાવાળો છું."*

**તઅલીક઼ : ૮૭૫ની સમજૂતી** ખુલાસામાં છે કે એને હારિષ બિન અબૂ ઓસામાએ પોતાની મુસ્નદમાં રિવાયત કરી છે. એના બાદ ઈમામ બુખારીએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી તે હદીષ વર્ણન કરી જે સૂરએ હજરની તફસીરમાં વર્ણન થઈ ચૂકી છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું, જ્યારે અલ્લાહ તઆલા આસ્માનમાં કોઈ ચીજનો હુકમ ફર્માવે છે તો ફરિશ્તાઓ પોતાના બાઝૂઓને હલાવે છે, અલ્લાહ તઆલાના માટે તવાઝોઅ (આજીજી)ના રૂપે જેનાથી એવો અવાજ પેદા થાય છે જાણે કે સાંકળ ચીકણા પથ્થર પર પડી હોય. જેનો અવાજ દૂર સુધી ફેલાય જાય છે. જ્યારે એમના દિલોથી ગભરાહટ દૂર થઈ જાય છે તો તેઓ એકબીજાને પૂછે છે, તમારા રબે શું ફર્માવ્યું ? તેઓ કહે છે કે હક઼ ફર્માવ્યું, અને તે બુલંદ અઝમતવાળો છે.

આ સર્વનો સાર એ નીકળ્યો કે કુર્આન તથા હદીષના ઈર્શાદોની રોશનીમાં અલ્લાહ તઆલાની તરફ ક઼ૌલની ઈસ્નાદ સાબિત છે જે એની દલીલ છે કે અલ્લાહ તઆલા કલામ ફર્માવે છે, મુતકલ્લિમ છે. અને એનો મતલબ એ નથી કે લોહે મહફૂઝમાં કલામ પેદા ફર્માવે છે. તેમજ સાંભળનારાઓનાં દિલો પર જે ગભરાહટ છવાઈ જાય છે તે અલ્લાહ તઆલાના કલામની અઝમતની હયબત (ધાક, પ્રભાવ)ના કારણે અને અવાજ ફરિશ્તાઓના બાઝૂઓના ફરફરાવવાના કારણે થાય છે.

بَابُ قَوْلِهٖ وَأَنْزَلَهٗ بِعِلْمِهٖ وَ الْمَلٰٓئِكَةُ يَشْهَدُوْنَ ص ١١١٥

**પ્રકરણ : અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "અલ્લાહ તઆલાએ એને નાઝિલ કર્યું પોતાના ઈલ્મથી, ફરિશ્તા ગવાહ છે."** *–(૧૧૧૫)*

ت ٨٧٦ قَالَ مُجَاهِدٌ يَتَنَزَّلُ الْأَمْرُ بَيْنَهُنَّ بَيْنَ السَّمَاءِ السَّابِعَةِ وَالْأَرْضِ

*"અને ઈમામ મુજાહિદે કહ્યું, પોતાનો હુકમ એમની દરમ્યાન નાઝિલ કરે છે* **[તઅલીક઼ : ૮૭૬]**

السَّابِعَةِ

*એટલે કે સાતમા આસ્માન તથા સાતમી જમીનની વચ્ચે."*

**સ્પષ્ટતા :** કુર્આન મજીદના માટે نزل-تنزیل-انزالનો જે શબ્દ આવ્યો છે એનાથી મોઅતઝલા વગેરેએ આ દલીલ કરી કે કુર્આન મખ્લૂક઼ છે એટલા માટે કે નુઝૂલ, ઈન્ઝાલ હાદિષની સિફ઼ત છે. અહલે સુન્નતે ફ઼ર્માવ્યું, અહીં ઈન્ઝાલથી મુરાદ ઈફ઼હામ છે. મતલબ એ છે કે અલ્લાહ તઆલાએ કુર્આનના અર્થને સમજાવ્યો. આ તાવીલ અલ્લામા ઈબ્ને બત્તાલથી નક઼લ થયેલ છે. પરંતુ એમાં શંકા છે. એનાથી લાઝિમ ઠરે છે કે નઝ્મે કુર્આન મુનઝ્ઝલ નથી, એટલા માટે સહીહ એ છે કે ઈન્ઝાલથી મુરાદ ઈબ્લાગ છે, એટલે પહોંચાડવું. મતલબ એ થયો કે અલ્લાહ તઆલાએ પોતાના કલામને પોતાના રસૂલ સુધી પહોંચાડયું. અથવા પછી એ જ કહેવામાં આવે કે એની કૈફિયત મજહૂલ છે. અલ્લાહ ﷻ અને એના રસૂલ ﷺ જાણે કે એનાથી શું મુરાદ છે.

## ★ ચાહે છે કે અલ્લાહના કલામને બદલી નાખે ★

بَابُ قَوْلِ اللّٰهِ تَعَالٰى يُرِيْدُوْنَ اَنْ يُّبَدِّلُوْا كَلَامَ اللّٰهِ لَقَوْلٌ فَصْلٌ حَقٌّ وَمَا هُوَ بِالْهَزْلِ بِاللَّعِبِ ۱۱۱۶ ص

**પ્રકરણ : "અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "ચાહે છે કે અલ્લાહના કલામને બદલી નાખે અને અલ્લાહ તઆલાએ જે ફ઼ર્માવ્યું : اِنَّهٗ لَقَوْلٌ فَصْلٌ وَّمَا هُوَ بِالْهَزْلِ આ આયતમાં فصلથી મુરાદ હક્ક઼ છે અને هزلથી મુરાદ لعب.** –*(૧૧૧૬)*

**સ્પષ્ટતા :** મુનાફિક઼ોએ પ્રથમ હુઝૂરે અક઼દસ ﷺની સાથે જેહાદમાં જવાથી ઈન્કાર કર્યો. પછી જ્યારે ખૈબર વગેરેની ફ઼તહોમાં જોયું કે ખૂબ માલે ગનીમત મળ્યો છે તો કહેવા લાગ્યા કે એમને પણ તમારી સાથે કેમ ન લઈ ગયા ?! જો કે ફ઼ર્માવી દીધું હતું કે મુનાફ઼િક઼ોને માલે ગનીમતથી કાંઈ હિસ્સો મળશે નહીં. એને જ ફ઼ર્માવવામાં આવ્યું : "ચાહે છે કે અલ્લાહના કલામને બદલી નાખે."

ઈમામ બુખારીનો આ પ્રકરણથી પણ મક઼સદ એ જ છે કે અલ્લાહ ﷻની સિફ઼ત કલામ છે જે પ્રકરણની બંનેવ આયતોથી સાબિત છે. પ્રથમ આયતમાં કલામુલ્લાહ સ્પષ્ટપણે છે, બીજી આયતમાં وقَوْلٌ فَصْلٌ વર્ણન થયેલ છે, અને ક઼ૌલ કલામ જ છે.

## ★ એક બંદાનું વારંવાર ગુનાહ કરવું પછી તૌબા કરવું ★

حدیث ۲۹۳۷ سَمِعْتُ عَبْدَ الرَّحْمٰنِ بْنَ اَبِیْ عَمْرَةَ ــــــ قَالَ سَمِعْتُ

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું, મેં નબી ﷺથી સાંભળ્યું કે ફ઼ર્માવ્યું, એક બંદો* **[હદીષ : ૨૯૩૭]**

اَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*કોઈ ગુનાહમાં પડયો. પછી કહ્યું, હે મારા રબ ! મેં ગુનોહ કર્યો છે એને બખ્શી આપ. તો તેના રબે ફ઼ર્માવ્યું,*

وَسَلَّمَ اَنَّ عَبْدًا اَصَابَ ذَنْبًا وَرُبَّمَا قَالَ اَذْنَبَ ذَنْبًا فَقَالَ رَبِّ اَذْنَبْتُ

*શું મારો બંદો એ જાણે છે કે એનો કોઈ રબ છે જે ગુનાહ માફ઼ કરે છે અથવા એના પર સજા આપે છે ?! મેં*

وَرُبَّمَا قَالَ اَصَبْتُ فَاغْفِرْهُ فَقَالَ رَبُّهٗ اَعَلِمَ عَبْدِیْ اَنَّ لَهٗ رَبًّا يَغْفِرُ

*મારા બંદાને માફ઼ કર્યો. ત્યાર બાદ જ્યાં સુધી અલ્લાહ તઆલા ચાહે છે, એ જ પ્રમાણે રહે છે. ફ઼રી ગુનોહ*

الذَّنْبَ وَيَاخُذُ بِهٖ غَفَرْتُ لِعَبْدِیْ ثُمَّ مَكَثَ مَاشَاءَ اللّٰهُ ثُمَّ اَصَابَ

*કરી બેસે છે ! ફરી પોતાના રબને અર્ઝ કરે છે, હે મારા રબ ! બીજો ગુનોહ કરી લીધો એને બખ્શી આપ. તો*

ذَنْبًا اَوْ اَذْنَبَ ذَنْبًا قَالَ رَبِّ اَذْنَبْتُ اَوْ اَصَبْتُ اٰخَرَ فَاغْفِرْهُ فَقَالَ

*અલ્લાહ તઆલા ફર્માવે છે, શું મારો બંદો જાણે છે કે તેનો કોઈ રબ છે જે ગુનાહ માફ કરે છે અથવા એના પર*

اَعَلِمَ عَبْدِیْ اَنَّ لَهٗ رَبًّا يَغْفِرُ الذَّنْبَ وَيَاخُذُ بِهٖ غَفَرْتُ لِعَبْدِیْ ثُمَّ

*સજા આપે છે ?! મેં મારા બંદાને માફ કર્યો. પછી જ્યાં સુધી અલ્લાહ તઆલા ચાહે છે એવું જ રહે છે, પાછો*

مَكَثَ مَاشَاءَ اللّٰهُ ثُمَّ اَذْنَبَ ذَنْبًا وَرُبَّمَا قَالَ اَصَابَ ذَنْبًا قَالَ رَبِّ

*ગુનોહ કરી બેસે છે ! અને અર્ઝ કરે છે, અય રબ ! મેં બીજો ગુનોહ કરી લીધો મને બખ્શી આપ ! તો ફર્માવે*

اَصَبْتُ اَوْ قَالَ اَذْنَبْتُ اٰخَرَ فَاغْفِرْهُ لِیْ فَقَالَ اَعَلِمَ عَبْدِیْ اَنَّ لَهٗ رَبًّا

*છે, શું મારો બંદો જાણે છે કે એનો કોઈ રબ છે જે ગુનાહ માફ કરે છે અથવા એના પર સજા આપે છે ?! મેં*

يَغْفِرُ الذَّنْبَ وَيَاخُذُ بِهٖ غَفَرْتُ لِعَبْدِیْ ثَلَاثًا ـه

*મારા બંદાને બખ્શી આપ્યો. ત્રણવાર.'' (મુસ્લિમ–તૌબા, નિસાઈ–અમલુલ્ યૌમિવલ્લૈલહ્)*

**હદીષ : ૨૯૩૭ની સમજૂતી** ઉમ્દતુલ કારીમાં જે મતન (મૂળ લખાણ) આપ્યું છે તેના અંતમાં આ પ્રમાણે છે : فَلْيَعْمَلْ مَا شَاءَ અને ફત્હુલ બારીમાં પણ છે. આ હદીષથી સાબિત થયું કે બંદો વારંવાર પણ ગુનોહ કરે અને તૌબા કરે તો માફીની ઉમ્મીદ છે.

بَابُ كَلَامِ الرَّبِّ يَوْمَ الْقِيٰمَةِ مَعَ الْاَنْبِيَاءِ وَغَيْرِهِمْ ١١١٨ ص

**પ્રકરણ : ''કયામતના દિવસે અલ્લાહ તઆલાનું કલામ અંબિયા عَلَيْهِمُ السَّلَام ની સાથે અને એમના સિવાયનાઓ સાથે.''** –(૧૧૧૮)

**સમજૂતી** : આ પ્રકરણથી પણ હેતુ મોઅતઝલા, ખારજી, જહ્મિય્યહ વગેરેનો રદ છે. અને એ સાબિત કરવું છે કે કલામ અલ્લાહ તઆલાની સિફત છે.

**★ શફાઅતની એક ઝલક ! ★**

حدیث ٢٩٣٨

عَنْ حُمَيْدٍ قَالَ سَمِعْتُ اَنَسًا رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ

*''હઝરત અનસ رضی اللہ عنہ એ કહ્યું, મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યા કે* **[હદીષ : ૨૯૩૮]**

سَمِعْتُ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ اِذَا كَانَ يَوْمُ الْقِيَامَةِ

*જ્યારે કયામતનો દિવસ થશે, મારી શફાઅત કબૂલ કરવામાં આવશે. હું અર્ઝ કરીશ, હે રબ ! એને પણ*

شُفِّعْتُ فَقُلْتُ يَارَبِّ اَدْخِلِ الْجَنَّةَ مَنْ كَانَ فِيْ قَلْبِهٖ خَرْدَلَةٌ

*જન્નતમાં દાખલ ફર્માવ જેના દિલમાં રાઈના દાણા બરાબર ઈમાન છે. તો એ લોકોને જન્નતમાં દાખલ*

فَيَدْخُلُوْنَ ثُمَّ اَقُوْلُ اَدْخِلِ الْجَنَّةَ مَنْ كَانَ فِيْ قَلْبِهٖ اَدْنٰى شَيْءٍ

*કરવામાં આવશે. પછી હું અર્ઝ કરીશ, એને પણ જન્નતમાં દાખલ ફર્માવ જેના દિલમાં કાંઈ પણ ઈમાન છે !*

فَقَالَ اَنَسٌ كَاَنِّيْ اَنْظُرُ اِلٰى اَصَابِعِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*હઝરત અનસે કહ્યું કે જાણે હું રસૂલુલ્લાહ ﷺની આંગળીઓને જોઈ રહ્યો છું.''*

**હદીષ : ૨૯૩૮ની સમજૂતી** છેવટના વાકયનો અર્થ એ છે કે રસૂલુલ્લાહ ﷺએ આંગળીને બીજીથી મિલાવી ઈશારો કર્યો કે આટલુ પણ ઈમાન.

આ હદીષ મુબહમ છે. એમાં કેવળ એ છે કે હું અર્ઝ કરીશ કે એને પણ જન્નતમાં દાખલ ફર્માવ, અને તે લોકોને જન્નતમાં દાખલ કરવામાં આવશે. પણ એના બાદ હઝરત અનસ رضی اللہ عنہથી જ શફાઅતની જે લાંબી હદીષ રિવાયત થયેલ છે તેમાં આ પ્રમાણે વિગત છે : ''ત્યારબાદ જો તેઓ મારી પાસે આવશે, હું ફર્માવીશ, હું શફાઅતના માટે છું. મારા રબની હાજરીની રજા માગીશ, મને ઈજાઝત મળશે, અને અલ્લાહ તઆલા એ વખતે મારા દિલમાં હમ્દ (પ્રશંસા)ના એવા સેગા ઈલ્કા ફર્માવશે જે હાલ મને માલૂમ નથી. હું એ સેગાઓ સાથે અલ્લાહ તઆલાની હમ્દ કરીશ અને એના માટે સિજદો કરીશ. તો મને કહેવામાં આવશે, હે મુહમ્મદ ! (ﷺ) તમારા માથાને ઉઠાવો ! કહો, તમારી વાત સાંભળવામાં આવશે ! માગો ! તમને આપવામાં આવશે, અને શફાઅત કરો, તમારી શફાઅત કબૂલ કરવામાં આવશે. હું અર્ઝ કરીશ, હે રબ ! મારી ઉમ્મત ! મારી ઉમ્મત ! મને કહેવામાં આવશે, જાવ અને જહન્નમમાંથી એમને કાઢી લો જેમના દિલમાં જવના બરાબર ઈમાન છે. હું જઈશ અને એવું કરીશ. પછી ફરીથી બીજીવાર હું હાજર થઈશ અને અગાઉની જેમ તે હમ્દોની સાથે હમ્દ કરીશ અને સજદો કરીશ. ફરી મને ફર્માવવામાં આવશે એના જેમ જે અગાઉ વર્ણન થઈ ચૂક્યું. પછી મને કહેવામાં આવશે, જાવ અને જહન્નમથી એને કાઢી લો જેના દિલમાં રજકણ કે રાઈના બરાબર ઈમાન છે. હું જઈશ અને એવું જ કરીશ. ફરી બારગાહમાં હાજર થઈશ અને અગાઉ જેમ તે પ્રશંસાઓની સાથે હમ્દ કરીશ અને સજદો કરીશ. ફરી મને એવું જ ફર્માવવામાં આવશે જે ઉપર ગુજર્યું. ફરી મને ફર્માવવામાં આવશે, જાવ ! જેના દિલમાં અદના અદના અદના રાઈના દાણા બરાબર ઈમાન છે તેને કાઢી લો. હું જઈશ અને એવું જ કરીશ. છેવટમાં કે પછી અમે લોકો ત્યાંથી નીકળીને અમારા સાથીઓની સાથે હસન બસરીની પાસે ગયા, તે હજ્જાજના ડરથી અબૂ હનીફાના ઘરમાં છુપાયેલ હતા. અમે તેમને હઝરત અનસની હદીષ વર્ણવી. તેમણે એટલો વધારો કર્યો કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, અને હું ચોથીવાર હાજર થઈશ અને તેવું જ કરીશ જે મેં અગાઉ કર્યુ હતું. અને હું અર્ઝ કરીશ, હે પરવરદિગાર ! મને ઈજાઝત આપ કે હું તેમને જહન્નમથી કાઢી લઉં જેમણે લાઈલાહ ઈલ્લલ્લાહ કહ્યું છે. અલ્લાહ તઆલા ફર્માવશે, મારી ઈજ્જત તથા જલાલ તથા કિબ્રિયાઈ તથા અઝમતની કસમ છે કે હું જહન્નમથી એ લોકોને કાઢી લઈશ જેમણે 'લાઈલાહ ઈલ્લલ્લાહ' કહ્યું છે.

આ હદીષ વિસ્તારપૂર્વક બાબુશ્શફાઅતમાં વર્ણન થઈ ચૂકી છે. અને એનો તર્જુમો એટલા માટે અહીં લખાવ્યો છે કે હઝરત અનસની પહેલીવાળી હદીષમાં ઈબ્હામ (અધ્યાહન વાતો) હતો તે દૂર થઈ જાય,

يُفَيِّدُ خَلُوْنَથી મુરાદ છે કે મને જહન્નમમાંથી કાઢવાનો અધિકાર આપવામાં આવશે, અને હું એ લોકોને કાઢીશ. અહીં આ હદીષની શરૂઆતમાં આ પ્રમાણે છે કે મઅ્બદ બિન હિલાલ ગ઼ઝીએ કહ્યું કે બસરાના અમે કેટલાક લોકો એકત્ર થયા અને હઝરત અનસ બિન માલિકની પાસે ગયા અને અમારી સાથે ષાબિત પણ ગયા જેથી કરીને એમને હદીષે શફાઅત પૂછીએ. અમે જયારે હઝરત અનસને ત્યાં ગયા તો તે પોતાના ઠેકાણે હતા અને ચાશતની નમાઝ પઢી રહ્યા હતા. અમે તેમનાથી ઈજાઝત લઈને અંદર ગયા. તે પોતાના બિછૌના પર બેઠેલા હતા. અમે ષાબિતને કહ્યું કે તેમને પહેલાં હદીષે શફાઅત વિશે પૂછો. તો ષાબિતે કહ્યું, અય અબૂ હમ્ઝા ! આ આપના બસરાના ભાઈ આપની પાસે આવ્યા છે કે આપથી હદીષે શફાઅત પૂછે. એના પર હઝરત અનસે પૂરી હદીષ વર્ણવી. પછી એ લોકો હઝરત ઈમામ હસન બસરીની પાસે ગયા અને તેમની સામે આ હદીષ વર્ણવી. અમે અહીં સુધી વર્ણન કર્યું, તો હઝરત હસન બસરીએ ફર્માવ્યું, અધિક કાંઈ ?! અમે કહ્યું, એનાથી વધુ તેમણે નથી વર્ણવ્યું. આ સાંભળીને એમણે કહ્યું કે હઝરત અનસે આજથી ૨૦ વરસો પહેલાં મને આ હદીષ વર્ણવી હતી (અને કાંઈક અધિક વર્ણવી હતી) હું નથી જાણતો કે હવે તે ભૂલી ગયા અથવા એટલા માટે પૂરી હદીષ વર્ણન નથી કરી કે લોકો શફાઅત પર ભરોસો કરીને અમલ છોડી બેસશે. તો અમે તેમને અર્ઝ કરી કે આપ પૂરી હદીષ વર્ણવી દો. તો તે હસ્યા અને ફર્માવ્યું, માનવ ઉતાવળ્યો પેદા કરવામાં આવ્યો છે. ત્યાર બાદ તેમણે એ બયાન કર્યું કે હુઝૂર અક઼દસ ﷺએ ફર્માવ્યું કે હું ચોથીવાર બારગાહે અક઼દસમાં હાજર થઈશ.......હદીષ છેવટ સુધી.

بَابُ ذِكْرِ اللّٰهِ بِالْاَمْرِ وَذِكْرِ الْعِبَادِ بِالدُّعَاءِ وَالتَّضَرُّعِ وَالرِّسَالَةِ وَالْاِبْلَاغِ لِقَوْلِهٖ تَعَالٰى اُذْكُرُوْنِىْٓ اَذْكُرْكُمْ ـــــ وَاتْلُ عَلَيْهِمْ نَبَاَ نُوْحٍ اِذْ قَالَ لِقَوْمِهٖ يٰقَوْمِ اِنْ كَانَ كَبُرَ عَلَيْكُمْ مَّقَامِىْ وَتَذْكِيْرِىْ بِاٰيٰتِ اللّٰهِ فَعَلَى اللّٰهِ تَوَكَّلْتُ فَاَجْمِعُوْٓا اَمْرَكُمْ وَشُرَكَآءَكُمْ ثُمَّ لَا يَكُنْ اَمْرُكُمْ عَلَيْكُمْ غُمَّةً اِلٰى قَوْلِهٖ مِنَ الْمُسْلِمِيْنَ غُمَّةٌ غَمٌّ وَضِيْقٌ

ص ۱۱۲۱

**પ્રકરણ : "એ વાતનું બયાન કે અલ્લાહ તઆલાનું બંદાઓને યાદ કરવાનો મતલબ એ થાય છે કે તે એને હુકમ આપે છે. અને બંદાઓનું અલ્લાહ તઆલાને યાદ કરવાનો મતલબ એ થાય છે કે બંદાઓ તેનાથી દુઆ કરે, તેની બારગાહમાં આજીજી કરે, તેના હુકમોને બંદાઓ સુધી પહોંચાડે. અલ્લાહ તઆલાના આ ઈર્શાદના કારણે કે ફર્માવ્યું, મને યાદ કરો હું તમને યાદ કરીશ. અને ફર્માવ્યું, એમની સામે નૂહની ખબર તિલાવત કરો જયારે કે તેમણે પોતાની ક઼ૌમને કહ્યું, હે મારી ક઼ૌમ ! જો મારો ક઼યામ અને અલ્લાહની આયતોનું યાદ અપાવવું તમને અઘરુ લાગે છે તો મેં અલ્લાહ પર ભરોસો કરી લીધો, તમે તથા તમારા ભાગીદારો જે નિશ્ચિત કરી ચૂક્યા છો તે કરો. પછી તમારા પર કોઈ તકલીફ નહીં થાય. એના બાદ મારી સાથે કરી નાખો (જે ધાર્યુ હોય) અને મને મોહલત ન આપો. હવે જો તમે મારી વાત ન માનો તો હું તમારી પાસે કોઈ અજર નથી માગતો, મારો બદલો અલ્લાહ પર છે અને મને હુકમ આપવામાં આવ્યો છે કે હું મુસલમાન રહું. غُمَّةٌ તથા غَمٌّ નો અર્થ તંગી (તકલીફ) છે."** –*(૧૧૨૧)*

**સ્પષ્ટતા :** ઈમામ બુખારી આ પ્રકરણથી એ ફાયદો કરવા ચાહે છે કે કુર્આને કરીમમાં ખુલાસો છે કે અલ્લાહ ﷻએ ફર્માવ્યું, મને યાદ કરો હું તમને યાદ કરીશ. તે યાદ કરવાથી શું મુરાદ છે ? ઈમામ બુખારી ફર્માવે છે કે અલ્લાહ તઆલાના યાદ કરવાનો મતલબ એ છે કે તે પોતાના બંદાઓને પોતાની ઈબાદત તથા ઈતાઅતનો હુકમ આપે છે, અને ફરિશ્તાઓને હુકમ આપે છે કે અમારા બંદાઓ પર રહમત નાઝિલ કરો. અને બંદાઓના યાદ કરવાનો મતલબ એ થાય છે કે તે અલ્લાહ ﷻથી દુઆ માગે અને તેની બારગાહમાં રૂદન આજીજી કરે અને તેના હુકમોને બંદાઓ સુધી પહોંચાડે. જેમ કે હુઝૂરે અક્દસ ﷺને હુકમ થયો. હઝરત નૂહ علیہ السلامએ પોતાની કૌમને જે કાંઈ ફર્માવ્યું હતું તે લોકોને બતાવે. આયતમાં غَمٌّનો શબ્દ આવ્યો હતો, એનો અર્થ દર્શાવ્યો કે તંગી (તકલીફ) છે.

ت ۸۷۷ قَالَ مُجَاهِدٌ اُقْضُوْا اِلَىَّ مَا فِىْ اَنْفُسِكُمْ يُقَالُ اُفْرُقْ فَاقْضِ

*"ઈમામ મુજાહિદે ફર્માવ્યું કે હઝરત નૂહ علیہ السلامએ પોતાની કૌમને જે ફર્માવ્યું હતું :* **[તઅલીક઼ : ૮૭૭]** *ثُمَّ اقْضُوْا اِلَىَّ એનાથી મુરાદ એ છે કે તમે તમારા જીવમાં જે કાંઈ ધારી લીધું છે મને નુકસાન પહોંચાડવા તથા તકલીફ પહોંચાડવાનો જે ઈરાદો કરી લીધો છે તે કરી નાખો. اُفْرُقْ اِقْضِ આ ઈમામ મુજાહિદનો કૌલ છે કે નહીં, એમાં શરહકર્તાઓમાં કલામ (મતભેદ) છે. મુરાદ એ છે, છુપાવો નહીં, તમારે જે કાંઈ કરવું છે તે કરી નાખો.*

ت ۸۷۸ وَقَالَ مُجَاهِدٌ وَاِنْ اَحَدٌ مِّنَ الْمُشْرِكِيْنَ اسْتَجَارَكَ

*"અને ઈમામ મુજાહિદે કહ્યું, જો મુશ્રિકોમાંથી કોઈ આપનાથી પનાહ (શરણ)* **[તઅલીક઼ : ૮૭૮]**

اِنْسَانٌ يَّاْتِيْهِ فَيَسْتَمِعُ مَا يَقُوْلُ وَمَا اُنْزِلَ عَلَيْهِ فَهُوَ اٰمِنٌ حَتّٰى يَاْتِيَهٗ

*માગે, કોઈ આપની પાસે આવે અને આપ જે ફર્માવો છો, અને જે આપ પર ઉતારવામાં આવ્યું તે ધ્યાનપૂર્વક*

فَيَسْمَعَ كَلَامَ اللّٰهِ حَتّٰى يَبْلُغَ مَاْمَنَهٗ حَيْثُ جَاءَ اَلنَّبَاُ الْعَظِيْمُ - اَلْقُرْاٰنُ

*સાંભળે તો તે અમ્નવાળો છે, ત્યાં સુધી કે આપની પાસે આવે અને અલ્લાહના કલામને સાંભળે, ત્યાં સુધી કે*

صَوَابًا - حَقًّا فِى الدُّنْيَا وَعَمَلٌ بِهٖ

*પોતાના અમ્નની જગાએ પહોંચી જાય, એટલે કે જ્યાંથી આવ્યો હતો. અને نبا العظیم કુર્આન છે*

*જે દુનિયામાં હક્ક અને સવાબ છે અને અમલને પાત્ર છે."*

**તઅલીક઼ : ૮૭૮ની સમજૂતી**

સૂરએ તૌબામાં ફર્માવવામાં આવ્યું : "અને હે મહબૂબ ! જો કોઈ મુશ્રિક તમારી પાસે પનાહ માગે તો તેને પનાહ આપો કે તે અલ્લાહ તઆલાનું કલામ સાંભળે, પછી તેના અમ્નની જગાએ પહોંચાડી આપો."

*(આ. ૬, પારા : ૧૦)*

**★ જો કોઈ મુશ્રિક તમારી પાસે પનાહ માગે તો તેને પનાહ આપો ★**

وَاِنْ اَحَدٌ مِّنَ الْمُشْرِكِيْنَ اسْتَجَارَكَ فَاَجِرْهُ حَتّٰى يَسْمَعَ كَلَامَ اللّٰهِ ثُمَّ اَبْلِغْهُ مَاْمَنَهٗ

ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ ઈમામ મુજાહિદથી આ આયતે કરીમાની તફસીર નક્લ કરી જે જાહેર છે. આ આયતના વર્ણનથી ઈમામ બુખારીનો હેતુ એ છે કે તેમણે જે એવું ફર્માવ્યું કે બંદાઓનું અલ્લાહનો ઝિક્ર કરવાનો મતલબ એ છે કે બંદાઓ અલ્લાહના હુકમોને અન્યો સુધી પહોંચાડે. તો સૌ માનવો માટે સામાન્ય છે, ત્યાં સુધી કે મુશ્રિકોને પણ. એટલે કે મુશ્રિકો સુધી પણ અલ્લાહ તઆલાના હુકમોને પહોંચાડવા જરૂરી છે.

بَابُ قَوْلِ اللّٰہِ فَلَا تَجْعَلُوا لِلّٰہِ اَنْدَادًا وَّقَوْلِہٖ وَتَجْعَلُوْنَ لَہٗ اَنْدَادًا ـ ذٰلِكَ رَبُّ الْعٰلَمِیْنَ وَقَوْلِہٖ وَالَّذِیْنَ لَایَدْعُوْنَ مَعَ اللّٰہِ اِلٰـہًا اٰخَرَ ـ وَلَقَدْ اُوْحِیَ اِلَیْكَ وَاِلَی الَّذِیْنَ مِنْ قَبْلِكَ لَئِنْ اَشْرَكْتَ لَیَحْبَطَنَّ عَمَلُكَ وَلَتَكُوْنَنَّ مِنَ الْخٰسِرِیْنَ بَلِ اللّٰہَ فَاعْبُدْ وَكُنْ مِّنَ الشّٰكِرِیْنَ

ص ۱۱۲۱

**પ્રકરણ : અલ્લાહ તઆલાના આ ઈર્શાદોનું બયાન : "તો અલ્લાહ તઆલાના માટે શરીક ન બનાવો." અને ફર્માવ્યું : "તમો અલ્લાહ તઆલાના માટે ભાગીદારો ઠરાવો છો, જ્યારે કે તે તમામ આલમને પાળવાવાળો છે." અને અલ્લાહ તઆલાનો આ ઈર્શાદ : "અલ્લાહની સાથે કોઈ અન્ય મઅબૂદને ન પૂજો." અને આપની તરફ અને આપથી પહેલાવાળાઓ પર એ વહી કરવામાં આવી છે કે જો ધારો કે (બફર્ઝે મુહાલ) જો તમે શિર્ક કરશો તો તમારો અમલ બેકાર થઈ જશે અને તમે નુકસાન ઉઠાવનારાઓમાંથી થઈ જશો, બલ્કે કેવળ અલ્લાહની ઈબાદત કરો અને શુક્ર કરવાવાળાઓમાંથી રહો.** *–(૧૧૨૧)*

## ★ બંદા પોતાના અફઆલ (કામો)ના ખાલિક્ નથી ★

**સ્પષ્ટતા** : ઈમામ બુખારી આ પ્રકરણથી અને આ પ્રકરણમાં વર્ણવેલ આયતોથી એ ફાયદો કરવા ચાહે છે કે બંદા પોતાના અફઆલ (કામો)ના ખાલિક્ નથી, બલ્કે બંદાઓનાં અફઆલનો પણ ખાલિક્ અલ્લાહ ﷻ છે. એના સિવાય કોઈ ચીજનો કોઈ ખાલિક્ નથી. અલ્લાહ ﷻના સિવાય કોઈને ખાલિક્ માનવો તેનો શરીક ઠરાવવું છે અને અલ્લાહ તઆલા શરીકથી પાક છે. હા ! બંદા પોતાના અમલોના કાસિબ (કોશિશથી કરનાર) છે, એટલે કે બંદાઓ તદ્દન મજબૂર પણ નથી, જેવું કે જબરિયા, જહમિયહ કહે છે અને પોતાના કામોના ખાલિક્ પણ નથી, જેવું કે મોઅતઝલા કહે છે. હક્ક એ છે કે મામલો જબ્ર તથા ક્દરની વચ્ચે છે જેને એ રીતે સમજો કે એક શખ્સ છતથી સીડી વડે નીચે ઉતર્યો, અને એક શખ્સ પડી ગયો. પહેલાને નીચે આવવામાં તેની કોશિશ તથા ઈરાદાને દખલ છે અને બીજાના નીચે આવવામાં ન તેના ઈરાદાને દખલ છે અને ન તેની કોશિશને. બંદાઓથી જ કાર્યો બહાર પડે છે એનું દષ્ટાંત પ્રથમ શખ્સ જેવું છે કે બંદા પોતાના ઈરાદા તથા કસબ (કોશિશ)થી કામો કરે છે, પણ સૌનો ખાલિક્ અલ્લાહ તઆલા છે.

**نِدٌّ** : કદી એને **نَدِیْد** પણ કહેવામાં આવે છે. **نِدّ** કોઈ ચીજના એવા દષ્ટાંતને કહે છે જે એના મામલાઓમાં એની સાથે ટકરાવ કરી શકે, અથવા જે એની જાતમાં શરીક હોય. **مِثْل** એ ચીજને કહે છે જે કોઈ ચીજમાં કોઈનો શરીક હોય, ભલે તેની સિફતો (ખૂબીઓ)માં કોઈ વસ્ફમાં શરીક હોય. મિષ્લ આમ છે અને નિદ ખાસ.

ت ۸۷۹ وَقَالَ عِكْرِمَةُ وَمَا يُؤْمِنُ اَكْثَرُهُمْ بِاللّٰهِ اِلَّا وَهُمْ

*''અને ઈકરમાએ કહ્યું, અલ્લાહ ﷻ એ જે ફર્માવ્યું છે કે એમના મોટાભાગના* **[તઅલીક઼ : ૮૭૯]**

مُشْرِكُوْنَ قَالَ يَسْئَلُهُمْ مَنْ خَلَقَهُمْ وَمَنْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ

*અલ્લાહ પર ઈમાન ધરાવે છે પણ તેઓ શિર્ક પણ કરે છે. મતલબ એ છે કે જો એમને પૂછો કે તમને કોણે*

فَيَقُوْلُنَّ اللّٰهُ فَذَالِكَ اِيْمَانُهُمْ وَهُمْ يَعْبُدُوْنَ غَيْرَهٗ

*પેદા કર્યા અને કોણે આસ્માન તથા જમીનને પેદા કર્યા? તો કહેશે, અલ્લાહે. આ એમનું ઈમાન છે તેમ છતાં*

وَمَا ذُكِرَ فِيْ خَلْقِ اَفْعَالِ الْعِبَادِ وَاِكْتِسَابِهِمْ بِقَوْلِهٖ تَعَالٰى وَخَلَقَ

*તેઓ અલ્લાહના ગૈરને પૂજે છે, આ એમનું શિર્ક છે. અને તે જે વર્ણન કરવામાં આવ્યું છે બંદાઓના અફઆલ*

كُلَّ شَيْءٍ وَقَدَّرَهٗ تَقْدِيْرًا

*(કામો)ના ખલ્ક઼ અને તેના ઈકતેસાબમાં. અલ્લાહ તઆલાના ઈર્શાદના કારણે કે ફર્માવ્યું, ''અને તેણે દરેક*

*ચીજને પેદા કરી અને બરાબર અંદાઝાથી રાખી.''*

આ પ્રકરણનો બીજો ભાગ છે અને મઅતૂફ઼ છે કૌલુલ્લાહ પર. એટલે એ પ્રકરણનું વર્ણન કે બંદાઓના અફઆલનો ખાલિક઼ અલ્લાહ છે, અને બંદાઓનો કસબ છે. દરેક ચીજનો ખાલિક઼ અલ્લાહ છે. આ સ્પષ્ટ ઈર્શાદ કુર્આને કરીમમાં મૌજૂદ છે અને ''શય''માં બંદાઓના ફેઅલો પણ સામેલ છે અને એનાથી ઉઘાડો એ ઈર્શાદ છે કે ફર્માવ્યું : وَاللّٰهُ خَلَقَكُمْ وَمَا تَعْمَلُوْنَ ''અને અલ્લાહે તમને પણ પેદા કર્યા અને તમારા અમલોને પણ.''

ت ۸۸۰ وَقَالَ مُجَاهِدٌ مَا تَنَزَّلُ الْمَلٰئِكَةُ اِلَّا بِالْحَقِّ بِالرِّسَالَةِ وَالْعَذَابِ

*''અને ફરિશ્તા નથી ઉતારતા પણ હક્ક઼, રિસાલત અને અઝાબની સાથે.''* **[તઅલીક઼ : ૮૮૦]**

**તઅલીક઼ : ૮૮૦ની સમજૂતી** تَنَزَّلُ માં બે કિ઼રાઅત છે તાર ની સાથે વાહિદ મુઅન્નષ ગાઈબનો સેગો. તો મતલબ એ થશે કે ફરિશ્તાઓ અલ્લાહના પયગામને તથા અઝાબને ઉતારે છે. એ એમનો કસબ થયો, જેનાથી સાબિત થયું કે બંદા પોતાના અફઆલના કાસિબ છે. અને બીજી કિ઼રાઅતથી نُنَزِّلُ જમા મુતકલ્લિમનો સેગો. આ કિ઼રાઅત પર ફરિશ્તા નિયુક્ત છે. હવે મતલબ એ થશે કે અલ્લાહ તઆલા ફર્માવે છે કે અમે ફરિશ્તાઓને પયગામ આપીને અથવા અઝાબનો હુકમ આપીને ઉતારીએ છીએ, એ ખલ્ક઼ થયું. એનાથી સાબિત થયું કે બંદાઓના અફઆલનો ખાલિક઼ અલ્લાહ છે.

ت ۸۸۱ لِيَسْئَلَ الصَّادِقِيْنَ الْمُبَلِّغِيْنَ الْمُؤَدِّيْنَ مِنَ الرُّسُلِ

*''જેથી અલ્લાહ સાચાઓને તેમના સત્યના બારામાં સવાલ કરે.* **[તઅલીક઼ : ૮૮૧]**

*એટલે એમના પયગામ પહોંચાડવાવાળા રસૂલોથી.''*

**તઅલીક઼ : ૮૮૧ની સમજૂતી**

આ પણ ઈમામ મુજાહિદનો ક઼ૌલ છે, જેવું કે કુર્તબીએ વર્ણન કર્યું.

ت ۸۸۲ وَاِنَّا لَهٗ لَحَافِظِيْنَ عِنْدَنَا

*''બેશક ! અમે હિફાઝત કરવાવાળા છીએ અમારી સમક્ષ.''* **[તઅલીક઼ : ૮૮૨]**

**તઅલીક઼ : ૮૮૨ની સમજૂતી** આ પણ ઈમામ મુજાહિદનો ક઼ૌલ છે.

ت ۸۸۳ وَالَّذِيْ جَاءَ بِالصِّدْقِ بِالْقُرْاٰنِ وَصَدَّقَ بِهِ الْمُؤْمِنُ

*''અને તે જે સચ્ચાઈ લઈને આવ્યો એટલે કે કુર્આનને, અને તેનું સમર્થન કર્યું.* **[તઅલીક઼ : ૮૮૩]**

يَقُوْلُ يَوْمَ الْقِيٰمَةِ هٰذَا الَّذِيْ اَعْطَيْتَنِيْ عَمِلْتُ بِمَا فِيْهِ

*એટલે કે મો'મિન ક઼યામતના દિવસે કહેશે, આ તે છે જે તેં મને અતા ફર્માવ્યું હતું.*

*એમાં જે વર્ણવેલ હતું એના પર મેં અમલ કર્યો.''*

بَابُ قَوْلِ اللّٰهِ كُلَّ يَوْمٍ هُوَ فِيْ شَاْنٍ وَمَا يَاْتِيْهِمْ مِّنْ ذِكْرٍ مِّنْ رَّبِّهِمْ مُّحْدَثٍ وَقَوْلِ اللّٰهِ لَعَلَّ اللّٰهَ يُحْدِثُ بَعْدَ ذٰلِكَ اَمْرًا وَاَنَّ حَدَثَهٗ لَا يُشْبِهُ حَدَثَ الْمَخْلُوْقِيْنَ لِقَوْلِهٖ لَيْسَ كَمِثْلِهٖ شَيْءٌ وَهُوَ السَّمِيْعُ الْبَصِيْرُ ص ۱۱۲۲

**પ્રકરણ** : અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : **''દરેક દિવસે તેને એક કામ છે. જ્યારે એમના રબની પાસેથી નવી નસીહત આવે છે.'' અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : ''કદાચ ! અલ્લાહ એના બાદ કોઈ નવો હુકમ મોકલે. અને અલ્લાહનું નવુ કામ મખ્લૂક઼ના નવા કામની સમાન નથી, કેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, એના જેમ કાંઈ નથી અને તે સાંભળનાર જોનાર છે.''** *–(૧૧૨૨)*

**સ્પષ્ટતા** : એટલે કે અલ્લાહ તઆલા પણ નવુ કામ કરે છે, અને મખ્લૂક઼ પણ નવુ કામ કરે છે પણ બંનેવમાં ફરક છે. અલ્લાહ તઆલા ખાલિક઼ છે અને મખ્લૂક઼ કાસિબ. (કોશિશ કરનાર)

**★ નમાઝમાં વાત ન કરો ★**

ت ۸۸۴ وَقَالَ ابْنُ مَسْعُوْدٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

*''ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ કહ્યું, નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત છે કે ફર્માવ્યું,* **[તઅલીક઼ : ૮૮૪]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّ اللّٰهَ يُحْدِثُ مِنْ اَمْرِهٖ مَا يَشَاءُ وَاِنَّ مِمَّا اَحْدَثَ

*બેશક ! અલ્લાહ તઆલા જે ચાહે છે નવો હુકમ મોકલે છે અને એનો નવો હુકમ એ છે કે*

## اَلَّا تَكَلَّمُوْا فِي الصَّلٰوةِ

*નમાઝમાં વાત ન કરો."*

**તઅલીક઼ : ૮૮૪ની સમજૂતી** આ એક હદીષનો ટુકડો છે જેને ઈમામ અહમદ, ઈમામ અબૂ દાઊદ તથા નિસાઈએ રિવાયત કરી છે. પૂરી હદીષ આ પ્રમાણે છે કે અમે નમાઝની હાલતમાં સલામ કરતા હતા અને અમારી જરૂરત પૂરી કરવાનો હુકમ કરતા હતા. એકવાર રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયો અને હુઝૂર નમાઝ પઢી રહ્યા હતા. મેં સલામ અર્ઝ કરી, હુઝૂરે સલામનો જવાબ ન આપ્યો. નમાઝ પૂરી કરીને ફ઼ર્માવ્યું, અલ્લાહ તઆલા જે ચાહે નવો હુકમ મોકલે, અને નવો હુકમ એ છે કે નમાઝમાં વાતો ન કરો.

بَابُ قَوْلِ اللّٰهِ لَا تُحَرِّكْ بِهٖ لِسَانَكَ وَفِعْلِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ حَيْثُ يُنْزَلُ عَلَيْهِ الْوَحْيُ

ص ١١٢٢

**પ્રકરણ : અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "તમે યાદ કરવાની જલ્દીમાં કુર્આનની સાથે પોતાની ઝબાનને હરકત ન આપો. અને નબી ﷺનો ફ઼ેઅલ વહી ઉતરતી વખતે થાય છે.**

ત ૮૮૫ وَقَالَ اَبُوْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

*"અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું, નબી ﷺથી રિવાયત છે કે* **[તઅલીક઼ : ૮૮૫]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ قَالَ اللّٰهُ اَنَا مَعَ عَبْدِيْ مَا ذَكَرَنِيْ وَتَحَرَّكَتْ بِيْ شَفَتَاهُ

*અલ્લાહ તઆલાએ ફ઼ર્માવ્યું, હું મારા બંદાની સાથે છું જ્યાં સુધી તે મને યાદ કરે છે*

*અને મારા ઝિક્રમાં તેનો હોઠ હાલે છે."*

بَابُ قَوْلِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ رَجُلٌ اَعْطَاهُ اللّٰهُ قُرْاٰنًا وَهُوَ يَقُوْمُ بِهٖ اٰنَاءَ اللَّيْلِ وَالنَّهَارِ وَرَجُلٌ يَقُوْلُ لَوْ اُوْتِيْتُ مِثْلَ مَا اُوْتِيَ هٰذَا فَعَلْتُ كَمَا يَفْعَلُ وَبَيَّنَ اللّٰهُ اَنَّ قِيَامَهٗ بِالْكِتَابِ هُوَ فِعْلُهٗ وَقَالَ وَمِنْ اٰيٰتِهٖ خَلْقُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَاخْتِلَافُ اَلْسِنَتِكُمْ وَاَلْوَانِكُمْ وَقَالَ وَافْعَلُوا الْخَيْرَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ

ص ١١٢٣

**પ્રકરણ : "નબી ﷺના આ ઈર્શાદનું બયાન : એક શખ્સ તે છે જેને અલ્લાહે કુર્આન આપ્યું જે એના પર રાત દિવસ ક઼ાયમ રહે છે. અને એક શખ્સ તે છે જે કહે છે કે જો મને એના જેવું આપવામાં આવે જે એને આપવામાં આવ્યું છે તો હું પણ એવું જ કરત. અલ્લાહ તઆલાએ બયાન કર્યું, એ શખ્સનો કિતાબુલ્લાહ સાથે ક઼યામ અને એનો ફ઼ેઅલ છે. અને ફ઼ર્માવ્યું, તેની નિશાનીઓમાંથી જમીન તથા આસ્માનને પેદા કરવું છે, અને તમારા રંગો તથા બોલીઓમાં વિવિધતા. અને અલ્લાહ عزوجل એ ફ઼ર્માવ્યું, નેકી કરો જેથી કામયાબી હાંસલ કરો.** *–(૧૧૨૩)*

**★ બંદાઓના કામોની નિસ્બત બંદાઓની તરફ઼ કરવી સહીહ છે ★**

**સ્પષ્ટતા :** આ પ્રકરણનો હેતુ એ દર્શાવવાનો છે કે દરેક ચીજનો ખાલિક઼ અલ્લાહ તઆલા છે, બંદાઓના અફ઼આલ (કામો)નો ખાલિક઼ અલ્લાહ તઆલા જ છે, તેમ છતાં બંદાઓના કામોની નિસ્બત બંદાઓની તરફ઼ કરવી સહીહ છે કેમ કે તે કાસિબ (કોશિશ કરનાર) છે.

بَابُ قَوْلِ اللّٰهِ يَا اَيُّهَا الرَّسُوْلُ بَلِّغْ مَا اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ وَاِنْ لَّمْ تَفْعَلْ وَمَا بَلَّغْتَ رِسَالَتَهُ

۱۱۲۳ ص

**પ્રકરણ : અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "હે રસૂલ ! જે તમારા રબની તરફથી તમારા પર ઉતારવામાં આવ્યું એને પહોંચાડી આપો. અને જો એવું ન કર્યું તો આપે તેના પયગામને નથી પહોંચાડયો."**

–(૧૧૨૩)

ت ٨٨٦ قَالَ الزُّهْرِيُّ مِنَ اللّٰهِ الرِّسَالَةُ وَعَلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ الْبَلَاغُ وَعَلَيْنَا التَّسْلِيْمُ

*"ઈમામ ઝુહરીએ કહ્યું, અલ્લાહ તઆલાની તરફથી પયગામ છે અને* **[તઅલીક઼ : ૮૮૬]** *રસૂલુલ્લાહ ﷺ એ પહોંચાડવાનુ છે. અને આપણા પર એને માનવુ વાજિબ છે."*

**તઅલીક઼ : ૮૮૬ની સમજૂતી**

"ઈરસાલ" (પહોંચાડવા)ના માટે ત્રણ ચીજો જરૂરી છે : મુર્સિલ, મુરસલ ઈલૈહ અને રસૂલ. ઈમામ ઝુહરીએ ત્રણેવની સ્પષ્ટતા કરી કે અલ્લાહ તઆલા મુર્સિલ છે અને રસૂલ પહોંચાડનારા અને બંદા મુરસલ ઈલૈહ છે જેના પર એને માનવું કબૂલ કરવું વાજિબ છે.

وَقَالَ لِيَعْلَمَ اَنْ قَدْ اَبْلَغُوْا رِسٰلٰتِ رَبِّهِمْ وَقَالَ اُبَلِّغُكُمْ رِسٰلٰتِ رَبِّيْ

*"અને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે જાણી લે કે તેમણે પોતાના રબના પૈગામને પહોંચાડયો. અને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : "હું તમને મારા પૈગામો પહોંચાડું છું."*

ت ٨٨٧ وَقَالَ مَعْمَرٌ ذٰلِكَ الْكِتَابُ هٰذَا الْقُرْاٰنُ هُدًى لِّلْمُتَّقِيْنَ بَيَانٌ وَّدَلَالَةٌ كَقَوْلِهٖ تَعَالٰى ذٰلِكُمْ حُكْمُ اللّٰهِ هٰذَا حُكْمُ اللّٰهِ

*"અને મુઅમ્મરે કહ્યું : ذالك الكتاب એટલે બયાન અને દલીલ છે, જેવો કે* **[તઅલીક઼ : ૮૮૭]** *અલ્લાહનો ઈર્શાદ છે : ذالكم حكم الله એટલે هذا حكم الله."*

**તઅલીક઼ : ૮૮૭ની સમજૂતી**

એ દર્શાવવું છે કે ذَالِكَ જો કે દૂરીના માટે છે પણ અહીં هذا ના અર્થમાં નજીકના માટે છે, જેમ કે ذَالِكُمْ حُكْمُ اللهِ.

لَا رَيْبَ فِيْهِ لَا شَكَّ تِلْكَ اٰيٰتُ اللّٰهِ يَعْنِيْ هٰذِهٖ اَعْلَامُ الْقُرْاٰنِ

ريب નો અર્થ શક છે, એટલે કે આ શકની જગા નથી. تلك ايٰت الله થી મુરાદ છે આ કુર્આનની નિશાનીઓ છે.

**સમજૂતી :** અહીં પણ એ જ ફાયદો કર્યો કે تِلْكَની વઝઅ બઈદ (દૂરી) માટે છે પરંતું મુરાદ નજીક છે એટલે هٰذِهٖ.

وَمِثْلُهُ حَتّٰى إِذَا كُنْتُمْ فِي الْفُلْكِ وَجَرَيْنَ بِهِمْ يَعْنِي بِكُمْ

અને એના જેવી આ આયત છે, "ત્યાં સુધી કે જ્યારે તમે નાવડીઓમાં સવાર થાવ છો અને તે તમને લઈને ચાલે છે."

**સમજૂતી :** એટલે કે ذٰلِكَનું هٰذَاના અર્થમાં હોવું, અને تِلْكَનું هٰذِهٖના અર્થમાં હોવું એવું જ છે જેવું કે વર્ણવેલ આયત جَرَيْنَ بِهِمْમાં بِكُمْ 'بِهِمْ'ના અર્થમાં છે.

**★ તૌરાત લાવો અને એને પઢો જો તમે સાચા હોવ ★**

بَابُ قَوْلِ اللّٰهِ تَعَالٰى قُلْ فَأْتُوْا بِالتَّوْرٰةِ فَاتْلُوْهَا إِنْ كُنْتُمْ صٰدِقِيْنَ وَقَوْلُ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أُعْطِيَ أَهْلُ التَّوْرٰةِ التَّوْرٰةَ فَعَمِلُوْا بِهَا وَأُعْطِيَ أَهْلُ الْإِنْجِيْلِ الْإِنْجِيْلَ فَعَمِلُوْا أُوْتِيْتُمُ الْقُرْاٰنَ فَعَمِلْتُمْ بِهٖ ١١٢٤

**પ્રકરણ : "અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : ફર્માવી દો ! તૌરાત લાવો અને એને પઢો જો તમે સાચા હોવ. અને નબી ﷺના ઈર્શાદનું બયાન : તૌરાતવાળાઓને તૌરાત આપવામાં આવી તો તેમણે એના પર અમલ કર્યો. ઈન્જીલવાળાઓને ઈન્જીલ આપવામાં આવી તો તેમણે એના પર અમલ કર્યો."**

*–(૧૧૨૪)*

**સ્પષ્ટતા :** પ્રકરણમાં વર્ણવેલ આયતે કરીમાનું શાને નુઝૂલ એ છે જેવું કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું કે હઝરત ઈસ્રાઈલ (યાકૂબ) علیہ السلامએ અર્કુન્નિસા (સાંધાના દુ:ખાવાનો એક પ્રકાર જે જાંગથી શરૂ થઈ ગુઠણ અથવા પગ સુધી પહોંચે છે)ની શિકાયત થઈ ગઈ જેનાથી તેમને સખત તકલીફ થઈ, ત્યાં સુધી કે તે કરાહતા હતા. તો તેમણે મન્નત માની કે જો અલ્લાહ તઆલા મને આનાથી શિફા આપશે તો હું ઊંટોનો ગોશ્ત અને દૂધનો ઉપયોગ કરીશ નહીં. યહૂદીઓએ હુઝૂર ﷺને કહ્યું કે ઊંટનો ગોશ્ત અને દૂધ અમારા પર તૌરાતમાં હરામ કરવામાં આવેલ છે. એના પર આ આયતે કરીમા નાઝિલ થઈ અને તેમને એવું કહેવામાં આવ્યું. એના પર આ આયતે કરીમા નાઝિલ થઈ અને તેમને એવું કહેવામાં આવ્યું કે તૌરાત લાવો અને તેને પઢો અને બતાવો એમાં ક્યાં છે ? તૌરાતમાં તો એ છે કે હઝરત ઈસ્રાઈલ علیہ السلامએ તૌરાત નાઝિલ થતા પહેલાં તેને પોતાના પર હરામ કરી લીધેલ હતું ! એનાથી એ ક્યાં સાબિત થાય છે કે આખી ઉમ્મત માટે હરામ છે ? અને હદીષનો મક઼સદ એ છે કે તિલાવતથી હેતુ એના પર ઈમાન લાવવાનો છે અને એના પર અમલ કરવાનો છે.

ت ٨٨٨ وَقَالَ أَبُوْ رَزِيْنٍ يَتْلُوْنَهٗ يَتَّبِعُوْنَهٗ وَيَعْمَلُوْنَ بِهٖ حَقَّ

*"અબૂ રઝીને કહ્યું : يَتْلُوْنَهٗ થી મુરાદ એ છે કે એની ઈત્તેબાઅ (આજ્ઞાપાલન)* **[તઅલીક઼ : ૮૮૮]**

عَمَلِهٖ - قَالَ أَبُوْ عَبْدِ اللّٰهِ يُتْلٰى يُقْرَأُ حَسَنُ التِّلَاوَةِ حُسْنُ الْقِرَاءَةِ لِلْقُرْاٰنِ

*કરતા અને એના પર જેવો કે હક઼્ક઼ છે અમલ કરતા. અને અબૂ અબ્દુલ્લાહ ઈમામ બુખારીએ કહ્યું :*

*يُتْلٰى એને સારી રીતે પઢવામાં આવે, કુર્આનના ઉમદાપણાની સાથે પઢવામાં આવે."*

## તઅલીક઼ : ૮૮૮ની સમજૂતી

તિલાવતનો અર્થ આજ્ઞાપાલન છે. આ ઈત્તેબાઅ (આજ્ઞાપાલન) ક્યારેક પઢવાથી થાય છે ક્યારેકે તેના અવામિર (કરવાના કામો) અને નવાહી (ન કરવાના કામો)ની પાબંદીથી થાય છે. હક઼ીક઼ી અર્થના એતબારથી તિલાવત ક઼િરાઅતથી આમ છે. દરેક ક઼િરાઅત તિલાવત છે અને દરેક તિલાવત ક઼િરાઅત નથી.

لَا يَمَسُّهٗ لَا يَجِدُ طَعْمَهٗ وَنَفْعَهٗ اِلَّا مَنْ اٰمَنَ بِالْقُرْاٰنِ - وَلَا يَحْمِلُهٗ بِحَقِّهٖ اِلَّا الْمُؤْمِنُ لِقَوْلِهٖ تَعَالٰى مَثَلُ الَّذِيْنَ حُمِّلُوا التَّوْرٰىةَ ثُمَّ لَمْ يَحْمِلُوْهَا كَمَثَلِ الْحِمَارِ يَحْمِلُ اَسْفَارًا - بِئْسَ مَثَلُ الْقَوْمِ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِ اللّٰهِ وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ

لَا يَمَسُّهٗ એટલે એની લિજ્જત અને એનો નફો એ જ લોકોને મળે છે જેઓ કુર્આન પર ઈમાન લઈ આવે છે અને કમા હક્ક઼હૂ (જેવો કે હક્ક઼ છે) તેને એ જ લોકો ઉઠાવે (પાળે) છે જેઓ યક઼ીન ધરાવે છે. અલ્લાહ તઆલાના આ ઈર્શાદના કારણે એ લોકોનું દષ્ટાંત જેમણે તૌરાતને ઉઠાવી અથવા પછી એને ન ઉઠાવી, એ ગધેડા જેવું જે કિતાબોનો બોજ લાદેલ છે. એ કૌમનું દષ્ટાંત જેમણે અલ્લાહની આયતોને જૂઠલાવી બુરુ છે. અને અલ્લાહ તઆલા જાલિમ કૌમને હિદાયત નથી આપતો.

**સમજૂતી :** ઈર્શાદ છે : لَا يَمَسُّهٗ اِلَّا الْمُطَهَّرُوْنَ "એને નથી સ્પર્શતા પણ પાક લોકો." ઈમામ બુખારી ફર્માવે છે કે આ આયતમાં مُطَهَّرُوْنَથી મુરાદ કુર્આન પર ઈમાન લાવનારા છે અને مَسّથી મુરાદ એનાથી રૂહાની લિજ્જત પામવું અને એનાથી ફાયદો ઉઠાવવો. અને જે લોકો કુર્આન પર ઈમાન નથી લાવતા તેમનું દષ્ટાંત ગધેડા જેવું છે જે કિતાબોને લાદેલુ રહે છે, એને કાંઈ ખબર પડતી નથી કે મારી પીઠ પર શું છે ! એનાથી એને કોઈ લાભ થતો નથી.

وَسَمَّى النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ الْاِسْلَامَ وَالْاِيْمَانَ وَالصَّلٰوةَ عَمَلًا

અને નબી ﷺએ ઈસ્લામ તથા ઈમાન અને નમાઝને અમલ કહ્યો.

**સ્પષ્ટતા :** અમલનો ઈત્લાક઼ (બોલાવું) કેવળ જવારેહના ફેઅલ (અંગોના કાર્યો) પર નથી થતો, દિલના ફેઅલ પર પણ થાય છે. ઈમાન દિલનું ફેઅલ છે. ઈસ્લામથી સામાન્યતઃ મુરાદ સ્વીકાર તથા ક઼બૂલવું છે, એ જાહેરી કામો વડે થાય છે એ એતબારથી ઈસ્લામનો ઈત્લાક઼ શારીરિક અંગોનાં કાર્યો પર પણ થાય છે.

بَابُ ذِكْرِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَرِوَايَتِهٖ عَنْ رَبِّهٖ ١١٢٥ ص

**પ્રકરણ : "નબી ﷺનું પોતાના રબનો ઝિક્ર કરવું અને એનાથી રિવાયત કરવું."** –(૧૧૨૫)

**★ જ્યારે બંદો મારી તરફ એક વેંત નજીક થાય છે ★**

حديث ٢٩٣٩ عَنْ قَتَادَةَ عَنْ اَنَسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَرْوِيْهِ

*"હઝરત અનસ رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે રબ તબારક વ તઆલાએ* **[હદીષ : ૨૯૩૯]**

عَنْ رَبِّهٖ قَالَ اِذَا تَقَرَّبَ الْعَبْدُ اِلَیَّ شِبْرًا تَقَرَّبْتُ اِلَیْهِ ذِرَاعًا وَاِذَا تَقَرَّبَ

*ફર્માવ્યું, જ્યારે બંદો મારી તરફ એક વેંત નજીક થાય છે, તો હું એનાથી એક હાથ નજીક થાઉં છું. અને જ્યારે*

اِلَیَّ ذِرَاعًا تَقَرَّبْتُ مِنْهُ بَاعًا وَاِذَا اَتَانِیْ مَشْیًا اَتَیْتُهٗ هَرْوَلَةً

*મારાથી એક હાથ નજીક થાય છે તો હું તો બંને હાથોના ફેલાવાના બરાબર એનાથી નજીક થાઉં છું.*

*અને જ્યારે મારી તરફ ચાલીને આવે છે તો હું એની તરફ દોડીને જાઉં છું.''*

**હદીષ : ર૯૩૯ની સમજૂતી** આ હદીષ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની રિવાયતથી પહેલાં વર્ણન થઈ ચૂકી છે. અહીં ઈમામ બુખારીએ એને બે તરીક઼ાઓ વડે રિવાયત કરી છે, એક હઝરત અનસ رضی اللہ عنہથી જે ડાયરેક્ટ નબી صلی اللہ علیہ وسلمથી રિવાયત છે. બીજી હઝરત અનસ رضی اللہ عنہની રિવાયત જે બિલવાસ્તા હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી صلی اللہ علیہ وسلمથી રિવાયત થયેલ છે.

રિવાયત બંને રીતે છે અને એમાં કોઈ વાંધો નથી કે હઝરત અનસ رضی اللہ عنہએ ડાયરેક્ટ હુઝૂર صلی اللہ علیہ وسلمથી સાંભળ્યું હોય અને વાસ્તા સાથે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ પણ સાંભળી હોય.

بَابُ مَا يَجُوْزُ مِنْ تَفْسِيْرِ التَّوْرَاةِ وَ كُتُبِ اللّٰهِ بِالْعَرَبِيَّةِ وَغَيْرِهَا لِقَوْلِ اللّٰهِ تَعَالٰى قُلْ فَاْتُوْا بِالتَّوْرَاةِ فَاتْلُوْهَا اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ص ۱۱۲۵

**પ્રકરણ : તૌરાત અને અલ્લાહની કિતાબોની તફસીર અરબી તથા અન્ય ભાષાઓમાં જાઈઝ છે, કેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે : ''ફર્માવી દો ! તૌરાત લાવો અને તેની તિલાવત કરો, જો તમો સાચા છો.''** *–(૧૧૨૫)*

**સમજૂતી :** એમાં કોઈ વાંધો નથી કે તૌરાત તથા ઈન્જીલ આસ્માની કિતાબોની તફસીર અથવા તર્જુમો અરબી તથા અન્ય ભાષાઓમાં કરવામાં આવે. અથવા ખુદ કુર્આને કરીમનો તર્જુમો અન્ય ભાષાઓમાં કરવામાં આવે. એનું જાઈઝ હોવું આ આયતે કરીમાથી નીકળે છે કે ફર્માવ્યું, ''એમને કહી દો કે તૌરાત લાવો અને તેની તિલાવત કરો.'' જાહેર છે કે તૌરાત ઈબ્રાની ભાષામાં હતી. જો તેને કેવળ ઈબ્રાની ભાષામાં પઢવામાં આવત તો અરબવાસીઓ જે ઈબ્રાની ભાષા ન જાણતા હતા તેઓ કેવી રીતે સમજી શકત કે તેમાં શું છે ? એટલા માટે અહીં એ મુરાદ લેવી પડશે કે એને પઢો અને એનો અરબીમાં તર્જુમો કરો જેથી અરબવાસીઓ જાણી લે કે એમાં શું છે. તેમ છતાં પણ તેના સમર્થન કે તેને જૂઠલાવવાની ઈજાઝત નથી જ્યાં સુધી કે તેનું સમર્થન કુર્આન તથા હદીષોથી ન થાય.

بَابُ قَوْلِ اللّٰهِ تَعَالٰى وَلَقَدْ يَسَّرْنَا الْقُرْاٰنَ لِلذِّكْرِ فَهَلْ مِنْ مُّدَّكِرٍ ص ۱۱۲۶

**પ્રકરણ : ''અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : ''બેશક઼ ! અમે આસાન કર્યું કુર્આન યાદ કરવાના માટે તો છે કોઈ યાદ કરનારો !''** *–(૧૧૨૬)*

ت ۸۸۹ قَالَ قَتَادَةُ مَكْتُوْبٌ يَسْطُرُوْنَ يَخُطُّوْنَ فِیْ اُمِّ الْكِتٰبِ جُمْلَةٍ

*''અને ઈમામ મુજાહિદે કહ્યું કે, ફર્માવ્યું : અમે કુર્આન આપની ઝબાન પર* **[તઅલીક઼ : ૮૮૯]**

*આસાન કરી આપ્યું. એટલે એને પઢવું આપના પર આસાન કરી દીધું.''*

**પ્રકરણ : અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "બલ્કે તે શરફ (બુઝુર્ગી)ના કમાલવાળુ કુર્આન છે લોહે મેહફૂઝમાં." અને અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "અને તૂરની કસમ અને તે લખાણની જે ખુલ્લા દફતરમાં લખેલ છે."** –(૧૧૨૭)

بَابُ قَوْلِ اللّٰهِ تَعَالٰى بَلْ هُوَ قُرْاٰنٌ مَّجِيْدٌ فِىْ لَوْحٍ مَّحْفُوْظٍ ۝ وَالطُّوْرِ وَكِتَابٍ مَّسْطُوْرٍ

ص ۱۱۲۷

ت ۸۹۰ قَالَ قَتَادَةُ مَكْتُوْبٌ يَسْطُرُوْنَ يَخُطُّوْنَ فِىْ اُمِّ الْكِتٰبِ جُمْلَةِ

*"કતાદાએ કહ્યું, મસ્તૂરનો અર્થ છે લખેલુ. યસ્તુરૂનનો અર્થ છે યખુત્તૂન,* **[તઅલીક : ૮૯૦]**

الْكِتَابِ وَاَصْلِهٖ مَا يَلْفِظُ مِنْ قَوْلٍ مَا يَتَكَلَّمُ مِنْ شَیْءٍ اِلَّا كُتِبَ اِلَيْهِ

*એટલે લખે છે. ઉમ્મુલ કિતાબથી મુરાદ લોહે મેહફૂઝ છે જેમાં સર્વ કાંઈ લખેલું છે, અને અસ્લ છે*

*જે કાંઈ પણ બોલે છે અથવા વાત કરે છે, સર્વ લખી લેવામાં આવે છે."*

**તઅલીક : ૮૯૦ની સમજૂતી** કુર્આન મજીદના વિવિધ વાક્યોની તફસીર છે. સૂરએ તૂરમાં હતું : وَ كِتٰبٍ مَّسْطُوْرٍ ઈમામ કતાદાએ ફર્માવ્યું, مَّسْطُوْرٍ નો અર્થ مكتوب સૂરએ નૂનમાં ફર્માવ્યું હતું : وَالْقَلَمِ وَمَا يَسْطُرُوْنَ ફર્માવ્યું : يَسْطُرُوْنَનો અર્થ يَخُطُّوْنَ છે. એટલે જેઓ લખે છે. સૂરએ ઝુખ્રફમાં ફર્માવ્યું : فِىْ اُمِّ الْكِتٰبِ એની તફસીર કરી કે તે કિતાબ જે અસ્લ છે જેમાં સર્વ કાંઈ લખેલુ છે, એટલે લોહે મેહફૂઝ.

ت ۸۹۱ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَكْتُبُ الْخَيْرَ وَالشَّرَّ

*"અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, સારુ તથા બુરૂ સૌ લખે છે."* **[તઅલીક : ૮૯૧]**

**★ માણસ સારી વાત કહે અથવા બુરી વાત કરે સૌ લખવામાં આવે છે ★**

**તઅલીક : ૮૯૧ની સમજૂતી** ઈર્શાદ હતો : مَا يَلْفِظُ مِنْ قَوْلٍ اِلَّا لَدَيْهِ رَقِيْبٌ عَتِيْدٌ "કોઈ વાત તે ઝબાનથી નથી કાઢતો કે એની પાસે એક મુહાફિઝ તૈયાર ન બેઠો હોય" એની તફસીરમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે **માણસ સારી વાત કહે અથવા બુરી વાત કરે સૌ લખવામાં આવે છે.**

يُحَرِّفُوْنَ ـ يُزِيْلُوْنَ وَلَيْسَ اَحَدٌ يُزِيْلُ لَفْظَ كِتَابٍ مِّنْ كُتُبِ اللّٰهِ وَلٰكِنَّهُمْ يُحَرِّفُوْنَهٗ يَتَاَوَّلُوْنَهٗ عَلٰى غَيْرِ تِلَاوَتِهٖ

તેહરીફ (હેરફેર)નો અર્થ એ છે કે એને વેડફે છે, અને કોઈ અલ્લાહની કોઈ કિતાબના કોઈ શબ્દને નથી મિટાવતો પરંતું તેને બદલે છે. એટલે કે એનો વાસ્તવિક અર્થ છે એના સિવાય અન્ય અર્થ વર્ણવે છે.

**સ્પષ્ટતા** : ઈર્શાદ હતો : يُحَرِّفُوْنَ الْكَلِمَ عَنْ مَّوَاضِعِهٖ કલામો (વાતો)ને એની જગાએથી ફેરવે છે. ઈમામ બુખારી એની તફસીર કરે છે કે, "એનો અર્થ બદલી નાખે છે અને જે એની સહીહ મુરાદ હતી એનાથી અલગ ફાસિદ (ખોટો) અર્થ વર્ણન કરે છે, શબ્દને નથી બદલતા." આ ઈમામ બુખારીની પોતાની રાય છે, નહીં તો હકીકતમાં યહૂદીઓએ શબ્દો પણ બદલી નાખ્યા છે.

دِرَاسَتِهِمْ تِلَاوَتِهِمْ۔ وَاعِيَةٌ حَافِظَةٌ۔ وَتَعِيَهَا تَحْفَظُهَا وَأُوْحِيَ إِلَيَّ هٰذَا الْقُرْاٰنُ لِأُنْذِرَكُمْ بِهٖ۔ يَعْنِيْ أَهْلَ مَكَّةَ وَمَنْ بَلَغَ هٰذَا الْقُرْاٰنُ فَهُوَ لَهٗ نَذِيْرٌ

دراستનો અર્થ તિલાવત છે. واعيةٌનો અર્થ છે, એટલે યાદ રાખનારો. حافظةٌનો અર્થ تَعِيَهَا અર્થ تَحْفَظُهَا છે, એટલે કે એને યાદ રાખે છે. અને મારા તરફથી તે કુર્આનની વહી કરવામાં આવી જેથી એના ઝરીયાથી તમને ડરાવું. એટલે કે મક્કાવાળા અને જેના સુધી આ કુર્આન પહોંચે તે સૌના માટે એ નઝીર (ડરાવનાર) છે.

**સ્પષ્ટતા** : ઈર્શાદ હતો : وَاِنْ كُنَّا عَنْ دِرَاسَتِهِمْ لَغٰفِلِيْنَ અને અમે એની તિલાવતથી ગાફેલ હતા. બીજો ઈર્શાદ છે : تَعِيَهَا اُذُنٌ وَّاعِيَةٌ એટલે અને યાદ રાખવાવાળા કાન યાદ રાખે છે. لِاُنْذِرَكُمْમાં كُمْથી કોણ લોકો મુરાદ છે એને બતાવ્યું કે મક્કાવાળા અને જે લોકો સુધી કુર્આન પહોંચે.

## ★ બેશક ! અલ્લાહે તમને પેદા કર્યા અને તેને પણ જે તમે કરો છો ★

بَابُ قَوْلِ اللّٰهِ تَعَالٰى وَاللّٰهُ خَلَقَكُمْ وَمَا تَعْمَلُوْنَ اِنَّا كُلَّ شَيْءٍ خَلَقْنٰهُ بِقَدَرٍ وَيُقَالُ لِلْمُصَوِّرِيْنَ اَحْيُوْا مَا خَلَقْتُمْ

ص ۱۱۲۷

**પ્રકરણ : અલ્લાહ તઆલાના આ ઈર્શાદનું બયાન : "બેશક ! અલ્લાહે તમને પેદા કર્યા અને તેને પણ જે તમે કરો છો." અને ફર્માવ્યું : "અમે દરેક ચીજને અંદાઝાથી પેદા કરી." અને તસ્વીર બનાવનારાઓને કહેવામાં આવશે, જે તમે બનાવ્યું છે એમાં જાન નાખો.** *–(૧૧૨૮)*

**સ્પષ્ટતા** : હઝરત ઈમામ બુખારીનો હેતુ આ પ્રકરણથી મોઅતઝલા તથા જહમિયાનો રદ છે. આયતથી સાબિત થયું કે અલ્લાહ તઆલા બંદાઓનો પણ ખાલિક છે અને એમના અમલોનો પણ. અને હદીષમાં ખલ્કની નિસ્બત તસ્વીર બનાવનારાઓની તરફ કરવામાં આવે છે. એનાથી સાબિત થાય છે કે બંદાઓ પણ તદન લાચાર નથી તેમને કાંઈક ઈખ્તિયાર છે એટલે કસબે ફેઅલનો જેની બિના પર બંદાઓની તરફ કર્મો (કામો)ની નિસ્બત કરવામાં આવે છે.

اِنَّ رَبَّكُمُ اللّٰهُ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ فِيْ سِتَّةِ اَيَّامٍ ثُمَّ اسْتَوٰى عَلَى الْعَرْشِ يُغْشِي اللَّيْلَ النَّهَارَ يَطْلُبُهٗ حَثِيْثًا وَّالشَّمْسَ وَالْقَمَرَ وَالنُّجُوْمَ مُسَخَّرٰتٍ بِاَمْرِهٖ اَلَا لَهُ الْخَلْقُ وَالْاَمْرُ تَبٰرَكَ اللّٰهُ رَبُّ الْعٰلَمِيْنَ

બેશક ! તમારો રબ તે અલ્લાહ છે જેણે આસ્માનો તથા જમીનોને છ દિવસમાં પેદા ફમાવ્યાં. પછી અર્શ પર ઈસ્તવા ફર્માવ્યો જેવો કે તેની શાનને લાયક છે. રાત દિવસને એકબીજાથી ઢાંકે છે કે જલ્દી એની પાછળ લાગેલ આવે છે. અને સૂરજ અને ચાંદ અને તારાઓને બનાવ્યા. સૌ તેના હુકમથી દબાયેલા. સાંભળી લો ! એના જ હાથમાં છે પેદા કરવું અને હુકમ આપવું, મહાન બરકતવાળો છે અલ્લાહ રબ સર્વ જહાનોનો.

## ★ અલ્લાહ તઆલાએ ખલ્કને અમ્રથી અલગ વર્ણવ્યું ★

ت ٨٩٢ وَقَالَ ابْنُ عُيَيْنَةَ بَيَّنَ الْخَلْقَ مِنَ الْاَمْرِ لِقَوْلِهٖ اَلَا لَهُ

*"ઈબ્ને ઓયૈનાએ કહ્યું, અલ્લાહ તઆલાએ ખલ્કને અમ્રથી અલગ વર્ણવ્યું,* **[તઅલીક : ૮૯૨]**

الْخَلْقُ وَالْأَمْرُ وَسَمَّى النَّبِيُّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ الْإِيمَانَ عَمَلًا

*કેમ કે તે ફર્માવે છે, સાંભળો ! એના જ માટે ખલ્ક છે અને અમ્ર છે.*

*અને નબી ﷺ એ ઈમાનને અમલ કહ્યું.''*

**તઅલીક઼ : ૮૯૨ની સમજૂતી** હઝરત સુફયાન બિન ઓયૈનાના કહેવાનો હેતુ એ છે કે ખલ્ક઼નું અમ્ર પર અત્ફ કર્યું જે મુગાયરત ચાહે છે. જેનાથી સાબિત થાય છે કે ખલ્ક઼ અલગ ચીજ છે અને અમ્ર અલગ ચીજ છે. ખલ્ક઼થી મુરાદ મખ્લૂક઼ાત છે અને અમ્રથી મુરાદ કલામ છે, એટલે કે એનું ''કુન'' ફર્માવવું. ઈમામ રાગિબે કહ્યું કે અમ્ર એ અફઆલ (કામો) તથા અક઼વાલ (કથનો) સૌને માટે આમ છે. જેવું કે અલ્લાહ ﷻએ ફર્માવ્યું : اِلَيْهِ يُرْجَعُ الْاَمْرُ كُلُّهٗ એની જ તરફ દરેક ચીજ પલટે છે. અને એક ક઼ૌલ એ છે કે اِبْدَاع નવી ચીજ બનાવવી અમ્ર છે. એક ક઼ૌલ એ છે કે ખલ્ક઼થી મુરાદ આયતમાં દુનિયા તથા એમાં જે કાંઈ છે તે છે, અને અમ્રથી મુરાદ આખેરત તથા તેમાં જે કાંઈ છે. અને એની તફસીર, તફસીરની વિસ્તારપૂર્વકની કિતાબોમાં જોવામાં આવે. અહીં એનાથી ઈન્કાર નથી કે ઈમાન અમલ છે, એટલે કે દિલનો અમલ છે, જેવું કે વર્ણન થઈ ચૂક્યું.

بَابُ قَوْلِ اللّٰهِ وَنَضَعُ الْمَوَازِيْنَ الْقِسْطَ لِيَوْمِ الْقِيٰمَةِ وَاَنَّ اَعْمَالَ بَنِيْ اٰدَمَ وَقَوْلَهُمْ تُوْزَنُ. ص ۱۱۲۸

**પ્રકરણ : ''અને અમે ઈન્સાફનાં ત્રાજવાં રાખીશું ક઼યામતના દિવસે અને માનવીના અમલો તથા તેમના કથનોને તોલવામાં આવશે.''** –*(૧૧૨૮)*

**સ્પષ્ટતા :** હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ પોતાની કિતાબને વહીથી શરૂ કરી, એટલા માટે કે વહી જ એ વાતની દલીલ છે કે આપણે અલ્લાહ તરફના ઈસ્લામના ઉસૂલ (પાયાના નિયમો) તથા ફુરૂઅ (શાખાકીય નિયમો)ના બંધાયેલા છીએ. આપણે બંદા છીએ આપણને અલ્લાહ ﷻએ વહી થકી ખાસ અક઼ીદાઓનું યક઼ીન રાખવા અને ખાસ અમલો કરવા તથા ખાસ ચીજોથી બચવાનો હુકમ આપ્યો છે. બંદા હોવાના કારણે આપણે આપણા રબના હુકમના પાબંદ છીએ.

અને છેવટમાં તેમણે અમલો તથા કથનોના વજનનું પ્રકરણ રાખ્યું. જો કે જાહેરી રીતે તો એવું લાગે છે કે જન્નત તથા દોઝખનું વર્ણન હોવું જોઈએ. પણ બારીક દષ્ટિએ એ જ ચાહે છે કે અંતિમ પ્રકરણ અમલોના વજનનું જ હોય. એના અનુસંધાનમાં હિસાબ તથા પૂછતાછ થશે. પછી બંદાઓના અધિક સંતોષ ખાતર અમલોનું વજન થશે ત્યારબાદ અંતિમ ફેંસલો થશે. આ ગિરોહ જન્નતી છે કે દોઝખી છે. અલ્લાહ તઆલા અને બંદાઓની દરમ્યાન જે મામલો હતો એના પર પૂછતાછ અને તેના પ્રદર્શનનો અંતિમ દરજો અમલોનું વજન છે, જેનાથી નિશ્ચિતપણે ભલાઈ તથા નજાત પામનારો તથા હલાક (બર્બાદ) થનારો જાહેર થઈ જશે. તેના પછી ન હિસાબ છે ન કિતાબ છે ન પૂછતાછ છે. કેમ કે અમલોનું વજન એ અંતિમ સીમા છે. એટલા માટે ઈમામ બુખારીએ એને અંતમાં રાખ્યું.

તેમજ પોતાની કિતાબનો અંતિમ ભાગ કિતાબુત્તૌહીદને રાખ્યો એટલા માટે કે તૌહીદ ઈમાનનો પાયો છે અને નજાતનો આધાર છે. જેનો ખાત્મો તૌહીદે હક઼ીક઼ી પર થશે તે નજાત પામશે, નહીં તો તે સજાને પાત્ર ઠરશે. એટલા માટે અંતિમ પ્રકરણ ''કિતાબુત્તૌહીદ'' રાખ્યું.

## ★ અમલોના વજન વિશે મોઅતઝલાની શંકાઓનો જવાબ ★

આ પ્રકરણ મોઅતઝલાના રદના માટે છે, તે કહે છે કે અમલોનું વજન બેકાર ચીજ છે. જ્યારે હિસાબ કિતાબ થઈ ગયો અને ફરિશ્તાઓના લખેલા ચોપડા (સહીફા) સર્વ હાથોમાં આપી દેવામાં આવ્યા અને એના મુજબ ફેંસલો થઈ ગયો તો હવે અમલોના વજનની શું જરૂરત ?

પરંતું એ લોકોને ખબર નથી કે ક઼ાતિલ (ખૂની) સારી રીતે જાણે છે કે મેં ક઼સમપૂર્વક (યક઼ીની તૌર પર) ક઼ત્લ કરેલ છે, તો પણ જ્યારે તેને ખૂનની સજા સંભળાવવામાં આવે છે તો તે જજને ગાળ આપે છે અને કહે છે કે એણે ઈન્સાફ નથી કર્યો. લગભગ આ જ હાલ ક઼યામતના દિવસે પણ થશે. અમલોના વજન પછી કોઈને કાંઈ કહેવાનો મોક઼ો નહીં મળે.

એટલા માટે અમલોના વજનની દેખરેખ અબુલ બશર સૈયદના આદમ علیہ السلامને સુપરત થશે. તેમને હુકમ થશે કે આપ મીઝાન પર ઉભા રહીને તમારી ઔલાદના અમલો તોલાવો. *(તિબ્રાની, મોઅજમે સગીર અન અબી હુરૈરહ رضی اللہ عنہ, ક઼સ્તલાની, ૧૦/૪૮૧)*

મોઅતઝલા એવું પણ કહે છે કે અમલો એઅરાઝ (જેનું અસ્તિત્વ બીજા પર નિર્ભિત હોય) છે જેમાં કોઈ વજન નથી હોતુ, પછી એને તોલવાનો શો મતલબ ?!

એનો જવાબ ઉલમાએ અહલે સુન્નતે એ આપ્યો છે કે સહીફા (હિસાબના ચોપડા) તોલવામાં આવશે જે કિરામન કાતિબીને લખેલા છે. એની દલીલ હદીષે બિતાક઼દ છે જેને ઈમામ તિર્મિઝીએ અને ઈબ્ને માજહએ, અને ઈબ્ને હબ્બાન, હાકિમ, બયહક઼ીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલૂલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ક઼યામતના દિવસે અલ્લાહ તઆલા એક શખ્સને સર્વ મખ્લૂક઼ાતથી અગલ કરશે અને તેને નવ્વાણુ દફતર આપશે, દરેક દફતર નજરના છેડા જેટલુ લાંબુ હશે. અલ્લાહ તઆલા તેને પૂછશે, આ દફતરોમાં જે લખેલું છે શું તું એનાથી ઈન્કાર કરે છે ? શું અમારા કિરામન કાતિબીને તારા ઉપર કોઈ જુલ્મ કર્યો છે ? તે અર્ઝ કરશે, નહીં ! પછી અલ્લાહ તઆલા ફર્માવશે, શું તારી પાસે કોઈ ઉઝ્ર (બહાનુ) છે ? તે અર્ઝ કરશે, નહીં, હે રબ ! અલ્લાહ તઆલા ફર્માવશે, હા ! હે બંદા ! અમારી પાસે તારી એક નેકી છે, આજે તારા પર જુલ્મ નહીં થાય. પછી અલ્લાહ તઆલા કાગળનો એક નાનો ટુકડો કાઢશે જેમાં લખ્યું હશે : اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ફર્માવશે, આ લે ! અને મીઝાન પર જા ! તે અર્ઝ કરશે, હે રબ ! આ નાના સરખા ટુકડાની તે દફતરો સામે શું હૈસિયત છે ?! ફર્માવ્યું, જા ! તારા પર કોઈ જુલ્મ નહીં થાય. મીઝાનના એક પલ્લામાં તે સર્વ દફતરો રાખવામાં આવશે, અને એક પલ્લામાં તે કાગળનો ટુકડો રાખવામાં આવશે તો તે કાગળના ટુકડાવાળુ પલ્લુ તે દફતરો પર ભારી થઈ જશે.

આ હદીષ એની દલીલ છે કે અમલોના દફતરોનું વજન થશે.

**એક શંકાનું નિવારણ** : એના પર એ શંકા લાગુ કરવામાં આવે છે કે અમુક અમલો એવા છે કે જેને લખવામાં કાગળ સરખો જ વપરાશે. પણ સવાલ એકબીજાથી ઘણો જ વધારે છે. દા.ત. ઝયદે એક પૈસો આપ્યો. અમ્રએ એક લાખ રૂપિયા આપ્યા. બંનેમાં કાગળ તો સરખો જ વપરાશે, અને સવાબમાં તફાવત જાહેર છે !

**જવાબ** : એનો જવાબ એ છે કે જેવી રીતે અમુક ચીજો અન્ય કરતાં વજની હોય છે. દા.ત. એક ઈંચ લાંબો પહોળો એક સૂતરનો દોરો મોટા લોખંડ કરતાં, એ જ માત્રાનું સોનું અધિક વજની હોય છે અને પ્લેટિનમ એનાથી પણ વધુ વજની હોય છે. એ જ પ્રમાણે અમલોના સવાબમાં પણ વજન વધઘટ હશે.

બીજો જવાબ હઝરત સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ આપ્યો કે અલ્લાહ તઆલા વજનના વખતે અઅરાઝ઼ (જેનું અસ્તિત્વ બીજા પર નિર્ભિત હોય)ને જવાહિર (જેનું અસ્તિત્વ સ્વંયમ હોય જેમ કે દીવાલ જૌહર છે અને તેનો રંગ અર્ઝ છે) થી બદલી નાખશે.

પરંતુ ઘણી બધી હદીષોથી એ સાબિત થાય છે કે ક઼ૌલ તથા અમલ જ તોલવામાં આવશે. દા.ત. આ જ પ્રકરણમાં જે હદીષ છે એમાં کلمتان کو ثقیلتان فی المیزان બતાવવામાં આવ્યું છે. કોન્ટીટીવાળી ચીજમાં વજન અલ્લાહ ﷻ ના પેદા કરવાથી છે. અલ્લાહ તઆલા એના પર ક઼ાદિર છે કે ક્વોલિટીમાં પણ વજન પેદા ફર્માવી આપે.

જ્યારે પુષ્કળ આયતોથી અને પુષ્કળ રિવાયતોથી અમલો તથા કથનોનું (અક઼વાલનું) વજન કરવું સાબિત છે તો આપણા પર ફર્ઝ છે કે એના પર ઈમાન લાવીએ. નુસૂસ (કુર્આન હદીષની દલીલો) પોતાના જાહેર પર લાગુ કરવામાં આવશે, જ્યાં સુધી કે જાહેરથી ફેરવનારો શરઈ ક઼રીના (નિર્દેશ) ન હોય. અને અહીં કોઈ ક઼રીના નથી, એટલા માટે તે પોતાના જાહેર પર રાખવામાં આવશે. આપણી સમજમાં ન આવે તો એ આપણી સમજનો વાંક છે. એ જરૂરી નથી કે દરેક વાત દરેક માણસની સમજમાં આવી જાય. દરરોજ અનુભવવામાં આવે છે, એક દિમાગવાળો માણસ પોતાના અધિક દિમાગવાળાઓની વાતોને સમજી નથી શક્તો, તો પછી દરેક માણસ અલ્લાહ ﷻ અને તેના રસૂલ ﷺના ઈર્શાદોના રહસ્યો તથા રાઝોને સમજી લે એ શું જરૂરી છે ?!

**મીઝાન** : અલ્લાહ ﷻની હુઝૂર એ રીતે ગોઠવવામાં આવશે કે નેકીઓનું પલ્લુ અર્શની જમણી તરફ હશે જન્નતના સમાંતરે અને ગુનાહોનું પલ્લુ અર્શની ડાબી બાજુ જહન્નમના સમતલ હશે. જેવું કે ઈમામ હકીમ તિર્મિઝીએ નવાદેરુલ ઉસૂલમાં, ઈમામ અબુલ ક઼ાસિમ લાલકાઈએ પોતાની સુનનમાં રિવાયત કરી છે. અને અમલોને તોલવાનું કામ હઝરત જિબ્રઈલ علیہ السلامના સુપરત થશે અથવા હઝરત મલકુલ મૌતના સુપરત થશે. બંનેવ રિવાયતો છે. અને તેના નિગરાં હઝરત આદમ علیہ السلام હશે. જેવું કે હમણા વર્ણન થયું.

મીઝાનનું એક પલ્લુ એટલુ વિશાળ હશે કે સાતેવ આસ્માનો તથા જમીનો તેમાં રાખી દેવામાં આવે તો પણ નહીં ભરાય. એક રિવાયત છે કે હઝરત દાઊદ علیہ السلامએ અલ્લાહ તઆલાથી દરખાસ્ત કરી કે મને મીઝાન દેખાડવામાં આવે. જ્યારે તેમણે મીઝાન જોઈ તો તેમના પર બેહોશી છવાઈ ગઈ. હોશ આવ્યા બાદ તેમણે અર્ઝ કરી, **હે અલ્લાહ ! મીઝાનને ભરવા માટે કોણ શક્તિમાન છે ?** અલ્લાહ ﷻએ ફર્માવ્યું, હે દાઊદ ! **જેનાથી હું રાજી થઈશ તેના એક ખારેકના સદક઼ાથી ભરી દઈશ, અથવા લાઈલાહ ઈલ્લાહ પઢવા પર ભરી દઈશ.**

ઈમામ બુખારીના પ્રકરણના હેડિંગથી એ સમજમાં આવે છે કે સૌના અમલો તથા અક઼વાલ (કથનો) તોલવામાં આવશે, જ્યારે કે એવું નથી. માણસો ત્રણ પ્રકારના હશે :–

**૧.** કેટલાક લોકો હશે જેઓ વિના હિસાબ કિતાબ જન્નતમાં જશે. જેવું કે બુખારી તથા મુસ્લિમની હદીષમાં વર્ણન થયેલ છે કે પ્રથમ ગિરોહ જે જન્નતમાં દાખલ થશે તે સિત્તેર હજાર હશે જે વિના હિસાબો કિતાબ જન્નતમાં જશે.

**૨.** બીજા તે લોકો હશે જેઓ વિના હિસાબ કિતાબ જહન્નમમાં જશે. આ તે કાફિરો હશે જેમણે કોઈ નેકી કરી હશે નહીં. જેમ કે બુખારીમાં છે કે ક઼યામતના દિવસે એક ઘણો જ મોટો જાડો શખ્સ લાવવામાં આવશે જેનું અલ્લાહ તઆલાની હુઝૂર ચાંચડની પાંખ બરાબર પણ વજન થશે નહીં. તમે ચાહો તો પઢો કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : فَلَا نُقِيمُ لَهُمْ يَوْمَ الْقِيٰمَةِ وَزْنًا ''અમે ક઼યામતના દિવસે એમના માટે કોઈ તોલ ક઼ાયમ કરીશું નહીં.

૩. ત્રીજો ગિરોહ તે છે જેનો હિસાબ પણ થશે અને તેના અમલોનું વજન પણ થશે.

وَقَالَ مُجَاهِدٌ الْقِسْطَاسُ اَلْعَدْلُ بِالرُّوْمِيَّةِ

અને ઈમામ મુજાહિદે ફર્માવ્યું કે "ક઼િસ્તાસ"નો અર્થ ઈન્સાફ પણ છે, રૂમી ભાષામાં.

**સ્પષ્ટતા** : હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہ એ અમલોના વજન થવાનું હક્ક઼ હોવા પર وَنَضَعُ الْمَوَازِيْنَ الْقِسْطَ لِيَوْمِ الْقِيٰمَةِ થી દલીલ કરી હતી. હઝરત ઈમામ બુખારી પોતાની આદતના પ્રમાણે ક઼િસ્ત અને એના મુનાસિબ શબ્દોની તફસીર વર્ણવી રહ્યા છે.

ઈમામ મુજાહિદના ક઼ૌલથી એ જાહેર થઈ રહ્યું છે કે કુર્આને કરીમમાં કેટલાક શબ્દો દખીલ પણ છે, એટલે કે હક઼ીક઼તમાં તે શબ્દો બીજી ભાષાના છે પણ કુર્આન મજીદે એને વાપર્યા છે.

મેં કોઈ જગાએ એ તેહક઼ીક઼ કરી છે કે કુર્આને કરીમમાં બલ્કે અરબી ભાષામાં કોઈ શબ્દ દખીલ નથી. અને જે શબ્દો દૃષ્ટાંતમાં પેશ કરવામાં આવે છે એ હક઼ીક઼તમાં તવારુદ (એક જ શબ્દ બે ભાષામાં મૂળભૂત રીતે આવતો હોય) છે. જો કે એ સહીહ છે કે ક઼િસ્તાસનો અર્થ ઈન્સાફ છે.

## ★ ક઼િસ્ત તથા ક઼િસ્તાસની તેહક઼ીક઼ ★

وَيُقَالُ الْقِسْطُ مَصْدَرُ الْمُقْسِطِ وَهُوَ الْعَادِلُ وَاَمَّا الْقَاسِطُ فَهُوَ الْجَائِرُ

કહેવામાં આવે છે કે ક઼િસ્ત, મુક઼સિતનો મસ્દર છે, જેનો અર્થ આદિલ (ન્યાયી) છે, પણ ક઼ાસિતનો અર્થ જાલિમ છે.

**સ્પષ્ટતા** : અહીં મસ્દરથી મુરાદ માદ્દો છે. સર્ફી મસ્દર અહીં નથી બની શકતો. એટલા માટે કે મુક઼સિત મઝીદ ફીહ છે અને ક઼િસ્તે ષલાષી મુજર્રદ. મઝીદફીહનો મસ્દર ષલાષી મુજર્રદ નથી થઈ શકતો. એટલા માટે જરૂરી છે મસ્દરથી મુરાદ માદ્દો હોય.

કેટલાક લોકોએ કહ્યું, ક઼િસ્તનો અર્થ જુલ્મ છે એટલા માટે ક઼ાસિતનો અર્થ જાલિમ છે. બાબે ઈફઆલની ખાસિયત સલ્બે માખઝ છે, અને સલ્બે જુલ્મ ઈન્સાફ છે. એટલા માટે અલ્મુક઼સિતનો અર્થ આદિલ થયો. પરંતુ આ દલીલનો પાયો જ ગલત છે. ક઼િસ્તનો અર્થ કેવળ જુલ્મ જ નથી બલ્કે અદ્‌લ (ન્યાય) પણ છે. એ અઝદાદમાંથી છે. જેની સાબિતી ખુદ પ્રકરણમાં વર્ણવેલ આયતે કરીમા છે, કે ફર્માવવામાં આવ્યું : وا زين القسط

તેમજ એની દલીલ આ આયતે કરીમા પણ છે કે ફર્માવવામાં આવ્યું : وَاِنْ حَكَمْتَ فَاحْكُمْ بَيْنَهُمْ بِالْقِسْطِ "અને જ્યારે એમની દરમ્યાન ફેંસલો કરો તો ઈન્સાફની સાથે કરો." તેમજ ફર્માવ્યું : ذٰلِكُمْ اَقْسَطُ عِنْدَ اللّٰهِ وَاَقْوَمُ لِلشَّهَادَةِ "એ અલ્લાહની નજીક અધિક ઈન્સાફની વાત છે, એમાં ગવાહી ખૂબ ઠીક રહેશે." અક઼સત ઈસ્મે તફઝીલ ક઼િસ્તથી જ છે. અન્ય પણ અધિક્તર આયતોમાં ક઼િસ્ત ઈન્સાફના અર્થમાં વર્ણન થયેલ છે. એવી આયતોની સંખ્યા પુષ્કળ પ્રમાણમાં છે.

એના અનુસંધાનમાં એક ઘણી જ અર્થસભર હિકાયત પણ રિવાયત થયેલી છે કે જ્યારે સૈયદના સઈદ બિન જુબૈર શહીદ رضی اللہ عنہ ને જ્યારે હજ્જાજ બિન યૂસુફ જાલિમે ગિરફતાર કરીને પોતાની કચેરીમાં ઉભા કર્યા અને તેમને પૂછયું, મને શું કહો છો ? તો તેમણે ફર્માવ્યું : اَنْتَ الْقَاسِطُ الْعَادِلُ આ સાંભળીને દરબારીઓ આશ્ચર્યમાં પડી ગયા કે બહાર તો હજ્જાજને જાલિમ, જફાકાર અને શું શું કહેતા હતા અને જ્યારે ગિરફતાર

થઈને એની સામે ઉભો છે અને મૌત પોતાના માથે ખડી જોઈ રહ્યા છે તો તેને આદિલ કહી રહ્યા છો ?! હજ્જાજ ખૂબ જ મહાન તેજ દિમાગવાળો હતો, તે સમજી ગયો. એણે દરબારીઓને કહ્યું, તમે સમજ્યા નથી ! આ મને શું કહી રહ્યા છે ?! એણે મને જહન્નમી કાફિર કહ્યો ! એણે મને ક઼ાસિત કહ્યો. અને કુર્આન મજીદમાં છે : اَمَّا الْقَاسِطُوْنَ فَکَانُوْا لِجَهَنَّمَ حَطَبًا "જહન્નમનાં બળતણ થશે." એણે મને આદિલ કહ્યો, એનો હેતુ હક્ક઼થી અદૂલ (વિરુદ્ધ) કરનારો. જેમ કે ફર્માવવામાં આવ્યું : ثُمَّ الَّذِیْنَ کَفَرُوْا بِرَبِّهِمْ یَعْدِلُوْنَ "તો કાફિર પોતાના રબથી અદૂલ કરે છે."

### ★ બે કલમા છે જે રહમાનને પ્યારા છે ★

حدیث ۲۹۴۰ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ

"તો હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે કહ્યું કે નબી ﷺ એ **[હદીષ : ૨૯૪૦]**

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ کَلِمَتَانِ حَبِیْبَتَانِ اِلَی الرَّحْمٰنِ خَفِیْفَتَانِ عَلَی اللِّسَانِ

*ફર્માવ્યું, બે કલમા છે જે રહમાનને પ્યારા છે, જીભ પર હલકા છે મીઝાન પર ભારી છે. અમે અલ્લાહની*

ثَقِیْلَتَانِ فِی الْمِیْزَانِ سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ سُبْحَانَ اللّٰهِ الْعَظِیْمِ

*દરેક અયબથી પાકી વર્ણવીએ છીએ તેની હમ્દની સાથે. અલ્લાહ દરેક અયબથી પાક છે, અઝમતવાળો છે."*

### હદીષ : ૨૯૪૦ની સમજૂતી

આ હદીષ કિતાબુદ્દાઅવાત બાબુ ફઝલુત્તસ્બીહમાં ઝુહૈર બિન હર્બના તરીક઼ાથી વર્ણન થઈ ચૂકી છે. એમાં سُبْحَانَ اللّٰهِ الْعَظِیْمِ અગ્ર સ્થાને છે, અને سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ પછીથી છે. તેમજ کلمتان خفیفتان علی اللسان ثقیلتان فی المیزان حَبِیْبَتَانِ اِلَی الرَّحْمٰنِ અગ્રસ્થાને છે અને પછીથી છે. અને કિતાબુલ ઐમાન વન્નુઝૂરમાં પણ ક઼ુતીબા બિન સઈદની રિવાયત વર્ણન થઈ ચૂકી છે એમાં પણ حبیتان الی الرحمان છેવટમાં છે. અલ્બત્ત سُبْحَانَ وَبِحَمْدِهٖ سُبْحَانَ اللّٰهِ الْعَظِیْمِ અહીંની રિવાયતના મુજબ છે.

અમે આ હદીષ પર વિસ્તારપૂર્વક ચર્ચા કિતાબુદ્દાઅવાતમાં કરી આપી છે. પાછલી રિવાયતોમાં જે આગળ તથા પાછળ છે તે પણ પોતાના સ્થાને યોગ્ય છે. કોઈ ક઼ૌલ કે અમલ પર દાઈ, (નો સબબ)મહબ્બત હોય છે અને અલ્લાહના ઝિક્ર પર દાઈ અલ્લાહની મહોબ્બત હોય છે. અને ઝિક્રનો જે સેગો અલ્લાહ عزوجل ને અધિક મહબૂબ હોય છે તેના પ્રતિ માણસ અધિક આકષર્ણ રાખે છે. જો તે કલ્મો ટૂંકો તથા સરળ હોય તો તે ઝાકિરને અધિક પસંદ હોય છે. અને જો તેનો સવાબ વધારે હોય તો પછી શું કહેવું ?! જેથી ઝિક્ર પર દાઈ કલમાનો મહબૂબ ઈન્દલ્લાહ હોવું છે, એટલા માટે એને અગ્રસ્થાને કર્યો. حبیبة ફઈલના વજન પર મફઉલના અર્થમાં છે અને ફઈલ જ્યારે મફઉલના અર્થમાં હોય છે. સ્ત્રી વાચક તથા પુ.વાચક બંનેના માટે વપરાય છે. તો અહીં حبیبتان ને સ્ત્રી વાચક લાવવાનું કોઈ ખાસ કારણ નથી, પણ خفیفتان ثقیلتان ની મુનાસિબતથી તાનીષનો સેગો લાવ્યા. کَلِمَةٌ નો અહીં અર્થ નહવી તથા સરફી નથી, ઉર્ફી છે. જે કલામને પણ આમ છે. જેમ કે مَثَلُ کَلِمَةً طَیِّبَةً માં છે. મહોબ્બત દિલના લગાવનું નામ છે, અલ્લાહ તઆલા દિલ તથા લગાવ બંનેવથી પાક છે. અહીં એનો લાઝમી અર્થ મુરાદ છે, જેની સાથે મહોબ્બત હોય છે એના પર ઈનામો ઈકરામ અધિક થાય છે,

તેની ઉણપોથી દરગુઝર કરવામાં આવે છે. અહીં મુરાદ એ છે કે કલમો ખૂબ જ ટૂંકો છે પણ એના પર સવાબ ઘણો જ અધિક છે. જેમ કે ફર્માવવામાં આવ્યું : سُبْحَانَ اللّٰهِ نِصْفُ الْمِيْزَانِ وَالْحَمْدُ لِلّٰهِ تَمْلَأُهُ સુબ્હાનલ્લાહ અડધુ મીઝાન છે અને અલ્હમ્દુલિલ્લાહ એને ભરી આપે છે. એના બે અર્થો થઈ શકે છે કે અડધુ મીઝાન સુબ્હાનલ્લાહથી ભરાય છે અને અડધુ અલ્હમ્દુલિલ્લાહથી. અને એક મતલબ એ પણ છે કે અલ્હમ્દુલિલ્લાહ એકલો મીઝાનને ભરી આપે છે. એ સેગામાં બંનેવ વાક્યો છે, સુબ્હાનલ્લાહ પણ છે અને વબિહમ્દિહી પણ છે, પછી એના સવાબનો શો અંદાઝો કરી શકાય છે ! એટલા માટે ફર્માવવામાં આવ્યું કે મીઝાનમાં ભારી છે. અને કલમાના હલકા હોવાથી મુરાદ એ છે કે તે ખૂબ જ ટૂંકમાં છે. અને એ પણ મુરાદ હોય શકે છે કે આ કલ્માઓ ખૂબ જ ફસીહ અને પઢવામાં આસાન છે. ષક઼ીલ જીભ પર ભારે હોવાના અર્થમાં નથી. જેમ કે مُسْتَشْزِرَاتٌ અને مَا لَكُمْ تَكَأْكَأْتُمْ عَلَيَّ كَتَكَأْكُئِكُمْ عَلٰى ذِيْ جِنَّةٍ اِفْرَنْقِعُوْا عَنِّيْ તમારો શો હાલ છે મારી આસપાસ ભીડ લગાડેલ છો જેમ કે જિનવાળા પર ભીડ લગાડવામાં આવે છે ! મારાથી દૂર થઈ જાવ !

એક શખ્સને ખેંચની બીમારી હતી. તેના પર ખેંચનો દૌરો પડયો અને બેહોશ થઈને જમીન પર પડી ગયો. લોકો ચારેવ બાજુથી તેની પાસે એકત્ર થઈ ગયા. હોશમાં આવ્યા બાદ જયારે તેણે લોકોની ભીડ જોયી તો ઉપર વર્ણવેલ શબ્દો કહ્યા. કોઈ કાંઈ ન સમજ્યું જયારે કે સર્વ અરબી જાણનાર હતા. એ લોકોએ કહ્યું, એના પર શૈતાન સવાર છે એને છોડી દો. એનો શૈતાન હિન્દીમાં બોલી રહ્યો છે.

تسبیح (તસ્બીહ)નો અર્થ છે કે અલ્લાહ ﷻ દરેક તે ચીજથી પાક છે જે એની શાનને લાયક નથી. આ સર્વ સિફતો સલબિયહને આમ છે. અને حمد (હમ્દ)નો અર્થ છે કોઈની ખૂબી જીભ વડે વર્ણન કરવી. اللّٰه (અલ્લાહ) તેહક઼ીક઼ની બિના પર અલમ છે એ જાતનો જે સર્વ કમાલની સિફતોનો સમૂહ છે. એટલા માટે કુલ હમ્દ અલ્લાહ તઆલાના માટે ખાસ છે. હમ્દ સર્વ સિફાતે ષબૂતિયાને આમ છે. તો જાણે આ વાક્યના કહેનારાએ અલ્લાહ તઆલાની સર્વ સિફતોનું વર્ણન કરી આપ્યું. તસ્બીહ આગળ અને તહમીદ પાછળ એ કારણે છે કે તસ્બીહ તન્ઝીહિયહ છે જે તખ્લિયહની મંઝિલે છે અને તહમીદ કમાલોની સાબિતી છે જે તહલિયહની મંઝિલે છે અને તખ્લિયહ તહરિયહ પર અગ્ર સ્થાને હોય છે. અમુક આરિફોએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાની મઅરેફતનું પહેલુ પગથિયુ સિફાતે સલબિયહ છે. દા.ત. એવું કહેવું કે અલ્લાહ અલીમ છે, કેમ કે જહેલથી પાક છે. એટલા માટે તસ્બીહને અગ્રેસર રાખી. કોઈનું અયબથી પાક હોવું એના માટે લાઝિમ નથી કે તે કમાલો સિફતવાળો હોય. દા.ત. એક શખ્સ કંજૂસ નથી તો જરૂરી નથી કે સખીદાતા હોય. એવી જાત જે દરેક અયબથી પાક હોય અને સર્વ કમાલોથી સમૃદ્ધ હોય, યક઼ીનન ! ઘણી જ મહાન હશે. અને આ ખયાલ પર અનાયાસે સુબ્હાનલ્લાહ બોલાવા માંડે છે. એટલા માટે سُبْحٰنَ اللّٰهِ وَ بِحَمْدِهٖ પછી سُبْحٰنَ اللّٰهِ الْعَظِيْمِ ફર્માવ્યું. તેમજ અઝીમ (મહાન) હશે જે દરેક અયબથી પાક હશે અને સર્વ કમાલોનો સમૂહ હશે. અઝીમ હોવું સિફાતે સલબિયહ તથા ષબૂતિયહ બંને માટે આમ છે, એટલા માટે سُبْحٰنَ اللّٰهِ وَ بِحَمْدِهٖ બાદ سُبْحٰنَ اللّٰهِ الْعَظِيْمِ ફર્માવ્યું.

તસ્બીહ તથા હમ્દ પર અંત મશરૂઅ (શરીઅતમાં પસંદ) છે, જેવું કે કુર્આન મજીદમાં છે કે જન્નતવાળાઓનો છેલ્લો કલમો તસ્બીહ તથા હમ્દ છે.

دَعْوٰىهُمْ فِيْهَا سُبْحٰنَكَ اللّٰهُمَّ وَتَحِيَّتُهُمْ فِيْهَا سَلٰمٌ ۚ وَاٰخِرُ دَعْوٰىهُمْ اَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ (یونس آیت ۱۰)

ફર્માવ્યું : જન્નતમાં તેમની દુઆ "સુબ્હાનકલ્લાહુમ્મ" હશે અને મુલાકાત વખતે પ્રથમ કલામ (વાત) સલામ હશે, અને તેમની અંતિમ દુઆ "અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન" હશે. *(સૂરએ યૂનુસ, આ. ૧૦)*

એના જ પ્રમાણે ઈમામ બુખારીએ પોતાની કિતાબને તસ્બીહ તથા હમ્દ પર ખત્મ કરી, પણ એમાં પણ પોતાની મોહદ્દિષાના અજોડતાનો જલ્વો દેખાડયો.

હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہનો એ કમાલ છે કે તેમણે પોતાની કિતાબને અલ્લાહની હમ્દ અને તસ્બીહ પર સંપૂર્ણ કરી પણ પોતાની તરફથી હમ્દનો સેગો નથી લખ્યો, બલ્કે અફઝલુલ હામિદીન ﷺની ઝબાનથી જે હમ્દનો ઉચ્ચ સેગો બહાર પડયો એના પર કિતાબને પૂર્ણ કરી. હદીષની રિવાયત પણ થઈ ગઈ અને હમ્દ પણ થઈ ગઈ. ذَالِكَ مِسْكُ الْخِتَامِ ـ سُبْحَانَ وَبِحَمْدِهٖ سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ

قَد تم شرح صحيح البخارى ليلة الحادى عشرمن شهر رَمَضَان المبَارك

ـ سنة تسع عشرة واربعَ مأة بعد الا لف من الهجرة النبوية

| :: શરહની શરૂઆત :: | :: શરહની પૂર્ણતા :: |
|---|---|
| ૨૧–ઝીલ હજ્જ હિ.સ. ૧૪૦૨, | ૧૧–રમઝાન મુબારકની રાત હિ.સ. ૧૪૧૯ |
| કુલ મુદ્દત : ૧૬ વરસ, ૮ માસ, ૧૦ દિવસ | સમય : ૧૧ વાગ્યે જુમેરાત |
| તા. ઈ.સ. ૧૦–૧૦–૧૯૮૨ | તા. ૩૧–૧૨–૧૯૯૮ |

**ગુજરાતી અનુવાદ પૂરો થયો. ૪–રમઝાન શરીફ હિ.સ. ૧૪૩૮, રાતના ૧૧:૪૫ વાગ્યે, સ્થળ : મુખ્તારુલ મસાજિદ ઉર્ફે નૂરાની મસ્જિદ–દયાદરા, અંગ્રેજી તા. ૩૧–૫–૨૦૧૭ બુધવાર.**

# ★ બુખારીની હદીષોની સંખ્યા ★

બુખારી શરીફમાં કેટલી હદીષો છે એની ઘણા મુહદ્દિષોએ ગણત્રી કરેલ છે. હાફિઝ ઈબ્ને સલાહે બતાવ્યું કે સહીહ બુખારી શરીફમાં કુલ હદીષો સાત હજાર બસો પંચોતેર (૭૨૭૫) અને મુકર્રરાતને કાઢયા બાદ ચાર હજાર (૪૦૦૦) છે.

સનદુલ હુફ્ફાઝ અલ્લામા શહાબુદ્દીન અબુલ ફઝ્લ અહમદ ઈબ્ને અલી ઈબ્ને હજર અસ્કલાની (વફાત : હિ.સ. ૮૯૨)એ ઘણી મહેનતની સાથે બુખારી શરીફની હદીષોને ગણી છે. દરેક કિતાબના અંતમાં એ કિતાબમાં જેટલી પણ હદીષો વર્ણન થઈ સૌને ગણેલ છે. મારું ગુમાન છે કે એમની ગણત્રી સૌથી સહીહ હશે. તેમની ગણત્રી પ્રમાણે કુલ હદીષો મુસ્નદા મુકર્રરાતની સાથે સાત હજાર ત્રણસો સત્તાણુ (૭૩૯૭) અને મુઅલ્લકાત એક હજાર ત્રણસો એકતાલીસ (૧૩૪૧) છે અને મુતાબેઆતની સંખ્યા ત્રણસો ચુમ્માલીસ (૩૪૪). આ પ્રમાણે બુખારી શરીફ કુલ મુસ્નદા, મુઅલ્લકાત, મુતાબેઆત ૯૦૮૨ છે. *(સાર : હદિયુસ્સારી મુકદ્દમા ફત્હુલબારી, પેજ : ૬૫ થી ૭૦, માંથી ટૂંકાવીને)*

અને જો મુકર્રરાત કાઢી નાખીએ તો મરફૂઅ હદીષોની સંખ્યા બે હજાર છસો ત્રેવીસ (૨૬૨૩) થશે. (તૌજીહુન્નઝર, પેજ : ૯૪) આપણી શરહમાં મુસ્નદા હદીષોની સંખ્યા બે હજાર નવસો ચાલીસ (૨૯૪૦) અને મુઅલ્લકાતની સંખ્યા આઠસો બાણુ (૮૯૨) છે.

મેં જો કે એની કાળજી લીધી છે કે કોઈ હદીષ મુર્રરર ન થવા પામે, તેમ છતાં ઘણી હદીષો મુકર્રર થઈ ગઈ છે. એના કેટલાક જરૂરી સબબો પણ છે, અને તઅલીકોમાં ઘણી તઅલીકો પર નંબર રહી ગયા છે. ખાસ કરીને કિતાબુત્તફસીરની તઅલીકોમાં કદાચ જ ક્યાંક નંબર હોય એટલા માટે ગણત્રીથી સહીહ સંખ્યા નિશ્ચિત નથી કરી શકાતી.

આ શરહમાં મેં ખૂબ જ ટૂંકાણથી કામ લીધુ છે કે હવે ઈલ્મી કિતાબો પઢવાનો શોખ ખત્મ થઈ ગયો છે. લાંબા લખાણો વાંચવાથી લોકો ગભરાય છે ! હજાર ટૂંકાણની કોશિશ છતાં ચાર હજાર છસો અઠયાસી (૪૬૮૮) પેજીસ $\frac{20 \times 30}{8}$ સાઈઝ પર જેના દરેક પેજની લાઈનો અમુક જિલ્દો (ભાગો)માં ત્રેવીસ છે અને મોટાભાગની જિલ્દોમાં ઓગણત્રીસ છે તેમ છતાં કિતાબના પેજીસ : ૪૬૮૮ થયા. મેં ૨૧ ઝીલ હજ્જ હિ.સ. ૧૪૦૨, ઈ.સ. પ્રમાણે તા. ૩૦–૧૨–૧૯૮૨ મંગળની રાતે મુસ્તકિલ શરહ લખવાની શરૂઆત કરી હતી અને ૧૧–રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૧૯, ઈ.સ. તા. ૩૧–૧૦–૧૯૯૮ બુધવારે રાત્રે ૧૧ વાગે શરહ પૂર્ણતાએ પહોંચી. કુલ સોળ વરસ આઠ માસ વીસ દિવસમાં આ શરહ સંપૂર્ણ થઈ. فَالْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

આ અરસામાં વિવિધ લાંબી લાંબી સફરો પણ થઈ, અમુક બહાર દેશોમાં પણ જવાનું થયું. કેટલીવાર ગંભીર બીમારીઓના લીધે મહિનાઓ સુધી હોસ્પિટલમાં રહેવું પડયું. વળી આંખોની કમજોરી પર ઈમ્લા કરનાર (લખનારા)ઓનો મોહતાજ થઈ ગયો, જેના કારણે કામની ગતિ ખૂબ જ મંદ પડી ગઈ.

આ શરહના સહાયકોમાં નીચેના હઝરાતોએ બહુ જ જબરદસ્ત મદદ કરી છે :–

૦૧. અલ્લામા ખલીક અહમદ સાહબ, સદરુલ મુદર્રિસીન : જામિઆ હનફિયા ગૌષિયા, બજરડેહા–વાણારસી.

૦૨. અલ્લામા શમીમ અહમદ સાહબ, નાઈબ શૈખુલ હદીષ : મદરસા મન્ઝરે હક્ક઼, ટાંડા, જિ. અમ્બેડકર નગર

૦૩. અલ્લામા અબ્દુલહક્ક઼ સાહબ રઝવી–મુદર્રિસ જામિઆ અશ્રફિયા–મુબારકપુર

૦૪. અલ્લામા બદરે આલમ સાહબ બરકાતી, મુદર્રિસ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર

૦૫. અલ્લામા કમાલ અખ્તર સાહબ, મુદર્રિસ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર

૦૬. અલ્લામા રિઝવાન અહમદ સાહબ શરીફી, મુદર્રિસ : શમ્સુલ ઉલૂમ–ઘોસી

૦૭. અલ્લામા નિષાર અહમદ સાહબ, મુદર્રિસ : તદરીસુલ ઈસ્લામ બસડીલા–બસ્તી

૦૮. અલ્લામા મુફ્તી મુહમ્મદ નસીમસાહબ, મુદર્રિસ વ નાઈબ મુફ્તી જામિઆ અશ્રફિયા–મુબારકપુર

૦૯. મૌલાના ઈર્શાદ અહમદ સાહબ, નાઈબ મુફ્તી વ મુદર્રિસ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર

૧૦. મૌલાના ફયઝાન મુસ્તફા સાહબ, મુદર્રિસ : જામિઆ અમજદિયા–ઘોસીએ ખાસ કરીને જીવ લગાડીને અલ્લાહને ખાતર મારો જબરદસ્ત સાથ આપ્યો છે. કિતાબની પ્રિન્ટિંગ તથા પબ્લિશિંગના બારામાં શરૂમાં મારા ઘડપણનો ટેકો જનાબ મૌલાના અબ્દુલહક્ક઼ે સઘળો ભાર પોતાના માથે લઈ રાખ્યો હતો. અને હક઼ીક઼ત એ છે કે આ શરહ એમના સતત આગ્રહ તથા તકાદા પર અસ્તિત્વમાં આવી છે. પણ અમુક દિવસો બાદ તે બેતઅલ્લુક઼ થઈ ગયા. એનો સબબ એ બન્યો કે એમણે પોતાના વિસ્તારમાં એક ઉચ્ચ કક્ષાની દીની દર્સગાહ બનાવવાનો મનસૂબો બનાવી લીધો, તેના માટે જમીનની ખરીદી અને સપોર્ટરની તલાશમાં વ્યસ્ત થઈ ગયા. અને હવે એ મર્દે આખિરબીં મુબારક બંદા એસ્તના પ્રમાણે ચંદા બરાએ બંદા, બંદા બરાએ ચંદાના જેમ થઈ ગયા છે. તેમણે પોતાની અથાગ કોશિશો વડે દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગુલશને બરકાત સ્થાપી લીધો. મૌલા ﷻ આ ખાસ મક઼સદમાં પૂરેપૂરી કામયાબી અતા ફર્માવે. આમીન

અંતમાં પ્રિન્ટિંગ પબ્લિશિંગનો સઘળો ભાર અઝીઝે સઈદ જનાબ મૌલાના મુફ્તી મુહમ્મદનસીમ સાહબે પોતાના માથે લઈ લીધો છે, બલ્કે મને મુક્ત કરી આપ્યો છે. એ હઝરાત ઉપરાંત જામિઆ અશ્રફિયાના અન્ય મુદર્રિસોએ પણ તસ્હીહ વગેરે કામોમાં ખાસ્સી મદદ કરી છે. જેમ કે મૌલાના શમ્સુલ હુદા સાહબ, અલ્લામા હાફિઝ અહમદુલ ક઼ાદરી સાહબ, મૌલાના મુહમ્મદ મસ્ઊદ સાહબ વગેરે. છેવટમાં હાલ એ થઈ ગયો કે શરહનું મોટાભાગનું કામ રમઝાનમાં ઘર પર થતુ હતું અને હક઼ીક઼ત એ છે કે જો ઘર પર કામ ન થાત તો શરહ આટલી જલ્દી પૂર્ણ ન થાત. આ કાર્યમાં ખાસ કરીને અલ્લામા ખલીક઼ અહમદ સાહબ, અલ્લામા શમીમ અહમદ સાહબ, અલ્લામા શફીક઼ અહમદ સાહબ, અલ્લામા રિઝવાન સાહબ, અલ્લામા નિષાર અહમદ સાહબ, અલ્લામા કમાલ અખ્તર સાહબ ખાસ ઉલ્લેખનીય છે. આ સર્વ લોકો રાતનો મોટાભાગનો હિસ્સો શરહ લખાવવામાં પસાર કરી દેતા. એ હઝરાતની સાથે ખાસ કરમફર્મા અલ્લામા અલ્હાજ શફીક઼ અહમદસાહબ માજી નાઈબ શૈખુલ હદીષ મદ્રસા શમ્સુલ ઉલૂમ ઘોસી ખાસ ઉલ્લેખને પાત્ર છે કે તે પોતાનો અમૂલ્ય સમય શરહમાં સહાય કરવામાં ખર્ચ કરતા. આ મોક઼ા પર નૂરચશ્મ ડોકટર મહિબ્બુલહક્ક઼ સલ્લમહૂ અને તેમનાં પત્ની અને બાળકો તથા લખ્તે જિગર મોલ્વી વહીદુલહક્ક઼ સલ્લમહૂ ખાસ દુઆઓના હક્ક઼દાર છે કે તેઓ ઉપર વર્ણવેલ ઉલમાએ કિરામની ઝિયાફતમાં ખૂબ જ ખુલૂસની સાથે ભરપૂર હિસ્સો લેતાં.

પ્રિન્ટિંગના બારામાં નીચે જણાવેલ હઝરાતે ખાસ સહાય કરી છે : મુહસિને મિલ્લત અલ્હાજ ઈબ્રાહીમ અહમદ સાહબ બરકાતી અને તેમના મોટાભાઈ ખાસ કરમફર્મા અલ્હાજ મુહમ્મદ અહમદ બરકાતીની સહાય શરૂથી જ સંપૂર્ણપણે રહી. હક઼ીક઼ત એ છે કે જો એ લોકોની સહાય કામમાં ન થાત તો કિતાબનું છપાવવું મુશ્કેલ થઈ જાત. એ હઝરાત ઉપરાંત હામીએ મિલ્લત જનાબ અલ્હાજ મુહમ્મદ રફ઼ીક઼ સાહબ પરદેસી બરકાતી કરાચી અને નાસિરે મિલ્લત અલ્હાજ સિદ્દીક઼ અહમદ સાહબ કેન્યાની સહાય પણ ખૂબ જ અમૂલ્ય રહી.

હું ઉપર વર્ણવેલ સર્વ સહાયકોના માટે દિલના ઊંડાણપૂર્વક દુઆ કરું છું કે અલ્લાહ તઆલા એ સર્વ લોકોની સર્વ ખિદમતોને ક઼બૂલ ફ઼ર્માવે અને પોતાના હબીબ ﷺના ઈર્શાદોની ખિદમતના બદલામાં તે સૌથી રાજી રહે, અને દારૈનમાં એનો બેહતરીન બદલો અતા ફ઼ર્માવે. અને ભાવિમાં પણ આ સર્વ લોકોથી એવાં કામ લે જે તારી અને તારા હબીબ ﷺની ખુશ્નુદીનો સબબ બને.

می توانی کہ دہی اشک مرا حسنِ قبول    اے کہ دُرسا ختہ ای قطرۂ بارانی را

رَبَّنَا تَقَبَّلْ مِنَّا اِنَّکَ اَنْتَ السَّمِیْعُ الْعَلِیْمُ

છેવટમાં હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہની શૈલી પર એક એવી હદીષ લખુ છું જે મુસ્નદે વક઼્ત, હિબ્રે ઉમ્મત મૌલાના શાહ મુસ્તફ઼ા રઝાખાં સાહબ મુફ઼્તીએ આ'ઝમે હિંદે મારી દરખાસ્ત પર પોતાની ઝબાને ફ઼યઝે તર્જુમાનથી સનદે મુત્તસિલની સાથે વર્ણવી.

★ મારી રિવાયત કરેલી એક મુસ્તનદ હદીષ ★

حدیث    حَدَّثَنِیْ شَیْخِیْ وَمُرْشِدِیْ مُسْنَدُ الْوَقْتِ مُصْطَفٰی رضا

*હદીષ : ''મુસ્નદે વક઼્ત, હિબ્રે ઉમ્મત મુસ્તફ઼ા રઝાખાં સાહબ મુફ઼્તીએ આ'ઝમે હિંદે પોતાના ઘરમાં મને*

القادری المفتی الاعظم بالھند فی دارہ ببریلی . قَالَ حَدَّثَنِیْ مُجَدِّدُ الْوَقْتِ

*આ હદીષ વર્ણન કરી. તેમણે કહ્યું કે મુજદ્દિદે વક઼્ત, આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં સાહબ رحمۃ اللہ علیہ એ*

اَعْلٰی الحضرۃ مولانا الشاہ احمد رضاخان القادری قُدِّسَ سِرُّہٗ

*મને હદીષ વર્ણવી. તેમણે કહ્યું કે મારા પિતા ઉમ્દતુલ મુહક્કિક઼ીન મૌલાના નક઼ી અલીખાં સાહબે મને હદીષ*

قَالَ حَدَّثَنِیْ والدی عمدۃُ المحققین مولانا نقی علی خان البریلوی

*વર્ણવી. તેમણે પોતાની સનદની સાથે વર્ણન કર્યું કે અબુલ અય્યાશ, બહરુલ ઉલૂમ મૌલાના અબ્દુલઅલી*

(الی ان قال) حَدَّثَنِیْ ابو العیّاش بحرُ العلوم عبدُ العلی الفرنجی محلی

*લખનવી ફ઼િરંગી મહલીએ પોતાની એ સનદની સાથે જે અદ્દુર્રુલ મન્ઝૂમ ફ઼ી અસાનીદે બહરુલ ઉલૂમમાં વર્ણન*

قَالَ حَدَّثَنِیْ والدی عمدۃُ المحققین مولانا نقی علی خان البریلوی

*થયેલ છે. જે સનદુલ હુફ઼્ફ઼ાઝ શહાબુદ્દીન અબુલ ફ઼ઝ્લ અહમદ ઈબ્ને અલી ઈબ્ને હજર અસ્ક઼લાની સુધી*

الی ان قال) حَدَّثَنِیْ ابُوالعیّاش بحرُالعلوم عَبْدُالعَلی الفرنجی محلی

*પહોંચી છે. હદીષ વર્ણવી તેમણે પોતાની તે સનદની સાથે જે ફત્હુલ બારીના છેવટમાં નોંધાયેલ છે જે અબૂ*

بسندہ المذکور فی الدّ رالمنظوم فی اسانید بحرالعُلوم (الی

*અબ્દુર્રહમાન અહમદ બિન શોએબ નિસાઈ સુધી પહોંચી છે. હદીષ વર્ણવી કે અમને મુહમ્મદ બિન ઈસ્હાક઼*

ان قال) حدثنی سند الحفاظ شہاب الدین ابوالفضل احمد بن علی

*સગ઼ાનીએ ખબર આપી કે અમને અબૂ મુસ્લિમ મન્સૂર બિન સલમા ખઝાઈએ હદીષ વર્ણવી કે અમને*

بن حجر العَسقلانی بسندہ المذکور فی آخر فتح الباری الی الامام ابی

*ખલ્લાદ બિન સુલૈમાન હઝરમીએ હદીષ વર્ણવી. તે ખાલિદ બિન અબૂ ઈમરાનથી રિવાયત કરે છે. તે*

عبدالرحمن احمد بن شعیب النسائی انبانا محمد بن اسحاق ھو

*ઉરવહથી રિવાયત કરે છે. તે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત કરે છે કે તેમણે કહ્યું કે*

الصغانی حدثنا ابومسلم منصور بن سلمۃ الخزاعی حدثنا خلاد بن

*રસૂલુલ્લાહ ﷺ જ્યારે કોઈ મજલિસમાં બેસતા અથવા નમાઝ પઢતા તો અમુક કલમો પઢતા હતા. મેં*

سلیمان ھو الحضرمی عن خالد بن ابی عمران عن عروۃ عن عائشۃ

*હુઝૂરને તે કલમા વિશે પૂછયું તો ફર્માવ્યું કે જો કોઈ સારી વાત કરવામાં આવશે અને આ કલેમાત પઢી*

رضی اللہ تعالیٰ عنہا قالت کان رسول اللہ صلی اللہ علیہ وسلم اذا

*લેવામાં આવે તો ક઼યામત સુધી તેના પર મોહર લાગી જશે. અને જો ખૈરના સિવાય કોઈ અન્ય વાત કહેવામાં*

جلس مجلسًا او صلیٰ تکلم بکلمات فسألتہ عن ذالک فقال ان

*આવે તો એના માટે કફ્ફારો બની જશે. હે અલ્લાહ ! અમે તારી પાકી વર્ણન કરીએ છીએ દરેક તે ચીજથી જે*

تکلم بکلام خیرا کان طابعا علیہ یعنی خاتما علیہ الی یوم القیمۃ وان

*તારી શાનને લાયક નથી, અને તારી હમ્દ કરીએ છીએ. તારા સિવાય અન્ય કોઈ મઅબૂદ નથી.*

تکلم بغیر ذالک کانت کفارۃ لہ سبحٰنک اللھم وبحمدک لا الٰہ

*અને અમે તારાથી બખ્શિશ ચાહીએ છીએ*

## اِلّا انت استغفرك واتوب اليك

*અને તારી તરફ પલટીએ છીએ.''*

## انتھی

والحمد لولیہ والصلوٰۃ والسلام علی حبیبہ الذی لا ینطق عن الھویٰ ان ھو الا وحی یوحیٰ وعلیٰ الہ وصحبہ من تمسك بھم نجیٰ وفاز بالحسنیٰ وعلیٰ ابنہ ووارثہ غوث الوریٰ محی الدین عبد القادر الجیلانی قدس سرہٗ وعلیٰ وارثہ المجدد الاعظم اعلیٰ الحضرۃ الامام احمد رضا خان البریلوی قدس اللہ سرہ برحمتہ وھو ارحم الراحمین ۔

# લાખોં સલામ

અઝ : આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત

**ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી** رضی اللہ عنہ

મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ
શમએ બઝ્મે હિદાયત પે લાખોં સલામ

મેહરે ચર્ખે નુબુવ્વત પે રોશન દુરૂદ
ગુલે બાગે રિસાલત પે લાખોં સલામ

શહરે યારે ઈરમ તાજદારે હરમ
નૌ બહારે શફાઅત પે લાખોં સલામ

ફત્હે બાબે નબુવ્વત પે બેહદ દુરૂદ
ખત્મે દૌરે રિસાલત પે લાખોં સલામ

જિસ કે જલ્વે સે મુરજાઈ કલિયાં ખિલીં
ઉસ ગુલે પાકે મમ્બત પે લાખોં સલામ

દૂરો નઝદીક કે સુનને વાલે વો કાન
કાને લાલે કરામત પે લાખોં સલામ

શબે અસ્રા કે દુલ્હા પે દાયમ દુરૂદ
નૌશએ બઝ્મે જન્નત પે લાખોં સલામ

મુઝસે બે કસકી દૌલત પે લાખોં દુરૂદ
મુઝસે બે બસકી કુવ્વત પે લાખોં સલામ

હમ ગ઼રીબોં કે આક઼ા પે બેહદ દુરૂદ
હમ ફક઼ીરોંકી સરવત પે લાખોં સલામ

જિસકે માથે શફાઅતકા સહરા રહા
ઉસ જબીને સઆ઼દત પે લાખોં સલામ

જિસકે આગે સરે સરવરાં ખમ રહે
ઉસ સરે તાજે રિફઅ઼ત પે લાખોં સલામ

જિનકે સજદેકો મહેરાબે કા'બા ઝુકી
ઉન ભવોંકી લતાફત પે લાખોં સલામ

જિસ તરફ ઉઠ ગઈ દમ મેં દમ આ ગયા
ઉસ નિગાહે ઈનાયત પે લાખોં સલામ

ઉન્કે મૌલાકી ઉન પર કરોળોં દુરૂદ
ઉન્કે અસ્હાબો ઈતરતપે લાખોં સલામ

પારહાએ સહ્ફ ગુન્ચહાએ કુદ્સ
અહ્લે બયતે નબુવ્વતપે લાખોં સલામ

આબે તત્હીરસે જિસમેં પૌદે જમે
ઉસ રિયાઝે નજાબતપે લાખોં સલામ

ખૂને ખૈરુર્રોસુલસે હૈ જિનકા ખમીર
ઉન્કી બેલૌષ તીનતપે લાખોં સલામ

ઉસ બતૂલે જિગર પારાએ મુસ્તફા
હજલહ્ આરાએ ઈફફતપે લાખોં સલામ

જિસ્કા આંચલ ન દેખા મહો મહરને
ઉસ રિદાએ નઝાહતપે લાખોં સલામ

સૈયદા ઝાહિરા તૈયબા તાહિરા
જાને અહ઼મદ કી રાહતપે લાખોં સલામ

હસને મુજતબા સૈયદુલ અસ્ખિયા
રાકિબે દોશે ઈઝ્ઝતપે લાખોં સલામ

શહદખ્વારે લુઆબે ઝબાને નબી
ચાશનીગીર ઈસ્મતપે લાખોં સલામ

ઉસ શહીદે બલા શાહ ગુલગૂં કબા
બેકસ દસ્તે ગુર્બતપે લાખોં સલામ

દુર્રે દર્જે નજફ મહરે બુર્જે શરફ
રંગ રૂએ શહાદતપે લાખોં સલામ

કાશ! મેહશરમેં જબ ઉનકી આમદ હો ઔર
ભેજેં સબ ઉન્કી શૌકત પે લાખોં સલામ

મુઝસે ખિદમતકે કુદસી કહેં હાં **'રઝા'**
મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ